

સંદેશ ગ્રંથમાળા : :   પુસ્તક ૪ થું : :   વર્ષ ૨ જું

સંદેશ પ્રકાશન મંદિર: પુસ્તક ૯ મું:

સોનલ

લેખક :

શ્રી. પ્રાણુલાલ ટી. મુનશી

પ્રકાશક :

"સંદેશ લિમિટેડ" વતી

નંદલાલ ચુનીલાલ બોડીવાળા

સોલ એજન્ટ :

એન. એમ. ઠક્કરની કું.


બુકસેલર્સ :   પબ્લીશર્સ :

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

પ્રથમ આવૃત્તિ] કિંમત રૂા. ૪-૦-૦ [સને ૧૯૪૪

મુદ્રક અને પ્રકાશક
'સંદેશ લિમિટેડ' વતી
નંદલાલ ચુનીલાલ
બોડીવાળા

મુદ્રણસ્થાન:
શ્રી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ,
માધુભાઈ કોલોની,
અમદાવાદ.



અવિચારી અને ઉતાવળાં
લગ્ન કરી બેસનાર
કુમારિકાઓને
અર્પણ.

આમુખ

શ્રી. પ્રાણુલાલભાઇની આ નવલકથાનો આમુખ લખતાં મને ઘણો આનંદ થાય છે. બાળપણમાં એ પણ લેખક થવાનાં સ્વપ્નાં સેવતા. થોડું લખ્યું પણ હતું, પણ વકીલાત અને રાજકારણ તો સર્વભક્ષી છે. તેણે એમની સાહિત્યવૃત્તિ હરી લીધી હતી, પણ હવે તે જાગૃત થઈ છે. તેથી એમને અભિનંદન આપું છું.

"**સોનલ**" રસભરી કથા છે. એની શૈલીમાં નવીનતા પણ છે. દુનિયાના બહોળા અનુભવથી સાંપડેલાં કેટલાંક દશ્યોનો એમાં સારો ચીતાર છે.

કર્તાની આ કારકીર્દિ યશસ્વી થાય એમ હું ઇચ્છું છું.

૨૬, રીજરોડ
મુંબઇ.
૨૫–૯–૪૪

લી.
કનૈયાલાલ મુનશી

પ્રકાશકના બે બોલ

ભાઈશ્રી પ્રાણલાલ ટી. મુનશી બી. એ. એલ. એલ. બી. કૃત, આ '**સોનલ**' નામક સામાજિક નવલકથા 'સંદેશ' ગ્રંથમાળાના બીજા વર્ષના ૪ થા પુસ્તક તરીકે રજૂ કરતાં મને ઘણો આનંદ થાય છે. આ પુસ્તક પહેલાં '**હસ્તમેળાપ**' નામનું–આર્ય સંસ્કૃતિના દામ્પત્યના ઉત્તમ આદર્શો રજૂ કરતું પુસ્તક અમે આપ્યું હતું, જેને ગરવી ગૂજરાતે ખૂબ જ હર્ષભર્યો આવકાર આપ્યો છે. આપણે લગ્નને ધાર્મિક બંધન તરીકે માનીએ છીએ, અગ્નિદેવની સાક્ષીએ વર–વધૂ, એ ઉત્તમ આદર્શોનું પાલન કરવા પ્રતિજ્ઞા લે છે અને યથાશક્તિ તેઓ તે આદર્શોને પોતાના જીવનમાં ઉતારવા અને એમ કરી જીવનને સુખમય અને કલ્યાણકારી બનાવવા પ્રયત્નશીલ રહે છે.

લગ્ન એ આપણા આજના–અદ્યતન સમાજનો એક અટપટો અને જટિલ પ્રશ્ન થઇ પડયો છે. તેના પર જુદીજુદી દિશાઓમાંથી જબ્બર ઘા પડી રહ્યા છે અને સ્વતંત્રતાના નામે મોટા ભાગે સ્વચ્છંદતા સેવાઈ રહી છે; અને એ સમાજનું સાચે જ એક દૂષણ છે. આ આક્રમણો સામે સમાજે સવેળા ચેતી સામનો કરવાની જરૂર છે.

ભાઈશ્રી મુનશીએ લગ્નના જટિલ પ્રશ્નને 'સોનલ'ની વસ્તુ–ગૂંથણીમાં વણી લઈ, યુવક–યુવતીઓને બોધતું આ પુસ્તક લખી, આજનાં અવિચારી લગ્નો તરફ આંગળી ચીંધી છે. મારા નમ્ર મત પ્રમાણે શ્રી. મુનશીએ કરેલો આ પ્રયાસ સ્તુત્ય છે અને તેઓ એમાં કેટલે અંશે સફળ થયા છે, તેનો નિર્ણય કરવાનું હું વાચક મિત્રો પર છોડું છું.

પ્રકાશકના બે બોલ

શ્રી. પ્રાણલાલભાઇનો નવલકથા માટેનો આ પ્રથમ પ્રયાસ છે. અને પ્રથમ પ્રયાસે જ તેઓની લેખિની આપણા સમાજનું હૂબહૂ દર્શન કરાવી શકી છે, એ માટે હું તેમને અભિનંદન આપું છું.

મહાગૂજરાતની સંસ્કારી પ્રજાને ચરણે આ પુસ્તક રજૂ કર્યા પછી હવે પછી જે પુસ્તકો ક્રમશઃ આપવામાં આવશે, તે પણ ગુજરાતના સિદ્ધહસ્ત લેખકોની કલમે જ લખાયેલાં અપાશે, એ જાહેર કરતાં મને આનંદ થાય છે.

ગ્રંથમાળાનું આગામી પુસ્તક **'મીરાંબાઇ'** જાણીતા સિદ્ધહસ્ત લેખક શ્રી. રામચંદ્ર ઠાકુરની કલમે લખાયેલું છે. આ પુસ્તકમાં રાજરાણી મીરાંના જીવન અને કવનની અભ્યસનિય માહિતિઓ સુંદર અને સરળ શૈલીમાં આપી છે. આ પુસ્તકથી ગ્રંથમાળાના પુસ્તકોમાં એક ઉત્તમ પુસ્તકનો ઉમેરો થશે.

'**મીરાંબાઈ**'નું જીવન-કવન આલેખતું પુસ્તક આપણા જાણીતા ચિત્રકાર શ્રી. કનુભાઇ દેસાઈની રંગપિંછીથી અલંકૃત થવાનું છે; એટલે પુસ્તકના સુશોભન માટે કંઈ કહેવાનું રહેતું નથી.

સંદેશ ગ્રંથમાળાને ગરવી ગૂજરાતે જે ભાવપૂર્વક આવકાર આપ્યો છે, તે માટે હું મારો હાર્દિક આભાર વ્યક્ત કરું છું અને ઇચ્છું છું કે, ગ્રંથમાળાની ભાવિ મજલમાં મહાગૂજરાતના સાહિત્ય-વાંછુઓ પોતાનો સક્રિય સહકાર આપશે.

સંદેશ ગ્રંથમાળાના ગ્રાહક તરીકે કોઈ પણ તારીખથી નામ નોંધાવી શકાય છે. ગ્રંથમાળાનું બીજા વર્ષનું લવાજમ, ૨૦૦૦ પૃષ્ઠનું વાંચન પૂરું થતાં પૂરું થયું ગણાશે. અમારી નૈતિક ફરજ, રુપિયા ૧૫ માં ૨૦૦૦ પૃષ્ઠનું વાંચન આપવા પૂરતી છે, સમય પૂરતી નહિ, તેની ખાસ નોંધ લેવા જનતાને વિનંતી છે.

પ્રકાશકના બે બોલ

આ પુસ્તકની પ્રસ્તાવના જાણીતા સાક્ષર શ્રીયુત કનૈયાલાલ મુનશીએ લખી પુસ્તકનું મહત્વ વધાર્યું છે, અને એ બદલ તેમનો હું ખાસ આભાર વ્યક્ત કરું છું. આ ઉપરાંત ગૂજરાતના જાણીતા કલાકાર શ્રી. કનુભાઈ દેસાઇએ પણ, પુસ્તકના સૂચક કવરચિત્ર માટે જે શ્રમ લીધો છે, તે માટે હું તેમનો આભારી છું.

સંદેશ ગ્રંથમાળાનો આદર્શ સસ્તામાં સસ્તી કિંમતે જનતાને સુંદર, સંસ્કારી અને શ્રેષ્ઠ સાહિત્ય આપવાનો છે. 'સંદેશ ગ્રંથમાળા'નાં પુસ્તકો ગૂજરાતના ઘેર ઘેર વંચાય એવી મારી અભિલાષા છે. પ્રભુ મારી આ ભાવનાને પરિપૂર્ણ કરે એવી પ્રાર્થના કરી આ નોંધ પૂરી કરું છું.

સંદેશ પ્રકાશન-
મંદિર,
અમદાવાદ.

નંદલાલ ચુનીલાલ બોડીવાળા
મેનેજિંગ ડિરેકટર,
ધી 'સંદેશ' લિમિટેડ.

લેખકની પ્રસ્તાવના

હું કાંઈ લખી શકું છું એવું મારા મિત્રોએ મને કહેવાથી મેં આ નવલકથા લખવાનું સાહસ કર્યું છે.

કૉલેજમાં હું નાની કવિતાઓ, નાનાં પ્રહસનો, લેખો લખતો. આમાંનાં કેટલાંક છપાયેલાં અને ભજવાયેલાં પણ ખરાં. સન ૧૯૧૦માં વકીલાતમાં પડયા પછી એક પ્રહસન "વાંઢાનો વરઘોડો" લખ્યું અને ત્યાર બાદ સન ૧૯૩૦ ની સાલમાં વડોદરાના "નવ ગુજરાત" પેપરના વાર્ષિક પ્રકાશનના પુસ્તક તરીકે "બલિદાન" નાટક લખ્યું. આ નાટક માટે સાહિત્યકારોના સારા અભિપ્રાયો આવ્યા, પણ એ નાટક બીજી રીતે ઘણું અજાણ રહ્યું છે.

૧૯૪૨ના ઑગસ્ટમાં હું શ્રીમંત ગાયકવાડ સરકારનો મહેમાન બન્યો. વારસીઆ મેદાનના બંગલામાં વાંચવા લખવા માટે ખૂબ સમય રહેતો. બીજા વાંચન સાથે "સોનલ" લખવી શરૂ કરી અને તેને પૂરી કરતાં લગભગ પાંચ માસ લાગ્યા.

જે લખી શકયો છું તે જનતા સમક્ષ રજૂ કરૂં છું. મારા લખાણની કિંમત વાંચકો અને વિવેચકો કેટલી કરશે, તે જોવા હું આતુર છું.

"સોનલ"ને પ્રસિદ્ધ કરવા રા. નંદલાલભાઇ બોડીવાળાએ ખરેખર સાહસ જ કર્યું છે. હજુ તો "સોનલ" છાપવાનું તેમણે નક્કી કર્યું અને કાગળના કવોટાની મોટી ભાંજગડ ઉભી થઈ. નવલકથા ખૂબ ઉતાવળે છપાઈ છે. જે સબ–એડીટરને પુસ્તક છાપવાનું સોંપવામાં આવ્યું, તેઓ માંદા પડયા. બીજા ભાઇને મારા અક્ષરો બેઠા નહિ અને છાપકામમાં અને ભાષામાં ભૂલો રહેવા પામી છે.

આ તમામ સુધારી નવેસર છાપવા માટે રા. નંદલાલભાઈને કહેવું એ કાગળની મોંઘવારીના સમયમાં ન જ બની શકે. તેમણે શુદ્ધિ માટે બનતો પ્રયાસ કર્યો છે.

આ માટે અને તેઓએ મારી નવલકથાને આવા કાગળની મોંઘવારીના સમયમાં પણ બીજા પ્રકાશનોને બાજુ પર મૂકી, પ્રથમ સ્થાન આપ્યું છે, તે માટે હું તેમનો ઉપકારી છું.

ગુજરાતના સાહિત્યકારોને મારી વિનંતિ છે કે, તેમણે મારૂં પુસ્તક વાંચી અંદરના દોષો મારી નજર પર આણવા કૃપા કરવી. હું બીજી નવલકથા હાલ લખી રહ્યો છું અને આ પુસ્તકના દોષો તેમાં ન આવે, તે માટે સાહિત્યકારોના અભિપ્રાયો મને વેળાસર મળશે, તો મને ઘણો આનંદ થશે.

વડોદરા, પ્રતાપગંજ
તા. ૨૭-૮-૪૪.

પ્રાણલાલ ટી. મુનશી

શુદ્ધિપત્રક


પાનું	લીટી	ભૂલ	ને બદલે વાંચો
૧૫	૩	બંધ	અંદર
૧૫	૧૦	મુક્ત	મુંગા
૩૭	છેલ્લેથી ૫.	મૂકી–પાઘડી	પાઘડી મૂકી–
૪૨	૪	ખાતર	(કાઢી નાખો)
૪૫	છેલ્લેથી ૪	થતો	,,
૫૫	છેલ્લેથી બીજી લીટીને છેડે	(રહી ગયું છેઃ–)	કેસરબેન
૫૮	૧૦	બીજા હોમ	લાજા હોમ
૫૮	છેલ્લેથી ત્રીજી લીંટીને છેડે	(રહી ગયું છેઃ–)	સૌંદર્યનો નમૂનો બની રહે છે.
૬૦	૧૧	માસ્તરના	કેસરબેનના
૬૩	૧	હોય	ન હોય.
૬૭	છેલ્લેથી ૮	ચાર	વગર
૬૮	,, ૮–૯	તેના હૃદયથી દબાવી રહી હતી	તેના હાથને દાબી રહ્યો હતો.
૬૯	૮	જીવનમાં	જીવનમાં પ્રિય
૬૯	૧૨	બિસ્તર	રીતસર
૮૫	૫	વળી	વાત
૯૨	છેલ્લી	સમદૃષ્ટિના	(કાઢી નાખો)
૧૨૪	છેલ્લેથી ૮	કોટસની	કીટસની
૧૩૪	૪	શલીની	શેલીની
૧૪૫	૧૭	નહિ	(કાઢી નાખો)
૧૮૩	૨	અને	(,,)
૨૧૩	છેલ્લેથી ૮–૯	ગર્વમાં ફૂલાવ્યા કરવાની જ અને	(,,)
૨૨૦	૧૩	વીસ પચીસ	ચાલીસ પચાસ
૨૪૦	૧૬	દુનિયાદારીના વિકારો મન	દુનિયાદારીના વિકારો શાંત
૨૪૯	૧૬	ધારવા	પરણવા
૨૫૩	છેલ્લેથી ૮	સમર્થી	સમજી
૨૫૩	છેલ્લી	સાહેબ	સાહેદ

(તરત સમજાઈ જાય તેવા મુદ્રણદોષો સુધારીને વાંચવા વિનંતિ છે.)

સોનલ

લેખકઃ

શ્રી. પ્રાણલાલ દી. મુનશી



અનુક્રમણિકા.

૨૫૨૯૪

પ્રકરણ ૧ લું

સોનલ જતી રહી

"નાગરદાસ શેઠ હું આવ્યો છું."

નાગરદાસના બંગલાના મુખ્ય ઓરડામાં બનારસી સેલાંની ગાંસડી ભોંયે મૂકતાં ભગવાનદાસ કાપડીઆએ કહ્યું. ભગવાનદાસ સાથે તેના બીજા બે માણસો પણ હતા. તેમની પાસે પણ બીજી રેશમી કાપડની ગાંસડીઓ હતી.

"બેસો, હમણાં આવું છું" નાગરદાસે પાછલા ઓરડામાંથી જવાબ આપ્યો.

ભગવાનદાસ જોડે આવેલા ગુમાસ્તા પૈકી એકે ઘડિયાળ સામે જોયું. "બરોબર આઠ વાગ્યા છે. આપણે ઠીક વખતસર આવી પહોંચ્યાં."

નાગરદાસના બંગલાનો આ ઓરડો વીસફુટ સમચોરસ હતો. વચમાં જરમન સીલ્વરની સાંકળોવાળો કાશ્મીરી સુથારી કોતરકામથી સુશોભિત સીસમનો હિંચકો બાંધેલો હતો. બે સોફા અને થોડી હાથાવાળી ખાદીજડીત ખુરશીઓ હતી. ભોંય ઉપર ગાલીચા ભાતની શેતરંજી પાથરેલી હતી. એક બાજુ દરજીના બે પગસંચા હતા. અને તેના ઉપર થોડું સુતરાઉ અને રેશમી કાપડ પડેલું હતું. બારણાં અને આસપાસની ભીંતો તાજા પાકા

રંગે રંગેલી જણાતી હતી. ભીંતને ગાળે ગાળે મધ્ય ભાગમાં સુંદર તૈલચિત્રો તાજાં ચિતરેલાં હતાં.

"ધામધૂમથી લગ્ન થવાનાં હોય એમ લાગે છે." ઓરડાની ચારે બાજુ નજર નાંખતો એક ગુમાસ્તો બોલ્યો.

"તું ઓળખતો નથી ?" નાગરદાસ અમદાવાદી નથી, ખર્ચાળ માણસ છે. અને વળી તેમાં તેમને ત્યાં લગ્નનું આ પહેલું જ પગરણ છે. કાંઈ નહીં તો દશ હજાર રૂપિયા ખર્ચ થશે." ભગવાનદાસે કહ્યું.

"ત્યારે તો આપણું કાપડ બે એક હજારનું તો........"

ગુમાસ્તો વાકય પુરૂં કરે એટલામાં તો નાગરદાસ બ્હાર નીકળ્યા.

"વખતસર આવી પહોંચ્યા." નાગરદાસે કહ્યું.

"કેમ તમે પડવો અને સવારના આઠ નક્કી કરી ગયા હતા ને ?" ભગવાનદાસ બોલ્યા.

"હરિ હરિ! માફ કરજો—જરા અંદર રોકાયો હતો. એક મિનિટ—આ કાગળો ત્રીજોરીમાં મૂકીને હું તરત પાછો આવું છું." નાગરદાસ બોલ્યા.

"અમને કાંઈ ઉતાવળ નથી." ભગવાનદાસે વિનયથી કહ્યું.

નાગરદાસ એક ક્ષણમાંજ બહાર આવ્યા. હિંચકા ઉપર પડેલી ચાંદીના પાનની રકાબી ભગવાનદાસ પાસે મૂકી અને પલાંઠી મારીને ભગવાનદાસ સામે બેઠા.

"કેમ શું શું લાવ્યા છો ?"

"હું તો બધું જ લાવ્યો છું, જે પસંદ પડે તે આપું."

"એમાં હું કાંઈ સમજું છું ? સગાસંબંધીમાં શું કરવું તે ગંગાબા જાણે અને સોનલને પસંદ પડે તે સોનલ ખરીદે. ખરૂં પૂછો તો મારી ઉંમરમાં મેં સ્ત્રીઓનું કાપડ ખરીદ કર્યું જ નથી.

સોનલની બા જીવતી ત્યારે તે બધુંજ સંભાળતી અને હવે બધું ગંગાબા સંભાળે છે."

"બધે એમજ હોય, તમને ક્યાં ધંધાનાં લફરાં ઓછાં છે?" ભગવાનદાસ અને ગુમાસ્તાઓએ ગાંસડીઓની ગાંઠ છોડવા માંડી. પાછળના ઓરડામાં ગંગાબા હતાં તે બહાર આવ્યા. તેમની સાથે બિહારી આવ્યો. બિહારી નાગરદાસ સાથે જરા પાછળ બેસવા જતો હતો.

"આજે સોનલ કેમ હજુ સુધી ઊઠી નથી?" ગંગાબાએ કહ્યું.

બિહારીને હાથ અડાડી નાગરદાસ બોલ્યો. "જોને બેટા, સોનલને બોલાવતો–કહીયે–ભગવાનદાસ કાકા તારે સારૂ સેલાં લાવ્યા છે. જોઇએ તે પસંદ કરી લે."

બિહારી સોનલને બોલાવવા ચાલ્યો–દોડયો. ભગવાનદાસે બનારસી સેલાંના પટ એક પછી એક કાઢીને એક પર બીજું એમ મૂકવા માંડયાં.

"બિલકુલ નવો અને ચાલુ બર છે" ભગવાનદાસે કહ્યું. ગંગાબાએ સેલાં જોવા માંડયાં. નાગરદાસે પણ અંગૂઠો અને ચાર આંગળીઓ વચ્ચે કોર ઝાલી કુમાસ જોવા માંડી.

"કિંમતનો કાંઇ આશરો?"

"સોની નીચેનું એકકે નથી. મારે પણ સોનલ દીકરી જ છે ને? પડતર ભાવેજ બધો માલ આપવાનો છું."

પણ કિંમતી સેલાં કાંઇ રોજ પહેરાય છે? સામાન્ય સ્થળોએ મેળાવડાઓમાં જવાને આવડાં ભારે સેલાં ન ચાલે; ત્યાં તો સાદાં અગર આરીભરતનાંજ સેલાં જોઇએ. તેવાં હોય તો બતાવો." ગંગાબાએ કહ્યું.

"તેવાં પણ લાવ્યો છું—સોનલ આવે એટલે..."

એટલામાં બિહારી દોડતો છલંગ મારતો હાંફતો આવ્યો. "બાપુ, સોનલબેન નથી ઊઠતી. બારણું અંદરથી બંધ છે–અને

કેટલીયે વાર ઠોકયાં–કેટલીયે લાતો મારી–પણ બોલતી નથી–રીસાઈ તો નહિ હોય ? ”

“રીસાય શું કરવા ? તું એની સાથે કંઈ ગઇ કાલે લડયો હતો ?”

“ના, હું શું કરવા લડું ? ઉલટું કાલે સાંજે તો એ મારી જોડે બહુ રમી–અને મારી સામે ટગર ટગર જોતી હતી અને માથે હાથ ફેરવતી હતી. ”

“ તો પાછો જા–મોટી બૂમ પાડ એટલે બોલશે. ”

“લાતો મારે નહીં બોલી તે બૂમો પાડે બોલવાની હતી ? ” પણ એટલામાં તો ઘરનો જુનો નોકર ભાઈજી આવ્યો–રામશંકર રસોઇઓ આવ્યો અને નોકરડી માની પણ આવી.

“ મોટાભાઇ, બેનની ઓરડી પર અમે ત્રણ બૂમો મારી પણ અંદરથી જવાબ નથી. ” રામશંકરે કહ્યું.

કાપડ પડતું મૂકી નાગરદાસ ઉભા થઈ ગયા. ગંગાબા પણ ઊઠયાં. ભગવાનદાસ પણ ઊઠયા.

ગુમાસ્તાઓએ કાપડની ધડી કરવા માંડી; મકાનના જુદા જુદા ભાગમાં નાગરદાસનાં સગાંવહાલાં સોનલના લગ્ન માટે આવેલાં તે પણ બહાર નીકળ્યાં અને બધાં જ સોનલની સુવાની ઓરડી તરફ ગયાં.

“ સોનલ–સોનલ. ” નાગરદાસે બૂમ પાડી.

ઉત્તર ન મળ્યો.

“ સોનલ, બેટી ઉઘાડતો, સોનલ” નાગરદાસે વધારે મોટા સાદે કહ્યું.

ઉત્તર ન જ આવ્યો.

“હિસ્ટીરીયા તો નહિ આવ્યું હોય ? ”

કોઈ પાછળથી બોલ્યું.

“ નારે ! બેનને હિસ્ટીરીઆનું દર્દ નથી. ”

"તો બેનની ઉંઘ આવડી ઉંડીયે નથી."

"નારે! બારણા ઉપર ટકોરો મારીએ તો તુરત અંદરથી જવાબ દે."

"બધા છાના રહી જાઓ." નાગરદાસે જરા કડક થઇ કહ્યું.

"રામશંકર, જા તો, કમ્પાઉન્ડમાં પડતી બારી ઉઘાડી હોય તો જો."

રામશંકર, બારી જોવા જતો હતો; પણ ભાઈજી બોલ્યો. "બાપુ બારી તો બંધ છે. હું હમણાં જ જોઈ આવ્યો."

"ઠેલીને જો તો."

રામશંકર બારી તરફ ગયો. બારીને ઠોકી ઠેલી જોઈ. તેના ધબકારા બંગલામાં પણ સંભળાયા. બારી બંધજ હતી અને અંદરથી ઉત્તર નહોતોજ મળ્યો.

"મને જાતે ચોકસાઈ કરવા દો; નહિ તો પછી આ બારણું તોડી નાંખીશું." નાગરદાસે કહ્યું.

આગલાં પગથીયાં ઉતરી તેણે સોનલના શયનગૃહની રસ્તા પર પડતી બારીનો નીચેનો ભાગ ઠોકી જોયો. બારી બંધ હતી. બારીનો ઉપરનો ભાગ ઠેલી જોયો તો તે પણ બંધ જણાયો.

નાગરદાસની જોડે પાછળ બિહારી પણ આવ્યો હતો. બારીથી થોડે દૂર સોનલના શયનગૃહમાં પડતું બીજું બારણું હતું અને બારણામાંથી નીકળી પગથીયાં ઉતરી બંગલાના બાગમાં જવાતું. બંગલાના આ તરફના બાગને કમ્પાઉન્ડ કરેલું હતું અને નાગરદાસ જે બારી જોતા હતા તે અને બાગમાં પડતાં પગથીયાં વચ્ચે બાગનું કમ્પાઉન્ડ ભીંત સાથે અડીને પૂરું થતું હતું. અને ત્યાં એક લાકડાની પટીનો કરેલો એક દ્વારી દરવાજો હતો.

આ દરવાજા ઉપર બિહારી ચઢી ઉતર્યો અને દોડતોજ પગથીયાં ચઢી ગયો અને સોનલના શયનગૃહમાં પડતા આ બીજા બારણાને ધડ લઇને લાત મારી. બારણું ઉઘડી ગયું.

"બાપા, આ બારણું ઉઘાડું છે."

બિહારી પગથીયાં ઉતર્યો અને બાગનો દરવાજો ખોલવા ગયો. દરવાજો ખુલ્લોજ હતો. નાગરદાસ દરવાજામાં પેઠા. વય ઉપરાંતની છલંગ મારીને પગથીયાં પરથી બારણામાં અને બારણામાંથી સોનલના શયનગૃહમાં આવ્યા.

નાગરદાસના મનમાં ઊંડે ઊંડે એક શંકા આવી.

શયનગૃહમાં કોઈ ન્હોતું. જાણે કોઈ સુતુંજ નહોય તેવી સોનલની પથારી વગર વીખરાયેલી, વગર વપરાયેલી પડી હતી. ઉસીકાં પણ હમણાં મૂક્યાં હોય તેવાંજ લાગતાં હતાં. પગ ઓઢણું પણ તેવુંજ પડયું હતું.

નાગરદાસે ઓરડો ઓળંગી ઘરમાં પડતું બારણું ઉઘાડી નાંખ્યું. ગંગાબા અને બીજાં કેટલાંક સગાં અંદર આવ્યાં.

"જાઓ, પોતપોતાને કામે લાગો, અહીંથી ખસી જાઓ." નાગરદાસે પોતાનાં માણસો, નોકરો વિગેરેને ઉદ્દેશીને કહ્યું.

બધા આઘા પાછા થઈ ગયા.

"પથારી વપરાયેલી જણાતી નથી. પથારી ઉપર કોઇએ રાત ગાળી હોય એમ નથી જણાતું." ગંગાબાએ વાંકા વળીને જોયું અને બોલ્યાં. તે બાગમાં પડતા બારણે આવ્યાં. બાગ સામે નજર નાંખી. બાગના દરવાજા સામે નજર કરી.

"આ દરવાજો બંધ હતો કે ઉઘાડો ?"

પ્રશ્નનો જવાબ કોઇએ ન દીધો.

"હવે હું તમને બોલાવું ત્યારે આવજો. ગાંસડીઓ લઇ જાઓ." નાગરદાસે ભગવાનદાસને કહ્યું. "કામ હોય તો જરુર કહેજો."

ભગવાનદાસે જતાં જતાં કહ્યું. નાગરદાસ બાગવાળાં બારણાનાં પગથીયાં ઉતરી નીચું જોતા જોતા દરવાજે ગયા. તેમના મનમાં કે, કોઇનાં પગલાં જણાશે પણ જમીન કઠણ હતી અને

વળી પગથીયાં અને દરવાજા વચ્ચે તો ઈંટો મૂકી રસ્તો કર્યો હતો એટલે પગલાંનાં ચિહ્ન પડી શકે એમ પણ નહોતું. દરવાજો ઉઘાડીને કમ્પાઉન્ડમાં આવ્યાં અને ત્યાંથી ઠેઠ આગલા દરવાજા સુધી જઈ આવ્યા પણ કમ્પાઉન્ડ કાંકરાળું સખ્ત હતું. મોટા દરવાજા પાસે ભૈયાની કોટડી હતી. રામચરણ ભૈયો ત્યાં લાઠી લઈને ઉભો હતો. તે ઘેર જવાની તૈયારી કરતો હતો.

“રામચરણ ?”

“જી” ભૈયાએ લાકડી બગલમાં ઘાલી હાથ જોડયા.

“કાલ રાત તુંમ બાગમેં કબ આયા ?”

“બરાબર સાડા નવ બજે, હજુર.”

“ફિર એ દરવાજેં સેં કોઇ આયા–ગયા ?”

“નહીં હજૂર, સિર્ફ આપકે દો મિત્ર જો મોટર લે કે આયે થે વો ગયે. દુસરા તો કોઇ નહીં ગયા. હજૂર.”

“તુમ બરોબર જાગતા થા ?”

“બરાબર, હજૂર.”

દરવાજા પરથી નાગરદાસ વળી પાછા સોનલના શયનગૃહમાં આવ્યા. ગંગાબા ત્યાં હતાં અને સોનલની છબી સામે જોઇ જોઇ રોતાં હતાં. તેમની પાસે ઉભેલો બિહારી રડું રડું થઈ રહ્યો હતો. શું થઇ ગયું અને સોનલ કયાં ગઈ અને ઘરનાં બધાં શું ધાંધલમાં પડી ગયાં હતાં તેની હજુ તેને પુરી સમજ નહોતી પડી.

“બાપુ, સોનલ કયાં દાતણ કરવા બેઠી છે ?” બિહારીએ પૂછયું.

હૃદય મોકળું મૂકી દેવાશે એમ નાગરદાસને ક્ષણવાર થયું પણ તે કડક થઈ ગયા. નોકરો પણ પાછા ટોળું વળી ત્યાંજ આવ્યા હતા.

“ગંગાબા બિહારીને લઇને તમે રસોડામાં જાઓ, તમે નહીં જાઓ ત્યાંસુધી ઘરના નોકરોને કાંઈ કામ સૂઝવાનું નથી. હું

અહીં બેઠો છું અને તપાસ કરું છું. થોડીવારમાં તમને મળીશ." નોકરો તરફ ફરીને તેણે કહ્યું.

"જાઓ સૌ પોતપોતાના કામે લાગી જાઓ. કોઇ ફીકર કરશો નહિ સોનલબેન અહીંજ હશે કે, કદાચ પાસેના બંગલામાં ગઇ હશે. હું તપાસ કરાવું છું."

બધાં વેરાવા માંડયાં.

"નાગરદાસ ભાઇ છે?" કોઇએ બહારથી બૂમ પાડી.

"કોણ હશે?" નાગરદાસ શયનગૃહમાંથી બહાર આવી બોલ્યા.

"બ્રહ્મક્ષત્રિય સોસાયટીમાંથી વિનુભાઈ સાહેબે ચિઠ્ઠી મોકલી છે."

ચિઠ્ઠી આપી માણસ ચાલતો થયો.

નાગરદાસે ચિઠ્ઠી લીધી. ઉઘાડી વાંચી. એક ક્ષણભર તે વિચારમાં પડયા. ઊંડો નિઃશ્વાસ નાંખ્યો. સ્થિર અને ગંભીર થઈ તેણે ગંગાબાને કહ્યું.

"લ્યો, કાળજી કરતા હતા તે આ સોનલની ચિઠ્ઠી આવી. આજે સવારે તેની બેનપણી ઈન્દુમતી આપણે રસ્તે જતી હશે તે તેને ઘેર લઈ ગઇ. અને વિનુભાઈની ચિઠ્ઠી છે કે, આજે સોનલ તેમને ત્યાં રહેશે અને આવતી કાલે સવારે આવશે."

નાગરદાસે ચિઠ્ઠી ગજવામાં મૂકી. બિહારી નાગરદાસને હાથે વળગ્યો. "બાપુ, બેનની ચિઠ્ઠી મને વાંચવા આપો."

"પછી." નાગરદાસે બિહારીને આઘો કર્યો.

"એવું બેનપણીને ત્યાં તે શું જવાનું?" કહી ગંગાબા અંદર ગયાં.

નોકરો આશ્ચર્યમાં પડી ગયા અને પોતાને કામે લાગ્યા.

બિહારી ગંગાબાને સોનલ કયારે ગઇ? કયારે આવશે? પોતે બ્રહ્મક્ષત્રિય સોસાયટીમાં જઈ શકે કેમ? એવા અનેક પ્રશ્ન પૂછતો ગંગાબાની આસપાસ ફરતો હતો.

નાગરદાસ સોનલના શયનગૃહમાં ગયા અને બારણું અંદરથી બંધ કર્યું.

"રામશંકર!" બારણું દેતાં તેણે રસોઇઆને કહ્યું: "કોઈ પરાયું મને મળવા આવે તો કહેજે સાંજે આવે. હું જરા બાગમાં ફરૂં છું."

× × × ×

સોનલના શયનગૃહનાં બન્ને બારણાં નાગરદાસે અંદરથી બંધ કર્યાં. બારી ઉઘાડી નાંખી. અને ટેબલ પાસેની આરામ ખુરશી પર બેઠા. હૃદયને ઢીલું પડવા દીધું હોત તો ઘરનાં બીજાં માણસોની જેમ તે ઢગલો થઈ જાત; પણ તે સમજી ગયા. સ્થિર અને ગંભીર થઈ કામ નહિ લે તો જગતમાં તેમની હાંસી થશે એમ તે જાણતા હતા.

વિનુભાઈની ચિઠ્ઠી સોનલના સંબંધમાં નહોતી. વિનુભાઈ તો એક શિક્ષણ સંસ્થાના મંત્રી હતા. અને નાગરદાસના મિત્ર હતા. સોનલના લગ્ન પ્રસંગે નાગરદાસ સારી રકમ દાન કરવાના હતા એમ તેમણે સાંભળ્યું હતું. અને પોતાની સંસ્થામાં સારી રકમ આપવા વિનંતી કરી હતી.

તેમની માંગણી કબુલ રાખી સંસ્થાને રૂપિયા બે હજારનું દાન કરવા નાગરદાસે કબુલ કર્યું હતું. તેથી વિનુભાઈએ નાગરદાસને ઉપકારનો પત્ર લખી પોતાના માણસ સાથે મોકલાવ્યો હતો.

ગંગાબા અને ઘરનાં બીજાં માણસોને શાંત કરવા નાગરદાસે આ પત્રનો ઉપયોગ કર્યો. પણ સત્ય ક્યાં સુધી અજાણ્યું રહેવાનું હતું? સોનલ આવી રીતે કોઈ દિવસ બહાર જતી નહીં. નાગરદાસને કહ્યા વિના તે બે કલાક પણ રોકાતી નહોતી. અચાનક કાંઇ જતી–રોકાણ થતું તો, તુરત ટેલીફોનમાં ખબર આપતી અને પાછી વખતસર ઘેર આવતી. પથારીની અણવપરાયેલી સ્થિતિ, પાછળનું ઉઘાડું બારણું અને આટલી મોડા સુધીની તેની ગેર-

હાજરી—આ બધું દરેક પળે નાગરદાસને એકજ ખ્યાલ તરફ વાળતું કે, "સોનલ ઘર છોડી ક્યાંઇ જતી રહી."

પણ ઘર છોડવાનું કારણ શું? સોનલનાં લગ્ન તેની રાજી-ખુશીથી નક્કી કર્યાં હતાં. મહેશ ખાનદાન કુટુંબનો, સુશીલ, શાંત સ્વભાવનો, વિનયી અને એમ. એ. સુધી ભણેલો યુવક હતો. સમસ્ત ન્યાત મહેશની પ્રશંસા કરતી. મહેશ ક્યાં સુધી કુંવારો રહેલો. તે પોતાનું પ્રેમપાત્ર જોઇ પરણવા માંગતો હતો. અનેક માગાં તેણે પાછા વાળેલાં. તેનું આકર્ષણ સોનલ તરફ હતું. અને તેથી જ નાગરદાસે સોનલનો વિવાહ મહેશ સાથે કર્યો હતો.

"લગ્નના નિમિત્તે તો સોનલે ઘર નહિ જ તજ્યું હોય." નાગરદાસે મનમાં વિચાર્યું. અને છતાં સોનલની ભાળ તો કાઢ-વીજ જોઇએ, અરાઢ વર્ષની પુત્રી ઘર છોડી જાય તો કાંઇપણ પત્ર અગર ચિહ્ન જરૂર મૂકી જાય. એ પત્ર અગર ચિહ્ન શયન-ગૃહમાંથી જ મળવો જોઈએ. અને એ પત્ર અગર ચિહ્ન ઉપરથી સોનલને શોધી પણ કાઢી શકાય. જો તે મળી આવે તો, બધી વાત ઉપર પડદો નાંખી સોનલ અને મહેશનાં લગ્ન કરી શકાય. આ વિચારે નાગરદાસે સોનલના શયનગૃહમાં શોધ શરૂ કરી. તેણે પથારી ફેરવી જોઈ. ગોદડાં આઘાં પાછાં કરી જોયાં પણ અંદરથી કાંઇ ન મળ્યું. તેણે ટેબલનાં ખાનાં તપાસ્યાં. ઉપર પડેલાં પુસ્ત-કોનાં પાનાં જોયાં. પુસ્તકોને ઊંધાં કરી ખંખેર્યાં પણ તેમાંથી કાંઈ નીકળ્યું નહીં. ટેબલ નીચે સોનલની મોટી ટ્રંક પડેલી હતી. અંદરનાં કપડાં સાફ ઘડીબંધ હતાં. નાગરદાસે દરેક સાડી અને બીજાં કપડાં ખંખેરી જોયાં તેમાં કશું જ નહોતું. ઓરડામાંના ભીંતકબાટમાં પણ થોડાં કાચનાં વાસણો અને રમકડાં સિવાય બીજું કાંઈ જણાયું નહિ.

"પત્ર સરખો પણ મૂકી ગઈ નથી! દીકરી તું કેટલી ક્રૂર હશે?!" નાગરદાસે ઉદ્વેગથી મનમાં ને મનમાં કહ્યું. તેણે જોઇ શકાય તે બધી જ ચીજો જોઇ નાંખી. પણ પત્ર ન મળ્યો તે ન

જ મળ્યો. તેના મનમાં એક વિચાર આવ્યો. તેને લાગ્યું કે, સોનલ બધું જ મૂકીને ગઇ હતી. તે પોતાની સાથે કપડાં પણ નહીં લઇ જાય તે કેમ બને ? અને તેની સાડીઓ, પોલકાં વગેરે તો બધું જ પેટીમાં જ હતું.

" ગંગાબા, " નાગરદાસે બારણું ઉઘાડી હાંક મારી. "જરા અંદર આવોને."

ગંગાબા એકલાં ન આવ્યાં. સાથે બિહારી પણ આવ્યો.

" જરા જુઓને, સોનલનાં કપડાં કાંઇ ઓછાં થયાં છે કે, બધાં જ એની પેટીમાં છે ? " નાગરદાસે કહ્યું.

ગંગાબાએ પેટી જોઇ અને તરત ભીંતકબાટ તરફ નજર કરી.

" કપડાં લઈને ગઇ છે " ગંગાબાએ કહ્યું.

" ક્યાંથી? "

" આ કબાટમાંથી. "

" કેટલાં લઇ ગઈ હશે ? "

" લગભગ છ સાડી અને છ પોલકાં. ચાલુ પહેરવાનાં કપડાં એ કબાટમાં જ રાખતી અને ગઈકાલે બપોરે મેં આ કપડાં કબાટમાં જોયાં હતાં. "

" ત્યારે તો તે એજ લઈને ગઈ. "

" હું તને નહોતી કહેતી કે, સોનલને તું મારા ઓરડામાં સુવાડ ! "

સહેજ ઠપકાના અવાજમાં ગંગાબા બોલ્યાં. નાગરદાસે કાંઇ ઉત્તર ન દીધો.

" બાપુ, આ એનની ઘડિયાળ બંધ પડી ગઈ છે. બિહારીએ ઘડિયાળની દાબડી ઉઘાડતાં કહ્યું.

નાગરદાસની નજર સહજ ઘડિયાળ ઉપર પડી. દાબડીમાંથી એક નાનો પત્ર ઉડીને બહાર પડયો. નાગરદાસે આ પત્ર લઈને વાંચ્યો. અને એક ઉન્હો ઊંડો નિઃશ્વાસ તેના હૃદયમાંથી નીકળી પડયો.

"દીકરી તેં ભૂંડું કર્યું" આમ બોલતાં નાગરદાસ આરામ ખુરશી ઉપર બેઠા.

બિહારી ચમક્યો. તેને લાગ્યું કે, તેના બાપુ કાંઇ માંદા થઇ ગયા છે.

"હવે ઢગલો થઈ બેસવામાં મજા નથી. તપાસ કરો, બગડયું તો છે પણ સુધારી લ્યો." ગંગાબાએ નાગરદાસને માથે હાથ ફેરવતાં કહ્યું.

બિહારી રોવા જેવો થઇ ગયો હતો. ગંગાબા તેને લઈ ઓરડા બહાર આવ્યાં. અને રામશંકરને હાંક મારી, "જા, બિહારીને જરા બહાર કમ્પાઉન્ડમાં ફેરવ."

ગંગાબાએ ઓરડાની અંદર આવી બારણું બંધ કર્યું. નાગરદાસ પાસેનો પત્ર લીધો અને વાંચ્યો.

"પુજ્યબાપુ, તમને, બિહારીને અને ગંગાબાને છોડી જતાં દુઃખ તો ઘણું થાય છે. છતાં જાઉં છું. મારે મહેશ સાથે લગ્ન કરવાં નહોતાં કારણ એ જ કે મારૂં દીલ બીજાને આપ્યું હતું. હું આવતી કાલે પરણીશ અને લગ્ન પછી પત્ર લખીશ. કુળની લાજ જયાં જઈશ ત્યાં સંભાળીશ. તમારા હૃદયને કારી ઘા કરીને જાઉં છું તે સાલે છે. બાળક જાણી મને ક્ષમા આપશો. બિહારીને સાચવજો."

તમારી

"સોનલ"

"દુઃખ પડે ત્યારે માણસે વધારે સાવધ થવું જોઈએ. ઊઠ, તપાસ કર. છોકરી કયાં ગઇ? વાત તો ચારે બાજુએ પ્રસરશે અને લોકો બારણું તોડી પાડશે. હોશિયાર થા. દુનિયાને પહોંચી

વળવાનો સમય આવ્યો છે. અને હિંમત વિના દુનિયાને ક્યાં કોઇ પહોંચી શક્યું છે."

ગંગાબાનાં વચનો નાગરદાસને સાચાં લાગ્યાં. તે ઊઠયો. ટટ્ટાર થયો અને શયનગૃહના પાછલા બારણાનાં પગથિયાં ઉતર્યો.

"કેમ, રામપ્રસાદ મામા !" બહારથી પ્રિતમલાલે બૂમ પાડી.

"કયા રામપ્રસાદ મામા ?" ગંગાબાએ ઓરડામાંથી બહાર નીકળતાં કહ્યું.

"કેમ, સોનલ કાલે મેલ પર રામુમામાને તેડવા આવી હતી ને,." નાગરદાસે આ શબ્દો સાંભળ્યા. પગથિયાં ન ઉતરતાં તે પાછો શયનગૃહમાં અને ત્યાંથી દિવાનખાનામાં આવ્યો. પ્રિતમલાલે પણ બધાને અબોલ અને વિહ્વળ જોયાં. તેને પણ આ અબોલ સ્થિતિની સમજ ન પડી. એક ક્ષણભર બધાં જ મૂગાં રહ્યાં.

"અંદર આવ," નાગરદાસે પ્રિતમલાલને ધીમે દુ:ખી સ્વરે અંદર બોલાવ્યો. ગંગાબા અને પ્રિતમલાલ તેની પાછળ ઘસડાયાં.

"તેં સોનલને કયા મેલ ઉપર જોઇ હતી ?"

"કાઠિયાવાડ મેલ પર...."

"બધી વાત માંડીને કહો."

"બીજું તો શું. હું મારા એક મહેમાનને મૂકવા ગયો હતો. અમે બન્ને જતા હતા ત્યાં એક થાંભલાને અડીને નીચું જોઇ સોનલ ઉભી હતી. મેં સ્ટેશન પર આવવાનું કારણ પૂછ્યું. તેણે કહ્યું કે, આ ટ્રેનમાં રામુમામા રાજકોટથી આવવાના છે, તેમને તેડવા આવી છું.

"એની સાથે કોઇ હતું ?"

"મેં કોઇને જોયું નથી."

"કોઇ પુરુષ, કોઇ સ્ત્રી ?"

"ના ભાઈ, એકલી જ ઉભી હતી."

"કોઇ આસપાસ હતું?"

"તેની મને ખબર નથી. મેં આસપાસ જોયું નહિ. મેલ ઉપડી ને હું તો ઘેર આવ્યો. રામપ્રસાદ આવ્યો હશે જાણી તેને આજે મળવા આવ્યો. પણ છે શું? આ પ્રશ્ન પરંપરા શા માટે?"

નાગરદાસે કાંઇ બોલ્યા ચાલ્યા વિના સોનલનો પત્ર પ્રિતમલાલના હાથમાં મૂકયો.

પ્રિતમલાલ નાગરદાસનો બાલમિત્ર હતો. બન્ને જોડે ભણેલા. વેપાર પણ એકસરખો કરતા હતા. ઘણુંખરૂં એકબીજાને રોજ મળતા અને પૂછીને દરેક કામ કરતા. પ્રિતમલાલને સોનલ અને બિહારી જાણે પોતાનાં દીકરી અને દીકરા જેવાં જ વહાલાં હતાં. પ્રિતમલાલથી નાગરદાસનું કશું અજાણ્યું નહોતું.

"જરા ચમકી હોય, શરમાઈ હોય એવું મને લાગેલું ખરૂં અને તે આજ કારણે." પ્રિતમલાલ મનમાં બોલતો હોય એમ ધીમેથી બોલ્યો.

"એ જરૂર મુંબાઇ ગઇ." પ્રિતમલાલે જરા મોટેથી કહ્યું.

"મુંબાઇ તરફ ગઈ?"

"હા, એમ કહો—ચાહે તો વડોદરા—ચાહે તો સુરત—કે પછી મુંબાઇ."

"તો પછી ત્રણે સ્થળે આપણા આડતિયા છે. તાર મૂકી દઇએ."

પ્રિતમલાલ ઊઠયો અને ટેબલ પરથી તારના ફોર્મની કોરી ચોપડી લઇ આવ્યો.

"તું કહે ત્યાં તાર મૂકીએ."

"તાર મૂકવાનો શો અર્થ?" નાગરદાસે નિઃશ્વાસ મૂકીને કહ્યું. "અત્યારે સાડા નવ વાગ્યા છે. તાર પહોંચતાં ચોક્કસ

બે કલાક થાય. વળી આજે રવિવાર છે. મુંબાઇના લોક–રવિવાર એટલે મુલાકાતનો, મિત્રોને મળવાનો, ઘર બહાર પરામાં–ઘોડ બંધ ઉપર–વાંદરા—મહાલક્ષ્મી વગેરે સ્થળે જવાનો દિવસ. તાર મોડા પડે."

"તો પછી ટ્રંકકોલ કર," પ્રિતમલાલે કહ્યું.

"કેટલા માણસો મારો ભવાડો જાણશે. પ્રિતમ, મને કાંઇ મન થતું નથી. શોધ કરતા સુધીમાં તો એ પરણી જવાની. કાંઇ એમને એમ તો એ ગઇ જ નહિ હોય! બધું જ નક્કી હશે,—નહિ? લખે છે કે, આવતી કાલે હું પરણી જઇશ. અને પરણ્યા પછી મારે મુક્ત રહેવાનું ને? બીજું શું થાય?"

"તારૂં મગજ ચાલતું નથી. કદાચ ગાડી મોડી પહોંચી. કદાચ સવારે લગ્ન ન થઇ શક્યાં. કદાચ કોઇ ઓળખાણવાળું મળ્યું અને લગ્ન અટકાવ્યાં.

"કદાચ—"

"કદાચ," નાગરદાસ બોલ્યો. આશાનો કાચોતંતુ ક્ષણિક સુખ જરૂર આપે છે.—"ઠીક, તને યોગ્ય લાગે ત્યાં ટેલીફોન કર. પણ પોલીસનું ધાંધલ કોઇ ન કરે તેની ખાસ ચેતવણી આપજે. જો કદાચ સોનલ હાથ લાગે તો ને આવે તો તેને સમજાવી ઘેર લઇ જાય અને મને ખબર આપે. સોનલને પોલીસને સોંપવાની નથી." તે જરા થોભ્યો. "પ્રિતમ, જો તેનાં લગ્ન થઇ જ ગયાં હોય તો પછી કાંઇ કરવાની જરૂર નથી. માત્ર મને તેના રહેઠાણની ખબર મોકલે."

પ્રિતમલાલ ટેલીફોન કરવા ગયો. તેણે મુંબાઇમાં કાકડવાડીમાં, સુરતમાં અનાવિલ આશ્રમ અને આર્યસમાજમાં અને વડોદરા કારેલીબાગમાં તપાસ કરવા માટે પોતાના આડતિયાઓને ટ્રંક કોલ કરવામાં રોકાયો.

ઘરનો માળી નાગરદાસને શોધતો હતો.

કાનનું એક હીરાનું કર્ણફૂલ ટેબલ ઉપર મૂકીને તેણે કહ્યું, "બાગના વંડા પાસે પડ્યું હતું. સંભાળી લેજો."

નાગરદાસે કર્ણફૂલ હાથમાં લીધું. "આ તો સોનલનું." જતા માળીને તેણે પાછો બોલાવ્યો.

"ક્યા વંડા પાસેથી આ જડ્યું ?"

"આ પેલી સીડી પડી છે ને."

સામેના વંડા પાસે એક નાની સીડી પડી હતી તે તરફ માળીએ હાથ લંબાવી કહ્યું.

"આવું જ પડ્યું હતું—ભેરવેલું ?"

"નાજી ! પાછલો ભાગ સીડી પાસે અને આગલો ભાગ થોડે છેટે પાંદડાના ઢગલા પર પડેલો હતો."

માળી અને નાગરદાસ બન્ને સીડી તરફ ચાલ્યા.

પ્રકરણ ૨ જું

તપાસમાં

સોનલના શયનગૃહને અડીને બનાવેલો બાગ બહુ વિશાળ નહોતો. જમીન બધી મળીને એક વીઘું, એટલે માત્ર ચોથા ભાગમાં જ બાગ થઈ શકે એવું હતું. બાગ નાનો પણ સુંદર હતો. નાગરદાસને બાગનો શોખ હતો. અને સોનલ પણ રોજ એક કલાક બાગમાં ગાળતી. ક્યારા કરતી, પાણી પાતી. ચિત્રવિચિત્ર ગંધ–પુષ્પવિહીન ક્રોટની પથરાતી વેલો–અને ફરતા ફૂલઝાડના ક્યારાઓ બાગને સુશોભિત બનાવી રહ્યા હતા. વચમાં વિશાળ પુતળીનો ફરતો ફુવારો હતો અને તેમાં બિહારીના આનંદ માટે લાકડાની રાતી, પીળી, સોનેરી માછલીઓ તરતી મુકી હતી. પાસે એક લાકડાની પટ્ટીઓનું વિરામગૃહ કરી તેના ઉપર મધુમાલતીની વેલ ચઢાવી હતી. અને તેના પર ઝૂમણાં સરખાં ફૂલ ઝૂમખે લટકી રહ્યાં હતાં. વિરામગૃહમાં એક લીલી દોર પર લટકાવેલો ત્રણ બાજુ કઠેરાવાળો હિંચકો હતો. આસપાસ ખુરશી જેવી સીમેંટની આકૃતિઓને લીલી રંગી તેમાં લીલા રંગની નેતરની ખુરશીઓ મૂકી હતી. બાગના એટલા ભાગમાં ફૂવારો, ફૂવારાની કૂંડી, વૃક્ષો–વેલા, વિરામગૃહ વગેરે બધું લીલું જ બનાવ્યું હતું. ઘણીવાર સાંજના નાગરદાસ આ રમણીય સ્થાનમાં બાળકોને લઈને બેસતો.

આ રમણીય સ્થાનની રમણીયતા આજે નાગરદાસ માટે આકર્ષક ન બની. પ્રશાન્ત મહાસાગર જેમ આકસ્મિક વાવાઝોડાથી કમ્પી ઊઠે તેમ તેનું હૃદય આજે કમ્પી રહ્યું હતું. શોકથી ભેદાતા હૃદયમાં આજે એક પછી એક ઘેરા ધુધવતા દુ:ખનાં હીબકાં આવતાં હતાં. અને અંતરવ્યથાના પ્રતિશબ્દરૂપ નિ:શ્વાસ તેના મૂખમાંથી જ્યારે ને ત્યારે નીકળી પડતા. તેને બાગની રમણીયતા, સ્વચ્છતા કે વ્યવસ્થા કાંઇ આરામ આપી શક્યાં નહિ. આગળ માલી અને પાછળ પોતે એમ નાગરદાસ સીદ્ધા સીડી પાસે ગયો. જીવનભરની આશાને ફાંસો દેતી સૂળી સમી એ ચાર પગથીયાંની સીડી વંડાને અડીને ઉભી જ હતી. વંડા ઉપરની આછી ધૂળમાં હાથના પંજાની આકૃતિઓ હતી. સજીવ સત્ય છૂપાવી શકે છે—નિર્જીવ સૃષ્ટિ અસત્યની ગુન્હેગાર કદી થતી નથી. આથેલી આંગળીઓ બધું જ ત્યાં હતું. ભીંત ઉપર ચડતાં સીડી જાણે આડી પડી ગઈ હોય એવો ભીંત ઉપર મોટો લાંબો લીસોટો પણ પડયો હતો. " શું સોનલ ચઢતાં પડી ગઈ હશે ? " નાગરદાસે દુ:ખદ અટકળો કરી.

ત્યાં વધારે રોકાયા વિના નાગરદાસ પાછો આવ્યો. બાગ તેને આજે અકારો લાગ્યો. એમ પણ થયું કે, જાણે બાગને ઉખેડાવીને તે ફેંકી દે. અતુક વયે પહોંચ્યા પછી જગતના વૈભવ માણસને પોતાને માટે નથ હોતા, બાળકો માટે હોય છે. સોનલની સુચનાથી તેણે આ બાગ બનાવ્યો હતો. સોનલ બાગની રખવાળ બની હતી ને તેને આઝાદ બાગ કહેતી. મોટા હિંચકા ખાતી ખાતી મોટે મધુર સ્વરે તે આઝાદીનાં ગીતો ગાતી. અને આઝાદ દિનની ઉજવણીમાં લતાલતાએ નાના ત્રિરંગી વાવટા ચઢાવી, ફરતા ગોળ ક્યારાની પાળે પાળે દીવા મૂકતી. ફૂવારાની આસપાસ કંઇ કેટલીવાર સહિયરોને આમંત્રણ આપી, ગરબા ગાતી. પંખી વિનાના પિંજર જેવો આ બાગ નાગરદાસના હૃદયમાં દુ:ખના ટાંકણાંથી આજે ટકોરા મારતો હતો. લીલાં પાંદડામાંથી આજે ઝેર ટપકતું હતું !

તે બાગમાં ઉભો રહી ન શક્યો. રડીને નિર્બળતા બતાવવાની તેને ટેવ નહોતી. આનંદી અને ગંભીરપણે દુઃખતે, હસ્તે ચહેરે સહન કરવાની તેને ટેવ હતી. દુઃખ સામે હસે નહિ તે માણસ નહિ. આવું નાગરદાસ ઘણીવાર કહેતો અને છતાં આજે ગાંભીર્ય અને સહનશક્તિ માટે ફાંફાં મારતા નાગરદાસના હૃદયબંધો તેને એકપછી એક તૂટતા લાગ્યા. દુઃખનું સામ્રાજ્ય તેને ઘડી ઘડી મહાત કરી રહ્યું હતું. તે ઉતાવળે પગે બાગ વટાવી, બંગલામાં આ૦ અને છલંગો મારતો દાદર ચઢયો. તે અસ્વસ્થ હતો. દાદર પરથી પડતો સહજ રહી ગયો. પરશાળ વચ્ચે પ્રિતમલાલ ઉભો હતો પણ તેની તેને ખબર રહી નહિ. હૃદયની વ્યથા તેને ઉપાડી કોણ જાણે કયાં લઇ જતી હતી. તે એકાંત શોધવા મેડે પોતાના ઓરડામાં ગયો. સ્હામે જ બરોબર સ્હામે લક્ષ્મીનું મોટું તૈલચિત્ર ભીંત ઉપર ટાંગેલું હતું.

બે ક્ષણ સુધી અદબવાળી નાગરદાસ એ તૈલ ચિત્ર સામે ટદાર ઉભો રહ્યો—ચિત્ર સરખો સ્થિર—લક્ષ્મીની આંખમાં આંખ ઘાલીને—"દેવી, આ દુઃખનો ભાર મારે એકલાએ જ ઉપાડવો રહ્યો! સુખની ભાગીઅણ, તું દુઃખની ભાગીઅણ નહિ થાય!" અને મહા મહેનતે જાળવી ટકાવી રાખેલા નાગરદાસના હૃદયબંધો તૂટી પડયા. તેનું શરીર શિથિલતા પામ્યું—અવાજ ગુંગળાયો—આંખો આંસુએ ભરાઇ ગઈ—ઉન્હાં આંસુનાં મોટાં ટીપાં દડ દડ શેતરંજી પર પડયાં—તે લથડયો—લથડયો નહિ પડયો. પડતા શરીરને પાછળ ઉભેલા પ્રિતમલાલે પોતાની બાથમાં પકડી રાખ્યું.

"નાગરદાસ?" સજળનેત્રે પ્રિતમલાલ બોલ્યો. "આ તને શોભે? શાન્ત થા—દુઃખપર પથ્થરની કબર ચણી તેને પૂરી દે—માણસની મર્દાઇ દુઃખ પર વિજય મેળવવામાં છે—તાબે થવામાં નથી."

નાગરદાસ રોવું ખાળી ન શક્યો. પ્રિતમલાલના ખોળામાં અવળો ફરી, અને તેની કમરે હાથ ભેરવી—તે ડુસકે ડુસકે રડયો.

ખૂબ રડયો. થોડીવારે તેણે પાસું બદલ્યું, ઉઘાડી આંખે તે લક્ષ્મીના તૈલચિત્ર સામે જોઇ રહ્યો.

શું લક્ષ્મી પણ રડતી હતી? ના. શું લક્ષ્મીએ તેનાં ડુસકાં સાંભળ્યાં હતાં? લક્ષ્મીનો મૃતદેહ તેને સજીવન થતો લાગ્યો. તૈલચિત્રમાંની લક્ષ્મી તેને હાલતી લાગી. તેની આંખો વિશાળ બનતી લાગી. હોઠ ઊઘડવા મથતા જણાયા. જાણે તે કાંઈ કહેતા હોય! તે એકદમ બેઠો થઇ ગયો.

ઊંડે ઊંડેથી જાણે એક ઘેરો—ગુફાના પડઘા સમો અવાજ તૈલચિત્રની પાછળથી આવતો લાગ્યો.

"દુઃખ ને ધૈર્યથી જ જીતાય—સહન કરવું એ પણ લહાવો છે—દુઃખ વધુ પડયું હોય તો મને આપી દો—હું દુઃખમાં પણ ભાગીદાર થવા રાજી છું." "હા" "એ જ લક્ષ્મી બોલી." નાગરદાસે ચિત્ર સામે આંગળી લંબાવી કહ્યું. લક્ષ્મીનો અવાજ. "હું બોલું છું—ઊઠો—માનસિક નિર્બળતા એ જીવનદુર્ગની ચાવી દુઃખને સોંપવા બરોબર છે—મેં તો બે બાળક મૂકયાં છે. સોનલ ગઇ. બિહારી તો છે ને—સાવધાન થાઓ. અને તેનામાં જીવ પરોવો."

અવાજ એક ક્ષણ અટકી પાછો શરૂ થયો.

"તમે મને કહ્યા—પૂછયા વિના જાવા ગયા હતા ને? —કેટલે વર્ષે પાછા આવ્યા? એ વિયોગ મેં સહન કર્યો ને? હિંદુ વિધવા ભરજોબનનું વૈધવ્ય જીંદગીભર સેવે છે. એનાં આંસુ કોણ લૂછે છે?— માબાપ પણ નથી લૂછતાં— એના દિવસો કેમ જાય છે? સ્ત્રી બળવાન કે પુરુષ! સહનશકિત કોની વધારે—કુમળું હૃદય કોનું? સ્ત્રીનું કે પુરૂષનું?— દુઃખ તો જે દિવસથી પડે તેજ દિવસથી વિસારવું રહ્યું."

તૈલચિત્ર અબોલ રહ્યું. એમાંથી પ્રકટ થયેલી જાગતી જીવતી લક્ષ્મી અદૃષ્ટ થઇ. સ્વપ્ન કે જાગૃત-ચિત્ર જેવો બનેલો

નાગરદાસ થોડો સમય સ્તબ્ધ અવાક ચિત્રમય જ રહ્યો. ગાલ પરનાં તેના આસું સુકાયાં.

"લક્ષ્મી, તું સ્થુલદેહે ભલે ગઇ. તારો સુક્ષ્મદેહ હજુ જીવે છે—મારી પાસે જ વસે છે—મારૂં રક્ષણ કરે છે—મને બોધ આપે છે......લક્ષ્મી......લક્ષ્મી........."

તે સ્વસ્થ થયો અને પ્રિતમલાલ તરફ ફર્યો.

"પ્રિતમલાલ મારૂં દુઃખ જતું રહ્યું—મારૂં દુઃખ લક્ષ્મીએ લઇ લીધું."

તે ઉભો થયો. "પ્રિતમલાલ, ચાલ કામે વળગીએ. કેટલા વાગ્યા છે? જા તું! વડોદરે જા. તારા મુનીમને સુરત મોકલ. હજુ ગાડીને એક કલાકની વાર છે. જો સોનલની ભાળ મળે તો મને તાર મૂકજે. બહુ રોકાતો નહિ. પરમ દિવસે સવાર સુધીમાં તારો તાર અગર તું પાછો આવવો જ જોઇએ."

"અને મુંબાઇ?—મુંબાઇ કોને મોકલું?"

"કોઇને મોકલવું નથી."

તેણે ટેલીફોન પર ઝવેરદાસને બોલાવ્યા. તે નાગરદાસના મિત્ર અને મહેશના પિતા થતા હતા.

"કેમ?" ઝવેરદાસે ટેલીફોન લીધો.

"લગ્ન અટકયાં છે!"

"મને થોડી ખબર પડી છે."

"અહીં આવો પૂરી કહું."

સાચવી રાખવા સરખી વાતો ઘણીવાર પવન સાથેજ પ્રસરે છે. અને ખરેખર સોનલની વાત એટલામાં તો કેટલીયે પ્રસરી ગઈ હતી, ટેલીફોન પર ટેલીફોન આવવા માંડયા. નાગરદાસ બધાને એકજ જવાબ દેતો—"અડચણ આવી પડી એટલે લગ્ન હાલમાં બંધ રહ્યાં છે."

એક વિચાર તેના મનમાં ખુલાસો માગતો હતો. સોનલ કોની સાથે ગઇ? એ કોની સાથે લગ્ન કરવાની છે? અને એનું હૃદય જીતનાર કોણ! સોનલ હજુ બાલક હતી. કોઇ એવો પતિ પસંદ ન કરી બેસે કે પલ્લામાં જીવનભરનો પસ્તાવો મળે.

સોનલને કોઇ યુવક સાથે સંસર્ગ નહોતો. તે કોલેજમાં જતી પણ નિયમિત પાછી આવતી. નાટકસીનેમા તેને પસંદ નહોતાં. ઉછૃંખલ ને બિભત્સ પુસ્તકોનો તેને તિરસ્કાર હતો. બોલતી ઓછું. નીચું જોઇ વિનયથી વાત કરતી. તેને બહુ બેનપણીઓ પણ નહોતી. એક અગર બીજા કારણે મેળાવડાઓમાં, ગરબાઓમાં કે, પાર્ટીઓમાં જવાનો ઉમંગ સરખો તે બતાવતી નહિ. દશ વર્ષની નાની બાળક હોય તેમ બિહારી જોડે તે રમતી અને દોડતી. નાની હરિણી સરખી કુમળી નિર્દોષતાની મૂર્તિ સોનલ આમ જતી રહેશે એવું નાગરદાસે સ્વપ્ને પણ ધાર્યું નહોતું.

પોતાને ત્યાં કોણ આવ્યું ગયું હતું અગર આવતું જતું હતું તેનો વિચાર નાગરદાસે કરવા માંડયો. હમણાં તો કોઇ આવ્યું ગયું નથી. આવ્યાં ગયાં તો બધાં જ ઘરનાં. પાંચ છ દિવસ પર પ્રભાકર આવેલો. તે પણ બે દિવસથી ગયો હતો. અને પ્રભાકર એટલે ઘરનો છોકરો. એને સોનલ બેન બરાબર. અને એ તો એનો માલ વેચવા આવ્યો હતો.

એક મુંબાઇનો રંગનો વેપારી તેને ત્યાં મહેમાન આવેલો. અને આઠેક દિવસ રહેલો પણ ખરો. હતો યુવાન અને રૂપાળો પણ શાંત અને સરળ.

અને આઠ દિવસમાં કાંઈ એવો પ્રેમ થાય કે? સોનલ તેની સાથે જતી રહે?

ગુણદોષ તપાસતાં તે કાંઇ નિશ્ચય કરી શકયો નહિ. તેનું મગજ ઉલટું ગુંચવાડામાં પડી ગયું.

એક મોટર બંગલાના કમ્પાઉન્ડમાં પેઠી. અને અમદાવાદી પાઘડી અને ખેસથી સજ્જ થયેલો લગભગ ૪૫ વર્ષની વયનો ઊજળો તેજસ્વી વણીક તેનું બારણું ઉઘાડી બહાર નીકળતો હતો. નાગરદાસ ઓટલા પર સ્હામો ગયો.

મોટરના ભૂંગળા ઉપરથી તેણે મોટર ઓળખી લીધી હતી. તે મહેશના પિતા ઝવેરદાસની હતી.

મૂંગા મૂંગા બન્ને મિત્રો દિવાનખાનામાં આવ્યા.

"ભાઇ, મને આમાં કાંઇ સમજ ન પડી." ઝવેરદાસે બે ક્ષણના મૌન પછી કહ્યું.

નાગરદાસ કાંઈ બોલ્યો નહિ. પણ સોનલે જતી વખતે પોતાને ઉદ્દેશીને લખેલો પત્ર ઝવેરદાસના હાથમાં મૂકયો.

"—અને છતાં કાંઈ સમજ પડતી નથી?" પત્ર વાંચીને પાછો આપતાં ઝવેરદાસે કહ્યું.

નાગરદાસની નજર ઊંચી ન થઇ.

"મનમાં જરાયે ખોટું લગાડશો નહિ. મને એટલું જ લાગે છે કે, યુવાવસ્થાની ઘેલછા અને કાચી વયમાં અણસમજમાં કોઈ સાથે બાંધેલો પ્રેમ–સોનલને દુઃખના દરિયાને કિનારે ઘસડી ન જાય."

"અત્યારે તો દરિયાના પાણીમાં પડી ચૂકી હશે." નાગરદાસે નીચું જોઈ નિઃશ્વાસ નાંખતાં કહ્યું.

"તેને શું કરીશ? કાંઇ તપાસ કરાવી?"

"પ્રિતમલાલ ગયો છે. મુંબાઈ સંબંધીઓમાં ટેલીફોનથી ખબર આપી દીધી છે."

"તો બે દિવસ રાહ જુઓ. સોનલની ભાળ મળે અને તે પાછી આવે તો સારી વાત છે. નહિ તો?..."

"નહિ તો?" આતુરતાથી માથું ઊંચું કરી નાગરદાસે સામો પ્રશ્ન કર્યો.

"આ દુઃખ કાંઈ વિસાતમાં નથી. સોનલનું સંસાર દુઃખ કદાચ તેને વધારે અસહ્ય લાગશે."

"જે થાય તે ખરૂં."

નાગરદાસ અને ઝવેરદાસ બન્ને થોડો વખત અબોલ બેસી રહ્યા. બન્ને મિત્રો હતા અને વેપારી હતા. ઝવેરદાસની મુંબાઈમાં વેપારની પેઢી હતી. અને મહેશ ત્યાં ત્રણ વર્ષથી કામ કરતો હતો.

"ત્યારે હું રજા લઉં છું. ગભરાતો નહિ. ધીરજનાં ફળ મીઠાં છે. સોનલ મારી દીકરી છે. હજુ પણ પાછી આવે તો મહેશનાં લગ્ન કાયમ છે એમ માનજે."

"એની તો મને પણ ખાત્રી છે." બન્ને ઉભા થયા.

"ખરેખર! લગ્ન પછી મારો વિચાર મહેશ અને સોનલને ઘર વ્યવહાર સોંપી નાથદ્વારા જવાનો હતો. હવે નહિ બની શકે." તેણે ચાલતાં ચાલતાં કહ્યું.

"અને મને પણ કંઈ જેવું તેવું દુઃખ ઊભું થયું છે?"

"શું?" આશ્ચર્યથી ઉંચું જોતાં નાગરદાસ બોલ્યો.

"તને ખબર નથી? મહેશ હવે લગ્ન નહિ કરે..."

"કેમ?"

"સોનલ સિવાય એ કોઈ સાથે નહિ પરણે એ એનો નિશ્ચય છે."

"હું આવીને સમજાવું તોયે?"

"મારૂં ન માને તે તારૂં માનશે?"

બન્ને દિવાનખાનાની બહાર નીકળ્યા અને પગથિયાં ઉતરવા લાગ્યા,

પાછા ફરી ઝવેરદાસે કહ્યુંઃ "નાગરદાસ, સોનલ કોની સાથે ગઈ હશે? તને કાંઈ સમજાય છે?"

"મને તો કોઈ પર શક આવતો નથી."

"કોઇના પર નહિ? આધે આઘે પણ?"

"કોઈના પર નહિ."

"ત્યારે હું કહું? તારે ત્યાં એક જુવાન છોકરો પાંચ છ દિવસ પર આવ્યો હતો ખરું?"

"હા. એ તો પ્રભાકર—અનંતરાયનો પ્રભાકર."

"હં...હા...પણ તેની તપાસ કરાવ."


"પણ સોનલ તો એને બેન બરોબર—"

"એ સોનલને બેન કહેતો યે હશે. પણ..."

"પણ શું?"

"તું હાલના યુવકોને ઓળખતો નથી. બેન કહેતા જાય, પ્રેમ કરતા જાય અને ભોળી છોકરીઓને ફસાવતા જાય. અનંતરાયને કાગળ લખ અને પ્રભાકરનો પત્તો મેળવ."

ઝવેરદાસ ઘેર ગયો અને અંદર આવી નાગરદાસે અનંતરાયને પત્ર લખ્યો.



પ્રકરણ ૩ જું

બે મિત્રો

સોનલને ગયા ને આજે ત્રીજો દિવસ હતો. તેના પત્રની રાહ જોતો નાગરદાસ બંગલાના કમ્પાઉન્ડમાં આંટા મારતો હતો.

છેલ્લા બે દિવસમાં નાગરદાસના બંગલામાં બધું શૂન્યકાર હતું. આખું વાતાવરણ શોકગ્રસ્ત બન્યું હતું. નાગરદાસ અને ગંગાબા, તો શોકગ્રસ્ત હોયજ; પણ નાનો બિહારી પણ જાણે માર્યો માર્યો ફરતો હતો. ઘરમાં કોઇ બોલતું નહીં. એ બોલાવવા જતો પણ એને સીધો જવાબ કોઇ દેતું નહોતું. એને એટલી સમજ પડી હતી કે બેન ગઇ ત્યારથી ઘરનાં બધાં બોલતાં બંધ થયા છે.

રોજ રામશંકર એને પોતાની પાસે બેસાડીને મીઠી વાતો કહેતો અને જમાડતો. હસતો જાય, રોટલી વણતો જાય અને બિહારીને ખવડાવતો જાય, પણ છેલ્લાં બે દિવસથી તો રામશંકર પણ મૂંગો બની ગયો હતો.

"હું જાણી ગયો, બેન આવતી નથી એટલે તું બોલતો નથી. કેમ રામશંકર?" બિહારીએ બાલકની નિર્દોષતાથી પૂછ્યું.

રામશંકરની આંખમાંથી આંસુ નીકળી પડયાં.

"રામશંકર, તું રડે છે?"

મોંમાં કોળીઓ મૂકતાં મૂકતાં અધવચ અટકી જઇ બિહારીએ કહ્યું.

"નહીં રડું. તમે ખાઇ લ્યો." રામશંકરે આંખો લૂછતાં કહ્યું.

"હા! પણ તું રડે છે શા માટે? તું છાનો નહીં રહે ત્યાં સુધી હું નહીં ખાઉં" બિહારીએ ઉંચકેલો કોળીઓ પાછો થાળીમાં મૂકયો.

"પણ હું કયાં રડું છું?"

"તો તારી આંખમાંથી આંસુ પડે છે ને?"

"લ્યો—આ લૂછી નાંખ્યાં." રામશંકરે વળી પછી આંખો લૂછી.

"હું સમજ્યો. બેન બે દિવસથી બહાર ગઇ છે અને નથી આવી તેથી તું રડે છે? બાપુ કહેતા હતા કે એ તો મારે સારૂ પીપરમીટ લેવા ગઇ છે. પણ આજે જરૂર આવશે."

"એમ! ત્યારે ખાઈ જાઓ."

"હું તને થોડી પીપરમીટ આપીશ હોં, રામશંકર!" અને રામશંકરથી પાછું રોઈ દેવાયું.

બિહારી ઊઠયો. અને રામશંકરને ગળે બાઝી પડયો.

"રામશંકર, તારાં આંસુ લૂછી નાખું?"

"ના, હું લૂછી નાંખું છું."

"ખસી જા! મને આવડે છે—હું પડી જાઉં છું અને રોઉં છું ત્યારે સોનુ બેન આમ મારાં આંસુ લૂછે છે.

આમ ધી...રેથી! તેણે રામશંકરના આંસુ લૂછવા માંડયા. રામશંકરે બિહારીને હાથમાં લઇ લીધો અને આંખનાં આંસુ તેની નજરે ચઢે નહીં એમ તેનું માથું પોતાના ખભા પર મૂકીને બિહારીનો વાંસો થાબડવા માંડયો.

"લ્યો હવે તમે પાછા જમવા બેસશો? લ્યો, જુઓ, હવે હું છાનો રહી ગયો."

"તારું મોં—તારી આંખો બતાવ જોઉ"—મોં અને આંખ સામે જોઈ બિહારીએ કહ્યું: "થોડું થોડું તો વળી રડેજ છે તો."—"છેક છાનો રહી જા."

"લ્યો છાનો રહ્યો." રામશંકર બોલ્યો.

"મારા સામે જોઈને હસ જોઉં." હસવું કે રડવું—રામશંકરને કશું સુઝયું નહિ. તે રાંધતો ઊઠી ગયો. અને વાડામાં પોતાની ઓરડીએ સ્વસ્થ થવા ગયો.

રામશંકર નાગરદાસનો જુનો, નેક અને નિમકહલાલ રસોઇઓ હતો. લક્ષ્મીએ એને કેળવેલો અને ભાતભાતની રસોઇ શીખવેલી. નાગરદાસનું ઘર એ પોતાનું ઘર માનતો; અને લક્ષ્મીના અવસાન બાદ એ લક્ષ્મીની ગરજ સારતો. સવારમાં બન્ને બાળકોને દાતણ કરાવવાં, તેમને દૂધ પાવું, તેમને ખાવાનું આપવું, જરૂર પડયે તેમનાં માથાં ઓળવાં, દીલ સાફ કરવાં, કપડાં પહેરાવવાં અને મીઠી મીઠી વાતો કહી બન્ને બાળકોને જમાડવાં તથા ઉંઘાડવાનું કામ ઘણુંખરું રામશંકર કરતો. ગંગાબા વૃદ્ધ થયાં હતાં. દમને કારણે અને ઢીંચણના દુઃખાવાને કારણે તેમને ઊઠવા બેસવાની તકલીફ હતી. એટલે આવું તમામ કામ રામશંકર કરતો. તેને બન્ને બાળકોમાં લક્ષ્મી જેટલી જ પ્રિતિ ઉત્પન્ન થઇ હતી અને નાગરદાસ તેને દશ દિવસની રજા આપે તોયે એક બે દિવસ રહી તે તરત પાછો નોકરી પર હાજર થતો.

રોજનો રમતિયાળ રામશંકર બે દિવસથી બદલાઈ ગયો હતો. બિહારીની સાથે તે પહેલાં પાનાં રમતો, કુંકરી રમતો અને બિહારીનો ઘોડો પણ થતો. કૂકડાં બિલાડાં બોલાવીને બિહારીને હસાવતો. આજ બે દિવસથી આનંદ અને રમત શોધતો બિહારી નાગરદાસ પાસેથી ગંગાબા પાસે અને ગંગાબા પાસેથી રામશંકર પાસે જતો પણ કોઈ હસતું નહીં કે તેને રમાડતું નહીં.

"કોઈ રમતું નથી." કહી ઘણીવાર તે પગ પછાડીને ચાલતો અને મનમાં ને મનમાં અકળાતો. પછી તો એકલોએકલો ગાદી ઉપર ઉંધુ નાંખી સુઇ રહેતો અગર તો રામશંકરની સોડમાં ચંપાઈને બેસી રહેતો. દુઃખ, શોક અને લાંછનની કાળી છાયાએ આખા ઘરને શ્યામ અને સ્મશાન બનાવી દીધું હતું. શાંતિ, નિદ્રા અને આરામ અદ્રશ્ય થયાં હતાં.

નાગરદાસનો જીવ આજે વધારે અશાન્ત હતો. ટપાલ હમણાંજ આવી. પણ તેમાં સોનલનો પત્ર ન હતો. પ્રિતમલાલનો પત્ર હતો. વડોદરામાં સોનલ નહોતી અને પોતે વડોદરેથી જાય છે એવું લખ્યું હતું. મુંબાઈથી કશીજ ખબર નહોતી. એક આડતિઆનો પત્ર હતો કે તેને કાંઈપણ બાતમી મળી નથી. દુઃખનો ભાર માનવી સહી શકે છે—ચિન્તાનો ભાર સહન કરવો મુશ્કેલ છે.

ઉંડો નિશ્વાસ મૂકી નાગરદાસ ક્ષણવાર સોફા ઉપર પડયો અને ત્યાંથી ઊઠી અદબ વાળી દિવાનખાનામાં તેણે આમથી તેમ લટારો મારવી શરૂ કરી. પત્રના અભાવે તેને ચિંતામાં મૂકી દીધો. લાડમાં ઉછરેલી કુમળી વેલ જેવી સોનલ કયાં હશે? કોની સાથે હશે?

તેનો પતિ કોણ હશે? તે દુઃખી થઇ જવાની...પોતાની સમૃદ્ધિ, બુદ્ધિ અને કુનેહ—આ સર્વ પોતાની પુત્રી માટે કશાં કામમાં આવે એમ નથી! સોનલના એક જ પગલાથી એક જ ભૂલથી—માન, આબરૂ, પ્રતિષ્ઠા, શાંતિ, આરામ—એ સૌ પરવારી ગયું! આ બધી વાતો એક પછી એક તેના મનમાં ઘોળાતી અને તેના હૃદયને વલોવી રહી હતી. મનુષ્ય કંઇ ધારે છે અને પ્રભુની ધારણા બીજી જ હોય છે, મનુષ્ય કેવી નકામી આશાઓ બાંધે છે! એક દીકરી! તેનાં પણ લગ્ન તે કરી શકયો નહીં. શુશીલ અને ડાહી હોવા છતાં સોનલ માટે લોકો કેવી વાત કરશે? આવા વિચારો તેને આવ્યા જ કરતા હતા.

અને ખરેખર હતું પણ તેમજ. આખા અમદાવાદમાં સોનલ જતી રહ્યાના સમાચાર પ્રસરી ગયા હતા. છાપાઓમાં

પણ આ વાત પ્રગટ થઇ હતી. નાગરદાસના મિત્રો આવતા, તેની જોડે મૂંગા મૂંગા બેસતા, કોઇ બોલતા—વાત છેડતા તો સંકોચથી છેડતા અને જરા બેસી પાછા જતા.

"છોડીઓને ભણાવવાનાં ફળ." અભણ માણસોએ વાતો કરવા માંડી.

"મા બાપ શું મરે...હવેની છોડીઓ જ એવી થઇ ગઇ છે! ભણેલી અને વગર ભણેલી બધી એ બગડીને બેઠી છે."

—"હારે! હવે તો જૂઓ, પરીક્ષા લે, મનમાં ગમે તો પરણે"—આવી વાતો જૂનવાણી લોકોમાં પ્રસરવા માંડી. સોનલની હકીકતે ગૂજરાત કોલેજમાં તો ઓરડી ઓરડીએ ચર્ચા જગાવી મૂકી હતી. અને એ ચર્ચામાં આપણી અને વિલાયતની લગ્ન પદ્ધતિ પતિ-પત્ની પસંદ કરવાનો હક-માબાપોનો ધર્મ-સમાજનાં બંધન-કાયદાની અગત્ય અને હિંદના ભાવિ સુધીની વાતો રોજ રોજ અને સાંજ સવાર થતી. સોનલ જેવી શાંત શરમાળ તરૂણીએ માબાપના ઘરનો ત્યાગ કર્યો એ વાત સહુને આશ્ચર્ય-જનક લાગતી. ટોળું ભેગું થયું હતું.

"સોનલ જેવી છોડી ઉપડી જાય ત્યારે એનો ઉપાડનાર કેવો?" એકે કહ્યું.

"કોઇ નંબરી વ્યક્તિ હશે." બીજાએ કહ્યું.

"એની સામું કોઇ જોઇ શકતું નહિં, વાત કરવી હોય તો, અદબથી—અંતર રાખીને કરવી પડે." કોઇ બોલ્યું.

"સાચી વાત. સોનલ સરખી વાઇફ મળે—એટલે ગર્વ લેવા સરખું." કોઇએ ઉમેર્યું.

"કોઇ સ્વપ્ને ખ્યાલ ન કરે કે, સોનલ આમ જતી રહેશે. હા! ગુલનું કહો, ચંદનનું કહો, પદ્માવતીનું કહો—માની શકાય પણ સોનલ?" એક લહેરી યુવકે "ના"ની ડોક હલાવી.

"Ladies don't live on surface" (સ્ત્રી જીવન સપાટી પર નથી તરી જાણતી.)

"સ્ત્રી હૃદયના ઉંડાણનું માપ કાઢવું મુશ્કેલ છે." એક ડાહ્યાએ કહ્યું.

"હ્યો, દાદાજી બોલ્યા" અને સૌએ પેલા ડાહ્યા યુવકને ટીપી નાંખ્યો. આવી આવી અનેક વાતો અને ચર્ચાઓ થતી. અમદાવાદના દૈનિક વર્તમાન પત્રે છાપ્યું. "જુવાન છોકરીનો પત્તો નથી."! "પ્રેમલગ્ન—કે મનુષ્યહરણ?" બીજા વર્તમાનપત્રમાં મથાળું હતું!!

નાગરદાસે અમદાવાદનાં વર્તમાનપત્રો બાજુ પર મૂક્યાં. અને મુંબાઇ સમાચાર હાથમાં લીધું. આમાં સોનલનાં અગર બીજા કોઇ ઉતાવળા પ્રેમલગ્નના કશા સમાચાર નહોતા.

વર્તમાનપત્રો સામે પડયાં હતાં. દિલાસાના લગભગ પચાસેક પત્રોનો ઢગલો પડયો હતો અને આંખો મીંચી નાગરદાસ ઊંડા વિચારમાં પડયો હતો. બિહારી આવીને પત્રો ઉપરની વપરાયેલી ટિકિટો આંખ ઘાલીને ઉખેડતો હતો પણ નાગરદાસને તેની ખબર ન પડી.

બપોરનો બારનો શુમાર થયો હતો.

"કેમ, નાગરદાસ"—પગથીયાં ચઢતાં કોઇએ બૂમ મારી.

નાગરદાસે અવાજ ઓળખ્યો. તેણે આશ્ચર્યમાં આંખો ઊંચી કરી અને સામો ગયો. એટલામાં તો "કેમ દીકરી, બિહારી. શું કરે છે!" એમ કહેતાં કહેતાં અનંતરાયે દિવાનખાનામાં પ્રવેશ કર્યો. "કેમ, નાગરદાસ, બાળકો સારાં છે?" એમ કહી તેણે રોજની જેમ કાશ્મીરી લંબચાટની વેલપત્તીની ટોપી ત્રીજોરી ઉપર મૂકી.

નાગરદાસે પ્રશ્નનો કાંઇ જવાબ ન વાળ્યો. અંદરથી ગંગાબા આવ્યાં. બે ક્ષણનું સ્મશાન મૌન પ્રસરી રહ્યું. આવો અનુભવ અનંતરાયને આ કિલ્લોલ કરતા ઘરમાં પહેલાં કદી નહોતો થયો.

બિહારીએ આ મૌન તોડયું.

"બેન તો બે દિવસથી કંઈ જતી રહી છે."

"ક્યાં ગઇ છે?" અનંતરાયે બિહારીને ગાલે ટકોર મારતાં કહ્યું.

"તે બાપુને પૂછીને," બિહારી નાગરદાસ તરફ ફર્યો.

"કેમ બાપુ, બેન કંઈ જતી રહી છે કે ની. પણ પાછી આવવાની છે. મારે સારૂ પીપરમીંટ, રમકડાં બધું લાવવાની છે."

મોટામાંથી કોઇ ન બોલ્યું, અનંતરાય સમજી ગયો કે કાંઇ નવાજૂની છે. તેણે નાગરદાસ સામે અને પછી ગંગાબા સામે જોયું. તેઓ બન્ને મૂંગાં નીચે જોઇ રહ્યાં હતાં.

"નાગરદાસ શું છે આ?" અનંતરાયે ઘણી સ્વસ્થતાથી કહ્યું. તે ઉભા થઇ ગયા.

"બેસી જાઓ, કહું" નાગરદાસે ડોકું ઊંચું કર્યું "નશીબ ફુટ્યું! સોનલ બે દિવસથી જતી રહી છે. પત્તો નથી."

"હેં?" અનંતરાય સ્તબ્ધ થઇ ગયો.

"ત્યારે એમ કહોને કે મારો પત્ર તમને મળ્યો નથી? હા! ક્યાંથી મળે?! જુ તો આજે સવારે મળત." નાગરદાસે કહ્યું.

"તે, ભાઇ શું બન્યું?"

નાગરદાસ જવાબ દેવા જતો હતો પણ ગંગાબા વચમાં બોલી ઊઠયાં.

"અનંતભાઈ, મારી વાત સાંભળો. વાત કરવી હોય તો ખાતાં ખાતાં કરો; અને તેમ વાત ન થાય તો ખાઇને કરો. નાગરદાસને કહો કે જમે. આજે ત્રીજો દિવસ થયો. તે જમતો નથી અને એ ન જમે એટલે બીજું કોણ જમે? હું, નોકર ચાકર—બધાં ત્રણ દિવસનાં ભૂખ્યાં છીએ. રાંધ્યા ધાન્ય ફેંકી દેવાં રોજ

ફાવે નહિ, અને કેટલા દિવસ ભૂખ્યા રહેવાવાનું હતું? તપાસ કરો, શોધી કાઢો, બોલાવીને સમજાવો પણ ખાધા વિના કાંઈ ચાલે? માટે તમે બે શબ્દો ભારપૂર્વક તેને કહો. તમારા કહ્યાથી એ જમશે. મેં કહ્યું પણ મારું માનતો નથી..."

"જમ્યા વિના તે કાંઇ ચાલે?"

અનંતરાય નાગરદાસની ખૂબ નજીક જઇ બેઠો અને ઘણો આગ્રહ કર્યો.

"ખાવાનું મન સરખું નથી થતું." નાગરદાસે દુ:ખીત સ્વરે કહ્યું.

"તે નહિં થતું હોય! મોંમા નહિં પેસે!" પણ જમ્યા સિવાય ચાલે? સ્નેહીઓનાં અવસાન પછી શું લોકો ભૂખે મરી જાય છે?"

આ અને બીજું કેટલુંક નાગરદાસ સાંભળી જ રહ્યો. નાગરદાસને જમવાની ઇચ્છા ન થઇ.

"ત્યારે બધું ઢાંકી દો. મારે યે આજથી જમવું નથી." અનંતરાયે ગંગાબાને મોટા સ્વરે કહ્યું.

અનંતરાય નિશ્ચયી માણુસ હતો. એ ન જમે. નાગરદાસ ન જમે ત્યાં સુધી પણ ન જમે. અનંતરાયનો આ સ્વભાવ નાગરદાસને જાણીતો હતો.

બેઠાં બેઠાં તેણે વિચાર્યું. આજે અનંતરાય અને કાલે બીજો મિત્ર અને ત્રીજે દિવસે બે મેમાન; રોજને રોજ આમ કેમ ચાલે?

"બા, પીરસાવો," નાગરદાસે દુ:ખભર્યાં અવાજે કહ્યું.

આજે ત્રીજે દિવસે બધાં જમ્યાં. દુ:ખનો કોળીઓ મૂક્કી મારીને ઉતારવો પડે છે એ ખરું; પણ દુ:ખ તો સાચવ્યે મોટું થાય અને વિસર્યે જ જાય.

ખાતાં ખાતાં કોઇએ કાંઇ વાત ન કરી. કરવા સરખુ વાતાવરણ પણ નહોતું. જમવામાં વાર પણ ન થઇ. દુઃખનુ જમવાનું એવું જ. જમણ પછી બે મિત્રોએ વાતો કરવા માંડી.

"તેં મને શું પત્ર લખ્યો? સોનલ સંબંધમાં લખ્યો હશે?"

"ના, સોનલ ગયા સંબંધી તો કશું લખ્યું નહોતું."

"ત્યારે બીજું કાંઇ કામ હતું?"

"મારે તો જાણવું હતું કે પ્રભાકર હમણા કયાં છે અને શું કરે છે?"

ઊંડે ઊંડે અનંતરાય નાગરદાસનું મન સમજી ગયો. સોનલ પ્રભાકર જોડે જતી રહેવાનો નાગરદાસને શક હતો કે શું?

"નાગરદાસ!!! સોનલને પ્રભાકર નસાડી ગયાનો તને શક હોવાનું લાગે છે?"

"શક લાવવાને કારણ તો નથી. પણ......પણ."

"પણ શું?"

"સોનલ ગઈ તે પહેલાં તરત જ પ્રભાકર થોડા દિવસો માટે અમદાવાદ આવેલો અને બે દિવસ પહેલાં જ મારે ત્યાંથી ગયો."

"રહ્યો કેટલા દિવસ?"

"પાંચેક દિવસ રહ્યો હશે."

"શા માટે આવ્યો હતો?"

"કોઇ કંપનીના એજન્ટ તરીકે માલ વેચવા આવ્યો હતો. મિલ સ્ટોર્સની વાતો કરતો હતો."

"કાંઇ વિગતથી એણે કહ્યું."

"ના રે! જમતી વખતે જ એ ભેગો થતો અને ત્યારે પણ મેં તો સહજ જ પૂછપરછ કરી હતી."

"હાજ, તો— તારે વધારે પૂછવા કારણ પણ શું?"

"કાંઈ શક લેવા સરખી રીતભાત જણાઈ?"

"જરા નહિ, ઘરમાં ગંગાબા આખો સમય રહે અને તેણે પ્રભાકર માટે શક લેવા સરખી વાત પણ કરી નથી. અને ગંગાબાનો સ્વભાવ તો તમે જાણો છો. એ ચાર આંખે જોઇ શકે છે!"

"હેં! ગંગાબા," મોટેથી બોલી અનંતરાય પાછળ ફર્યો. ગંગાબા નજીકમાં પાછળ આવી કયારનાંયે ઉભાંજ હતાં.

"હેં! ગંગાબા—તમને પ્રભાકરનું વર્તન કેવું લાગ્યું?"

"ખરૂં પૂછો તો ભાઈ! મને શંકા લેવા જેવું કશુંજ લાગ્યું નથી. પ્રભાકર બહુ ઘરમાં જ રહ્યો નથી. બેવાર જમે અને પોતાની ઓરડીમાં બેસી રહે. મને ઉલ્ટું એમ થયું કે, પ્રભાકર આવડો ડાહ્યો કયારનો થયો?!"

અને અનંતરાયે બધા સાંભળે એવો મોટો નિઃશ્વાસ મૂકયો. "ડાહ્યો"—તેનાથી બોલાઇ જવાયું.

નાગરદાસે ઊંચું જોયું અને ગંગાબા પાછળથી આવીને સામે ખુરશી પર બેઠાં. અનંતરાય કાંઇ ઊંડા વિચારમાં ઉતરી ગયો હતો.

"કેમ ભાઇ, બહુ વિચારમાં પડયા?"—ગંગાબાએ પૂછ્યું.

"એમ છે બા કે, જે શક તમને થતો નથી તે મને થાય છે. હું મારા દીકરાને ઓળખું છું."

"એટલે?" નાગરદાસે કહ્યું.

"તને ખબર નથી! આજનો પ્રભાકર પહેલાંનો ન હોય."

નાગરદાસ અને ગંગાબા બન્ને જરા ટટ્ટાર બેઠાં.

"નાગરદાસ તને ખબર નથી. આજે બે વર્ષથી મેં એને દૂર કર્યો છે. મારે ત્યાં આવવાની એને મનાઇ છે. એ બગડી ગયો છે. ભટકેલ થઈ ગયો છે. જો સોનલ કદાચ એની જોડે લગ્ન કરશે તો એ ગરીબ, ભોળી, નિર્દોષ દીકરી દુઃખી થવાની છે."

“ બગડવાનું કાંઇ કારણ ?” નાગરદાસે આશ્ચર્યથી પૂછ્યું.

“ તમારો દીકરો બગડે ?”

“ સોબત. મારો શું મોટા મુનીનો દીકરો પણ નઠારી સોબતમાં બગડે.” જરા થોભીને અનંતરાયે કહ્યું. કોલેજનું શિક્ષણ જ વિચિત્ર છે. વિદ્યાર્થીઓ સુધરી પણ જાય અને બગડી પણ બેસે છે. જેને જેવી સોબત–જેનો જેવો સ્વભાવ...”

“ પણ પ્રભાકર તો શાણો—વિદ્યાર્થી પણ સારો—”

“ બધું ખરૂં. પણ મારૂં પેન્શન થયું. હું ગયો વિરમગામ. એ કોલેજ બોર્ડિંગમાં રહે. એના પર દેખરેખ કોઇની નહિ અને પ્રભાકર નઠારી સોબત અને નઠારી ટેવોને ભોગ થઈ પડયો. મારે એનો અભ્યાસ છોડાવવો પડયો.”

“ હાં !” ગંગાબાથી વચમાં બોલી દેવાયું.

“ એ વાત જ કરવાની નથી. અને પછી તો એ ઘર છોડી મુંબાઈ જતો રહ્યો. કેટલાયે પૈસા બગાડયાં.”

“ એમ કે ?” નાગરદાસે કહ્યું.

“ તું મારો સ્વભાવ જાણે છે, નાગરદાસ. દમડી ખાતર દમણ જાઉં અને છતાં બધું વિસારી હું એને દર માસે રૂપિયા પચાશ મોકલતો અને છતાં એણે બીજા બસો રૂપિયા મારા મિત્રો પાસે ઉછીના લીધા. તેમના મારા પર પત્રો આવ્યા અને ત્યારથી મેં પૈસા મોકલવાનો અને પત્રનો વહેવાર પણ બંધ કર્યો.”

“ પણ મેં તો તમારી પાસે પ્રભાકરનું મુંબાઈનું સરનામું મંગાવ્યું છે. એટલા જ કારણે કે સોનલની એ દિશા તરફ કાંઇ શોધ થઇ શકે.”

“ હું સમજ્યો. પણ પ્રભાકરનું સરનામું તો મને પણ ખબર નથી. મેં રૂપિયા બસો મારા મિત્રોને મોકલી આપ્યા અને પછી પ્રભાકર જીવે છે કે મરી ગયો તેની મેં જરાયે કાળજી કરી નથી.”

અને વળી પાછાં અનંતરાયે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો. તેણે ઊંચું જોયું અને સખ્ત થઇને બોલ્યો.

"મને મારા દીકરાની નથી પડી. પણ મને શક છે તે પ્રમાણે કદાચ–કદાચ શું ? સો ટકા જો સોનલ પ્રભાકરને પરણી હશે તો એ તારી અને મારી દીકરી દુઃખી થઈ જવાની છે." અને જાણે સોનલ સામે ઉભી હોય અને પોતે તેને સંબોધી હોય તેમ અનંતરાય બોલ્યો: "દીકરા સોનલ !! પ્રભાકર જોડે લગ્ન એટલે તારાં જીવનસુખનું સત્યાનાશ !! તારા દુઃખના દીર્ઘ નિઃશ્વાસોની જ્વાળામાંથી મારૂં કુંટુંબ કેમ બચી શકશે ?" અનંતરાય દુઃખની મૂર્તિ સમા બની ગયા.

સોનલના દુઃખથી શોકગ્રસ્ત થયેલા પોતાના બાળમિત્ર તરફ નાગરદાસે જોયા જ કર્યું.

અનંતરાય ઊઠયો. તેને કાંઇ સાંભરી આવ્યું હોય તેમ તેણે નજીકમાં મૂકેલા પોતાના અંગરખાંના ગજવાં ખાલી કરવા માંડયાં.

"એટલા જ ખાતર એ કાપડીઆની દુકાને બેઠેલો હોવો જોઇએ."

આમ બોલી તેણે ગજવામાંના કાગળોમાંથી એક કાર્ડ શોધી નાગરદાસ તરફ ફેંકયું.

"આ કાર્ડ ઉપરથી જ મને ખબર પડી કે, પ્રભાકર અમદાવાદ આવ્યો હતો. વાંચ, પ્રભાકર સાડીઓ શા માટે ખરીદ કરે ? એ ખરીદી સોનલને જ સારૂ."

અનંતરાય આવેશમાં હતો. તેનું શરીર ને તેના હોઠ ધ્રૂજતા હતા. તે ઊભો થયો. અંગરખું પહેરવા માંડયું. માથે મૂકી–પાઘડી તેની આંખો લાલ બની હતી; નાગરદાસ સમજી ગયો કે, અનંતરાય ક્રોધાવેશમાં આવ્યો હતો. જ્યારે ક્રોધ ચઢતો ત્યારે અનંતરાયની આજ દશા થતી.

નાગરદાસ ઉભો થયો અને કાંઈ બોલે ત્યાર પહેલાં તો—

" મારી દીકરીનો દુષ્ટે ભવ બાળ્યો "......આમ બોલતાં બોલતાં અનંતરાય દિવાનખાનાની બહાર નીકળ્યા અને પગથીયાં ઉતર્યા. બંગલાના કમ્પાઉન્ડના દરવાજા સુધી જઇ અંગરખાના અંદરના કોશ ભેરવતો અનંતરાય પાછો આવ્યો.

" હું ગામમાં જાઉં છું. સાંજે પાછો આવીશ."

" પણ—"

નાગરદાસ આગળ બોલે ત્યાર પહેલાં તો અનંતરાયે પાછું જોયા વિનાજ નકારનો હાથ વીંઝયો—ક્રોધની અસર તેના પગ પર સ્પષ્ટ જણાતી હતી.

પગ અસ્થિર હતા. ચંપલો ચડપ ચડપ ધરતીને લાપટો મારતાં હતાં. પાંચ મીનીટમાં તો અનંતરાય બંગલેથી ઘણો દૂર નીકળી ગયો.

અનંતરાય રસ્તે ચાલતાં—અને નાગરદાસ દિવાનખાનાના સોફા ઉપર—આમ બે મિત્રોનાં મગજ વિચારપરંપરા અનુભવતાં કાંઈ કાંઇ દરયો દોરી રહ્યાં હતાં.



પ્રકરણ ૪ થું

ટ્રેન ઉપડી

સવારે ૭ અને પાંત્રીસ મિનિટે કાઠિયાવાડ મેલ બોમ્બે સેન્ટ્રલના પ્લેટફોર્મ ઉપર ઉભો રહ્યો; અને પ્રભાકર અને સોનલ બન્ને જણાં નીચે ઉતર્યા. તેઓ ટ્રેનના છેલ્લા ડબ્બામાંજ બેઠાં હતાં કે જેથી ઉતરીને તુરત વિકટોરીઆમાં બેસી જવાય.

અમદાવાદમાં સોનલે તો સૂચવ્યું હતું કે, એન્જીન પાસેના પહેલા ડબ્બામાં બેસવું સારૂં છે. પણ દાદર સ્ટેશને ટિકિટો લેવાય છે અને બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન ઉપર છેલ્લા ડબ્બામાંથી ઘોડાગાડીઓ તુરત સામે ઉભેલી મળે છે તેની પ્રભાકરને ખબર હતી.

"તું ન સમજે. બધી રીતે જોતાં છેલ્લો ડબ્બો જ સારો છે." અને બન્ને જણાએ ત્યાં બિસ્ત્રા બિછાવ્યા. પ્રભાકર અંદર બેઠો. અને સોનલ ડબ્બાથી લગભગ પચાસ કદમ ઉપર આમતેમ ટહેલતી, ઉભી રહેતી, પ્લેટફોર્મ ઉપર ફરતી હતી. તેના દીલમાં બીક હતી કે, રખેને તે બંગલો છોડી નીકળી આવી છે. તેની જાણ થઇ હોય અગર તેની શોધમાં કોઇ પાછળ આવ્યું હોય—અચાનક કોઇ નજીકનું સગું મળી જાય અને "જોડેજ જઇશું" કહી સાથે રહેવા આગ્રહ કરે તો શું થાય?

પ્રિતમલાલે સોનલને આજ સ્થળે જોઇ હતી. પ્રિતમલાલને જોતાં તે સહજ ચમકી પણ પાછી સ્વસ્થ થઈ. સ્ટેશન ઉપર

આવ્યાનું કારણ કોઈ પૂછે તો શું કહેવું તે તેણે પ્રથમથી નક્કી કર્યું હતું; અને પ્રિતમલાલે પ્રશ્ન કરતાં તુરતજ તેણે કહ્યું.

"રાજકોટથી રામુમામા આવવાના છે."

"બધાંને લઈને આવે છે કે એકલા?"

"ના, હમણાં તો એકલાજ આવે છે. બધાને લેવા પાછા જવાના છે."

જ્યારે વાત બનવાની હોય છે ત્યારે બધી અનૂકુળતા મળી આવે છે. મેલ ઉપડ્યો ત્યાં સુધી—લગભગ અડધા કલાક સુધી- પ્રિતમલાલ સિવાય સોનલ અગર પ્રભાકરને બીજું કોઇ ઓળખાણવાળું મળ્યું નહીં. ટ્રેન ઉપડવાનો સમય થતાં પ્રભાકર નીચે ઉતર્યો અને હાથની સહાયથી સોનલને અંદર બેસાડી—પોતે અંદર બેસી ચાવી મારી—અને ગાડી ઉપડી.

ભાગ્ય સોનલને કોણ જાણે ક્યાંયે લઇ જતું હતું!! પિતાના ઘરમાં તેણે અત્યાર સુધી સુખજ જોયું હતું. લક્ષ્મીના અવસાન સમયે તે બાળક હતી. સુખ દુઃખનું તેને ભાન નહોતું. લક્ષ્મીના ગુજરી ગયા પછી તે થોડા દિવસ મૂંઝાઇ. તેને કેટલોક સમય એકલવાયું લાગ્યું; પણ ગંગાબાએ તેને પડખામાં ઘાલી અને નાગરદાસે સમવયી બાળાઓને જૂદે જૂદે કારણે રોજ ભેગી કરી તેનું માતાનું દુઃખ વિસારે પાડ્યું હતું. અને પછી તો નાના બિહારીની આસપાસ તેનો ભગિની પ્રેમ વિંટળાયો અને જરા મોટી થતાં તેનું ચિત્ત ભણવામાં પરોવાયું. નાગરદાસ પણ બે બાળકોની ખૂબ સંભાળ લેતો અને બનતાં સુધી રોજ સાથે ફરવા લઇ જતો. બિહારીને તો માની કલ્પનાજ નહોતી. તે તો ગંગાબાનેજ મા સમજતો. બન્ને બાળકો આમ દિનપ્રતિદિન મોટાં થતાં ચાલ્યાં. ડાહી, ગંભીર, સુશીલ, નિર્દોષ હરીણુ સરખી કોમળ અને ગોરડી સોનલ ઘરમાં સર્વને ઘણી વહાલી હતી. જે વર્ષમાં તેનો જન્મ થયો હતો તે વર્ષમાં નાગરદાસને વેપારમાં લગભગ એક લાખ રૂપિયાનો નફો થયો હતો. અને તેથી નાગરદાસે તેને સોનલ નામે બોલાવવા માંડી. આખું ઘર ત્યારથી તેને સોનલબેન કહેતું.

સોનલે પ્રભાકરનો અને પોતાનો બિસ્ત્રો સાફ કર્યો. આસપાસ જોઈ કોઇ ઓળખાણવાળું પહેલાંથી ડબ્બામાં ચડી બેઠું તો નથી તેની ખાત્રી કરી. ઉપર બે માણસો પહેલેથી જ સૂઈ ગયા હતા. "ઉપર સૂતેલાં કોણ છે?" તેણે પ્રભાકરને પૂછ્યું.

"કોઇ ધણીધણીઆણી લાગે છે–સામાન જોતાં લાગે છે કે લાંબેથી આવતાં હશે." પ્રભાકરે કહ્યું.

"અમે ગોંડલથી આવીએ છીએ" મરદ જાગતો હતો તેણે એમને એમ જવાબ દીધો.

"તમે ક્યાં જાઓ છો?" તેણે પ્રભાકરને સામો પ્રશ્ન કર્યો.

"મુંબાઇ"

"તો અમને બોરીવલી સ્ટેશને જગાડજો,"

"સુખેથી સૂઇ જાઓ,"

એક યુગલ ઉપર અને એક નીચે–આખા ડબ્બામાં સોનલ નિર્ભય હતી.

"તું હવે સૂઇ જા" પ્રભાકરે પગ લંબાવી સૂતાં કહ્યું.

"તમને ઘણો શ્રમ પડયો છે. તમે સૂઇ જાઓ–હું બેઠી છું.–ઉંઘ આવશે એટલે સૂઇ જઈશ."

ક્ષણે ક્ષણે વેગ વધારતો કાઠિયાવાડ મેલ સૂસવાટા મારતો ચાલ્યો જતો હતો. ડબ્બામાં શાંતિ હતી. પ્રભાકરની પણ આંખો મીંચાઇ હતી. નિદ્રાવશ જગતમાં સોનલ એકલી પડી. માણસ એકલું પડે છે ત્યારે હજારો વિચારના વમળમાં પડી જાય છે. અને તેમાં વળી આજના સાહસના પ્રસંગમાં તો સોનલના મગજને વિચાર પરંપરાએ ઘેરો ઘાલ્યો. એક વિચાર પૂરો ન થાય ત્યાર પહેલાં બીજો એમ ઉપરા છાપરી વિચારો તેના નાના મગજ પર હલ્લો કર્યે જતા હતા.

તેણે શું કરવા ઘર તજ્યું–દેવ જેવા પિતા–જગદંબા સરખાં ગંગાબા–નાનો અટકચાળો છતાં માયાળુ અને પ્રેમાળ બિહારી–પિતાની રાજવટીનું સુખ–આ બધું તેણે શા માટે છોડયું?

હા ! પણ એ બધું હૃદયપ્રેમ આગળ તો તુચ્છજ કે'ની. બાળક યુવાન થાય પછી તે માબાપના તાબામાંથી નીકળવું જોઇએ એ કુદરતી પ્રેરણા છે. પ્રેમ અને લગ્ન એ માબાપનો પ્રશ્ન નથી. એ તો એક યુવક ખાતર યુવતીનો અંગત પ્રશ્ન છે. અને લગ્ન તો જેને હૃદય સ્વિકારે તેની સાથે થાય. પ્રેમલગ્ન વિનાનું વળી જીવન હોતું હશે ? સમર્પણ વિનાનો તે વળી સંસાર શાનો ? જેમ સમર્પણ વિના સાક્ષાત્કાર નહીં—તેમ સમર્પણ વિના જીવનરસ પણ નહીં ! ! લગ્ન માટે—પ્રેમલગ્ન માટે લાખ્ખો ભોગ આપવા પડે તો અવશ્ય આપવા જોઇએ.

પણ પ્રભાકર સાથે લગ્ન કરવાં હોત તો શું પિતાજી ના કહેત ! ! ના કહે એવા પિતા મારા નથી ! ! મેં કહ્યું હોત તો પિતા જરૂર મારાં લગ્ન પ્રભાકર સાથે કરત ! ! લગ્નના વિષયમાં નકામી હઠ કરે એવા મારા પિતા અસંસ્કારી નથી. પણ વાત છેડતાં કદાચ ના કહેત તો ! પછી તેમની સાન્નિધ્યમાં —તેમની નજરેનજર મારાથી ના નહિ કહી શકાય—પછી તો મારે મહેશ સાથે લગ્ન કરવાંજ પડે ! !

મહેશ શું ખોટો છે ? એમ. એ. સુધી ભણેલો. શાંત, ગંભીર ઓછા બોલો—સૌજન્યશીલ મહેશ શું ખોટો છે ? પિતાજી પૂછત તો હું મહેશનો અસ્વિકાર કરવાનાં શું કારણ આપી શકત; કશાં જ નહીં. પણ મહેશ સુવર્ણનો મેરૂ હોય તો પણ શું ? હૃદયના તાર કોઈ બીજો હલાવતો હોય તેનું કેમ ? હૃદયમાં જ્યારે જ્યારે મહેશની પ્રતિમા પાડવા મંથન થતું ત્યારે પ્રભાકરની જ પ્રતિમા દેખાતી. હૃદયમાં આનંદના ડોલન તો પ્રભાકર ઉપજાવતો. પણ પ્રેમમાં ગણિતને સ્થાન જ ક્યાં છે ? પ્રેમ એ કાંઇ સરવાળા બાદબાકીનો પ્રશ્ન નથી. પ્રેમ એટલે પ્રેમ. હૃદયને ઉડીને જેને વળગે ત્યાં જ જીવનનાં સમપર્ણ સંભવે ! !

અને પ્રભાકર શું ખોટો છે ? યુવાન છે. ભણેલો છે. રૂપાળો છે. એનું વાંચન કેટલું બધું છે—કેવો વાચાળ છે—અને સૌથી

વધારે કેટલો તો મોહક છે. અને પ્રભાકર કરતાં ભલે બીજા વધારે સુંદર હશે. એનાથી સારા વિદ્વાનો પણ અનેક પડ્યા હશે. પણ અચાનક એક ક્ષણમાં—એકજ પ્રસંગ પરથી એક નિમીષ માત્રમાં હૃદય એકવાર સ્થિર થયું—ત્યાં અને તેમાંજ સર્વદેશીય વિશેષતા—સર્વાંગ સુંદરતા સર્વશ્રેષ્ઠપણું કેન્દ્રિત નથી થતું શું ? ? અને એકવાર હૃદય આમ સ્થીર થયું એટલે સરખામણીનો પ્રશ્ન ક્યાં રહે છે ? પછી રહે છે પ્રશ્ન માત્ર સમર્પણનો—ગમે તે સમયે—ગમે તે કારણે—ગમે તેવા પ્રસંગો—સંજોગોમાં—ગમે તેટલા ભોગે. પ્રેમી, પ્રેમી માટે સાહસ કરે. ભોગ આપે. ઘર તજે: સગાં ત્યજે—તે તો એમજ હોયને ?—એ તો કુદરત છે.

તેણે સહજ ડોકું હલાવ્યું. તેના મુખમાંથી "જરૂર" આ શબ્દો સહજ નીકળી ગયા.

* * *

પણ આજે તો વીસ વીસ વર્ષથી પરિચિત—પોતાની માની લીધેલી સૃષ્ટિથી તે છૂટી થતી હતી. એક પ્રભાકર માટે તેણે શું શું તજ્યું ! મારામાં તો મારા પિતા, બિહારી, ગંગાબા, બધાને ત્યજવાની શક્તિ છે—અને આમ બોલતાં સોનલ જરા ટટ્ટાર થઇ બેઠી. આ બધાને અને પિતાના ઘરનો વૈભવ છોડવાની મારામાં તો શક્તિ છે—પણ હું એ સર્વને કેવી પ્રાણ સરખી વ્હાલી હતી. પિતાજીને—ગંગાબાને—બિહારીને—અત્યારે ખબર પડી હશે અગર આવતી કાલે ખબર પડશે કે, તેમની વ્હાલી સોનલ નથી—જડતી નથી—છાની માની—બધાને છોડીને, રાત લઇ—ઘર છોડી ચાલી ગઇ—ત્યારે તેમને કેટલું દુઃખ થશે ? પિતાજીનું હૃદય તો અવશ્ય ફાટી પડશે. અને નાનો બિહારી, "બેન, બેન" કરતો આખા બંગલામાં વ્હિલો વ્હિલો—માર્યો માર્યો ફરશે—ખાશે નહીં—રોયા કરશે—તે અત્યારે જ મારૂં નામ દઇને રોતો હશે તો શું—પિતાજીની આંખમાંથી આંસુનાં ઊન્હાં બિન્દુઓ અણખાળ્યાં પડતાં હશે—તેમના આ બધા દુઃખનું કારણ કોણ ?!

તેનું હૃદય ભરાઇ આવ્યું ! બોર બોર જેવાં ઊન્હાં આંસુ એકધારાં તેની આંખમાંથી ટપકવા માંડ્યાં—તે અશાન્ત બની ગઇ—બારીમાંથી વહી આવતો શિયાળાનો મીઠો શિતળ પવન તેની અશાંતિને અસર ન કરી શક્યો—તે રોઇ પડી—એક નાની પણ હૃદયદ્રાવક ચીસ તેના મુખમાંથી નીકળી પડી. અને સફાળો પ્રભાકર જાગૃત થઇ ગયો. તેણે ઉઠીને સોનલને ઝાલી લીધી નહોત તો તે બે પાટીઆં વચમાંની ચાલવાની જગ્યામાં પડી જાત. અડધી ભાનમાં અને અડધી બેભાન—સોનલ ઉંચકી લેતા પ્રભાકરને ચૂડ ભેરવી વળગી પડી—મૂર્છાવશ થઇ.

ઉપરનાં ધણી ધણીઆણી જાગી ઉઠયાં.

"શું થયું ?" મરદે પૂછ્યું.

"એ તો મારાં વાઇફને હિસ્ટિરીઆ આવ્યું." પ્રભાકરે ઉત્તર દીધો. સામા પાટીઆ ઉપર સુતેલી સ્ત્રી બેઠી થઈ અને પાંચ મિનિટ સુધી સોનલ સામે જોઇ રહી.

"અમે તો નાનાં પરણેલાં—જીવ મળતાં બે વર્ષ લાગે—તમે ગુજરાતમાં તો મોટી ઉમ્મરે પરણો છો—એટલે જીવ મળતાં વાર નહીં લાગે."

"અરે હવે તો જીવ પહેલો મળે—અને પછી પરણવાનું"—બીસ્રો બાંધતાં પેલો કાઠિઆવાડી બોલ્યો.

આ બન્ને ધણી ધણીઆણીની ચાંપલાશ સોનલને ગમી તો નહીં પણ તે સાંભળી રહી.

બોરીવલી આવ્યું. અને કાઠિઆવાડી સ્ત્રીએ સોનલની રજા લીધી. "અમે પારલા રહીએ છીએ—કોઇ દિવસ પારલા આવો તો આવજો—કાપડીઆ હરજીવન મનોર—મનમોહન કરમદાસની ચાલ"—"લ્યો બેન જય જય," કાઠીઆવાડી સ્ત્રીએ કહ્યું.

ગાડી બોરીવલીથી ઉપડી અને પ્રભાકર પણ ઊઠયો.

બીસ્રા બંધાઇ ગયા. બૉમ્બે સેન્ટ્રલ આવ્યું.

"પેલી વીકટોરીઆમાં બેસી જા." પ્રભાકરે એક વિકટોરીઆ બતાવી સોનલને કહ્યું.

પ્રકરણ ૫ મું

મુલચંદ માસ્તરને ત્યાં

થોડી વારમાં પ્રભાકર પણ સોનલ પાસે આવ્યો ને બેઠો.

"ટિકિટો આપી આવ્યો" તેણે સોનલને કહ્યું. "વિઠ્ઠલભાઈ પટેલ રોડ" તેણે વીકટોરીઆવાળાને કહ્યું.

ચાબુકની લાંબી દોરી હવામાં ચક્કર ખાઈ ઘોડાની પીઠ પર પટકાઈ—એક ડચકારો થયો અને વીકટોરીઆ ઉપડી.

સૃષ્ટિનાં સુખ અને દુઃખ; શાંતિ અને અશાંતિ, પુણ્ય અને પાપ, શ્રીમંતાઈ અને ગરીબાઈના એક વિશાળ પ્રદર્શન સમું ચોવીસ કલાક જાગતું મુંબાઈ—પ્રભાતનું આળસ મરોડતું હતું. હૉટલોમાં પ્યાલા ખખડતા હતા—ડબલ સીંગલની બૂમો પડતી હતી. મજૂર કારીગરો હાથમાં નાની નાની બપોરના ખાવાની ટિફિન બાસકીટ અગર પોટલીઓ લઈને ઉતાવળે પગલે રસ્તાની બાજુએ હારબંધ જતા હતા. પ્રભાતના ઝાંખા દિવાના પ્રકાશમાં કોઈ કોઈ મેડા પર છમછમ ઝાંઝરીથી તાલબદ્ધ થતો નાચ થતો સંભળાતો હતો. અને કોઈ કોઈ સ્થળેથી ભૈરવીના તાન પલટાની કદર કરતો "વાહ વાહ"નો સમુહનાદ સંભળાતો હતો. કેટલીક દુકાનો ઉઘડી હતી અને કેટલીકનાં બારણા ઉપર સાફસૂફીના

ઝપાટા પડતા હતા. દૂર દૂરથી કોઈક મંદિરમાં મંગલા–આરતિના ધેરા ઘંટનાદ કાને પડતા હતા. વચમાં વચમાં બગાસાં ખાતાં કેટલાંક સ્ત્રી–પુરુષો ઓઢીને કોકોટીયાં વાળીને ઓટલા પર બેસી દાતણ કરતાં હતાં. અને બીજાં કેટલાક તો અંગૂઠાથી શિખા સુધી ઓઢી શિયાળાના પ્રભાતમાં ફૂટપાથ પર હજુ આરામ પણ કરતા હતા. વિઠ્ઠલભાઈ પટેલ રોડના ખૂણા ઉપર વીક્ટોરી-આવાળાએ પાછું જોયું અને પૂછ્યું.

"શેઠ, ક્યાં આગળ."

"અમૃત વાડી." પ્રભાકરે જવાબ દીધો. અને બે મિનિટ અમૃત વાડીના નાકા પાસે વીકટોરીઆ અટકી.

બન્ને જણાં ઉતરી પડી–ઓરડીએ આવ્યાં.

બેએક પાડોશણ દાતણ કરતી હતી અને બન્નેને જોઈ રહી.

પ્રભાકરની ઓરડી ચાલમાં પેસતાં સામેના પહેલા મેડા પરજ હતી. ખંડ એકજ હતો, પણ તેના એક ભાગમાં વચમાં નાની અડધી પડદી કરી નાવણીઆ અને રસોડાની સોઈ કરી હતી. પડદી પર પાણીઆરાના બે ખાખડાં હતાં. આઠ ફીટ સમચોરસ આ ઓરડી હાલ તો ઉજ્જડ પડી હતી. આઠ દસ દિવસની ધૂળ ઉપર ચાલતાં પગલાં પડતાં હતાં. બારણામાં પેસતાં ઉદ્યમી કરોળીઆઓએ બાંધેલાં જાળાં સોનલની આંખ અને વાળમાં વીંટાઈ વળ્યાં. માણસો કરોળીઆ સરખાં સતત્ ઉદ્યમી હોત તો!!

"ઓરડી તો બહુ ચોકખી છે." સોનલે અંદર પેસતાં ટકોર કરી.

"એ બધી ટીકા રહેવા દે–હજુ આપણે ઘણું કામ છે. એક મિત્રને ત્યાં નાવું છે. બીજાને ત્યાં જઈ ચૅારીમાં બેસવું છે અને ત્રીજે સ્થળે ખાવું છે."

"કેમ એમ?"

"પ્રશ્ન કેમ પૂછે છે?–પ્રેમલગ્ન તો એવાં જ ગરબડીઆં. દોડતાં ઘર છોડવાનું–દોડતાં પરણવાનું–અને દોડતાં સંસાર કરવાનો" "પણ ઓરડી તો સાફ કરૂં."–આવામાં તે કાંઇ રહેવાય?"

"એ બધું પછી થશે–તું હમણાં તો કપડાં બદલવાનાં હોય તો બદલી લે અને લઇ લેવાં હોય તે લઇ લે."

"પણ એવડી ઉતાવળ શી?"

"આઠ વાગ્યાનો સમય સાચવવાનો છે."

"નાવાનું કયાં રાખ્યું છે?"

"એક મિત્રને ત્યાં–તેનું ઘર નજીકનીજ ચાલીમાં છે."

"મને એ નહીં ફાવે–ત્યાંએ આવી નાની ઓરડી જ હશેને–અને પારકે ઘેર નહાતાં મને શરમ આવે."

"તો પછી અહીં તો નળે ન્હાય ત્યારે."

નહાવાની આ કચકચ ચાલ બ્હાર નજીકમાં ઉભેલી પડોશણ સાંભળતી હતી. પ્રભાકર અને સોનલને જોઇ તેને થોડી સમજ પડી હતી. માનો ન માનો પણ પ્રભાકરભાઈ પરણીને આવ્યા છે. સોનલની મુંઝવણ તે સમજી ગઈ. સ્ત્રીઓની મુંઝવણ સ્ત્રીઓ તરતજ સમજી જાય છે.

"પ્રભાકરભાઇ, તમે તો રોજ નળેજ નાહો છો. અને બેન મારે ત્યાં નહાશે—ગરમ પાણી તૈયાર છે, અને ઓરડીમાં કોઇ છે નહિ—એ તો બ્હારગામ ગયા છે"—તેણે પ્રભાકરને કહ્યું.

"મેનાબેનને ત્યાં નાવાનો જરાયે વાંધો નથી"—પ્રભાકરે સોનલને કહ્યું. મેના તરફ ફરીને તેણે કહ્યું "મેના બેન તમારાં ભાભી"–

સોનલની મરજી હોય કે ન હોય–પ્રભાકરે તેને વિશેષ વિચાર કરવાની તક ન આપી. તે તો પાસેના નળ નીચે બેસીજ ગયો.

"ભાભી—હું પાણી કાઢું છું. તમે આવો."

સોનલને મેના સ્નેહાળ લાગી. નવાં ભાભીની સેવા કરવામાં મેનાએ ઘણી મમતા બતાવી. પાણી કાઢી આપ્યું. ઠંડા પાણીની ડોલ પાસે મૂકી દીધી—સાબુની દાબડી અને ટુવાલ પણ મૂકી દીધાં— "નીરાંતે નાહો" સામા ઉભા રહી તેણે કહ્યું. બે ત્રણ વાર ગરમ પાણી કાઢી આપી તેણે સોનલને ખૂબ આગ્રહ કરી નવડાવી.

"આવજો હોં ભાભી! આજથી તમે અને હું બન્ને બેનો" નાહીને જતાં જતાં સોનલને કહ્યું.

"બહેન તમારો ઉપકાર થયો." સોનલે કહ્યું.

પ્રભાકર તો તૈયાર થઈનેજ ઉભો હતો. સોનલે પણ કપડાં પહેર્યાં. બન્ને જણ બહાર જવા નીકળ્યાં. સોનલે ઓરડીએ તાળું વાસવા માંડયું.

"હવે પછી ક્યારે આવવાના" મેનાએ સોનલને પૂછ્યું.

"શું કહેવાય" સોનલે પ્રભાકર સામે જોઈ કહ્યું.

"સાંજ પણ થઈ જાય" પ્રભાકરે કહ્યું.

"ત્યારે ભાભી, કૂંચી મને આપતા જાઓ—તમે મોડાં આવો—તો હું ઓરડી વાળીને સાફ કરી નાખું—જુઓને કેટલી ધૂળ પડી છે." મેનાએ કહ્યું.

પોતાના ઘરની ધૂળ પડોશીને વાળવાનું કેમ કહેવાય. સોનલ ના કહેવા જતી હતી—તેને મેના માટે માન વધ્યું. તે કેવી ભલી હતી, સ્નાન માટે તેણેજ સૂચન કર્યું હતું—અને ઓરડી સાફ કરવાની વાત પણ તેણેજ ઉપાડી.

"મુંબાઈમાં પણ આવી ભલી સ્ત્રીઓ વસે છે ખરી"—સોનલનું હૃદય ઉંડાણમાં જ મેનાનો ઉપકાર માનતાં બોલ્યું.

"મેનાબેનને કૂંચી આપવામાં વાંધો નથી"–પ્રભાકર બોલ્યો. "તમારો ઉપકાર મેના બેન, પણ ઓરડી તો હું આવીશ ત્યારે જ સાફ કરીશ" સોનલે કૂંચી આપતાં કહ્યું.

'પણ હું સાફ કરીશ તો માંદી નહીં પડી જાઉં, ભાભી! એમ મદદ ન કરીએ તો પરદેશમાં કેમ રહેવાય?"

પ્રભાકર અને સોનલ બન્ને ચાલતાં થઇ દાદર ઉતર્યાં—ચાલની સ્ત્રીઓ પોતપોતાની ઓરડીના દ્વારમાંથી આ યુગલને આશ્ચર્યની દૃષ્ટિથી જોઇ રહી.

"અલી મેના—આ નવું માણસ કોણ આવ્યું?"–એકે કહ્યું. "એ તો પ્રભાકરભાઈના વહુ.–હમણાંજ લગ્ન થયાં લાગે છે" મેનાએ કહ્યું.

"અલી પરણી લાવ્યા કે ઉપાડી લાવ્યા?" એક સ્ત્રીએ પૂછ્યું.

"બળ્યું' આવું શું બોલતાં હશો" મેનાએ કહ્યું.

"ગમે તેમ કહો, પણ બાઈના શરીર પર લગ્નનું એકે ચિન્હ નથી જણાતું. નથી ચૂડો–નથી કંકણ–નથી નાડાછડી કે નથી મંગળ સૂત્ર–પરણ્યાનાં ચિહ્ન શરીર પર કાંઇ તો હોયને"–એક ઘરડી બાઇ બોલી.

"અમે પણ તેજ કહીએ છીએ" સ્ત્રીઓએ કહ્યું.

"અલી, પરણ્યા નહીં હોય. એ તો એક બીજાનો અનુભવ લઈને પછી પરણવાનાં હશે." એક બટક બોલી જુવાન સ્ત્રી બોલી.

"એમ યે હોય. આ જમાનામાં જે બને તે ઓછું."

"પારસીઓમાં તો એવું થાય છે બેન. એ કહેતા હતા કે એમની ઑફિસમાં એક પારસી હમણાં પરણ્યો તેની સ્ત્રી ત્રણ મહિના તો પરણ્યા પહેલાં તેની ભેગી રહી."

"આ પણ એવું જ કાંઈ લાગે છે" પેલી સ્ત્રી બોલી.

"મને તો કાંઇ એવું ન દેખાયું, છોડી તો બિચારી કેવી સારી અને સંસ્કારી લાગી અને લાજ એ કેટલી. અલી બેન, વૈરાંથીયે લાજે" મેના સોનલનો બચાવ કરતાં બોલી.

"તું તો બહુ ભોળી છે. મેના, તને તો બધું જગત સારૂંજ દેખાય છે. તપાસ કરજે. મને તો કાંઈ ગરબડ જણાય છે" ઘરડી સ્ત્રી બોલી.

અમૃતવાડીમાં જ્યારે આવી અટકળો ચાલ્યા કરતી હતી ત્યારે ફીરંગીના દેવળ પાસેની એક ચાલમાં બીજીજ ગડબડ હતી.

મુલચંદ માસ્તર સવારના સાડાસાત વાગ્યાના કામે લાગી ગયા હતા. મુંબાઇની એક ખાનગી હાઈસ્કુલમાં એસિસ્ટન્ટ હેડમાસ્તર હતા. અને ચાલને બીજે દાદરે એક બ્લોકમાં રહેતા હતા. તેમનો બ્લોક છેવટનો હતો અને તેને ત્રણ ઓરડા અને અગાશી લગતી હતી. તેઓ સુધારક હતા. અને સુધારક લગ્નોમાં અને વિધવા વિવાહ વગેરેમાં ઘણો રસ લેતાં. તેમનાં પત્ની કેસરબેન જુના વિચારનાં ન હોત તો મુલચંદ માસ્તર આ સુધારાનું કાર્ય ઘણી સારી રીતે કરી શકત. કદાચ વિધવા વિવાહ આશ્રમ ખોલી, માસ્તરની નોકરી છોડી, આશ્રમના સંચાલક તરીકે ઉત્તમ કામ કરી બતાવત. પણ યોગ એવો હતો કે, કેસરબેન તેમના આ સુધારક વિચારોને મર્યાદામાં રાખવા સવાર અગર સાંજ રોજ એક ટુંકું અગર લાંબુ ભાષણ આપતાં. અને ઘરમાં કજીયો ન થાય અને થોડું થોડું કામ થયા કરે એવી વ્યવહારદ્રષ્ટિથી મુલચંદ માસ્તર કામ લેતા. શાળાના માસ્તરોમાં વ્હેવારૂ કોઇકજ મળી આવે. એંસી ટકા તો કેવળ ભલા અને બીનવ્હેવારૂ અને વીસ ટકા એવા કે, વ્હેવાર સમજવા અને સાચવવામાં આદર્શ અને સંસાર બન્ને બગાડે. મુલચંદ માસ્તર આદર્શવાદી હતા. સુધારાને ઉત્તેજન આપવામાં જીવન વ્યતીત કરવું એ એમનો એક આદર્શ હતો. સ્ત્રી સન્માનના પણ તેઓ એકલાજ હીમાયતી હતા. સ્ત્રીઓ ઘણે ભાગે અભણ—આછા સંસ્કારની—અજાણુજ હોય છે, પણ સ્ત્રીઓ એવી રહી તેમાં દોષ તો પુરુષોનોજ ને!! અને પુરુષોએ એ દોષનું પ્રાયશ્ચિત કરવુંજ જોઇએ. આ એમનો દ્રઢ મત હતો એટલે સ્ત્રીઓ કોઇ વખત તેમનાથી જુદો મત ધરાવી અગર કોઇવાર તેમની સાથે વાદ કરવા ચઢે તો, મુલચંદ માસ્તર ખૂબ શાંતિ

રાખતા અને એક નિશાળીઆને ત્રિરાશીના પદની સમજ પાડે તેવીજ ઢબ અને શાંતિથી તેમને સંતોષ આપવા મથતા અને કેટલીયે વાર તો પોતાની વાતના સમર્થનમાં પોતાના નાના પુસ્તકાલયમાંથી પુસ્તકો કાઢી કાઢીને અંદરથી ફકરાઓ વાંચતા. ચાલની કોલેજમાં ભણુતી એક બે છોકરીઓ તો કેવળ માસ્તરને ચીઢવવા, ઘણીવાર વિચિત્ર પ્રશ્નો લઇ આવી મુલચંદ માસ્તર સાથે વાદમાં પડતી—અને નહાવા કે જમવા ઊઠવા માટે ઘણીયે વાર કેસરબેનનો ઠપકો સાંભળતા ત્યારે જ માસ્તર વાદ પડતો મૂકતા. કેસરબેનને માસ્તર ઉપર ઘણો કંટાળો આવતો પણ માસ્તર વિદ્વાન, નિર્દોષ અને ચારિત્ર્યવાન હતા એ તેને ખબર હતી. અને તેથી હૃદયના ઉંડાણુમાં કેસરબેનને માસ્તર માટે અભિમાન હતું. માસ્તરના ભોળપણનો કોઇ લાભ ન લઇ જાય તેને માટે તેમની પૂરેપૂરી કાળજી હતી અને છતાં માસ્તર પરભાર્યું એવું ઘણું કરતા જે કેસરબેનને ગમતું નહીં.

આગલી રાતે માસ્તરે થોડો પૂજાપાનો સામાન, બે હાર અને એક ખાદીની સાડી લાવીને ટેબલ પર મૂકી, ત્યારથી કેસરબેનને ચટપટી લાગી હતી.

માસ્તરે આ તમામ વસ્તુઓ ટેબલ પર મૂકી કે કેસરબેન તે જોઇ વળ્યાં.

"વળી આ હાર અને સાડી અને આ શું છે?" કેસરબેને માસ્તરને પૂછ્યું.

"કાલે આપને ત્યાં એક યુગલનાં લગ્ન થવાનાં છે."

"વળી કોનાં લગ્ન થવાનાં છે—પંદર દહાડે મહિને તમારાથી આવું ને આવું કાંઇ કર્યા સિવાય નથી રહેવાતું? સાડી કેટલાની આવી?"

"પાંચ રૂપિયાની."

વાળુનો સમય ન હોત તો કેસરબેન વાત લંબાવત અને માસ્તરને થોડો ઉધડો લેત. પણ જમવા સમયે તે માસ્તરનો કશુંજ કહેતાં નહીં. તેઓ ગર્વ લઇ બીજી સ્ત્રીઓને કહેતાં—"હું તો બેન મારા ધણીને વઢી

પણુ નાખું, પણ જમતી અને સૂતી વખતે નહીં. જે સ્ત્રી ધણીને સોનાને કોળીએ જમાડે અને નિરાંતે ઉંઘવા દે તેને ધણીને વઢવાનો જન્મસિદ્ધ હક્ક છે એમ કેસરબેન પ્રમાણિક રીતે માનતાં. અને કોઈ કોઈ વખત અકળાય તો માસ્તરને વઢી પણ કાઢતાં. જ્યારે કેસરબેન આકળાં થઈને કહેતાં ત્યારે માસ્તર મોં પર સ્મિત લાવી બધું સાંભળી પણ રહેતાં.

“ચાલો જમી લ્યો.!' કેસરબેને કહ્યું. અને માસ્તરને ખૂબ પ્રેમથી જમાડયા. તે માસ્તર જોડે કદી જમતાં નહીં. માસ્તરે જોડે જમવાનો ઘણો આગ્રહ કરેલો. કહેલું કે, એ એક દંપતિ-જીવનનો લ્હાવો છે, પણ કેસરબેનની દલીલ પણ સામે ખરીજ. “એ નવા જમાનાની વાત મારી પાસે કરશો નહીં. જે જાતે જમે તે ધણીને વળી જમાડે શું?” તે માસ્તરને આગ્રહ કરીને જમાડતાં અને કેટલીક વાર તો પોતાને ભાવતા પદાર્થોનાં અનેકવીધ વખાણ કરી, માસ્તરને ભૂખ ઉપરાંત પણ ખવડાવતાં. તેમનો આગ્રહ એવો હૃદયનો અને તિવ્ર કે, માસ્તર ના પણ કહી શકતા નહીં.

બીજે દિવસે સવારે ચાહ નાસ્તો થયો ને કેસરબેને આગલા દિવસની અધૂરી વાત ઉપાડી.

“ગઈ કાલે તમે જવાબ ન દીધો—તે આજે વળી શું છે.”

“આપને ત્યાં પ્રેમ–લગ્ન થવાનાં છે.”

“તે પરણનારનાં માબાપનાં ઘરબાર—” કેસરબેન આગળ શું બોલશે તે માસ્તર સમજી ગયા અને તેમણે તેનું મ્હોં દાબી દીધું.

“શુકનમાં અશુભ કશુંયે ન બોલશો.” માસ્તર કેસરબેનને બહુવચનમાં જ સંબોધતા.

“પણુ અત્યારે અહીં આપણે ઘેર શું કરવા લગ્ન કરવા આવે છે?” કેસરબેને હાથ ધીરેથી ખસેડીને કહ્યું.

"એ જ આપણે ત્યાં નક્કી કર્યું."

"તમે પણ એવાજ છોને? આર્યસમાજમાં લઇ જતાં શું થયું? બીજા લોકોને તો આર્યસમાજમાં લઇ જાઓ છો."

"લગ્ન છાનાં કરવાનાં છે."

"એવાં છાનાં લગ્નમાં ભાગ લઇને કોઇ દિવસ તમે ઇજ્જત ગુમાવવાના છો." કેસરબેને શીખામણ દીધી.

"આ તો એક મિત્રનો દીકરો લગ્ન કરવાનો છે અને તેને મદદ કરવી પડે."

"તમે યે ઠીક છો—તમારા મિત્ર યે ઠીક છે—અને તેનો દીકરો યે ઠીક છે. પછી તો તમારા મિત્ર પણ આવવાના હશે."

"મિત્રનો દીકરો મિત્રથી છાનો પરણે છે."

"ત્યારે તો તમે મિત્રદ્રોહ કરવાના."

"મિત્ર જૂના વિચારના છે, તારા જેવા. દીકરો નવા વિચારનો છે મારા જેવો." માસ્તરે હસતાં હસતાં ટકોર કરી.

"એ નવા વિચારમાંજ કોઈ દિવસ ખત્તા ખાવાના છો."

માસ્તર કાંઇ બોલ્યા નહીં. પણ મિત્રના દીકરાનાં લગ્ન અને માસ્તર ભોળીયા એટલે જરૂર કાંઈ મદદ કરી હશે એવી કેસરબેનને શંકા ગઇ. તેણે પૂછ્યું.

"મિત્રના દીકરાને પરણાવવાનો લ્હાવો લેવા નીકળ્યા છો તે કાંઇ ચાંલ્લો કરીને તો નથી બેઠા?"

માસ્તર કાંઈ બોલ્યા નહીં. તે નીચું જોઇ બેસી રહ્યા. કેસરબેનનો શક વધ્યો.

"જરૂર કાંઇ રકમ આપી હશે—મારા સમ"—કેસરબેન ઊઠયાં અને બારણું બંધ કરી માસ્તર પાસે હિંચકા પર જઇ બેઠાં. "સાચું કહો લગ્ન માટે કેટલી રકમ આપી?"

"હું કહીશ અને તમો બૂમો પાડશો" માસ્તરે ઊંચુ જોઇ હસીને કહ્યું.

"બૂમો પાડવા જેવી હશે તો પાડીશ પણ ખરી. બોલો કેટલા રૂપિયા આપ્યા?" કેસરબેન સહેજ ખસીને માસ્તરથી ખૂબ નજીકમાં બેઠાં. "બોલો, કેટલા રૂપિયા આપ્યા?" તેણે જરા હસીને કહ્યું.

"અઢીસો રૂપિયા આપ્યા."

"આટલા બધા?"

"એના પિતાનો મારા ઉપર ઉપકાર હતો"—"તેમણે એક સમયે લડીને મને નોકરીમાં ચાલુ રખાવેલો."

"પણ તેથી કાંઈ આવડી મોટી રકમ આપી દેવાય—તમે બહુ ખર્ચ કરો છો. હું કસર કરી મરી જાઉં છું અને તમે આવા જૂઠા ખર્ચમાં મોટી રકમો ઉરાડી મૂકો છો—અઢીસોમાંથી કાંઈ દેખવાનું છે!" કેસરબેન થોડીવાર બોલતાં અટકયાં. ઉભાં થયાં અને એક ખુરસી ખેંચી માસ્તરના સામે આવીને બેઠાં. માસ્તર કેસરની વાત નીચે મોંયે સાંભળ્યાજ કરતા હતા.

કેસરે માસ્તરનું ડોકું હાથ વડે ઊંચું કર્યું. "જરા મારા સ્હામે જુઓ–પહેલાં ઘર પછી ધરમ. પરસેવાની પૂંજી આમ ઉરાડી દેશો તો દીકરીઓનાં લગ્ન માટે દેવું કરવાનો વખત આવશે, સમજ્યા?"

"હા! સમજ્યો."

"માત્ર સમજ્યે નહીં ચાલે—કહો કે હવે કોઇને આવા પૈસા નહીં આપું."

"બંધાઉં તો નહીં."

"હં!! જીંદગી પર્યંત ભગત મહારાજ રહેજો." કેસરબેન ઊઠયાં. કેડની કૂંચીથી કબાટ ખોલ્યું અને બોલ્યાં: "હું તમારી બૅન્કની ચોપડીજ મારી પેટીમાં મૂકી દઉં છું. રકમ બધી મારા નામ પર ફેરવી

નાંખો–" તેણે બૅન્કની ચોપડી કબાટમાંથી કાઢી. તરત પોતાની પેટીમાં મૂકી દીધી. અને વિજયપ્રાપ્તિની મુખમુદ્રા કરી પાછી માસ્તર પાસે આવીને ઉભી રહી. તેના બન્ને હાથ તેની કેડ પર શોભા દેતા હતા.

માસ્તર તો નીચે માથેજ બેઠા હતા. જરાવારે તેમણે કપાળનો પરસેવો લૂછ્યો. અને હાથની આંગળીઓથી માથુ દબાવ્યું. કેસર આ જોઈ રહી હતી. તેનો વિજય ઓસરી ગયો. માસ્તરની વેદના સમજી ગઇ.

"ખોટું લાગ્યું ખરૂં—માથું દુઃખે છે ખરૂ કેની—"તો પછી"—કેસર આગળ બોલતી અટકી. પેટીમાં મૂકેલી બન્કની ચોપડી પાછી કાઢી તેણે માસ્તરના ઘૂંટણુ નીચે મૂકી દીધી.

પાટીઆ પરથી બ્રાહ્મી તેલનો શીશો ઉતારી માસ્તરના માથામાં તેલ ઘસવા માંડયું. કેસરનું વાઘણ સ્વરૂપ અસ્ત પામ્યું. આજ્ઞાધારક આર્યપત્નિ ભાવ તેના રોમરોમમાં ઉદય પામ્યો.

"માથું ચઢ્યું ખરૂં—લાવો દાબું" અને ધીરે ધીરે માસ્તરનું માથું નમતું નીચું થતું કેસરબેનના વિશાળ છતાં પ્રેમાળ હાથ કુમળું તેલમર્દન કરી રહ્યા હતા.

"હું બહુ બોલી, ખરૂં—બળ્યો મારો સ્વભાવજ એવો છે, પણ હું ખરૂં નથી કહેતી."

અને બે મિનિટ પછી માસ્તરને આરામ લાગ્યો. તેણે પોતાનું મુખ ઊંચું કરી કેસર સામે સ્મિત કર્યું. સ્મિતનો ઉત્તર સ્મિતથી મળ્યો. તેમની બે છોડીઓ દોડતી બારણું ઉઘાડી અંદર ન આવી હોત તો, કપડવંજની આ ગુજરાતણે વાઘણસમું અડપલું કરી માસ્તરના નિર્દોષ, નિર્મળ કપોલ પર ઠપકા સરખુંજ તિવ્ર આક્રમણભર્યું અડપલું કર્યું હોત. પણ છોડીઓ આવી અને સ્વસ્થ થઈ ગયાં.

"હવે ઠીક લાગે છે ને તેલ કપડવંજનું છે" કેસરબેન જરા નીચા નમ્યાં અને વ્હાલનો છેલ્લો હાથ માથે ફેરવતાં બોલ્યાં: "મારા ભોળા રાજા."

કેસરબેન રાંધણીમાં ગયાં અને ગયાં તેવાં પાછાં આવ્યાં. તેને કાંઈ સાંભરી આવ્યું.

"જમવાનું તો નથી કહ્યું ને?" તેણે માસ્તરને કહ્યું:

"કહ્યું તો નથી."

"તો કહેશો નહીં-રોજ રોજ હું એવા રંધુકા કરવા જન્મી નથી-શું સમજ્યા" અને હસતાં હસતાં તેણે ઉમેર્યું-"હા, અને નહીં તો હું તમારી જોડે લડી પડીશ."

"ઘરમાંથી કાઢી મૂકશે?"

"મારૂં કાંઇ કહેવાય નહીં—હું તો કાઢીયે મૂકું" આઠના ટકોરા ન થયા હોત તો આ વિનોદ આગળ ચાલત, પણ ટકોરા સાંભળી માસ્તર ઉભા થયા.

"આઠ વાગ્યા—"

આઠ વાગ્યે લગ્નવિધિ શરૂ થવાની હતી, પણ પરણનાર અગર પરણાવનાર કોઇ આવ્યું નહોતું. માસ્તરે ચાલમાં આંટા દેવા માંડયા.

"કેમ પરણનારાં ન આવ્યાં?," કેસરબેને હસતાં ટકોર કરી.

"હજૂ કોઇ દેખાતું નથી."

"ત્યારે ચાલોને આપણે સામસામા બેસી જઇએ." માસ્તરને આનંદમાં લાવવાના એક વધુ પ્રયાસ તરીકે કેસરબેને વિનોદ કર્યો.

"આમ ચૉરીમાં બેસે નહીં ચાલે-વરઘોડો પણ કાઢવો પડે."

માસ્તરે સામો વિનોદ કર્યો અને કેસરની ખાત્રી થઇ કે માસ્તર હવે ખરેખર શાન્ત થયા હતા.

નીચે એક વીક્ટોરીઆ અટકી. અને તરત બીજી આવી. પ્રભાકર, સોનલ અને પંડિતજી બધાંજ એક સમય પર ભેગાં થઇ ગયાં અને ઉપર આવ્યાં. પંડિતજીએ માસ્તરની માફી માગી.

"અડધે રસ્તે એકની સાથે મૂર્તિપૂજાના સિદ્ધાંત ઉપર વાદમાં ઉતરી પડયો એટલે થોડો વિલંબ થયો." પંડિતજીએ અગાશીમાં પાટલા ગોઠવતાં કહ્યું.

માસ્તરે પૂજાની સામગ્રી ભેગી કરવા માંડી. અગ્નિ સ્થાપન થયો. સુખડના કાષ્ટની મધુર સુવાસ માળામાં પ્રસરી રહી.

"વરવધૂને બોલાવો." પંડિતજીએ હાક મારી.



પ્રકરણ ૬ ઠ્ઠું

પરણ્યાં

સવારના સાડા આઠ વાગ્યાનો બાલસૂર્ય મીઠાં કિરણો પ્રસારી જતો હતો. અને પ્રભાકર અને સોનલ બે લગ્ન સાથી—જીવન સાથી થવાનાં બંધન-વ્રત લેવા સામસામે પાટલા પર બેસી ગયાં. પંડિતજીએ તેમની વર્ણ પૂછી લીધી. બન્ને લગ્ન કરવા પૂર્ણ રાજી હતાં તે પણ પૂછીને ખાત્રી કરી. એમાંથી કોઈ સગીર નથી એ જાણી રાજી થયા. અને લગ્નવિધિ શરૂ કરી. કન્યાદાન મૂલચંદ માસ્તરે દીધું. લગભગ એક કલાકમાં તો કન્યાદાન, બીજા હોમ, સપ્તપદી વગેરે બધું સમાપ્ત થયું. પોતાની પાસેના રજીસ્ટરમાં વર અને વધૂને પોતાની હાથનોંધ કરાવી. તેમની સહીઓ લીધી. સંસ્થાની ઠરેલી ફી અને પોતાની દક્ષિણા લઈને મુલચંદ માસ્તરની રજા માંગી, વરવધુને આશીર્વાદ આપી પંડિતજી નમતા નમસ્કાર કરતા વિદાય થયા.

મુલચંદ માસ્તરને સોનલ બહુ સંસ્કારી લાગી. પ્રભાકર પાછળ ઘેલી બનેલી સોનલ ખરે જ નિર્મળ, નિર્દોષ અને ભોળી હતી! પ્રેમાંકુરોથી પલ્લવિત તે આજે આનંદ પ્રફુલ્લિત હતી. એક સુંદર યુવતિ જ્યારે આનંદ-મસ્ત અને પ્રફુલ્લ હોય છે ત્યારે શરીર સાથે લપાતી, સુંદરતાની કુમળી ઘટ્ટ કુમાશની શ્વેત રેશમી સાડીમાં સુસજ્જિત તેની રૂપાના પતરા સમી ઉજ્વળ દેહ, સોનલને

આજે આદેસનો ઑપ આપી રહી હતી. સ્વભાવની સરળતા તેના સારાયે ચહેરાને પ્રકાશ આપતી હતી. આંખમાં–આખા મુખ પર તરી આવતી હૃદયની પવિત્રતા તેને દિવ્યતાથી મઢી દેતી હતી. જાણે કોઇ દહેરામાંની દેવી પ્રત્યક્ષ દર્શન દેતી તો ઉભી નહીં રહી હોય! માત્ર આંગળી ઉપર હીરાની વીંટી સિવાય તેના શરીર પર બીજાં કશાં આભૂષણ નહોતાં. પણ કુદરતી સૌન્દર્યને આભૂષણની પણ ક્યાં જરૂર જણાય છે.!!

લગ્ન પૂરાં, થયાં કન્યાદાન દીધું એટલે સોનલ પોતાની દીકરી જ થઇ અને દીકરીને જમ્યા વિના જવા કેમ દેવાય? બન્નેને ભોજનનો આગ્રહ કરવાની ઇચ્છા થઇ આવી. તેણે રાંધણી સામે નજર કરી. કેસરબેન અંદર બેસી રોટલી વણવાના મહત્વના કાર્યમાં પડયાં હતાં. બન્નેની નજર એક થઈ. માસ્તરનો ઇરાદો કેસરબેન સમજી ગયાં. અને કેસરબેનની "નાં"ની સીગનલ પડી. માસ્તરનું આમંત્રણ હોઠ બહાર થતાં પહેલાં હૈયામાંજ રવડી ગયું.

પ્રભાકરે માસ્તરનો ઉપકાર માન્યો અને જવાની રજા માંગી. માસ્તરે હાથ ઉંચા કરી બન્નેને હૃદયના આશીર્વાદ આપ્યા.

"કેસરબેનને પગે લાગીને પછી જઇએ." સોનલે કહ્યું.

"હા! એ તો હું વિસરીજ ગયો." માસ્તરની પાછળ પ્રભાકર અને સોનલ રાંધણીમાં પેઠા. કેસરબેન રોટલી વણવામાં મશગુલ હતાં. તેમણે ઊંચું જોયું. સોનલ અને પ્રભાકર બન્નેએ તેમને નમન કર્યું.

એક હાથમાં કણકનો લૂવો અને બીજા હાથમાં વેલણ–આમ બન્ને હાથ ઊંચા કરી કેસરબેને સોનલ તરફ દૃષ્ટિ ઠરાવી આશીર્વાદ દીધો. "પરણ્યા છો તો હવે સુખી થાઓ. મારો આશીર્વાદ છે." બન્ને બહાર નીકળ્યાં. બારણામાંજ માસ્તરની નાની દીકરી ઉભી હતી.

"તારાં બાને લઈને મારે ત્યાં આવજે હાં. બેબી?" સોનલે પ્યારથી કહ્યું અને બન્ને જણ આગળ વધ્યાં.

"આવવું જ પડશે તો—અઢીસો રૂપિયાની ઉઘરાણી કાંઈ માસ્તરથી થવાની છે? એ તો કેસરે જ કરવી પડશે." સોનલ આ શબ્દો સાંભળે તેમ કેસરબેન બહુ ધીમે સાદે બોલ્યાં.

માસ્તરે આ સાંભળ્યું હોત તો તેમને ઘણું દુઃખ થાત, પણ તે તો દાદર સુધી આ યુગલને વિદાય આપવા ગયા હતા.

જમવાને સમયે માસ્તરે કહ્યું, "છોડી ઘણી સારી હાં!"

"પણ આવો ભિખારી ક્યાંથી શોધી કાઢયો?"

અને માસ્તરે વાત પડતી મૂકી. તે સમજી ગયા કે અઢીસો રૂપિયા માસ્તરના માથા પરથી હજૂ હેઠા ઉતર્યા નથી.

"તમે હવે અમદાવાદ તાર મૂકી દો." વીકટોરીઆમાં બેસીને સોનલે પ્રભાકરને કહ્યું.

"ઘણું કરવાનું છે. તાર મૂકવાનો છે, છબી પડાવવાની છે અને જમવા ક્યાં જવું તેનો વિચાર કરવાનો છે."

"ઘેર રંધાય એમ નથી?"

"વાંઢા વિશ્રામમાં નહીં મળે તપેલી અને નહીં મળે ઢાંકણું. ઘેર જઈને રાંધવું શેમાં?" પ્રભાકરે જવાબ આપ્યો.

"ત્યારે તમે આટલા દિવસ ક્યાં જમતા હતા?"

"લોજમાં."

"તો આપણે તે લોજમાં જમવા ચાલોની."

"ત્યાં ન ફાવે. એ વાંઢાની લોજ. આપણે એક સારી લોજમાં જઈશું. જ્યાં મર્યાદા સચવાય એવી સગવડ હોય."

વીક્ટોરીઆ કાલબાદેવી રોડ ઉપર આવી. નોવેલ્ટી સ્ટુડીઓઝ આગળ બન્ને જણાં ઉતરી ગયાં અને એક છબી-

ગૃહમાં ગયાં. એક બુઠ્ઠો પારસી બન્નેને આવકાર આપવા ઉભો થઈ ગયો.

"પધારો સાહેબો, છબી પરાવવી છે?"

"જી હા." પ્રભાકરે ઉત્તર દીધો.

"નવાં પર્ણાં લાગોચ–આય કપાલ પર કંકુ છે ને!" ખોદા આપનું પર્નું સુખી કરે. ખૂબ પેડા કરો. બાલબચ્ચાં થાય અને ગનીવેર અમારે ત્યાં છબી પરાવવા આવોજી."

તે અંદર ગયો અને એક આલ્બમ લઇ આવ્યો.

"આમાં બઢ્ઢી પર્નેલાંનીજ છબી છે જો–આપ એક પસંદ કરી લ્યો"–"હું ઉપર પ્લેટ તૈયાર કરૂંચ."

બુઢ્ઢો પારસી અંદર ગયો. પ્રભાકરે પોઝ પસંદ કરવા માટે આલ્બમ સોનલના હાથમાં મૂક્યું.

"જરા જોતી થા. હું તાર મૂકીને આવું છું."

પ્રભાકર તાર મૂકવા ગયો. સોનલ પોઝ પસંદ કરતી બેઠી. બુઢ્ઢો પારસી ઉતાવળો અંદરથી બહાર આવ્યો.

"જી, માફ કરશોજી; હું તો પૂછવાનું ભૂલી ગયો. સાઇઝ કઇ કહારવાની છે, જી."

"કેબીનેટ." સોનલે જવાબ દીધો.

"તન કોપી?"

"જી."

આલ્બમ જોતાં એક પોઝ સોનલને ગમી. પ્રભાકર આવ્યો એટલે તેણે તે પ્રભાકરને બતાવી.

"જરા વધારે અડીને હોત તો,"–"આ"–પ્રભાકરે એક બીજી પોઝ પસંદ કરતાં કહ્યું. "મને એ અછકલું લાગે છે." "મેં પસંદ કરી તે જ સારી છે."

થોડીજ વારમાં બુઢ્ઢો પારસી બન્નેને અંદર લઈ ગયો. એક જુવાન ફોટોગ્રાફરે બે નેગેટીવો લીધી.

"વેઇટ ફોર ટેન મિનિટ્સ"—"હું જરા જોઈ લઉં."

કાચ ધોવાયા. સૂર્યના તડકામાં નેગેટીવો જોઇ બન્નેએ એક પસંદ કરી. ત્રણ કોપીનો ઓરડર લખી આપી બન્ને નીચે ઉતર્યાં.

"ચોઠે ડારે લઇ જજોજી." પેલા બુઢ્ઢા પારસીએ કહ્યું:
"આવજો જી."

ભોજન સમય થયોજ હતો. મુંબાઇમાં તો ભોજન સમય સાડાઆઠથી શરૂ થઇ સાડાબાર સુધી ચાલે છે. 'આર્યનિવાસ' પાસેજ હતી પણ કદાચ કોઈ ઓળખીતું મળે અને સત્તર વાતોનો ખુલાસો કરવો પડે એટલે પ્રભાકરે ત્યાં જવાનું માંડી વાળ્યું. ચીરા બજારમાં થોડાજ દિવસ ઉપર નવી "મહાત્મા ગાંધી લોજ" નીકળી હતી. ત્યાં કુટુંબો માટે જૂદી અને સારી સગવડ હતી. નવું નવું એટલે ખાવાપીવાની સગવડ પણ ઠીક સચવાતી હતી. અને બન્ને જણાં ત્યાં જમી ઓરડીએ આવ્યાં. મેનાએ ઓરડી સાફ કરી મૂકી હતી. નાનો કૂંજો પણ ભરી મૂક્યો હતો. જ્યાં ત્યાં ગોઠવી દીધું હતું.

"કેવી ભલી બાઈ છે!" સ્વચ્છતા અને ગોઠવણ જોઇ સોનલથી સહજ બોલી દેવાયું.

તેણે પોતાના પિતાને પત્ર લખવા વિચાર કર્યો, પણ ઓરડીમાં ખડીઓ કલમ ન મળ્યાં. પ્રભાકરના કોટમાં પેન હતી પણ શાહી વિનાની. બે ચાર વાર ખંખેરી જોઇ પણ શાહી હોય ત્યારે નીકળેને.

"પુરુષો કેટલા બેકાળજી હોય છે!"

તે મનમાંને મનમાં બોલી. તેણે પોતાની હસ્ત-પેટીમાંથી પેન્સીલ કાઢી. પત્રારંભ કેમ કરવો તેની તેને સમજ ન પડી.

તેને પોતાના લગ્ન અનંતરાય કાકાના પ્રભાકર સાથે થયાનું લખ્યું. પોતાના પિતા અને ગંગાબાની માફી માંગી. બિહારીને સંભાળવાનું પણ લખ્યું—બિહારીમાંજ પ્રેમ સંકલીત કરી, તેનું લાલનપાલન કરતાં પૂર્ણ શાંતિ રાખવાની પણ તેમાં વિનવણી કરી હતી.

"તમારે કાંઈ પત્ર લખવો નથી ?" તેણે ટપાલમાં નાંખવા માટે પ્રભાકરને પત્ર આપતાં કહ્યું.

"અંહ ! ?"

"કેમ એમ ?"

"અનંતરાય કાકા ને સાસુજીને તમારાં લગ્નની શી ખબર પડશે ?"

"પડવાની હશે તો પડશે. મારે પત્ર લખવો નથી."

"પણ તેનું કંઈ કારણ ? પિતાને તો પત્ર લખવો પડે."

"ખરૂં. પણ મારે નથી લખવો. હવે એ મારા પિતા રહ્યા નથી."

સોનલ જરા ચમકી. શું બાપ દીકરાનો સંબંધ બગડયો હતો ! ! તે ઘડીભર પ્રભાકર તરફ જોઈ રહી. પ્રભાકર આ વિષયમાં સીધો જવાબ દે એમ તેને ન લાગ્યું. હમણાં નહિ તો પછી આ હકીકત કાંઈ છૂપી રહેવાની છે ? તેણે એ વાત પડતી મૂકી.

સાંજ પડી અને બન્ને જણા વીકટોરીઆ ગાર્ડન્સમાં ફરવા ઉપડયાં. બાળપણની વાતો અને કોલેજની જીંદગીના કેટલાક પ્રસંગોની યાદ અને ચર્ચા કરતાં તેઓ બાગમાં ખૂબ ફર્યાં. પિતા સાથેના કજીયાની વાત કરતાં પ્રભાકર ઉશ્કેરાઇ ગયો અને મૂંગો થઈ ગયો હતો, પણ સાંજના શિતળ પવને તેના મૂખ પર પાછી પ્રસન્નતા આણી. તેમને જમવાનું નહોતુંજ. રાતના નવ વાગ્યા સુધી બાંકડે બેઠા. તેમની વાતો ન ખૂટી. બાગ લગભગ નિર્જન થયો. અને બન્ને ઓરડીએ આવ્યાં.

સૂવાના સાધનમાં એક શેતરંજી અને એક માણસ સૂઈ રહે એવડી પથારી સિવાય બીજું કશું જ નહોતું. એટલે સોનલે પ્રભાકર સામે જોયું. તે સમજી ગયો.

"એકલા માણસને ત્યાં તે કેટલી પથારી હોય ?" તે મીઠું હસતાં બોલ્યો.

"ચાદર હોય કે ન હોય ?"

"પડી હશે કાંઈ મેલી--આઠ દિવસે ઓરડી ઉઘડે છે."

"ઓઢવાનું પણ એકજ છે કે ?"

સોનલે ધીમેથી પૂછ્યું. તેની આંખ મીઠું–વિનોદનું–પ્રેમનું હસતી હતી.

પ્રભાકર કાંઈ ન જ બોલ્યો.

"ત્યારે સાડી પાથરૂં છું–તેના પર સૂજો" સોનલે પોતાની રૂપેરી પટાની સુતરેલ શ્વેત વાયલની સાડી પાથરતાં કહ્યું.

"આજે તો મધુરજની છે."

સોનલ કાંઇ ન બોલી. તેની પ્રેમવિવશ આંખો પ્રભાકરને બીનો બનાવતી હતી. એ આંખમાં આખ્ખાયે મૂળ ઉપર નિર્દોષ આશા–ભરી પ્રૌઢ નવોઢાનો પ્રેમ નૃત્ય કરતો હતો. પ્રભાકર સામેની નેતરની ખુરશી ઉપર બેઠો હતો ત્યાંથી ઊઠયો. તેને સોનલ આજે સુંદરતાથી પણ અધિક સુંદર લાગી. દેહ સુખ માંગતાં પ્રેમી હૃદયો એક નાદ, એક ઝણકારમાં તાલબદ્ધ થયાં હતાં. પ્રભાકરના હસ્તે સોનલના સ્થુળ દેહને પોતાની તરફ ખેંચ્યો. એક પવનની લ્હેરી આવી. અને ડોલતો દીવો બૂઝાઈ ગયો. મીઠા શીતળ ચાંદરણાં આઠ ફીટ સમચોરસ ઓરડીમાં પથરાઇ રહ્યાં હતાં. સોનલ પ્રભાકરનો પ્રયત્ન ચૂકવી બારીએ ગઈ. બારીનું એક બારણું તેણે બંધ કરી દીધું.

"ચંદ્ર ડોકીયું કરી દેખી જતો હતો ખરૂં ?" સોનલને હૃદયે ખેંચતાં પ્રભાકરે શરમથી સંકોચાતી સોનલને ટકોર કરતાં કહ્યું.

પ્રેમની મસ્તીએ બન્નેને ઘેલાં બનાવ્યાં. પ્રેમલગ્નની પ્રથમ મધુ-રજનીના મિલનનો પ્રસંગ વર્ણવ્યો સારો નહિ. અનુભવ્યો જ સારો.

શિયાળો હતો–પણ ટાઢ કર્યાં હતી! ! રાત્રિના કલાકો તેમને નાના થયેલા લાગ્યા. આંખ મિંચાઈ ન મિંચાઇ અને અદેખું પ્રભાત આવી ઊભું.

"દૂધ!" દૂધવાળા ભૈયાએ બારણાને બ્હારથી ટકોરો માર્યો. સોનલ જાગી ગઇ. વેલી–વિટપની ચૂડમાંથી, પ્રભાકર જાગે નહિ તેવી હલકથી તે છૂટી અને ઊઠતી હતી અને એટલામાં તો બારણે બીજા બે ટકોરા થયાઃ "દૂધ."

પ્રકરણ ૭ મું

લગ્ન જીવનના ઉંબરમાં

બારણું અર્ધ–ઉઘાડું કરી સોનલે દૂધ લીધું. સામે ઊભેલી મેનાની દૃષ્ટિ સાથે તેની દૃષ્ટિ મળી. બન્ને એકજ વાત સમજીને જાણે હસ્યાં નહિ હોય ?

સવાર પડી ગઇ હતી. વર્તમાનપત્રો વેચનાર ફેરિયાઓ રસ્તા પર હાંક મારતા દોડતા દેખાતા હતા. લોકોની સામાન્ય અવરજવર ચાલુ થઇ હતી. સામેની ચાલીમાં લોકો દાતણ કરતા ઊભા હતા. નજીકના માળા-માંથી ઘંટડી વાગતી સંભળાઈ. મુંબાઇના લોકો પણ દેવપૂજામાં માને છે શું ! સોનલને આશ્ચર્ય થયું.

લજ્જાની પ્રતિમૂર્તિ સમી સોનલને આજે ઓરડી બહાર જવું મુશ્કેલ બન્યું હતું. તે ભીંતે ટાંગેલા નાના અરીસા પાસે જઇને ઊભી. વાળ વિખરાયેલા હતા. વસ્ત્ર થોડું અસ્તવ્યસ્ત હતું. અધર અને કપોલ પરના આછા અણવિલાયા પ્રેમચિહ્નોએ તેને શોભિત કરી હતી. મેના પાસે જઇને ચાલમાં દાતણ કરવા તેને ઇચ્છા થઇ. લજ્જાએ પગ

ઉપાડવા ન દીધો. અમર્યાદ રસકેલી ભલે જગતમાન્ય હોય, તો પણ બંધનનું કારણ તો બને છેજ. પણ હૃદયો હેલે ચઢે તેને તે વળી મર્યાદાઓ કેવી? તેણે અંદરજ દાતણ કર્યું. અને અનેકવાર દાબી દાબીને આખું મ્હોં સાફ કર્યું. તેના પ્રયત્નો હઠીલાં રસચિહ્નોને પરાજય ન આપી શક્યાં. તે તો સોનલ સામે સ્મિત કર્યેજ રહ્યાં હતાં.

ઘરમાં ચાહ, ખાંડ કાંઇ છે કે કેમ તેની તપાસ કરતી સોનલથી અભરાઈ પર મૂકેલો ચમચો પડી ગયો અને પ્રભાકર જાગ્યો.

પાટિયા પર ઊંચા હાથ કરી ફાંફાં મારતાં કોમળ, પાતળી, ઊંચી સોનલ, પ્રભાતના કુમળા પ્રકાશમાં તેને ખૂબ મોહક દેખાઇ. એક ક્ષણમાં તે સોનલની ઘણી નજીક આવી ઉભો.

"હવે સવાર પડી, બારીઓ ઉઘાડી છે–" સોનલ ખસીને–હસીને–બોલી.

"પુરુષો સમય–સંજોગો કેમ ભૂલી જતા હશે?" તેને વિચાર આવ્યો.

જગતની લજ્જા સાચવવાનું કાર્ય જો પુરુષોને સોંપાયું હોત તો જગત ક્યારનુંયે મર્યાદાની હદ ઓળંગી, દુષ્ટ બન્યું હોત. પુરુષમાં રહેલું પૌરુષ તેને ઘણીવાર અસહ્ય, અમર્યાદ અને કેટલીકવાર તો હિંસક પ્રાણી સમો બનાવી દેતું નથી શું!

ખાંડ ચ્હા તો મળ્યાં; પણ ચ્હા કેમ બનાવવી! સંકોચાતી છતાં હિંમત ભેગી કરીને સોનલ, મેનાને ત્યાંથી સ્ટવ લઇ આવી અને સવારની ચાહ થઈ.

ઓરડીમાં કશાંજ સાધન ન હતાં. રાંધવું શા પર અને શેમાં? ચૂલો, સગડી કાંઇજ ન હતું. તપેલી, વાટકા, થાળી કાંઇજ ન હતું. અનાજની વાતજ શી? પડોશી પાસે વસ્તુ માગી લેવાય, પણ સવારથી સાંજ સુધી ખપ લાગતી તમામ વસ્તુ કંઇ લેવા જવાય! તેણે આખી ઓરડી ફરીને જોવા માંડયું. અનાજ, વાસણ, પાણીનાં વાસણ, કાંઇજ નહોતું.

"પહેરવાનાં કપડાં છે કે નહિ?" તેણે પ્રભાકર સામે જોઇ રમતમાં પૂછ્યું.

"તે પણ એવાંજ–અપૂરતાં." પ્રભાકરે હસતાં હસતાં કહ્યું.

ખરેખર હતું પણ તેમજ. ચાર લેંઘા, બે ગંજીફરાક, ત્રણ ખમીસ અને બે હાફકોટ સિવાય ઘરમાં કાંઈ કપડાં નહોતાં. એક ખૂણેથી કેટલા દિવસની મેલી ચાદર નીકળી.

"કુંવારા માણસો બધા આમજ રહેતા હશે?"

"બધાજ એવા. ત્યારેજ કહ્યું છે ને કે 'गृहिणीम् गृहमुच्यते'"

"જુઠ્ઠું."

"તારી ભૂલ થાય છે, કુંવારાને માત્ર ઘેર સૂવાનુંજ હોયને! હોટેલમાં ચાહ પીયે, લૉજમાં જમે, રાત સુધી રખડે, રાતે ઘેર આવીને સૂઈ જાય, કુંવારાની ઓરડીમાં તે શું મળે?"

"પણ તમારી પથારી અને ચાદરનાં પણ ક્યાં ઠેકાણાં છે." તેણે પ્રભાકર સામે ફરીને કહ્યું: 'ગંદાં.'

બન્નેએ નક્કી કરી દીધું કે આજે પણ 'મહાત્મા ગાંધી' લોજમાં જમવું. અને બપોરનો બધો સમય ખરીદી કરવામાં ગાળવો. ખરીદીની વસ્તુનું લિસ્ટ બન્ને જણાંએ અડોઅડ બેસીને કરવા માંડ્યું. લિસ્ટ અને વિનોદ બન્ને શરૂ થયાં.

"કહો, ઘર માંડવામાં શું શું જોઇએ?" સોનલે પ્રભાકરને પૂછ્યું.

"ઘર માંડવામાં પત્ની જોઇએ. અમે પુરુષો તો એટલું જાણીએ."

"તે તો ચાર પલ્લે આવીને બેઠી છે." બન્ને હસ્યાં.

"ત્યારે હવે બીજું શું જોઇએ તે વગર પત્નીની જાણે." પાછાં બન્ને હસ્યાં.

"ઘર માંડવામાં એકલી પત્ની ન ચાલે. પતિ–પત્ની બન્ને જોઇએ." બન્ને પાછાં ખૂબ હસ્યાં. "અને પૈસા પણ જોઇએ." સોનલે 'જોઇએ' શબ્દ ઉપર ભાર મૂકી કહ્યું.

"પૈસાની કોણે ના પાડી છે?"

"તો લાવો, બતાવો જોઉં. કેટલા રૂપિયા તમારી પાસે છે?"

પ્રભાકરે પાકીટ ઠાલવી દીધું. પોણીબસો રૂપિયાની નોટો અને બીજું છૂટું કરીને લગભગ એકસોબ્યાશી રૂપિયા પાકીટમાંથી નીકળ્યા.

"ચાલી રહેશે ?" પ્રભાકર બોલ્યો.

"તમારી કમાણીના કે ?"

"ત્યારે બીજા શેના ?"

"તમારી બૅન્કની ચોપડી બતાવો જોઉં!! તમે શું બચાવ્યું છે ?"

"બચાવ્યું ! એકલા માણસે તે વળી કોને સારૂ બચાવવાનું ?"

"એટલે તમારી પૂંજી એટલે આ એકસોબ્યાશી રૂપિયા, એક પથારી, પેલી મેલી ચાદર અને પેલાં આઠ–દસ કપડાં–બસ ?"

"અને એ સિવાય મારૂં હૃદય." વિનોદ કરતાં તે બન્ને હવે આર્થિક મૂંઝવણની ધરી પર આવીને ઊભાં રહ્યાં. જીવનને પગથિયેજ આર્થિક મૂંઝવણનો પ્રશ્ન આવી ઊભો જાણી સોનલને ક્ષોભ થયો. તેણે સહજ ઊંચું–પ્રભાકરના મુખ સામે જોયું. આર્થિક મૂંઝવણની કે બીજી વ્યથાની રેખાઓ પ્રભાકરના ચ્હેરા પર પણ તરી ઊઠી. આ વ્યથા સોનલની નજર બહાર ન હતી.

"પ્રભાકર, તમારૂં હૃદય એજ મારી પુંજી–મારૂં સૌભાગ્ય–મારૂં સર્વસ્વ, મને બીજા કશાની પરવા નથી." સોનલે કુમળો હાથ પ્રભાકરના હૃદય પર ફેરવતાં કહ્યું. ક્ષણભર તે આંખ મીંચી ગઇ. પ્રભાકરનો સુંવાળો હાથ તેના હૃદયથી દબાવી રહી હતી.

× × ×

લોજમાં જમી બપોરે બન્ને જણાં ખરીદીએ નીકળ્યાં. લિસ્ટ પ્રમાણેની ઘણીખરી ચીજો ગ્રાન્ટરોડ ઉપર મળી. ખરીદીમાં બન્ને જણ અનુભવ વિનાના હતાં. જે કિંમત વેપારીઓએ માગી તે આપી દીધી. સો રૂપિયાના માલના દોઢસો રૂપિયા આપ્યા. માલ લેવામાં ત્રણ કલાક વીકટોરિયા સાથે ફેરવી તેના પણ ત્રણ રૂપિયા થયા.

ઘર ગોઠવણી શરૂ થઇ. ગૃહવ્યવસ્થામાં સ્ત્રીઓ નૈસર્ગિક શક્તિ અને નિપુણતા ધરાવે છે. તેમાં વળી સોનલ છેક લાડકી રહી ન હતી. તેને

પોતાને ગૃહકાર્યની ઉલટ હતી અને ગંગાબા પણ તેને દરેક કામ શીખવવાની કાળજી રાખતાં. આથી સોનલ કેવળ પુસ્તકીયા વિદ્યાર્થિની ન હતી. ગૃહગોઠવણી, ગૃહવ્યવસ્થા બધુંજ તેને આવડતું. ઘરનું તમામ કામ કરવા, ઉપાડી લેવામાં એ સ્ત્રીજાતિની મહત્તા સમજતી. તે, પ્રેમમાં, હૃદયમાં, સંસ્કારી જીવનમાં માનતી. સુધારા તેને પ્રિય હતા. અને છતાં આગળ પડતું બોલવું, પુરુષોમાં નિરંકુશ હસવું, પહેરવા ઓઢવામાં છલછલાટ સોનલને પસંદ ન હતાં. તે સાદાઇમાં માનતી. સાદા નિર્મલ સંસ્કારો જીવનમાં અને સભ્ય ઉત્કૃષ્ટ વિચારો તેને પ્રિય લાગતા. શ્રીમંતને ઘેર જન્મી છતાં, કોઈ ગરીબનું ઘર સુંદર અને સુખી બનાવવાની સર્વ યોગ્યતા સોનલમાં કેન્દ્રીત થઇ હતી.

"પેલી ચામડાની બેગમાં તમે જો તમારાં કપડાં, બિસ્તર ગોઠવી દો તો, બીજું હું ગોઠવી દઉં."

"અને આ તમારાં કપડાં." સોનલનાં સાડી પોલકાં બતાવતાં પ્રભાકરે કહ્યું.

"તે મૂકવાનાં છે તો એ જ બેગમાં, પણ......"

"કેમ ગાડી અટકી." પ્રભાકરે કહ્યું.

"એટલાજ કારણસર કે, ઘણા પુરુષોને સ્ત્રીનાં વસ્ત્રોને અડવામાં પુરુષત્વની ન્યૂનતા જણાય છે." તે જરા અટકી અને ઉમેર્યું: "પુરુષોને સ્ત્રી ખપે છે; સ્ત્રીનાં અંગો ખપે છે; તેની સોબત, રસોઈ, માવજત, સ્ત્રીની તમામ સુશ્રુષા ખપે છે. પુરુષ સ્ત્રીની પાછળ ઘેલો બની શકે છે, તેની પૂતળીની જેમ પૂજા કરે છે, તેના હુકમો ઊઠાવવાને તત્પર રહે છે, અને આટલું છતાં સ્ત્રીઓનાં વસ્ત્રોને હાથ અડાડતાં તેમનું પુરુષત્વ જાણે ગળી જતું લાગે છે. તમારા પુરુષત્વનું અપમાન થતું ન હોય તો ગોઠવી દો."

"આટલું માર્મિક નહિ કહ્યું હોત તો નહિ ચાલત? !!"

"ચાલત તો ખરૂં પણ કહી દેવાયું. ખોટું તો નથી લાગ્યું ને?" સોનલે પ્રભાકર સામે મીઠું મીઠું જોયું.

"ભાષણ સુંદર કરી શકે છે એટલી સમજ પડી. તારાં વસ્ત્રો ઉપર ગોઠવું કે નીચે."

"પુરુષત્વનું અપમાન ન થાય તો ઉપર ગોઠવો."

"એટલે ?"

"એટલે એમ કે પત્નીનાં વસ્ત્રો ઉપર મૂકવાથી પતિનાં વસ્ત્રો માટે સ્ત્રી સામ્રાજ્યનો—અપમાનનો પ્રશ્ન ઊભો થતો લાગે તો મારાં વસ્ત્રો નીચે મૂકો."

"સ્ત્રી સામ્રાજ્ય, અમે પુરુષો પસંદ નહિ કરીએ."

"તો પછી સ્ત્રીઓએ પુરુષનું સામ્રાજ્ય કબૂલ કર્યા વિના કાંઇ છૂટકો છે ?"

"તમને સ્વતંત્રતા પોષાતી નથી તેનું શું ? સ્ત્રીઓને પુરુષ વિના ક્યાં ચાલે છે જ ?"

વિનોદ ચાલતો હતો અને મુલચંદ માસ્તર આવી પહોંચ્યા.

"હું કાંઈ મદદ કરી શકું એમ છું ?" ઘર ગોઠવાતું જોઈ તેમણે કહ્યું.

"નાજી, બેસો. એમાં ગોઠવવાનું છે શું !" પ્રભાકરે જવાબ દીધો.

"કેસરબેન સારાં છે ?—અને બન્ને બેબીઓ ?" સોનલે પૂછ્યું.

"બધાં સારાં છે."

"કેમ આવવું થયું ?" પ્રભાકરે પ્રશ્ન કર્યો.

"સહજ ઇચ્છા થઇ કે જરા જોઈ આવું કે, ઘર મંડાઈ ગયું કે નહિ."

"હમણાંજ બજારમાંથી આવ્યાં. ખપ પૂરતું અને સાંભર્યું તેટલું તો બધું જ આણ્યું છે. અને પછી તો જેમ જેમ સાંભરશે તેમ તેમ લાવતાં જઈશું."

"બરાબર ! હવે સોનલને ધીરે ધીરે મુંબાઇ બતાવવા માંડો. ભૂલેશ્વર જોયું ? ત્યાં બેનોની કેવી ચિકાર ભરતી રહે છે !" માસ્તરે ઉમેર્યું.

"આજે શાકભાજી ત્યાંથી જ લીધાં." સોનલે કહ્યું.

"બીજી કોઈ ખરીદી કરવી હોય, કાપડ લેવું હોય, દાગીનો ખરીદવો હોય તો એને કહેવું. કોઇથી છેતરાય એમ નથી." કેસરબેનના વ્યવહારગુણ ગાતાં માસ્તરે સોનલનું ધ્યાન ખેંચ્યું.

"મારે તો ઓળખાણુમાં હાલમાં તો કેસરબેન જ છે. ને બીજી ઓળખાણો થતાં થશે ત્યારે." સોનલે વિનયથી જવાબ વાળ્યો.

"અરે! એનું બધું કામ ચોક્કસ. માણસ ઓળખે, તેનાં વેણુ ઓળખે, સોદા કરવા બેઠી હોય તો વેપારી થાકે, એ નહિ થાકે. અમારી ચાલની બેનો ખરીદી કરવી હોય તો એને જ લઇ જાય છે."

"મારે જવું હશે ત્યારે હું પણ તેમને જ લઇ જઇશ."

સોનલ મુંબાઈમાં નવી આવેલી અને વળી કાચી વયની; કેસરબેન સાથે હોય તો, મુંબાઇની છેતરપીંડીમાંથી તે બચી જવા પામે એવી શુભેચ્છાવાળા મુલચંદ માસ્તરને સોનલના જવાબથી સંતોષ થયો.

"કંઈ કામકાજ હોય તો કહેજો." થોડીવાર બેસી તેમણે રજા લીધી.

"આપનો ઉપકાર" સોનલે કહ્યું.

"ઉપકાર નહિ, મેં તારૂં કન્યાદાન દીધું એટલે હું તારો બાપ થયો. મારે મન તું દીકરી. જે જોઇએ તે સંકોચ વિના તારે માગી લેવું."

"હું કયાં ના કહું છું." સોનલે ઊભા થતાં વિનય કર્યો.

પ્રભાકર અને સોનલ, માસ્તરને અડધી ચાલ સુધી વળાવવા ગયાં અને ઘર ગોઠવણીમાં ચાહનો આગ્રહ પણ કરી ન શકાયો તે બદલ માફી માગી.

માસ્તરનો નિર્મળ ચ્હેરો, સરળ સ્વભાવ અને ઉદાર વર્તન તેમને માટે સહજ આદર ઉપજાવે એવાં હતાં. અનંતરાયનો તેમના ઉપર પત્ર હતો. પ્રભાકર મુંબાઇમાં હોય અને તેના નિવાસની માસ્તરને ખબર હોય તો, સોનલ નામની એક યુવતિ તેની સાથે છે કે કેમ? હોય તો બન્ને પરણ્યાં કે હજુ અલગ્ન છે તેનો વળતી ટપાલે તેમણે ઉત્તર મંગાવ્યો હતો. પોતાના પત્રની હકીકત પ્રભાકરને ખબર ન પડવા દેવાની તેમાં ચેતવણી હતી. પણ સાથે એ પણ હતું કે, જો તેમનાં લગ્ન થયાં જ હોય તો, તેમની ગૃહવ્યવસ્થા માટે તેમની પાસે કાંઇ સાધન છે કે કેમ? અગર કાંઇ રકમ મોકલવી જરુરની છે કે કેમ? તેની પણ તપાસ કરીને ઉત્તર મંગાવ્યો હતો. આની તપાસ કરવા માસ્તર શાળામાંથી સીધા જ

પ્રભાકરની ઓરડીએ આવ્યા હતા. ગૃહવ્યવસ્થા જોઇ તેમને સંતોષ થયો. આર્થિક મદદ બદલ તેઓ પ્રભાકરને પૂછતાં પણ તેમને કેસરબેન યાદ આવ્યાં—જરુર હશે ત્યારે માગશે જ કે'ની એ વિચારે માસ્તરે મદદ માટે કશું જ કહેવાનું માંડી વાળ્યું.

કદાચ કેસરબેન પત્ર જોવા માગે તેથી અનંતરાયને આપવાનો ઉત્તર માસ્તરે પૉસ્ટ ઑફિસને ઓટલે જ લખી નાંખી ટપાલમાં નાંખ્યો. કેસરબેન ભૂલે એમ ન હતાં. તેમણે અનંતરાયના પત્રની યાદ આપી, માસ્તર પાસે ઉત્તર જોવા માગ્યો.

શાળામાં લખી નાંખી ઉત્તર ટપાલપેટીમાં પડી ગયાનું જાણતાં કેસરબેનથી ન રહેવાયું.

"તમે પહેલાં જેવા રહ્યા નથી. તમારામાં પણ ચોર પેઠો છે."

આમ કહી વ્હાલભર્યાં બે ચોંટીઆ કેસરબેને માસ્તરના ગાલે ભરી લીધાં. તે પણ ક્યાં વિનોદમાં પાછા પડે એમ હતું.

"તું ભાયડો થઇ હોત તો ભારે પડી જાત." તેમણે ધીરે રહીને કહી નાંખ્યું.

પ્રકરણ ૮ મું

નોકરીની શોધમાં

દિવસો વિતતા જતા હતા. પરિણીત જીવનો અપરિમિત મોહ ધીરે ધીરે ઓસરતો વ્યવહારૂ બનવા માંડયો હતો. જીવન, નિત્યકર્મમાં વિંટળાતું સ્થિતિસ્થાપકતા પામતું હતું. પ્રભાકર અને સોનલનો નિત્યનો જીવનક્રમ હવે સામાન્ય રીતે ગોઠવાઈ ગયો હતો.

સવારે છાપું વાંચવું; રસોઈ કરી લગભગ દશ સાડાદશ વાગે જમવું; બપોરે થોડું સુવું; સાંજે ચોપાટી પર બે કલાક ફરી આવવું. રાત્રે વાળું કરી કાંઇ થોડું વાંચવું વગેરે.

મેના કોઈ કોઈવાર પ્રભાકરની ગેરહાજરીમાં સોનલ પાસે આવતી. બન્ને જણુ ચાલુ વર્તમાનની વાતો કરતાં. અગર તો, મેના મધુર સ્વરે કોઈ કોઈ વાર ભજન ગાતી. તેને ઘણાં ભજન આવડતાં; અને સોનલ પાસે ગાવામાં તેને ઘણો આનંદ થતો.

મેનાને ચાલમાં બધાં સાથે બનતું. વીસ-બાવીસ વર્ષની આ કાઠિયાવાડની યુવતિને કામની તો આળસ નહોતી. ચાલની બધી સ્ત્રીઓને તે કામમાં મદદ લાગતી. તેના પતિ અમૃતલાલ એક રૂની પેઢીમાં કામ કરતા હતા, અને તેમને રૂ. ૬૦) પગાર મળતો. છ વર્ષ થયાં મેના પતિ સાથે રહેતી પણ એને બાળક થયું ન હતું. અમૃતલાલ ને મેના બન્નેનો સ્વભાવ નિર્દોષ અને સરળ હતો. નીચું જોઈને આવે અને નીચું જોઈને જાય. અમૃતલાલ પ્રેમાળ અને ભગવદ્ ભક્ત હતો. સવારે બે કલાક તેના પૂજામાં જતા જમીને ઓફિસ અને ઓફિસથી તે રાત્રે આઠ સાડાઆઠ વાગે તે ઘેર આવતો. પુરુષવર્ગ નવરો હોય તો, અમૃતલાલ તેની સાથે જમીને ઘણી વાર ગપ્પાં મારતો. પણ દસ વાગે તો સૂઈજ જવાનું. સ્ત્રી-પુરુષ બન્ને લગભગ એકજ સ્વભાવનાં એટલે તેમને ખૂબ બનતું. અને છતાં ચાલની સ્ત્રીઓએ પણ અમૃતલાલને અગર મેનાને સાથે ઊભાં રહેતાં, સાથે ચાલતાં અગર એકબીજા સામે હસતાં જોયાં ન હતાં. આમ કરવું તેમાં આ બન્ને અમર્યાદા માનતાં. પ્રેમ કરવામાં અને ટકાવવામાં અને ગૃહસ્થ જીવનમાં આમ કરવું તેમને મન અનાવશ્યક હતું. ગંભીર પ્રકૃત્તિનો અમૃતલાલ ચાલવાળાના હિસાબ કરી આપતો, આણવા મૂકવાનું ય કરતો હતો અને માગે તેને ગંભીરતાથી યોગ્ય સલાહ પણ આપતો.

સોનલ મુંબાઇ આવ્યા પછી તેણે બે-ચાર દિવસ સુધી સોનલ તરફ બારીકાઇથી નજર રાખી. પ્રભાકર ગમે તેવો હોય, પણ સોનલ તો કંઇ ખાનદાનની, ભણેલી, સુશીલ છોડી છે એવી તેને ખાતરી થઇ હતી.

"હું સોનલબેનને ત્યાં જાઉં તેમાં તમને કાંઇ હરકત છે?" એવું જ્યારે મેનાએ અમૃતલાલને પૂછયું ત્યારે તેણે જવાબ દીધો:

"જરા નહિ. સુખેથી જજો. છોડી ગર્વ લેવા સરખી છે.'

"બીચારી કેવી ભોળી છે જો! તે બહુ રૂપાળી છે અને એવી ડાહી છે. અને એણે એટલું બધું વાંચ્યું છે, અંગ્રેજી પણ ભણેલી છે." મેનાએ સોનલનાં વખાણ કરતાં કહ્યું.

"હા!! અને એ બધા સાથે એને ભણતરનો ગર્વ નથી અને સંસ્કાર છે."

અને ખરેખર સોનલ માટે આખી ચાલમાં સ્ત્રીવર્ગનો મત ઘણો ઊંચો બંધાયો હતો. તેનું કુદરતી લાવણ્ય તો આકર્ષક હતું જ, પણ તેની નિર્દોષતા, લજ્જા અને પ્રેમાળ સ્વભાવ, તેને સર્વત્ર પ્રિય બનાવી રહ્યાં હતાં. નાનાં બાળકો સોનુબેનની ઓરડી આગળ વિંટળાયા જ કરતાં. અને સોનલ તેમને કાંઈ ને કાંઇ ખાવાનું આપતી. આસપાસ બેસાડી, નાની હસવું આવે એવી વાર્તાઓ કહેતી. તેમની સાથે નિર્દોષ રમતો રમતી. તેમનાં મોં ધોતી, વાળ ઓળતી અને તેમને સુઘડતા શિખવતી. રવિવારે બપોરના સમયે સોનુબેનને ત્યાં નાની નિશાળ પણ જામતી. અને કોઇ કોઇ બાળકો તો તેને 'માસ્તર' પણ કહેતાં.

પ્રભાકર માટે ચાલની સ્ત્રીઓને બહુ ઊંચો ખ્યાલ નહોતો; ઊલટું નઠારો ખ્યાલ હતો. લગ્ન પહેલાં પ્રભાકર રાત્રે સૂવા આવતો. એ સિવાય ઓરડીએ બહુ રહેતો નહિ. અને ચાલનાં પુરુષ અને સ્ત્રીઓનો અભિપ્રાય એવો બંધાયો હતો કે, તે કોઇ રખડેલ માણસ છે. આવા માણસ સાથે સોનલ સરખી ભણેલી, ડાહી અને સુશીલ યુવતી પ્રેમલગ્ન કરે એ ચાલની સ્ત્રીઓને પસંદ નહોતું. તેમને મન સોનલ દયાપાત્ર બની હતી. 'બીચારી ફસાઇ પડી છે. લાગે છે તો કોઇ ખાનદાન માબાપની દીકરી, પણ કોઇની કંઈ ભૂલ થઇ છે.' આવું આવું ચાલની સ્ત્રીઓ કહેતી અને દિલગીર થતી. સ્ત્રી સ્વભાવમાં એવું છે કે, બે-ચાર ભેગી થાય ત્યારે નાની વાત પરથી મોટા તર્ક બાંધવામાં મુશ્કેલી નથી જણાતી. વાત એવા અનુમાન પર પણ આવી કે, દેહાર્પણ ભૂલમાં થયું હોય, માતૃત્વનો ભય હોય તો પછી બીજો રસ્તો શું? આવું કાંઇ હોવા વિના ચીલા બહારનાં લગ્ન ન થાય!

ગમે તેમ હોય, થોડા દિવસ વીત્યા બાદ સોનલ સામેનું વાતાવરણ ઉતાવળે સુધરતું ચાલ્યું હતું. અને જુવાન વહુ દીકરીઓ સોનલની ઓરડીમાં ભેગી થઇ, બપોરનો સમય ઘણીવાર આનંદમાં વિતાવતી.

થોડા દિવસ આમ વીત્યા. કરકસર કરતાં છતાં પહેલા દિવસની ખરીદીમાંથી બચેલી નાની રકમ ખૂટવા બેઠી.

"તમારો પગાર ક્યારે થવાનો છે?" એક દિવસે સોનલે પ્રભાકરને પૂછ્યું.

"આ બીજી–ત્રીજી તારીખે થશે."

"કેટલીક રકમ આવશે?"

"વળી શું આવવાનું છે! આવશે ત્રીશેક રૂપિયા."

"કેમ ત્રીશ રૂપિયા? તમે તો કહેતા હતા કે તમને માસિક સો રૂપિયા પેદાશ છે."

"ખરી વાત! પણ પગાર તો જેટલા દિવસ નોકરી કરે તેટલા દિવસનો મળે કે'ની?"

"એમ કેમ કહો છો? તમે આઠ દિવસ અમદાવાદ આવ્યા તે જ. તે સિવાયના દિવસોના લગભગ પોણોસો રૂપિયા તો તમને મળેને!!"

"હા! પણ આપણે મુંબાઇ આવ્યા ત્યારપછીનું તો કાંઇ મળવાનું નહિ."

"કેમ નહિ મળે?"

"નોકરી છૂટી ગઈ છે."

"તમારી કાંઈ કસુર થઇ?"

"કસુર અમદાવાદ આઠ દિવસ રહ્યો તે તું જાણે છે કે, મારે અચાનક આવવું પડયું અને ભૂલથી હું રજા માગવાની ભૂલી ગયો. અને કંપનીવાળાએ બીજો નોકર રાખી લીધો."

"તો પછી તમે તો રોજ ખાઇને ઓફિસમાં જાઓ છો!!"

"તારી ભૂલ થાય છે–એટલે કે તને લાગે છે કે, હું ઓફિસમાં જાઉં છું. ખરી રીતે તો હું નોકરીની શોધમાં જ રખડું છું."

"તો તમે મને એ વાત કેમ કહી નહિ?"

"એક હૃદયનો સંતાપ બેમાં વ્હેંચાવું મને ઠીક ન લાગ્યું."

"વહેંચે તમારો સંતાપ બહુ ઓછો થાત."

"મારે ઓછો નહોતો કરવો. તારી સુખસૃષ્ટિ સંતાપસૃષ્ટિમાં ફેરવવામાં મને અધિક દુઃખ થાત."

"અને તમારા દુઃખનો ભાગીદાર હું ન બની તેનું મને કેટલું દુઃખ થાય છે."

એ ક્ષણુની શાંતિ પથરાઈ. અશાંત સોનલે વળી પાછી વાત શરૂ કરી.

"નોકરીનો કાંઇ પત્તો પડયો?"

"કાંઈ નથી પડતો."

"કયાં કયાં પ્રયત્ન કર્યો?"

"મુંબાઇ સમાચાર વગેરે એક–બે દૈનિકમાં ગયો. મારા જૂના લેખો બતાવ્યા. કલાક કલાક બેસી ભાષાંતરો કરી આપ્યાં પણ તેમને ત્યાં માણસોની ભરતી વધારે હોઇ માત્ર મારૂં નામ ઉમેદવાર તરીકે નોંધી લીધું."

"બીજે કોઈ સ્થળે તપાસ કરી?"

"બીજે તો કયાં કરૂં–સાહિત્ય અને પત્રકારિત્વ વિના બીજા કયા સ્થાન માટે હું યોગ્ય છું!"

સરકારી નોકરી, બિનજવાબદાર અમલદારી અને સાહિત્ય, પત્રકારિત્વ સિવાય આપણા હાલના પદ્દવીધરો, બીજા વ્યાપારો, વ્યવહારિક ખાતાંઓ માટે ભાગ્યે જ લાયક બનવાનો પ્રયાસ કરે છે. પ્રફૂલ્લિત મને વિદ્યાભ્યાસ દરમિયાન લહેરીજીવન ગાળતા વિદ્યાર્થીને ખરેખરી વિટંબણા તો વિદ્યામંદિર છોડયા પછીજ ઊભી થાય છે. વ્યવહારિક જ્ઞાન તેમને મળતું નથી; તે મેળવવાનો પ્રયત્ન કરવો તેમાં તેમને લઘુતા લાગે છે. અને સાહિત્ય અને પત્રકારિત્વ માટે માત્ર થોડાજ લોકોને શોખ વધ્યો છે. અને આમજનતા વાંચન શોખ માટે પૈસા બચાવે એમ છે યે કયાં?

'મુંબાઈ સમાચાર'માં પાકું નામું જાણનાર મહેતાજીઓની અને શોર્ટહેન્ડ ટાઇપિસ્ટો માટેની જાહેરાતો ઘણી આવતી, પણ પ્રભાકરને એ કામ આવડતું નહોતું. એક દિવસ તેણે એક સેક્રેટરીની જાહેરાત વાંચી.

જાહેરાતમાં બતાવેલા સમય અને સ્થળ ઉપર તે જણાવેલા શિર-નામે હાજર થઇ ગયો.

"વલ્લભદાસ શેઠને મળવું છે." પેટન્ટ લેધરના બૂટ, કુમાશદાર, ઝીણું બારીક, શરીર દેખાય એવું ધોતિયું, સોનાનાં બટનવાળો લાંબો, ધોળો, ઊંચો કિંમતી સેનાનો કોટ અને માથે ઉત્તર દક્ષિણ આગળ પાછળની બે ચાંચવાળી કાળી ટપકાંની ભાટિયા પાઘડી પહેરી પગથિયાં ઊતરતા એક શ્રીમંતને પ્રભાકરે પૂછ્યું:

"શી બાબતમાં મળવું છે?"

"હું 'મુંબાઈ સમાચાર'ની જાહેરાત વાંચીને આવ્યો છું."

"ઠીક, બેસો. હું અડધા કલાકમાં આવું છું, પછી તમારી સાથે વાત કરૂં."

ઘડિયાળમાં સાડા દશ વાગ્યા હતા. વલ્લભદાસ શેઠની સાથેજ વાત થઈ હોય એમ પ્રભાકરને લાગ્યું. બેસવાનું કહ્યું એટલે થોડી આશા બાંધવાનું પણ કારણ મળ્યું હતું. સામાન્ય રીતે સાડા દશ વાગે જમવાનો સમય હતો. કલાક નોકરી માટે રોકાતાં પણ નોકરીનું નક્કી થતું હોય તો બેસવુંજ જોઇએ. પગાર પોણોસો હતો. અને બે માણસોનો નિર્વાહ ઘણી ખુશીથી થાય એમ હતું. પ્રભાકર રોકાયો.

સાડા અગિયાર વાગ્યા. થાકીને તે જવાની તૈયારી કરતો હતો, અને વલ્લભદાસ શેઠ આવી પહોંચ્યા.

"તમે ક્યાં સુધી ભણેલા છો?" તેમણે પૂછવાનું શરૂ કર્યું.

"જ્યુનીયર બી. એ. સુધી." પ્રભાકરે ધીમેથી જવાબ દીધો.

"તો પછી ગ્રેજ્યુએટ કેમ ન થયા?"

"આર્થિક સ્થિતિ નબળી તેથી."

"ભાટીયા છો?"

"જી. ના. દશા નાગર વણિક છું."

"વૈષ્ણવ છો?"

ધર્મ સંબંધે શું જવાબ આપવો એ પ્રભાકરને સમજ ન પડી. હાલના ભણેલા જુવાનો બાપદાદાનો સ્વીકૃત ધર્મ સ્વિકારવામાં લઘૂતા માને છે—અને તેમને જાતે તો ધર્મ સ્વિકારવાની જરૂરજ લાગતી નથી. કોઈ પણ ધર્મ સ્વિકારવા કરતાં બધા ધર્મો ઉપર ટીકા કરવી એ શું ખોટું ? પ્રભાકરને છેલ્લા પ્રશ્નનો જવાબ આપતાં સંકોચ થયો. શેઠ એ સમજી ગયા.

“ તમે કોઇ પણ એક ધર્મમાં ચોક્કસ માનતા નહિ હોવ. ” શેઠે પૂછ્યું.

“જી, નાજી. પણ હું હિંદુ ધર્મમાં માનું છું.”

“ એટલું યે માનો છો તે સારૂં છે” શેઠે ટકોર કરી. પ્રભાકરને આ ટકોર પસંદ પડી.

“તમારી નોકરીનો તમને ખ્યાલ આપવો જોઈએ.” વલ્લભદાસ શેઠે ખુલાસો કરવા માંડયો.

“તમારે સવારે સાડા સાત વાગે અહીં આવવું જોઇશે. ઘરમાંથી નાકશ્તો કરી લઈ, શાકભાજી વગેરે બધી ચીજો બજારમાંથી લાવવી પડશે. પછી તમારે દોઢ કલાક મારી સાથે બેસવું પડશે. પત્રવ્યવહારમાં મને મદદ કરવી પડશે. અને ન્યુસ પેપરો, કાગળો અને બીજાં બીલો વગેરે ફાઇલ કરવાં પડશે. અગિયારથી ત્રણ સુધી તમને દરરોજ છુટ્ટી મળશે. ત્રણ વાગ્યાથી તમારે ન્યુસ પેપરનાં કટીંગ કરવાં પડશે. અને સાંજે બાળકો શાળામાંથી આવે તેની સાથે બહાર જવું પડશે. રાતે આઠ વાગે તમે છૂટા થશો. મહેનતુ માણુસ માટે નોકરી આકરી નથી. તમારાથી થશે કે કેમ તે તમે જાણો.”

પ્રભાકરને વિચારમાં પડેલો જોઇ વલ્લભદાસે કહ્યું: “ હા, વિચાર કરી જૂઓ. ” તે અંદરના ઓરડામાં કપડાં કાઢવા ગયા.

પ્રભાકર વિચારે ચઢયો. નોકરી આકરી નજ કહેવાય. આ નોકરી માટે પોણોસોનો પગાર પણ ઓછો ન કહેવાય. પણ પ્રભાકરે જીંદગીમાં કાછીઆની દુકાન જોઈ નહોતી. બાકી શાકભાજી લાવવા સરખા નાના કામમાં પણ આવડત

ન જણાય તો તુરત રજા મળે. કાળજી રાખે તો શાકભાજી તો સારાં લાવી શકાય. બીજી ખરીદી પણ કરી શકાય, પણ કોલેજમાં બી. એ. સુધી ભણીને શું આખરે શાકભાજી લાવવાં. શેક્સપીયર અને શેલીના રમ્ય અને ઉત્કૃષ્ટ નાટયો અને કાવ્યોની વિહાર લહરીમાં હિલોળે ચઢેલું મગજ કાછીઆ સાથે શાકભાજીના ભાવ ઠરાવવામાં અને કારેલાં કોથમીરની પસંદગીમાં રોકવા સર્જાયું નથી એમ તેને લાગ્યું. વ્યવહારમાં આવી નાની ખરીદીઓ કરવી એ કોલેજના ભણતરનું અપમાન કરવા જેવું છે એમ તેને લાગ્યું. અને સોનલ જાણે તો શું કહે! એનો પતિ લોકોના શાકભાજીની ઝોળીઓ ઊંચકે છે, અને નાના બાળકોનો ગોવાળ બને છે. અને સાંજે શેઠના બાળકોને લઈને તેમની ઈચ્છા હોય ત્યાં ફરવા લઈ જવાં. એટલે શું? સોનલ સાથે કોઈ દિવસ બહારજ ન જવાય. અને સંધ્યા સમયે, પત્ની સાથે કલાક બહાર ફરવા ન જ જવાય.

તો પછી લગ્ન કરવામાં અર્થ શો રહ્યો!! લગ્ન તો લગ્નજીવન ગાળવા માટેજ કરવાનાં હોય ને!! નોકરી ફુમળી પણ ઢંગ વિનાની—એક વાત બની શકે, જો સવારના શાકભાજીનું લફરું નીકળી જાય તો, તે સવારે સોનલ સાથે ફરવા જઈ શકે. અને બીજુ વધુ કામ કરવામાં તેને બહુ નાનમ ન લાગી.

પ્રભાકરની વિચારગ્રસ્ત અવસ્થા હજુ પુરી નહોતી થઈ એટલામાં તો વલ્લભદાસ શેઠ બહાર આવ્યા.

"કેમ શું વિચાર કર્યો."

"આપ શાકભાજી અને બજાર માટે બીજો કોઈ માણસ નહિ રાખી શકો. શાકભાજી લાવવા કરતાં કોઈ મારો વધારે સારો ઉપયોગ કરી શકો છો."

વલ્લભદાસ માથે હાથ ફેરવતાં જરા હસ્યા.

"એમ છે મીસ્ટર—કે મારે ત્યાં દરેક કામ માટે જૂદા જૂદા માણસો છે. આ તો અમારો બજાર મહેતાજી વીસ વર્ષની નોકરી પછી ગુજરી ગયો તેથી જાહેરાત આપવી પડી છે."

"આપની જાહેરાત ભૂલાવામાં નાંખે એવી છે."

"કેમ ! ! સેક્રેટરી લખ્યું તેથી ? સેક્રેટરી એટલે મહેતાજી."

"પણ ! ! આવું શાકભાજીનું કામ કરનારને આપ સેક્રેટરી ન કહી શકો."

"શબ્દોના અર્થની મીમાંસા આપણે પછી કરીશું. મારે ત્યાં દરેક કાર્યવિભાગને એક સરખું મહત્વ આપવાનો રિવાજ છે. વલ્લભદાસે વાત ટૂંકાવી. "ઠીક એમ કહોની કે તમને શાકભાજી લાવવામાં નાનમ લાગે છે."

શેઠ ઊઠયા, નજીકમાં ઉભેલા નોકરને તેમણે કહ્યું:—

"રામા, આ ભાઇ જાય એટલે બારણું બંધ કરજે."

નોકરી જતી કરવામાં પોતે ભૂલ કરી હતી કે શું તે વિચાર પ્રભાકરના મનમાં ઘોળાયા કરતો હતો. આર્થિક દૃષ્ટિએ તેને ખરેખર ભૂલ જ કરી હતી.

બચેલી નાની પૂંજી ખપી જવા આવી હતી. કેટલીક ઉધારે આવતી ચીજોનાં બીલો માસ આખરે ચૂકવવાં જ પડે. પણ ત્યારે શું તે શાકભાજી ખરીદ કરવા જ્યુનીયર બી. એ. સુધી ભણ્યો હતો.

અનંતરાય હેડમાસ્તરનો દીકરો પ્રભાકર, શું શાકભાજી લાવવાની અને બાળકો સંભાળવાની, પુરુષ આયાની શુદ્ર નોકરી કરવા સરજાયો હતો ?—નહીં જ.

બપોરના લગભગ બાર વાગ્યા હતા. સોનલ ઓરડીના બારણામાં વાટ જોતી ઊભી હતી. અને પ્રભાકર ચાલતાં દાદરના પગથીઆં ઘસતો ઉપર ચઢયો. ભૂખ અને તાપે તે અકળાયો હતો. શિયાળો અને શિતળ ટેકરીઓનો ચઢતા સૂરજનો તાપ કેટલીક વાર આકળો જણાય છે.

"આજ કાંઇ ખૂબ રોકાઇ ગયા" સોનલે પ્રભાકરનો કોટ ખીંટીએ મૂકતાં કહ્યું.

"પહેલાં જમાડ પછી વાત"

બન્ને જમ્યાં અને પ્રભાકરે નોકરીની વાત માંડીને કહી.

"શા માટે ના કહી આવ્યા. શાકભાજી હું તમને લાવી આપત.":

સોનલે દુ:ખીત સ્વરે કહ્યું. "તમે જાણો છો ઘરમાં હવે કેટલી સિલિક બાકી છે તે."

"માન કે કોડી નથી, પણ તેથી શું હું તને ભૂલેશ્વરમાં ભટકતી કરું?"

."ભટકતા થવાનો ક્યાં પ્રશ્ન છે. હું તમારી સાથે આવત કે'ની! બધું ખરીદ કરી આપત, ભૂલેશ્વરમાં તો રોજ સેંકડો સ્ત્રીઓ શાકભાજી વિગેરે ખરીદ કરવા આવે છે, ખરીદી થાત અને ફરવાયે નીકળાત."

"હશે મારે તને નથી મોકલવી. અને શાકભાજીનો થેલો ઉંચકી હું શેઠને ઘેર લઇ જાઉં એમ?"

"નોકરી મોંઘી હોય ત્યારે એવું કરવું જ પડે તો."

"સોનલ?–પ્રભાકર ક્ષણવાર સોનલ સામે જોઈ રહ્યો. "મારાથી એ નહિ બને." તે અંગ્રેજીમાં બોલ્યોઃ "These hands that handled WORKS of Shakespeare and Shelly–would not handle a hammer"

પ્રભાકરના અવાજમાં દુઃખ હતું. હૃદયમાં વેદના હતી. સાથે સાથે વિચારનો ગર્વ અને પ્રતિષ્ઠાનો ભંગ પણ હતો. સોનલે વાત પડતી મૂકી.

અને પછી તો 'મુંબઈ સમાચાર'ની ટૂંકી જાહેરાતો તે રોજ જોઇ જતી અને રાતી પેન્સીલના લીટા મારી તેના પર પ્રભાકરનું લક્ષ દોરતી. મહીનો પૂરો થયો. બે દિવસથી શાક મસાલો બંધ થયાં હતાં. પ્રભાકર જમતો પણ સોનલને લાગતું કે તે ભૂખ્યો ઊઠતો. સોનલ જમતી છતાં તેને પણ કોળીઓ કોઈવાર મોંમાં ચોટતો અફળાતો લાગતો. શ્રીમંતની દીકરીઓ ગરીબાઈમાં ટેવાય ત્યાંસુધી તેમને આવું કેટલુંક તો ભોગવવું જ પડે છે. સ્ત્રીની સહનશક્તિ પણ અજબ છે. પતિના સુખ અને આનંદ ખાતર હૃદય દુઃખ અગર નાની મોટી અગવડ અગર સંતાપ દબાવી, હસ્તે ચહેરે ઘણીયે સ્ત્રીઓ પોતાના સંસાર નિભાવે છે. અને તે વળી મૂંગે મ્હોંયે. પતિગૃહનો ગર્વ, પતિનું સુખ અગર પ્રેમભર્યો સંસર્ગ, ઘણીયે યુવાન બ્હેનોને આવી વ્યથાઓ માત પિતાથી પણ ઢાંકવા, અજાણ રાખવા પ્રેરે છે.

"એક ટંક ચલાવી લેવાય પણ ભૂખે કેમ રહેવાય!! સોનલ કોઈવાર વિચારે ચઢતી અને હસતી પણ ખરી." કેવા ગાંડા વિચાર! એમને નોકરી

કંઈ મળ્યા વિના રહેવાની છે, આજે નહિ તો પંદર દિવસે અને બે માણસના નિભાવમાં તે શો ખર્ચ થવાનો છે."

"તમારો પગાર ત્રીજીએ થાય છે કે પાંચમીએ. માસ બદલાયો અને સોનલે બીજી તારીખે પ્રભાકરને યાદ આપી."

"અરે! હાં! પાંચમી સોરો થશે. એકાદ દિવસ વહેલોમોડો પણ થાય."

"પાંચ દિવસ તો નીકળી જશે. સોનલને પોતાની સાડી ફંફોળતાં એક સાડીની ઘડીમાંથી પાંચ રૂપીઆની નોટ જડી હતી. એટલે તુરત વેળા કાંઈ વાંધો આવે એમ નહોતું.

"પણ પગાર થાય કે તમે તેજ દિવસે લાવજો હોં." સોનલે કહ્યું.

અને બારણા ઉપર એક મોટો જોરદાર મૂઠીનો મૂક્કો પડયો.

પ્રકરણ ૯ મું

પૈસાની તાણ

અડધું બારણું ઉઘાડયું અને સોનલે બહાર શિવનંદનને જોયો. શિવનંદન ઉત્તર હિંદુસ્તાનનો બ્રાહ્મણ હતો. ચાલીના ભૈયા તરીકે તે બુઢ્ઢો થયો હતો. ખાસ્સો ૭ ફીટ ઉપરાંતનો શીવનંદન વીસ વર્ષ ઉપરાંતથી તે ચાલીનું કામ કરતો એમ જૂના ભાડુતે કહેતાં. લગભગ પચાસ પંચાવન વર્ષની વય છતાં તેનું શરીર કદાવર દઢીબંધ હતું. જુવાનીમાં તેણે પહેલવાની કરેલી અને આજે પણ આસપાસના બસો–પાંચસો ભૈયાનો તે સરદાર ગણાતો જાતે બનાવીને ખાતો. રોજ તુલસીકૃત રામાયણ વાંચતો અને દરવાજે સાચવતો. ચાલનાં બાળકો તેને ભૈયા કાકા કહેતાં અને તેનં સાથે રમતાં અને શિવનંદન પણ બાળકોને અવારનવાર રેવડી, ચણા પીપરમીંટ, કોપરૂં એવું કાંઇને કાંઇ આપતો એટલે બાળકો રોજ તેન આસપાસ વીંટાતાં. ઓરડીઓ તેજ ભાડે આપતો અને ભાડુ પણ તેજ

ઉલરાવતો. ભાડૂતો સાથે ખૂબ વિનયથી વર્તવાની તેને ટેવ હતી અને શેઠને શિવનંદન પર પૂરેપૂરો વિશ્વાસ હતો.

"કયોં બાઇજી અચ્છે હોના–જુવાન શેઠકો બોલ દેના તીન મહિનાકા ભાડા ચઢા હૈ. ઔર શેઠકા હુકમ હૈ–નોટીસ દો ઔર ખોલી ખાલી કરવાઓ— શેઠજીકો કહ દેના કે પાંચ–સાત–આઠ તારીખ તક ભાડા મીલ જાના ચાહીએ."

"ઠીક હું શેઠને કહીશ,"

"હાં! બાઇજી! ફીર શેઠકો બી હિસાબ દેના પડતા હૈ"

"નહીં, નહીં–આ મહિને આપી દઇશું."

"અચ્છા જય રામજીકી."

સોનલનો સંતાપ વધ્યો. પ્રભાકરના ત્રીસ રૂપિયા પગારના આવશે. તેતો ભાડામાં ચાલ્યા જવાના. તો પછી નિત્ય ખર્ચનું શું?

"આટલું ત્રણ માસનું ભાડું કેમ ચઢયું? સોનલે પ્રભાકરને પૂછ્યું. પ્રભાકર દાઢી કરતો હતો. આજના કોલેજીયનો–યુવાનોને સ્મશ્રુ કર્મ સવારમાં નથી ફાવતુ. સામાન્ય રીતે તેમને મોડા ઉઠવાની ટેવ પડી હોય છે, તેમાં ચાહ વિના શરીરમાં જીવ નથી આવતો. ચાહ પીધા વિના શૌચ નહિ અને તે પછી તો પેપર વાંચવાનું હોયજ.

હવેનાં દૈનિકો પણ કયાં નાનાં છે! હિંદુસ્તાનની, પરદેશની ખબરો તો વાંચવાનીજ હોય, તે ઉપરાંત કોઈ કોઈનાં અગત્યનાં ભાષણો, અગત્યનાં વિવેચનો અને અગ્રલેખ વાંચ્યા સિવાય રાજકિય પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ ન આવે–ત્યાંસુધીમાં તો એકાદ રસીલી પ્રેમકથા કે બ્હારવટીઆની વાત, રજપૂત ઇતિહાસના એકાદ જૂના તેજસ્વી પ્રસંગના એક બે કોલમ દૃષ્ટિ પર પડે, અને તે વિભાગ વાંચવોજ પડે. આમ કરતાં સવાર વિતી જાય, નહાવા અને ખાવા જેટલોજ સમય રહે, એટલે જુવાનોને સ્મશ્રુ માટે બીજા પ્રહરના આરંભ કે અંત ભાગમાં અનુકુળતા શોધવી પડે છે.

સાબુના ફીણથી બનેલા શ્વેત શિખરોથી શોભતી દાઢીનાં દર્શન કરાવતા પ્રભાકરે બેદરકારીભર્યો જવાબ દીધો.

"ચહેયે ખરું—એનાં કાંઈ કારણો હોય છે."

પતિનો વિચાર કારણો આપવાનો ન હોય ત્યારે કજીઆ અને સંસારના કજેતા અટકાવવા સુશિલ પત્નીએ ચૂપજ રહેવાની જરૂર હોય છે. આ સુવર્ણ નિયમને માન આપી સોનલે બોલવું બંધ કર્યું.

હજામત પૂરી થઇ ગઈ અને પ્રભાકર ઊઠયો, મોં ધોયું અને બહાર જવાને કપડાં પહેર્યાં.

આરસી, કાતર, અસ્ત્રો, પાણીની વાડકી, નખણીયું, બધુંજ જ્યાંને ત્યાં પડી રહ્યું હતું. લગ્ન પછી હજામતના આ અસ્ત્ર-શસ્ત્રો પત્નીએજ સાફ કરવાં જોઇએ એવા વિચારે નહિ, પણ બ્હારની દુનીઆ સાથે સંસર્ગમાં રહેવા માટે અવશ્ય એટલી અને તે સમયની ટાપટીપ વિના બીજી કોઈ વસ્તુ તરફ બેદરકાર રહેવું એ હાલના જુવાનોનો સહજ સ્વભાવ થઇ પડયો છે. કોલેજમાં શું કે કોલેજની બહાર શું, પરણ્યા પહેલાં કે પરણ્યા પછી કેટલાં યે વર્ષ સુધી આ બેદરકારી તેઓ વેગળી કરી શકતા નથી. આ સ્વભાવ કેટલાકને તો જન્મભર ટકે છે. અને બાર બાળકની માતાએ પણ આવા પતિની બેદરકારીથી વધેલા કામનો બોજો ઉપાડી લેવા થોડોક વધારે સમય ફાજલ પાડવો પડે છે.

જીવન વહેવાર, કરકસર, સ્વચ્છતા અને નાની મોટી ચીજની દરકાર વિના, વ્યવહાર સામાન્ય રીતે મોંઘો અને કવચીત વસમો પડી જાય છે. મૂર્ખ બનવાના પ્રસંગો પણ આવે છે, પણ તેની હાલના જુવાનોને નાનમ નથી લાગતી "આજે બની ગયા દોસ્ત"!! કહી તે પોતાની મૂર્ખતા અગર ભૂલ માટે દુર્લક્ષ રહે છે, પણ આ બેદરકારી પોતાનું મૂલ્ય લીધા વીના નથી રહેતી અને આ અનુભવ યુવાનોના મોટા વર્ગને થતો, છતાં વિદ્યાર્થીજીવન દરમ્યાન અને તે છોડયા પછી પણ આ બેદરકારી કાયમ રહે છે. અગર તો તેમાં ઝાઝો ફેર નથી પડતો.

વિદ્યાર્થીગૃહની એકાદ રૂમની અચાનક મુલાકાત લ્યો, અગર એકલા રહેતા કોઇ યુવકની ઓરડીમાં ઘૂસી જાઓ અને તેની પથારી તરફ નજર કરો, ઉસીકું ઘણીવાર વચમાં બેવડ વાળેલું; ઓઢવાનું માથા આગળ લોચો

વાળીને મૂકેલું અને ચાદરની ઉંડસ–ગુંડસ પડયાના અનુભવ વિના તમે ભાગ્યેજ પાછા ફરશો.

લેંઘો કાઢીને તેને રીતસર ખીંટીએ મૂકવાને બદલે તેને ખીંટી પર ઉરાડવો, એ વસ્ત્ર ગોઠવીને મૂકવાની યુવાનો માટે એક શાસ્ત્રીય પદ્ધતિ થઇ પડી છે. અને આમ માત્ર લેંઘો અગર કોટ ઉરાડે વગી અટકતી નથી. જોડા પણ પગ ઠોકી ઠોકીને કાઢી, આમ ઉરાડી દેવાનીજ ફેશન છે, અને આ જોડા જ્યારે પાછો પહેરવાનો હોય ત્યારે ઓરડીમાં ઉત્તરથી દક્ષિણ સુધી નજર નાંખી તેને શોધી કાઢવો પડે છે. જોડા પહેરવામાં પણ નિરાંત અગર સમય બહુ ઓછો રહે છે. જોડા તો વાત કરતાં અગર કોઇ ચર્ચાની ધગધગાટમાંજ પહેરાય અને ચર્ચાના કોઇ તિવ્ર પ્રસંગે જોડા પગમાં ઘાલવા અને દોરી બાંધી યથાસ્થીત પહેરી રહેવા વચ્ચે પા કલાક તો સહજ નીકળી જાય છે. આવા યુવકોના હજામતના અસ્ત્ર–શસ્ત્રો જ્યારે બીજી વાર આ આયુધોનો ખપ પડે ત્યારેજ શોધી, વીણી ભેગાં કરવાનાં હોય છે. અને તેના ઉપરનાં સાબુ ફીણ અગર વાળ દૂર કરી તેને સ્વચ્છ કરવાની ફુરસદ પણ આ ઉગતા સમાજ અને રાષ્ટ્રનેતાઓને બીજી હજામતને સમયેજ મળે છે. માથાની સેંથી અગર વાળ ગુચ્છ અને તેને માટે જરૂરી એવી નાની આરસી, કાંસકીની તેમની કાળજી માબાપે પરિશ્રમ અને પરિસ્વેદથી પ્રાપ્ત કરેલા અને અનેક આશાએ વિકટ સંજોગોમાં પણ પુત્રના શિક્ષણ માટે ફાજલ પાડી મોકલેલાં નાણાંના સુવ્યયની કાળજી કરતાં ચઢી જાય છે.

પ્રભાકર આ બેદરકારી અને બીનજવાબદારીની ટેવોમાંથી હજુ બહાર નીકળ્યો નહતો. આ ટેવને પરિણામેજ તેની ખોલી સોનલ આવી ત્યારે ગંદી હતી. અને ત્યાર પછી પણ પ્રભાકરની ચીજો, વસ્ત્રો, પુસ્તકો, વ્યવસ્થિત મૂકવા--ગોઠવવાનું કામ સોનલનેજ કરવું પડતું.

તેમાં વળી આજે પ્રભાકરનું ચિત્ત વ્યગ્ર હતું. તેને નોકરી હતીજ નહિ. નોકરીનો પગાર આવવાની જે વાત તેણે સોનલને કહી હતી તે સાચી નહોતી અને છતાં તે સોનલ પાસે જૂઠો ઠરે એ પણ તેને ગમતું નહોતું. પત્ની પાસે જૂઠા ઠરવું એ પતિને મન મોટામાં મોટી નાનમ છે. તે વિચાર કરતો હતો કે આ ત્રીસ રૂપીઆ લાવવા કયાંથી? બનાવટ કયાં સુધી

નહી શકે, સાતમી અગર આઠમી તારીખે તો તેણે એ રકમ ઘરમાં આપવીજ પડે!! નહિ તો પગારની વાત ખોટી ઠર્યા વિના રહે નાહ. રકમ ક્યાંથી, કેવી રીતે મેળવવી એનો વિચાર પત્નીની હાજરીમાં કરવો એ પણ ઠીક નહોતું. વિચારમાં ઊંડા ઉતરી જવાય અને વળી પાછા પત્ની અનેક અટપટા પ્રશ્નો પૂછવા શરૂ કરે, આ કપરો પ્રસંગ ટાળવા પ્રભાકર બહાર જવા તૈયાર થયો.

"ઓફીસમાં જઇ આવું"

પ્રભાકરના ચ્હેરા પર ચિંતા હતી. આજે તેણે જતી વખતે સોનલને હંમેશનું ચુંબન પણ નહોતું કર્યું. તેનું સ્મિત પણ મોળું હતું. અત્યાર પહેલાં ઓરડી બહાર સંભળાય એવે સ્વરે તેણે પ્રભાકર સાથે વાત પણ કરી ન્હોતી, પણ આજે પ્રભાકરના મૂખ પર ગ્લાની જોઇ તેને ચિંતા થઇ.

"જરા અંદર આવીને જાઓ ને" તેણે જતા પ્રભાકરને પાછો બોલાવતાં કહ્યું, અને પ્રભાકર પાછો આવ્યો.

સોનલે ઓરડીનું બારણું બંધ કર્યું અને એક ક્ષણમાં તો તેનો હાથ પ્રભાકરને ગળે વીંટાઈ વળ્યો. સામા મકાનની પડોસણે બારી બંધ કરી. સ્ત્રી સ્વભાવ સ્ત્રીની લજ્જા સાચવવા હંમેશાં તૈયાર હોય છે.

"પૈસાની ચિંતાએ તો તમને બે દિવસમાં અડધા કરી નાંખ્યા." તમે જરાય ગભરાશો નહિ."

તેણે ધીરે રહી પોતાની આંગળી પરની હીરાજડીત વીંટી પ્રભાકરના ગજવામાં સેરવી દીધી.

"આ ક્યારે ખપમાં આવશે" તે મધુરા હસ્તા વદને બોલી.

"એના ઓછામાં ઓછા પાંચસો રૂપીઆ તો આવશેજ."

અને ઘડી ભર પ્રભાકર સોનલની હસતી આંખ અને ઓઠ પર રમતા નિર્દોષ અને પ્રેમભર્યાં સ્મિત તરફ જોઇ રહ્યો. પોતે શું સોનલ જેવી સુંદર, પ્રેમાળ, શાણી અને ગુણીઅલ સ્ત્રી માટે લાયક હતો? કાંઇક આવા વિચારો તેના હ્રદય પર ટકોરા મારતા હતા.

"રહેવા દે તારા દાગીના ઉતારવાનો વખત પ્રભુ ન લાવે" તેણે વીંટી પાછી આપતાં કહ્યું. અને પ્રેમનાં, વ્યથાનાં, કે શાના? પણ બે આંસુનાં બોર જેવડાં બિંદુઓ સોનલની આંખના ખૂણામાં ઉભરાઇ આવ્યાં.

⊠

પ્રકરણ ૧૦ મું

પૂર્વવૃત્તાંત

પ્રભાકરના શિર પર આજે વિચારનો ભાર વધી પડયો હતો. તેને મુલચંદ માસ્તર પાસે અમદાવાદ જતી વખતે રૂપિયા લીધેલા તે તો દેવા હતાજ, તે ઉપરાંત ઓરડીનું ત્રણ માસનું ભાડુ ચડયુ હતું. દૂધવાળાનું પણ ત્રણ માસનું બીલ બાકી હતું. બજારમાં સીગરેટ વિગેરેનું પણ તેનું કેટલુંક પરચુરણ દેવું હતું. જ્યાંસુધી છસો રૂપીઆની ગોઠવણ ન થાય, ત્યાંસુધી આ ઉભુ દેવું પતે એમ નહોતું. અને તેમાં વળી હવે તો વ્યવહારનો માસિક પંચોતેર રૂપીઆ સુધીનો ચાલુ ખર્ચ કરવોજ પડવાનો.

છેલ્લા ચારેક દિવસથી આ વાત પ્રભાકરને મુંઝવી રહી હતી. તે એકલો હતો ત્યારે તો ગમે તેમ કરીને ચલાવી લેતો. મહીનાની શરૂઆતના દિવસોમાં ખોલી પર આવતો નહિ. આવતો તો મોડી રાતે આવી વહેલો ઉઠીને પાછો જતો રહેતો. પણ હવે તો તે ગૃહસ્થ બન્યો હતો. તેનું જીવન ગૃહસ્થાશ્રમી જીવન બન્યુ હતું. સોનલ ચોવીસે કલાક ખોલીમાં રહેતી અને માંગનારાઓ હવે તો ઉઘરાણી કરી તેનું ઘર તોડી પાડવાનો સંભવ હતો. ઉઘરાણી કરનારને નાણાં મળવાંજ જોઈએ. નહિ તો તે ગમે તેવું બોલે.

પ્રભાકર આ બધાને પહોંચી વળે એમ હતો. બે વર્ષ મુંબાઇમાં રહીને મુંબાઇગરો બની ગયો હતો. મુંબાઇનો ગૃહસ્થ શહેરી નહિ. જે ગૃહસ્થી જીવન ગાળે, આખો દિવસ બેઠી નોકરી કરે અને સાંજે ખરીદી કરી ત્યાર પછીનો દિવસનો બધો સમય કુટુંબ સાથે વિતાવે. પ્રભાકર આવો ગૃહસ્થ રહ્યો નહતો. તે કોલેજના જ્યુનિયર બી. એ. કલાસમાં હતો, ત્યારથી જ સહેલાણી બનવા માંડયો હતો. ગુજરાત કોલેજના વિદ્યાર્થી ભુવનમાં રહીને બગડયો. કોલેજ સાથે જોડાએલાં વિદ્યાર્થીભુવનો અનેકરંગી અનેક સ્વભાવી પ્રદર્શનો જેવાં હોય છે, પણ તેના બે મોટા વિભાગ પાડી શકાય, એક એવા વિદ્યાર્થીઓનો વિભાગ કે જેને બીજો વિભાગ વેદીઆ

કહે છે. આ વેદીઆ વિભાગના વિદ્યાર્થીઓ ઘણે ભાગે ઓરડીમાંજ ભરાઈ રહે અને વાંચ વાંચ કરે. તેમાંના ઘણા જૂનવાણી વિચારના, પુરાણી વાતો, શાસ્ત્રો અને ધાર્મિક જીવનમાંજ આનંદ લેનારા, દુનિયાના કોઇ પણ કામ માટે નકામા હોય છે. બાકીના પોતાની ગરીબાઇને કારણે એકજ ઉદ્દેશથી પ્રેરાયલા—ક્યારે ભણી રહીએ કે નોકરીમાં દાખલ થઇએ અને કુટુંબ પોષણ કરીએ અગર તો બાપને અગર કુટુંબને દેવું પૂરવામાં મદદ કરીએ. આ મૂંગો વર્ગ સામાન્ય રીતે ડાહ્યો અને અતિ વ્યવહારૂ, કોલેજમાં અને કોલેજની બ્હાર પણ અને ઘણુંખરૂં તો, આખી જીંદગી સુધી જીવનની પાછલી હરોળ માટેજ તૈયાર થાય છે. તેઓ ઘણુંખરૂં સારા પ્રોફેસરો, માસ્તરો અગર તો સારા કારકુનો, શિરસ્તેદારો અગર તો બીજા અમલદારો બને છે. હિંદની કથાવાર્તાઓ, પુરાણો, વ્રતઆચાર, રામાયણ મહાભારત અને આધ્યાત્મ વિદ્યા આ વર્ગ જીવતાં રાખે છે. શાંતિનું ખાવું, બેસીને સૂવું એ આ વિભાગના વિદ્યાર્થીવર્ગનો જીવનમંત્ર બને છે. બીજો વર્ગ વંટોળીઆ સરખો હોય છે એને ઓળખવો પણ હવે તો સહેલો છે. ઉઘાડું માથું—ઇંગ્લીશ કટના વાળ—ઘૂંટી આગળ ફૂટ પહોળો લેંઘો—શરીરમાં કુડતું અને તેના ઉપર કોઈ કોઇ વાર જવાહરબંડી, ટોપી વિનાનું માથું, પગમાં ચંપલ એ આ વર્ગનો સામાન્ય પહેરવેશ થઇ પડયો છે.

કોલેજની હરેક પ્રવૃત્તિઓમાં આ વર્ગ આગળ પડતો ભાગ લે છે. ક્રિકેટ, ટેનીસ, ફુટબોલ અને બીજી રમતો ગોઠવવામાં અગર તેને પોષવા ઉત્તેજવામાં—ડીબેટીંગ સોસાયટીઓમાં—સોશીયલ ગેધરીંગમાં વ્યાખ્યાનમાળા ગોઠવવામાં, ભાષણો ઠોકવામાં, કોલેજની સામાજિક અને રાજનૈતિક પ્રવૃત્તિઓમાં, હડતાલો પાડવામાં, પ્રોફેસરોની સ્તુતિ કરવામાં અગર તો તેમની ઠેકડી કરવામાં આ વર્ગ કાયમનો રસભર્યો ભાગ લે છે.

માનીતા પ્રોફેસરોની જયઘોષણા કરવામાં અને અણમાનીતાને ઉલ્લુ બનાવવાની બધીજ તદબીર આ વર્ગ પોતાના ખિસ્સામાં રાખે છે.

વર્ગમાં બનતાં સુધી આ વિદ્યાર્થીઓ પાછળની બેઠકો પર બેસે છે, અને ઘંટનો ખપ ન પડે એવા પેનસીલ વિગેરેના નાદો અને અપરિચિત માનવીઓનાં અને પરિચિત બીજાં પ્રાણીઓનાં પણ સૂરોનો લાભ આખા

વર્ગને અને ઘણીવાર પોતાના પડોસના વર્ગોને પણ આપવામાં તેઓ તૈયારજ હોય છે. અભ્યાસ હોય, ઓછો હોય અગર ન હોય, તેમની સામાજિક અને રાજકીય વિષયોની ચર્ચા–આગ્રહી ખુમરાણુની હોવાનીજ અને આ ચર્ચા કલાકો સુધી, સવારથી સાંજ સુધી અગર આગગાડીની માફક સ્ટેશન કરતી કેટલાયે દિવસો સુધી લંબાય તેની કલ્પના ભાગ્યેજ આવી શકે. કોલેજના આ ઉગતા પરવારતા જુવાનોની ટીકામાંથી બચવાનું સદ્‌ભાગ્ય કોકનેજ મળતું હશે. પટેલ, તલાટીથી માંડીને હિંદના વાઇસરોય સુધી, અને ગરીબ ગામડીઆથી માંડીને મહાત્મા ગાંધીજી સુધીની દરેકની જીવન ચર્યાની છણાવટ કરી તેમાં પોતાની કલ્પના, વિચારો અને સ્વપ્નોની રંગોળીના રંગો પૂરતાં તેઓ થાકતાજ નથી. ગદ્ય–કાવ્ય, નાટ્ય, નવલકથા વાર્તા અગર વ્યાખ્યાન તેમની નજર બહાર રહી નથી શકતાં અને તેમાંના કેટલાકમાં તો ઉગતા લેખકની, કવિની, ભાષણકારની શક્તિ અને જ્યોતિના ચમત્કારોના તણખા ઉડયાજ કરવાના અને આ સર્વમાં માત્ર યુવાવસ્થામાં ક્ષમ્ય એવી બેદરકાર અને બીનજવાબદાર વાક્‌પટુતા અગર કાર્ય પ્રદ્ધતિ જણાઇ આવવાની આ વાક્ વર્ચસ્વમાં જ્યારે ઇશ્વર કોઇ વાર અડફટમાં આવી પડે ત્યારે તેની ઝીકાઝીક અને પીંખાપીંખ જરૂર થવાની. ઇશ્વરના અસ્તિત્વમાં આ શંકાઓ ઉઠવી અને આ ઉંડા તત્વજ્ઞાનની ચર્ચા તિવ્ર મતભેદ અને કલાહોલનું કારણ બની રહેવું એ તો સ્વાભાવિક જીવનનો એક ભાગ.

આવા અગત્યના અને ગૂઢ વિષયની ચર્ચાઓમાં વિદ્યાર્થીઓને પોતાના નિત્યકર્મ, સ્નાન, ભોજન, શયન, આરોગ્ય, સ્વચ્છતા, વર્ગ, અભ્યાસ આવી ગૌણ બાબતો તરફ દૃષ્ટિ કરવા માટે ઘણો ઓછો સમય રહે અને તે પ્રતિ બેદરકારી, અનિયમિતતા અને નિયમભંગ જણાય એ ફેશન.

અને છતાંય આ નિરંકુશ નિર્દોષ જીવનને પરિણામે એક પ્રકારનું પૌરુષ પણ કેળવાય છે. અને આ વિદ્યાર્થીઓમાં જીવનમાં અવશ્ય એવી સાહસિકતા, સહિષ્ણુતા અને સામર્થ્ય અને વ્યવહારદૃષ્ટિ કેળવાય છે જે ગૃહસ્થ જીવનમાં માર્ગ કરવા અને વ્યવહારમાં આવતી વિપત્તિને પહોંચી વળવા અવશ્ય એવા બળ અને તેજની પ્રેરણા આપે છે.

જેમ કોલેજમાં તેમ વહેવારમાં આ વર્ગના મોટા ભાગનું જીવન આગળ પડતું અને કેટલાકનું તોફાની જાય છે. પ્રગતિશીલ પક્ષમાં જ આ વર્ગ ભળી જાય છે. સામાજિક સુધારા અને રાજકીય પ્રસંગોને આજ વર્ગ અપનાવે છે. અને પોતાની શક્તિ અને સંજોગો પ્રમાણે તેના ઘા પણ ઝીલે છે.

આ મોટો વર્ગ આજે હિંદની હરેક પ્રવૃત્તિને મોખરે દેખાય છે. આમાંના કેટલાક શ્રીમંતાઈને, મનની અસ્થિરતાને અગર નઠારી સોબતને કારણે બગડે છે. સ્વચ્છંદી થાય છે, અભ્યાસ કરતાં અટકે છે અને લંગર બહાર થઈ રવડી પણ જાય છે.

પ્રભાકર આ છેલ્લા વર્ગના દૃષ્ટાંત રૂપ હતો. બાળપણથી તે એક ઉત્તમ વિદ્યાર્થી હતો. સાહિત્યનો શોખીન હતો. ગુજરાતી અને અંગ્રેજી કાવ્યોનો તેનો અભ્યાસ ઉંચા પ્રકારનો હતો. કોઈ કોઈ વાર ગુજરાતી અને અંગ્રેજી કવિતાઓ પણ લખતો. અને તે પ્રશંસા પામતી. ઈન્ટર આર્ટસમાં તે બીજા વર્ગમાં ઉત્તિર્ણ થયો. અને અનંતરાય માસ્તરને પેન્શન થયું.

અનંતરાય માસ્તર જુનવાણી વિચારના પણ આગ્રહી, દૃઢ અને ક્રોધી હતા. ખૂબ કરકસરીયા હતા. અંગ્રેજી શાળાના શિક્ષક તરીકે આખી જીંદગી તેમણે વતન બહાર કાઢેલી એટલે પેનશનની જીંદગી વતનમાં ગાળવાની તેમની ઇચ્છા થઇ. પેનશન થયા પછી બે માસમાં જ તેણે અમદાવાદનું રહેઠાણ આટોપી લીધું અને પોતાને વતન વીરમગામ રહેવા માંડ્યું.

અનંતરાય, નાગરદાસના બાળમિત્ર હતા અને અમદાવાદમાં નાગરદાસના સમિપમાં જ નાનો બંગલો શોધી તેઓ રહેતા. શહેરમાં ભાડું ઓછું અને બ્હાર તેને વધારે ભાડું આપવું પડયું. માસ્તરનો જીવ બળ્યો યે ખરો પણ નાગરદાસની સોબત અને શહેર બહાર રહેવાથી વિદ્યાર્થીવર્ગ અને તેનાં સગાંની કચ ઓછી રહે. પરિક્ષાના પરિણામ સમયે કનડગત ઓછી થાય અને અલગતા રાખવી સારી. શાળા બ્હાર શહેરમાં રહ્યાથી સેંકડો જુવાન વિદ્યાર્થીઓનાં પ્રસંગોમાં આવે તો પ્રભાકરના મન પર માઠી અસર થાય, તેને કોઈની નઠારી સોબત લાગી જાય. પ્રભાકર તેમનો એકનો એક દીકરો અને તે કદાચ સોડા પીતાં, પાનપટી અને મમરાસેવ ખાતાં શીખી

જાય; આરોગ્ય અને અંતઃકરણ કલુષિત કરે, આ અનંતરાય માસ્તરને પસંદ નહિ અને તેથી તેમણે બહારજ રહેવાનું પસંદ કર્યું. અમદાવાદ નોકરી સમયનાં ત્રણ વર્ષ તેમણે ખૂબ આનંદમાં ગાળ્યાં.

વિરમગામ જતાં પહેલાં તેમણે પ્રભાકરને કોલેજના વિદ્યાર્થીભુવનમાં રાખવા તજવીજ કરી.

માસિક કેટલો ખર્ચ આવશે તેની તપાસ કરી. અને પ્રભાકરને વિદ્યાર્થીભુવનમાં મૂકવાનો નિશ્ચય કર્યો. "હવે બે વર્ષ છે. અહીં અમદાવાદમાં જ રહીએ તો કેમ? છોકરા જોડે રહેવાય તો ખરૂં." માસ્તરના પત્નીએ વાત છેડી હતી.

"એ કાંઇ ધાવણો છે? એને સ્વતંત્ર રહેવાની ટેવ પડવી જોઇએ. નહિ તો માવડી મૂખો થઇ જાય."

"પણ મારો જીવ એનામાં ખેંચાયા કરશે તે."

"ઢીલો મૂકીએ ત્યારે જીવ ખેંચાયને? માણસે સખ્ત રહેવું જોઇએ."

અનંતરાય માસ્તર કડક શિક્ષક હતા અને સખ્તાઇમાં માનતા.

માસ્તરનો વિચાર ચોક્કસ થાય એટલે થઇ ચૂક્યું. પછી તે પત્નીનું તો શું પણ કોઇનું માને તેમ નહોતું. અને પ્રભાકરની માએ દલીલ કરવી છોડી દીધી. અનંતરાય માસ્તરે પ્રભાકરને ગુજરાત કોલેજમાં જુનિયર બી. એ.માં દાખલ કરાવ્યો અને વિદ્યાર્થીભૂવનમાં રાખ્યો. દર માસે બરાબર પાંત્રીસ રૂપિયા દર માસની પહેલી તારીખે પ્રભાકરને મોકલવા માંડ્યા. નાગરદાસને અને બીજા એક મિત્રને પ્રભાકર પર દેખરેખ રાખવા સોંપણ કરી. બાપીકું ઘર સમરાવવામાં, ખેતરો સાંથવામાં અને પૈસાની નાની લેણદેણ કરવામાં જીવ પરોવી અનંતરાય માસ્તર દિવસ ગુજારતા.

રોજ બે કલાક સેવામાં ગાળતા. ગીતા તેમને મુખપાઠ હતી. દેવ દર્શનમાં પણ થોડો સમય જતો. એકાદ બે પેપરો વાંચવામાં બપોર વીતતા. દિવસે તેઓ કદી ઊંઘતા નહિ અને રાત્રે નવ વાગ્યા પછી તેઓ કદી વાંચતા નહિ અને દસ વાગ્યા પછી જાગતા રહેતા નહિ.

ધાર્મિક જીવન, સાહિત્ય અને કડક પવિત્ર ગૃહસ્થાશ્રમમાં ઉછરેલો પોતાના સંસ્કારથી અંકિત, પ્રભાકર શુદ્ધ અને ચારિત્ર્યવાન જ હોય એવી તેમની શ્રદ્ધા હતી. પ્રભાકરના અભ્યાસની તેઓ તપાસ કરાવતા, પત્રોમાં અભ્યાસ માટે ટકોર પણ કરતા. પણ ચારિત્ર્ય માટે લખવાની જરુર તેમને કદી લાગતી નહિ. કદી કદાચ વિચાર આવતો તો તેનું મન સદાય કહેતું, "અનંતરાય માસ્તરનો દીકરો ચારિત્ર્યહીન હોઇ શકે નહિ." અને હતું પણ તેમજ. પરમ વાત્સલ્ય ભાવની સાથે કડક શિસ્ત અને નિયમિતતા અને પ્રણાલિકા પાલન માટે તો તેમની કાળજી એકધારી હતી. શાળા સરખોજ તેમનો ઘરમાં પણ ધાક હતો.

પણ અતિશયતાના પરિણામ ક્વચિત જ સારાં હોય છે. અનિચ્છાની આધિનતા અદશ્ય થતાં—સ્વાતંત્ર્યનો દાબ અતિશયતા સેવતો થઇ જાય છે. ઉચ્છૃંખલ અને અમર્યાદ બને છે, આડા રાહ પણ લે છે.

આજ કારણે બાળપણથી સાધુ બનેલા બાવાઓ સંસારીને ટપી જાય એવાં દુષ્ટાચરણો કરે છે. અને આજ અતિશયતાને કારણે પતિની શોધમાં ફરતી જુવાન કુમારિકાઓ, અગર પત્નીની શોધમાં ફરતો પતિ ઘણીવાર ન કરવાનું કરી બેસી, કંચનને બદલે કથીર સાથે જીવન વિતાવવાના પ્રસંગો ઉભા કરે છે.

આજ કારણે કંજુસ શ્રીમંતના દીકરાઓ ઊડાઉ, લહેરી અને ઘણીવાર અનીતિમાન બને છે. વ્હેમી પતિની પત્નીઓ, મન વિનાનું વૈધવ્ય પાળતી વિધવાઓ, નફ્ટ અગર વ્યભિચારી થાય છે. આજ કારણે સત્તા અને જૂલમની ઝડીઓ નીચે કચરાયેલી પ્રજા રાજકુટુંબોનો વિનાશ કરે છે. અને સામાજિક રૂઢીઓનાં બંધન તોડી ઉગતી પ્રજા નવીન પ્રણાલિકાનો સારા-સારનો વિચાર ત્યાગી, મોહકતા, અશ્લિલતા અગર અત્યાચારને માર્ગે પણ ચઢી જાય છે. આમ ન બને તે ખાતર મર્યાદા અને વ્યવહારનાં બંધનોમાં સમયને રૂચતા ફેરફારો કરી પ્રજાસમૂહ તેને તોડે ફોડે તેના કરતાં તેને નવીન સ્વરૂપમાં સ્વીકારી લે એવો પ્રબંધ મા–બાપોએ, ન્યાતના વડવાઓએ સમા-જના સંચાલકોએ અને રાજાઓએ અને રાજપુરુષોએ વખતોવખત કરવો જોઇએ.

અને છતાં વિશ્વની રચનામાં પ્રભુના સંકેતમાં સૃષ્ટિની સ્થિતિસ્થાપક-તામાં અગર તો વ્યક્તિ અગર સમદષ્ટિના, પ્રજાના, પ્રજાસમૂહના શાશ્વત

જીવનક્રમમાં આવો બુદ્ધિપ્રધાન યુગપલટો ક્યાંયે થયો જણાતો નથી. પુરાણી ભાવનાઓ, જૂનવાણી વિચારો, આવતા વિનાશ સામે આંખો મીંચી તેની સાચવણી અર્થે તેની આસપાસ કોટકિલ્લાની મજબૂતાઇ વધાર્યાજ કરે છે. અને નવા વિચારો નવીન સંસ્કૃતિ, નવા ચોકખાં વાતાવરણ અને ફરતા શોધક પવનને બ્હાર રાખવાના પ્રયત્નો કરવામાં, જુના વ્યક્તિત્વ, પ્રચલિત સમાજ બંધન અને પ્રવર્તતી રાજ્યપદ્ધતિ–ગૂંગળાય છે, સડી જાય છે, રસકસ વિનાની થાય છે ત્યારેજ આખરે વિનાશ પામે છે. આ વિનાશ કોઇ બ્હારના તત્વોથી નથી થતો. આમાં વ્યક્તિની, સમાજની રાજસત્તાની, નરી આત્મહત્યાજ છે. સત્તા સામે હુલ્લડ કરનારા, સત્તાને ઝટકો મારનાર અગર તેને નિરૂપાય કરનારાનો જન્મ સત્તાના જુલ્મમાંથીજ થાય છે.

અનંતરાયનું કડક દબાણ ઓછું થતાં પ્રભાકરનું પણ આવુંજ થયું. તે હવે અમદાવાદમાં એકલો પડયો હતો. બાપે મોકલેલાં નાણાંનો તે હવે પૂર્ણ સ્વતંત્રતાથી ઉપયોગ કરી શકે એમ હતું. તેને કોઈ વારનાર કે રોકનાર નહોતું. જોત જોતામાં તે સાહેબ બની ગયો. વિદ્યાર્થી ભુવનમાં તેને તેના સાથીદાર તરીકે શ્રીમંતનો એકનો એક પુત્ર મળ્યો. ને વિલાયતી ઢબમાં રહેતો, તેના પિતા તેને માસિક પોણોસો અને કોઈ વાર તો સો સો રૂપિયા મોકલતા. તેને ઘેર પૂરી શ્રીમંતાઈ હતી. વેપારની પાકી જમાવટ હતી. હાજી હા કરનારા મહેતા અને નોકરો હતા. તે કોલેજમાં ભણવા કરતાં સહેલ કરવા, કોલેજના જીવનનો શોખ મેળવવાજ આવ્યો હતો. પ્રભાકર અને તેને ટૂંક સમયમાં ગાઢ મૈત્રી થઈ ગઇ.

શરીરની ટાપટીપ અને સાંજની લટારનો શોખ વધ્યો. નાટક સીનેમા શરૂ થઇ ગયા. સાદું ધોતીયું, હાફ કોટ અને સાદી ટોપી પહેરતો પ્રભાકર, અપ–ટુ–ડેટ ઇંગ્લીશ ઢબનાં કટનાં કપડાં પહેરતો થયો. ગળે નેકટાઇ લાગી ગઇ, વાળમાં લાઈમજ્યુઈસ અને હાથ રૂમાલમાં સેંટ તેને આવશ્યક લાગવા માંડયાં. વાંચવાનો, અભ્યાસનો રસ ઓછો થતો ચાલ્યો. શરીરની મોહકતા અને સૌષ્ટવ તરફ લક્ષ વધ્યું.

છ માસિક પરિક્ષા આવી અને તેણે પિતાને પત્ર લખ્યો. તબિયત સારી નથી એટલે પરિક્ષામાં બેઠો નથી. અનંતરાય માસ્તરને ખાત્રી હતી

કે પ્રભાશંકર જુઠું ન બોલે. તેણે માંદગીની વાત માની પણ વાર્ષિક પરિક્ષામાં જ્યારે પ્રભાશંકર નપાસ થયો ત્યારે માસ્તરને ચિંતા પેઠી.

તે અમદાવાદ આવ્યા અને પ્રભાકરના માર્કસની તપાસ કરી. દરેકમાં ત્રણ ઓછા માર્કસ મળ્યા હતા. તેની ખાત્રી થઇ કે પ્રભાકરે કશોજ અભ્યાસ કર્યો ન હતો. પૂછપાછ કરતાં તેને ખબર પડી કે, તેના સાથીદારની સોબતમાં તેણે આખું વર્ષ સહેલમાંજ ગુમાવ્યું હતું. માસ્તરે પ્રભાકરની ઓરડીની મુલાકાત લીધી. ત્યાં તો સીનેમાની ચોપડીઓ, સીગરેટનાં ખોખાં, પ્રેમકથાઓથી ભરેલાં કેટલાંક માસિકો અને નવલિકાઓ પડી હતી. માસ્તરે પ્રભાકરની ટ્રંક ઉઘડાવી જોઇ. નવા વિલાયતી ઢબના પેન્ટ, હાફ કોટ, પતંગીઆ ભાતની નેકટાઈ, રેશમી હાથ રૂમાલ, સેંટની શીશીઓ, આ બધુંજ તેમાંથી નીકળ્યું. ટ્રંક સેંટથી મઘમઘી રહી હતી. અનંતરાયનો ક્રોધ બેકાબૂ બન્યો.

"ત્યારે તું સહેલાણી થઇ ગયો એમજ કહેને–મારા પૈસા બરબાદ કર્યા."

પ્રભાકર કાંઇ બોલ્યો નહિ. તે બોલી શકેજ નહિ.

અનંતરાય માસ્તર ક્રોધે ભરાય એટલે ઘેર હોય તો ઘર ગાજે અને શાળા હોય તો શાળા ગાજી ઉઠે. ઘેર પત્નીને નોકરોને બધાને કંપ થાય અને શાળામાં વિદ્યાર્થીઓ અને માસ્તરો બધા ચમકી ઉઠે. કારણ એક પરનો ક્રોધ વિસ્તૃત થતાં થતાં ઘણા પર ઉતરી પડવાના પ્રસંગો સામાન્ય બનતા. માસ્તરનું મોં સંધ્યાના સૂર્ય જેવું લાલ ચોળ બની ગયું. ઓઠ કંપવા માંડયા.

"એકલો રહ્યો અને વંઠી ગયો, સાહેબ થઇ ગયો, વર્ષ બગાડયું! ઇજ્જત બગાડી, જોડે મારી પણ ઇજ્જત બગાડી!"

અંદરની અકળામણે શબ્દ સ્વરૂપ લેવા માંડયું.

તેણે વિલાયતી ફેશનના કોટ પાટલુન ટાઇ વગેરે બહાર કાઢ્યું, અને તેની પોટલી બાંધી, સેંટ લવંડરની શીશીઓને બારીએથી ફેંકી દીધી. પ્રભાકરની ગળચી પકડી બે ધોલ મારવાનું તેને મન થયું, પણ બહાર થોડા

વિદ્યાર્થીઓ, કેટલાક સ્તબ્ધ, કેટલાક હસતા ઉભા હતા, અને પ્રભાકરનો સાથીદાર એક ખૂણામાં પાટલુનના બે ગજવામાં હાથ ઘાલી શર્ટ અને ટાઇમાં ઉભો હતો એટલે અનંતરાય માસ્તર હળવા પડયા. પ્રભાકરના સાથીદાર તરફ તેમણે બે ક્ષણ મીંટ માંડી, જાણે એમ કહેતા ના હોય "તેંજ મારા દીકરાને બગાડયો છે! પણ પારકા માણસને ઠપકો કેમ દેવાય! અને છતાં તેનાથી છેક મૂંગા તો ન જ રહેવાયું," સાહેબ થઇ ગયો" માસ્તરે વિલાયતી ફેશનનાં કપડાંની પોટલી બાંધતાં બાંધતાં પ્રભાકરને કહ્યું.

પ્રભાકરનો સાથીદાર અવળુ ફરી જરા હસ્યો. પ્રભાકરથી પણ હસી દેવાયું. શરમનો માર્યો તે પણ અવળો ફરી બેઠો. બ્હાર ઉભેલા બધા વિદ્યાર્થીઓ પણ હસી પડયા.

અનંતરાયને બેશરમ દીકરા પર અને વિદ્યાર્થીભુવનના વિદ્યાર્થીઓ પર તિરસ્કાર આવ્યો.

"આ તે કેળવણી કે નરી નફટાઇ!" તેમનાથી બોલી જવાયું. તેઓ અંગ્રેજી હાઇસ્કુલના હેડમાસ્તર હતા. તે વાત ક્ષણભર વીસરી ગયા અને બોલ્યા.

હાલના અભ્યાસક્રમ, અધ્યયન પ્રદ્ધતિ, વિદ્યાર્થીભુવનો યુવાનોને આવા ઉચ્છૃંખલ–નફટ બેશરમ બનાવતા હોય તો તેને આગ લાગી જવી જોઇએ. તેમની હૃદય જવાળા બોલી. તેઓ કોલેજના પ્રિન્સીપાલ હોત તો આ બધા વિદ્યાર્થીઓને યોગ્ય સજા કરી તેઓ ઠેકાણે લાવત, પણ તેઓ નિવૃત્ત થયા હતા. બધા પરનો ક્રોધ પ્રભાકર પર કેન્દ્રિત કરી તેમણે કહ્યું:

"ચાલ, આગળ થા, તું ભણી રહ્યો." આગળ પ્રભાકર અને પાછળ અનંતરાય માસ્તર વિદ્યાર્થીભુવનનાં પગથીયાં ઉતર્યા અને પાછળથી તાળીઓ પડી.

"ભીખ માગવાના છે, લુચ્ચાઓ." પગથી માથા સુધી ધ્રૂજતા અનંતરાયે પાછા ફરી ત્રાડ પાડી અને ચાલવા માંડયું.

વૃદ્ધોની ગાળ ખાવાનું યુવાનોને ઘણીવાર ગમે છે. પાછળથી એક યુવાન બોલ્યો.

"once more"

માસ્તરે પાછળ ફરી ક્રોધની દૃષ્ટિ તો કરી પણ તે ઉભા ન રહ્યા. ચટક ચટક કરતાં તેમનાં ચંપલો પૃથ્વી પર ક્રોધથી પછડાતાં, આઘાં ને આઘાં જતાં, આછાં ને આછાં થતાં ઓસરી ગયાં.

કોઈ કોઇ વાર પાછળથી સીસોટીઓના તિવ્ર સૂર આછા આછા સંભળાતા હતા.

અનંતરાય માસ્તર ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓ માટે બે વર્ષ સુધી ક્રોધનાં દૃષ્ટાંતનું સ્મરણ મૂકી ગયા.

પ્રકરણ ૧૧ મું

પ્રભાકર મુંબાઇમાં

અનંતરાય માસ્તર પ્રભાકરને લઇ સીધા સ્ટેશન પર આવ્યા. ગાડીને ઘણીવાર હતી, પણ અમદાવાદ શહેરમાં કોઈને ત્યાં જવાનું કે કોઇને મળવાનું તેને ન ગમ્યું.

"બેસ અહીંઆં" માસ્તરે પ્રભાકરને સ્ટેશન પ્લેટફોર્મ પરની એક બાસ્તીપર બેસાડી આંટા મારવા માંડયા. માથામાં વિચારો આવ્યા કરતા હતા. ક્ષણવાર તે ઉભા રહેતા, ક્ષણવાર ડોકું ધુણાવતા, ક્ષણવાર હથેલી અગર આંગળીઓ ઉંચીનીચી કરી, આવતા વિચારોને ઉત્તર આપતા અગર અભિનયના સ્વરૂપમાં ઉતારતા. પ્રભાકર એકનો એક દીકરો છતાં માસ્તરનાં મન પરથી આજે ઉતરી ગયો હતો.

"વિધવા દીકરી સરખો પાળીશ પણ એને સ્વચ્છંદી તો નહિ જ થવા દઉં." માસ્તરે નિશ્ચય કરી દીધો. બે કલાકે વિરામગામ જવાની ગાડી આવી. આખો વખત માસ્તર પ્રભાકર જોડે એકે શબ્દ બોલ્યા નહિ.

વિરમગામ પહોંચ્યા પછી પણ કેટલાયે દીવસો સુધી માસ્તરનો ક્રોધ ન શમ્યો. આગ્રહી જીવનવાળા મનુષ્યને ક્રોધ ચઢતો નથી. અને ચઢે છે, ત્યારે વિષમ સ્વરૂપ ધારણ કરે છે.

કૉલેજ ઉઘડવાનો સમય થયો. અને પ્રભાકરની બાએ કહ્યું."જુનિયર બી. એ. માં નપાસ થયો તેમાં શું થયું ! ઘણા છોકરાઓ એ વર્ષમાં તો પરિક્ષામાં એ નથી બેસતા. તેણે એક દિવસ બીતે બીતે માસ્તરને કહ્યું.

"બીજાનાં છોકરાં કૂવામાં પડે, જહાન્નમમાં જાય, મારે તે જોવાનું નથી,–પણ પ્રભાકર કેમ નપાસ થાય!"

" પણ બાપુ હું આ વર્ષે વાંચીશ, અને જરૂર પાસ થઈશ, "પ્રભાકરે નમ્રતાથી બીતે બીતે કહ્યું."

" તારો ભરોંસો શો ? તું તો સાહેબ થઇ ગયો ! સ્વતંત્ર–સ્વચ્છંદી થઈ ગયો." માસ્તર બરાડ પાડીને પ્રભાકર સામે ઉછળ્યા.

" છોકરાઓ એકેવાર નપાસ નહિ થતા હોય ?" પત્નીએ કહ્યું.

" નપાસ થાય ? ભલે નપાસ થાય, પણ સ્વચ્છંદી થાય ?" માસ્તર પ્રભાકરની પોટલી કબાટમાંથી કાઢી લાવ્યા. બે હાથ લાંબા કરી પોટલીમાંની ચીજો પત્નીને બતાવી તે બોલ્યાઃ—

" આવો સાહેબ બની ગયો. બાપના પૈસા બરબાદ કરે, નેકટાઈ, કૉલર, પેન્ટ, હાફકોટ, જોયો એનો ઠાઠ !" માસ્તરે કપડાંનો લોચો ઉપાડી પત્નીના નાક આગળ ધર્યો, " જોયું, અંદરથી અત્તર અને સેંટની વાસ આવે છે તે ?"

" ખબર પડે છે કે ની આ દીકરો વંઠી ગયો."

માસ્તરે પ્રભાકરની કૉલેજ છોડાવી દીધી.

અને પછી તો આવા ઠપકાના પ્રસંગો વધ્યા. મહીનામાં પાંચ સાત વખત પ્રભાકર ઉપર ક્રોધનાં ઝાપટાં પડતાં. માસ્તરને ત્યાં રહેવું પ્રભાકર માટે અસહ્ય થઈ પડયું. ક્રોધની અતિશયતા સામાને એ ક્રોધનો સામનો કરતાં–નફ્ફટ બનતાં–ક્રોધને ગળી જતાં શિખવે છે. થોડા સમય

પછી પ્રભાકર પણ નફ્ફટ બની ગયો. જેમ જેમ પ્રભાકર નફ્ફટ બનતો ગયો તેમ તેમ માસ્તરને તેના પ્રત્યેનો અભાવ વધતો ચાલ્યો. બાપ દીકરા વચ્ચે કોઇ કોઈવાર વાક યુદ્ધ થતું. અને અનંતરાય માસ્તર ગમે તેવું બોલી જતા. રોષનો માર્યો પ્રભાકર એક દિવસ મુંબાઇ ઉપડી ગયો. માતા દુઃખી થઇ. બે દિવસ રોઈ, પણ માસ્તરને જરાએ લાગણી ન થઈ. એને મુંબાઈમાં કોણ સંઘરવાનું છે! એનો બાપ, એ તો રખડીને પાછો આવ્યો જાણને."

"તમારા ક્રોધથી બ્હીને એ મુંબાઇ ગયો."

"ક્રોધ ન કરે તો શું કરે, આવા દીકરા કરતાં તો વાંઝિયા રહેવું શું ખોટું ?"

"તમારોએ ઘડપણમાં સ્વભાવ બગડયો છે." હિંમત ભેગી કરી પ્રભાકરની માએ સામો જવાબ આપ્યો. એકનો એક દીકરો જતો રહેવાથી તે છાની છાની રોયા કરતી હતી.

મુંબાઈમાં આવી શું કરવું તેનો વિચાર પ્રભાકરે કરવા માંડયો, પોતે શું કરી શકશે ?

ટયુશનો લઇ શકે, માસ્તર થઇ શકે, કોઇનો પ્રાઇવેટ સેક્રેટરી થઇ શકે. તે ગુજરાતી અંગ્રજી સુંદર લખી શકતો હતો. વર્તમાનપત્રની ઓફીસમાં નોકરી મળે તો તે કરી શકે એમ હતું. દાદર વિભાગના એક નાના ભોજનગૃહમાં રહીને તેણે નોકરી શોધવા માંડી. જાહેરખબરો વાંચીને જ્યાં ત્યાં ઉપડી જતો.

નોકરી મેળવવી એના સરખું વિકટ કામ આ સમયમાં એકકે નથી. અને નોકરી માટે ધક્કા ખાવા એના સરખી નાનમ યુવાન મગજને બીજી નથી લાગતી. જગતને ધક્કે ચઢેલા પ્રભાકરને અવનવા અનુભવો થવા માંડયા. પૈસાની કિંમત જણાવા લાગી. તે બીનઅનુભવી એટલે પ્રાઇવેટ સેક્રેટરી તરીકે જ્યાં ત્યાંથી તેને ના પાડવામાં આવી. મેટ્રીકમાં ભણતી છોડીઓના ટયુશનના પ્રયાસના ઉત્તરમાં કોઈ સ્થળે તેની વય, અને કોઈ સ્થળે તેની મોહકતા અને કોઇ સ્થળે આ બન્ને તેને આડરૂપ બની ગયાં. દીકરીઓ માટે લોકોને આધેડ ઉંમરના પાંત્રીસથી પચાસ વર્ષની

ઉંમરના માસ્તરો જોઇએ, અને પ્રભાકરને મૂછનો દોરો હજુ હમણાં જ ફુટયો હતો.

એક સ્થળે ઘરના મરદનો વિચાર પ્રભાકરને રોકી લેવાનો થયો. "પરણેલા છે તે પૂછી જુઓ."

રાંધણીમાંથી અવાજ આવ્યો અને પ્રભાકરે ડોકું હલાવ્યું.

"ના કહે છે" ઘરના મરદે બ્હાર બેઠે બેઠે કહ્યુ. "તે આપણે નહિ ખપે." રાંધણીમાંથી હુકમ થયો.

પ્રભાકરને મરદે ના કહી દીધી. એક દિવસ તેને અચાનક મુલચંદ માસ્તર મળ્યા.

"તમે મને ઓળખ્યો ? પ્રભાકરે માસ્તરને સલામ કરી કહ્યુ. માસ્તર તેને ધારીને જોઇ રહ્યા.

"નજર નહિ બેઠી" તેમણે વિનયથી કહ્યું.

"આપનું નામ તો મુલચંદભાઇને ?"

"હા"

"આપ અનંતરાય માસ્તરને તો ઓળખોને ?"

"હા! હા ! કોણ પ્રભાકર !" માસ્તર પ્રભાકરને ઓળખી રસ્તામાં જ ભેટી પડયા. "તું અહીંઆં કયાથી ?"

માસ્તરે પ્રભાકરને સાથે લીધો. વાતો કરતાં બન્ને જણ માસ્તરને મકાને ગયા. અનંતરાયની તેમના પત્નિની બધાની માસ્તરે ખબર પૂછી.

"હાલ નોકરી નથી–નોકરીની શોધમાં છુ."

"મને શું ખબર–આજે સવારે મારી નિશાળમાં એક શિક્ષકની મેં નિમણુંક કરી. ચાલીસ રૂપિયા પગારની નોકરી હતી. તમને રાખી લેત." માસ્તર અનંતરાયના દીકરાને મદદ કરી ન શકયા તેથી દીલગીર થયા.

"કાંઇ નહિ હવે કાંઇ હશે તો જોઇશ. નોકરી ટયુશન કાંઇ હશે તો તમને યાદ કરીશ. પણ બેચાર દિવસે મળતા રહેજો."

નશીબનો વાંક કાઢતો પ્રભાકર ઓરડીની બહાર આવ્યો.

"આ છેલભાઇ નોકરી કરવાના છે? તમનેયે વેવલાં છે તો?" કેસરબેન રાંધણીના બારણાની બારસાખ બે હાથે ઝાલીને ઉભાં હતાં તેમનાથી કહ્યા વિના ન રહેવાયું. "સાહેબને સલાહ આપવી હતી કે સીનેમામાં જાય."

પ્રભાકરે કેસર બેનના બોલ સાંભળ્યા, કે તેને પોતાને વિચાર આવ્યો, પણ બે ચાર દહાડે તે એક સીનેમા સ્ટુડીઓમાં ચઢી ગયો.

"કેમ આવ્યા છો?" ડીરેકટર જેવા દેખાતા અંગ્રેજી પોષાકમાં સજ્જ થયેલા એક ગોરા છટાદાર માણસે પૂછ્યું.

"સીનેમા સ્ટાર તરીકે કામ કરવાની ઇચ્છા છે."

"તમને કોઇ સ્થળે કામ કરતા જોયા નથી."

"જી, ના! નવીન દાખલ થવું છે."

"ગુજરાતી છો, એમ લાગે છે."

"હાજી."

"અંગ્રેજી જાણો છો?"

"જી હા"

"હીંદી બોલી શકો છો?"

"એવું જ, પણ અભ્યાસથી તૈયાર થઈ જઇશ."

બે ક્ષણભર ડીરેકટર તેના તરફ જોઇ રહ્યો. ઉંચો, ગોરો, ઘાટીલા શરીરવાળો, મોહક મૂખાકૃતિવાળો યુવાન મૂખ્ય પાત્રમાં પણ ચાલે એવો છે, એમ તેને લાગ્યું.

"સંગીત આવડે છે?"

"આવડે છે પણ શાસ્ત્રીય પદ્ધતિથી નહિ."

"પેટી વગાડો છો?"

"જી, હા."

"ડીરેકટરે પ્રભાકરને હારમોનીઅમ પર બેસાડયો."

"સિનેમા જુઓ છો કે નહિ—એક ગમે તે કોઈ સીનેમાનું ગાયન ગાઓ—વગાડો જોઇએ."

"કયા કારન હૈ અબ રોનેકા"

પ્રભાકરે મીઠા સ્વરે ગાયું.

આસપાસ ઉભેલાં નટનટીઓએ તારીફ કરી "વાહજી વાહ"

"તમને હજી ખૂબ કેળવવા પડે એમ છે. નોકરી રહેવું છે."

"આપ રાખો તો રહું"

"૭ મહીના સુધી તો તમને તૈયાર કરવા પડશે, ત્યાં સુધી તમને પચાસ રૂપિયા માસિક મળશે. તૈયાર થઇ પાટમાં ઉતરશો એટલે સો રૂપિયા આપીશ."

બીજે દિવસથી પ્રભાકર "આફતાબ પ્રોડકશન્સ"માં દાખલ થયો.

કોલેજની પડેલી કુટેવો પિતાના સહવાસ અને ભયથી અને ખાસ કરીને પૈસાની તંગીથી ઓછી થઇ હતી. સિગારેટ પીવાની ઘટી હતી, કપડાંનો શોખ ઓછો થયો હતો. ઘરથી આણેલા ત્રણસો રૂપિયા કયારનાએ વપરાઇ ગયા હતા. ત્યારપછી અનંતરાય પાસેથી એક અગર બીજા બ્હાને બે ત્રણ વાર મંગાવેલી રકમો પણ પૂરી થઈ હતી. તે હમણાં હમણાં તો નાદાર હાલતમાં જ રહેતો હતો.

સીનેમા પ્રદેશમાં દાખલ થતાં જ પ્રભાકરને પોતાના સ્વભાવને અનુકુળ સૃષ્ટિ મળી રહી. યુવાનો અને યુવતિઓ—સુંદર અને મોહક—રોજ રોજ ભેગાં મળતાં, અને પરસ્પર ખુલ્લી રીતે વિલાસી જીવનની બાહ્ય છૂટછાટો લેતાં. કેટલીક વાર અમર્યાદ પણ બનતાં.

સાહિત્ય, સંગીત, કલા, અભિનયરસરૂચી, સુંદરતા, મોહકતા, ચમત્કૃતિ, હાસ્ય, આનંદના અર્વાચીન કેન્દ્રમાં આવી પડેલા પ્રભાકરને સિનેમા લાઈન ગમી. એ તેમાં ઓતપ્રોત થઇ ગયો. અનંતરાય માસ્તરને ત્યાંના સાદા જીવન, કડક શિસ્તપાલન અને જૂનવાણી વિચારથી કંટાળેલા, ભાગી છૂટેલા પ્રભાકરને સિનેમાસૃષ્ટિનું જીવન રસબોળ લાગ્યું. સિનેમાની સૌંદર્ય નિર્ભર કલામય સૃષ્ટિની બ્હાર જીવન સરખું કાંઈપણ હોવાની તેને શંકા લાગી.

તેણે હિંદી તુરતમાંજ શીખી લીધું. સીનેમાના ગાયક ઉસ્તાદ પાસે શાસ્ત્રીય સંગીત તાન પલટા સાથે શીખવાની શરૂઆત કરી. મોટો આરસો સામો રાખી એકાંતમાં અભિનય શીખવા માંડયો.

૭ મહિનામાં તો તેણે ઘણો સારો પ્રોગ્રેસ કર્યો.

" વિદ્યુલ્લતા, તને પ્રભાકર સાથે પાર્ટ કરવામાં વાંધો છે ?" વિદ્યુલ્લતા ડીરેકટરની માનીતી, કસાયેલી વીસ વર્ષની વયની નટી હતી.

વિદ્યુલ્લતા શું કરવા ના કહે !! ડીરેકટરની માનીતી આ નટી તેની જાણ બ્હાર ઘણીએ વખત પ્રભાકરને મળી હતી. જ્યારે બીજા નટ–નટીઓ બીજા કામમાં ગૂંથાયા હોય ત્યારે, વિદ્યુલ્લતા પ્રભાકરને શોધી કાઢી, સ્ટુડીઓ પાછળના બાગમાં ઘણીવાર ગપ્પાં અને એકાંતસેવનનો લાભ લેતી. તેણે કહ્યું:

" તમને વાંધો ન હોય તો મને શા માટે હોય. "

" You will make a lovely pair " ડીરેકટરે કહ્યું અને વિદ્યુલ્લતા જાણે શરમાઈ હોય એવી અદા કરી.

અને હવે તો પ્રભાકર અને વિદ્યુલ્લતાને સાથે ફરવાની, સાથે પાઠ કરવાની, હસવાની અને આંખો માંડવાની, અને અંગ સંસર્ગની તક મળી. એક માસના આવા મીઠા પરિચય પછી પ્રભાકરની સિનેમા સુખ સૃષ્ટિનો પૂર્વાર્ધ પૂરો થયો.

કોકીલ કંઠી વિદ્યુલ્લતા બંગાલણ હતી. તેની મા કલકત્તામાં ગાનારી-ઓમાં પ્રખ્યાત હતી. અને તેણે વિદ્યુલ્લતાને સારા ઉસ્તાદો રાખી સંગીતનું ઉંચું જ્ઞાન આપ્યું હતું. સીનેમાના ડીરેકટરો, દેખાવડા, સુંદર કંઠના નટનટી-ઓની શોધમાં હંમેશાં રહે છે જ. અવિનાશ બેનરજીને વિદ્યુલ્લતાની ભાળ મળતાં જ તેઓ કલકત્તા પહોંચ્યા અને તેની માને દશ હજાર રૂપિયા આપી અને વિદ્યુલ્લતાનો માસિક રૂપિયા એક હજાર પગાર ઠરાવી ત્રણ વર્ષની બોલી કરી, તેને મુંબઈ લઇ આવ્યા હતા. વિદ્યુલ્લતાનું સૌંદર્ય તિવ્ર અને મોહક હતું. પ્રસંગ અને એકાન્ત મળતાં તે અજય બની રહેતું. અવિનાશ બેનરજી રસીક અને શ્રીમંત માણસ હતો. યુવાન હૈયાં હિંદોળે બેસાડતી વિદ્યુલ્લતા અવિનાશ બેનરજીની નજરે પડી અને પ્રિય

થઈ પડી. કોઈ પણ યુવાન નટી સાથે પ્રેમ કરવો એ ડીરેકટરનો સામાન્ય રીતે પ્રાથમીક હક્ક ગણાય છે, અને જેના પર એ પ્રેમ ઉતરે તેને ગર્વ લેવાનું કારણ મળે તે પણ સ્વાભાવિક છે. વિદ્યુલ્લતા સીનેમાની રાણી થઇ પડી. સૌ કોઈ એનાથી બીતાં, એની અદબ રાખતાં, એની સામે મીઠાશનું જોવું એ મોટો ગુન્હો કરવા બરાબર હતું.

આ ગુન્હો પ્રભાકરે કર્યો. કાર્તકી પૂર્ણિમાનો દિવસ હતો. અવિનાશ બેનરજીના હાથે એક નવા સીનેમાની ઉદ્‌ઘાટન વિધી થવાની હતી. છેલ્લી ઘડીએ તેને વિદ્યુલ્લતાને પોતાની સાથે લેવાની ઈચ્છા થઈ. તે તેના નિવાસે ન હતી. અવિનાશ તેને શોધતો સ્ટુડીઓના પાછળના બાગમાં ગયો. બાગ વચ્ચે એક નાનો આરસનો ફુવારો ચાંદનીમાં ચમકી રહ્યો હતો. રૂપેરી રંગે રંગેલી પાસેની બાસ્ટી પર વિદ્યુલ્લતા પણ ચાંદનીની જેમ ચમકી રહી હતી. તેની સાથે કોઇ પુરૂષ હતો કે શું! લતાની લટો વચ્ચેથી ડોકું કાઢી અવિનાશે મીટ માંડી. વેલી વિટપને વળગે એમ વિદ્યુલ્લતા પ્રભાકરને વિટળાઈ એકાન્તના સુખનો આછો અનુભવ કરતી હતી. “કેમ વિદ્યુલ્લતા અહિં એકલી બેઠી શું કરે છે.” પાછળથી કોઇએ વિદ્યુલ્લતાને બોલાવી.

વિદ્યુલ્લતા ચમકી. અવાજ અવિનાશ બેનરજીનો હતો. તેણે પ્રભાકરને જોયો તો નથી? વિદ્યુલ્લતા વિજળી વેગે સામી ગઇ. પ્રભાકર બાસ્ટી નીચે ભરાઇ ગયો.

વિદ્યુલ્લતા અને અવિનાશ બન્ને જણાં સીનેમામાં ગયાં. ત્યાં મીઠી વાતો કરી પાછાં આવ્યાં. અને કોણ જાણે શું થયું ? પણ પ્રભાકર તે દિવસથી સિનેમામાંથી અદ્દશ્ય થયો.

અવિનાશ બેનરજીએ પ્રભાકરને ઓળખ્યો હતો. તે વિદ્યુલ્લતા સાથેની પ્રભાકરની મૈત્રી કેમ સાંખી શકે.

સીનેમા સૃષ્ટિના પૂર્વાર્ધમાં આનંદ માનતા પ્રભાકરને એ સૃષ્ટિના ઉત્તરાર્ધનો સ્વાદ ચખાડી અવિનાશ બેનરજીએ કાઢી મૂકયો, અને મુંબઇમાં પ્રભાકરની રાડ ફરિયાદ સાંભળે એવું કોઇ નહોતું. ફરિયાદ કરે પણ શા કામની, મુંબાઈના મોટા મોટા પોલીસ અમલદારો અને મેજીસ્ટ્રેટો અવિનાશ બેનરજીની હથેલીમાં નાચતા હતા.

બીજે દિવસે રાતના નવ વાગે લોહીનો ખરડાયેલો પ્રભાકર, ગ્રાન્ટ રોડ પર એક ગલીના નાકે ગાંસડી વળીને પડેલો હતો. તેના માથા પર એક બે ફટકાના ઘા હતા. રકત વહી જતુ હતું. તે બેસી શકતો ન હતો. રસ્તે જતા કોઇએ પોલીસને ખબર આપી, અને પોલીસે તેને હોસ્પિટલમાં પહોંચાડયો. એક બે અજાણ્યા પઠાણે તેની સાથે કારણ વિના કજીઓ ઉભો કરી તેને ખૂબ માર્યો હતો. વિદ્યુલ્લતા સાથેના મીઠા સમાગમનું એ ફળ હતું, એમ તે સહજ સમજી ગયો.

હોસ્પીટલમાં તેને દશેક દિવસ રહેવું પડયું. માથાના ઉપરછલા ઘા રૂઝાવા આવ્યા. અને તેને હોસ્પીટલમાંથી રજા મળી. તેનો એક મિત્ર શેર બજારમાં ફટકીઆ દલાલી કરતો હતો અને અમૃતવાડીમાં રહેતો હતો. એકલો હતો અને વીશીમાં જમતો. પ્રભાકર તેના ભેગો રહેવા ગયો. કેટલો વખત સુધી બન્ને ભેગા રહ્યા અને ભાગે પડતું ભાડું આપતા, પણ એટલામાં તો શેર બજારમાં કરીમ ફાજલનો સટ્ટો ઉપડયો. પ્રભાકરનો મિત્ર વલણ ચૂકવવા અશક્ત બન્યો અને દેશમાં ભાગી ગયો. ઓરડી પ્રભાકરે પોતાને માથે રાખી લીધી.

સોનલનો પહેલો પત્ર જ્યારે પ્રભાકરને મળ્યો, ત્યારે તે આ ઓરડીમાં રહેતો અને ગમે ત્યાં ખાઇ લેતો. તેનો કાંઇ ખાસ ધંધો નહોતો. જોટાગલીમાં આખો દિવસ ગાળી કોઇ વાર કાંઇક કમાઇ લેતો અને કોઇ વાર ખોતો. તેને કોઇ વાર નાંણાની જરૂર પડતી તો તે અકબરખાન પઠાણની પાસેથી લેતો અને સવડે પાછા આપી દેતો. તેનું ખાવું, પીવું, રહેવું, ધંધો બધુંજ આકાશ વૃત્તિ સરખું હતું. કોઇ દિવસ ખોલી પર આવતો તો વળી કોઇ દિવસ બીજે પણ સૂઇ રહેતો. પ્રભાકરના ધંધાની પડોશીઓને ખબર નહોતી. તેને ચાલમાં કોઇ સાથે કશો સંસર્ગ નહોતો. તેને માટે ચાલમાં કોઇનો સારો અભિપ્રાય પણ નહોતો. સોનલને લઇને તે મુંબાઇ આવ્યો, ત્યારે આ કારણે ચાલના તમામ સ્ત્રી વર્ગને આશ્ચર્ય થયું. આવડી કુંમળી, રૂપાળી, ભણેલી, સુશીલ અને ડાહી સોનલે, પ્રભાકર જેવાને પતિ તરીકે કેમ પસંદ કર્યો હશે? એ સર્વનું આશ્ચર્ય હતું. એનો ઉકેલ પણ કેમ થાય? સોનલ અને પ્રભાકરના

જીવનની વાત કહે પણ કોણ! નાનપણના વિવાહ થઇ ચૂકયા હોય તો પરણ્યા વિના કાંઇ છૂટકો થાય!" અને પરણ્યા પછી કાંઇ છેડા છૂટકા થાય, એ તો કાંઈ ગોલા ઘાંચીનું પરણીએત હતું? પણ જે રીતે સોનલ પ્રભાકર સાથે વર્તતી અને ચાલતી, સ્ત્રીઓ અને બાળકો સાથે સબંધ રાખતી તે પરથી તે બધામાં દયાપાત્ર બની ગઈ હતી. પ્રભાકર માટે ગમે તેવું કહી, સોનલના મનમાં કલેશ ઉભો થાય એવું કશું પણ કરવાની કોઇની વૃતિ નહોતી. અને ઘરમાં પૈસા સબંધી હાડમારી છતાં તે વાતની ઓરડી બ્હાર કોઇને ખબર ન પડે એવી સોનલ કાળજી કરતી.

* * *

નોકરીના આઠ દિવસના પગારની ગોઠવણ પ્રભાકરને કરવીજ પડવાની. તેમ નહિ થાય તો તેની વાત સોનલ તરત જાણી જાય અને તે પણ ઠીક નહિ. પણ આ પગારની રકમ લાવવી કયાંથી? અકબરખાનને ત્યાંથી એ રકમ તરત મળી શકે તેમ હતું, પણ રૂપિયે આનો વ્યાજ એટલે માસિક કમાણી રીતસર ચાલુ થયા વિના વ્યાજની પણ રકમ સમયસર ભરવી મુશ્કેલ બને અને એ તો પઠાણ ઉઘરાણી કરવા ખોલી પર આવીને ઉભો રહે, ગમે તેવું બોલે, તોફાન કરે અને ઇજ્જત પર હાથ નાંખે. તેણે આ રકમ મુલચંદ માસ્તર પાસેથી મળતી હોય ત્યાં સુધી અકબરખાન પઠાણ પાસેથી ન લેવી એવો નિશ્ચય કર્યો.

સાંજ પડવા આવી હતી અને તેણે ફીરંગીના દેવળ નજીક આંટા દેવા માંડયા. તરત માસ્તર દેખાયા. માસ્તરને ત્યાં જઈ આડીતેડી વાતો કરી પ્રભાકરે ચાલીસ રૂપીઆ માગ્યા. માસ્તરને ધર્મસંકટ ઉભુ થયું. એક તરફ કેસરબેન પ્રભાકરને કાંઈ પણ રકમ આપવાનો સખત વિરોધ કરતાં અને બીજી તરફ અનંતરાય માસ્તરનો પત્ર હતો કે પ્રભાકર અગર સોનલ કાંઇ પણ રકમ માગે તો આપી તે પોતાની પાસેથી મંગાવી લેવી. એકલો પ્રભાકર હોત તો, અનંતરાય એક પાઇ પણ તેને નહીં આપત, પણ પોતાના ભટકતા દીકરા જોડે સોનલ પરણી, પૈસે ટકે દુ:ખી થાય એ તેમને ગમતું નહોતું. અને તેથી તેમણે મુલચંદ માસ્તરને પત્ર લખી અણીને વખતે મદદ કરી જ્યારે ને ત્યારે રકમ મંગાવી લેવા લખી દીધું હતું. અનંતરાયભાઇનો

પત્ર છે એટલે ના નજ કહેવાય એવો વિચાર કરી "આપુ" કહી માસ્તરે હિંચકેથી ઉઠી ચાલીસ રૂપિયાની નોટો કાઢી હજી તો તે કટકા ગણુતાજ હતા, પણ એટલામાં તો દાદરના છેલ્લા પગથીએ કેસરબેન આવ્યાં "ગમે તે કહો બેન, કંકુ તો અમારા કપડવણજનું"

કેસરબેન ચાલની બીજી સ્ત્રીઓ ભેળાં ભુલેશ્વર જઇને પાછાં ફર્યાં હતાં. પડોસણને તેમણે કંકુ અપાવ્યું. પણ મુંબાઇનું કંકુ કપડવણજ જેવું નહિ. તેની દલીલ અડધે રસ્તે શરૂ થઇ હતી. અને દાદર ચઢતાં સુધી પહોંચી હતી.

કેસરબેનનો અવાજ માસ્તરના પગ ઢીલા કરવા બસ હતો. તેણે પ્રભાકરને નોટો આપી દીધી હોત, પણ પ્રભાકરને બેઠેલો કે ઓરડીમાંથી નીકળતો જોઈ કેસરબેન તુરતજ નોટો ગણે અને ઓછી થયેલી જણાતાં માસ્તરનો જીવ લે એ માસ્તરને પસંદ નહોતું.

માસ્તરે પાછી નોટો થોકડીમાં બરાબર વ્યવસ્થિત ગોઠવી કબાટ બંધ કરી દીધું અને કુંચીઓ ઉંચી મૂકી, કબાટ નજીકની ખુરસી પર બેસી ગયા.

"હવે આવતી કાલે, આજે તમે શુકન જોઇ આવ્યા જણાતા નથી," અને એટલામાં તો કેસરબેન આવ્યાં. તેને પ્રભાકર તરફ અને પછી માસ્તર તરફ નજર કરી અને રાંધણીમાં ગયાં. પ્રભાકરે માસ્તરની રજા લીધી.

"ભાઇ પૈસા લેવા આવ્યા હતા કે શું?"

"અરે ના રે"!!

ત્યારે લગન થયા પછી બૈરી સાથે કદી જણાયા નથી તે ગરજ વિના શાના આવે, એ પૈસા લેવાજ આવ્યા હોવા જોઇએ. ઘર માંડયું છે તે દેવું કર્યું હશે ને! ને માસ્તરને ત્યાં તો ટંકશાળ પડે છે!! કેસરબેન માસ્તરને ઠપકો દેતાં હોય એમ બોલ્યાં.

પોતાના બોલની માસ્તર ઉપર શું અસર થાય છે, તે જોવા જાણવાની જરૂર કેસરબેનને નહોતીજ. તેણે કુંચીઓ શોધી કાઢી, નોટો ગણી જોઈ અને પોતાની ટ્રંકમાં મૂકી દીધી.

તમારો ભરોંસો નથી પડતો, તમે હવે જુઠ્ઠુ બોલતાં શીખ્યા છો. "સમજ્યા, માસ્તર સાહેબ" કેસરબેને આસપાસ જોયું. છોડીઓ બ્હાર રમવા ગઈ હતી. અને એકાન્તનો લાભ લઇ રંગમાં આવેલાં કેસરબેને માસ્તરના ગાલે એક મીઠી ચૂંટી ભરી લીધી.

કેસરબેનનું આવું વ્હાલ માસ્તરની રગોમાં શેર લોહી ચઢાવતું, હાદર ચઢતાં કેસરબેને કપડવણજનું કંકુ વખાણેલું. તેની યાદ આપતાં વાત ઉડાવવા માસ્તર બોલ્યા.

"શું ? કપડવણજનું કંકુ મુંબાઇના કરતાં સારૂં" ! !

કેસરબેન ખુરસી તાણી માસ્તરની ઘણાં નજીક બેઠાં.

"તમેજ કહોની" ઊઠીને કંકુનું પડીકું લઇ આવ્યાં, ઉઘાડયું—"કહો જોઇએ કપડવણજનું કંકુ આવું કાળું હોય છે ! તે તો કેવું લાલચોળ ઉડીને આંખે વળગે એવું ! !

આનંદની હેલે ચઢેલાં કેસરબેને માસ્તરને કોણીનો પ્રેમભર્યો ઝટકો માર્યો.

"કપડવણજનાં બૈરાં તો વળી સૌથી સારાં."

માસ્તરની મજાક કેસરબેન સમજી ગયાં. ખૂરસી પરથી ઊઠીને કેડ પર હાથ મૂકી માસ્તરના બરાબર તે સામે ઉભાં.

"હું શું ખોટી છું ? મારા જેવી બૈરી તો બતલાવો" અને માસ્તરની દાઢીના નીચેના ભાગે ટચ લઈને એક મીઠો ટકોરો લાગ્યો.

"આપણે બન્ને પાછાં વીસ વર્ષનાં થઇએ તો" માસ્તરે સ્મીત કરતાં કહ્યું.

છોડીઓ દોડતી દોડતી ઓરડીમાં આવી. અને આંખનો મીઠો મિચકારો મારી કેસરબેન રાંધણીમાં ગયાં.

"આવો બેશી ખાવાનું આપું."

પ્રકરણ ૧૨ મું

ઉઘરાણી

કેસરબેન આનંદને હેલે ચઢતાં, ત્યારે માસ્તરની પૂરી પજવણી કરતાં. આજે સાંજથી શરૂ થયેલો તેમનો આનંદ, જ્યારે પૂરો થયો ત્યારે તો ચંદ્ર ગગનની ટોચે ચઢ્યો હતો. માસ્તરની સહજ સાત્વિકતાને આવો ઉછળતો આનંદ બહુ પ્રિય નહોતો. છતાં ખૂબ વિનોદી હતા. અને કેસરબેનની આવી પજવણી સહી લેવાનો તે પોતાનો ધર્મ માનતા. માસ્તરને આ સહજ સાત્વિકતા ઉપર આક્રમણ કરવાના પ્રસંગો બની શકે તેટલા ઓછા લાવવાનું કેસરબેનમાં ડહાપણ પણ હતું.

વાતમાં ને વાતમાં કેસરબેને પોતાની સાંજની શંકાનું સમાધાન કરાવી લીધું. પ્રભાકર ચાલીસ રૂપિયા લેવા આવ્યો હતો, અને કેસરબેન વખતસર આવી ન પહોંચ્યા હોત તો, માસ્તરે રૂપિયા આપી દીધા હોત, એવો માસ્તરનો એકરાર તેમણે મેળવી લીધો.

“એ તો ભગવાને મને મોકલી.” હરખમાં આવી કેસરબેન બોલ્યાં.

“મને તારી બહુ બીક લાગે છે.” રસીકતામાં અડધા થઈ જતાં માસ્તર બોલ્યા.

“બૈરાની બીક તો જોઇએ—સમજ્યા.” કહી કેસરબેને માસ્તરની પાંસળીઓમાં ગલીપચી કરી.

“નહીં તો.”

“નહીં તો ભાયડાઓ નહિ કરવાનું ઘણું કરી બેસે—સમજ્યા.”

× × × × ×

બીજે દિવસે શનીવાર હતો. શનિવાર એટલે ઓફિસો બે વાગ્યા સુધી.

સોનલે ડબ્બો ખંખેરી સવારની ચાહ કાઢી. દૂધવાળાનું બીલ આવ્યુંજ હતું. અને તેણે તાકીદ કરીઃ—

"કલ પરસુ પૈસા દે દેના શેઠજી!"

ઘરમાં ચોખા, દાળ હતા પણ લોટ નહોતો. રોકડ રકમ તો કાંઈજ નહોતી. પિતાને ત્યાં ભરેલે ભાણે ખાતી સોનલે આજે શાક ચટણી વિના ચલાવી, મીઠાની કાંકરીએ દાળ ભાત ગળે ઉતાર્યાં. શરૂ થતા ગૃહસ્થાશ્રમની ગરીબાઈએ તેના દિલમાં ગરબડ મચાવી હતી ખરી, પણ ઉપરથી તે સ્વસ્થ હતી. તેને કલાપીની એક લીટી સાંભળી.

"વ્હાલી બાબાં સહન કરવું એજ છે એક લ્હાણું."

"ગરીબાઈ સહન ન થાય તે બીજું કયું દુઃખ સહન કરી શકે?" તેને થયું, વિધવા તો જીવનભરનું નિઃરસ, ગરીબ દુઃખમય વૈધવ્ય કયાં સહન નથી કરતી!! તેને માથે તો દેવ જેવો ધણી બેઠો હતો. નોકરી મળતાં વાર લાગે તેમાં તેનો શો વાંક? નોકરી તો આવતી કાલે મળશે. ગરીબાઈ કાંઈ જીંદગી પહોંચવાની છે?

પણ પ્રભાકરને શાક વિના ખવડાવ્યું તે તેને ન ગમ્યું. ગઈ રાતથીજ પ્રભાકર શોકગ્રસ્ત બન્યો હતો. અને ઉંડા વિચારમાં ઉતરેલો જણાયો. જમતાં પણ તે આજે કાંઈ બોલ્યો નહિ.

"શાક વિના નહિ ભાવ્યું ખરૂં." સોનલે માતા સરખા મૃદુ ભાવથી પૂછ્યું, નાગરદાસ અને અનંતરાય બન્નેને ત્યાં પૈસાની ખોટ નહોતી. આજે તેનાં સંતાન પૈસા વિના હેરાન થયાં હતાં. સોનલના હૃદયે બાપ–સસરાના ઘર અને વૈભવ તરફ મીટ માંડી. પણ બન્ને જણાં ઘર છોડી બેઠા હતાં. તેથી તેમને પડતાં તમામ દુઃખ સહન કરવાં જ જોઈએ. સોનલ પાછી કડક થઈ.

"તમે આજે ઓફિસમાં જઈ પગાર લઈ આવો તો પરચુરણ ખર્ચને તો પહોંચી વળાય." તેણે ઉમેર્યું.

"આજે મળશે તો લાવીશ, નહિ તો સોમવારે તો જરૂર પગાર થશે."

* * *

"બે દિવસ તો નીકળી જશે, પણ તમે દીલ પર કશું લાવશો નહિ."

પ્રભાકર કપડાં પહેરી બ્હાર ગયો.

બપોરનો એક વાગ્યો હતો. સોનલ ઓરડીમાં બેઠી બેઠી રૂમાલ ગૂંથતી હતી. ચાલના બાળકો તેની આસપાસ કૂદતાં આનંદ કરતાં હતાં. અને કેસરબેનનો ઘાંટો દાદર આગળ સંભળાયો.

"પેલા પ્રભાકરભાઈ આ મજલેજ રહે છે ને ?"

ચાલનાં પાંચ—સાત બૈરાંઓએ બારણા બ્હાર ડોકું કાઢ્યું. સોનલ પણ ગૂંથણ હાથમાં લઇ બ્હાર આવી.

"આવો, કેસરબેન !" તેણે આવકાર આપતાં કહ્યું. કેસરબેન મળવા આવ્યાં જાણી તે ખૂશ થઇ. ઘરમાં ચાહ ખાંડ વિગેરે સ્વાગતનાં સાધનો નહોતાં. અને કેસરબેન છોડીઓને સાથે લઇને આવ્યાં હતાં. આવકાર દેતાં સોનલનું હૈયું દુઃખથી દબાયું.

"આવો–આવો." છોડીઓના હાથ પકડી સોનલ ઓરડીમાં લઇ ગઈ.

પણ કેસરબેન કાંઇ સોનલને મળવા આવ્યાં નહોતાં. પ્રભાકર પોતાના પતિ પાસે જ્યારે અને ત્યારે પૈસા માંગવા આવે તે તેને પસંદ નહોતું. પૈસા માગે તો માસ્તર ના કહે એવો તેમનો સ્વભાવ નહોતો. એવું કરવું કે પ્રભાકર પૈસા લેવા આવતો પોતાની મેળે બંધ થાય. માસ્તર બપોરે નિશાળે જાય એટલે પ્રભાકરની ઓરડીએ જઇ, સોનલના દેખતાંજ ઉઘરાણી કરવી–એવી ઉઘરાણી–એવી ભાષામાં કરવી કે ફરીથી પ્રભાકર કે સોનલ પૈસા લેવા પોતાને ત્યાં પગ મૂકે નહિ. આવો વિચાર કેસરબેને શનિવારે સવારેજ કરી નાંખ્યો.

બપોરે એક વાગે જવું અને શાળા બે વાગ્યે બંધ થાય તે પહેલાં પાછા ઘેર આવવું એટલે માસ્તરને પણ આ વાતની ખબર ન પડે.

બપોરે એક વાગ્યો અને કેસરબેન અમૃતવાડીમાં આવવા નીકળ્યાં. તે સોનલને ત્યાં બેસત—થોડી મીઠી વાતો કરત પણ રસ્તામાં સહીઅરે તેમનો થોડો સમય લીધો. અને તેથી ટૂંકમાંજ વાત પતાવી પાછા ઘેર જવાનું કેસરબેને નક્કી કર્યું.

સોનલ શેતરંજી પાથરતી હતી. અને કેસરબેને આસપાસ ભીંતો પર નજર કરી. કેટલા વાગ્યા હતા તે તેમને જાણવું હતું. પણ પ્રભાકરને ત્યાં ઘડિઆળ જ નહોતી. ઓરડીમાં કશો સામાન પણ નહોતો.

આવા ભિખારી પાસેથી અઢીસો રૂપીયા વસુલ કરવા મુશ્કેલ હતા. એ વિચારે કેસરબેન વધારે ખીન્ન થયાં.

"કેસરબેન, બેસો. સોનલે બહુ વિવેકથી કહ્યું.

કેસરબેન બેઠાં તો ખરાં પણ તેમની આંખમાં ઉતાવળ હતી.

"બેસ, બેન. જરા પાસે આવ." તેણે સોનલને પોતાની પાસે બોલાવી. અને વાતની શરૂઆત કરી.

"તારાં લગ્ન થયાં તેના દસબાર દિવસ પહેલાં પ્રભાકરે માસ્તર પાસેથી રૂપિયા અઢીસો લીધા છે. તને કાંઈ તેની ખબર છે?"

"ના, કેસરબેન! મને તો કહેતા હતા કે એ રૂપિયા તો તેમની કમાણીની બચતના હતા."

"ભાયડાઓ તો એવું જુઠ્ઠું બોલે." સમસ્ત પુરુષ વર્ગને પ્રમાણ-પત્ર આપતાં કેસરબેન બોલ્યાં.

"અને તેથી જ ખરી હકીકત કહેવા હું આવી."

"માસ્તરને એમની પાસે મોકલ્યા હોત તો."

"અરે જવા દેની એમની વાત–એમનાથી તે ઉઘરાણી થાય?" ધીરેલા પૈસા પણ પાછા માગતાં એમને તો શરમ આવે છે." કેસરબેન એમની બોલવાની ટેવ ઉપર અજાણ્યે પહોંચી ગયાં.

"ભગવાને એમને તો કે'ની બૈરી ઘડતાં ઘડતાં પુરુષ ઘડી દીધા છે." પોતાના પતિને સ્ત્રીત્વની શરમ આરોપતું પ્રમાણપત્ર આપતાં કેસરબેન બોલ્યાં.

"કોઈ પણ પત્નિ પોતાના પતિ માટે આવા ઉદ્દગારો કાઢી શકે ખરી? સોનલના મનમાં વિચાર આવ્યો, પણ કેસરબેનને આવું બોલવું સહેજ સ્વભાવ સિદ્ધ હતું.

"પતિ માટે કેસરબેન આવું બોલાતું હશે?" સોનલે કેસરબેનને વિવેક શિખવતાં કહ્યું.

"તમે ભણેલીઓ આવું ન બોલો—અમારૂં તો જૂદું—અમને તો અમારા ધણી વઢે અને અમે તેમને વઢી નાંખીએ."

કેસરબેન જોડે વાદ કરવો નકામો જાણી સોનલ ચૂપ રહી. કેસરબેન આગળ વધ્યાં.

"માટે પ્રભાકર આવે એટલે તેને કહેજે કે સવડ કરી ચાર દહાડે આઠ દહાડે પૈસા મોકલી દે."

"હું જરૂર કહીશ."

"કહીશ એમ નહિ—જરૂર આઠ દિવસમાં પૈસા આવવા જોઇએ. નહિ તો બેન મારે કાંઇ કડવું કહેવું પડે અને તે સારૂં નહિ."

સોનલને આ શબ્દો દીલમાં લાગ્યા. "પણ કેસરબેન એમની તો નોકરી છે. અને અમદાવાદ લાવ્યા તે તો પોતાના પગાર બચતના પૈસા હતા, એમ એ કહેતા હતા."

"એ તો ત્હારી જોડે લગ્ન કરવાનાં હતાં, તે એમજ કહે કે'ની. હજી તો ગઈ કાલે બીજા ચાલીસ રૂપિયા લેવા આવ્યા હતા."

સોનલ ચમકી. કેસરબેન જવા ઉઠયાં. "ચાલો છોકરીઓ."

"પણ હું કાંઈ આપવા દઉં એવી છું?" કેસરબેને ઉઠતાં ઉઠતાં કહ્યું, તેઓ ચાલમાં આવ્યાં. ચાલના લોકો જાણે અને શરમાઇને પ્રભાકર પોતાના પૈસા વહેલા આપી જાય તેથી તેમણે પોતાની વાત ચાલમાં પણ ચાલુ રાખી.

"હું બેન નહીં માગત." પોતાની સાથે દાદર સુધી આવતી સોનલને તેણે કહ્યું.

"પણ બેન, અમે ગરીબ માણસ, એમ કાંઇ લોકોને પૈસા આપી દેવાય?"

ચાલની સ્ત્રીઓ પોત પોતાના બારણામાં ઉભી હતી. કેસરબેનનો ઘાંટો કાંઈ નાનો નહોતો. ઓરડીમાંની વાત ચાલતી બધી સ્ત્રીઓ સાંભળી

શકતી હતી. અને ચાલમાં તેમણે જ્યારે આ વાત ચાલુ રાખી ત્યારે સોનલ શરમાઈ ગઈ. તેણે નીચું જોયું. કેસરબેનના સ્વભાવ માટે તેને તિરસ્કાર આવ્યો. પણ કેસર બેન આવા તિરસ્કારની પરવા કરે એમ નહોતું.

સોનલ સાથે વાત કરતાં કેસરબેન જાણે ચાલની સ્ત્રીઓને કહેતાં હોય એમ બોલવા માંડયાં.

"પાંચ પચીશ રૂપિયાની વાત છે? અઢીસો રૂપિયાની રકમ અને તે કાંઈ જતી કરાય?" કેસરબેન હવે દાદર સુધી આવી પહોંચ્યાં હતાં.

તેમણે સ્વગત બોલવા માંડયું. "નોકરી ધંધો કરવો નહિ, ગામમાં રખડવું, પારકે પૈસે પરણવું અને મોજ કરવી. ધંધો માંડયો છે!! બોલવાની ધૂનમાં પ્રભાકર દાદર ચઢીને પોતાની સામે ઉભો હતો તેને કેસરબેને જોયો પણ નહિ.

સોનલનું મગજ બ્હેર મારી ગયું. પોતાના પતિ માટે આવા હલકા શબ્દો સાંભળવા તે તૈયાર નહોતી. તેને લાગ્યું કે તે પડી જશે તેણે કઠેરો ઝાલી લીધો.

કેસરબેનને અમૃતવાડીમાં પેસતાં પ્રભાકરે જોયાં હતાં. તે સમજી ગયો કે, તે પોતાને ત્યાં મળવા જતાં હશે. ઘરમાં ખાંડ ચાહ કાંઈજ નહોતું. મુલચંદ માસ્તરનો પ્રેમ અને ઉપકાર એટલો હતો કે, કેસરબેનને ચાહ પાવી પડે અને છોડીઓને કાંઇ ખાવાનું તો આપવું જ પડે. નજીકની દુકાનેથી તેણે ચહા ખાંડ લીધાં અને થોડી ચોકલેટ લઈને તે પોતાની ઓરડીએ આવતો હતો. અને ત્યાં તો દાદર આગળ તેણે કેસરબેનના શબ્દો સાંભળ્યા. પોતાને અને પોતે લીધેલા અઢીસો રૂપિયાને ઉદ્દેશીને જ તે બોલતાં હતાં એમ પ્રભાકર સમજી ગયો.

"પૈસા માગવાનો એમનો હક્ક છે, પણ ચાલમાં ભવાડો કરવાનો કાંઇ હક્ક નથી." તેણે મનમાં વિચાર્યું. કેસરબેનનું સ્વાગત કરવું બાજુએ રહ્યું. રડું રડું થઈ રહેલી અપમાની સોનલને જોઇ તેનો મીજાજ ગયો. કેસરબેનના સ્વભાવની દુષ્ટતા તે સહન કરી શકયો નહીં.

"ચાલ વચ્ચે લવારા શા કરો છો?" તેણે ક્રોધથી કેસરબેનને કહ્યું.

કેસરબેને ઊંચું જોયું.

"લવારા શાના ?" કેસરબેન કાંઇ ગાંજ્યાં જાય એમ નહોતું.

"લવારા પડતા હોય તો નાક ઘસી પૈસા લેવા ન આવીએ."

કેસરબેન પાસે કાળજું બળી જાય એવા શબ્દોનો ભંડાર ભરેલો હતો.

"છાતીમાં મારીશ" પ્રભાકરે ઉછળીને કહ્યું.

"આવડા મોટા નાણાવટીના દીકરા થઇને ફરો છો, ત્યારે લાવોને આપી દો રૂપિયા.

રૂપિયા લેવાને હાથ ધરે તેમ હથેળીઓ ચતી કરતાં કેસરબેને સામી ગર્જના કરી.

આખી ચાલ ગાજી રહી. ચારે બાજુએ ચાલની સ્ત્રીઓ કઠેરા ઝાલી આ કજીઓ નિહાળતી હતી. શિવનંદને મેડે આવવા હાથમાં લાકડી લીધી પોતાની પત્ની ઊભેલી છતાં પોતાનું આવું અપમાન કરતાં કેસરબેન પ્રભાકરને દુશ્મન જેવાં લાગ્યાં.

"એક શબ્દ આગળ બોલી તો માથું ફોડી નાંખીશ" ક્રોધથી ધ્રુજતા પ્રભાકરે પગમાંથી જોડો કાઢયો.

"તે મૂવા તું મને શું મારતો હતો. ન્હોય સુરતની- હું તો કપડ-વંજની છું." કેસરબેને પણ પોતાના પગમાંથી ચંપલ કાઢીને સામે ઉગામ્યું.

આખી ચાલ સ્તબ્ધ થઈ ગઇ. સોનલ આ દેખાવથી ધ્રૂજી ઉઠી. તેના હાથમાંનો કઠેરો છૂટી ગયો. તેને હિસ્ટીરીઆ આવ્યું. એક કારમી ચીચીઆરી પાડીને લથડી પડી. નજીકમાં ઉભેલી મેનાએ તેને ઝાલી ન લીધી હોત તો સોનલ ભોંયે પડી જાત.

"બાપરે ! ભલભલા ભાયડાને પૂરી પડે એવી છે." પાછળથી એક વૃદ્ધ સ્ત્રી બોલી ઉઠી. શીવનંદન ઉપર આવ્યો હતો તેણે પ્રભાકરને ઝાલી લીધો. મુલચંદ માસ્તરે કેસરબેનનો ચંપલવાળો હાથ પકડયો. કેટલીક સ્ત્રીઓની મદદથી મેના સોનલને તેની ઓરડીમાં લઈ ગઇ.

થોડી ક્ષણ સુધી આખી ચાલનું વાતાવરણ કઢંગુ બની ગયું.

મુળચંદ માસ્તરે કેસરબેનને વિનયપૂર્વક હેઠે ઉતારવા માંડયાં. જેવો કેસરબેને અઢીસો રૂપિયાની ઉઘરાણીનો નિશ્ચય કર્યો હતો તેવોજ માસ્તરે ચાલીસ રૂપિયા પ્રભાકરને પહોંચતા કરવાનો નિશ્ચય કર્યો હતો. શાળાના એક બીજા માસ્તર પાસે તેમણે ચાલીસ રૂપિયા મંગાવી રાખ્યા અને શાળા છૂટી એટલે સીધા આ રકમ પ્રભાકરને આપવા તેઓ અમૃતવાડીમાં આવ્યા હતા અને ભૈયા પાછળ જ દાદર ચઢયા હતા. પ્રભાકર અને કેસરબેનનું દંદ્વયુદ્ધ જોઇ તે સઘળું સમજી ગયા. તેમણે કેસરેબેનનો ચંપલ વાળો હાથ ઝાલી લીધો.

"ચાલો ઘેર ચાલો." માસ્તરે ધીમે અવાજે કેસરબેનને વિનંતિ કરવા માંડી. પણ કેસરબેનનો ક્રોધ કયાં સમાયો હતો ?

"મોટો મારનારો નહીં જોયો તે, ભીખારીનો દીકરો, પૈસા આપવા મળે નહિ અને રોફ તો જો બારગામનો મારે છે તે." ચંપલ પહેરતાં પણ કેસરબેને બોલવાનું ચાલુ જ રાખ્યું.

\+ + +

ચાલના ભૈયાએ દરેકને વિખેરવા માંડયાં. બની ગયેલા નાટકથી ચાલ-ની સ્ત્રીઓ સ્તબ્ધ બની ગઇ. ચાલમાં આવો ટંટો આગળ કદી થયો નહોતો.

"ખરી ભાયડા જેવી બૈરી." કેસરબેન નીચે ઉતર્યા પછી ચાલની એક ડોશી બોલી.

"એનો મરદ પણ બિચારો કેવો બીતો હતો." બીજીએ કહ્યું. કેટલાક મરદો નોકરી પરથી આવી પહોંચ્યા હતા. બે કલાક સુધી આ કજીઆની વાત ચાલમાં થતી જ રહી. બધાને ખબર પડી કે કેટલાક માસથી નાની ખોલીમાં પડી રહેતો પ્રભાકર કોઈ શ્રીમંતની દીકરીને પરણી લાવ્યો છે. પણ ભીખારી છે અને તેની પત્નીને યોગ્ય નથી. ગમે તે ગમે તેવી વાતો કરવા માંડયાં.

ભિખારીને વળી પરણવાનો હક્ક શો ?" એક મરદે કહ્યું.

"પણ છોડીનો બાપ પરણાવનારો કેવો ? તપાસ કરીને પરણાવે કે એમને એમજ !"

"અરે ભાઇ, આ તો પ્રેમ લગ્નનો કીસ્સો છે." ત્રીજાએ કહ્યું. અને કેટલાક મરદો હસી પડયા.

પ્રભાકર તરફ ચાલવાળાઓને અભાવ હતો જ. આજે તિરસ્કાર થયો. બધાને સોનલની દયા આવી.

"ફસાઈ પડી" એકે કહ્યું.

"ભાઈ, આજ કાલ પ્રેમનું ગાંડપણ પણ વધી ગયું છે તો!" બીજો બોલ્યો.

"પણ ભાઇ! હવેની ભણેલીઓને ચટકદાર વર જોઈએ છીએ તેનું કેમ?" ત્રીજાએ પૂર્તિ કરી.

"તો પડે આમ ખાડામાં." ઓરડીમાં પેસતાં એક આધેડ વયનો મરદ બોલ્યો.

*   *   *

બ્હાર આવી વાતો થતી હતી ત્યારે સોનલની ઓરડીમાં મેના સોનલનું માથું ખોળામાં લઇ તેના મોં અને આંખ પર ઠંડુ પાણી છાંટતી હતી. ચાલનાં નાનાં બાળકો આશ્ચર્યચકિત થઇ આસપાસ વિંટળાઇ વળ્યાં હતાં. અને કેટલાંક તો સોનલના પગ ચાંપવા મંડી પડયાં હતાં. એક ઘરડાં બેને ડુંગળીનો કડકો કાપી સોનલના નાક આગળ ધર્યો.

"ડૅાકટરને બોલાવું?" ઓરડીમાં આવીને પ્રભાકરે પૂછ્યું.

"ના! ભાઇ કાંઈ જરૂર નથી. એ તો વાયુ આવ્યું છે તે હમણાં શમી જશે." ઘરડાં માજીએ જવાબ વાળ્યો.

થોડો સમય થયો અને સોનલે આંખ ઉઘાડી.

"ઠીક લાગે છે ને ભાભી?" મેનાએ કહ્યું. તેના શબ્દોમાં બેનનો—માતાનો—પ્રેમ હતો.

સોનલ બેઠી થઇ ગઈ. વાળ સરખા કરી માથે ઓઢયું. ઓરડીમાંનાં બાળકો આનંદમાં આવી ગયાં, અને કેટલાંક તો નીચાં વળી સોનલનું મોં જોવા લાગ્યાં.

" તમને શું થયું હતું સોનલ બેન ? " એકે પૂછ્યું. " તમે કેમ પડી ગયાં સોનુ બેન ? " બીજાએ પૂછ્યું. " પેલી જાડી બાયડી આવી હતીને, તેણે સોનુ બેનને ચંપલ મારી. " આંખો મોટી કરી એક બાળકે કહ્યું. કેસરબેન કેવડાં જાડાં હતાં તેનો ખ્યાલ આપવા તેણે હાથ પહોળા કર્યા અને ગાલ પણ ફૂલાવ્યા. આ અભિનય બધાં બાળકોએ ઉપાડી લીધો.

" તમને બધાને બહુ તસ્દી પડી " સોનલે ઘરડાં માજી તરફ જોઇને કહ્યું.

" તસ્દી શાની ? પડોશમાં રહેલાં કામનાં શાં ?" તેમણે કહ્યું.

"પરદેશમાં તો પડોશીજ ખપ લાગે. સગાં કાંઇ નજીક કરી મૂકયાં છે ?" મેનાએ ઉમેર્યું. " ભાભી તમે હવે જરા સૂઇ જાઓ. " સોનલ સૂતી નહીં.

થોડો સમય ગયો અને સોનલ વધારે સ્વસ્થ થઇ.

" હવે સાલ્લો બદલી નાંખો. જૂઓ મેલો થયો છે. અને હવે સાંજે આરામ જ લેજો. હું ખાવાનું કરીને મૂકી જઇશ."

" ના બેન, હવે મને સારૂં છે. હું કરી લઇશ. "

" શું ધૂળ સારૂં છે. " મેનાએ કહ્યું. "તમે હવે આરામ લ્યો."

" પણ બેન હવે મને કાંઇ નથી. "

" છે કે નથી. તમે અત્યારે કાંઈ કરશો નહિ." મેનાના મનમાં બીક હતી કે રખેને સોનલને પાછી રાંધણીમાં તાણ આવે.

" પણ બે માણસનું રાંધવું એમાં શું ? "

" ત્યારે મને શું ભાર પડી જવાનો હતો ? તમે હવે બોલશોજ નહિ ભાભી. "

સોનલ બોલવા જતી હતી અને મેનાએ તેનું મોં હાથ વડે બંધ કરી દીધું.

" તમે બોલો તો તમને એમના સમ છે, ભાભી. " ભોળી શુદ્ધ સ્વભાવ અને હૃદયની મેનાએ પોતાના પતિના સોગંદ ખાઇ આગ્રહ ઉપર હિમાલય મૂકી દીધો.

સોનલનું અંતઃકરણ બોલ્યું. "મેના તારા દીલમાં તો પ્રભુનો વાસ છે, હોં !"

તેને મેના તરફ માની જણી બેન જેવો ભાવ આવ્યો. તે મનમાં બોલી.

"મેના તારો ઉપકાર વળશે ખરો ?"

અને આ વિચાર આવતાંજ સોનલની આંખોના ખૂણા આંસુથી ભરાઇ આવ્યા.

પ્રકરણ ૧૩ મું

પરિચય

બીજે દિવસે સવારે જ્યારે મુળચંદ માસ્તર પ્રભાકરની ઓરડીએ આવ્યા ત્યાર તો તે બહાર નીકળી ગયો હતો. સોનલ હતી અને માસ્તરે તેને મોંઢે તેની અને પ્રભાકરની માફી માગી.

"માફ કરજે, સોનુ બહેન. ગઇ કાલે તને તાણ આવ્યું તેથી મને બહુ દુઃખ થયું.

"કાંઇ નહીં ! એમાં શું ? તમારો શો દોષ ?"

"હું ઓરડીમાં આવી તારી માવજત કરત બ્હેન પણ મને લાગ્યું કે મને કદાચ તાણ આવશે. અને વળી મારે એ તમાશો ઝાઝો સમય ચાલવા દેવો નહોતો. પણ હું બહુ જ દિલગીર છું."

માસ્તરે ઓરડીની ભીંતો તરફ નજર કરી. તેમને ટાઇમ જોવો હતો. "પ્રભાકર નથી ?" તેમણે પ્રશ્ન કર્યો.

"ના, હમણાં જ બ્હાર ગયા."

"તેની હરકત નહીં. કહેજે કે મને શાળામાં બપોરે બે વાગ્યે મળે. એક નોકરીની ભાળ લાગી છે.

"જરૂર કહીશ. તમે કેટલી સંભાળ રાખો છો ?

"મારે તો જેવી મારી સુપ્રભા, તેવી તું. તારૂં કન્યાદાન તો મેં દીધું તારો મારા પર હક્ક છે."

સોનલ સાંભળી રહી. અને માસ્તર જવા સારૂ ઉઠયા.

"એનું બોલવું જરાએ મનમાં લાવતી નહિ હોં બેન !" તેણે કેસરબેનને ઉદ્દેશીને કહ્યું.

"એનો સ્વભાવ વિચિત્ર છે, પણ આટલી ઉંમરે કાંઈ સ્વભાવ બદલાય છે !" માસ્તરે આડકતરી રીતે સોનલનું સાંત્વન કરતાં કહ્યું.

× × × ×

કેસરબેને આગલા દિવસે કરેલા કજીયાથી માસ્તરને ઘણી લાગણી થઈ હતી. રસ્તામાં જ્યારે કેસરબેન વિજયવંત યોદ્ધાની જેમ પોતાના પરાક્રમથી હરખાતાં ડોલતાં ચાલતાં હતાં, ત્યારે મુળચંદ માસ્તર આ કમનસિબ બનાવથી અતિ દુ:ખીત થઈ, પ્રભાકર અને સોનલની જેમ બને તેમ વહેલી માફી માગવાના વિચારમાં નિમગ્ન થઈ ગયા હતા. એટલે સુધી કે કેસરબેન દાદર પર ચઢવા ન વળ્યાં હોત તો માસ્તર કદાચ પોતાની ચાલ વટાવીને આગળ પણ ચાલ્યા જાત.

માસ્તર જેવું તેવું જમ્યા. અને કેસરબેનને તે રાતે વહેલા સૂઈ જવામાં જ ડહાપણ જણાયું. ધાડ ધસધસાટ નિદ્રા સાથે જ્યારે કેસરબેનનાં નસ્કોરાં તાલ દેતાં હતાં ત્યારે માસ્તરની ઉંઘ ઊડી ગઈ હતી. કેસરબેને પ્રભાકર અને સોનલને બેઆબરૂ કરવાના મહા પાપ માટે ક્ષમા જરૂર માગવી જોઈએ. કેસરબેન ન માગે તો પોતાને માગવાની રહી. પ્રભુ ભવિષ્યમાં આવી કુબુદ્ધિ કેસરબેનને ન આપે તે માટે માસ્તરે પથારીમાં બેઠાં લાંબા વખત સુધી માળા કરી. તે સૂતા ત્યારે લગભગ પરોઢિયું થયું હશે.

"ગરીબ બિચારો પ્રભાકર. એનો ગુન્હો શું ? માત્ર ગરીબીનો ?" સવારમાં ઉઠયા અને માસ્તરનું મગજ વિચારે વળગ્યું.

"એને કયાં મદ્યપાન માટે દેવું કર્યું છે. લગ્ન માટે કોણ દેવું નથી કરતું. પોતાના લગ્ન વખતે પિતાએ પણ દેવું જ કરેલું. અને તે દેવું પોતે થોડું થોડું કરીને વાળ્યું."

"હજુ પ્રભાકરને લગ્ન કર્યે તો એકજ માસ થયો હતો તેટલામાં એ કમાય શું ઘર શું ચલાવે અને દેવું શું આપે ?" માસ્તરે પ્રભાકરના વર્તનમાં જરાયે દોષ ન દીઠો.

"પણ એને થોડી કમાણી કરી આપવી જોઇએ." માસ્તરે આગળ વિચાર કરવા માંડયો. તેમની પાસે હજુ ગઇ કાલે જ એક ટ્યુશનની વાત આવી હતી. મહિને પોણોસો રૂપિયા મળે એમ હતું. સામાન્ય રીતે તો સાંજ સુધીની બધી વાત માસ્તર રાતની નવરાશે કેસરબેનને કહી દેતા અને આ વાત પણ કરી જ હોત. પણ ગઇ કાલનો દિવસ જ નઠારો. સંતાપના એ શનિવારે કેસરબેન પહેલાં સૂતાં, તે માસ્તરને મન મોટી નિરાંત હતી. આવેલું ટ્યુશન પ્રભાકરને અપાવી, પોતે કૃતાર્થ થવું એવો માસ્તરે દૃઢ નિશ્ચય કર્યો. આજ ટ્યુશન અપાવવા માટે માસ્તરે પ્રભાકરને નિશાળમાં બોલાવ્યો હતો.

× × ×

સોનલને તાણ આવેલું જોઇ બીજી તરફ મેના પણ વિકળ બની હતી. પ્રભાકર હતો એટલે તે સોનલની ઓરડીમાં તો ન ગઈ પણ સોનલની તબિયતની ખાત્રી કરવા તે થોડી થોડી વારે ઓરડી આગળ આંટા મારતી બારણાને કાન દેતી હતી.

પતિ સાથે વાળુથી પરવારી મેનાએ બપોરની વાત વિગતવાર અમૃતલાલને કહી. કહેતી જાય અને રડતી જાય.

"પણ તેમાં તું શું કરવા રડે છે?" અમૃતલાલે તેને શાંત પાડતાં કહ્યું.

ભાભીનું દુઃખ દેખી મને બળ્યું રડવું આવી જાય છે" મેનાના આંખમાં આંસુ વહી જતાં હતાં.

"અરે હા! દીલાસો અપાય પણ આમ રોવાય!"

"માથે કેટલું બધું દેવું છે? પેલી બાઇ આવીને અઢીસો રૂપિયાની વાત કરતી હતી."

"પણ આપણે કાંઇ શ્રીમંત છીએ? અને હોઇએ તો યે શું? ગરીબો તો ગામમાં લાખ્ખો પડયાં છે? આપણે કેટલાંને મદદ કરીએ."

મેના જાણતી હતી કે, અમૃતલાલને ફકત સાઠ રૂપિયા પગાર મળતો હતો. અને સાઠ રૂપિયા એટલે મુંબાઇનો ખર્ચ બળે બળે કાઢી શકાય. પ્રભાકરને પોતાનો પતિ મદદ કરી શકે એમ નહોતું જ.

"તો પ્રભાકરને કાંઈ નોકરી શોધી આપો."

"કોણ કહે છે એને નોકરી નથી, એ તો જમીને રોજ બહાર જાય છે."

"નથી નોકરી. મને સોનલ ભાભી કહેતાં હતાં. એ તો નોકરી શોધવા જાય છે."

"હં!!" આશ્ચર્યમાં પડી, અમૃતલાલ "હં" પર ભાર મૂકીને બોલ્યો. તેણે ડાકું હલાવ્યું.

"પણ એનાથી નોકરી થશે?" અમૃતલાલે મેનાને કહ્યું.

"જુવાન માણસ છે ને નોકરી કેમ નહીં થાય? તમે કરો છો કે નહીં?"

"મારી વાત જૂદી છે—નોકરી એટલે ગાળો વેઠવાનો સ્વભાવ જોઇએ. મગજની સ્થિરતા જોઇએ—કોઇ કહે તે સાંભળી લેવાની ટેવ જોઇએ. સીધે રસ્તે ચાલવાની ટેવ જોઇએ. અને સાચી દાનત જોઈએ" અમૃતલાલ બોલતાં અટકયો.

"તે તમે શું કહો છો?"

"તને સમજ ન પડી? આ તો સહેલાણી છે. બાર મહિનાથી આપણી પંડાશમાં રહે છે. છે કાંઈ આવવા જવાનું ગૃહસ્થ તરીકે રહેવાનું ઠેકાણું? કોઇ જોડે બોલવું નહીં. બેસવું નહીં વાત નહીં ચીત નહીં માગવાવાળા ધક્કા ખાયા કરે. તેને મોં બતાવવું નહીં. ઘરનાં ઠેકાણાં નહીં અને પોતાનાં ઠેકાણાં નહીં. એવાથી કંઇ નોકરી થાય?"

"પણ તે તો પ્રભાકર ભાઇ એકલા હતા ત્યારે ને? હવે તો નોકરી વિના એ જીવો દુઃખી થાય છે" મેનાએ ગદ્ ગદ્ થઇને કહ્યું.

"ખરૂં—સોનલબેનની વાત કર" અમૃતલાલે એક મોટો નિસાસો મૂકયો. જાણે પોતાની દીકરી પર દુઃખ પડયું હોય એવો એ નિઃશ્વાસ

દુઃખ ભર્યો ઉંડો અને ગરમ હતો. " જોઇશ. મારા શેઠને પૂછી જોઇશ. બનતાં સુધી એક જગ્યા ખાલી છે ખરી. "

મેના હરખમાં આવી ગઇ. " ત્યારે કાલને કાલેજ ચોક્કસ કરજો, વિસરતા નહીં. તમને ખબર નથી એમની ઓરડીમાં બશેર દાળ ચોખા પણ નથી. આજે હું નાકે ધરવા ડુંગળી શોધવા ગઇ તો બધી જ માટલીઓ ખાલી."

મેના અમૃતલાલને ઘૂંટણે વળગી પડી.

" તમે જરૂર કાલે નોકરીનું કરજો હોં. તમને કર્ણદાનેશ્વરી જેટલું પુણ્ય લાગશે. "

મેનાનો ભોળો હેતાળ સ્વભાવ તેની આંખમાં તરવરતો હતો.

ગાંડી એને પુણ્યને ખાતર કરવાનું છે? પડોશી તરીકે મદદ કરવાની આપણી ફરજ છે. "

બીજે દિવસે બપોરે જ્યારે અમૃતલાલ ઓફિસે જવા નીકળ્યા ત્યારે મેના બારણા આડી ઉભી રહી.

" પેલું પ્રભાકરભાઇની નોકરીનું વિસરશો નહીં હો ! ! તમને મારા સમ છે. "

નિર્મળ ભોળી ભાવિક પતિ પરાયણ મેના સામે અમૃતલાલ ક્ષણભર જોઈ રહ્યો. પોતે કેટલો સુખી હતો. આર્યાવર્તની બધી જ સ્ત્રીઓ આવી નિર્મળ સ્વભાવની, ઉદારચીત અને પ્રેમાળ હોય તો દાંપત્યજીવન કેવું શુદ્ધ સરળ અને ભોગ્ય થાય.

"મળશે તો જરૂર નક્કી કરી લાવીશ. " અને અમૃતલાલે મેના તરફ મીઠી પ્રેમ ભરી મીટ માંડી.

"જાઓ હવે, બારણું ઉઘાડું છે. " મેનાએ ધીરે રહીને કહ્યું અને પાછી ફરી ગઈ. ઉઘડતા સ્મિતની પાંદડીઓ તેના હોઠ પર ફરફરી રહી.

પોતાના પતિ પોતાના કહ્યાથી સોનલબેનના વર માટે નોકરીનું નક્કી કરશે એ વિચારે મેના આખો દિવસ આનંદમાં રહી.

× × ×

અમૃતલાલ ગયા અને વાસણ વગેરે બધું જ રસોડામાં પડતું મૂકી, મેના સોનલની ઓરડીએ ગઈ. સોનલ પ્રભાકરની રાહ જોતી બેઠી હતી.

રોજ મેના આવે ત્યારે સોનલ તેને ભગિની ભાવથી વધાવતી. આજે તેણે મેનાને આવકારનું "આવો" કહ્યું ત્યારે તેના મૂખ પર દુઃખની છાયા હતી.

આખી રાત સોનલ ઉંઘી નહોતી. આંખો જરા ફૂલી પણ હતી. સાંજની ધુમરીની અસર મગજ અને પાંપણોને હજુ પણ દાબી રહી હતી. અને એથી વધારે દબાણ તો તેના મગજમાં આવતા વિચારોની પરંપરાને કારણે હતું.

\+ + +

સૌથી પહેલાં તો કેસરબેન સરખી લડાયક સ્ત્રીની તેને કદી કલ્પનાજ આવી નહોતી. પુરુષ સામે ચંપલ ઉડાવવું એ તો કેસરબેનજ કરી શકે. પણ પ્રભાકર તેનાથી કેવો દબાઈ ગયો. શું કેસરબેન પૈસા માંગવા આવેલાં તે ખરેખર તેણે પ્રભાકરને આપેલા? પણ તેમ ન હોય તો આખી ચાલ વચ્ચે અને પ્રભાકરને મોંએ તે આવા સખ્ત શબ્દોમાં ઉઘરાણી કરવા હિંમત કેમ કરે! જે રૂપિયા પ્રભાકર અમદાવાદ લાવેલો અને જેમાંની બચત રકમ મુંબાઇમાં બન્ને જણાએ ખરચી—તે પ્રભાકરની કમાણીની નહીં પણ તે મુલચંદ માસ્તરને ત્યાંથી કરજાઉ કાઢેલી. એ વાત સોનલના હૃદયે સાચી માની. એ રકમ પોતાની કમાણીની બચત હતી એવું પ્રભાકરે કહ્યું તે જુઠું. સોનલને પ્રભાકરના શબ્દો વળી પાછા કાને અથડાયા:—"છાતીમાં મારીશ." પ્રભાકરે પૈસા લીધાની વાત ઈન્કાર નહોતી કરી. પૈસા લીધા નહોય તો છાતીમાં મારવાનું પ્રભાકર શા માટે કહે!

રાત્રે જમ્યા પછી સોનલ આ વિષે સ્પષ્ટતા કરવા ગઇ પણ પ્રભાકર તે રાત્રે કશુંજ સાંભળવા, કોઈપણ પ્રકારની વાત કરવા તૈયાર નહોતો. સોનલે વાત છેડી અને પ્રભાકરે તેની સામે કરડી આંખે જોયું. વાત સંભારી દુઃખી પતિના દુઃખમાં વધારો શા માટે કરવો? આ વિચારે સોનલ તે રાત્રે કશુંજ બોલી નહીં.

હૃદય દુઃખ બે રીતેજ હળવું થાયઃ–રડયાથી અગર કોઈને કહેવાથી. પણ કેટલાક પ્રસંગો એવા હોય છે કે રડાયે નહિ અને કોઇને કહેવાયે નહીં. અગર તો જેને કહેવાય એવું હોય તે સાંભળવાને તૈયાર ન હોય!! આવા વિષમ પ્રસંગે હૃદયનું દુઃખ મગજ પર ચઢે છે! અને માણસને સારા માઠા વિચારોના વમળમાં ફેંકી દે છે. સાગરમાં આવતા ઓઘ કિનારાનો કિનાર સાથે અથડાય છે. તેમ વિચારોની પરંપરા માણસોના મગજની મર્યાદાઓ સાથે અથડાય છે. અને વિવેકી જીવનની મર્યાદરેખાના કાંગરા તોડી શાંતજીવનમાં મોટાં કોતરો પાડે છે.

સોનલની સ્થિતિ રાત્રે એવી થઈ હતી. પ્રભાકરની ઉંઘમાં ખલેલ ન પડે તે ખાતર તે ન રડી. તેની હૃદયવ્યથા બીજા કોઈને કહેવાય એમ પણ નહોતું. અને પ્રભાકર તો કશુંજ સાંભળવા તૈયાર નહોતો. સોનલનું મગજ વિચારની પરંપરામાં ગૂંચવાયું.

પ્રભાકર માટે તેને ઉંચો ખ્યાલ હતો. તે તેનો હૃદય દેવ હતો. નાગરદાસ અને અનંતરાય બંને જુના જીવન મિત્રો. અનંતરાય માસ્તરની અમદાવાદની નોકરી દરમ્યાન બન્ને મિત્રો પડોશમાં રહેતા અને યુવાવસ્થાના પ્રારંભમાં સોનલ અને પ્રભાકર બન્ને જોડે ઉછરેલાં.

પ્રભાકર સોનલથી છ વર્ષે મોટો, સ્વભાવે સરળ, ભણવામાં સારો, વિવેકી શરમાળ અને વચનાધીન હતો. અનંતરાયને પ્રભાકર માટે ઘણો ઉંચો અભિપ્રાય હતો. પહેલે નંબરે પાસ થાય–અને સાહિત્ય અને ઇતિહાસનો તેનો અભ્યાસ સારો–ઉંચા પ્રકારનો હતો. પ્રભાકરે અંગ્રેજી અને ગુજરાતી કવિઓ લગભગ બધાજ વાંચેલા. અને કલાપીની કેટલીક હૃદયગમ્ય કવિતાઓ તો તેને કંઠે. શેલી અને કીટસની કવિતાઓ તો તે રસથી વાંચતો અને શેકસપીઅરનું એક અગર બીજું નાટક તેના હાથમાં હોયજ.

અનંતરાય માસ્તરને બે બાળકો–તેમાં પ્રભાકરથી મોટી એક દીકરી તો બાળવયમાંજ ગૂજરી ગઈ હતી. એકલા પ્રભાકરને સારો વિદ્યાભ્યાસ કરાવી પોતાની લાગવગથી કોઇ સારી નોકરી અપાવવી. બને તો એને કોઇ કોલેજનો પ્રોફેસર બનાવવો. એવી અનંતરાય માસ્તરની ઇચ્છા હતી અને તેથી તેનું સાહિત્ય અને સંસ્કૃત સારૂં થાય તે અર્થે તેમણે પ્રભાકરને શ્રમપૂર્વક જાતે અધ્યયન કરાવેલું.

પ્રભાકરમાં પિતાની બુદ્ધિ અને માતાનો ગૌરવર્ણ એ ભેગાં થયાં હતાં. લગભગ ૭ ફીટ ઊંચો પ્રભાકર દેખાવમાં સુંદર, ગૌર અને ઘાટીલા બદનનો હતો. તેનામાં એક પ્રકારની નિર્દોષ મોહકતા હતી. લાવણ્ય હતું. વાત કરતો ત્યારે વિનયથી નીચું જોતો, શરમાતો, અદબ કરતો, સરળ, સુશિલ અને બોલકણો તે બધાને ગમતો. તેને સંગીત પણ આવડતું અને કંઠ મધુરો—એટલે ઘણીએ વાર જ્યારે નાગરદાસ અને અનંતરાયનું કુટુંબ ભેગું મળતું ત્યારે પ્રભાકર નાનાં મોટાં બધાંને આનંદ આપતો.

સોનલ બાર વર્ષની હતી ત્યારથી તેને પ્રભાકર માટે માન વધવા માંડ્યું. પ્રભાકર કેવો સારો છે. ગોરો આરસ જેવો અને કેવો સુશિલ, શરમાળ અને સુંદર છે. કેવી કવિતાઓ ગાય છે. કેવું ચપચપ અંગ્રેજી બોલે છે. સંસ્કૃતના શ્લોકો કેવા જ્યારે ને ત્યારે સમય પ્રમાણે બોલે છે. તેને પ્રભાકર અંદર અંદર ગમવા માંડ્યો.

અને પછી તો જ્યારે પ્રભાકર આવતો ત્યારે તે વાંચવાનું છોડી તેની પાસે સારાં ગીતો ગવડાવતી અગર તો એકાદ પાઠ લઇ તેની સમજાવટ માટે પ્રભાકરનો અર્ધો કલાક લેતી. કોઇ વાર બન્ને સાથે ફરતાં અને ટીંખળની વાતો કરતાં અને વાંકા વળી જવાય એવું હસતાં.

સાથે બેડમીંગટન રમતાં અને સામા હરીફને હરાવવામાં તોફાની સ્પર્ધા પણ કરતાં. પણ આ બધી રમત, ગમત, તોફાન, વિનોદ અને હાસ્યમાં નિર્દોષતા હતી. અને નાગરદાસ અને અનંતરાય આ બંને બાળકોની નિર્દોષ મૈત્રીમાંથી આનંદ લેતા.

વળી ચાર વર્ષ વીત્યાં. સોનલ સોળ વર્ષની થઇ. ઘાટીલા શરીરની સોનલના શરીરે યુવાવસ્થાના ઘાટ સજવા માંડયા. વસંત આવે અને વેલી ફૂલે ફાલે તેમ સોનલનું શરીર નવ પલ્લવિત થયું. ઉપર કળીઓ બેસવા માંડી. તેનું બાળપણ જવા માંડયું. તોફાન ઓછું થયું. ઓછું બોલવું—આછું મીઠું હસવું—પુરૂષોથી થોડી અલગતા રાખવી. વડીલો—સ્નેહીઓથી પણ શરીર સ્પર્શમાં સંકોચ સેવવો. વિવેકમાં શરીર સંકેલીને બેસવું. વિનયથી શરમાતા શરમાતા બોલવું. આ સર્વ શરૂ થઇ ગયું. સોનલ યુવતિ બની. યૌવનનો સિધ્ધહસ્ત તેના આખાએ

શરીર પર ફરી વળ્યો હતો. રૂપ અને તેજનાં કિરણો રોમ રોમને ભેદી બ્હાર નીકળતાં હતાં. આંખોમાં કોઈ અજબ જાદુભરી પણ સાત્વિક મીઠી જ્યોત ઝબકતી હતી.

જાણે કાંઇ ઢાંકી રાખું, કાંઈ છુપાવી રાખું, કાંઇ અણજોયું–અણજાણ્યું રાખું ! એવો ઉંડો ભાવ તેના અંતરમાં પ્રગટ થયો. તેણે વિલાયતી ફેશનના ફ્રોક કોટનો ત્યાગ કર્યો એ હવે તેનાં ઉગતાં ઉછળતાં કળીએલાં બદનની મર્યાદાઓ સાચવવા અશકત જણાયાં હતાં. હસવું–બોલવું વાતો કરવી–એ સર્વમાં તેના આત્માએ સ્ત્રીત્વને નૈસર્ગિક એવી મર્યાદાઓ સેવવા માંડી. તેને પોતાના વડીલોનો પણ સંકોચ થતો. અને તેમ છતાંય ગંગાબા એકલાં હોય ત્યારે તેના શરીરને અડોઅડ લપાઇને બેસી જતી. જાણે તેનું શરીર સહવાસ માંગતું હોય તેમ:–

પણ આવી મર્યાદાઓ પ્રેરતી અવસ્થા તેના હૃદયના બીજા ભાવોને વિકસાવી રહી હતી. શરીરના અણુઅણુમાં નવો ઉછાળો હતો. કોઇ અજબ પ્રકારનું ડોલન હતું, વિકસતી પ્રફુલ્લીત થતી ઉર્મિઓ ક્ષણેક્ષણે તેના કાનમાં કાંઈ નવું ગૂંજતી. અને તેને એમ થતું કે હસી લઉં, કૂદી લઉં, થોડી ફુંદડી ફરી લઉં, તેના નિર્મળ સ્ફટીક સમા ઉજ્જળ પવિત્ર હૃદયમાંથી ચમકાર લેતી કાંઇ મન માન્યું માગ્યા કરતી હતી. નવીન પ્રેમ સૃષ્ટિને આરે ઉભી રાખી જાણે તેને કોઈ પાછળથી ધકેલી રહ્યું હતું.

તેનું હૃદય કાંઈ નવીન આશાઓ રચતું હતું. આંખો કશાની વાટ જોતી હતી. કાનમાં નવું અવનવા ભાવની પ્રેરણા આપતું સંગીત રેલાતું હતું. લહરતું લલિત યૌવન તેની સામે ખડું થઇ મીઠી બંસી બજાવી રહ્યું હતું.

આ બધાની મીઠાશ તેને લાગતી પણ આ નવા વિકારોની તેને ઝાઝી સમજ ન પડી.

પણ હૃદયના નિર્દોષ ભાવો તે હૃદયાકાશના આભગોટ વચ્ચે આકાર લેતા હતા. અભ્યાસ થતો જણાયો. અને જ્યોતની વિકસતી તેજ પાંદડીઓમાંથી પ્રેમ દેખાયો. એક પુરૂષ–પ્રેમની મૂર્તિ ખડી થઇ. તેનાં જીવનને સુખ અને સંતોષ આપતી જણાઇ. તેનું શરીર, તેના અવયવો તેના રોમે રોમ–તેની આશા ઉર્મિઓ–એ મૂર્તિ માટે તલસતાં હતાં. અને એ પુરુષ

સંગના તલસાટ વચ્ચે પ્રભાકરની છબી જ્યારે અને ત્યારે તેની દૃષ્ટિ આગળ ખડી થવા માંડી, સોનલના સાત્વિક પ્રેમે પોતાનો પુરુષ, પોતાનો જીવન સાથી શોધી કાઢયો. તેનો પ્રેમ–તેનું જીવન–તેનું યૌવન સંતોષાય તેવું સર્વ પ્રભાકરમાં હતું. મને માનેલા જીવન સાથીમાં પ્રેમ સર્વ સદ્‌ગુણોનું આરોપણ કરી લે છે.

સોનલે પ્રભાકરમાં રૂપ, ગુણ, વિદ્વતા, ચાતુર્ય, શીલ અને સરળતા બધુંજ જોયું. પ્રેમમાં સરખામણીનો અગર અંતર પરીક્ષાનો પ્રશ્નજ ક્યાં હોય છે? આંખને ગમે અને હૃદય કબૂલ કરે. એટલે પછી એ પ્રિયપાત્ર સર્વોત્તમ બની જાય છે, અને પછી પ્રેમ એ પ્રેમ પાત્રની આસપાસ કોઈ અવનવી જાદૂભરી સૃષ્ટિ રચી આનંદમગ્ન મસ્ત રહે છે, ફુલે ફાલે છે! તલ્લીન બની તદાત્મ્ય અવસ્થા ભોગવે છે.

અને હવે સોનલનું સૌથી પરમ સુખ પ્રભાકરને જોવામાં, તેને વાત કરતો સાંભળવામાં તેના દૂર અગર નિકટના સહવાસમાં કેંદ્રિત થયું હતું. તેનું હૃદય પ્રભાકરના સમાગમમાં આવવાનાં બ્હાનાં–પ્રસંગો શોધતું, અને તેમાંજ તૃપ્તિ પામતું. અને કોઇ કોઈવાર મેટ્રીકની પરીક્ષા સમયે જ્યારે અંગ્રેજી અગર ઈતિહાસનો વિષય સમજવા માટે એ અને પ્રભાકર ભેગાં થતાં ત્યારે સોનલ અડોઅડ બેસી પ્રભાકરના શરીર સ્પર્શનો પણ લાભ લેતી. રોમાંચ અનુભવતી અને તેને એ કેવું મીઠું મધુરૂં લાગતું.

સોનલ મેટ્રિકમાં પાસ થઇ અને અનંતરાય માસ્તરને નિવૃત્ત થવાનો સમય આવ્યો. પ્રભાકર વિદ્યાર્થીભુવનમાં દાખલ થયો. અને સોનલ પણ ગુજરાત કોલેજમાં દાખલ થઇ. બન્ને ઘણીવાર મળતાં, ઘણીવાર સામસામેથી આવતાં, અને ત્યારે પણ કોઇ કોઇવાર આભમાંથી અચાનક વીજળી ઝબૂકી આભમાં પથરાઈ જાય તેમ સોનલનું હૃદય આંખમાં ઉમટી આવી પ્રભાકર સામે તે ચમકારો મારી આનંદમાં પથરાતું.

"સોનલ મને ચાહે છે કે શું?" કોઈ કોઇવાર પ્રભાકરને એમ થતું પણ ખરૂં, પણ તે વખતે પ્રભાકરે શરમનો ચીલો છોડયો ન હોતો, સોનલની આંખ પ્રભાકરના અંતરમાં અજવાળાં કરી દેતી પણ સોનલના હૃદયમાં પોતાને માટે જાગૃત થયેલો પતિ ભાવ તે સમજી ન શકયો.

અને પછી તો અનંતરાય માસ્તર નિવૃત થયા. તેમણે નિવૃત્તિ નિવાસ તરીકે વીરમગામ પસંદ કર્યું અને તેમનો જવાનો દિવસ પાસે આવ્યો. અનંતરાય માસ્તરના માનમાં નાગરદાસે ભોજન સમારંભ અને ગરબા પાર્ટી ગોઠવી હતી. ભોજન સમારંભ પતી ગયો. ઘણા ખરા મેમાનો વેરાયા. ખાસખાસ મિત્રવર્ગ રહ્યો અને ગરબા શરૂ થયા. પ્રભાકર પેટી પર બેઠો. અને સોનલ અને ઇંદુએ ગરબા ઉપાડયા. સર્વત્ર આનંદ છવાયો. પુરાણા વિચારના અનંતરાય માસ્તર પણ ડોલી ઉઠયા.

આવો રબારણ હો,
મારે નેસલડે.
મારો નેસલડો હો! વનની વાટે રબારણ
જાણે છે કોઇ જાણનાર.

રબારણનો ગરબો અનંતરાય માસ્તરને ખૂબ પસંદ પડયો. સોનલ અને ઇંદુ રબારણો બની હતી. કાઠીઆવાડી કબજા અને સાલ્લા અને માથે ગોરસ અને ગોરસના ગાળાનું નાગલું ઝાલી ગોળ ફરતી આ બે યુવતિઓને અનંતરાય જોઈ રહ્યા.

"કેવી જોગમાયા જેવી દેખાય છે." તેમનું હૃદય બોલ્યું. રબારીનું પંચ પણ એમ ન કહે કે "તમે રબારણો નથી." ગરબો પૂરો થતાં બન્ને છોડીઓને શાબાશી આપતાં અનંતરાયે કહ્યું.'

"આ દ્દશ્ય તો મને જીવનભર સાંભરશે."

ગોરસ સાથે ગરબી ઘૂમતી આમાંની એક રબારણ કોઇકવાર પ્રભાકરની આંખોમાંથી રસપાન કરતી હતી. પણ તેની ખબર કોઇને ન પડી.

ગરબો પૂરો થયો. ભાવભીની વિદાય લઇ અનંતરાય માસ્તર કુટુંબ સાથે ઘેર ગયા. અને નાગરદાસનું કુટુંબ પણ થાકયુંપાકયું સુઈ ગયું.

સોનલ પણ પથારીમાં પડી. પણ તેને નિદ્રા ન આવી. તે ઉંઘવા મથતી હતી પણ કોઈ ન સમજાય એવી અતૃપ્તિ તેને જાગૃત રાખ્યા કરતી હતી. થોડો સમય તેને પાસાં બદલ્યાં-ઘસ્યાં પણ વ્યર્થ. કાર્તિકી પૂર્ણિમાની રાત બહાર બાગમાં ઝગારા મારતી હતી. થોડીવાર બાગમાં બેસું તો કેમ તેને થયું.

પ્રકરણ ૧૪ મું

મિલન

બાગ સોનલના શયનગૃહને લાગીને જ હતો. ચાંદની ચમકાર મારી રહી હતી. આરસના સ્ફટિક સ્તંભોએ જાણે આકાશના ઘુમટને ઉપાડયો હતો. બરાબર મધ્યમાં શિતળ ધવલતાના રાશિ સમો ગોળ કળશ સરીખડો ચંદ્ર નાની શ્વેત વાદળીઓથી રમતો, ગેલ કરતો વિહરતો હતો. દૂધના દેગડા વર્ષાવતી ચાંદની જગતને શીળું રસસ્નાન કરાવતી હતી.

આસપાસ નિરવ એકાન્ત હતું. શ્વેત સાટીનની દીલ્લીશાહી મોજડીઓ પહેરી હળવે પગે સોનલ શયનગૃહની સીડી ઉતરી અને પાસે જ આરસના ફૂવારા પાસે જઈ ઉભી. તેણે રમતા ચંદ્ર સામે જોયું. આંખ મીચકારા કરતી ચાંદની તેને વીંટાઈ વળી હતી. તેને આજે એકલવાયું લાગતું હતું. તેની અતૃપ્તિ ઉલટી વધી. શિયાળામાં લ્હેકતો મંદ, મીઠો સમીર તેના હૃદયમાં ગલપચી કરી તેનું એકલવાયાપણું સંભારી આપતો હતો.

"હવે પ્રથમની માફક પ્રભાકરને નહિ જોઈ શકાય. નહિ મળી શકાય." તેનું હૃદય બોલ્યું.

"પણ તારે અને પ્રભાકરને તે એવડું શું છે" ઉંડાણમાં લપાયલી લજ્જા બોલી ઊઠી.

અને લજ્જાને ટપલી મારી બેસાડી દીધી. "અણસમજ્યું બોલ નહિ. હૃદયદ્વાર ઉઘાડી જો તો ખરી અંદર કોણ દેવ બેઠો છે તે." અને સોનલનું હૃદય બોલી ઊઠયું. "આવા સમયે એકના કરતાં બે હોય તો આ અતૃપ્તિ જાય ખરી?" આનો ઉત્તર દિશાઓએ દીધો. "જરૂર જાય."

સોનલનું હૃદય અશાંત હતુંઃ થોડું અશાંત હતું. તે નજીકના વૃક્ષ હિંડોળ પર બેઠી અને હિંચકે ચઢી. તેનું હૃદય ગાઈ રહ્યું હતું.

મારે નેસલડે હો,
કે મીઠાં મહીનાં વલોણાં
તાણે છે કોઈ તાણનાર
રબારણ હો—મારે નેસલડે.

મહીંનાં વલોણાંનો તાણનાર મળે તોજ આ ચંદ્ર–આ ચાંદની અને આ સમીર શીતળતા પ્રેરક બને.

બાકી હિંડોળેથી હેલે ચઢતાં પવનમાં પણ તેને શાંત કરવા સરખી શીતળતા નહોતી જ. બાગ એ અતૃપ્તિ શાંત કરવાનું સ્થળ નહોતું એમ તેને લાગ્યું. અને તેનો વિચાર પાછો શયનગૃહમાં જવાનો હતો. તે ઊઠી, પણ નિરવતામાં તેને કંઈ સળવળતો આભાસ થયો. તેણે ધારીને જોયું. કોઈ પગલાં ઘણાં નજીક સંભળાયાં, અને તેની બરોબર સામે પ્રભાકર આવીને ઊભો રહ્યો. ગોરો–ગોરો, મીઠું હસતો, પ્રભાકર તેની ઘણી નજીક આવીને ઊભો હતો. શું તેને મહીંનાં મીઠાં વલોણાં તાણનાર મળ્યો હતો? સોનલના કપાળે આનંદનાં ફોરાં ફુટયાં. તે હિંચકા પરથી સરક લઈને ઉતરી પડી.

“મને લાગ્યું કે તમે છો સોનલ” તેણે કહ્યું. તેની આંગળીઓ ઉરવસ્ત્ર સાથે અસ્થિર રમતી હતી.

અનંતરાય માસ્તર નજીકના બંગલામાં ભોંય તળીએ રહેતા હતા. આ બન્ને બંગલા વચ્ચેની તારની વાડમાં થઈને આવવા માટે એક સ્થળે તારને પહોળા કરી રસ્તો કરેલો હતો. પ્રભાકરને પણ નિદ્રા નહોતી આવતી. પોતાના બંગલાની બાજુમાં તે ટહેલવા નીકળતાં તેને સોનલને હિંચકે બેઠેલી જોઈ. તેના હૃદયે તેને સોનલ પાસે જવા પ્રેર્યો હતો. પ્રભાકરને જોઈ તે શરમાઈ ગઈ. નીચું જોઈ રહી. તેની અસ્થિર આંગળીઓ શ્વેત ઉરવસ્ત્ર સાથે અશાન્ત રમી રહી હતી.

“ઉભી રહું કે જતી રહું”. તે મનમાં વિચારવા લાગી. મને શરીરને ખસવાની ના પાડી.”

“હું અહીં આવ્યો તેથી તમને ક્ષોભ થાય છે, ખરું? લ્યો, હું જતો રહું.” પ્રભાકરે જવા માંડયું. સોનલ નિરૂત્તર રહી, પણ તેની આંખો

ઉંચી થઇ ક્ષણવાર પ્રભાકરને નીહાળી રહી. મોં પર સ્મીત આવી ગયું. આંખ અને સ્મીત પ્રભાકરને સ્થળ છોડવાની ના પાડતાં હતાં. મોં કરતાં ઘણીવાર આંખ અને સ્મીતના બોલ ઘણાં મીઠા લાગે છે. મોં બોલતું નથી પણ અણુબોલ્યા મોં પરનું સ્મીત વાતોડીયું બની હૃદયની ઘણી વાતો કહી દે છે.

પ્રભાકર અટકયો. સોનલની વધારે ને વધારે નજીક ગયો. "બેસવું નથી?" તેણે ત્રીજો પ્રશ્ન કર્યો. આસપાસ ચારેકોર નજર નાંખી. સોનલ અણબોલી પાસેના ફુવારાની આરસની પાળ પર બેસી ગઇ. બેઠી ખરી પણ બોલી નહિ.

"મેં તમને હિંડોળા પર જોયાં" પ્રભાકરે સોનલને બોલાવવા નવી વાત શરૂ કરી. "અને થયું કે કહી આવું કે મારૂં કામ હોય તો તમે મને હવે પછી વિદ્યાર્થીભુવનમાં મળી શકો છો" અને આખરે સોનલ બોલી.

"ત્યાં આવતાં મને શરમ લાગે. એ તો હું મારૂં નિભાવી લઇશ." "તો પછી કોલેજમાં તો મળીશું જ -બાકી મારી ઓરડીએ આવવામાં શરમ શા માટે રાખવી જોઇએ?"

એ ક્ષણ બન્ને ચૂપ રહ્યાં.

"પણ એ મને નહિ ગમે" એકાન્ત, સામિપ્ય અને સહવાસથી પ્રભાકરને હિંમત આવી.

"આજે કાંઇ મોડી રાતે હિંચકા ખાવાનું મન થયું, ઉંઘ ન આવી કે શું?"

આ પ્રશ્ન સોનલ માટે ઘણોજ વસમો થઇ પડયો. તેણે જવાબ ન આપ્યો. અને છતાં તેનું હૈયું હસતું ઉંડું ઉંડું સુખ ભોગવતું હતું. શું પ્રભાકર એ હૃદય સમજી ગયો હતો ?? પ્રભાકર પણ ફુવારાની પાળ પર બેઠો. સોનલની નજીકમાં, ઘણી નજીકમાં, અડોઅડ.

સોનલ બેસી જ રહી. જાણે પ્રભાકરનું સામિપ્ય તેને ગમ્યું ન હોય? "મારી સાથે અબોલા લેવાનું કાંઈ કારણ? પ્રભાકર આગળ વધ્યો. એ

પ્રશ્ન કેવો મીઠો હતો!! સોનલે ઉત્તર ન જ આપ્યો. તેના હોઠ પરનું સ્મિત સાળુ સાથે રમતી આંગળીઓ ઉપર અમૃત વર્ષાવી રહ્યું હતું. પ્રભાકરની શ્રદ્ધા અને હિંમત વધ્યાં.

"સ્થળ અને સમય લજ્જા ઘટાડવાનાં છે અને તમારી લજ્જા વધતી જ જાય છે" તેણે કહ્યું અને ખસીને સોનલથી વધારે દબાઇને બેઠો. સોનલ ખસી નહિ. તેને ખસવામાં વિવેક જણાયો. છતાં સ્પર્શ સુખ ભોગવતાં મને ખસવાની ધસીને ના પાડી. ઉલટું જેની શોધમાં તે બાગમાં આવી હતી તે તૃપ્તિ તેને થતી જણાઇ. અંતરના ઉંડાણમાંથી તેને કોઈ ગજબ મીઠા સુખનાં દર્શન થતાં હતાં, પ્રભાકર આ સમજી ગયો.

"જુદા પડવાનાં સમય પહેલાં આવા પ્રસંગો અનેક મળ્યા હોત તો" તે બોલ્યો અને આખરે સોનલની વાચા ઉઘડી.

"પ્રભુની ઇચ્છા પ્રમાણે બધું બન્યા કરે છે"

"હા, પણ તમારૂં હૃદય હું સમજી શકયો છું"

"શું સમજ્યા છો?"

"કે તમે મને ચાહો છો"

"ખોટી વાત"

"જુઠું ન બોલશો." પ્રભાકર ઊભો થયો. તેના હૃદયના ભાવો ઉછાળો મારી કાંઇ બીજીજ માંગણી કરી રહ્યા હતા. સાળુની કોર સાથે રમતા સોનલના હાથને સ્પર્શવા ગયો. તેની ઇચ્છા સોનલના હૃદય સ્પર્શનું સુખ લેવાની હતી, પણ સોનલ સંકોચની મારી ધ્રૂજી ઊઠી.

પ્રથમ વેળાનો પુરુષસ્પર્શ કઇ પત્ની પણ પાછો વાળતી નથી! એકાન્ત, વિવેક, લજ્જા, સ્પર્શ આ સર્વના એકત્ર અનુભવે સોનલ ચમકી ઊઠી. સાગરમાં ભરતીઓટ આવે અને સરિતાનું હૈયું ઉછાળા મારે તેમ સોનલનું હાંફતું ફૂલીએલું કુચમંડળ હેલે ચઢયું અને છતાં તેને સંકોચ થયો. સ્પર્શસુખ-લજ્જાના સામ્રાજ્યની ઉપરવટ કરી ન શકાયું. પ્રભાકરનો હાથ તેને અડયો ન અડયો અને તે આઘી ખસી ગઈ.

"આવું ન થાય" તે બોલી. અને પ્રભાકર સામે જોઇ રહી. પ્રભાકર આગળ વધ્યો. પણ તે પ્રભાકરનું મન સમજી ગઈ હતી. વાત આગળ વધે તે પહેલાં તો તેણે ચાલવા માંડ્યું. તેના પગમાં વિજળીનો વેગ હતો. પ્રભાકર જોતો રહ્યોને સોનલ છલંગ મારી પગથીયાં ચઢી ગઈ. પ્રભાકર સામે એક મીઠી મીઠી નજર કરી તેને બારણાં દઇ દીધાં.

ઓરડાનાં બારણાં બંધ થયાં, પણ હૃદયદ્વાર ઉઘડયાં હતાં. કાર્તિક માસની એ પૂર્ણિમાની રાતે ચંદ્ર સાનિધ્ય તેના હૃદયે પ્રભાકરને પતિદેવ તરીકે સ્થાપી તેની સાથે જ લગ્ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

દિવસો વિતતા ચાલ્યા. સોનલ અને પ્રભાકર કોલેજમાં મળતાં અને પ્રભાકર તેને પોતાની ઓરડીએ આવવા કહેતો, પણ કોલેજમાં પણ તે પ્રભાકર સાથે બહુ વાત કરતી નહિ. પ્રભાકરની ઓરડી પર તો તેણે જવાની નાજ પાડી. કોલેજમા સોનલ ખૂબ અદબથી રહેતી અને પુરુષો સાથેની વાતમાં ગંભીર રહેતી. પ્રભાકર સાથે પણ, આવતા મેઘને જોઇ મોરલો ટહુકે તેમ પ્રભાકર જ્યારે જ્યારે સામે મળતો ત્યારે તેનું હૃદય ટહુકતું, પણ તેના પડઘા હૃદયમાં જ સમાતા. આ ટહુકાની અસર આંખ કે મોં ઉપર સ્મીત સરખું ફરકાવવા પામતી ન હોતી. ડાહી, વિવેકી, સુલક્ષણી, આદર્શ વિદ્યાર્થીની તરીકે કોલેજમાં સોનલની ખ્યાતી હતી. તે પ્રભાકરને ચહાતી હતી એવું માનવાને કોલેજમાં કોઇને પણ કારણ ન મળ્યું. લજ્જા અને વિવેક સોનલના જીવનના પ્રધાનસૂર હતા.

સોનલ પ્રિવિયસમાં પાસ થઇ અને પ્રભાકર ઓચીંતો અદ્રશ્ય થયો. અનંતરાયે પ્રભાકરની કોલેજ છોડાવ્યાની વાતની સોનલને ખબર ન પડી. અનંતરાયે એ વાત નાગરદાસથી પણ પાછળ રાખી હતી. દીકરો નઠારો નીકળ્યો તેની વાત તે કોને કહે! માણસમાં પોતાનું દુ:ખ જાતે સહી લેવાની શકિત હોવી જોઈએ એ વિચારના અનંતરાય હતા. વીરમગામથી અનંતરાય કોઇ કોઈવાર અમદાવાદ આવતા ત્યારે નાગરદાસને મળતા પણ તે દુકાને. નાગરદાસ તેમને બંગલે રહેવા વિનવતા પણ તે કહેતા "મારી પાઠ પૂજા પડે" પ્રભાકરે અભ્યાસ છોડયાની વાત નાગરદાસને જ ખબર ન હોતી તો સોનલને તો ક્યાંથી જ ખબર પડે. પણ પ્રભાકર માટેની સોનલની હૃદય પૂજા તો ચાલુ જ રહી હતી.

પ્રભાકરને મળવાની જેનામાં હિંમત ન હોતી, તે પત્ર તો ક્યાંથી જ લખે. પત્ર લખવા પૂરતું તેણે પ્રભાકરને ઉત્તેજન આપ્યું પણ નહોતું. જ્યારે જ્યારે પ્રભાકર તેને સાંભરતો ત્યારે ત્યારે તે પ્રભાકરને પસંદ એવી શૈલીની કે કલાપીની કવિતાઓ વાંચતી અને આનંદ લેતી.

સોનલ ઇન્ટરમાં પાસ થઈ ત્યારે તેની વય અરાઢ વર્ષની હતી. તેનું શરીર તેજદાર બન્યું હતું. યૌવને જ્યાં ત્યાં આખા શરીર પર ફૂલવાડી બનાવી દીધી હતી. કૂચ મંડળના ક્યારા પર મોરલા ટહુકતા હતા.

"દીકરી મોટી થઇ. એને હવે પરણાવવી જોઇએ." ગંગાબાને એક દિવસ થયું. ગંગાબાએ નાગરદાસને વાત કરી. તેને પણ સોનલના લગ્ન માટેની ચીંતા થતીજ હતી. નાગરદાસ એકલા બેસતા ત્યારે ન્યાતના લગ્ન યોગ્ય વરની ગણતરીઓ કરતા.

મહેશ તેમને પસંદ પડયો. નાગરદાસે ગંગાબેનનો અભિપ્રાય પૂછ્યો.

"છોકરો ઘણો સારો, કુટુંબ સારૂં, માણસો સંસ્કારી અને કુમળા." ગંગાબેને વાતને અનુમોદન આપ્યું.

અને એક સવારે નાગરદાસે સોનલને બોલાવી. "તું હવે મોટી થઇ છે અને તારો અભિપ્રાય લેવો પડે, બેટા—"

પીઠ પર વાત્સલ્યનો હાથ ફેરવતાં નાગરદાસે વાત છેડી. "તારૂં વેવિશાળ ઝવેરદાસના મહેશ જોડે કરવા વિચાર થાય છે. તારો શું વિચાર છે?"

સોનલ નીચું જોઇ રહી. તેણે કશો ઉત્તર ન દીધો. વયમાં આવેલી દીકરીના સંતોષ ખાતર બધી હકીકત તેને કહેવીજ જોઇએ એ વિચારે નાગરદાસે ઉમેર્યું; "તને ખબર તો હશેજ—મહેશ હમણાંજ એમ. એ. માં પાસ થઈ ધંધે લાગ્યો છે. છોકરો બહુ ડાહ્યો અને વિવેકી છે. સુશીલ અને સંસ્કારી છે."

સોનલ સાંભળી રહી. નાગરદાસ આગળ વધ્યા. "કુટુંબ પણ સારૂં છે. ઝવેરદાસનો સ્વભાવ બહુ સારો છે અને હું માનું છું ત્યાં સુધી મહેશની ઇચ્છા પણ તારી સાથે લગ્ન કરવાની છે."

સોનલે ન ઊંચું જોયું, કે ન કાંઇ બોલી. "કેમ બોલતી નથી? તું નાની હોત તો તને ન પૂછત, પણ વયમાં આવેલી દીકરીને પૂછવું જોઇએ. આમ કરીએ તો તને પસંદ છે કે ની ?"

"મારે પરણવું જ નથી બાપુ. હું તો કુંવારી રહીશ અને ભણીશ."

આજનો યુગજ એવો છે. લગ્નનું પૂછવા જાઓ તો કોઈ હા પાડતું નથી. અને પરણ્યા વિના કોઇ રહેતું નથી. સોનલને ભાન હતું કે પોતે જુઠું બોલતી હતી. તેણે ચોકખી ના કહેવી જોઈતી હતી. પણ તે શરમાઈ.

"કુંવારી જીંદગી તે જાય? લગ્ન તો કરવાં જ પડે, લગ્ન કર્યા વિના તે કોઇને ચાલ્યું છે ?" નાગરદાસે કહ્યું.

"હવે તો ઘણાં કુંવારાં રહે છે. બાપુ!!"

"કોઇને કોઈ દિવસ બેવકુફીનું પરણવા માટે."

"ઘણાંયે જીવનભર કુંવારાં રહેલાં દેખાય છે."

"દેખાય છે" નાગરદાસે 'દેખાય છે' શબ્દ ઉપર ભાર મૂકયો. "ઘણાં કુંવારાં રહેલાં દેખાય છે, પણ એવાં કુંવારા આપણાથી નહિ રહેવાય."

"કેમ ?"

"એ તો અનુભવથી સમજાય. તારા જેવાં નાદાન બાળકોને ન ખબર પડે"—ગૃહસ્થ માબાપની દીકરીએ ગૃહસ્થ લગ્નજીવન ગાળવું એજ સારું છે." નાગરદાસે આગ્રહથી કહ્યું.

સોનલ આગળ ન બોલી. પણ ઘણીવાર બેસી ત્યાંથી ઊઠી પોતાની ઓરડીમાં ગઈ.

"છોકરાં શરમનાં માર્યા ન બોલે–" તેણે મનમાં વિચાર કર્યો. તેણે માની લીધું કે મહેશ સોનલને પસંદ પડયો. અને પોષ માસમાં સોનલનું વેવિશાળ મહેશ જોડે થયું. મહા વદ ૬ નાં લગ્ન નકી થયાં.

*   *   *   *

બંગલો રંગાવા માંડયો. લગ્નનાં કામકાજ થવા માંડયાં. કેટલા પૈસા ખરચવા, કેટલાં જમણવાર કરવાં, કોને કોને નિમંત્રણો આપવાં, જાનીવાસ

ક્યાં આપવો, સોનલને શું કરીઆવર આપવું, નોકર માણસોને શું શિરપાવ આપવો, તોરણ ક્યાં બાંધવાં, લાઇટ ક્યાં ક્યાં મૂકવી, આ બધું નક્કી થવા માંડયું.

મહા માસ બેઠો અને સોનલની વીમાસણ વધી. તે પ્રભાકરને હૃદય સોંપી બેઠી હતી, પણ તેનો પત્તો નહોતો. શુકલપક્ષ ઉતરશે અને લગ્ન સમારંભ શરૂ થશે. પંદર દિવસમાં પ્રભાકરનો પત્તો ન મળે તો તેને મહેશ જોડે લગ્ન કરવાં રહ્યાં. તે ખૂબ અકળાઇ, મુંગી થઈ ગઈ. તેની ઉંઘ ઉડી ગઈ. આખા ઘરમાં તે જાણે મારી મારી ફરતી હતી. તેની હૃદય વેદના કોઇ સમજી ન શક્યું.

"તુંજ એકલી પરણવા નીકળી છે કે શું? કેમ આમ મુંગી થઈ ગઇ?" ગંગાબાએ કહ્યું. "બીજી છોડીઓ તો પરણવાનું હોય ત્યારે હર્ષ-ઘેલી થઇ જાય. જરા ખૂશખૂશાલ જીવે ફર." ગંગાબાને લાગ્યું કે સોનલને તેની મા સાંભરતી હશે.

"હું તારી મા જ છું ને, તને કંઈ ઉણું નહિ પડવા દઉં, દીકરા." ગંગાબાએ વ્હાલનો, દીકરા શબ્દ વાપર્યો.

સોનલ રોતી રોતી ઊઠીને ઓરડીમાં જતી રહી.

"આટલું બધું ભણી તોયે ઘેલાં કાઢે છે. વિવાહને બારણે ન રડાય." સાંત્વન દેતાં ગંગાબાએ કહ્યું.

કોઇ કોઈ વાર તેનું મન વિચારતું. "પણ મહેશ કાંઇ ખોટો નથી. ભણેલો-ગણેલો, રૂપાળો, સુશિલ, એના જેવો વર તો ગમવોજ જોઇએ."

પણ એ વિચાર આવતાં સોનલનું દીલ અને આંખો સામી દલીલ કરવા મંડી પડતાં.

"પ્રેમ વિનાનું તે વળી પરણવું શું."–"દીલ એકને આપ્યા પછી બીજા જોડે લગ્ન કેમ સંભવે. એ તો વ્યભિચાર."

અને અંતરથી બોલાતું "વ્યભિચાર ન થાય." વિચાર કરતાં કરતાં વિચાર કરવાનો પણ તેને થાક લાગ્યો. મગજ વિચારના ઉપરા-ઉપરી હુમલા સહન ન કરી શક્યું. કેટલીકવાર સૂન થઇ જતું. તેણે નિશ્ચય

કર્યો. મહેશ જોડે તો ન જ પરણાય. અને સમય સાધી બાપુને ચોકખી ધસીને ના પાડી દેવી જોઇએ.

નાગરદાસ એક દિવસ કમ્પાઉન્ડમાં આંટા દેતા હતા અને સોનલને થયું "લાવ હૃદયની વાત કહી દઉં" તે હિંમત સમેટીને ઊઠી અને બારણા સુધી ગઈ, પણ ત્યાં તો ભેગી કરેલી હિંમત ભાંગી પડી. તેને ચક્કર આવ્યાં. બારણા જોડે અથડાઇને પછડાઇ પડી. ગંગાબા દોડતાં આવ્યાં.

"શું થયું બેન ?"

"ના કાંઇ નહિ, જરા ચકકર આવ્યાં."

"માને સંભારીને આ દીકરી લગ્ન પહેલાં અડધી થઈ ગઇ"—સોનલ કાંઇ બોલી નહિ. તેણે બધી દુનિયા જોડે અબોલા લીધા હતા. અને ત્યારથી નાગરદાસ સોનલને રોજ સાંજે બે કલાક પોતાની સાથે બહાર ચોકખી હવામાં લઈ જતા. રોજ સાંજે પાંચ વાગે સોનલ અને બિહારી નાગરદાસની દુકાને જતાં અને ત્યાંથી બધાં જોડે ફરવા જતાં.

* * * *

એક સાંજે સોનલ દુકાન પર બેઠી હતી. નાગરદાસ અંદરની ઓરડીમાં સોદાની ભાંજગડ કરવામાં પડયા હતા. અને પ્રભાકરનો ઓરડીનો સહનિવાસી **મી. ભણસાલી** ત્યાંથી સાયકલ પર પસાર થતો હતો. સોનલને જોઇને ઉતર્યો—કે સોનલે તેને ઉતરવા સંજ્ઞા કરી ?

મી. ભણસાલીએ ઉતરી સોનલની ખબર પૂછી.

"પ્રભાકર કયાં છે ? એમની તબીયત તો સારી છે ને ?" સોનલે પ્રભાકરની ભાળ કાઢતાં પૂછ્યું.

"હાલ કયાં છે, તેની ખબર નથી, પણ એક માસ પહેલાં એનો પત્ર આવેલો અને તેમાં લખતો હતો કે સારો છે"

"સરનામું ખબર છે ?"

"સરનામું !" કહી મી. ભણસાલીએ ગજવામાં હાથ નાંખ્યો. અને એક નાની સોનેરી કિનારીની ડાયરીમાંથી સરનામું કહ્યું.

"૧૮ અમૃતવાડી, ગીરગામ બેકરોડ, મુંબાઇ."

"કેમ પ્રભાકરના સરનામાનો ખપ પડયો ?" તેણે સોનલને પ્રશ્ન કર્યો.

શો જવાબ આપવો ? સોનલ ગૂંચવાડામાં પડી.

"એ તો પ્રભાકરના પિતા હમણાં દુકાને આવ્યા હતા અને પ્રભાકરના સરનામાનું પૂછતા હતા" તેણે જવાબ શોધી કાઢયો.

"હં !!" મી. ભણુશાલીએ સહજ હુંકારો દીધો.

તેને કશો શક ન આવ્યો. સોનલે, પોતે પ્રભાકરને તે ચાહતી હતી એવું કોઇને જાણવા દીધું નહોતું. નાગરદાસને આજે પહેલીજવાર સોનલ આનંદમાં જણાઇ. રાત્રે વાળુ વખતે ગંગાબાએ પણ સોનલનું મોઢું હસતું દીઠું. તેમનો જીવ પ્રસન્ન થયો.

*　　*　　*　　*

જ્યારે બધાં સૂતાં હતાં ત્યારે સોનલ પ્રભાકરને પત્ર લખતી હતી. પત્ર લખવામાં પણ તેને સમજ નહોતી પડતી. ત્રણ ચાર પત્રો લખ્યા અને ફાડયા. આખરે એક પત્ર તેણે પૂરો લખ્યો. વાંચી જોયો—ફરીથી જોયો.

"આ ચાલશે" તેના હૃદયે કહ્યું. પત્રમાં કાર્તિકી પૂર્ણિમાના મિલનની યાદ હતી. તે દિવસથીજ પ્રભાકરને હૃદય સોંપ્યાનો એકરાર હતો. મહાવદ ૬ નાં લગ્ન હતાં. મહેશ સાથે લગ્ન કરવાની પૂરેપૂરી અનિચ્છા પણ પત્રમાં બતાવી તેણે લખ્યું હતું "જો તમે નહિ લઇ જાઓ અને કદાચ મારાં લગ્ન થશે તો હું શું કરી બેસીશ તે પત્રમાં નથી લખતી, પણ તમે જરૂર અનિષ્ટ સમાચાર સાંભળશો."

પત્રમાં તેણે પ્રભાકરને ચેતવણી આપી હતી. પત્રનો જવાબ લખશો નહિ. જવાબ પિતાના હાથમાં જતાં બધુંજ બગડી જશે. "સોનલ હૃદયે વસતી હોય તો રૂબરૂ આવીને લઇ જજો."

બીજે દિવસે દુકાને જતાં આ પત્ર સોનલે ટપાલમાં નાંખી દીધો. ચાર દહાડા થયા. પાંચ થયા. છ થયા. પ્રભાકર ન જણાયો. શું થયું હશે ? પત્ર પહોંચ્યો નહિ હોય કે પ્રભાકરની મરજી નથી ? પત્ર—માલીક નહિ

મળવાથી પાછો તો નહિ આવે, અને આવશે તો કદાચ ફજેતી પણ થાય? વિચારના ભારે સોનલને વળી પાછી મુંગી બનાવી દીધી.

"આવડી બધી મૂંગી–ધણી જોડે બોલવાની છે કે ત્યાંયે મૂંગી" ગંગાબાને એક દિવસ વિચાર આવ્યો. "પણ ધણીની લાજ પાંચ દિવસેથી વધારે પહોંચવાની નથી"—તેમણે મન વાળ્યું.

× × ×

૭ દિવસના ઉજાગરા કરી સોનલે પ્રભાકરને બીજો પત્ર લખ્યો–બીડયો. પ્રભાકર સવારની મેલમાં આવ્યો ન હોત તો, એ પત્ર પણ ટપાલમાં પડયોજ હોત, પણ પ્રભાકર આવી પહોંચ્યો. તૂટવાની ધરીપર ઉભેલું સોનલનું હૃદય પાછું રસબોળ બની ગયું.

સોનલનો પહેલો પત્ર જ્યારે મુંબાઇ પહોંચ્યો તે બે દિવસ તો ઓરડીમાંજ પડી રહ્યો. પ્રભાકર ઘેરજ નહોતો આવ્યો. ત્રીજે દિવસે રાતે પ્રભાકરે ઓરડી ઉઘાડી અને પત્ર દીઠો. સરનામામાં સોનલના અક્ષર દીઠા, ગોળ મોતીના દાણા જેવા. સોનલનો પત્ર શા માટે! અર્ધે શ્વાસે તેણે આખો પત્ર વાંચ્યો. શું સોનલ આટલી બધી ચાહતી હશે? તો પછી કોલેજના બાર મહીના દરમ્યાન કેમ તેણે એકવાર પણ હૃદય ન ખોલ્યું.

ખરેખર આ સોનલનોજ પત્ર છે! અક્ષર તો તેનાજ છે? કાર્તિકી પૂર્ણિમાની વાત તે બેના સિવાય બીજું કોણ જાણે? કાર્તિકી પૂર્ણિમાનો મધ્યરાત્રિનો તે મીઠો પ્રસંગ તેની દૃષ્ટિ સામે ખડો થયો. જાણે ચાંદની ઝગારે જતી હતી. હિંચકો આવ જા થતો હતો, વૃક્ષઃસ્થળ ઘડીક ઢાંકતું ઘડીક ઉઘાડતું શ્વેત વસ્ત્ર સમિર સાથે ગેલ કરતું હતું. એ બધું દૃશ્ય પાછુ ખડુ થયું. બે વર્ષના લાંબા ગાળા પછી પાછું આબેહૂબ, જેવું ને તેવુંજ, એ આખા પ્રસંગના પડઘા એક પછી એક ઉપડવા માંડયા. તેણે નેત્રો મીંચ્યા, પણ હૃદયની આંખો ઉઘાડી હતી. તે જાણે ફુવારાના આરસપર સોનલની અડોઅડ બેસીને કહેતો હતો.

"જૂદા પડવાના સમય પહેલાં આવા પ્રસંગો અનેક મળ્યા હોત તો." અને તેણે જાણે આજે સોનલનો જવાબ વળી પાછો સાંભર્યો."

"પ્રભુની ઇચ્છા પ્રમાણે બધું બન્યાજ કરે છે."

શું પ્રભુની ઇચ્છા તે ક્ષણેજ નક્કી થઈ હતી. પ્રભાકરના હૃદયના ભાવો તેને વલોવી રહ્યા હતા. તેણે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

"તું સોનલને યોગ્ય રહ્યો છે ખરો ?" હૃદયના ઉંડાણે પ્રશ્ન કર્યો. અને હૃદયના ઉંડાણેજ જવાબ દીધો "ના."

"ક્યાં પોતે, ક્યાં સોનલ. જો તેનામાં સજ્જનતા હોય તો તેણે પત્રનો જવાબ નજ દેવો"—"સોનલ ! કેટલી સુંદર, શુશીલ અને કોમળ, શ્રીમંત માબાપને ત્યાં ઉછરેલી, ગરીબીમાં કેમ રહી શકે અને વળી તે કેટલી પવિત્ર" પ્રભાકરનાં હૃદયમાં પ્રથમ સ્ફૂરણો આવાં ઉદ્દભવ્યાં. પરણવું કે ન પરણવું એના વિચારમાં તેને રાતભર નિદ્રા ન આવી. સવારમાં ઊઠી તેણે ઓરડી આસપાસ નજર કરી. શું સોનલ આ ઓરડીને—આ ગરીબને યોગ્ય છે ? હરગીઝ નહિ. હૃદયે પણ ઉછળીને કહ્યું. "વળી તારામાં પવિત્રતા પણ ક્યાં છે ? તું તો ગમે ત્યાં ભટકે છે. સટ્ટો કરે છે, ગમે તેમ પેટ ભરે છે. તું તો વિદ્યુલ્લતાની સાથે દિલ્લગીમાં પડયો હતો." છેલ્લો વિચાર આવ્યો. અને પ્રભાકર કંપી ઊઠયો.

પણ મુંબાઇની બે વર્ષની ભટકેલ જીંદગીએ તેના હૃદયને કાણું બનાવ્યું હતું. હૃદયના અવાજનું ગળુ દાબીને પણ તે ઘણાંયે અયોગ્ય દુષ્ટ આચરણ કરતો હતો. જેલમાં જવા સરખાં કૃત્યો પણ તેણે કર્યા હતાં. તેના મને તેને પ્રેરણા આપવા માંડી. "હૃદયના અવાજ સામે કાન બંધ કર, મારૂં કહ્યું સાંભળ. તને સોનલ સરખી સુંદર, શુશિલ પવિત્ર, શ્રીમંત માબાપની પુત્રી પત્ની તરીકે મળે છે. મૂર્ખા કેમ પરણવાની ના પાડે છે." એજ મને વળી કાનમાં મોં ઘાલી બીજી વાત કહી. "સોનલને પરણશે તો તું ગરીબ રહેવાનો છે ? સોનલ નાગરદાસની એકની એક વ્હાલી દીકરી, ત્હારે તો નાગરદાસને ત્યાં ઘરજમાઈ રહેવાનું અને મજા કરવાની. સોનુ અને સુગંધ બન્ને મળે છે. વિધાતા ચાંલ્લો કરવા આવી છે ત્યારે અભાગી કુમકુમવટીને ઠેસ મારે છે." મને તેને બાવડું ઝાલી બગલમાંથી ઉંચો કર્યો. "ઊઠ ઉભો થા" પ્રભાકરે સોનલને પરણવાનો નિશ્ચય કર્યો.

ખિસ્સામાં હાથ નાખતાં તેને ખબર પડી કે તેની પાસે તો અમદાવાદ જવાના ભાડાના પૈસાય નહોતા. તેણે કોઈ એવો મિત્ર કર્યો નહોતો કે જે પૈસાપાત્ર હોય. તેને દમડી ધીરે પણ કોણ? તેને અકબરખાન યાદ આવ્યો, પણ તેને તો અઢીસો રૂપિયાનો ખપ હતો અને આવડી મોટી રકમ અકબરખાન ન ધીરે તો? તેનો શાહુકાર કોણ થાય? તેને મુલચંદ માસ્તર સાંભર્યા રવીવારનો દિવસ જોઈ તે મુલચંદ માસ્તરની ઓરડીએ ગયો.

તેને સારે નસીબે કેસરબેન ભૂલેશ્વર પર ચાલની બેનોની ટોળી સાથે ખરીદીએ ગયાં હતાં. આડીતેડી વાત કરી તેણે માસ્તર પાસે ત્રણસો રૂપિયાની માંગણી કરી. "સટ્ટામાં ખોટ ગઈ કે શું?" માસ્તરે સહજ આશ્ચર્યથી પૂછ્યું. પ્રભાકરને આટલી મોટી રકમ શા માટે જોઈએ?

માસ્તર પોતાને માટે ખોટો ખ્યાલ બાંધશે એમ પ્રભાકરને લાગ્યું. તેણે તુરત ખુલાસો કર્યો. સોનલના પત્રનો જરૂર પૂરતો ભાગ વાંચી પણ બતાવ્યો. પોતે નહિ જાય તો કદાચ સોનલ આપઘાત કરશે એમ પત્રમાંથી નીકળતું હતું એવો અર્થ પણ કરી બતાવ્યો.

અને માસ્તરે વિચાર કર્યો "લગ્ન કરવા માટે તો ભલભલાને દેવું કરવું પડે છે!! પ્રભાકર સારા કામ માટે પૈસા લેવા આવે અને પહેલીવાર માંગણી કરે તે માંગણી કેમ ઠેલાય. અનંતરાય માસ્તરનો મુલચંદ માસ્તર ઉપર ઉપકાર હતો. તે તેને પિતાતુલ્ય હતા. અને કદાચ ત્રણસો રૂપિયા ગયા તો "મુવા એટલા ઓછા કમાયો હતો." બે મિનિટમાંજ માસ્તરે વિચાર દૃઢ કર્યો. ઘરમાં ત્રણસો રૂપિયા હતા. પણ ઘરની રકમ ઓછી થાય અને કેસરબેનને જાણ થતાં તે પાછી કજીઆ કરે! આવતી કાલે શાળામાં આવજો, અમદાવાદ જવાની તૈયારી કરી રાખો, હું તમને કાલે બપોરે રૂપિયા આપીશ."

વાત બનવાની હોય છે ત્યારે ચારે પાસથી બધાજ સંજોગો તેને બનાવી લેવા ભેળા થઈ જાય છે. પછી તે સારા કે બૂરા અંજામ માટે કાં ન હોય!! બીજે દિવસે પ્રભાકરને અઢીસો રૂપિયા મળી ગયા. માસ્તરના ખાતામાં ત્રણસોથી ઓછી રકમ હતી. તેણે માસ્તર પાસે એક બીજી વસ્તુ માંગી લીધી. જો કદાચ સોનલ તેની સાથે લગ્ન કરવા મક્કમ હોય તો,

પછી તેમનાં લગ્ન તેઓ મુંબાઇમાં પગ મૂકે તેજ દિવસે તત્કાળ કરવાની પૂર્વ તૈયારીઓ પણ માસ્તરેજ કરવી પડશે. માસ્તર સમાજ સુધારક હતા. આવાં થોડાં લગ્નો તેમણે ગોઠવેલાં અને કરી અપાવવામાં મદદ કરેલી એમ નક્કી કર્યું કે પ્રભાકરે મુંબાઈ આવવાની તારીખ અને ટ્રેન નક્કી કરી પત્ર લખવો અને માસ્તરે તેજ દિવસે સવારે આઠ વાગે લગ્નની તૈયારી કરી રાખવી. તે રાતની મેલમાં હરખતે હૈયે પ્રભાકર મેલમાં બેઠો અને સોનલના અપાર હર્ષ વચ્ચે નાગરદાસનો મેમાન બન્યો.

× × ×

"પ્રભાકર તને દીઠે ત્રણ વર્ષ ઉપર થઇ ગયાં હશે" નાગરદાસે ચાહ પીતાં પીતાં કહ્યું. સોનલે કાન માંડ્યા.

"જી હા"

"હમણાં ક્યાં છે"

"હું મુંબાઈમાં છું"

"શું કરે છે"

"એક વેપારી કંપનીમાં નોકર છું"

"શું મળે છે"

"દોઢસો રૂપિયા મળે છે. થોડું ભાડા ભથ્થામાંથી બચે."

"તબીયત તો સારી રહે છે ને"

"જરૂર ! મને મુંબાઇનું પાણી સદે છે."

"અહીં કંપનીને કામે આવ્યા છો ?"

"જી–જીહા ! ! વિરમગામ પણ જઈ આવવા વિચાર છે."

ઉત્તર આપતાં પ્રભાકરની જીભ ચોંટી તેની સોનલને સમજ પડી. તેના હોઠ ન હસ્યા પણ પ્રભાકર બનાવીને વાતો કરતો હતો તેથી સોનલનું હૈયું હસ્યું.

"ઠીક! માસ્તર હાલ ક્યાં છે."

"જી ! વિરમગામ છે."

" કાગળની કાપલી સરખી લખતા નથી. ભારે કરકસરીઆ ભાઈ." તે જરા થોભી પાછું બોલ્યા. " પ્રભાકર તું નશીબદાર છે હોં! કાંઇ નહીં તો માસ્તર તારે સારૂં પચાસ હજાર તો મૂકીજ જવાના છે."

પ્રભાકર સાંભળી રહ્યો, પિતા અને પોતાની વચ્ચેના કલહની વાતથી નાગરદાસ અજાણ હતા તે એ સમજ્યો. ચાહ પૂરી થઈ.

" આવ્યો છે ત્યારે હવે જવાની ઉતાવળ કરતો નહિ. આપણી સોનલનાં લગ્ન છે. લગ્ન પછી જવાશે."

સોનલના ગોરા સુંવાળા ગાલ પર લોહીનાં મોજાં ચઢ ઉતર કરતાં હતાં.

" જી મારાથી માત્ર ત્રણ ચાર દિવસ રહી શકાય એમ છે."

પ્રભાકરે નીચે જોઇ કહ્યું. વાત પતી ગઇ.

નાગરદાસ અને પ્રભાકરના પ્રશ્નોત્તરથી થોડી વાતોનો ખુલાસો થઈ ગયો. પ્રભાકર માત્ર ત્રણેક દિવસજ રહી શકે એમ હતું એમ સોનલ સમજી ગઈ. આ ત્રણ દિવસમાંજ બન્નેએ મળવાનું, નીકળી છૂટવાની વાતચીત, અમદાવાદ છોડવાનું. વિરમગામ જવાની વાત ખોટી હશે એમ તો થોડું સોનલ પણ સમજી ગઇ.

× × ×

વિવાહનું ઘર—વસતિ વધી હતી. કેટલાંક સગા વ્હાલાં તો નાગરદાસનાંજ મેમાન બનેલાં હતાં. મિત્રોની અને ન્યાતની સ્ત્રીઓની અવરજવર પણ વધી હતી. ઘરમાં પરચુરણ કામ પણ ચાલતું હતું. નોકરો વધ્યા હતા. બીજા કામની ધમાલમાં નાગરદાસ પણ ઘણુંખરૂં ઘેરજ રહેતા. દીલખોલીને પૂરેપૂરી વાતો કરવા અને વિગતો ગોઠવવા પૂરતું એકાન્ત મળવું મુશ્કેલ હતું. તેમણે પત્રો લખી ખુલાસો કરવા આરંભ કર્યો. જતા રહેવાનો દિવસ અને ટ્રેન નક્કી થઇ ગયાં. ક્યારે, કયે રસ્તે, શું લઇને નીકળવું એ બધુંજ નક્કી થયું. અને ઠર્યા પ્રમાણે જે દિવસે સોનલે પિતાનું ઘર છોડયું તેને આગલે દિવસે સવારે, પ્રભાકરે નાગરદાસ અને ગંગાબાની વિનયપૂર્વક રજા માંગી. પ્રભાકર વિરમગામ જવાનું કહી ઉપડયો. શયનગૃહની

બારીએ ઊભેલી સોનલ પ્રભાકરને એકીટશે જોઈ રહી. પ્રભાકરે જતાં પાછું જોયું. નયનો મળ્યાં. હૈયાં હેલે ચઢ્યાં. પ્રેમ જગતનું નિમેલું પ્રભાત ઉઘડયું.

સાહસનું ડગ ભરવાના સમયે માણસની સ્થિતિ વિકટ અને વીપરીત બની જાય છે. કરૂં કે ન કરૂં. જાઉં કે ન જાઉં. આ સારૂં કે તે સારૂં. આમાંથી સારૂં પરિણામ આવશે કે બૂરૂં—એવા વિચારો એક પછી એક અગર ઉપરાછાપરી આવી હૃદયને વલોવી મૂકે છે. નિશ્ચય પર આવવાનું અશક્ય બને છે. અને આવ્યા પછી પણ ઘણી શંકાઓ, વિચાર તરંગો આવ્યાજ કરે છે. આ પરિસ્થિતિમાં માણસ કોઈ પળે હિંમતબાજ તો કોઇ પળે વિલીન બની જાય છે. મન, પ્રકાશ અને અંધકારના વારા બંધાય છે. સુખ–દુઃખની તેજસ્વી અગર કાળી છાપ વારાફરતી આનંદ આપે છે, ગમગીન બનાવે છે. જગત અને ભાવિ કોઇ વાર ઉઘડતું, પ્રકાશતું અને કોઈ વાર બીડાતું–વિલાતું લાગે છે. ઘણી વખતે તો અંતિમ નિશ્ચય થતોજ નથી. માણસ યાહોમ કરીને. આંખો મીંચીને, સમય સંજોગોને વશ થાય છે. “થવા દે, જે થવાનું હશે તે થશે.”

સોનલનું હૃદય પણ ભાવિની તુલના કરવા માંડયું. જીવનનાં ગંભીર સાહસ પહેલાંનો હૃદય ચુસાટ તેણે અનુભવવા માંડ્યો. એકદમ હરખઘેલી બનેલી સોનલ પાછી સુમ બની ગઈ. તેનું હૃદય કોઇ અજબ અશાંતિનું સ્થાન બની ગયું હતું. તે પોતાના નાના ઉપવનના આરસના ફૂવારા પર જઈને બેસતી વિચારમાં પડી જતી. તેની આંખો લાંબે લાંબે, આઘે આઘે કાંઈક જોતી કશો ઉત્તર માંગી રહી હતી, પણ હૃદયનો પ્રશ્ન પૂરો સમજ્યા વિના કોણ કોને ઉત્તર આપે. આરસના જેવું તેનું શ્વેત શીળું હૃદય આજે આરસ જેવુંજ અબોલ બની ગયું હતું. ઈંદ્રીઓ, મન અને આત્મા વચ્ચેનું સાંધણ જાણે તૂટી ગયું હોય ? તેનું જાગૃત હૃદય બાહ્ય સૃષ્ટિ માટે જડવત્ બની ગયું હતું.

કાળા વાદળના ગોટે ગોટમાંથી જેમ ઓચીંતી વીજ પ્રકાશે—કલાકો માટ માંડ્યા પછી જેમ આઘે અચાનક જ ક્ષિતિજ પર પરદેશથી આવતા પતિની નૌકાના દર્શન થાય, એમ સોનલના હૃદયમાં અંતિમ નિશ્ચયનો ઝબકારો થયો. “જે થાય તે ખરૂ, સુખ તો સુખ, દુઃખ તો દુઃખ,

પડશે તેવા દેવાશે પણ દેહ તો તેનેજ દેવાય જેને દીલ દીધું હોય" આ વિચારે તેને ચમકાવી મૂકી. તેની આંખ, હોઠ આખા ચહેરા પર દઢતા, સખ્તાઇ આવી ગઇ. તેના હૃદયે પ્રભાકર સાથે મુંબાઇ જતા રહેવાનો અડગ અને આખરનો નિશ્ચય કરી દીધો.

આ નિશ્ચયે તેના અસ્થીર મનમાં થોડી સ્થીરતા આણી. અને છતાં તે સુખી નહોતી. નાના બિહારી તરફની તેની મમતા તેના હૃદયને રડાવતી હતી. બિહારી ઘણીવાર સોનલ પાસે આવતો, બોલતો અને વિચિત્ર પ્રશ્ન કરતો.

"હેં બેન તું પરણવાની છે."

"તને કોણે કહ્યું"

"ગમે તેણે. પણ કહેને કે તું પરણવાની છે?"

"હા! પરણવાની છું!"

"પછી તું તારે સાસરે જતી રહેશે ખરૂં કે'ની"

"તને કોણે કહ્યું."

"મને, રામશંકર કહેતો હતો. બેન પરણશે અને સાસરે જશે. તમારે મળવું હોય તો મળી લ્યો—હેં બેન તે તું પાછી નહીં આવે??

પોતે એવું પગલું લે નહિ તો કદાચ પિતાને ઘેર પાછું આવવાનું પણ ન બને. બિહારીના શબ્દોની ટકોરે તેના હૃદય પર ટચકો માર્યો. તેને રડવું આવી ગયું.

"કેમ બેન તું રૂવે છે? તને ખોટું લાગ્યું. લે ત્યારે હું હવે એવું નહિ બોલું."

બિહારી એવું સમજ્યો કે જાણે કશું ન બોલવા સરખું તેનાથી બોલાઈ ગયું. સોનલે બિહારીને ઉપાડીને દીલથી દાબી દીધો. બિહારી હવે તો ચુંબન લેવા સરખો નાનો નહોતો રહ્યો, અને છતાંયે સોનલે તેને ચૂમી લીધો.

અને કોણ જાણે સાથી બિહારીએ સામી માંગણી કરી. "બેન હવે તારો ગાલ ધર. હવે હું તને ચૂમી કરૂં" આવી માંગણી બિહારીએ કદી કરી નહોતી.

"હા ! લે કર" મીઠા આંસુડાની ધારે વ્હાલ વર્ષાવતી અને માથે હાથ ફેરવતી સોનલે પોતાનો ગાલ ધર્યો. અને બિહારીએ સોનલના કુમળા ગાલ બચ્ચીઓથી ભરી દીધા. તે ત્યાં ન અટક્યો. તેણે સોનલને નાનું બચકું પણ ભરી લીધું. ગોરા ગાલમાં બે કુમળા દાંતના ઈશારા પડયા. બચકું ભરીને પ્રેમાળ વિજયી આંખથી તે સોનલ તરફ નિહાળી રહ્યો.

"બેન તું પરણશે, પછી પાછી તો આવશે કે' ની." તેણે દ્રવતા હૃદયે પ્રશ્ન કર્યો.

"આવીશ." હૃદયના રુંધામણ વચ્ચેથી નીકળેલા આ શબ્દોને સોનલે નયન જળથી ભીના કર્યા.

"રોજ રોજ આવજે હો ' થોડીવાર સાસરે જજે. થોડીવાર અહીં રહેજે. બિહારી વાંકી આશાભરી ડોકે વિનંતિ કરી રહ્યો હતો. તેના બોલેબોલ સોનલના હૃદયને ચીરી રહ્યા હતા.

આ બચ્ચી, આ બચકું અને આ બોલ છેલ્લાં તો નહોતાં."

સોનલે બિહારીને છાતીથી ખૂબ દબાવ્યો. માતા અને મોટી બેનના નિસ્વાર્થ પ્રેમમાં કશોયે ફરક નથી હોતો.

× × ×

મહા વદ પડવાનો નિર્માણ સમો આવી પહોંચ્યો. દશ વાગે થાક્યું હાર્યું સૌ કોઇ સૂઇ ગયું હતું. સોનલે શયનગૃહનું બાગમાં પડતું બારણું ઉઘાડયું. પિતા પર લખેલો પત્ર ઘડિયાળની ડબીમાં મૂકયો. મૃત માતા અને આરામ લેતા પિતાજીને-બીજા દિવસના કામકાજના વિચારે ચઢેલાં ગંગાબાને તેણે હવામાંજ હાથ જોડ કરી, પોતાની બે આંગળીઓ ચૂમી તેણે ભરનિદ્રામાં પડેલા બિહારીને ચૂંબન કર્યાનું સુખ લીધું, અને નાની કપડાંની પોટલી લઇ તે વાડામાં ઉતરી. થોડું અંતર પણ તેને કસોટીરૂપ થઇ પડયું. પવનનો દરેક શ્વાસ, વેલીના હરેક હલનમાં, નાના સૂકા પાંદડાનો હળવો ખખડાટ

હાલતી તરૂડાળની છાયા તેને બીવડાવતાં હતાં. તે થંભી જતી, આસપાસ જોતી, જાણે બંધ શ્વાસે ચાલતી હતી. પવનના પ્રત્યેક સૂસવાટમાં તેને મનુષ્યનો અવાજ સંભળાતો, વૃક્ષના પ્રત્યેક ઓળામાં તેને આભાસ જણાતો. શ્યામલ એકાન્તની સંપૂર્ણ નિરવતામાં તેને ઓચીંતાં પગલાં સંભળાતાં–તારલાઓ તેની સામે મીટ માંડી રહ્યા હતાં, શિયાળાનો આછો તિમિરાભાસ તેને માર્ગદર્શનની ના પાડતો હતો. દિશાઓ પાસે પાસે આવી તેને વીંટાઇ વળતી જાણે કહેતી ન હોય. "સોનલ બેન પાછી વળ." તેણે છુટા હાથથી મુકીવાળી, હોઠ દાબી નિશ્ચય દૃઢ કર્યો—"પ્રેમમાં તે વળી પાછું જવાનું હશે"—તે મક્કમતાપૂર્વક કંપાઉન્ડની પાછલી ભીંત સુધી પહોંચી ગઇ. બંગલાને ઝાંપે રામચરણ ભૈયો રામાયણ ગાતો હતો. તેણે હવામાં પગલાં વધારે હળવાં કર્યાં. ધી...મે પગલે બંગલાના પાછલા ભાગે તેણે જવા માંડયું. ભીંત સાથે સીડી ઉભી મૂકી તે ધોરા પર મૂકી. બહાર પ્રભાકર ઉભોજ હતો. તેણે પોટલી લઈ લીધી, અને ધીરે રહીને સોનલને વંડા પરથી ઉતારી. વૃક્ષછાયામાંજ થોડો રસ્તો કાપી બન્ને જણાં એક ભાડાની બંધ મોટરમાં બેસી સ્ટેશને પહોંચી ગયાં. સ્ટેશન પર સોનલને પ્રિતમલાલ સિવાય બીજું કોઇએ ઓળખીતું મળ્યું નહિ.

સીડી ખસી પડી, નાનો ધસરકાનો અવાજ થયો. બહારથી ખોંખારાનો અવાજ આવ્યો.

પ્રકરણ ૧૫મું

અકબરખાન

કેસરબેનની ઉધ્ધરાણી પ્રભાકરને વસમી લાગી. તેની પત્નીના દેખતાં એક સ્ત્રીએ તેની ગરીબી–તેનું જુઠ્ઠાણું–ખુલ્લું કર્યું હતું. આખી ચાલમાં–ચાલના ભૈયા સામે તેની ઇજ્જત લીધી હતી. કેસરબેને ઉગામેલા ચંપલે તેને મ્હાત કરી દીધો હતો. માસ્તરના રૂપિયા કેસરબેનની છાતીમાં મારવા તેણે નિશ્ચય કર્યો.

પણ આવડી મોટી રકમ તેને આપે એવું હતું કોણ? તેનીજ ચાલમાં તેની ઓરડીની બરાબર સામે તેના જેવડીજ એક બીજી ઓરડીમાં થોડા દિવસથી એક ડોસો આવીને રહ્યો હતો. અને તેણે કહેલું પણ ખરૂં કે કામકાજ હોય તો કહેજો. પણ કોઇ આવો વ્યવહાર વિવેક કરે તેમાં કાંઇ પૈસા મંગાય! જ્યારે તે કજીયાને બીજે દહાડે પડેલે ચહેરે ઓરડીની બહાર નીકળ્યો ત્યારે ડોસો બારણામાં ઉભો ઉભો માળા ફેરવતો હતો. તેણે પ્રભાકરને બોલાવ્યો.

“જરા અંદર આવો, અડભડશો નહીં. કાલે પેલી બાઇ કોણ હતી? આવી જબરી ભાયડા જેવી?” ડોસાએ પ્રભાકરને ઓરડીની અંદર લઇ જઇ કહ્યું.

“એના ધણી પાસેથી થોડી રકમ લઇ આવ્યો હું. પણ તેમાં શું—કેટલો તમાશો કરી ગઇ!”

“હોય. કેટલીક સ્ત્રીઓ આવી હલકટ હોય છે, પણ તમે મુંઝાઓ નહીં, પૈસા જોઇએ તો હું આપીશ. સુખેથી લઇ જજો.”

પ્રભાકરે તેનો ઉપકાર માન્યો. હમણાં જ આવેલો આ ડોસો પોતાને પૈસા આપવા તૈયાર થાય એ આશ્ચર્ય હતું. રહે છે આઠ રૂપિયાની ઓરડીમાં. કુટુંબ સરખું છે નહીં. કામ કરતો દેખાતો નથી. સવારથી સાંજ સુધી માળા કરે છે કે ભાગવત્ વાંચે છે. આ ડોસો મારા સરખા અજાણ્યાને બોલાવીને પૈસા આપવા તૈયાર થાય?

પ્રભાકર વિસ્મય પામ્યો. જરૂર આમાં કાંઇ ભેદ હશે. મુંબાઇમાં વસતા આવા અજાણ્યા માણસ આવા ઉપકાર કરતા દેખાય તેની પાછળ કાંઈ ભેદ, હરામખોરી, બદમાશી હોવાં જ જોઈએ. તેને ધર્મઢોંગીઓ અને વેદાંતીઓ ઉપર અણભરોંસો અને તિરસ્કાર હતો. તેમાંના ઘણાખરા ધર્મને–ઉદારતાને આગળ કરી, સંસ્કૃતના થોડા શ્લોક બોલી, બે પૈસાની મદદ કરી. લોકોના સંબંધમાં આવે છે. આ બ્હાને લોકોનાં ઘરમાં ઘૂસે છે–ધૂતી ખાય છે. અગર પોતાની નીચવૃત્તિ સંતોષે છે–કોઇનું ઘર બગાડે છે.

મુંબાઇના નિવાસીને મુંબાઇની મોહિની હોય છે. અને મુંબાઇની બીક પણ હોય છે. સ્વચ્છતા અને ગલીચતા, શોભા અને વિકૃતિ, ઉદારતા અને ખાઉપણું, સાધુતા અને લફંગાઇ—શ્રીમંતાઇ અને ગરીબાઈ—મુંબાઇમાં સાથે સાથે વસે છે. મુંબાઇની પચરંગી વસ્તીમાં જીવતા અનેકરંગી મનુષ્યો એ મુંબાઇને મોટું માનવ પ્રદર્શન કરી મૂકયું છે. પ્રભાકરે આ અજાણ્યા ડોસા પર વિશ્વાસ ન મૂકયો.

"બીજે સ્થળ મેં સવડ કરી છે. જો ત્યાં નહીં બને તો તમને કહીશ" તેણે ડોસાનો ઉપકાર માનતાં કહ્યું.

"તો ઠીક છે. પણ શરમાશો નહિ," મનોરદાસે કહ્યું.

પ્રભાકરે પોતાને જોઈતી રકમ અકબરખાન પાસેથી લેવાનું નક્કી કર્યું હતું. અકબરખાન તેને ઓળખતો હતો અને તે પઠાણ ગમે તેટલી રકમ ગમે તે જોખમ ખેડી ગમે તેને ધીરતો. ગોળપીઠા પાસે એક નાની ગલીમાં તે રહેતો. આ ગલીમાં ઘણું ખરૂં પઠાણો જ રહેતા. ગલી નાકાથી તે ઠેઠ અંદર સુધી ગંધાતી હતી. સુધરાઈનાં માણસો અહીં સાફ કરવા નહોતા આવતા એમ નહોતું, પણ ગલી રોજને રોજ સાફ થતી અને તેમ છતાંયે આ ગલીમાં મૂતરના રેલા—ચીંથરાના ઢગલા—ગળાના બળખા, ફાટેલા કાગળના ડૂચા, ઈંડાંનાં ફોટલાં, મરઘીનાં પીંછાં, અને એવો બીજો બગાડો, ઠેર ઠેર પડેલો દેખાતો. ગલીમાં ઊંડે ઊંડે એક જીર્ણ થઇ ગયેલા માળાના પહેલે દાદરે અકબરખાન રહેતો હતો. ગલીમાં ઉભા રહીને પ્રભાકરે બૂમ મારી.

"અકબરખાન."

"શેઠ કુ મીલને મંગતે હો—હૈ. ઉપર આઓ." એક બીક લાગે એવી આંખોવાળા પઠાણે જવાબ આપ્યો.

પ્રભાકર મકાનથી પરિચિત હતો. તે ઉપર ચઢયો. વિશાળખંડની વચ્ચોવચ ચારપાઇ પર એક લાંબો કદાવર પઠાણ પડેલો હતો. મોં પરના દાઢી મૂછ તેના ચ્હેરાને બિહામણો બનાવતાં હતાં. ચારપાઈ નીચેના બાજોઠ ઉપર પંજાબી ભૂરો કાપડ વીંટાળેલો, ત્રણ ચાર વાંક વાળેલો હોકો

પડેલો હતો. કોણ આવે છે તે જોવાની આશામાં તેણે મોંમાની હોકાની નેહ કાઢી, દાદર તરફ અકબરખાને પોતાની ડોક ફેરવી.

"સલામ, ખાનસાહેબ." પ્રભાકરે ઉપર ચઢતાંજ કહ્યું.

"આઇયે શેઠ સાહેબ—બહોત દીન પર આયે-કયા ખબર હૈ!! અચ્છે તો હો?" અકબરખાને પથારીમાંજ અડધા ઉઠી પ્રભાકરનો હાથ મીલાવી હલાવ્યો, અને પોતાની પાસે ચાર પાઈ પર બેસાડયો.

પલંગ પરની ચાદર ગંદી ડાઘાવાળી હતી. ઉપર હોકાની રાખોડી પણ પડી હતી. એક બાજુ ટીમરૂની બીડીઓ છૂટી વેરાયેલી પડી હતી અને તેની નજીકમાં દીવાસળીની પેટી અડધી ઉઘાડી ઉંધી પડી હતી. અને અંદરની દીવાસળીઓ થોડી બહાર વેરાઇ હતી. પઠાણના રાક્ષસી પંજાથી ખેંચાયેલો પ્રભાકર આ સુંદર સ્વચ્છ આસન પર થોડી :વેરાયલી બીડીઓ ઉપર બેઠો. તેને બેસવું પડયું. ભૂખને ભાખરો અને ઉંઘને સાથરો જોવાનો હોતો નથી. તેને આજે અકબરખાન પાસે પૈસા લેવાના હતા. તે ગરજનો માર્યો ભોંય ઉપર પણ બેસવા તૈયાર હતો. તેણે અકબરખાનની તબીયત પૂછી, અને કહ્યું:

"પાંચસો રૂપિયા જોઇએ છે." તેના અવાજમાં લાચારી હતી.

"એટલા બહ્વા—એટલા બહ્વા રૂપિયાને શું કરશો?" પઠાણ ગુજરાતી બોલી શકતો હતો, પણ બોલતાં પઠાણી ઉચ્ચારની છાંય આવતી હતી.

"લગ્ન કરવા જવું છે તે જોઇએ છીએ." તેણે કહ્યું.

"નવી શેઠાણીને દાગીના કરાવવા છે કે શું?" પઠાણે પ્રભાકરનો હાથ હલાવતાં કહ્યું.

"હા, એમજ છે."

"મહેતાજી! અકબરખાને એક બુઢ્ઢા દમીએલ ગંદાં કપડાં પહેરેલા વાણીઆ તરફ ફેરીને કહ્યું. "શેઠજીને પાંચસો રૂપિયા આપવા પડશે, શાદી કરવી છે."

"કયારે જોઇએ?" મહેતાજીએ બે આનાની કિંમતના બેતાળાનાં ચશ્માંથી આંખો ઊંચી કરી પ્રભાકરને પૂછયું.

"આજે કે આવતી કાલે સવારે." પ્રભાકરે જવાબ દીધો.

"શેઠ, શાદી કોનસે દીન હૈ?" અકબરખાને પ્રભાકરના પીઠ પર ધપ્પો મારતાં કહ્યું. એક મિનિટ સુધી પ્રભાકરને પીઠ પંપાળવી પડી.

"પરમ દિવસે મુંબાઇ છોડવું પડશે."

"જબ તો ભાઈ!! જલ્દી સેં દે દેના," અકબરખાને મહેતાજીને કહ્યું.

શેઠનો હુકમ થયો એટલે મહેતાજીએ રૂપિયા આપવાનો વિધી શરૂ કરી તેણે એક મોટા ચોપડામાં પાંચસો રૂપિયાનું ખાતું પાડયું. ઢગલાબંધ એક આનાની રસીદી ટિકીટોમાંથી એક ફાડી ખાતા નીચે ચોઢી. તેના ઉપર પ્રભાકરની સહી લીધી. પ્રભાકરે અંગ્રેજીમાં પોતાની સહી કરી.

"અંગ્રેજી નહીં ચાલે, ગુજરાતીમાં ટીકીટ પર આવે એવી રીતે સહી કરો." મહેતાજીએ સહીમાં વાંધો કાઢયો. પ્રભાકરે ગુજરાતીમાં બતાવ્યા પ્રમાણે સહી કરી. મહેતાજીએ તેનું સરનામું પૂરેપૂરૂં તેને હાથે એક બીજી સરનામાની ચોપડીમાં ઉતરાવી લીધું.

પઠાણને ત્યાં વ્યાજ ઠરાવવાનું હતું જ નહીં. પ્રભાકર તો જૂનો ઘરાક હતો. મહિનાની પહેલીથી પાંચમી સાતમી તારીખ સુધીમાં પાંચસો આના વ્યાજ પઠાણને પહોંચાડવું જ પડે.

પઠાણે હાથકાંડાં કાપી લીધાં અને કહ્યું: "અમૃતવાડીકે સામને ભોગીલાલ ગાંધીકી દુકાન પર હમારા આદમી સાડી ચારસો રૂપિયા લેકે બરાબર સબેરે નવ બજે આ જાયગા. આપ વહાં હાજર રહેના. આપકો પૈસે મિલ જાયગેં." અકબરખાને કહ્યું. અને જતાં પ્રભાકર સાથે પાછો હાથ મિલાવી, રકાબીમાંથી તેને એક બજારૂ પાન પણ આપ્યું. પ્રભાકરને પાન ખાવું પડયું.

પાંચસો રૂપિયાનું ખાતું પાડી લઈ, પઠાણે નિયમ પ્રમાણે પચાસ રૂપિયા કોથળી છોડામણના કાપી લીધા. નીચે ઉતરતા પ્રભાકરને તેણે કહ્યું:

"સૂદ ટાઈમસર આના ચાહીએ. આપ જાનતે હો! ના. એ બાબતમેં હમારા કાયદા સખ્ત હૈ. ઔર દેખો શિવનંદન કો હમારા સલામ કહેના."

"મને ખબર છે, તેમાં વાંધો નહિ આવે."

પ્રભાકરને પૈસા લીધા વિના ખાતું પાડ્યા બદલ જરાયે ક્ષોભ થયો નહીં. અકબરખાન તેની શરત પાળનારને પૈસા આપવામાં દગો નહોતો કરતો. તે પોતાને ઘેર પૈસા આપતો નહિ પણ લેનારની ઓરડીએ પહોંચાડતો. આથી તેને લેનારની ઓરડીની ખબર પડતી. ચાર દહાડે તેના માણસો ઓરડીની આસપાસ ચક્કર મારતા રહેતા અને માણસ જતો રહ્યો નથી તેની ભાળ રાખતા. કેટલાક તેના પૈસા ઘાલી પણ જતા. પણ વ્યાજનો દર એવડો મોટો અને ઉઘરાણી એટલી બધી સખ્ત કે બનતાં સુધી તેનાં નાણાં કોઈ ઘાલતું નહિ. ઘાલનારને પોતાનું ખૂન થવાની પણ બીક લાગતી. પૈસા વેળાસર નહિ આપનાર અગર ઘાલનાર સપાટામાં આવતાં અગર આડફાટો મળતાં અકબરખાનના માણસો તેને ખોખરો પણ કરતાં. ઘણી વખતે મુદ્દલ કરતાં વ્યાજની જ રકમ એવડી અગર તેવડી અકબરખાનને મળી જતી અને તેને મુદ્દલની પરવા પણ નહોતી રહેતી. તે કચેરીએ તો કદી જતોજ નહિ.

'હમારી કોર્ટ અમારી લકડીમેં હૈ.' એમ એ ઘણી વખત કહેતો. રાક્ષસ સરખો અકબરખાન જ્યારે સાઇકલ પર ઉઘરાણી કરવા નીકળતો એટલે તો નાણું લેનારનું આવી જ બન્યું. ભર રસ્તા પર તે આદમીને મારતો, પણ પોલીસ તેનું નામ નહોતી દેતી. પોલીસ લોકોનું તેની પાનબીડીથી ઘણીએ વાર મોઢું લાલ રહેતું. અને તે નાની નાની રકમો પોલીસને ધીરતો જ રહેતો. અકબરખાનને મુંબઇમાં માણસને મારવાની છૂટ ઘણીવાર મળતી.

* * * *

અમૃતલાલ સાથે પોતાને થએલી વાત સોનલને કરી મેના જવા ઉઠી ત્યારે પ્રભાકર ઓરડીએ આવી પહોંચ્યો. સોનલને તેની આકરી મુખમુદ્રા કાંઈ કુમળી થએલી જણાઇ. તે જમવા બેઠો અને સોનલે વાત ઉપાડી.

"મુળચંદભાઈ આવ્યા હતા." મુળચંદ માસ્તર માટે પ્રભાકરને માન હતું. તેણે આંખો ઉઘાડી સામું પૂછ્યું.

"કેમ ?"

"કહેતા હતા કે એક ટ્યુશન છે, અને તમને બપોરે બે વાગે શાળામાં બોલાવ્યા છે."

"બીજી કંઈ વાત કરી ?"

"ના, બીજું તો કાંઈ કહ્યું નહિ. કેસર બેનના વર્તનથી એમને બહુ ખોટું લાગ્યું હતું. એણે આવીને તમારી માફી માગી."

કેસર બેનનો તમાસો સાંભરી આવતાં પ્રભાકરે હોઠ કરડયો. તેણે કહ્યું : "બીચારા માસ્તર, કેવળ પ્રભુના લોક છે."

"કયાં ગયા હતા સવારના ચા પીવા પણ ન રહ્યા." સોનલે આર્જવથી પૂછ્યું.

"શું કરૂં ? પૈસાનો બંદોબસ્ત કરી આવ્યો. આવતી કાલે એના અઢીસો રૂપિયા એની છાતીમાં મારીશ." પ્રભાકરને પાછાં કેસરબેન યાદ આવ્યાં.

"માંગનાર ક્રોધ કરી જાય તો સાંખી પણ લેવો પડે." સોનલે કહ્યું.

"તે બધું રીતે–આવા ભવાડા થાય ?" પ્રભાકરે કહ્યું. તેના અવાજમાં કંપકો હતો.

તે અશાંત બની ગયો.

"કોઈક દિવસ હું એને જોઈ લઈશ." પ્રભાકર બોલ્યો.

સોનલને પ્રભાકરનું આ ઉગ્ર માનસ પસંદ ન પડયું, અને છતાં તે સાંભળી રહી. તે બોલે તો વાત વધી જશે એમ તેને લાગ્યું. બરાબર દોઢ વાગ્યો ને સોનલે તેને મૂળચંદ માસ્તરની યાદ આપી. નોકરીની આશાએ પ્રભાકરે ઉઠી કપડાં પહેર્યાં, અને બરાબર બેને ટકોરે મુળચંદ માસ્તર જ્યારે વિદ્યાર્થીઓને વિકટોરીઆ ન્યાનઝા અને ટીટીકાકાના સરોવરો નકશામાં બતાવતા ત્યારે તેણે કલાસ બહાર આંટા દેવા માંડયા. માસ્તરે તેને જોયો અને જરા હસી પાછો કલાસ લેવા માંડયો.

ઘંટ વાગ્યો અને બન્ને જોડે નીકળી પડયા. સુંદરજી શેઠ બહુ બહુ તો અઢી વાગ્યા સુધીજ રાહ જોવાના હતા. એટલે વિકટોરીઆ કરી બન્ને જણા તેમને મકાને ગ્રાન્ટ રોડ ઉપર ગયા. શેઠનો પોતાનોજ માળો હતો,

અને ત્રીજે માળે તેઓ રહેતા. મુળચંદ માસ્તર પ્રભાકર સાથે સુંદરજી શેઠને ત્યાં પહોંચ્યા ત્યારે અઢીમાં હજુ પણ દસ મિનિટ બાકી હતી.

બીજે દાદરે ચઢતાંજ મોટા દિવાનખાનામાં શેઠ એક ચેસ્ટરફીલ્ડની હાથા જડીત ખુરશી પર બેઠા હતા. તેમની નજીકમાં એક એવીજ બીજી ખુરશી ઉપર એક જુવાન એક નાગડી દાડીની દાગીનાથી નખશીખ મઢેલી વીસેક વર્ષની. શેઠની ચોથી વારની નવી, મોરલી બેઠી હતી. કુદરતી ચંચળ વિંધી નાંખતાં નયનો ઉપર કાંઇક કશાકનો ભાર હતો. કોઇ અણજાણ અતૃપ્તિ અગર ઊંડો અસંતોષ આંખ પરથી દેખાઇ આવતો હતો. પાસેની નેતરની ખુરશી પર તપખીરની ડાબલી લઇ શેઠનાં જશા કાકી બેઠાં હતાં. સુંદરજી શેઠ માસ્તરને પહેલેથી ઓળખતા હતા. બન્ને જણાને તેમણે બેઠે બેઠેજ આવકાર આપી ખુરશી પર બેસાડયા.

* * *

વેપારી લોકો આડી તેડી વાતોમાં વખત ગાળવામાં માનતા નથી. શેઠે તરતજ વાત ઉપાડી.

"મેં માસ્તરનું કહ્યું હતું તેમાં આવ્યા ?" શેઠે મુળચંદ માસ્તરને કહ્યું. રામાએ પાન એલચીની રકાબી મુળચંદ માસ્તર પાસે મૂકી, અને શેઠની ખુરશી પાછળ જઇને ઉભો. અને શેઠે ઉમેર્યું.

"પાન એલચી લ્યો માસ્તર !" તેણે પ્રભાકર સામે જોઇ કહ્યું. "ભાઇ તમે પણ લ્યો."

"જી હા." માસ્તરે વિનયથી જવાબ આપ્યો.

માસ્તરનો જુનવાણી વિનય અને મૂખપરની નમ્રતા મોરલી શેઠાણીને ન ગમી.

શેઠે પ્રભાકર સામે એક ક્ષણ નજર કરી કહ્યું : "કોણ, આ માસ્તર આવવાના છે ? તો એમને આવવા દો." શેઠ બોલ્યા પણ એટલામાં તેમને લાગ્યું કે મોરલીને પૂછી જોવું સારૂં છે, અને તે મોરલી તરફ ફર્યા.

"કેમ, નવી ? આ માસ્તરને રાખીએ તો તને કાંઇ હરકત છે ?" સુંદરજી શેઠ પ્રશ્ન કરે તે પહેલાંજ મોરલીની નજર પ્રભાકરના આખા બદન પર ફરી વળી હતી.

"એમાં મને શું પૂછવાનું હોય ? ભણાવે સારૂ એટલે બસ." તેણે નજર ખેંચી લેતાં કહ્યું.

ખભા આગળથી અંદરની બાજુ હાથનો વાંકવાળી બે હાથની આંગળીઓ એક બીજા સાથે ભરાવી આળસની અદા કરતી મોરલીએ વળી પાછી પ્રભાકર સામે બીજી એક મીટ માંડી લીધી. શેઠ ઉભા થયા.

"ઠીક ત્યારે માસ્તર પ્રભાકરભાઈને આવતી કાલથી મોકલજો."

"એમના પગારનું કેમ ?"

"મારી જોડે નકકી થયું હતું તે એને આપજો."

"અનુભવ પછી, માસ્તર! પ્રભાકરભાઇને હાલ પચાસ રૂપિયા આપીશું. આવતે મહિને પછી તેમની યોગ્યતા ઉપર વાત" અને શેઠે મોરલી તરફ જોયુ. "કેમ એમ કરીશું કે ની?" મોરલી કાંઈ બોલી નહિ.

"એમ છે માસ્તર !!" સુંદરજી શેઠે મુળચંદ માસ્તરને કહ્યું કે શિક્ષકને શિખ્યાનું સરટીફીકેટ જોઇએ. ઘણા એ માસ્તર આવ્યા. કોઈ વેદીઓ, તો કોઈ ભડભડીઓ, કોઇ બબુચક, તો કોઇ મેલો, ગંદો તો કોઈ ચીપી ચીપીને વાતો જ કર્યા કરે. અને નવીને એવું પસંદ નથી. બાકી એમના શિક્ષણથી મોરલીને સંતોષ થશે તો દસ રૂપીયા વધારે આપીશ."

"જેવી આપની મરજી" મુળચંદ માસ્તરે શેઠને જવાબ દેતાં જ પ્રભાકર તરફ જોયું. દષ્ટિમાં પ્રશ્ન હતો.

"કબૂલ કરીએ કે ની !" પ્રભાકરે ડોકું હલાવીને હા કહી.

"પ્રભાકરભાઈ આવતી કાલથી આવશે." મુળચંદ માસ્તરે કહ્યું.

"સુખેથી આવો. ભણાવવાનું દિવાનખાનામાં ફાવે તો તેમ, નહી તો દક્ષિણ બાજુ બીજો નાનો ખંડ છે. હવા ઠીક છે ત્યાં બેસજો. સવારે નવ વાગે આવશો તો ચાલશે."

"સવારમાં હવે મને ફુરસદ નથી મળતી" મોરલીને શેઠે નકકી કરેલો સમય પસંદ ન પડયો.

"તો પછી ?" તે બોલ્યા.

"માસ્તરને બપોરે ચાર વાગે નહીં ફાવે." શેઠને પ્રશ્ન કરી મોરલીએ પ્રભાકર પાસે જવાબ માંગ્યો.

"ઠીક ચાર વાગે આવીશ"

શેઠ અને શેઠની પાછળ માસ્તર અને પ્રભાકર ઉતર્યા.

*　　　*　　　*

જસાં કાકી બહારના છજામાં તપખીરની ડાબલી સાથે ઉભાં હતાં. બધા ગયા પછી તેણે પૂછ્યું.

"મોરલી વહુ! પછી કયા માસ્તરને રાખ્યો? પેલા મોટાને કે પેલા જવાનને?"

મોરલી જસાં કાકીને કદી જવાબ ન દેતી અને આ વખતે તો તેણે જવાબ ન આપ્યો. તે ચૂપ રહી.

"અલી? કેમ બોલતી નથી?" જસાંકાકીએ તપકીર તાણતાં કહ્યું.

"તે મને તો કશી સમજ પડી નથી, પૂછજોને તમારા ભત્રીજાને તેણે હોઠ ચઢાવીને કહ્યું," બધી વાતની કે઼ા.

આ પાછળના શબ્દો મોરલી એવા ધીમેથી બોલી કે જસાંકાકીએ ન સાંભળ્યું.

"જુવાન માસ્તર રાખે તે મને ન ગમે" એમ બોલતાં જસાંકાકી પાછાં દિવાનખાનામાં પેઠાં.

સુંદરજી શેઠે મુળચંદ માસ્તરને શાળા પર છોડી દીધા, પ્રભાકર પણ ત્યાં જ ઉતરી પડયો. મોટરમાં શેઠે પ્રભાકર કયાં સુધી ભણ્યો હતો તે પૂછી લીધું અને કહ્યું.

"ત્યારે તો તમે મારા સેક્રેટરી તરીકે અંગ્રેજી પત્રવ્યવહારનું કામ કરી શકશો?" શેઠ બોલ્યા.

"બહુ ખુશીથી" મુળચંદ માસ્તરે જ આવો જવાબ દઈ દીધો.

મુળચંદ માસ્તરને સંતોષ થયો કે પોતે કોઇને ઉપયોગી નીવડયા. પ્રભાકરને સંતોષ થયો કે નોકરી મળી અને પચાસ રૂપિયા આવતા

થવાના. મોરલીને પણ સંતોષ થયો હતો. નવા માસ્તર ખરેખર રૂપાળા હતા. સુંદરજી શેઠ પણ પ્રસન્ન થએલા જણાયા.

ઓરડીએ આવી પ્રભાકરે સોનલને ટયુશન મળ્યાની વાત કરી.

"મહિને શું મળશે?" સોનલે અધીરી થઇ પ્રશ્ન કર્યો.

"પચાસ રૂપિયા."

"ચાલો, કરકસરથી ચલાવીશું. અમૃતલાલભાઇ પણ તમારી નોકરી માટે પ્રયત્ન કરવાના છે."

"કયાં ?"

"તે તો મને ખબર નથી, આવશે એટલે પૂછાવીશ."

બન્ને જણાં આજે ઘણે દહાડે ચોપાટી પર ફરવા ગયાં. ત્યાં વળી વાત નીકળી.

"આ તમને ટયુશન મળ્યું તે છોકરો કયા કલાસમાં ભણે છે?"

"છોકરો નથી, છોકરી છે."

"એમ ! મેટ્રિકમાં હશે." સોનલે ઉંમરનો ખ્યાલ લેવા પ્રશ્ન કર્યો.

"છે બારેક વર્ષની. હજુ તો ફીફથ સ્ટેન્ડર્ડમાં છે."

"ત્યારે તો ત્રણેક વર્ષ ટયુશન પહોંચે ખરૂં ?"

"ભવિષ્યની વાતો અત્યારથી શું કરવી પણ સાધારણ એમ ખરૂં." પ્રભાકરે કહ્યું.

તેણે અવગા ફરી ગળું ખોંખાર્યું. તે જાણતો હતો કે તે અસત્ય બોલ્યો હતો.

ફરીને ઘેર આવ્યાં ત્યારે મેના જાણે તેમની રાહ જોતી જ ઉભી હતી. પ્રભાકર ઓરડી અંદર ગયો અને તેણે સોનલને અણસારે પોતાની પાસે બોલાવી.

"એમના શેઠે પ્રભાકરભાઇને આવતી કાલે ઓફિસમાં બોલાવ્યા છે."

"કયારે ?"

"એ તો બન્ને જણા જમીને જોડે જશે."

"બહુ સારૂં." એ પણ સાંભળીને ખૂબ રાજી થયો.

"ભાભી પ્રભાકરભાઇને નોકરી મળે કે'ની તો મહાદેવને ઘીનો દીવો કરીશ."

"કરજો. તમે તો એમનાં બેન કે'ની. એ તો મને ખબર જ છે કે એમને નોકરી મળે તેમાં તમે ખૂબ ખૂશ થશો."

"પછી ભાભી !! બન્ને જણા રોજ સાથે ઓફીસમાં જશે." મેનાએ સ્વપ્નસૃષ્ટિ રચવા માંડી.

"હા ! પણ આવડાં અત્યારથી શું ખૂશ થઇ ગયાં ? નોકરી મળવા તો દો."

"એ તો મળી જાણો ને !! કામનાથ મહાદેવનો અમસ્તો દીવો માન્યો હશે !" મેનાને ગીરગામના કામનાથ મહાદેવ પર અજબ શ્રદ્ધા હતી.

"મેનાબેન તમે બન્ને જણાં અમારી કેટલી કાળજી રાખો છો." સોનલે ઉપકારના ઉદ્‌ગાર કાઢ્યા.

"એમાં તે એવડું મોટું શું કરી નાંખ્યું, લ્યો ?" મેનાં ઓરડીમાં ગઇ.

પ્રકરણ ૧૬ મું

મોરલી

અનુભવીને ખબર પડે છે. દિવસ પણ સારા નરસા આવે છે. કોઇ દિવસ એવો જ ઉગે છે કે તમે જેટલે ઠેકાણે જાઓ ત્યાંથી ધક્કાધાપા ખાઇને પાછા આવો. અને કોઇક એવો ઉગે છે કે, ધારેલું બધું જ કામ કરીને ઘરમાં પેસો. આ કેવળ અકસ્માત છે કે, એમાં કાંઈ કુદરતી સંકેત છે તે વાતમાં પડવાની જરૂર નથી. પણ કેસરબેનની ઉઘરાણીનો સોમવાર જેટલો ખરાબ હતો તેટલા જ આ સોમવાર મંગળવાર સારા હતા.

સોમવારે અકબરખાનને મળવા ગયો. એ પણ સદ્‌ભાગ્ય જ હતું. નહિ તો જો ઉઘરાણીએ નીકળી પડયો હોય તો તેને આખા મુંબાઇમાં

શોધવો પડે. પણ સોમવારે તે મળી ગયો. અને ઘેર આવતાં મુળચંદ માસ્તર મારફતની નોકરીની ભાળ મળી એટલું જ નહિ પણ પચાસ રૂપિયા માસિકનું ટ્યુશન મળી ગયું.

મંગળવાર પણ એવો જ સોનેરી ઉગ્યો હતો. બરાબર સવારે આઠ વાગે અકબરખાનનો માણસ સાડીચારસો રૂપિયા લઇને ભોગીલાલની દુકાન પર બેઠો હતો. રૂપિયા ગણી લઈ પ્રભાકરે પઠાણને પાવતી પર સહી કરી આપી.

પેલો મનોરદાદા ડોસો નેસ્તીની દુકાન સામે ઉભો હતો. અને તેણે પ્રભાકરને પઠાણ પાસેથી રૂપિયા લેતાં જોઈ મોટો નિશ્વાસ મૂક્યો. પ્રભાકરના જીવનમાં આ ડોસાને કોઈ પણ પ્રકારનો રસ હતો શું? પણ તે એટલો મૂંગો અને એકલ રહેતો કે તેના હલનચલનની કોઇને ખબર પડતી નહિ. ખૂદ પ્રભાકર પણ મનોરદાદાની મમતા સમજી શક્યો ન હતો.

પ્રભાકર જ્યારે તેને વટીને અમૃતવાડીમાં પેઠો ત્યારે તેણે કહ્યું:

"પ્રભાકરભાઈ પઠાણ પાસેથી શું કરવા લીધા! હું તમને માગત તેટલી રકમ આપત."

મનોરદાદા ડોસો પઠાણ પાસે રકમ લીધાની વાત જાણી ગયો તેથી પ્રભાકરને ઘણી શરમ લાગી. તે નીચું જોઇને ચાલ્યો ગયો.

સોનલે નોટોનું બંડલ જોયું અને બોલી:

"પૈસા ક્યાંથી આણ્યા?"

"મારા એક સ્નેહીને ત્યાંથી."

"કેટલા છે?"

"સાડી ચારસો"

"ચાલો, હવે થોડા થોડા કરીને વાળી દઇશું. આપણે એમને ત્યાં કોઇ દિવસ ગયા નથી?" સોનલે પૂછ્યું.

"ના."

"એવા ઉપકારી માણસ સાથે તો વ્યવહાર સાચવવો જોઇએ."

સોનલને બીચારીને શું ખબર હતી કે એ ઉપકારી જીવતો એક પહાણુ હતો.

પ્રભાકર જમવા બેઠો ત્યારે વળી થોડી વાત થઈ.

"પેલી રકમમાંથી અઢીસો રૂપિયા મને આપો તો હું કેસરબેનને આપી આવું."

"ના એ તો હું જ જઇને એની છાતીમાં મારીશ" પૈસા લેનારને જ્યારે પૈસા આપવા પડે છે ત્યારે તે શાહુકારને ઘણીવાર શત્રુ દેખે છે.

"ના એમ ન કરશો. ખોટું કહેવાય."

"તેણે મારો ફજેતો ઓછો નથી કર્યો!"

"કર્યો. તેની પાસે પૈસા ઉછીના લેવા ગયા ત્યારે કે'ની? અને મુળચંદ માસ્તરને કેટલું ખોટું લાગશે?"

"જેને ખોટું લાગવાનું હોય તેને લાગે, એતો હું જ જવાનો છું." અને જતી વખત તેણે અઢીસો રૂપિયા સાથે લીધા.

જમીને પ્રભાકર અમૃતલાલ સાથે કોટમાં ગયો. અમૃતલાલની ઑફિસ કોટમાં મેડોઝ સ્ટ્રીટમાં હતી. તેના શેઠ રૂ, મીલસ્ટોર્સ અને એક્સપોર્ટ ઇમ્પોર્ટનો ધંધો કરતા હતા. એક મોટા નવા બાંધેલા બિલ્ડીંગના બીજે મજલે ઓરડામાં કેટલાક કલાર્કો બેઠા હતા. ટાઇપીસ્ટની પાતળી આંગળીઓ ટાઇપરાઇટર પર ટપટપાટ મચાવી રહી હતી. અમૃતલાલે પોતાની જગ્યાએ લાકડી મૂકી પાસેની ખુરશીપર પ્રભાકરને બેસાડયો અને પોતે શેઠની ચેમ્બરમાં ગયો. બે મિનિટ પછી પ્રભાકરને ચેમ્બરમાં જવાનું તેડું આવ્યું.

ચેમ્બરમાં જતાંજ સામે ખુરશી પર બેઠેલા લગભગ ૨૫-૨૬ વર્ષના ગુજરાતી જુવાને પ્રભાકરને ખુરશી પર બેસવા કહ્યું. એ પેઢીના માલિક શેઠ હતા. સુક્કું પણ તંદુરસ્ત ગોરૂં શરીર, તેજસ્વી પણ ગંભીર ચહેરો, તેને જોતાંજ ખબર પડે કે, માણસ વ્યાપારી ઢબનો, હોંશીયાર પણ સરસ સ્વભાવનો નિશ્ચયી છે. પ્રભાકરને ચ્હેરો થોડો પરિચિત લાગ્યો.

"ક્યાં સુધી ભણેલા છો?" તેણે પ્રભાકરને પૂછયું.

"જી, જુનીયર બી. એ. સુધી."

"ઓ ! હા ! કિનારા સુધી આવી પહોંચેલા. તો પછી બી. એ. કેમ ન થયા ?"

પ્રભાકર જવાબ આપતાં સ્હેજ ગૂંચવાયો.

"સંજોગો એવા ઉભા થયા કે કોલેજ છોડવી પડી."

"વતન ક્યાં ?"

"વિરમગામ."

"ત્યારે તો ગુજરાત કોલેજમાં ભણ્યા હશો ?

"જી. હા."

"ઠીક. શું કામ કરી શકશો ?"

"ઑફિસ કામમાં તો હું અજાણ્યો છું, પણ સામાન્ય બધું જ કામ કરી શકીશ."

"ઠીક. એક ટ્રસ્ટમાં હું ટ્રસ્ટી છું. મારી સાથે બીજા પણ છે. અમારે એક મેનેજરની જરૂર છે. તમને શરૂઆતમાં પોણાસો રૂપિયા પગાર આપીશું અને બે ત્રણ માસ જોયા પછી પગાર વધારી આપીશું. કામ વધારે નથી પણ ભાડાચીઠ્ઠીઓ લખાવવી પડે છે, જરૂર પડે ભાડું ઉઘરાવવું પડે છે, હિસાબ રાખવો પડે છે. સામાન્ય રીતે મિલ્કતોની દેખરેખ રાખવાની છે અને ટ્રસ્ટને અંગે જે કાંઇ કાગળપત્રો લખવા પડે તે–બાકી સૌથી મોટું કામ તો ટ્રસ્ટીઓને સંતોષ આપવાનું. માણસે રેગ્યુલર કામ કરવું, પ્રમાણિક રહેવું અને વિવેકથી બોલવું ચાલવું. બીજું શું ? તમારા હાથ નીચે એક કારકુન અને સિપાઇ રહેશે. જો આપને ઠીક લાગતું હોય તો આવતી કાલથી હાજર થઇ જાઓ. અમૃતલાલ તમને આવતી કાલે ટ્રસ્ટની ઓફીસ પર લઇ જશે."

"જી ! હું ખુશીથી એ કામ કરી શકીશ."

પ્રભાકરને ટ્રસ્ટની ઓફિસે લઇ જવાનું કામ શેઠે અમૃતલાલને સોંપ્યું. 'સાહેબજી' કરી બન્ને જણા બહાર નીકળ્યા.

"તમે ખરેખર ભાગ્યશાળી છો."

"કેમ ?"

"કેમ શું ?—મેં ગઈકાલે તમારી અને સોનલબેનની વાત કરી ત્યારે શેઠ વિચારમાં પડી ગયેલા. મને લાગતું હતું કે તમને ચાલીસ રૂપિયા આપશે, અને ઓફિસમાં બારનીશીએ બેસાડી દેશે. પણ તેને બદલે તો તમને બહુ સારી નોકરી મળી. તમે જાણો છો કે'ની કે મને નોકરીમાં ત્રણ વર્ષ થયાં અને હજુ સાઠ રૂપિયા જ મળે છે."

બીજે દિવસે ઓફિસમાં આવતાં પહેલાં જ ટ્રસ્ટની ઓફિસે બન્ને જણાએ જવાનું નક્કી કર્યું. પ્રભાકરને ત્રણ વાગ્યા સુધી બીજું કાંઈ કામ નહોતું. તેથી તે અમૃતલાલની પાસે જ બેઠો.

"તમારા શેઠને મેં ક્યાંઇ જોયા છે ! પણ ક્યાં તે યાદ નથી આવતું."

"અમદાવાદના છે. કદાચ તમને કોઈ સ્થળે મળ્યા હોય !" અમૃતલાલે કહ્યું.

", શી ન્યાતના છે ?"

"વાણીઆ છે. પણ કેવા છે તે તો કાંઈ ખબર નથી."

"શેઠનું નામ ?"

"મહેશભાઇ." અમૃતલાલે ખુલાસો કર્યો.

અઢી થયા ને પ્રભાકર ત્યાંથી ઉઠયો. તેને પ્રથમ મુળચંદ માસ્તરને ત્યાં જવાનું હતું. અને બરાબર સાડા ચાર વાગે સુંદરજીશેઠને ત્યાં પહોંચવાનું હતું. નોકરીને પહેલે દિવસે તો બેદરકાર માણસો પણ સમય ખૂબ સાચવે છે. એક ટયુશન અને એક નોકરી બેમાંથી તેને સવાસો રૂપિયા મળે તો પોતાનો ઘરસંસાર ચાલે. અને અકબરખાનને પણ થોડા થોડા પૈસા અપાયા કરે. નોકરીની વાત જાણી સોનલને કેટલો સંતોષ થયો હશે ! આ વિચારથી પ્રભાકરને આનંદ પણ થયો, પણ તરત જ તેને કેસરબેન સાંભર્યાં. તેને અઢીસો રૂપિયા આપવાના હતા, એટલુંજ નહિ પણ છાતીએ વાગે એવો ડામ દેવાનો હતો.

તેના પિતાએ તેને કોલેજમાંથી ઉઠાડી મૂકતાં કેટલાએ વિદ્યાર્થીઓ વચ્ચે ઇજ્જત વિનાનો કર્યો હતો, પણ પિતાને એ શું કરી શકે ? સિને-

માના ડાયરેકટર અવિનાશ રોયે તો એને દંડા મરાવીને મુંબાઇની ફૂટપાથ પર ફેંકાવી દીધો હતો. પણ તેને તે કશું કરી શકયો નહિ. કારણ અવિનાશ તેનું ખૂન કરાવી શકે એવો જબરો હતો. પણ કેસરબેન તો સ્ત્રી—અબળા. તેના પર તે વેર લઇ શકે એમ હતું. સબળને હાથે હજારો અપમાન સહી લેનાર વખત આવે અબળાનું અપમાન કર્યા વિના નથી રહેતો. અને તેટલા પૂરતો તે સબળ-નિર્દય—બની જાય છે. પ્રભાકરે પણ એવુંજ કર્યું. તેને ખબર હતી કે ત્રણ વાગે માસ્તર ઘેર નહિ હોય. માસ્તરે તેના પર કરેલા અનેક ઉપકારો અને બતાવેલી ભલમનસાઇ તેણે વેગળી મૂકી. માસ્તર ભલા છે, તેમનું અપમાન ન થાય, તેમની પૂજા કરવાની હોય પણ કેસરબેન તો પાપનું ખોળીયું, તેનું અપમાન તો કરવુંજ પડે. કુટુંબનો એક માણસ ઉપકાર કરે તે કાંઇ કુટુંબનો ઉપકાર કહેવાય? ઉપકાર અને વેર, ઝેર હવે તો વ્યક્તિગત થયાં છે. જમાનાના વ્યક્તિવાદમાં એમ બને છે કે પતિના એ ઉપકારો છતાં પત્નિનો એક શબ્દ સાંખી ન શકાય. એક ભાઇ સાથે સ્નેહ અને બીજા સાથે વેર એ અનુભવ હવે થવા માંડયો છે.

પ્રભાકર માસ્તરને ત્યાં પહોંચ્યો ત્યારે કેસરબેન હિંચકે બેઠાં કશુંક ગૂંથતાં હતાં, બારણું ઉઘાડું જ હતું.

"લ્યો આ તમારા અઢીસો રૂપિયા. મરો ત્યારે છાતીએ બાંધજો."

અને વાઘેણ છંછેડાઇ. આ શબ્દો કેસરબેન સહન કરી લે ત્યારે વળી તે કેસરબેન શાનાં? બરાડ સાથે તે હિંચકા પરથી કૂદી પડયાં.

"ઉભો રે! મૂવા ભીખારી!" ખૂણામાં સાવરણી પડી હતી તે લઇને તેઓ પ્રભાકરની પાછળ દોડયાં. અને પ્રભાકર દાદરના છેલ્લે પગથીયે હતો ત્યાં તો સાવરણી તેના ઉપર ફેંકી. "મૂવા પૈસા લેવા હતા ત્યારે તો દીકરો થઇને આવ્યો હતો અને માંગીએ ત્યારે છાતીએ બંધાવે છે."

નીચે ઉભા ઉભા પ્રભાકરે મૂઠ્ઠી ઉગામી.

"તારાં છાજીયાં લઉં—તારાથી નહિ ડરી જાઉં—કપડવંજની છું." કહી કેસરબેન દાદર ઊતરવા માંડયાં. પણ પ્રભાકર ઉતાવળે પગે ચાલ્યો ગયો.

\+ \+ \+

પાંચ વાગે માસ્તર આવ્યા ત્યારે કેસરબેને આ બધી વાતો રડતાં રડતાં તેમને કહી.

"તમે ભલા થઇને લોકોના માબાપ થાઓ છો અને મને લોકો ગાળો દઇ જાય છે."

સ્ત્રીઓ જ્યારે અતિ ક્રોધાવિષ્ટ થાય છે ત્યારે પોતાને સંબોધીને બોલવું શરૂ કરે છે. કેસરબેને આગળ ચલાવ્યું.

"હું રાં–ભૂંડી–ભગવાન મારૂં મોત ક્યારે આપશે, જાણે મારેજ બધું છાતીએ બાંધી જવાનું હોય તેમ–મૂવા–મારે શું? બધી દુનિયાને લૂંટાવી દ્યો, અને પછી દીકરીઓના લગ્ન વખતે તમે ભીખ માંગજો." પાછલું વાક્ય માસ્તર માટે હતું.

કેસરબેન જ્યારે આમ બળાપો કરતાં હતાં ત્યારે માસ્તરના હૃદયમાં તુલના ચાલતી હતી. 'કોનો વાંક' પોતે ભોળપણમાં અગર ભલમનસાઇમાં લોકોને પૈસા આપે છે તે તેમનો કે કેસરબેને ઉઘરાણી કરતાં પ્રભાકરનો ફજેતો કર્યો તેમનો કે પછી પ્રભાકરે પૈસા આપતી વખતે નીચ શબ્દો વાપર્યા તેનો? તેને પ્રભાકર માટે ઘણું ખોટું લાગ્યું. હજૂ તો ગઈ કાલેજ તેને, પોતે પચાસ રૂપિયાનું ટયુશન અપાવ્યું હતું. વળી તે મરદ હતો. સ્ત્રીઓ તો અજાણ હોય, અજ્ઞાન હોય, અસંસ્કારી અગર અણુસમજુ હોય, પુરુષોથી વિવેક કેમ છોડાય? અને સ્ત્રીઓ પ્રત્યેનો સન્માન ભાવ રહેવોજ જોઇએ. પ્રભાકરના સ્વભાવમાં આવી નીચતા હોવાની ખબર તેને આજેજ પડી. કુદરતી રીતે તેના વિચારો સોનલ તરફ ઢળ્યા. આવા નીચ માણસ સાથે પરણી સોનલ સરખી સુશીલ, પુત્રી દુઃખી થઇ જશે. તેમનાથી ઊંડો ઊન્હો નિઃશ્વાસ નંખાઇ ગયો. માસ્તરના ઘરની સ્વસ્થતા બે દિવસ બગડેલી રહી. બગડેલી સ્વસ્થતામાં વધારો ન થાય તે ખાતર મુલચંદ માસ્તરે પણ બે દિવસ મૌનવ્રત લીધું. જાણે કેસરબેન જે કહે તે બધુંજ સાંભળી લેવા તેમણે જન્મ લીધો હોય!!

* * *

પ્રભાકર જ્યારે સુંદરજી શેઠને ત્યાં પહોંચ્યો ત્યારે ચારમાં હજુ પાંચેક મિનિટ ઓછી હતી. તેની રાહ જોતી મોરલી છજામાંજ ઊભી હતી.

અને પ્રભાકરને જોઇને તે દિવાનખાનામાં જઇને આરસના ટેબલ પાસેની એક ખુરશી ઉપર જઇને બેઠી. રામાને ચાહ બનાવવાનો હુકમ થયો. છજાના કઠેરા આગળ પણ આરસનું ટેબલ જોઈ શકાય તેવી રીતે જમ્નાં-કાકી હાથમાં તપખીરની ડાબલી લઇ બેઠાં હતાં.

આજે મોરલી ખૂશ હતી, અને પ્રભાકરે પણ તેને આજેજ ધારીને જોઇ. મોરલી સૂકી, ઊંચી, ગોરી, રૂવાબદાર હતી. નાકે કિંમતી હીરાની ચૂની ઝગારા મારતી હતી. અને હાથમાં કોણી ઉપરનો રત્ન જડીત ઘુંઘરીવાળો વાંક તથા જમણા હાથની ત્રણ આંગળીઓ ઉપરની હીરા પાનાની વીંટીઓ શેઠની શ્રીમંતાઇ અને મોરલીના મોજીલા સ્વભાવનો ખ્યાલ આપતાં હતાં. 'લાડકી નવી' હોવાનો ગર્વ તેના ચહેરા પર સ્પષ્ટ હતો. ઊંડી ઊંડી અતૃપ્તિની સાક્ષી પૂરતી, કુદરતી કારમી આંખો સામાન્ય પુરૂષના હૈયાને હણવાની અગર વશ કરવાની શક્તિ ધરાવતી હતી. પ્રભાકર આવ્યો, અને મોરલી હસતી હસતી ઉભી થઇ.

"આવો માસ્તર" તેણે પ્રભાકરને પોતાની સામે આરસના ટેબલ પર ખુરશીમાં બેસાડયો.

"શેઠ સાહેબ નથી?" પ્રભાકરે આસપાસ જોઇને પૂછ્યું.

"આ ટાઇમે હોયજ નહિ. જમી ખાઇને ૧ વાગે જાય તે પાછા સાંજે સાત આઠ વાગે આવે."

"ત્યારે સાંજ પહોરે ફરવા જવાનું તો બહાર તમને મળતું જ નહિ હોય મોરલીનો હસતો ચહેરો દુઃખ ભાવમાં પલટાયો. પ્રભાકર સમજ્યો કે તેણે એ વાત કાઢવી જોઈતી ન હતી તેણે વાત ફેરવી.

"ઠીક ત્યારે અત્યાર સુધી તમારો અભ્યાસ કયાં સુધી આવ્યો છે? કયી કયી ચોપડીઓ વાંચો છો તે મને કહો એટલે આપણે આગળ આવીએ" પ્રભાકરે કહ્યું.

"જે થાય તે ચાહ પીધા પછી. મોરલીએ હસીને કહ્યું.

અને એટલામાં તો રામો દૂધ પાણીની ટ્રે લઇને આવતો દેખાયો.

"ચાહ હું બનાવી આપું છું." મોરલીએ વિનય કર્યો.

"અભ્યાસ પૂરો થાય ત્યાર પહેલાં આપણે એક બીજાનો પરિચય કરી લઇએ." પ્રભાકરે ચ્હા પીધા પછી કહ્યું, અને પરિચયને પરિણામે પ્રભાકરને નીચેની વાતોની ખબર પડી.

સુંદરજી શેઠ મૂળ વેરાવળના. તેમનાં માબાપ ગરીબ અઢાર વર્ષની વયે મુંબાઇ આવેલાં અને મુંબાઇ આવ્યા પછી પણ તેમણે ઘણા માઠા ગરીબીના દિવસો જોયા હતા. મોટા મોટા વેપારીને ત્યાં પગ ઘસતાં શેઠને એક મારવાડી કંપનીએ પોતાના દલાલ નીમ્યા ત્યારથી શેઠની સાંપત્તિક સ્થિતિ સુધરી. આજે તો શેઠના બે માળા હતા. અંધેરીમાં દશ વીઘાની વાડીવાળો બંગલો હતો. અને વતનમાં પણ તેમણે સુંદર બંગલા ઘાટનું મકાન બંધાવ્યું હતું. આજે વૃદ્ધાવસ્થામાં પણ શેઠની માસીક પેદાશ કાંઇ નહિ તો ત્રણ હજાર રૂપિયાની હતી.

નાની વયમાં ધકકા અને ધપ્પા ખાઇને શેઠ ધંધામાં સારા ઘડાયા હતા. ધંધાની તેમની આંટ વખણાતી. રૂ બજારમાં નાના મોટા તેમની સલાહ લેતા, પણ માથાનો વેપાર તેઓ કદી કરતા નહિ. "વેપારી ખોટો–દલાલ સાચો" એ તેમનું સૂત્ર હતું. હમણાં તેમની બે ચાર મોટી પહેડીઓની દલાલી હતી. કોલાબા પર તેમની ઓફીસમાં ત્રણ કારકુનો નિયમિત કેટલાયે વર્ષોથી કામ કરતા હતા. તેઓ ભાગીદારીમાં માનતા નહિ. ભાગીદારી માટે ભેગા થવું, અને કજીયા કરી છૂટા થવું આપણે એ ન પાલવે.

પૈસે ટકે સુખી છતાં સુંદરજી શેઠને ઘરસંસારમાં સુખ નહોતું. ખાવાનું, પીવાનું, ઐશ આરામ, ગાડી મોટર અને મનમાન્યું નાણું છતાં શેઠને હૈયે સંસારિક દુઃખ ઉભરાતું. ઘણીવાર તેમને એકલવાયું લાગતું. તેમને એમ થતું: તેમના પછી આ વૈભવ વાપરશે કોણ !!

સુંદરજી શેઠને એકંદર ચાર પત્નીઓ થઇ. પહેલી બિચારી ઘણી રાંક. સુંદરજીની ગરીબાઇ ઝીલતી ઝીલતી તે ગૂજરી ગઇ. તેનો ભોળો અને સાલસ સ્વભાવ શેઠ ઘણી વાર યાદ કરતા. કેટલીકવાર તેમનું હૈયું પણ ભરાઇ આવતું. બધી કહો પણ 'વેલાં' જેવી એકે નહીં. તેને એક સીમંતની દીકરી થયેલી. પણ જન્મ પછી એક માસમાં જ ગૂજરી ગઇ. અને ૭

માસમાં તો શેઠ બીજી પરણ્યા. બાઇ ગામડાની પણ સારી હતી. તેના પેટના શેઠને બે દીકરા થયા. પણ તે તો બાલ્યાવસ્થામાં જ પાછા થયા. હવે તો શેઠ પાસે પૈસા પણ થયા હતા. હાલ રહેતા તે માળો પણ શેઠે લીધેલો. અને શેઠને ભાવનગરની ભણેલી કન્યા મળી. રૂપાળી ડેર જેવી–ધર્મિષ્ઠ, પણ માંદલી. એકવડું શરીર અને તેને વળી મુંબાઇનું પાણી લાગ્યું. શરીર ખણાતું ગયું. શેઠને લગ્નનો લ્હાવો લેવો હતો–લગ્નના કરતાં ચાકરીનો વધારે લ્હાવો મળ્યો. "હું તમારી પાસે માગતી છું" ચંદન ઘણીવાર કહેતી.

છેલ્લાં છેલ્લાં તો તે પથારીવશ રહી. શેઠે તેને હવાફેર કરવા ઘણે સ્થળે મોકલી. વૈદ્ય દાકટરમાં પૈસા સારા ખરચ્યા. જશાં કાકીએ કેડ બાંધીને ચાકરી પણ કરી. પણ ફોગટ. મોત નજીકને નજીક આવતું હતું. શેઠે તેના કહેવા પરથી તેની પથારી પાસે ભાગવત બેસાડયું રોજ એક શાસ્ત્રી સાંજ પહોરનો આવીને બે કલાક ભાગવત વાંચતો. કોઈ કોઈવાર તો શેઠને પણ ભાગવત સાંભળવાની ફુરસદ મળતી.

એક દિવસ કથા પુરી થઇ અને ચંદને શેઠને બોલાવ્યા.

"મારૂં તમારી સાથેનું લગ્ન છૂટી પડયું" તેની આંખોમાં આંસુ હતાં.

"કેમ?"

"તમારા મનની આરત મારાથી ન પૂરાઇ."

"ઓ! હો! ઇશ્વરેચ્છા!! તેમાં તું શું કરે, પણ તેમાં રડછ શાની?"

"તમે નથી સમજતા મારી તબીયત સારી નથી, પ્રભુ તમને સો વર્ષના કરે. પણ હવે હું વેઢે ગણાય એટલા દિવસની પણ મેમાન નથી."

"એવું બોલવું નહિ વૈદ્ય કહે છે કે પહેલાં કરતાં તબીયત સારી છે." શેઠની આંખમાં ઝળઝળીઆં ઉભરાયાં.

"તમે રડો તો તમને મારા સમ છે. જાઓ. હું હવે કાંઈ નહિ બોલું." શેઠે આંખો લૂછી.

"ના તારા દીલમાં હોય તે કહી નાંખ."

"કહેવાનું બીજું નથી. મારા પાછળ ધર્મ દાન જે કરવાનું હોય તે તો તમે કરવાના જ છો પણ......"

"પણ શું ?"

"પણ એક શિખામણ આપું છું. મારા ગયા પછી પાછા લગ્નની ધાંધલમાં ન પડશો."

"કેમ, વારૂ ?"

"બીજુ કંઈ નહિ હજુ તમારી તબીયત સારી છે. ઘરમાં એક બાળક રમતું જોવાની તમારી ઇચ્છા પણ થાય."

"ત્યારે પછી ?"

"એટલે જ કે લગ્ન કરવાની તમારી વય નથી રહી."

"કેમ હું ઘરડો થઈ ગયો છું ?" સુંદરજીએ સ્હેજ હસીને કહ્યું.

"થયા નથી પણ થવા આવ્યા છો" ચંદનને માતૃત્વની અતિ અભિલાષા હતી. એક પણ બાળક તે મૂકી જતી નથી. એ વાત ચંદનને અંત વેળા પણ દુઃખી કરતી હતી, પણ તેને શેઠની અવસ્થાનો પણ ખ્યાલ હતો. બાળકનું દુઃખ હતું, પણ શેઠની અને ઘરની આબરૂની વધારે કાળજીહતી.

ચાર દિવસ પછી ચંદને દેહ છોડયો. ચંદનની વાત નીકળી ત્યારે "બહુ સારી વહુ, કેવી ભલી." એ ભોળી અને વિવેકી જસાંકાકીએ ચંદનનાં વખાણ કરતાં સજળ નેત્રે ઉમેર્યું.

"તમારે તો મોરલીબેન પણ એવાં જ સરળ અને વિવેકી છે." પ્રભાકરે મોરલીના વખાણના એ શબ્દો કહ્યા.

"કોણ, મોરલી વહુ !! અરે એ તો જાજરમાન છે. ન્હોય ચંદન જેવી ગરીબ અને ભોળી." જસાંકાકીએ તપકીરનો સડાકો મારતાં મોરલીનું સ્વભાવ વર્ણન કર્યું.

મોરલી હસી પડી. ચાહની ટ્રે લેવા આવેલો રામો પણ જરાક હસ્યો.

"ત્યારે તમે શેઠ સાહેબનાં ચોથી વારનાં પત્ની ?" જવાબમાં મોરલી પ્રભાકર સામે નેન માંડીને માત્ર હસી. જસાંકાકીએ મોરલીના લગ્નની વાત કહેવા માંડી.

"હા, માસ્તર. શેઠની ઉંમર સાઠ વર્ષની તેથી પચાસ હજાર રૂપિયા ખર્ચીને મોરલી વહુને આણ્યાં છે."

"ને તમારામાં, લગ્નમાં આવડો મોટો ખર્ચ થાય ?" પ્રભાકરે પ્રશ્ન કર્યો.

"અરે ! વીસ હજાર રૂપિયા તો રોકડા એના બાપને આપ્યા !!" મોરલીને લાગ્યું કે આ વાત કહેવી નહોતી જોઇતી. તેના બાપે પૈસા ખાધા એમ કહેવું એટલે બાપનું અપમાન કરવા સરીખું હતું.

"તે—ગરજે આપ્યા.—કાંઇ દયાદાન કર્યાં નથી." મોરલીએ હાથનો લ્હેકો કરી જરા મિજાજ ખોઇને કહ્યું.

"ગરજ તો ખરી જ તો !! મોટી આશાએ. શું સમજ્યા ? માસ્તર, મોટી આશાએ—મોરલી વહુને ઉજળી પ્રજા થાય તો પચીસ હજાર વસુલ જ છે ને ?" મોરલીએ લજ્જામાં નયનો ઢાળી દીધાં. તે સંકોચ પામી ગઇ. પ્રભાકરને લાગ્યું કે વાત બદલવી જોઇએ.

તેણે મોરલી પાસે ચોપડીઓ જોવા માગી. ચોપડીઓનો મોટો ઢગલો હતો. ગુજરાતી ત્રીજી ચોપડી ગુજરાતના સાહિત્ય રત્નો, નિવૃત્તિ વિનોદ—સરલ અંકગણિત, માર્ગોપદેશિકા દશ પંદર ચોપડીઓ આવીને આવી જ હતી.

"આમાંથી કયી ચોપડી તમને ખાસ વાંચવી ગમે છે ?" પ્રભાકરે મોરલીને પૂછ્યું.

"મને તો આમાંની એકકેય નથી ગમતી. ગુજરાતી ભાષામાં મને વાંચવી ગમે એવી ચોપડી જ નથી ?" મોરલીએ ફરિયાદ કરતાં કહ્યું.

"ઘણી છે. પસંદ કરવી જોઇએ." પ્રભાકરે કહ્યું.

"તમારે માટે હું પુસ્તકો પસંદ કરી લઇ આવીશ. તમને વળી ગણિત શું શિખવવું—તમારે સંસ્કૃતમાં પણ પ્રવેશ કરવાની જરૂર નથી. તમારે તો સારૂં ગુજરાતી અને થોડા અંગ્રેજી સાહિત્યની જરૂર."

"એ તો તમે સમજો."

"આપણે કાવ્ય શરૂ કરીશું?" પ્રભાકરે કહ્યું. "અને હું તમને કેટલાંક ગુજરાતી પદો મોઢે કરાવીશ, અને ત્યારબાદ થોડા સાદા સંસ્કૃત શ્લોકો. એ પતશે ત્યાં સુધીમાં તમને થોડું અંગ્રેજી વાત કરવા પૂરતું પણ શિખવાડી દઇશ.

"અંગ્રેજી શીખવાડોની" મોરલીએ કહ્યું અને તેણે ખૂબ ધીરેથી ઉમેર્યું કે, "પેલી ડોસી આપણી વાતો સમજી નહિ જાય?"

મોરલીમાં જ જરાયે ઠાવકાઇ નહોતી એ પ્રભાકર પહેલે દિવસેજ જાણી ગયો.

"ત્યારે આપણે આવતી કાલથી રીતસર શિક્ષણ શરૂ કરીએ."

"કરો." મોરલીએ ઉત્તર દીધો.

"ચોપડીઓમાં લગભગ પાંચેક રૂપિયા ખર્ચ થશે. હું પુસ્તક લઇ આવીશ, પછી તમે બીલ આપી દેજો."

"વળી એવું શું કરવા?" મોરલી ઉતાવળે પગે અંદરના ઓરડામાંથી લટકતું હાથ પાકીટ લઈ આવી, અને તેમાંથી કાઢી પ્રભાકરના હાથમાં દશ રૂપિયાની નોટ મૂકી દીધી.

"શેઠ મને દર માસે સો રૂપિયા હાથ ખર્ચના આપે છે." તેણે ગર્વથી કહ્યું. ઉંચી મોરલી ગર્વિતા બની, અંગૂઠા પર વધારે ઊંચી થઇ.

"ઠીક, ત્યારે. હું કાલે ચાર વાગે આવીશ." રજા લેતાં પ્રભાકરે કહ્યું. જતા પ્રભાકરને મોરલી જોઇ રહી.

"અલી!! માસ્તરનો સ્વભાવ તો મળતાવડો લાગે છે."

જસાંકાકીને પ્રભાકરની વાત કરવાની ઢબમાં મીઠાશ જણાઇ. તેણે પ્રભાકરના સ્વભાવની પ્રશંસા કરતાં કહ્યું.

"માસ્તર લાગે છે તો બહુ સારા." જસાંકાકીએ પ્રભાકરનાં વખાણ કર્યાં: મોરલીને એ વાત બહુ ગમી.

"ત્યારે હવે ચીત રાખીને ભણજે. પાછી ફરીયાદ ન કરતી." મોરલી તો નીચે રસ્તા પર જતા પ્રભાકરને જોયા જ કરતી હતી. તેનું હૃદય આજે ઊંડે ઊંડે આનંદ અનુભવતું હતું. નીચે ઉતર્યા પછી પ્રભાકરે ઊંચું જોયું અને તેની અને મોરલીની આંખ એક થઇ. રામો એ જોઇ ગયો.

★

પ્રકરણ ૧૭ મું

હૃદય વેદનાનો આરંભ

દુ:ખની રાત જવી મુશ્કેલ હોય છે. સુખનાં વર્ષો તો જોત જોતામાં પૂરાં થાય છે. સોનલના સૂખના બે મહિના ઝપાટામાં પસાર થઇ ગયા. આ બે મહિના દરમિયાન માત્ર એકજ માઠા સમાચાર મુળચંદ માસ્તર આપી ગયા. પતિનો ચીડીઓ, ક્રોધી, દુરાગ્રહી સ્વભાવ અને પુત્ર વિયોગ આ બે કારણે પ્રભાકરની માતા ગુજરી ગઈ હતી. અને માસ્તરે પોતાનું વીલ કરી, નાગરદાસને સોંપી સન્યસ્ત લીધું હતું. સન્યસ્ત વૃત લેતાં પહેલાં માસ્તરે એક છેલ્લો પત્ર મુળચંદ માસ્તરને લખ્યો હતો.

ચૈત્રિ પ્રતિપદાને દિવસે હું સન્યસ્ત લઇ કાશીનિવાસી થવાનો છું. મેં મારૂં વીલ કરી તમામ મિલકત દીકરી સોનલને આપી દીધી છે. પણ આ વાત અત્યારે બહાર પાડવાની નથી. કહેવું હોય તો એટલું કહી શકો છો કે મેં વીલ કરી નાગરદાસને આપ્યું છે. મારા દેહોત્સર્ગ પછી નાગરદાસ તેનો સારાંશ પ્રભાકરને લખી જણાવશે.

તિખા કડક સ્વભાવના અનંતરાય માસ્તરે પોતાનો અગ્નિ સંસ્કાર પણ પ્રભાકરને હાથે ન થાય તે ખાતર સંન્યસ્ત વૃત લીધું હતું.

માના અવસાનના સમાચાર પ્રભાકરે સહજ સાંભળી લીધા. પડોશી ગૂજરી જાય અને જેટલો ઉદ્વેગ થાય તેટલો પણ ઉદ્વેગ પ્રભાકરને માતાના મરણના સમાચારથી ન થયો. "ચાલો મા છૂટી," એટલું કહી તેણે મન વાળ્યું.

"મા સરખી મા ગૂજરી ગઇ, તેની તમને જરા પણ અરે નથી થતી?" સોનલે હળવો ઠપકો આપતાં કહ્યું. પૂર્ણજ્ઞાની સરખો ઉત્તર પ્રભાકરે દીધો.

" જન્મ મરણ ચાલ્યા જ કરે છે. રોજ માસ્તર ઝાંસા લપકા કરતા હતા, એ તો મરીને છૂટી."

"પણ મા મરે તો અંતઃકરણમાં ચીરાડો ન પડે ?"

"પડે. નિર્બળ માણસને. તને દુઃખ થતું હોય તો તુંએ બેસ પેલા ખૂણામાં અને રડ આખો દિવસ."

અરેરાટી ભોગવવી, રોવું, એ કેવળ નિર્બળતાનું જ ચિન્હ છે શું ? પ્રેમનાં આંસુ શું નથી પડતાં ? સોનલે સામો પ્રશ્ન કર્યો.

"હા. પણ હું ક્યાં ના કહું છું—પ્રેમનાં કે ધર્મનાં કે નિર્બળતાનાં તારે જેનાં આંસુ પાડવાં હોય તેનાં પાડને, મારે નથી રોવું. મને નથી આંસુ આવતાં, તેનું કેમ ?"

પ્રભાકરના સ્વભાવની આ દિશાના પ્રથમાનુભવે સોનલને કંપાવી મૂકી. પુરુષો આટલા કઠણ—પથ્થર જેવા સખ્ત હોય ખરા, જનેતા મરી જાય ત્યારે પણ જાણે કોઈ રસ્તે જનાર મરી ગયું હોય તેમ ઓગળે નહિ એવા પથ્થર હૃદયના પુરુષ સ્વભાવ, આવા કઠણ–કે પછી પ્રભાકરજ આવો નિષ્ઠુર હતો !! ના, ના, સમસ્ત પુરુષ વર્ગને તો કેમ દોષ દેવાય ? ત્યારે એ જ એવા છે કે શું ? પણ પતિના અવગુણ માની લેવા આર્ય પત્નીઓ ભાગ્યે જ તૈયાર હોય છે. પ્રભાકરની માતામાં પ્રભાકરના હૃદયમાં પ્રેમ ઉપજાવવા, ભરવા સરખું કાંઇ નહિ હોય, નહિ તો–? નહિ તો પ્રભાકર આવો ઉદાસી, બેદરકાર હોઈ ન શકે. પોતે જેને ચાહતી હતી તે પ્રભાકર આવો ન હોય. તેણે નિશ્ચય કર્યો કે પ્રભાકરની માતા સંબંધે મુલચંદ માસ્તરને પૂછવું.

બીજે દિવસે પ્રભાકરનો શોક મૂકાવવા મુળચંદ માસ્તર આવ્યા, ત્યારે તે તો ઘેર નહોતો, પણ સોનલે માસ્તરને પૂછ્યું.

"માસ્તર, સાહેબ મેં તો સાસુજીને જોયાં નહોતાં, પણ એમનો સ્વભાવ કેવો ?"

"કોનું, વિજયાબેનનું પૂછો છો ? ઓહો એ તો સવારના પ્હોરનું નામ, તમને શું ખબર હોય બેન !! પણ પ્રભાકરભાઇ બાળપણમાં ખૂબ માંદા રહેતા, દશ વર્ષના થયા ત્યાં સુધી અને વિજ્યાબેને શું એની ચાકરી કરી છે !! માસ્તર કરકસરીઆ, ગૃહકામ કાજ તો સ્ત્રીઓએ જ

કરવું જોઈએ." એટલો વ્યાયામ તો તેમને જોઇએ જ. આવાં આવાં એમનાં સૂત્રો–માસ્તરનો ક્રોધી, આગ્રહી, સ્વભાવ, સ્વચ્છતાની ચટ એટલે માસ્તરનો સ્વભાવ સાચવી, રસોઈ કરી પ્રભાકરની માવજત સુશ્રુષા કરવી, એ મહા કારણ હતું. અને છતાં મૂંગે મ્હોંએ વિજ્યાબ્હેન બધું કરતાં. એ બહુ જ સરળ સ્વભાવનાં, માયાળુ અને પવિત્ર. વિજ્યાબેનને પેટે તો જાણે અવતાર લઈએ ! ! પ્રભાકરને જ બહુ રોવું આવ્યું હશે ને ?"

સોનલને આનો જવાબ દેવો ભારે પડયો. તે આખરે જુઠું બોલી.

"હા, એમને બહુ દુ:ખ થયું."

"વિજ્યાબેન માટે તો પડોશીનું હૃદય પણ દુ:ખી દુ:ખી થઇ જાય. તો આ તો પેટનું ફરજંદ, એટલા ખાતર જ હું આજે શાન્તવન આપવા આવ્યો. તમે એને હિંમત આપજો અને મારા નામથી કહેજો કે ઝાઝો શોક ન કરે."

વિજયાબેનની સ્મૃતિએ માસ્તરનું હૃદય હલાવી મૂકયું. મુળચંદ માસ્તર રોવા જેવા થઇ ગયા. ઓરડીમાંથી નીકળ્યા ત્યારે તે આંસુ લૂંછતા નીકળ્યા. આવી સરળ પવિત્ર માના મરણ માટે પ્રભાકરને લાગણી સરખી થઇ નહિ ! ! પ્રભાકરનું હૃદય આવું પથ્થર જેવું હશે ? તેના અંતરમાંથી પ્રશ્ન ઉઠયો, પણ તેનો ઉત્તર મળી રહે ત્યાર પહેલાં તો તે કામે વળગી.

પતિના અવગુણો ભૂલવા પ્રયત્નશીલ રહેવું એ આર્ય પત્નીઓના સ્વભાવમાંજ હોય છે.

છેલ્લાં બે માસમાં સોનલને પ્રભાકરના સ્વભાવ અને ગુણ અવગુણનો સારો પરિચય થયો હતો. અમદાવાદ આણેલી રકમ પોતાની કમાણીની બચતની હતી એમ પ્રભાકરે કહેલું. અને ખરી રીતે તો એ રકમ તેણે મુળચંદ માસ્તર પાસેથી ઉછીતી લીધેલી. પ્રભાકર જુઠું બોલી શકયો. સોનલે પ્રભાકરને જૂઠાબોલો કલ્પેલોજ નહિ. અને તેથી જ્યારે કેસરબેન ઉઘરાણીએ આવ્યાં અને સાચી વાતની ખબર પડી ત્યારે સોનલને દુ:ખ પણ ઘણું થયું. પરંતુ કેસરબેન સાથેનો કજીઓ એટલો વધી પડયો અને ત્યારપછી પ્રભાકર એટલો ખિન્ન રહેતો કે, સોનલે આ બાબત કાંઇપણ ટકોર

કરી નહોતી. કેસરબેન સાથેનું પ્રભાકરનું વર્તન પણ સોનલને અસભ્ય લાગેલું. સાહુકાર ઉઘરાણી તો કરેજ તો! અને ગમે એટલું પણ કેસરબેન બાઈ માણસ–તેમણે ઉઘરાણી કરી ચાલની–એનો સાંભળે, જાણે એવી રીતે કરી. પ્રભાકરની થોડી બેઈજ્જત થાય એવી રીતે કરી, પણ તેથી પ્રભાકરે આકળા ઉતાવળા થઈ જોડા કહાડ્યો, એ તેને પાકી અસભ્યતા લાગી હતી.

પ્રભાકરની અસભ્યતા તેને અક્ષમ્ય લાગી હતી. અને જ્યારે તેણે તે બદલ હળવો ઠપકો દીધો ત્યારે પ્રભાકરે ભૂલ સ્વિકારવાને બદલે ઉલટો સોનલ સામે રોષ કર્યો હતો. તેણે કેસરબેનના અઢીસો રૂપિયા છાતીમાં માર્યા. એમાં પણ તેને પ્રભાકરની અધમતા લાગી હતી. "ચોરી ચોરી ને પાછી શીર જોરી" આવું પ્રભાકરને કરવા શો અધિકાર! જેના લીધા તેના તો દૂધે ધોઈને આપવાના હોય, છતાં જેને એક વખત પોતાનું કામ કાઢ્યું તેને પૈસા પાછા આપતાં આટલો રોષ કરવો, એમાં સોનલને વ્યવહારસભ્યતાની અત્યંત ખામી લાગી હતી.

પણ જ્યારે જ્યારે તે પ્રભાકરને હળવો પણ ઠપકો દેવા જતી ત્યારે પ્રભાકરની આંખો લાલાશ પકડતી. શું પુરુષો સ્ત્રીઓને બોલવા જ ન દે?? બોલતાં તુરત દબાવી દે!! સાચી વાત સાંભળવાને બદલે વાતને રોષ નીચે દાબી દે! બે પ્રેમીઓ વચ્ચે પણ આવું વર્તન, આવો રોષ, આવું સખ્ત સત્તાધીશપણું ચલાવી લેવાય? અને ચલાવી લેવું પડે તો પછી સંસારને પ્રેમીઓનો સંસાર કેમ કહી શકાય? આવા આવા વિચાર પણ અવારનવાર સોનલને આવ્યા કરતા, પણ તે પોતાના મનને વાળી લેતી.

એમાં એ બિચારા શું કરે!! પૈસાની બાબતમાં એ જુઠું બોલ્યા. પત્ની પાસે તેમણે દેવું કર્યાની વાત છૂપાવી. કદાચ ખરી વાત કહેતાં એમને શરમ લાગી હશે. પણ શરમાળ સ્વભાવને દોષપાત્ર કેમ ગણાય! પત્નીના પૂરા પરિચય પહેલાં પુરુષો બે વાતો આઘી પાછી કહે તેમાં પુરુષનો દોષ શા માટે માની લેવો? પુરુષો પોતાના દેવાની વાત પત્નીને ન કહે તે એટલા સારૂ પણ હોય કે, સ્ત્રીને દુઃખની ભાગીદાર ન બનાવવી, અને દુઃખ પોતે એકલાએ સહન કરી લેવું, અને આ વૃત્તિને તો ગુણ કહેવાય, એને અવગુણ કેમ કહેવાય??

કેસરબેનની બાબતમાં તે એવો પણ વિચાર કરતી કે, ગરીબાઈ જ એવી વસ્તુ છે કે, માણુસનો સ્વભાવ બગાડી બેસે. અકળાએલો માણુસ આકસ્મિક ભૂલ કરી બેસે, અગર ક્રોધ કરે તેમાં સ્વભાવ કરતાં, સમયનો, સ્થિતિનો દોષ નથી શું? કેસરબેનનું વર્તન ગમે તેને ઉશ્કેરી મૂકે એવું હતું! બન્નેની ભૂલ!! શરૂઆત તો કેસરબેને કરી!! વળી તે કેસરબેનને માફ કરી શકે તો પ્રભાકરને કેમ નહિ!!

પ્રભાકર કોઇ કોઇવાર ક્રોધ કરી જતો તે પણ ગરીબાઇને કારણેજ. બળતું હૈયું કાંઈ ચોવીસે કલાક હાથમાં રહે છે. કોઇવાર તણખા ફેંકે અને સહન કરી લેવા જોઇએ. એક બીજાના નરમ ગરમ સ્વભાવ સહન કર્યા વિના કાંઈ સંસાર ચાલે છે?

સોનલનો મીઠો પત્નીભાવ, સ્વભાવ, પ્રભાકરના દરેક અવગુણુને હર-હંમેશ આવો વળાંક આપતો.

પણુ આજે તો કામે વળગતાં છતાં પણ તેનું હૃદય પ્રભાકરના સ્વભા-વના પુર્વાનુભવ સાથે માતાના અવસાન વખતની તેની બેદરકારી, તેની હૃદય નિષ્ઠુરતા ત્રાજવામાં તોળી રહ્યું હતું. જેને તે ગુણ માનવા અત્યાર સુધી પ્રયત્ન કરતી હતી તે બધા આજે પાછા અવગુણ તરીકે સોનલની સામે આવી ઉભા!! પ્રભાકરમાં કેટલા બધા અવગુણો હતા?

એક ભયંકર વિચાર તેના હૃદયમાં ધીરે ધીરે પ્રવેશ કરતો હતો. જેની સાથે પોતે પ્રેમ કર્યો, જેને પોતે, પ્રેમની, સત્યની, પવિત્રતાની, સરળ-તાની, સજ્જનતાની, મૃદુતાની મૂર્તિ માની પ્રેમ કર્યો, તે પ્રભાકર આવો, અવગુણુનો ભરેલો હતો!! આ વિચાર તેને અંદરથી હલાવી રહ્યો હતો અને પ્રભાકર ઓરડીમાં પેઠો. માથું હલાવી તે આ વિચારને દૂર કરવા મથતી હતી.

"સુંદરજી શેઠે આજે મને પગારમાં પચાસ રૂપિયા વધારી આપ્યા."

સોનલ આનંદમાં આવી ગઇ. અત્યાર સુધી તેના મગજમાં ઘૂમતા વિચારો દિશાફેર થઈ ગયા.

"એટલે?" તે હાથમાંનું કામ પડતું મૂકી બોલી.

"એમણે મને પોતાના પ્રાઇવેટ સેક્રેટરીનું કામ સોંપી, પગારમાં પચાસ રૂપિયા વધારી આપ્યા."

"પણ તમારે એ નોકરી કરવી કેમ ફાવશે?"

"મેં નક્કી કર્યું છે કે મારે માત્ર સવારના આઠથી દસ જવું અને કદાચ કાંઇ અધુરૂં રહે તો સાંજે કલાક બેસી પુરૂં કરવું."

"અને સુંદરજી શેઠે તે કબૂલ રાખ્યું?"

"હા" પ્રભાકરે કહ્યું.

"ચાલો, ત્યારે આજે કંસાર રાંધીએ." સરળ સ્નેહાળ સોનલ બોલી.

× × ×

આ બે માસમાં સુંદરજી શેઠની મમતા પ્રભાકર તરફ વધી હતી. મમતા વધવાનું ખાસ કાંઈ કારણ નહોતું પણ જ્યારે સુંદરજી શેઠે તેને પચાસ રૂપિયા વધારે આપી સેક્રેટરીનું કામ સોંપ્યું ત્યારે પ્રભાકરને થયું કે, માનો ન માનો પણ મોરલીએ તેની બુદ્ધિ અને ચાતુર્યનાં વખાણ શેઠ સમક્ષ કર્યાં હોવાં જોઇએ.

મોરલીને માસ્તર તરીકે પ્રભાકર ગમી ગયો હતો. શિષ્યની અભિરુચી જોઇ, શીખવાડનાર માસ્તરો શિષ્યને પ્રિય જ હોય છે. પ્રભાકરે એજ ધોરણે મોરલીનું શિક્ષણ શરૂ કર્યું હતું. મોરલી ભણતી ઓછું, અને વાતો વધારે કરતી. ઘણીવાર જસાંકાકી વચમાં બોલી પણ ઉઠતાં, "તું તો ભણવા બેઠી છે કે વાતો કરવા? એક કલાક માસ્તર આવે છે, તેટલો વખત તો સીધી સીધી ભણ."

મોરલી આનો જવાબ ઘણી વખત આંગળીના કડાકા ફોડીને આપતી અને કોઈ કોઈ વાર મોં મચકોડતી.

પ્રભાકરે રૂકિમણી હરણ શરૂ કર્યું હતું અને જયદેવ કવિની "જય જય દેવ હરે" ની પંક્તિઓ મોઢે કરાવવા માંડી હતી. રોજ પેપરોમાં આવતી નવી વાતો, સારી વાર્તાઓ, અને હિંદુસ્તાનનાં સ્ત્રીરત્નો, આમાંથી તે મોરલીની રૂચી પ્રમાણે થોડું વાંચતો. વચમાં કોઈવાર મોરલી ખડખડ હસી પડતી, ખુરસી પર ઉછળતી, અને કોઈ કોઇવાર કોઇ વાક્યનો, કોઇ

કવિતાનો અર્થ સમજવા ખાતર પોતાની ખુરશી ખસેડી પ્રભાકરની અડો-અડ સ્પર્શ સુખનો લ્હાવો લેતી બેસી પણ જતી. ચોકીદાર સરખાં જસાંકાકીને આવું કેટલુંક પસંદ પડતું નહિ અને કોઇ કોઇવાર સુંદરજી શેઠના કાનમાં ફરિઆદ પણ થતી.

"સુંદરજી આ વહુને કાંઇ કહે! બહુ ઉછાંછળી છે."

"કાકી, એમ છે કે આજની પ્રજાજ ઉછાંછળી પાકી છે."

"પણ ભાઇ! બહુ ઉછાંછળાપણું ખોટું, જુવાનીનું પાસું અને પાછું ઉછાંછળાપણું, કોઇ કોઇ વારતો નોકર પણ હસે છે."

"જુઓને કાકી!! નોકરને તો હસવા જેવું દેખાય તો હસે!! અને મોરલી તો ચોથીવારની છે. ઠપકો દઉં છું ત્યારે ખાતી નથી, રીસાય છે અને તમે ને તમેજ પાછાં વારસાઇ કરો છો અને મનાવવા બેસો છો. હવે હું શું કરૂં, કહો?"

"પણ ભાઈ, આ તો હદ થાય છે. માસ્તર જુવાન, એ જુવાન, અને કોઇવાર તો એવી મોંફાટ હસે છે—અને કૂદે છે. સારા ઘરમાં એવું ધીંગાણું ન શોભે. મને તો ઠીક નથી લાગતું."

"તમે સામે બેસો છો કે'ની—."

"પણ મારી તે મોઇ કાંઇ આંખો છે!"

"આંખ કાન નહિ હોય તો પણ ચામડાના ખોળીઆનો ભય રહે, શું સમજ્યાં? તમારે એ ભણાવા બેસે ત્યારે સામા બેસી રહેવું. ધાકે ધાકે સીધી રહેશે."

"હાં! હવે સમજ્યો!! પણ ત્હારે જરા કહેતા રહેવું. નહિ તો કોઇ દિવસ"—અને જસાંકાકીએ નાક ઉપર આંગળીનો આડો ઘસારો કર્યો.

"એની ફીકર નહિ રાખશો. એ તો હું મારી નાંખું."

શેઠ બોલ્યા ખરા પણ આ જોરદાર શબ્દો પાછળની ભૂમિકા પોચી હતી. શેઠ મોરલીને તેની ઉછ્રૂંખલતા બદલ કાંઇ કહેતા નહિ. ખૂબ અક-ળાતા ત્યારે કહેતા.

"મોરલી, હવે આવી નાદાની કરવાની તારી વય નથી હો!"

"કેમ, હું ઘરડી થઈ ગઈ?" મોરલી સામે ટંકાર કરતી.

"ના ઘરડો તો હું થયો છું! તું તો હજુ જુવાન છે. પણ પત્નીઓએ વર અને ઘર જોઈને વર્તવું સારૂં."

"તમે ઘરડા છો એટલે મારે મારી જુવાનીના ઉછાળા રોકી ઘડપણ ધારીને રહેવું એમ?"

મોરલી ધડ લઈને જવાબ આપતી અને અંતરના ઉંડાણમાં સુંદરજી શેઠને આવો ઉત્તર ધડ લઈને વાગતો પણ ખરો. પણ મોરલી ખરૂં કહેતી હતી. ચંદને તો મરતી વખતે ના કહી હતી. હવે પરણવાનાં ઘેલાં ન કરશો અને છતાંય કેવળ સંતાન લાલસાએ સુંદરજીશેઠ પરણ્યા. મોટી રકમ આપી, મોટી ઉંમરની વહુ શોધી કાઢી. મોટી આશાએ કે વરસે, દિવસમાં કાંઈક આશા બંધાય. પણ લગ્ન કરે આજે બે અઢી વર્ષ થયાં હતાં. આશા તો ન બંધાઈ પણ મોરલીની નિરાશાના અને નિશ્વાસના અવાજો તેના કાને અથડાવા માંડયા હતા.

પોતાની અશકિત અને વયને કારણેજ મોરલીનો આ અસંતોષ હતો એમ સુંદરજી સમજતા હતા. તેણે મોરલીનું મન આનંદમાં રહે તે ખાતર ધીરે ધીરે તેની ઉચ્છૃંખલતા સંતોષવા માંડી. ઘરમાં જસાંકાકીને બદલે મોરલીનું સામ્રાજ્ય વધ્યું અને તેને સૌંદર્ય સંતોષમાં લાગતી અપૂર્ણતા બીજે રસ્તે એટલે કે, તેને મનગમતાં વસ્ત્રો અને દાગીના આપીને, તેને નાટક સિનેમા બતાવીને, અને હરવા ફરવાની છૂટ આપી ને, સંતોષવા પ્રયત્નો કરવા માંડયા. સુંદરજી ને ખ્યાલ ન રહ્યો કે, આ બધાં તો પાવકની જવાળાને પંખાની ગરજ સારતાં. મોરલીનો અસંતોષ વધતો ચાલ્યો.

ગામડાંનાં માબાપને ઘેર પૂરી ગરીબાઈમાં ઉછરેલી મોરલી મુંબાઈના શહેરી વૈભવ અને ખાનપાનની મદ અને મસ્તીમાં આવી હતી અને હવે એ મસ્તી તૃપ્તી માંગતી હતી.

ધર્મને રસ્તે ચાલતાં મોરલી ટાઢી પડે છે એમ ધારી સુંદરજીએ તેને માટે શાસ્ત્રી રાખ્યો અને ગીતા અને ભાગવતનું પારાયણ બેસાડયું.

પણ મોરલીને તેમાં કાંઈ રસ નહિ પડયો. તે તો શાસ્ત્રી આવે ત્યારે બ્હાર છજામાં બેસી રહેતી અને ભાગવતનો લાભ જસીકાકી લેતાં. "ભેંસ આગળ ભાગવત" આવી કહેણી લોક પ્રચલિત છે. "ભર જોબનમાં ભાગવત!" આવી કહેણી પણ પ્રચલિત થાય તો તેમાં કશું ખોટું ન કહેવાય. શાસ્ત્રી મહારાજ ભાગવતનું રહસ્ય મોરલીને સમજાવવા મથતા હતા. પાપ પુણ્યની મિમાંસામાં ઉતરી પડતા અને પતિ સેવા અને પતિપરાયણતાનાં દૃષ્ટાંતો જ્યારે અને ત્યારે વાંચવા લાગતા પણ બધુ વ્યર્થ ગયું. મોરલીએ આ જ્ઞાનને ભટવેડા કહીને શાસ્ત્રીને ઉઠાડી મૂક્યા. અને તે દિવસથી મોરલીનું ધર્મજ્ઞાન પૂરૂં થયું.

અને ત્યાર પછી તો સુંદરજીએ ચાર પાંચ માસ્તરો બદલ્યા. કોઇ વેદીઓ, તો કોઇ બુઢ્ઢો તો કોઇ ખુટ્ટો. કોઇ ભોળા બ્રહ્મા જેવો, કોઇ બ્હીકણુ, કોઈ પંતુજી, તો કોઈ મોઢું જોયું ન ગમે એવો. પણ મોરલીએ તેમને જેમ બને તેમ વહેલી રૂખસદ આપી.

અને જ્યારે ઘરમાં સારૂં સંસ્કૃત, ગુજરાતી અને થોડું અંગ્રેજી ભણાવે એવો કોઇ ચબરાક જુવાન માસ્તર શોધવા માટે સુંદરજી શેઠે મુળચંદ માસ્તરને કહ્યું ત્યારે તેમના મનમાં આ પૂર્વાનુભવ ખડે પગે ઉભો જ હતો.

મુળચંદ માસ્તર શિક્ષક તરીકે પંકાતા પણ તેમણે પ્રથમથી ના પાડી હતી. તેમની પાસે ઘણાં ટયુશનો હતાં.

જ્યારે પ્રભાકરને લઇને માસ્તર સુંદરજી શેઠને મળ્યા ત્યારે તેને જોઇ મોરલીના મન પર શું અસર થાય છે તે શેઠ બારીક આંખે નિહાળતા હતા. મોરલીનો આત્મ સંતોષ તેની નજર બહાર નહોતો. તેણે પ્રભાકરને રોકી લેવા તરત હા પાડી. સુંદરજી વયના એક એવા ગાળામાં હતા. કે જેમાં પુરુષ કેવળ પોતાની અશક્ત સ્થિતિનું ભાન છતાં લગ્ન કરી બેસે છે અને પછી સ્ત્રીનો અસંતોષ દૂર કરવા જાતે જઇ આંખે પાટા બાંધે છે.

અને પ્રભાકરને માસ્તર તરીકે રોકયા પછી અઠવાડીયું થયું હશે, અને સુંદરજી શેઠે મોરલીને પૂછ્યું.

"સાંભળ્યું? માસ્તર ઠીક ભણાવે છે કે?"

શબ્દો ઉપર જેટલો ભાર મૂકી સંતોષ વ્યક્ત કરી શકાય તેટલો મૂકી મોરલીએ કહ્યું, "માસ્તર ઘણા સારા છે."

"ઠીક ત્યારે!! તને ગમ્યા એટલે બસ."

મોરલી નીચું જોઈ રહી. શું શેઠે તેને હસતાં હસતાં કંઈ કહી દીધું હતું? શેઠે આગળ ચલાવ્યું. "નહીં ગમતા હોય તો કહી દેજે, વળી બીજો માસ્તર શોધી કાઢીશ."

"ના, ના. આ માસ્તર બહું સારૂં શીખવાડે છે" મોરલીએ મ્હોં ઉંચું કરતાં કહ્યું. મોરલીના મોં પર આનંદની રેખાઓ ચમકતી હતી.

"તો પછી એમનો પૂરો લાભ ઉઠાવજે" સુંદરજી શેઠે કહ્યું અને મોરલી પાછી લજવાઈ.

સુંદરજી શેઠે પણ લાંબે ગાળે કંઇક ઉંડો આશાનો સંતોષ અનુભવ્યો, પણ સુંદરજીનો ચહેરો અંતરની વાત કહી દે એવો ઉતાવળીઓ નહોતો.

એ.તો વહેપારીનો ચહેરો, અંતરનો ગમે તેવો ભાવ ખળભળાટ–ચહેરાની સપાટી સુધી કદી પહોંચતો નહિ તે તો પોતાની કાયમની સરળતાથી સોપારી કાતરતા જ રહ્યા.

પ્રકરણ ૧૮ મું

મોરલી અને પ્રભાકર

દિવસો વિતવા માંડ્યા. મોરલી દિવસે દિવસે વધારે પ્રસન્ન થતી ચાલી. "તને ગમ્યા એટલે બસ. પૂરો લાભ ઉઠાવજે" સુંદરજીના આ શબ્દો મોરલી ન સમજે એવી મૂરખ નહોતી. સુંદરજી શેઠે એ શબ્દો ગમે તે ભાવમાં ઉચાર્યા હોય પણ મોરલીને આ શબ્દોથી હિંમત આવી. તેણે પ્રભાકર સાથે વધારે સામિપ્ય સેવવા માંડયું. સામે બેસવાને બદલે પ્રભાકરની બાજૂમાં જ બેસતી. કાંઇને કાંઇ ખૂલાસો પૂછવાને અગર કરવાને બહાને તે

પ્રભાકરના સ્પર્શસૂખનો લાભ લેતી. બે ચાર દિવસે પ્રભાકરનો પ્રાથમિક સંકોચ જતો રહ્યો. તે શરીર સ્પર્શથી ગભરાતો બંધ થયો. પ્રભાકરનું હૃદય કોઈકોઈવાર પોકારીને કહેતું કે, "આનું પરિણામ વિહ્વલતા સરખું આવશે.

હૃદયના સમયસરના આવા નાદો, અવાજો કોને નથી આવતા ? અને આવા અવાજો ગણકારે છે કેટલા ? ન કરવાનું કરતાં કેટલા અટકે છે ? રોજરોજ આ અવાજ પ્રભાકરને આવતો, મોરલી તને મોહીત કરે છે. તને અવળે અનિતિને રસ્તે દોરે છે. હવે આ સ્થળે ઉભા રહેવું સલામત નથી. તું અહીંથી મુઠ્ઠીઓ વાળીને નાસી જા. આવા અવાજો સામાન્ય થઈ પડયા. પણ આ બધા અવાજો પ્રભાકરના જમણા કાને પેસી ડાબા કાનેથી નીકળી જતા હતા. વર્જ્ય વિચારો અને કૃત્યો અનીતિ—આમાં ગળપણ એટલું હોય છે કે મનુષ્યોમાં રહેલો કામકીટ પ્રથમ ગુપ્ત રીતે અને પછીથી ખુલ્લી રીતે મોં માંડયા વિના નથી રહેતો અને તેના ખદબદતા અનિષ્ટમાં પડી બદ ઇજ્જતી અને વિનાશ મેળવે છે. પ્રભાકરને મોરલીનો સંગ દિવસે દિવસે મીઠો લાગતો ગયો. કેટલીક વારતો તે માથું દુઃખવાને બ્હાને ઓફીસથી વહેલો ઉઠી આવતો અને એ અને મોરલી સંગીત પર ચઢતાં. મોરલીનો કંઠ સારો સુરીલો હતો. અને તેને હારમોનીયમ પર પ્રભાકર પાસે ગરબીઓ શિખી લીધી હતી. સંગીત માણસને મુગ્ધ—મસ્ત બનાવે છે. સંગીતમાં બન્ને શક્તિઓ છે. સાધુચરિતના સંગમાં માણસને ભગવાન ભેળો કરવાની અને વિષયાસક્તના સંગમાં ભગવાનથી દૂર દૂર વિલાસમાં રગદોળવાની. પ્રભાકર અને મોરલી આ બીજે માર્ગે આગળને આગળ વધી રહ્યાં હતાં.

સંગીતમાં સ્પર્શ લાભ વધારે થતો અને કેટલીક વાર તો જસાંકાકીની નજર આકાશ તરફ હોય અગર તેમનું સારૂંએ ધ્યાન તપકીરનો સટાકો મારવામાં હોય ત્યારે મોરલી પ્રભાકરના ગાલ પર નાની ટચૂકડી ટપલી પણ મારી લેતી. ઊંડા ઊંડા વિષમ ભાવથી ભરેલાં તેનાં નેત્રો, કોઈવાર પ્રભાકરને વિલાસ—ધોધથી નવરાવતાં અને પ્રભાકરને આમંત્રણ આપતાં કહી રહેતાં.

આ સ્પર્શને, આ નયન ધોધને, પ્રભાકર વશ તો થાય પણ તેને બે બ્હીક હતી. એક નોકરી જવાની પચાસ રૂપિયા કમી થાય તો અકબરખાનનો હપ્તો આપવામાં વાંધો આવે, અને બીજી મોટી બ્હીક હતી

સોનલની–સોનલની–સરળતા પવિત્રતાની. સોનલને મન તે દરેક રીતે ગુણવાન હતો. તે તેને ખૂબ ખૂબ ચાહતી હતી. તેને દરેક રીતે સંતોષ આપતી હતી. તેની ગરીબાઇ તેના કરતાં વધારે ઝીલતી હતી. તેના સ્વભાવની ત્રુટીઓ તરફ આંખ મીંચી તેને હરેક રીતે સંતોષવા પ્રયત્નશીલ હતી. અને તે કેટલી પ્રેમાળ, કેટલી વિશુદ્ધ, અને આવું કાંઇ સાંભળે અગર તેને શંકા પણ આવે તો તેને કેટલો આઘાત થાય. આ વિચારે તે મોરલીનાં બધાં અટકચાળાં છતાં વેગળો રહેતો. અને કોઇ કોઇવાર એ અટકચાળાં મોરલીને વિહ્વળ બનાવતાં ત્યારે પ્રભાકર છજ્જામાં નીકળી પડતો અને ત્યાં તો જસાંકાકીની ચોકી હોય જ.

કેમ ભણાવી રહ્યા માસ્તર." જસાંકાકી પૂછતાં અને પ્રભાકર ઉત્તર દેતો "ના કાકી અંદર હવા ઘણી ગરમ લાગી."

આ દ્વિઅર્થી અગર એકાર્થી વાક્ય જસાંકાકી નહોતાં સમજતાં. તે તો ભોળા ભાવે કહેતાં, અલી મોરલી વહુ!! "ત્યારે બહાર છજ્જામાં ભણવા બેસ." શાણી સ્ત્રીના જેવો જવાબ મોરલી ટીખળમાં દેતી.

"મને એવું અભ્યાસ કરવા બહાર બેસતાં શરમ આવે. આસપાસના લોકો જુએ તો કેવું દેખાય?"

જસાંકાકી આ ઉત્તરની ભાંજગડમાં પડતાં જ નહિ.

એપ્રિલના વલણનો દિવસ આવ્યો અને આ નાસોગોસોની રમત પૂરી થઇ. વલણને દિવસે શેઠ રાતના આઠ વાગ્યા પહેલાં ઘેર આવતા નહિ. જસાંકાકી માંદાં પડયાં હતાં. તેમને દમનો વ્યાધિ હતો. અને આ વખતે થોડો વધી પડયો હતો. તે તેમની ઓરડીમાં પથારીમાં અશક્ત પડયાં હતાં. રસોઇઓ એ દિવસની રજા પર હતો. રામો હતો પણ તેને જસાંકાકીની પથારી પાસેજ બેસવાનું હતું. ટયુશન શરૂ થયું ત્યાર પછી આજનોજ એવો દિવસ આવ્યો કે જ્યારે મોરલી અને પ્રભાકર એકલાં પડયાં.

એકાન્ત પ્રેરક હોય છે. એકાંત સાધુને, નિશાચરને, હરકોઇને કાંઇને કાંઇ કરવાની, સાહસ કરવાની પ્રેરણા આપે છે. વિચાર સિદ્ધિ માટે દુનિયા એકાન્તની ઉપયોગીતા જરૂર કરે છે. એકાન્તમાં સાધુ સિદ્ધિને, નિશાચરો

દુષ્કર્મને, કામીઓ વિલાસને, પ્રેમીઓ પ્રેમને અને આર્તો વેદનાને પોષે છે, હળવાં કરે છે. આવા કોઈ એકાન્તની, અને મોરલીની દિવસોની આશા ફળી.

પ્રભાકર આજે વહેલો આવ્યો હતો. ટ્રસ્ટની ઓફીસમાં હમણાં હમણાં અવારનવાર તેનું માથું ચડતું. ઓફીસમાંથી તે વહેલો આવતો. ઘેર નહીં. મોરલીને ભણાવવા. સુંદરજી શેઠનું મકાન જાણે દવા નહીં હોય, તેમ દાદર ચઢતાંજ પ્રભાકરનું માથું ઉતરવા માંડતું. અને દિવાનખાનામાં પેસતાં પેસતાં તો એ માથું ઉતરી જતું. મકાનની નીચેથી જ જોયું તો, મોરલી રાહ જોતી છજામાં ઉભી હતી. તેના મોં ઉપર આજે કોઈ જુદી જ જાદૂઈ આશા અભિલાષાની ઝલક હતી.

બંનેની આંખો મળી અને હસી. મોરલીની આંખમાં હર્ષનો ઉછાળો સ્પષ્ટ હતો. નાકા પરની દુકાનમાંથી કોઈ વૃદ્ધ પુરૂષ આ ઉછાળો જોઈ ગયો.

મોરલીની આંખો ફરી ગઈ.

"કોણ મુવો છે તે એનાં ઘરબાર નથી?" મોરલીનું હૃદય આવું કાંઈક બોલ્યું તે છજામાંથી દાદર પર ગઈ.

પ્રભાકર દાદર ચઢવા માંડયો. તે દાદરને મથાળે મોરલી તેની રાહ જોઈ ઉભી હતી. બે હાથ દાદરના કઠેરા પર ટેકાવ્યા હતા અને તેનો એક પગ દાદરના પહેલા પગથીયા પર પાલવની કોર પ્રસારતો હિંચકા ખાતો હતો. પ્રભાકરને આવકાર આપતું કારમું સ્મિત તેના ઓઠ પર રમતું હતું.

પ્રભાકર દિવાનખાનામાં ગયો અને ચાહ તૈયાર હતી. સાથે બિસ્કીટ અને થોડાં ફળ હતાં.

"કેમ આજે વહેલી ચાહ થઈ, રામો નથી કે શું?" પ્રભાકરે આસપાસ જોઈને પૂછ્યું.

"રામો તો જસાંકાકીની પાસે બેઠો છે. ચાહ તો મેં બનાવી."

"એમ કે!" પ્રભાકરે આશ્ચર્યથી પૂછ્યું. "જસાં કાકીને શું થયું છે?" પ્રભાકરે જસાંકાકીની તબીયત પૂછી.

"દમ ચડયો છે." અને પ્રભાકર જસાંકાકીની તબીયત જોવા ઉઠયો.

"બેસોને, એવો દમ તો વરસમાં વીસ વખત ચડે છે."

"ડોશી મરવા નથી સૂતાં." મોરલીએ હાથ ઝાલી પ્રભાકરને ખુરશીમાં બેસાડી પાડ્યો.

"પણ જસાંકાકીને મળવું એ સભ્યતા છે."

"સભ્યતા ?" મોરલીએ સભ્યતા શબ્દનો ચાળાના ઝોકમાં પુનઃ ઉચ્ચાર કર્યો.

"મારી ચાહ તરછોડો તેમાં સભ્યતા છે?" મોરલી થોડી રીસમાં, થોડી રમતમાં બોલી, "જસાંકાકી પાસે જવું હોય તો ઘેર જતી વખતે જજો. રામાને કહેતી હોય એવા હકથી અને રૂઆબથી આજે મોરલીએ પ્રભાકરને કહ્યું અને પ્રભાકરે મૂંગે મોંએ ચાહ પીધી.

રોજ વાંચવાની ચોપડીઓ ત્રીપાઇ ઉપર રહેતી. પણ આજે તો તેને રૂખસદ મળી હતી. પ્રભાકરે આસપાસ જોયું પણ દિવાનખાનામાં ચોપડીઓ નહોતી, "ચોપડીઓ શોધો છો? આજે તો મેં ઉંચી મૂકી દીધી છે. આજે તો ગપ્પાં મારીશું. થોડું ગાઇશું, ભણવાનું કાલે."

"કેમ એમ?? જયદેવ થોડો જોયો હોત તો?"

"જયદેવ અને પરાજયદેવ આજે કશું જોવું નથી. તેણે પ્રભાકરને હાથ ઝાલીને ઉઠાડ્યો.

"ચાલો પેટી પર બેસો." ગાઓ એક ફક્કડ મજાનું ગાયન. પ્રભાકરને ઉઠાડવામાં પણ હુકમ હતો.

મોરલી આજે પ્રભાકરની શિષ્યા નહોતી. સુંદરજી શેઠના ઘરની મહારાણી હતી. પોતાનું ધાર્યું બધું જ પ્રભાકરે કરવું જોઇએ એવો તેનો નિશ્ચય હતો.

પ્રભાકર હારમોનીયમ પર બેઠો. "શું ગાઉં. આ બાબતમાં પણ તમારો હુકમ સાંભળી લેવો સારો." એકાન્તે પ્રભાકરની ઉપર અસર કરી.

"મને ક્યાં ગાયન આવડે છે ? પણ કાંઈ ઉછળતું—આનંદ આનંદ થઇ જાય એવું ગાઓ."

અને પ્રભાકરે ગાયું.

પ્રભાકરનો કંઠ તો સુરીલોજ હતો—તે સુરતાલમાં ગાઈ શકતો. તેનું સંગીત સોનલને મુગ્ધ કરતું તો મોરલી મુગ્ધ થાય તેમાં શું નવાઇ ! નવી પરણેતર પહેલાં ફોટોગ્રાફમાં ઉભાં રહી છબી પડાવવાનો આનંદ લે છે તેમ ઉભી રહી તેવાજ સુખનો આનંદ આજે મોરલી લઇ રહી હતી. તેનો ચહેરા પર અત્યારે ખૂબ ખૂબ પ્રસન્નતા હતી. કોઈ અજબ આનંદની રોશની તેના ચહેરા પર આજે ચમકી રહી હતી. તેને ગાયન ખૂબ પ્રિય લાગ્યું. અને તાલબદ્ધ સંગીત પ્રસર્યું—રેલાયું ત્યારે મોરલીને એમ થયું કે, એ સંગીત બંધ થાય. સંગીત પૂરૂ થયું અને તેણે કહ્યું.

“બસ” શબ્દોમાં આનંદ હતો. આનંદ કરતાં અધિરાઇ વિશેષ હતી. પ્રભાકર ઉઠયો અને મોરલી બોલી.

“હવે ચાલો હું તમને અમારૂં મકાન બતાવું. મકાન જુઓ, પછી આપણે જસાંકાકીની તબીઅત જોઇએ, અને પછીજ તમારે ઘેર જવું હોયતો જઇ શકો છો.”

સુંદરજીના મકાનની મહારાણી બનેલી મોરલીએ પ્રભાકરનો હાથ ખેંચ્યો.

સુંદરજી શેઠનું મકાન વિશાળ ન કહેવાય પણ તેમાં ગોઠવણ સારી હતી. બીજે મજલે મોટું દિવાનખાનું અને તેની અંદર બીજા ત્રણ ઓરડા હતા. દક્ષિણ તરફનો ઓરડો મેમાનો માટે રાખ્યો હતો. અને ત્યાં મેમાનોને બેસવા અને સૂવા પૂરતું સુંદર વિલાયતી ફેશનનું ફરનીચર હતું. તેની પાસેનો બીજો મોટો ઓરડો સ્ત્રીઓને બેસવા ઉઠવા માટે હતો. આ ઓરડામાં શેઠની ચારે પત્નીઓનાં પૂરાં કદનાં ઓઇલ પેન્ટ હતાં. મોરલીનું ઓઇલ પેન્ટ તેમાં મુખ્ય જગાએ ઓરડામાં પેસતાં બરોબર સામે હતું. આ સ્થળે જીવંત પત્નીનું ઓઇલ પેન્ટ સુંદરજી શેઠ રાખતા અને જેમ જેમ પત્નીઓનું અવસાન થતું તેમ તેમ તેમનાં ઓઇલ પેન્ટો ખસતાં. માસ્તર આ કોની છબી ?” મોરલીએ પોતાના ઓઇલ પેન્ટ તરફ પ્રભાકરનું ધ્યાન ખેંચતાં કહ્યું.

“એમાં કાંઇ ભૂલ થાય—આ તો તમારી છબી છે !”

"હું પરણીને આવી ત્યારે અમે એક દિવસ રાજકોટ ઉતરેલાં. ત્યાં આ છબી પડાવી અને તેના ઉપરથી આ મોટી છબી ચીતરાવી."

"પણ ઘણીજ સુંદર છે." પ્રભાકરે વખાણ કરતાં કહ્યું.

"કહી શકાય કે, પરણ્યા પછી તરતનીજ છબી છે. ચહેરા ઉપર નવોઢાની નિર્દોષતા—કુમળાશ—અને લજ્જા દેખાય છે જ."

"અને હવે."મોરલીએ હસીને પૂછ્યું.

"હવે—તો તોબા થઈ ગયાં છો!!"

અને મોરલીએ પ્રભાકરના ખભાને કેડની એક ઓર લટક સાથે ખભાનો ટચકો કર્યો.

"આટલાં બધાં ગાંડાં થવું સારૂં નહિ." પ્રભાકરે શીખામણના શબ્દો કહ્યા. જો કે કહેવાની ઢબ ઉપરથી શિખામણજ ઉડી જતી હતી.

"વારૂ, હશે." મોરલી હેલે ચઢી હતી. અને મોરલી પ્રભાકરને ત્રીજે મેડે ખેંચવા મંડી. "હવે તમને ત્રીજો માળ બતાવું."

ત્રીજો માળ વળી આવતી કાલે જોઈશું." પ્રભાકર અટકીને ઉભો રહ્યો.

"આજેજ, હમણાંજ—બતાવવાનો છે. ચાલો છો કે નહિ?" મોરલીએ પ્રભાકરને દાદર પર ખેંચતાં કહ્યું. દાદર મકાનની અંદરજ હતો. વિલાસ મદથી સમાંચ થએલી મોરલીમાં આજે હાથીનું બળ આવ્યું હતું. પ્રભાકર દાદર પર જાતે ન ચઢ્યો હોત તો તેને એટલું બળ આવ્યું હતું કે તે તેને ઉંચકી જાત. ક્રોધ અને વિષય માનવની માનવતા હરી લે છે અને તેને તેટલો સમય- બેવકૂફ—ગાંડો—આંધળો—બનાવી દે છે. તેની આંખો, તેના કાન, તેની બુદ્ધિ, પરિણામ જોવાને—સાંભળવાને—વિચારવાને બહેર મારી જાય છે. અંગેઅંગમાં, રોમરોમમાં પ્રસરેલી શુન્યતા મનનો ગઢ ઘેરી વળે છે અને ત્યાં માત્ર એકજ લાલસા—વિકાર અગર લક્ષ્ય હોય છે તેજ જાગૃત રહે છે. અને આ લાલસા અગર—વિકાર પોતાનેજ જુવે છે! જગત અને પરિણામ તેને બંધ થઇ જાય છે.

મોરલી પ્રભાકરને ત્રીજો માળ બતાવવા લઈ ગઇ. પ્રભાકર ગયો. દાદરને એક એક પગથીએ સોનલ તેને રોકતી હતી, વારતી હતી.

તેના પગ જુવાન હતા. શરીરે રોમાંચ થયો. કપાળે પરસેવો થયો. એક ક્ષણવાર પ્રભાકર મતિ ભંગ બન્યો હતો. મુઠીઓ વાળીને પાછા નાશી જવાની ઇચ્છા થઈ, પણ મોરલીની પકકડ પણ મજબૂત હતી. અનિચ્છાએ યંત્રવત તે એકથી બીજે પગથીએ ખેંચાતો ઘસડાતો ચાલ્યો. તેની મૂંઝવણ પૂરી થઈ ત્યાર પહેલાં તો તે ત્રીજે મેડે પહોંચી ગયો હતો. દુશ્મન કરતાં માણુસનું મન તેની સાથે વધારે દગો રમે છે. દુશ્મનના દગાનો બદલો કુદરત આપે છે, માણુસ આપે છે મનના દગાનો બદલો. દુશ્મનના દગાને ઘણીવાર માણુસ પહોંચી વળે છે. મનના દગાને ઘણીવાર માનવી વશ વર્તે છે.

એ તો હું નીકળી આવીમ પ્રભાકરનું દગાખોર મન સંતોષ અનુભવતું હતું.

સુંદરજી શેઠને ત્રીજે માળે બીજા મજલા જેવીજ વ્યવસ્થા હતી અને ત્યાં સુંદરજી શેઠનું શયનગૃહ ખાસ જોવા જેવું હતું. પણ પતિપત્નીએ પણ મોરલીને એજ શયનગૃહનું દૃશ્ય પ્રભાકરને બતાવતું હતું. "આ અમારો સુવાનો ઓરડો" મોરલીએ શયનગૃહમાં પ્રવેશ કરતાંજ કહ્યું. પ્રભાકર હળવે રહી શયનગૃહમાં પેઠો.

"બહુજ સુંદર છે." પ્રભાકરે કહ્યું.

ખરેખર સુંદરજી શેઠનું શયનગૃહ અત્યંત મોહક હતું. વીસ ફીટ સમચોરસ ઓરડામાં ફરતી દિવાલો પર ઓઇલ પેન્ટના મોહક નગ્ન, અર્ધનગ્ન ચિત્રો હતાં. અને જ્યાં ચિત્રો નહોતાં ત્યાં આખો હોલ કાચથી જડી દીધો હતો. છત પર કોકશાસ્ત્રનાં કેટલાંક વિશિષ્ટ આસનો ચીતર્યા હતાં. અને પાંચ વિજળીના ઝુમ્મરો ઓરડાને રોશનીથી ઝળાં ઝળાં ભરી દેતાં. વચમાંનો ઝુમ્મરનો રંગ બદલતો. અને આ બદલાતા રંગો તરત નીચે બાંધેલા કાચના હિંડોળાનાં પાસબંધી આયનાઓમાં પ્રતિબિમ્બીત થતાં. રજની સમયે જ્યારે જ્યારે આ રોશની થતી ત્યારે આ ચિત્રો રોશનીના ઝુમ્મરો અને શેઠ શેઠાણી અનેક રૂપ ધારણ કરતાં અને આખું વાતાવરણ વિલાસમય થઈ જતું. શેઠ જૂવાનીમાં શોખીન હતા અને યુવાવસ્થાના બધો તમામ શોખ પૂરો કરવાનાં તમામ સાધનો ભેગાં કરી વ્યવસ્થિત ગોઠવવામાં તેમણે કમી રાખી નહોતી.

વિલાસી જીવનના પ્રતિક સમું સુંદરજી શેઠનું શયનગૃહ નિર્બળ અને ઘણા મજબૂત મનના જુવાનોને બેકાબૂ બનાવવાને બસ હતું. એકાન્ત યુવાવસ્થા અને સૌંદર્ય કોઇ વિલાસના કેંદ્રમાં ભેગાં થઇ જાય ત્યારે હૃદયને વિવશ થતું અટકાવવા અસામાન્ય પવિત્રતા જોઇએ. અને આવી પવિત્રતા પ્રભાકરમાં નહોતીજ. તે ભાન ભૂલવા લાગ્યો. મોરલીનો જીવ અશાન્ત હોવાની તેને ખબર હતીજ અને તેમાં વળી ઊંડી ઊંડી દેહ સુખની ઇચ્છા વિના તે પ્રભાકરને શા માટે આવા નગ્ન ચિત્રોવાળા શયનગૃહમાં ઘસડી લાવે!! તે વાતાવરણને તાબે થયો હતો. અને છતાં પરિણામથી ડર્યો. તે અડધો પાછો પણ ફર્યો.

સોનલ, પવિત્ર પ્રેમમૂર્તિ, સોનલ તેની સામે આવીને ઉભી રહી. આંખ વડે તેને ઠપકો દેતી લાગી. આંગળી વતી તેને બહાર નીકળી જવા વિનવણીના—હુકમ કરતી લાગી, એક ક્ષણભર સુંદરજી શેઠનું વિલાસસ્થાન તેને કરડી ઉઠયું. ભયાનક લાગ્યું. તેણે બહાર નીકળી પડવાનો વિચાર કર્યો. પણ એટલામાં તો મોરલીએ તેની ઘણી નજીક આવી, તેના ખભા પર હાથ મૂકયો. એ સ્પર્શમાં જાદુ હતો.

" આ લાઇટની ભભક તો તમે હજી જોઈ જ નહિ. પેલી ચાંપ દબાવો. "

મોરલીના સંપૂર્ણ કાબૂમાં આવ્યો હોય તેમ પ્રભાકરના વિચારે પલ્ટો ખાધો. તેણે ચાંપ દબાવી. દીવાનીજ બનેલી, દીપમાળાના પ્રકાશે પ્રભાકરને આંજી દીધો. એકના દસ, દસના સો. અને સોના હજાર દીવા, દીવા, દીવા. હજારો દીવાની દીપમાળ બની ગયું. આખું શયનગૃહ એક પ્રકાશ સમૂહ બની ગયું. અને આ પ્રકાશમાં રમતાં—તરતાં ચિત્રો—ચિત્ર છાયા અને અતિ છાયાથી આંખે ઝાંખ વળવા માંડી.

" લાઇટની ખૂબી તે વળી આમ દેખાતી હશે? બારીઓ તો ઉઘાડી છે. અજવાળામાં તે કાંઈ લાઇટની ખૂબી આવે. " મોરલીએ પ્રભાકરના ગાલ પર આંગળીની ટચકી મારી. " મોરલી દોડી, બારી બંધ કરી દીધી અને તેને અડતા પડદા ખેંચી દીધા. પ્રભાકરની ચાલી જવાની ઇચ્છા

હોત તો તે ચાલી નીકળ્યો હોત પણ તે તો અચેતન જડ જેવો ઉભોજ રહ્યો. વિજળીનો પ્રકાશ ખૂબ વિલાસ પ્રેરક બન્યો હતો. એ પ્રકાશે પ્રભાકરને ભાનભૂલો કરી દીધો.

તોફાન પહેલાંની અજબ શાંતિની જેમ આખા શયનગૃહમાં એક પ્રકારની મૂક શાંતિ ફેલાઇ ગઇ. બીજી ક્ષણે જ પ્રકાશનો જાદૂ પૂરો થયો અને જાણે મૂર્છામાંથી જાગ્રત થયો હોય એમ પ્રભાકર બારણા તરફ વળ્યો. ઊંડી ઊંડી અતૃપ્તિએ તેનો પંજો તિક્ષ્ણ બનાવ્યો હતો.

"ચાલો ત્યારે હવે નીચે જઇએ." તે અર્ધ જાગૃત, અર્ધ તંદ્રિત અવસ્થામાં બોલ્યો. અને મોરલીએ એજ શબ્દો ચાળા પાડતી હોય એમ ઝીલ્યા.

"નીચે જઈએ"–"નહિ જવાય" તેણે પાછું મહારાણી સ્વરૂપ પકડયું. વિલાસી જીવનનાં ઉછળતાં મોજાંએ તેને સિંહણ બનાવી મૂકી હતી. ઉંડી ઉંડી અતૃપ્તિએ તેનો પંજો તિક્ષ્ણ બનાવ્યો હતો. તે ઉછળી અને બારણું બંધ કરી દીધું. બારણા સામે મોં કરી મૂઢ પ્રભાકરની બરાબર સામે તે ટટ્ટાર ઉભી થઇ ગઈ. માથાનો છેડો ખસ્યો હતો. જમણું અધું કુચમંડળ ઉઘાડું હતું. શ્વાસ જોશબંધ ચાલતો હતો. તે અધીર–અસ્થિર બની હતી. તે પાછું બોલી. "નીચે જઇએ" અને તેની અસર પ્રભાકર ઉપર શું થાય છે અને તે બીજું કાંઇ બોલે–બોલવાનો વિચાર કરી શકે ત્યાર-પહેલાં તો તેણે પ્રભાકરનો હાથ પકડી ખેંચ્યો, "નીચે જઈએ."

મોરલી બીજે મજલે ગાંડી થઇ હતી. શયનગૃહમાં તો તે પાગલ બની ગઈ, કોણ જાણે શું થયું.

મોરલી અને પ્રભાકરનો આગળ વધેલો ઉન્માદ જોતાં દિપમાળે પણ આંખો મીંચી. આખા શયનગૃહમાં બધેજ અંધકાર છવાયો. કોઈએ શયન-ગૃહના દીવા બંધ કર્યા હતા.

પ્રકરણ ૧૯ મું

પલટાયલી પરિસ્થિતિ

ઉંડી-ઉંડી તૃપ્તિ ભોગવતાં, પ્રભાકર અને મોરલી બન્ને ત્રીજે માળને દાદરેથી નીચે ઉતરતાં હતાં અને સુંદરજી શેઠનો ધાંટો સંભળાયો.

"રામા" રામો દોડતો આવ્યો. શેઠે તેની પાસે ચાહ મંગાવી. સુંદરજી શેઠ વહેલા આવ્યા હતા. આજે એક મોટો રૂનો વેપારી અચાનક ગૂજરી ગયો હતો અને બજારો બંધ થઈ ગયાં હતાં. મોરલીને લઈને વાડીએ જવાની ઈચ્છાએ શેઠ વહેલા આવ્યા હતા.

"ત્યારે તો શયનગૃહની બત્તીઓ પણ તેમણેજ બંધ કરી!" મોરલીના મનમાં ધ્રાસ્કો પડયો. શેઠને કાંઇ ખબર તો નથી પડી. અને નહિ પડી હશે તો પડવાની છેજ.

મોરલી અને પ્રભાકર બન્ને સંકોચાતાં નીચે ઉતર્યાં. પહેલી મોરલી ઉતરી. પ્રભાકર તો હજુ આકાશના રંગો નિહાળવામાં પડયો હતો.

"કેમ? ઉપર ગઈ હતી?" મોરલી લજવાઇ.

"હા!!" તેણે જવાબ દીધો.

"માસ્તર કયાં છે?" મોરલી વધારે લજવાઇ.

"પાછળ આવે છે." તેણે કહ્યું.

"ઉપર ગયાં હતાં?" શેઠે હસતાં હસતાં કહ્યું. મોરલી લાજથી ઝાંખી પડી.

"હા? માસ્તરને આપણું મકાન બતાવ્યું. ઘણા દિવસથી કહેતી હતી, પણ શરમાતા હતા!!"

"હાં! હાં! સમજ્યો, અને માસ્તરની શરમ આજે ભાંગી એમ કે'ની?" શેઠે કપાળનો પરસેવો લૂંછતાં કહ્યું અને એક ક્ષણ ચૂપ રહ્યા. તે

પાસેના નાના ટેબલ આગળ બેઠા અને સોપારી કાતરતા કાતરતા બોલ્યા, "ચાલો ઠીક થયું. ત્યારે રામાને કહે બે પ્યાલા વધારે ચાહ લાવે." મોરલી અને પ્રભાકર બન્ને ઉપર એક સામટી વિજળી પડી. તેમનાં સાદાં વાકયોમાંનો ઉંડો ઉંડો અર્થ બન્ને સમજ્યાં હતાં. શું શેઠ પણ કાંઇ ઊંડો ઊંડો આત્મસંતોષ ભોગવી રહ્યા હતા? શું, સુંદરજી શેઠના ઘરમાં આજે આત્મસંતોષની ત્રિપૂટી ભેગી થઈ હતી કે–આ વાકયમાં કાંઇ તિરસ્કાર–કે–ભેદ–ઠપકો હતો?

પ્રભાકર તો દાદર પરજ ઠરી ગયો હતો. વચમાં કમાડ આડુ હતું અને સુંદરજી શેઠ તેને જોઇ શકતા નહોતા. નહિ તો પ્રભાકરના હૃદયડંખે તેને કેવો નિર્માલ્ય, કેવો ધોળો પૂણી જેવો નિસ્તેજ, ગુન્હેગાર બનાવી દીધો હતો તે શેઠ જોઇ શકત. તે ત્યાંજ ઉભો રહ્યો. સુંદરજી શેઠને બૂમ પાડવી પડી. "માસ્તર! કાંઈ ત્રીજે મેડે બહુ રોકાયા?"

પ્રભાકરને જખ મારીને નીચે ઉતરવું પડયું.

"જી! હા! જરા છજામાંથી શહેરનું વિહંગાવલોકન કરતો હતો.'

"કેમ, કેટલો સુંદર દેખાવ આવે છે?" સોપારી મોંમાં નાંખત શેઠે કહ્યું.

"કેમ માસ્તર મારૂં શયનગૃહ જોયું?"

પ્રભાકર વિલીન બની ગયો. તેને ગળે ડચૂરો ભરાયો. તેને જવાબ આપવા પ્રયત્ન કરવો પડ્યો.

"ઘણું કલામય છે."

"મને એટલા ઓરડાના શણગાર પાછળ સાત હજાર રૂપિયા ખર્ચ થયા છે." સુંદરજી શેઠે ગર્વ લેતાં કહ્યું.

"દેખાયજ છે! ઘણું સુંદર છે."

"પણ હું કેવો બેવકૂફ, કદાચ તમે જોવામાં પડ્યા હશો ને મે અહિંથી સ્વીચ ફેરવી દીધી. ચાલો પાછા જઇએ."

અને મનમાં ને મનમાં પ્રભાકર બોલ્યો.

"શું મરવા જઇએ." "જી! હવે આજે નહિ! વળી કોઈ વાર જઈશું." પ્રભાકર બોલ્યો.

"પણ ખાસ જો જો હો. દીપમાળો ચેતાવશો એટલે કાંઇ ઓરજ શોભા થઇ રહે છે." શેઠે ઉમેર્યું.

"જી" પ્રભાકરનો અદ્ધર ટંગાયેલો જીવ હેઠે બેસવા માંડ્યો. શેઠની વાતમાં વિષ નહોતું.–તે તો હસતા હતા. આનંદી દેખાતા હતા. "આજે બચી ગયા." "નોકરી જતી રહી ગઇ." પ્રભાકર મનમાં હરખાયો. અને એટલામાં ચાહ આવી. મોરલીએ બધા માટે ચાહ તૈયાર કરી અને તેમાં વળી મોરલીએ આરંભેલું મંગળ વધારે મીઠું થવાનું હોય તેમ, કલંકપર ગળ્યાં મોઢાં કરવા સરજાયાં હોય તેમ શેઠ મીઠાઈ લેતા આવ્યા હતા. અને ત્રણે જણે ભેળાં બેસી મીઠાઈ ખાધી.

અને ચાહ પીતાં પીતાંજ શેઠે પ્રભાકરને પોતાના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે રોકી તે કામના પચાસ રૂપિયા વધારી આપવા કહ્યું. મોરલીનો રહસ્ય મંત્રી તો તે હતોજ. આજથી પ્રભાકર સુંદરજી શેઠનો રહસ્ય મંત્રી બન્યો.

હરખાતાં હરખાતાં પ્રભાકર આ હકીકત સોનલને કહી રહ્યો હતો. પણ અનીતિના પાયા પર ચણેલા રાજમહેલો રેતીના બનેલા હોય છે. ચપટી ચપટી રેતીના કણ નાંખી, ઉમેરી માણસ તેના કાંગરા ભલે સાચવ્યા કરે પણ કુદરતની એક ફૂંક તેને જમીનદોસ્ત કરવાને બસ છે. અનીતિનો આનંદ ક્ષણિકજ હોય છે. અને એ આનંદ પણ ઉપરચોટીઓ જૂઠો.

× × ×

બીજે દિવસે સવારે પ્રભાકર પોતાની નવી નોકરી પર કોલર–ટાઈ લગાવીને જતો હતો. અને અમૃતલાલે તેને બોલાવ્યો. અમૃતલાલ પ્રભાકરની વાર જોતો ગેલેરીમાં ઉભો હતો.

"ખોટું ન લગાડશો, પણ શેઠ તમારી ફરીઆદ કરતા હતા."

"શું?"

"કે તમે ઓફીસે વખતસર જતા નથી, અને પૂરો વખત રહેતા નથી."

“શેઠને કોણે કહ્યું ?”

“શેઠને કાંઇ ખબર પડયા વિના રહે ? એમને તો મિનિટ મિનિટની ખબર પડે છે. મારા કાને વાત આવી અને હું તમને ચેતાવું છું.”

“આપનો ઉપકાર, પણ હું મારી સમજ પ્રમાણે નિયમિત રહું છું.”

પ્રભાકરને સમજ ન પડી કે, આ વાત શેઠે કેવી રીતે જાણી. ઓફિસમાં માત્ર બે જ જણા હતા. એ અને એક કારકુન. અને કારકુન તો કોઇ ભોળો ગમાર જેવો માણસ હતો. અને વળી પ્રભાકરનો વિશ્વાસુ હતો ત્યારે શેઠને આ વાત પહોંચાડી કોણે ?

આ વિચાર પૂરો નહોતો થયો અને પ્રભાકર સુંદરજી શેઠને ત્યાં પહોંચ્યો. છજામાં ઉભેલી મોરલીએ તેનો સ્મિત વડે સત્કાર કર્યો. શેઠ બહાર જવાને તૈયાર થયા હતા. પ્રભાકર દિવાનખાનામાં દાખલ થયો, અને શેઠે કહ્યું. “તમે ઠીક આવી પહોંચ્યા. આ બધાં પેપરો પડ્યાં છે તે વાંચો, અને ગૂજરાતી પેપરોમાં મારે વાંચવા જેવું હોય તેના પર પેન્સીલનાં નિશાન કરો. ભાવતાલમાં ફેરફાર હોય તો નિશાન ખાસ કરજો. અને અંગ્રેજી પેપરોમાં કાંઇ જાણવા જોગ હોય તો એક કલાકમાં પાછો ફરૂં છું ત્યારે મને કહેજો.”

શેઠ દાદર ઉતરતા હતા અને જાણે કાંઇ સાંભર્યું હોય એમ પાછા ફર્યા. “મોરલી, માસ્તરને રોજ સવારે ચાહ નાસ્તાની સગવડ તારે કરવાની.”

શેઠે બતાવેલું આ કામ મોરલીને પ્રિય લાગ્યું. આ નવી નોકરીએ પ્રભાકરને બગાડયો. હવે તો સવારના બે કલાક અને સાંજના બે કલાક તેને મોરલી સાથેના સહવાસ માટે ચોખ્ખા મળ્યા. બે વચ્ચેનો કુદરતી પડદો તૂટ્યો જ હતો. અને તેમાં કોણ જાણે કેમ, આ બન્ને તરફ પૂરેપૂરો વિશ્વાસ હોય તેમ શેઠે બન્નેને એકબીજા સાથે મળવા બેસવાની સગવડ કરી આપી હતી.

પ્રભાકર જાણે માસ્તર ન હોય, જાણે ઘરનો જ હોય, તેમ શેઠ તેની સાથે આનંદના ગપ્પાં લગાવતા. અને કોઇ કોઇ વાર તો જમવા પણ રોકી લેતા. સુંદરજી શેઠ સરખા મુંબઇગરા બની રહેલા વહેપારી, રૂના

વહેપારી, કોઇવાર બજાર પણ હલાવી મૂકે એવા, તે મોરલી સાથેનો પોતાનો સંબંધ ન જાણે એમ કેમ બને ? ?

ત્યારે શું તે પોતે અને મોરલી સરખાં બે યુવામગ્ન પંખીઓને છુટાં ઊડવા જાણી જોઈ સગવડ કરી આપે છે ? ચાલ તો સુંદરજી મૂરખ છે અગર તો તે મોરલી અને પ્રભાકરના સંબંધમાં સંમત છે. શેઠને મૂરખ ન કહેવાય ! ! તે સંમત હોવા જોઇએ ! ! "અને ત્યારે આ મકાનમાં મારી જરૂર છે. મારી ઉપયોગીતાનો લાભ હું લઈ શકું છું." પ્રભાકરે વિચાર્યું. પ્રભાકર ધીમે ધીમે સ્વચ્છંદી બન્યો. તેના સ્વભાવમાંથી શરમ, ડર, સજ્જનતા જતાં રહ્યાં. ગૃહસ્થાશ્રમ–ગૃહસ્થ જીવનની આવશ્યક ભૂમિકા ભૂંસાવા માંડી. તે દુનિયા તરફ–પોતાની પત્ની તરફ બેદરકાર બનતો ચાલ્યો. સોનલ પ્રત્યે તે બેદરકાર બની શકે ખરો ?

તે બેદરકાર શું બેવફા કયાં નહોતો બન્યો ? અને છતાં અંદર અંદરથી તેને બીક અને શરમની કમ્પારીઓ આવતી હતી.

તેણે સોનલ અને મોરલી વચ્ચે સરખામણી કરવા માંડી. કયાં સોનલ– સુધા સરખી શિતળ, સાગર સરખી ગંભિર, સ્ફટીક સરખી નિર્મળ, ઈજ્જત સરખી લાજાળ, સરળ અને પ્રેમાળ અને કયાં મોરલી ? મોરલી કામાતુર–ઉછાંછળી–અને ચિબાવલી. મોરલીથી છાનિ મૈત્રી થાય. તેની સાથેનો ગુપ્ત સંબંધ કબૂલ કરતાં લાજ આવે. મોરલી બજારૂ માલ, સોનલ એટલે જીવનસાથી–મોરલી વિષય સંતોષે, સોનલ જીવન પોષે. એક ગૃહસ્થ જીવનનું સત્યાનાશ વાળે. બીજી શોભાવે, એક કાગડી બીજી હંસણી. હા ! એ ખરૂં ! પણ વિષયીને શુદ્ધ સાત્વિક પ્રેમમાંથી મળતો સંતોષ તૃપ્તિ આપતો નથી તેનું કેમ ? છાણના કીડાને સાકરમાં પૂરો સ્વાદ ન જણાય એ સ્વાભાવિક છે. સ્વચ્છંદી ગુપ્ત સુખની ઈચ્છા, પત્ની સુખથી તૃપ્ત નથી થતી. લંપટ જીવને ખરો આનંદ–વિલાસ ગુપ્ત પ્રેમમાંથી જ મળે છે. પ્રભાકરની તૃપ્તિ સાત્વિક નિર્મળ દૈવી–પ્રેમાનુભવમાં નહોતી, અધમ વિષયાસક્ત લંપટતામાં હતી.

સોનલનો વિશુદ્ધ પ્રેમ તેને ખૂબ ગમતો પણ મોરલીનો ઉજાતો વિલાસ તેના હૃદયની પૂરેપૂરી પ્રિય વસ્તુ બની હતી.

સ્ત્રીને જોતાં સામાન્ય રીતે પુરુષમાં જે ભાવ આવે છે તેના ચાર વિભાગ પાડી શકાય. સ્ત્રીને જોઇએ–તેનો શાન્ત–ગંભીર–સૌમ્ય દૈવી ચહેરો. અને એમ થાય કે તેની પુજા કરીએ, જાણે તેનો ખોળો ખૂંદીએ, તેના અંકમાં આરામ લઇએ જાણે કોઇ વિશાળ વડલાની ઘટ્ટ છાયા હેઠળ એમ થાય કે જાણે એને પેટે અવતાર લઇએ. સ્ત્રીનું આ માતૃદર્શન દુનિયાને માથે હાથ ફેરવતું, આંખોથી અમી વર્ષાવતું, વાત્સલ્યભાવથી નવરાવતું મળવું કઠણ, પણ આવું એક માતૃદર્શન પુરુષના હૃદયમાં માતૃભાવ જગાડે.

સ્ત્રીનું બીજું સ્વરૂપ બેનનું, સરળ, નિર્દોષ, માયાભર્યું, પુરુષને જોઇ અડધું અડધું થઈ જતું, ભોળું–નાની મોટી દરેક બાબતમાં મદદગાર થવાને તૈયાર, પોતાના સુખ સાધનના ભોગે પણ–તે ચહેરો જે દુનિયાનાં દુખડાં લેવા સરજાયો હોય–તે હૃદય જે રાખડી બાંધે અને "જુગ જુગ જીવો" એમ જ બોલે જેને શુકને પ્રવાસે જઇએ, રણે ચઢીએ, જીવન સમર્પણ કરીએ, આ અનેરૂં સ્વરૂપ ભગિની ભાવનું.

ત્રીજું સ્વરૂપ પત્ની ભાવનું, મીઠું, શરમાળ, આધિનતાની, સેવાની પ્રેમની મૂર્તિસમું. જાણે એ સ્વરૂપને રોજ રોજ ઘડી ઘડી જોયા જ કરીએ. જાણે એ હૃદય પુરુષહૃદય સાથે ગૂંથી દઇએ. જાણે બે સ્વરૂપો એક થઇ જઇએ. એક થઇને રહીને સુખ દુઃખ સંભાળીએ અને વિસરીએ પણ ખરાં. સંસાર સાગર તરવાનો જમણો અને ડાબો હાથ. એક દિવસ જેવાં ઉગ્યાં તેવાં આથમી પણ સાથે જઇએ. આ પત્નીભાવ, પત્નીદર્શન–જેમાં પુરૂં જીવનસાથીપણું દેખાય.

એનું ચોથું સ્વરૂપ–ઉન્માદી, વિલાસી સ્વરૂપ નજર ચોંટી જાય પણ હૃદય સ્પર્શવા ના પાડે. આકર્ષક, મોહક, વિલાસી, પ્રસંગમાં આવીએ પણ ભાડાની વ્હેલની જેમ ગરજ મટી કે ઉલાળી મૂકીએ.

ક્ષણિક મિથ્યા સંતોષ ખાતર, ક્ષણિક વિષયાસક્ત મોજ ખાતર, ક્ષણિક પતનનો ખ્યાલ બાજુ પર મૂકી સંબંધ બાંધી લઇએ, આવું સ્વરૂપ સ્વાદુ છતાં અપૌષ્ટિક, મોહક છતાં માધુર્ય વિનાનું, ચમકદાર છતાં તેજસ્વિતાહીન, –આવું સ્વરૂપ ઉચ્છૃંખલ કલંકીત તરવરતા યૌવનનું સામિપ્યની ઇચ્છા માત્ર

હૃદયમાં ભય ઉપજાવે, મન કલુષિત કરે, દૂર દૂરના સ્પર્શથી પણ પુરુષને વિચારભ્રષ્ટ કરે એવું. આનું આ વિલાસી સ્વરૂપ ફસાવે, ગળે ટૂંપો દે અને મારે ત્યારે જ મેલે એવું.

મોરલીની મોહકતા આવી હતી અને આ મોહકતામાં પ્રભાકર ફસાયો. સુંદરજી શેઠ, રે અવિનાશ સરખા તેનાં હાડકાં ખોખરાં કરી ગટરમાં નંખાવે એવા નહોતા. સુંદરજી શેઠનું સ્વાગત તો ઉલટું વધતું જતું હતું. તેના મનને નિરાંત વળી હતી. સુંદરજી શેઠના મકાનમાં તે જ સુંદરજી શેઠ બન્યો હતો. મોરલી પણ તેને આધિન હતી.

જસાંકાકીને ખાટલામાં પડ્યાં પડ્યાં આ પ્રભાકર અને મોરલીનું તોફાન ગમતું નહોતું. પણ તે પરવશ પડ્યાં હતાં, અને જે દિવસે તે મોરલીને ઠપકો દેતાં–તે દિવસે તેમની નિત્ય સારવારમાં ખામી આવતી એટલે "મારે શું" "મારે કેટલા કાળ કાઢવા છે." આવા ઉદ્‌ગારોથી તેમણે વિરામ લેવા માંડયો હતો. નિરંકુશ જીવનનો પૂરેપૂરો લાભ પ્રભાકર અને મોરલીએ લેવા માંડયો.

પ્રભાકરના સાત્વિક ભાવો એક પછી એક દિવસે દિવસે ઓસરવા માંડયા. તેનો સ્વભાવ બદલાવા માંડયો. ચીડીયો થતો ચાલ્યો. ઉંડે ઉંડે અધમતા પ્રસરવા માંડી. કુટેવો પેસવા માંડી. તે ઘર તરફ બેદરકાર થવા માંડયો. નિયમિતપણું ભૂલ્યો. શું સોનલ તરફ તે પાકો બેદરકાર બન્યો હતો ખરો ? એવું બનવા તો માંડયું જ હતું.

ઘણીવાર સોનલ રસોઈ કરીને રાહ જોતી અને પ્રભાકર મોરલીની સાથે ખાઈ લેતો. ઘણીવાર ઘેર મોડો જતો–તેને સોનલ સાથે એક કલાક વાત કરતાં પણ કંટાળો આવતો અને સોનલ મેનાને કહેતી, "હમણાં તો એ એટલા થાકી જાય છે."

સોનલને થતું કે, સવાર બપોર સાંજની આકરી નોકરી પ્રભાકરને શ્રમીત કરે છે. હવે તો સાંજ ચોપાટી પર પણ નહોતી થતી. પ્રભાકરને સમય નહોતો. અને સોનલ પ્રભાકર સિવાય બહાર નહોતી નીકળતી. તેને પ્રભાકરની દયા આવવા માંડી. "આટલું માથા પરનું પતી જાય એટલે એક નોકરી છોડી દેજો. મોળુ ખાઈશું અને આછું પહેરીશું." સોનલ પ્રભાકરને

શરીરે હાથ ફેરવતાં કોઈકોઈ વાર કહેતી. નિર્દોષ સોનલને પ્રભાકરની કરણીની કશી ખબર નહોતી.

પણ એક દિવસ મેનાએ સોનલને ઓચિંતા સમાચાર આપ્યા.

" તમારા ભાઇ મારફત પ્રભાકરને નોકરી મળી હતી તે છૂટી ગઈ."

" ના ! " આશ્ચર્ય બતાવતાં સોનલે કહ્યું.

" ના શું ભાભી, પૂછી જો જો. કહેતા હતા કે શેઠે પ્રભાકરભાઇને રજા આપી. "

" હા " સોનલે આશ્ચર્ય અને દુઃખીત થઈ કહ્યું.

" કાંઇ કારણ ? "

" કોણ જાણે, પણ કહેતા હતા કે નોકરી પર હાજર ન થાય તે કોણ રાખે ? "

" વળી આ શું થયું ? "

પગારના હિસાબે તો તેણે હમણાં થોડું ફરનીચર પણ વસાવ્યું હતું. પ્રભાકર માટે એક પલંગ આણ્યો હતો. અને ઓરડી નાની પડવાથી તે ઓરડી બદલવાની તજવીજ કરતી હતી. ત્યાં એંશી રૂપિયાની નોકરી ગઇ એટલે શું ? મન સ્વપ્નસૃષ્ટિ રચી રહ્યું ત્યાં તો આંખ ઉઘડી ગઈ એવું કાંઈ સોનલને થયું. ઊંડો નિઃશ્વાસ નાખી તે મૂંગી રહી.

પ્રકરણ ૨૦ મું.

નાગરદાસ

નાગરદાસને ત્યાંથી અનંતરાય માસ્તર સીધા પોતાના કાપડીઆની દુકાને ગયા હતા. તપાસ કરતાં એમને ખબર પડી કે, પ્રભાકર સોવાસણના બરનાં છએક વસ્ત્રો, છાયલ વાયલ વગેરે વેચાતાં લઈ ગયો હતો. કાપડીઆએ આ વસ્ત્રો કોને માટે લઇ જવામાં આવે છે તેની પૂછ-

ખરચ નહોતી કરી. પણ અનંતરાયે પોતાના મન સાથે નક્કી કરી લીધું કે, લુગડાં સોનલને માટે જ હોય. બીજા કોને માટે હોય ? તેણે કાપડીઆ પાસે જ કોરો કાગળ માગી લીધો, અને મૂળચંદ માસ્તરને પત્ર લખી દીધો. કાપડીઓ સમજી ગયો કે, માસ્તરના હૃદયમાં જ્વાળામૂખી ધીકતો હતો, પણ તેણે કાંઇ વધુ તપાસ કરી નહિ. માસ્તરે એ પત્ર જાતે જ ટપાલમાં નાખ્યો.

સાંજે જ્યારે માસ્તર નાગરદાસને ત્યાં આવ્યો ત્યારે પ્રિતમલાલ પણ આવી ગયો હતો. સોનલ વડોદરા અગર સુરતમાં નહોતી. એ મુંબાઈ હોવી જોઈએ.

"એ તો મારો દીકરો જ" પાઘડી ઉતારતાં અનંતરાય માસ્તરે કહ્યું. તે નાગરદાસની પાસે બેઠા.

"તારી દીકરી પ્રભાકરની જોડે જ ગઇ. બેવકૂફ, નાદાન" માસ્તરના હોઠ ધ્રૂજતા હતા અને માસ્તર ક્યાં નહોતા ધ્રૂજતા ?

માસ્તર બોલતા બંધ ન રહ્યા "તારી સોનલ જતી રહી તે જ દિવસે પ્રભાકરે મારા કાપડીઆને ત્યાંથી વાયલ છાયલ રોકડેથી ખરીદ કર્યાં તે કોને સારૂ ખરીદ કરે !! તેમણે કહ્યું.

સોનલ સામે ઉભી હોય અને જાણે તેને કહેતા હોય તેમ માસ્તર બોલ્યા. "છોડી તારૂં નશીબ ફુટયું. મારો દીકરો તો વંઠી ગયો છે. અને તેં આ શું કર્યું ?"

આ શબ્દોની અસર નાગરદાસ ઉપર શી થશે તેની પરવા કર્યા સિવાય માસ્તર બોલ્યા. નાગરદાસ પર આ શબ્દોની માઠી અસર થઇ પણ ખરી.

"એટલે, એથી ભાઇ તમે શું કહેવા માગો છો ?" નાગરદાસે કહ્યું.

"એટલે એ જ કે મારા દીકરાએ તારી દીકરીને ફસાવી. મારો દીકરો તો કોલેજ છોડીને બેઠો છે. મુંબાઇમાં લોફર જેવો ભટકે છે. સિનેમામાં રહ્યો છે એવી વાતો આવે છે. મારો અને તેનો પત્રવ્યવહાર બંધ છે." અનંતરાય માસ્તરે ઊંડો નિઃશ્વાસ મૂકયો.

નાગરદાસ દુઃખી તો હતો જ અને વળી હવે તેની ચિંતા વધી. તે પ્રભાકરને સારો છોકરો સમજતો. જ્યારે સવારે માસ્તરે પ્રભાકરની વાત

કરી, ત્યારે તેને આશ્ચર્ય થયું કે, સોનલ પ્રભાકર સાથે પરણી હોય તો પણ માસ્તરને આવડો ક્રોધ કરવાનું કારણ શું ? તેમાં સોનલ દુ:ખી શું થઇ જવાની હતી ? પણ અત્યારની વાત પરથી નાગરદાસની ચિંતા વધવા માંડી. જો પ્રભાકર સિનેમામાં જોડાયો હોય તો તે ખરેખર અધોગતીને પંથે જ પડયો હોવો જોઇએ.

સિનેમાસૃષ્ટિ માટે જનતામાં ઉંચો અભિપ્રાય હજુયે નથી. સિનેમામાં તો ઘણે ભાગે બજારૂ સ્ત્રીઓ અને બીજે નોકરીનો પત્તો ન પડતો હોય એવા ચાળાચસ્કાના ભરેલા છેલબટાઉ લોકો જેમને નીતિ-અનીતિની બહુ પડી જ નહિ હોય તેઓ જાય.

આ વાતમાં સત્ય હોય યા નહિ. નિદાન અનંતરાય અને નાગરદાસ તો આ વાત માનતા. નાગરદાસ કદાચ એ વિચારમાં થોડી છૂટછાટ મૂકે અને કહે કે, અનીતિ તો કોણ જાણે પણ વાતાવરણ સારૂં નહિ. ભૂમિ લપસણી ખરી. પણ અનંતરાયની માન્યતા તો દૃઢ જ હતી. સિનેમા એટલે વંઠેલ લોકોનું ધામ. Under world. ત્યાં બધું જ થઇ શકે. બધા ખરડાયેલા.

બીજે દિવસે તો આડતીઆનો પત્ર આવ્યો. કાકડવાડી આર્યસમાજમાં તપાસ કરતાં સોનલ કોઇ પ્રભાકરની સાથે મૂળચંદ માસ્તરના મુકામે પરણી હતી. પણ પ્રભાકર અને સોનલ મુંબાઇમાં ક્યાં ઠેકાણે રહે છે, તેનો પત્તો પડવાનો હજુ બાકી હતો.

"મૂળચંદ માસ્તર ?" નાગરદાસે આશ્ચર્યથી કહ્યું. જાણે પોતાને આ નામ યાદ આવતું હોય તેમ.

"કેમ ? મારો એસિસ્ટન્ટ એક દિવસ તું આવ્યો હતો અને એ મારી જોડે વાત કરતો હતો અને તેં કહ્યું, પંતુજીનું સ્વરુપ."

"અરે હાંરે ? અને તેણે આમને પરણાવ્યાં. તમને ખબરેય ન આપી ?"

"એને બિચારાને શી ખબર છે ? અને છે ભોળો અને વળી પાછો સુધારક મૂઓ છે. મારા દીકરાએ મીઠી મીઠી વાતો કરી હશે, અઢીઆં–ઊઠાં ભણાવ્યાં હશે. એટલે બિચારાએ લગ્નની ગોઠવણ કરી આપી હશે."

"ત્યારે આપણે મૂલચંદ માસ્તરને ત્યાં કોઇને મોકલીએ." નાગરદાસે કહ્યું. પણ અનંતરાય માસ્તરે ના પાડી.

"મેં કાગળ લખ્યો છે. સરનામું તારા બંગલાનું આપ્યું છે. બધી વિગત આવતીકાલે આવવી જ જોઈએ. હું રોકાવાનો છું." તે બોલ્યા.

અને બીજે દિવસે મૂલચંદ માસ્તરનો વિદ્વત્તાપૂર્ણ લાંબોલચક પત્ર આવી રહ્યો; તેમાં બધી જ વિગત હતી. પોતે પ્રેમલગ્ન કરતો હતો અને તમે કદાચ ના પાડો અને બધું કથ્થાળી નાખો, એટલે તેણે (પ્રભાકરે) મને તમને ખબર આપવાની ના પાડી હતી, પણ તેઓનાં લગ્ન આનંદથી હિન્દુશાસ્ત્રની સંપૂર્ણ વિધિ પુરઃસર સુમુહૂર્તમાં મારે ત્યાં, મારી દેખરેખ નીચે, મારી અગાશીમાં થયાં છે. અને "મેં ઉભયને મારા અને તમારા તરફથી આશીર્વાદ આપ્યા છે."

"ચાલો સારૂં થયું. આશીર્વાદ આપ્યા તે." માસ્તરે પત્ર પર ટીકા કરતાં કહ્યું.

પત્રમાં બીજી કેટલીક વિગતો પણ લખી હતી, પણ તાજા કલમ કરીને નીચેની વાત ઉમેરી હતી. "પ્રભાકર હાલ અમૃતવાડીમાં પહેલે દાદરે નાની સીંગલ રૂમમાં રહે છે, અને લગ્નના ખર્ચનો બોજો મેં એને માથે પડવા દીધો નથી. એ અમદાવાદ આવ્યો ત્યારે મેં અઢીસો રૂપિયા આપ્યા હતા. અને અહીંની વિધીના પચીસેક રૂપિયા પણ હાલ મેં ખર્ચ્યા છે, પણ પ્રભાકર કહે છે કે, તેને નોકરી છે અને મહિને બે મહિને મને રૂપિયા આપી દેશે. આપે તમામ વિગત માગેલી હોવાથી જ આ મદદની વાત મારે તમને લખવી પડી છે."

"જોયું, આમાંથી લુગડાં લેવાયાં, મુસાફરીનો ખર્ચ થયો, ગાડી ભાડાં વગેરે બધું આમાંથી નીકળ્યું, હું જાણું કે'ની કે આ રખડેલ પાસે એક પાઈ પણ નહિ હોય." પત્ર નાગરદાસ તરફ ફેંકતાં અનંતરાય માસ્તરે ઉમેર્યું.

"પણ ત્યારે હવે કરવું શું?" બન્ને મિત્રો વિચાર કરવા બેઠા. "બનનારી બની ગઈ. હવે એને સુધારી લેવી જોઈએ."

"ભાઈ, સાચું કહું છું. હું તો એ દિકરાનું મોં જોવાનો નથી. મારે મન તો કે'ની" અને અનંતરાય માસ્તર આગળ બોલતાં અટકી ગયો. "આગળ નથી બોલતો જા." "એમનું ભલું થાઓ."

સદ્દવિચારને પરિણામે એમ નક્કી થયું કે, કોઈને મુંબાઈ મોકલવું. તે અમૃતવાડીમાં ઘર માંડીને રહે. પ્રભાકર શું કરે છે, તેને નોકરી છે કે નહિ, વ્યવહાર કેમ નિભાવે છે; બન્નેને બને છે કે નહિ, આ બધાની તપાસ રાખવી જોઇએ. પ્રભાકર ક્યાં ફરે છે, કોની સોબતમાં છે, સિનેમાની વાત સાચી છે કે નહિ, એ બધાંની તપાસ કરવી જ જોઇએ. પ્રિતમલાલે સૂચના કરી કે, એ પોતે બે ચાર મહિના મુંબઇ જઇ રહે. પણ, નાગરદાસને તે વાત પસંદ ન પડી. કોઇ અજાણ્યું હોવું જોઇએ જે સોનલને ઓળખે પણ તેને સોનલ ઓળખતી ન હોય—અને નાગરદાસે પોતાના કાનપુરના મુનીમ મનોરદાસને તમામ સૂચના આપી મુંબાઇ રવાના કર્યો. તેણે મુંબઈમાં આવી અમૃતવાડીમાં એક નાની ઓરડી લીધી. તેને ચાર દહાડા થયા હતા અને કેસરબેનની ઉઘરાણીનો તમાશો થયો.

મનોરદાસે પ્રભાકરને નાગરદાસની સૂચના પ્રમાણે બોલાવી મૂલચંદ માસ્તરવાળી રકમ પતાવી દેવા કહ્યું. પણ પ્રભાકરને વિશ્વાસ ન બેઠો. તેણે અકબરખાન પઠાણ પાસેથી જોઇતી રકમ લીધી. પઠાણ પાસે રૂપિયા લેતાં મનોરદાસ જોઈ ગયો. ખરૂં જોતાં તો તે પ્રભાકરની છાયા રૂપે રહી નજર રાખતો હતો.

પઠાણ પાસે પૈસા લેવા એટલે જૂના માણસોને મન પૂરેપૂરી અધમતા.

"આખર આવી રહી." મનોરદાસે મનમાં વિચાર કર્યો. પ્રભાકર આટલી નીચતા સુધી પહોંચ્યો હોવાથી તેને ઘણું દુ:ખ થયું, પણ મનોરદાસ મૂંગો અને ઊંડો કાબેલ માણસ હતો.

તેણે પણ હવે અકબરખાન પઠાણના માણસો સાથે પિછાન કરવા માંડી. તેણે પઠાણોનાં વખાણ કરવા માંડયાં અને પચીસ પચીસ રૂપિયા ઉછીતા પણ લેવા માંડયા. વાતચીતનો પ્રસંગ વધતાં અકબરખાન પઠાણના માણસે મનોરદાસને પ્રભાકરની જૂની વાતો એક પછી એક કહેવા માંડી. પ્રભાકર પહેલાં સટ્ટા કરતો. જોટા ગલીમાં જતો, એકવાર પોલિસના હાથમાં પણ સપડાયો હતો, ત્યાર પછી તે સિનેમાનાં રહ્યો અને અવિનાશ રેએ તેનાં હાડકાં ભંગાવેલાં તે બધી વાત એક પછી એક પેલા પઠાણે કહી.

" સાંભળેલી વાતો " મનોરદાસે વધારે જાણવા ખાતર કહ્યું.

"ખુદાકી કસમ, મણોર, સચ કહેતા હૂં. ઈસમે એક બાત જૂઠી નહિ હય. સિનેમામેં તો મેરાભાઇને ઉનકો મારા."

"ત્યારે તો વાત ખરી. તુમારા કીતના ભાઇ મુંબાઇમેં હય?"

"હમ તીન ભાઈ હય. મેં તો ખાનસાહેબ કે વહાં હૂં-મેરા છોટાભાઇ સિનેમામેં હય, કાદરખાન—ઔર એક મેરા ચચેરાભાઈ હય હૈદર,—ઓ સાબકી નોકરી કરતા હય." પઠાણ વાતે ચઢ્યો.

"હમ પઠાન લોગ સબ બાત જાનતે હય—સારા દીન ફીરના, હમ સબ બાત જાનતે હૈ—અબી-અબી પ્રભાકર શેઠ એક બનીઆકે ઘરમેં ઘુસા હય-હમ જાનતા હય—હમારા લીએ અચ્છા હય."

"કયું?" મનોરદાસે પ્રશ્ન કર્યો.

"કયું? દેખો, મણોર, શેઠકી ઔરત પ્રભાકરકું પૈસા દેતી હય, ઔર દેગી, હમારા પૈસા પત જાયગા."

"કીતને બરસકી હય?"

પઠાણે ધડ લઇને મનોરદાસના ખભા પર એક પોલા હાથનો સપાટો માર્યો.

"તું બુઢ્ઢા બડા શોખીન હય, શેઠકી ઓરત બડી જવાન, ફક્કડ હય ......ઘોડી હય ઘોડી."

મનોરદાસના ચહેરા પર દુઃખ ઉભરાવા માંડયું. પણ તેણે મોં ફેરવી નાખ્યું. તેને હવે આ શેઠનું મકાન અને શેઠાણી બન્ને જાણી લેવાની ઈચ્છા થઈ. તેણે પ્રભાકરનો પીછો લીધો.

સુંદરજી શેઠના મકાનના નાકે એક સુકાફૂટવાળાની દુકાન હતી. ત્યાં હવે મનોરદાસે અડ્ડો જમાવ્યો. કોઈવાર પીસ્તાં, કોઈવાર દરાખ તેણે વેચાતી લેવા માંડી. દુકાનદારને વેપાર વધારવાની વાતમાં નાખ્યો અને પોતાના શેઠની પાસેથી પૈસા અપાવવાની આશા આપતાં ફૂટવાળાની દુકાને મનોરદાસનાં માન વધ્યાં. જ્યારે દુકાનદાર શેઠની મુલાકાત માગતો ત્યારે મનોરદાસ કહેતો, "ભાઈ, તારી ઘરાકી જોઇને શેઠને તારી વાત કરાય કે'ની." આશાએ મનોરદાસને પિસ્તાં, બદામ, દરાખનાં નાણાં ખર્ચવાં મટી ગયાં. તે દરરોજ

પડીકાં લઈ જતો અને ચાલના બાળકોને વહેંચતો. મનોરદાસ ચાલના બાળકોમાં આમ પ્રિય થઇ પડયો હતો.

જે દિવસે મોરલીએ પ્રભાકરને શયનગૃહ બતાવ્યું તે દિવસે મનોરદાસ દુકાન પર ચઢતો હતો અને ચોથે મકાને ત્રીજે માળે તેને એક "જવાન ફક્કડ ઘોડી" જેવી દેખાતી સ્ત્રીને ઉભેલી જોઇ. પઠાણે આપેલું વર્ણન આ સ્ત્રીના ચહેરા પર આળેખાયલું હતું. ચહેરો વિલાસી રેષાઓથી ભરપૂર હતો. વિલાસની આશાભર્યો, વિલાસની શોધ કરતો હોય–એમ મનોરદાસને લાગ્યું.

તે દુકાનદાર સાથે ગપ્પાં મારતો હતો, પણ તેનું ધ્યાન મકાન તરફ હતું. થોડા બપોર વિત્યા અને તેણે પ્રભાકરને સામેથી આવતો જોયો.

પ્રભાકરની પૂંઠ વળી ત્યાં સુધી તે અવળે મોંએ ઉભો રહ્યો અને પછી તે પ્રભાકર અને પેલી જુવાન સ્ત્રીને બન્નેને જોઇ શકે એવી રીતે દુકાનમાંથી ડોકું નીચું કરીને ઉભો રહ્યો. બન્ને હસ્યાં તે મનોરદાસે જોયું.

કઠેરા પરથી અંદર જતાં પેલી સ્ત્રીએ મનોરદાસ સામે જોયું, મનોરદાસને લાગ્યું કે, તે પોતે જોતો હતો તે પેલી સ્ત્રીને પસંદ પડયું નહોતું. મનોરદાસ ત્યાં બેઠો જ રહ્યો.

અર્ધો પોણો કલાક થયો હશે અને એ જ મકાન પર સુંદરજી શેઠ ઉતર્યા. અને મકાનના બીજે માળે ઘડીક ઉભા રહ્યા. મનોરદાસે બે સાંકળો જોડી દીધી. આ શેઠ અને પેલી જવાન સ્ત્રી તે તેમની પત્ની હોવી જોઇએ.

તેણે દુકાનદારથી પૂછપરછ શરૂ કરી અને વાચાળ દુકાનદારે શેઠની બધી જ વાત કહી નાખી.

"મોરલી શેઠાણી, બડી રંગેલ બાયડી છે." દુકાનદારે કહ્યું. બે વર્ષ પર જ શેઠ પરણ્યા."

"એમકે ?" મનોરદાસે પૂરેપૂરી બેદરકારી ભરેલી રીતે કહ્યું.

"પણ શેઠ તો સારા માણસ જણાય છે."

"બહુ સારા છે, આખા મહોલ્લામાં મદદ કરે છે. તાવની ઋતુમાં ટીકડીઓ વહેંચે છે. બે ચાર ગરીબોને અનાજ પૂરૂં પાડે છે ! અને કોઇને

કફન, કોઇને કાંઈ, કોઈને કાંઇ. મહિને પચીસ–પચાસ રૂપિયા ખેરાત કરે છે. એક દુઃખ છે બિચારાને."

મનોરદાસે આશ્ચર્યથી ડોક ઊંચી કરી. "છોકરાં નથી તેનાં વલખાં છે. છોકરાં માટે શેઠાણીનો પણ તરવરાટ વધ્યો છે. હમણાં એક નવા માસ્તર" અને, વાતુડીઓ દુકાનદાર એકદમ અટકી પડયો.

"છોડી દો વાત, હવે આગળ નથી કહેતો."

પણ વાતુડીયા માણસ વાત કહેતાં કયાં અટકયા છે ? વાતુડીઆ માણસને વાત કરવી એટલે પેટનું ગુંગળામણ ઓછું કરવું. એનાથી વાત પૂરી કર્યા સિવાય રહેવાય એમ જ હોતું નથી. તેણે પોતાની વાત પાછી શરૂ કરી.

"તમારે જોવું શેઠ !! દુનિયામાં ખાવાનું છે, ત્યાં બાળક નથી અને મારા જેવા ગરીબને ત્યાં ખાવાનું નથી, ત્યારે આઠ ભેગાં થયાં છે." પિસ્તાનું પડીકું વાળતાં દુકાનદારે શેઠની વ્યથા ભેગી પોતાની આત્મકથા ઉમેરતાં કહ્યું.

"ઓહો તમને આઠ છોકરાં છે ?"

"હા ભાઈ !! અને બે મહિના પછી પાછો એનો એ અવસર છે."

ઘરાકને પૈસા પાછા આપતાં દુકાનદાર બોલ્યો.

"મારા જેવાને પૈસાની મારામારી અને વલખાં છે અને આ સુંદરજી શેઠ પાસે પાંચ લાખ રૂપિયા છે–વધારે હશે, ત્યારે તેમને ત્રણ સ્ત્રીઓ થઇ તો પણ બાળક ન થયું. તેને બાળકનાં વલખાં છે, એટલે આ ચોથી કરી, અને તમે જાણો જ છો કે'ની શેઠની ઉમ્મર–બાયડીની જુવાની–મનોરદાસભાઇ, એનું નામ કાંઇ નહિ." સુંદરજીશેઠનાં લગ્નની વાત નાપસંદ કરતો દુકાનદાર બોલ્યો. "એનું નામ વેવલાં" તેણે પાછું ઉમેર્યું.

મનોરદાસ દુઃખી થઇ ગયો. જો સોનલને આ ખબર પડે તો જરૂર તે "જીભ કરડીને મરી જાય." મનોરદાસને કમકમાં આવી ગયાં.

તે નાગરદાસને વખતોવખત પ્રભાકર અને સોનલના સમાચાર લખતો હતો. અકબરખાન પઠાણ પાસેથી પૈસા ઉપાડયાની વાત પણ તેણે

લખી હતી અને એ નાણું બારોબાર ચૂકવવા પણ સલાહ પૂછી હતી, પણ નાગરદાસે ના પાડેલી. પૈસાની હંમેશની તાણ ઉડાઉ અગર અનીતિમાનને ઠેકાણે રાખે છે. એટલે એટલું દેવું ભલે માથા પર ઉભું રહે. જ્યારે તે ન આપે અને ફજેત થવાનો વખત આવે, ત્યારે આપી દેજો." નાગરદાસે લખેલું.

પ્રભાકર સુંદરજી શેઠને ત્યાં ફસાયાની હકીકત લખવી કે કેમ? રોજ ને રોજ આ વિચાર મનોરદાસના મનમાં ઘોળાયા કરતો! નાગરદાસને આ હકીકતથી અત્યંત આઘાત થશે, એમ તે સમજતો હતો. સોનલના ગયા બાદ નાગરદાસ સાદું દુઃખનું જીવન ગાળતો હતો. તેના દુઃખમાં વધારો ન કરી શકાય. મનોરદાસે પ્રભાકર સંબંધી આ નવી વાત ન લખી, પણ આ વાત મનોરદાસના હ્રદયમાં રોજ એક નવો ચીરો પાડતી. આ વાત એક દિવસ તો બહાર આવવાની જ. પાપ તો મોભે ચઢીને બોલે છે. અનીતિ માત્ર ટૂંક સમય માટે જ ઢાંકી શકાય છે. અનીતિ સુખ ક્ષણિક આપે છે, પણ દુઃખ કાયમનું વળગાડી જાય છે. મનોરદાસ સોનલને આવતે જતે ફરતે હરતે દેખતો ત્યારે તેના મનમાં થતું, ફરી લેવા દો, બિચારી નિર્દોષ સોનલ, સુખના જેટલા દિવસો પસાર કરે તેટલા સારા. બનવા જોગ છે કે, પ્રભાકરની વાત એને ખબર નયે પડે. પ્રભુ કરે અને આ અનીતિની વાત ન જાણે. કારણ પ્રભાકરને નીતિની બાબતમાં નિદાન, નિર્મળ અને પવિત્ર માનતી સોનલ જ્યારે તે વાત જાણશે, ત્યારે એના દીલના કટકા થઈ જવાના છે એમ મનોરદાસ જાણતો હતો. તેણે પ્રભાકરની અનીતિની વાત પડીકે બાંધી હ્રદયમાં સમાવી દીધી. એટલું જ નહિ પણ તેણે આ સંબંધ કેમ તૂટે તેનો પ્રયાસ કરવા માંડયો.

મનોરદાસ જબરો હતો. તેણે સુંદરજી શેઠને નનામા પત્રો લખી તેના ઘરમાં ચાલતી અનીતિથી વાકેફ કર્યા. પણ આ પત્રની કાંઇ અસર થએલી જણાઇ નહિ, ઉલટું પ્રભાકરને સુંદરજી શેઠ જોડે સાંજના પહોરના ગાડામાં ફરવા જતાં જોયો. તે સમજી ગયો કે, "માનો ન માનો પણ આમાં સુંદરજી શેઠની ચશ્મપોશી છે." તેને સુંદરજી પ્રત્યે તિરસ્કાર ઉપજ્યો. સંતાનની ઇચ્છાથી ઘરમાં અનીતિ ચાલનાર પોતાનું ઘર બગાડે

તેની કશીજ કાળજી નહોતી. પણ તેને બીજા કુટુંબનો, કોઈ બીજી પત્નીના સંસારનું સત્યાનાશ વાળવાનો શો અધિકાર છે. તેણે સુંદરજી ઉપર ચીડાઇને બીજો પત્ર લખ્યો.

"તમને સંતાનની ઈચ્છા હોય તો, કોઇ મનપસંદ અપરણિત જુવાન શોધી કાઢો, પણ કોઇ પરણેલા જુવાનને આડે માર્ગે ઉત્તેજન આપી તેનો સંસાર શા માટે ધૂળમાં મેળવો છો ?"

પણ તેણે જોઇ લીધું કે, પોતાના સ્વાર્થ આગળ સુંદરજીશેઠને બીજાના સંસારની પડી જ નહોતી.

* * * *

મનોરદાસની આ યોજના પાર ન પડી. તેણે બીજી યુક્તિ વિચારી. માંગણ બ્રાહ્મણનો વેશ લીધો. માથે ધૂળીઆ પાઘડી, કસવાલી બંડી, થીગડાંવાળું પંચીયું, બે ખાંધે બે ઝોળી, પાઘડીમાં બે ત્રણ લાંબાં ટૂંકાં ટીપણાં લઇ તે એક વખત સુંદરજીશેઠને ત્યાં જઇ આવ્યો. તેનો વિચાર, મોરલીથી પરિચય સાધીને બે ચારવખત ભિક્ષા પણ લઈ સમય જોઇ મોરલીની હસ્તરેખાઓ જોવાનો અને મોરલીનું ભવિષ્ય કહેવાનો હતો. ચાર પાંચ ફેરા માર્યા પછી એકવાર સમય આવી પહોંચ્યો.

"મહારાજ ! ભીખ જ માગો છો કે કાંઇ ભણ્યા છો ?" મોરલીએ શ્રીમંતાઇના વિવેક સાથે પૂછ્યું.

"શાસ્ત્ર વગેરે તો કાંઈ નથી શીખ્યો બેન, પણ સ્વરોદય અને સામુદ્રિક થોડું જાણું છું."

"એટલે શું ?"

"એટલે શું ? એટલે કે હું હાથ જોઉં છું બેન, લોકોનું ભવિષ્ય કહું છું."

"ત્યારે મારો હાથ જુઓ." કહી મોરલીએ પોતાની હથેળી ધરી.

"જરીવાર ઉભાં રહો."

મનોરદાસ આંખો બંધ કરી નાક ઉપર ટકોરો મારી નસકોરે આંગળી ધરી ને બોલ્યો.

"આજે નહીં બેન."

"કેમ?"

"સ્વરોદય ના કહે છે. આવતે બુધવારે."

"કેમ, મહારાજ, આજે કેમ નહિ?" મોરલીએ આશ્ચર્યથી પૂછ્યું.

"એમ છે બેન!! સ્વરોદયનું શાસ્ત્ર છે. જ્યારે જમણાં નસકોરામાંથી પવન જાય ત્યારે જ હસ્તરેખા જોવાય અને અત્યારે પ્રાણ પવન વામ નસકોરામાંથી પસાર થાય છે."

"તો આવતા બુધવારે આવજો."

"જરૂર આવીશ."

તે દાદરનાં પગથીયાં ઉતરવા માંડ્યો. બે પગથીયાં ઉતરીને પાછો ફર્યો.

"બેન?" તેણે મોરલીને હાંક મારી.

"કેમ મહારાજ?"

"બેન, તારે બીજા બ્રાહ્મણો વાતો કહે છે, તેવી વાતો જાણવી છે કે જીંદગીની ખરી જ વાતો જાણવી છે?"

"એટલે?"

"એટલે એ કે હવેના બ્રાહ્મણો તો ઘર જુએ અને કહે બેન, તારા નશીબમાં પૈસા છે, કપાળે કંકુ જુએ અને કહે કે બહેન તું સૌભાગ્યવતિ છે. બાળકો રમતાં જુએ અને અડસટ્ટે બાળકોની વાત કહે, અને બીજું તો મીઠું મીઠું રૂચીકર લાગે તે કહે. એવું કહેવું હોય તો તેમ!"

"ના, ના મહારાજ, મારે તો ખરી વાત જાણવી છે."

"ત્યારે તો એટલું કરજે બેન, કે તું એકલી રહેજે. કારણ ખરી વાતમાં તો બે સારી લાગે એવી યે હોય અને બે દુનિયાથી છાની રાખવા જેવી, આપણે પોતાને જાણવા જેવીયે હોય, માટે જેવી તારી મરજી. કોઈ બીજું હશે ત્યારે નહિ કહેવા સરખી વાત તને નહિ કહું બેન" મનોરદાસે શ્રદ્ધા બેસાડી.

અનીતિમાન હૃદયોને બધાંની વચમાં હાથ અગર ટપકો બતાવતાં પણ સંકોચ થાય છે. બનતાં સુધી તો તે કોઈને કશું જ બતાવતાં નથી. મોરલીને પણ એ જ વિચાર આવ્યો. તેના મનમાં ધડભાંગ થવા માંડી. એટલામાં તો બુધવાર આવીને ઉભો રહ્યો. બપોરના બે વાગ્યા ને બુઢ્ઢો બ્રાહ્મણ પાછો આવ્યો. આખરી નિર્ણય કરી લેવા માટે માત્ર બે પાંચ મિનિટ જ રહી.

“એમ કાંઈ આપણી છાની વાતો બ્રાહ્મણને ખબર પડે છે?” મોરલીને વિચાર આવ્યો. “એ તો અમથા બહુ બહુ તો ચાર આના લઈ જશે અને લવારો કરશે તો કઢાવી મૂકીશ.” એટલામાં રામો આવ્યો. રામાના દેખતાં તો હાથ ન જ બતાવાય. તેણે રામાને જસાંકાકી પાસે મોકલી દીધો.

“હું આવું ત્યાં સુધી તારે જસાંકાકી પાસેથી ઉઠવાનું નથી.” તેણે રામાને ઠપકો દેતાં કહ્યું.

“પણ પડીકું આપવાનો વખત થયો છે.”

“હમણાં પા કલાકમાં આવું છું, પણ ત્યાં જ બેસજે ઉઠતો નહિ.”

આજ્ઞાધારક રામો ત્યાંથી અદૃશ્ય થયો. મનોરદાસે મોરલીનો હાથ જોવા માંડ્યો. “કહો બેન શ્રીમંત પતિ સાથે પરણ્યાં છો.”

મોરલીએ હા કહી.

“ઘેર નોકર, ચાકર, વાડી, ગાડી બધું સુખ છે.”

“છે.” મોરલીએ કહ્યું.

“પોતાના માલિકીના મકાનમાં રહો છો.”

“ખરી વાત.”

“ત્યારે હવે બીજું શું જોઈએ. સૌભાગ્યવતી રહો, દક્ષિણા આપો.”

“કેમ મહારાજ? એમાં તમે વધારે શું કહ્યું, એ તો બજારમાં કોઈને પૂછીને પણ કહેવાય.”

"ત્યારે તમારે બીજું જે પૂછવું હોય તે બીજું પૂછો, તમે પૂછતાં જાઓ, હું તેનો ઉત્તર દેતો જાઉં."

"પણ તમે તમારી જાતે તો કહેવા જેવું કહો."

"ત્યારે તો સાંભળો બેન, તમે ચૂડીચાંલ્લા એ જવાનાં. હજૂ બાળક નથી, પણ ભાગ્યમાં બાળક છે ખરાં. જીવશો ત્યાં સુધી સુખ ભોગવશો. આનંદ કરશો." ધનરેખા ખાસ્સી મોટી પડી છે. જીવશો ત્યાં સુધી ગાડીઘોડા, ઐશ્વર્ય બધું કાયમ રહેવાનું છે. તમારા પતિના તમારા ઉપર ચારે હાથ છે. તમે બેસાડો ત્યાં બેસે અને ઉઠવાનું કહો ત્યારે ઉઠે, પણ પતિ વૃદ્ધ છે. કેમ કહો સાચું છે કે નહિ?"

"પતિ વૃદ્ધ છે" મોરલીને શ્રદ્ધા ચોંટી. બાળક થવાની આશા બંધાઇ. હવે તેણે પ્રશ્નો પૂછવા માંડયા.

"બાળક થશે તે કયારે થશે?"

મનોરદાસે પાછી નસકોરા ઉપર આંગળીઓ મૂકવા માંડી. તેણે ઉત્તર આપતાં પહેલાં આસપાસ જોયું.

"કેમ મહારાજ, આસપાસ જૂઓ છો?"

"એમ છે બેન, કે તમારા પ્રશ્નનો ઉત્તર દેતા પહેલાં આસપાસ જોવું પડે એમ છે."

ત્યારે મહારાજ શું ખરેખરા ભવિષ્યવેત્તા હતા?

"કોઈ નથી. જે કહેવું હોય તે કહો."

"પણ બેન, તમને ખરી વાત કહેતાં ખોટું તો નહિ લાગે?"

"ના નહિ લાગે, કહો ને."

"ખાઓ, મારા સમ?"

અને મોરલીને હવે શ્રદ્ધા બેસવા માંડી. તે ઉત્તર જાણવા અધીરી બની હતી. તેણે કહ્યું, "તમારા સમ" અને મનોરદાસે કહ્યું.

"બેન, જરા ઉઠીને જોઇ આવો, પેલો તમારો નોકર કયાંય લપાઇને ઉભો તો નથી?"

મોરલી ઉઠીને જોઇ આવી. આસપાસ કોઇ નહોતું.

"એમ છે બેન," અને પાછું મનોરદાસે આસપાસ જોયું અને કહ્યું. "તમારા નશીબમાં બે પુત્ર છે, થશે!!"

મોરલીએ નિઃશ્વાસ મૂકયો. "પણ કયારે થશે?" મોરલીએ ખૂબ અધીરાઇથી પૂછ્યું.

"અનીતિ છોડશો ત્યારે."

મોરલી ચમકી. શું આ બ્રાહ્મણ સત્ય કહેતો હતો!! મનોરદાસે મોરલી તરફ સહજ જોયું, "કેમ ચમકયાં. શું હું અસત્ય કહું છું?"

મોરલી એક ક્ષણ થંભી ગઈ, પછી બોલી.

"તમે કેમ જાણ્યું?"

"ખોટું તો નથી લાગતું ને?"

"ના! ના!! પણ કહોને, તમે જાણ્યું કેમ?"

"એમને એમ જાણી શકાતું નથી. વ્રત–નિયમ જાળવવા પડે છે. શુદ્ધ રહેવું પડે છે. સાધના કરવી પડે છે."

"એમ કે!"

વળી પાછું મનોરદાસે આસપાસ જોયું.

"એટલે એમ કે બેન, તમારા જેવી સુશીલ સ્ત્રી, એણે પરપુરુષનો ખ્યાલ પણ ન કરવો જોઇએ. તમને તમારા પતિથીજ સંતાન થશે. માટે શિક્ષકનો મોહ છોડો."

મોરલી સજ્જડ થઇ ગઇ. બ્રાહ્મણે બધું જાણી લીધું! શું હસ્તરેખાનું શાસ્ત્ર ખરૂં હશે? બ્રાહ્મણે કહેલી વાતો સચોટ હતી. તેણે ધીરે સ્વરે પૂછ્યું.

"મહારાજ, તમે આ બધું કેમ જાણી શકયા?"

"મને કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ છે, તેથી કહી શકું છું. જુઓ, એકસો સત્યનારાયણ કરાવજો અને પતિપરાયણ રહેજો. પ્રભુ બધાં રૂડાં વાનાં કરશે."

મોરલી વિચારમાં પડી ગઇ. મનોરદાસે કહ્યું.

"હું માનું છું બેન કે પહેલું તો તમે કરશો પણ મેં બીજું કહ્યું તેમાં તમને શ્રદ્ધા બેસતી નથી પણ ખચીત માનજો કે હું સાચું જ કહું છું."

મોરલીએ મોટો નિઃશ્વાસ મૂકયો. મનોરદાસે મોરલીના ચહેરા પર થતી અસરોનો અભ્યાસ કરવા માંડયો.

"પણ મહારાજ એ કેમ બને?"

"એક લાખ રૂપિયા હારી જાઉં, મારો ધંધો છોડી દઉં."

ભીખારી ભટકતો બ્રાહ્મણ લાખ રૂપિયા હોડમાં મૂકે તો એની પાસે શું લેવાનું?

મનોરદાસ ઉઠીને ઉભો થયો. "લ્યો બેન ત્યારે રજા માગું છું." તેને મોરલી પાસે વધારે બેસવું નહોતું. "બે વર્ષે આવીશ અને ઘેર પારણું બાંધેલું જોઇશ, પછી તમે મને જરૂર હું માગું તે આપવાનાં છો."

મોરલી અશ્રદ્ધા, અવિશ્વાસનું કાંઇક હસી અને મનોરદાસના હાથમાં બે રૂપિયા મૂકવા માંડયા.

"હું કાંઈ લેતો નથી. લ્યો જયપ્રભુ."

"બેન બે વર્ષે જરૂર આવીશ." મોરલીના વિચારને વંટોળીએ ચઢાવી, મનોરદાસ નીચે ઉતરી પડયો.

મોરલીએ ઘણા બ્રાહ્મણોને ટપકો બતાવ્યો હતો. ઘણાને હાથ બતાવ્યો હતો, પણ આ બ્રાહ્મણ, આ ધૂળધોયા જેવો નિર્માલ્ય દેખાતો બ્રાહ્મણ શું કહી ગયો? શું સુંદરજી શેઠથી તેને બે પુત્રો થશે! જાણે અંદરથી અવાજ આવ્યો હોય. શું થાય? એમ મોરલીએ નકારનું ડોકું હલાવ્યું.

પ્રકરણ ૨૧ મું

પ્રભાકર બગડયો

મનોરદાસે બ્રાહ્મણનો સ્વાંગ કર્યે એક મહિનો થઈ ગયો. પણ ધારી અસર ન જણાઇ. અને હવે તો પ્રભાકરની ટ્રસ્ટની નોકરી છૂટી

ગઈ હતી એટલે તેણે મોરલી સાથે આખો બપોર ગાળવા માંડયો. જસાંકાકી ખાટલા પરથી ઉઠી શકે એમ નહોતું. વૈદે જસાંકાકીનું ભવિષ્ય ભાખી દીધું. "થોડા દિવસના પરોણા છે. જૂના જમાનાનાં હાડકાં કાંઈ ટપ લઇને પડી જવાનાં નથી. પણ બે મહિને, ત્રણ મહિને પણ ડોસી વાત કરતાં કરતાં રહી જશે," સુંદરજી શેઠને ડોશી મુવાનો શોક નહોતો અને મોરલીને તો જસાંકાકીનું સાલજ હતું. મરશે તો કટકટારો ઓછો થઇ જશે. અને આપણા ઘરમાં છીંકણી વેરાતી મટશે.

જસાંકાકીની ચાકરી રામો જ કરતો. તે ગરીબ હતો. અને સુંદરજી દયા ખાતર તેને પાળતા. દલ્લો હોત તો જસાંકાકીની ચાકરી કરનારાં ઘણાં મળત. સુંદરજી ગરીબ હોત તોપણ તેને કાકીની ચાકરી કરવા દીલ હોય અને સમય મળત, પણ ગરીબની ચાકરી શ્રીમંતને કયાં ગમે છે! ગરીબ, નિરાધાર માણસને બહુ જીવવું સારૂં જ નહિ, પ્રભુ એમને વહેલાં છોડવે તેજ વધારે સારૂં સુંદરજી શેઠ આમ જસાંકાકીની દયા ખાતા. મોરલી તો નવી અને લાડકી, શેઠનો વંશ રાખવા માટે આણેલી. તે તો સાફ કહેતી, "તમારે ચાકરી કરવી હોય તો કરો. મારાથી એવી ચાકરી નહિ થાય" અને જસાંકાકીની માંદગી વધતાં સુંદરજીએ એક બાઈ ચાકરી માટે રાખી લીધી.

હિંદનો શ્રીમંત એટલે માત્ર પૈસા પેદા કરનાર અને ઘણેભાગે તેને અનીતિને માર્ગે ઉડાવનાર, પરવશયંત્ર. અપવાદ બહુ જ ઓછો.

લક્ષ્મી બીજા દેશના શ્રીમંતોની જેમ હિંદના શ્રીમંતોને તામસી બનાવી દે છે. પૈસા પેદા કરવામાં અને પેદા કરેલો વધારવામાં તેઓ ગમે તે વાત જતી કરે છે. શરીર અને તંદુરસ્તીની એને કાળજી હોતી નથી. તે જાણે એકલાં ખાધેજ વધતાં હોય એમ તે માને છે. શરીરને થોડા વ્યાયામની જરૂર છે એમ તેઓમાંના ભાગ્યે જ કોઇ માનતા હશે, અને માનતા હશે તો શરીરની દઢતા અને સૌષ્ઠવ માટે તેમની કાળજી ઓછીજ. તેમને શરીર સંપત્તિનો ખ્યાલ એટલોજ કે બજારમાં જવા જેટલું શરીર ચાલતું જોઇએ.

દવાથી આમ ચાલે છે માટે તેને વ્યાયામથી નિરોગી અગર રોગ રહીત કરવાની જરૂર છે એમ તેમને નથી લાગતું. ગૃહના ભોગવિલાસમાં એમને

ઉણપ જણાય છે. ઘરમાં અને બહાર ભોગવિલાસનાં સાધનો વિનાની જીંદગી શ્રીમંતોને સુખની અછત સરખી લાગે છે. તેઓ ધર્મને માને છે. ધર્માધ્યક્ષોના પાદપૂજન કરે છે. ધર્મશાળાઓ બંધાવે છે. મહારાજો અને મસીદોમાં ખૂબ પૈસા આપે છે. કથા, વાર્તા બધામાં આનંદ લે છે, પણ કાળજી રાખે છે કે એ સર્વની અસર હૃદય પર એવી ન થાય કે જેથી તેમની કમાણીમાં કે, કમાણી કરવાની રીતભાતમાં વાંધો આવે. તેમની રસોઇ ભાડૂતી રસોઇઓ રાંધે છે. ચાકરી ભાડૂતી નોકરો અગર નર્સ કરે છે. અને પરદેશીવસ્ત્રો તેમનું શરીર આચ્છાદીત કરે છે.

શ્રીમંતોની ઉપરવટ માત્ર રાજસત્તાજ હોય છે. ગરીબ તો તેમની ચાકરી માટે પ્રભુએ પેદા કરેલાં હોય છે. એટલે આ ગરીબો ઉપર સત્તા ભોગવવાનો, ગરીબોને સાધન બનાવવાનો તેમનો સ્વયં સિદ્ધહક્ક છે. જેટલા પૈસા શ્રીમંતો એશઆરામમાં ખર્ચે છે. જીવનના ક્ષણિક અને અનુત્પાદક સુખ ભોગમાં ખર્ચે છે તેમાંનો અડધો ભાગ જો ગરીબના કલ્યાણ માટે ખર્ચાતો હોત તો, શ્રીમંત અને ગરીબની મારામારીનાં મૂળ જામવાજ ન પામ્યાં હોત. ચાકરી કરાવનાર કોઈની ચાકરી નજ કરી શકે. અને મહેરબાની કરવી એ વ્યક્તિગત પ્રસન્નતાની વાત છે. આ માન્યતાથી શ્રીમંતો પ્રભુ લઇ લે ત્યાં સુધી શ્રીમંતાઇની પેઢીધર અને સમાજધર વારસો મૂકતાજ જાય છે. શ્રીમંતની પત્નીઓનું પણ કાંઇક એવુંજ, શરીરની ચપળતા પૂરેપૂરી ઘટે ત્યાં સુધી શરીરની સ્વતંત્રતા આડે ન આવવું અને છતાં એ શરીર હજુ આગળ વધ્યુંજ જાય એવાં ખાનપાન રાખવાં. શ્રીમંતોની પત્નીની શ્રીમંતાઈ નથી તો બાળ સેવામાં જણાતી, નથી તો જન સેવામાં વપરાતી, તેમને તો પ્રભુએ આપેલી શ્રીમંતાઈ હિંદોળે ઝુલાવ્યા કરવાની હોય છે. ગર્ભમાં ઝૂલાવ્યા કરવાનીજ અને બાળક પેદા થવાં એ તો કૂદરતની વાત છે પણ પછી એ બાળકનું ધાવણ આયાને હાથે, ઉછેર ઘાટી ઘાટણને હાથે, વિદ્યાભ્યાસ માસ્તરોને હાથે, સંસ્કાર અને ઘડતર ભાડૂતી–ઘણુંખરૂં પરદેશી સાથીઓને હાથે, વેપાર મહેતાજી, મુનીમને હાથે, ધર્મભાવના, વ્હેમ અને અસાધુતાથી રચ્યાપચ્યા કોઈ સાધુને હાથે, આમ શ્રીમંતોના સંસાર કેવળ પરદેશી પરભોગીજ ચાલે છે. અમુક અપવાદ સિવાયની આ શ્રીમંત સૃષ્ટિને જગતને પરાધીનતામાં રાખવાની, જગત પર સત્તા વાપરવાની અને જગત

પાસે ચાકરી કરાવવાનીજ ટેવ પડી જાય છે. જગત પર તેમની કૃપાદષ્ટિ ઉતરે છે, તે સેવાની ભાવનાથી નહિ પ્રતિષ્ઠાની ભાવનાથી, ઉપકારની ભાવનાથી—આ શ્રીમંત સૃષ્ટિમાંથી સુંદરજી શેઠ ક્યાંથી બાતલ હોઇ શકે ? જસાંકાકી એટલે આશ્રીત, તેની કિંમત સુંદરજી શેઠના ઘરમાં બીનઉપયોગી આશ્રિત સરખીજ હતી. અખપનું ખોવાય નહીં તેમ જસાંકાકી સુંદરજી શેઠના મકાનમાં જીવનદીપ બૂઝાયા પહેલાંનું ઝાંખુ માનહીન, અર્થહીન, શય્યાવશ, પરવશ જીવન ગુજારી રહ્યાં હતાં.

જસાંકાકી પથારીવશ થવાથી મોરલીની સ્વતંત્રતા વધી હતી. રામો તો મોરલીનોજ માણસ હતો. જસાંકાકીની નર્સ કાંઇ ઘરની કાયમની નોકર નહોતી, તે ઝાઝુ ભણેલી પણ નહોતી. ગરીબ હોવાથીજ આવું ચાકરીનું કામ તેણે સ્વિકાર્યું હતું. પ્રભાકર હવે તો જમીને સીધો બપોરે એક બે વાગે સુંદરજી શેઠના ત્યાંજ આવતો. પાનાં ટીપાતાં ઠીઠાઠોલી ચાલતી. ધકાધકી પણ થતી અને કોઇ કોઇ વાર તો દોડાદોડી પણ થતી. માણુસ મર્યાદા સાચવે છે ત્યાં સુધી મર્યાદા પણ માણસને સાચવે છે, પણ એક વાર તેણે મર્યાદા છોડી પછી મર્યાદા માણસને સાચવવાનું મૂકી દે છે. તેને અધમ બનાવે છે. જાણે જગતને જોવાને આંખ ન હોય, સાંભળવાને કાન ન હોય અને સમજવાને બુદ્ધિ ન હોય તેમ અમર્યાદ જીવન માનવીને નિરંકુશતાને અંતિમ આરે લઇ જઇ પાપના બૂડામણા પાણીમાં ધકેલી દે છે. એક કુટેવમાંથી બીજી, બીજીમાંથી ત્રીજી એમ અનેક કુટેવોથી વીંટળાયેલો, કુટેવોનો કેદી બનેલો માનવી અટવાઇ, અથડાઈ, રખડી, રઝળી, કમોતે મરે છે, ત્યારેજ તેનું જીવન પ્રકરણ પુરૂં થાય છે.

મોરલી અને પ્રભાકરનું એવુંજ હતું. હવે તો બપોરના સમયે તેઓ કોઇ કોઇવાર સુંદરજી શેઠની વાડીએ જતાં અને છાકટાં પણ થતાં. કોઇકવાર એવું પણ બનતું કે, સુંદરજી શેઠ ઘેર આવ્યા પછી પણ તેઓ પાછાં વળતાં. આમ મોડું થતાં સુંદરજી શેઠ કાંઇ બોલતા નહિ એટલે બન્નેએ તેમની સંમતિ માની લીધી હતી. કોઇ કોઇવાર રજાના દિવસે તો શેઠ પણ બન્નેને લઇને વાડીએ જતા અને બે ચાર કલાક બાગમાં-બંગલામાં, આનંદમાં ગાળતા. પ્રભાકર સુંદરજી શેઠનો કુટુંબીજન બની ગયો હતો, જાણે કુટુંબ ઉપર ઉપકાર કરનાર બની ગયો હતો !

વચમાં બે ચારવાર મુલચંદ માસ્તર શેઠને મળેલા ત્યારે શેઠે પ્રભાકરની પ્રશંસા કરેલી. પ્રભાકરને ચોક્કસ થયું કે, પોતે શેઠ અને મોરલીનો બન્નેનો માનીતો માણુસ છે.

માનીતા માણુસને જે સાહેબની આશા હોય તે બધીજ તેને મળતી. મોરલીના માસિક ખર્ચનો મોટો ભાગ હવે તો પ્રભાકરજ વાપરતો. અને કોઈ કોઈ દિવસ તો શેઠને ત્યાંથી ઘેર આવતાં "યુરોપ શોપ"ની પણ મુલાકાત લેતો. જમતી વખતે સોનલ તેની ઘેરી આંખો તરફ જોયા કરતી. "એની આંખો કેમ ઘેરી છે." પણ પ્રભાકર મદિરા પીતો હશે એમ તેને શંકા સરખી નહોતી આવતી.

પણ એક દિવસ પ્રભાકર 'યુરોપ શોપ'માં બેઠો અને તેના સિનેમાના બે ચાર જૂના મિત્રો અચાનક આવી પહોંચ્યા.

"હલ્લો, પ્રભાકર?" અરે આય તું કબરમાંથી કયાંઠી ફૂતી નીકલીઓ જે" કેકીએ તેની સાથે હરખભેર શેકહેન્ડ કરતાં કહ્યું.

"કયાં મરી ગયો તો ?" બીજાએ કહ્યું.

"કેમ બચ્ચા મેં ના કહ્યું હતું કે, તું એ બંગાળણ જોડે ન બેસ, એ શેઠની માનીતી છે. પણ તેં મારૂં ન માન્યું" એમ કરીને એક ત્રીજો ખુરશી ખેંચીને બેઠો.

"શું કરેછ દોસ્ત?" કરેછ શું?" ચોથો બેસતાં બેસતાં બોલ્યો.

"એકલોજ મુવોછ કે કાંઇ બૈરૂં-બૈરૂં લાયો" કેકીએ પ્રભાકરની દાઢ ઉંચી કરતાં કહ્યું.

દૂકાનમાં ઘરાકી જામી. વસતિ જણાઈ. ચારે જણાએ વીસ્કીની બાટલીઓ ખાલી કરવા માંડી. પ્રભાકર ના પાડીને કયાં જાય! ઉભા થઇને કૂદી કૂદીને દોસ્તો દબાણ કરે ત્યાં ના કેમ પડાય ?

ચાર મિત્રો જ્યારે બ્હાર નીકળ્યા, ત્યારે પ્રભાકરના પગ જરા જરા અસ્થિર હતા. તેણે બીતાં બીતાંજ પીધેલું અને છતાં પણ વીસ્કી માથા પર ચઢવા માંડી હતી. તે ચાલના દાદર પર ચઢી ઓરડીમાં પેઠો. તે લથડતે પગે, ભપ્પ લઇને ખુરશી પર બેઠો અને સોનલ ચમકી.

"તબિયત બગડી છે કે શું" હાથમાંની ચોપડી બાજુ પર મૂકીને તે સફાળી ઊઠી. તબિયત પૂછવા તેણે ડોકું નીચું કર્યું અને તે સમજી ગઈ. પ્રભાકરે દારૂ પીધો હતો !

પ્રભાકર ક્રોધી હતો. મા–બાપ પર તેને પ્રીતિ નહોતી. તે ઉછાંછળો પણ હતો. જૂઠું પણ બોલતો અને પોતાની સ્થિતિ ઢાંકવા તે વાતો પણ બનાવતો. શું તે દારૂ પણ પીતો હતો ?

સોનલને ઘણું દુઃખ થયું. તેને રોષ ચઢી આવ્યો. જ્યાંથી ઉઠી હતી તેજ ખુરશી પર આવીને બેસી ગઈ. ઘડીભર ખુરશી પર લથડાઈને પડેલા પ્રભાકરને અનિમિષ જોઈ રહી. "તમારામાં કેટલી કુટેવો ભરી છે." તેનું મન બોલ્યું. માત્ર મન બોલ્યું નહિ, તેનું હૃદય પણ તેને કાંઈ કહી રહ્યું હતું. અને આવા પ્રભાકર સાથે તેં પ્રેમ કર્યો. "પણ એ તો હમણાં બગડયા. જ્યારે મારા હૃદયે એમને સ્વીકાર્યા ત્યારે તો એ કેટલા પવિત્ર હતા ! !" અંતરમાંથી કોઈએ જવાબ દીધો. "જરૂર એમની સોબત નઠારી હોવી જોઈએ. નહિ તો આમ કેમ બને–આમ પીતાં કયાંથી શીખે !" સોનલે મન વાળ્યું.

દશેક મિનિટ થઈ હશે અને તે ઊઠી. ખુરશી પર પડેલા પ્રભાકરને કોઈ બહારથી જોતું હતું. તેણે ઓરડીનાં દ્વાર અડકાવ્યાં.

"હવે જમવા ઉઠવું છે ?" તેણે પ્રભાકરને ઢંઢેળવા પ્રયત્ન કર્યો.

"હવે વધારે નથી પીવું. ! ! બહુ થયું !!" જાણે મિત્રોના આગ્રહને પાછો વાળતો હોય તેમ પ્રભાકર લવતો હતો.

તે હસ્યો. "દોસ્ત–કેકી, હવે બહુ થયું. ઘેર ફજેતી થાય." તેની લવરી આગળ ચાલી.

સોનલે તેને બીજી વાર ઢંઢોળ્યો. લથડેલું માથું સીધું કર્યું, પણ મર્યાદા અને જાગૃતિના બંધન બહાર ગયેલું માથું પાછું લથડયું. તે ખુરસી બહાર લટકતું હતું. સોનલે પ્રભાકરનો કોટ કાઢી નાંખ્યો અને ઠંડા પાણીના બે લોટા પ્રભાકરના માથા પર ઢોળ્યા. ઠંડા જળની અસર થઈ. પ્રભાકરે આંખો ઉઘાડી. ગાંડો માણસ સ્થિર પહોળે ડોળે જેમ ભાત જુએ

તેમ તે સોનલ સામે જોઇ રહ્યો. અર્ધ જાગ્રત અવસ્થામાં તેણે જાણે સોનલને દીઠી.

"માફી માગું છું." તે બોલ્યો. ઉભા થવાના પ્રયત્ને તેને પાછો ખુરશી પર ફગોટયો.

"માફી માગું છું." તેણે સોનલને હાથ જોડયા. બીજા પ્રયત્ને તે ઊઠયો. અને જો તેના હાથ સોનલે પોતાના ખભા પર ટકાવી લીધા નહોત તો તે ભોંયે જ પડયો હોત.

"મને માફ કર" તેણે વળી પાછું કહ્યું.

સોનલ નીચું માથુ કરી ઉભી રહી. તેનું અંતર રડી રહ્યું હતું. આંખમાંથી ખરી પડેલાં બે આંસુ તેના પગની પાનીઓ ભીંજવી રહ્યાં હતા.

"માફી માગું છું તોએ મારાં સામે જોતી નથી" અડધી બોટલજ પીધી છે. મેં તો બહુ ના કહી. પેલા સાલા કેકીએ પાયો. બદ્ધા બદમાશ. નથી માનતી, ખરી વાત છે, સાચ્ચું કહું છું. નહિ બોલે, નથી બોલવાની. ચાલ તારા પગે પડું." અને એક ગુન્હેગાર ગ્લાની અને પશ્ચાતાપ સાથે માફી માગે તેવા આર્જવથી પ્રભાકર તેને પગે પડવા જતો હતો. સોનલે તેને અટકાવ્યો.

ગમે તવા દુષ્ટ પતિને પણ પગે પડવા કેમ દેવાય, તેના પરનો પ્રેમ ઓછો થાય, તેના ઉપર અભાવ ઉપજે. તેના તરફ તિરસ્કાર પેદા થાય, ગમે તેવા સંજોગોમાં પણ પતિ પગે પડે એવી ઇચ્છા આર્ય મહીલાના હૃદયમાં હજુ સુધી તો નથી થઇ. સોનલે પ્રભાકરનું માથું ઝાલી પોતાના ખભા પર દાબ્યું. અને પોતાનું માથું તેના માથા પર દાબ્યું. આંખમાંથી પડતાં બોર બોર જેવડાં આંસુ ધરતીને તૃપ્ત બનાવતાં ટપક ટપક ટપકી રહ્યાં હતાં. સ્વસ્થ થતાં તેને થોડીવાર લાગી, પણ સ્વસ્થ થઇ તેણે પ્રભાકરનાં કોટ પાટલુન કાઢયાં. તેને ધોતીયું પહેરવામાં મદદ કરી. તેનું મોં ધોયું. માથા પર પાણી રેડયું. અને પોતાની નજીકજ પાટલો માંડી જમાડવા પ્રયત્ન કર્યો, પણ ચકચૂર માણસનું સ્થળ પાટલા પર ન હોય, પ્રભાકરે કાંઇ ખાધું નહિ. સોનલે તેનો હાથ ઝાલી શય્યામાં સુવાડી દીધો ખાવાનું

માંડી વાળ્યું. એકાન્તનો લાભ દુઃખી હૃદયો રડીનેજ લે છે. સોનલ રડી. બહાર મેના ઉભી હતી. તેને તેનાં ડૂસકાં સંભળાયાં. બારણું બંધ ન હોત તો મેના અંદર આવ્યા વિના ન રહેત. ભોળી વિશુદ્ધ અંતઃકરણની મેના સોનલનું દુઃખ, તેનું અંતઃકરણ ઝીલી ન શક્યું. તેને ડૂમો ભરાઈ આવ્યો. તે ગેલેરીમાં ઉભી હતી ત્યાંજ રડી પડી.

પ્રકરણ ૨૨ મું

પિતા-પુત્રી

બીજે દિવસે પ્રભાકર ઊઠયો ત્યારે તે સ્વસ્થ હતો પણ સોનલ અસ્વસ્થ હતી. રાતભર તે ઉંઘી નહોતી. ચહેરો મ્લાન હતો. આંખો સૂઝેલી હતી. તે કામે વળગી પણ અશબ્દ હતી. સોનલના આ અસહકારનું કારણ પોતાનું મદ્ય-પિણું હતું—એમ પ્રભાકર સમજતો હતો. પણ સોનલને બોલાવવાની તેની હિંમત નહિ ચાલી. આવી મૂક અવસ્થામાં દાતણ પાણી પત્યાં. ચ્હા પીવાઈ, સ્નાન થયું. બે કલાક આમ વીતી ગયા, આ સમય દરમિયાન સોનલે પ્રભાકરની સામે પણ ન જોયું. પતિ-પત્નીના મીઠા કજીઆમાં પણ એક બીજાનું સમાધાન કરવાનું હોય છે. પ્રભાકર તો પાકો ગુન્હેગાર હતો. તે પીધેલો પકડાયો. સ્વસ્થ થતાં તેને ઘણો પશ્ચાતાપ થયો. બીજા મદ્યપીઓ જેમ જુઠી પ્રતિજ્ઞાઓ લે છે તેમ તેણે પણ મન સાથે પ્રતિજ્ઞા કરી, "હવેથી દારૂ કદી ન પીવો" બે ચાર વાર તેણે હિંમત સમેટી સોનલને બોલાવવા પ્રયત્ન કર્યો, પણ હોઠ બહાર નીકળતાં પહેલાં બોલ ગળામાંજ ગૂંગળાઈ ગયા. તે પણ આખરે સોનલ તેની નજીક થઈને કાંઈ લેવા જતી હતી, ત્યારે પ્રભાકરે તેનો ખભો પાછળથી પકડી લીધો.

"નહિ બોલે ?" તેણે પૂછ્યું. તેના અવાજમાં ગરીબાઈ, આદ્રતા, મારી બધું હતું.

ખભો સકેલી સોનલ ખસી ગઈ. પ્રભાકર આગળ વધ્યો અને તેનો સ્પર્શ ચૂકવી પાછી ફરતી સોનલને બાથમાં ઘાલી લીધી.

"કેમ ? ક્યાં સુધી નથી બોલવું ?" તેણે સોનેલને ધીમે મીઠે અવાજે કહ્યું. તેની ડોક નમી અને તેના હોઠ સોનલના ગાલને અડક્યા જ હોત પણ સોનલે ડોક ફેરવી દીધી. જે પકડથી બન્ને જણાં ઉભાં હતાં તે એક ક્ષણભર ચાલુ રહી.

"મારી ભૂલ થઇ, માફી માગું છું." પ્રભાકરે કહ્યું. પણ સોનલ કાંઈ બોલી નહિ.

"મને મિત્રોએ ફસાવ્યો." સોનલ ચૂપજ રહી. "હું જુઠું નથી કહેતો. કેટલાક યુવાન મિત્રો મને રસ્તામાં મળ્યા, અને ઘસડી ગયા અને જબરદસ્તીથી મને દારૂ પાયો." સોનલ અબોલજ રહી.

"હવે કદી નહિ કરૂં. હવે કોઈ દિવસ ગમે તેમ થઇ જાય તોપણ હું દારૂ નહિ પીઉં."

"તમારે પીવો હોય એટલો પીઓ–જેની સોબત કરવી હોય તેની કરો, માત્ર મને છોડી દો." આખરે સોનલ બોલી. તે પ્રભાકર સામે તો હજુએ જોતી નહોતી.

"એમ ન બોલ. હું ફરીથી માફી માગું છું. બીજું શું કરૂં ! તું કહે તેવા સોગંદ ખાઉં ?"

"સોગંદ ખાધેલા શા કામના ? છોડી દો મને" છૂટવા પ્રયત્ન કરતી સોનલે કહ્યું.

"મદ્યપી અને કામીના સોગંદની કિમ્મતે શી ?"

સોગંદની કિંમત સમજનાર સોગંદ ખાવાનો વખત આણતો નથી. અને સોગંદ ખાનાર ઘણીવાર સોગંદની કિંમત સમજતો પણ નથી.

"તું મારા સામે જોઈ હસે નહિ ત્યાં સુધી તને નહિ છોડું." પ્રભાકર બોલ્યો.

પણ સોનલનું હૃદય પ્રભાકરને માફ આપવા તૈયાર નહોતું. તેની સામે જોવા પણ ના પાડતું હતું. તેણે હસવાનો પ્રયત્ન કર્યો હોત તો પણ તેનાથી હસાવાનું નહોતુંજ. પ્રભાકર થાક્યો. તેણે વિચાર કર્યો. "હમણાં નહિ તો બપોરે–બપોરે નહિ તો સાંજે બોલશે."

પત્નીઓને પતિ પરનો રોષ ચઢતાં અગર ઉતરી જતાં વાર લાગતી નથી એ શું ખરૂં છે? અરસપરસ ગુણઅવગુણની ઝાઝી દરકાર ન કરનાર સામાન્ય પતિ-પત્નીઓનો રોષ પણ ઓછો, અને માફ પણ વહેલી—પણ જે હૃદય સદ્‌ગુણની ઉત્તમતા અને અવગુણની અધમતા સમજે છે અને જેમને પતિ કે પત્ની માટે ઘણો ઉંચો ખ્યાલ બાંધ્યો હોય છે તેમનો આઘાત આમ સહજમાં નથી ઓસરતો. અસાધ્ય જીર્ણ રોગની જેમ એક અગર બીજાનો અવગુણ એકવાર હૃદયમાં વાસ કરે એટલે તેણે કરેલો ઘા કદી રૂઝાતો નથી.

સોનલે પ્રભાકરના સામે ન જોયું, તેના સામે તે ન હસી, મદ્યપી પ્રભાકરે તેના હૃદયમાં ઘા કર્યો હતો. પ્રભાકર ઓરડીની બ્હાર નીકળ્યો. અને સોનલ પેટી પર મૂકેલાં ગોદડાંના વીંટા પર માથું મૂકી ડૂસકે ચઢી. મેનાએ પોતાની ઓરડીમાંથીજ કાન માંડયા. શું ભાભી રડતાં હતાં? તે સોનલની ઓરડી તરફ આવતીજ હતી એટલામાં તો લગભગ વીસપચીસ વર્ષનો એક ઉજળા વાળનો પુરૂષ સોનલની ઓરડીમાં પેઠો. તે નાગરદાસ હતો.

અકબરખાન પઠાણ પાસેથી પ્રભાકરે પૈસા લીધાની હકીકત જ્યારે તેને મનોરદાસ તરફથી મળી ત્યારે તે ન આવ્યો. તેણે મનોરદાસને લખી દીધું કે પ્રભાકરને માથે દેવું રહે એજ ઠીક છે. ત્યારબાદ ટ્રસ્ટની નોકરી છૂટી ગઈ તે વાતની હકીકત નાગરદાસને મળી ત્યારે પણ તેણે મનોરદાસને લખી દીધું. "જુઓ શું થાય છે. બન્ને વચ્ચે બીજી નોકરીના એંશી—સો—રૂપિયા આવશે. તો પણ ઘર ચાલશે."

પણ રાત્રે પ્રભાકર લથડીઆં ખાતો દાદર ચઢ્યો અને પોતાની ઓરડીમાં જઈ ખુરશીપર પડયો ત્યારે મનોરદાસે ઓરડી બ્હારથી પ્રભાકરની દશા બરોબર જોઈ લીધી, તે સમજી ગયો કે પ્રભાકર હવે બધી રીતે બગડયો છે, તેને મુંબાઇ છોડાવવું જોઇએ. તેના ઉપર કોઇનો કાબૂ જોઇએ. તેણે તુરત નાગરદાસને ટેલીફોનમાં એકદમ મુંબાઈ આવવા જણાવ્યું. અને નાગરદાસ મેલમાં મુંબાઇ આવી વહેલી સવારે મનોરદાસની ઓરડીમાં દાખલ થયો. પ્રભાકર ઓરડી બહાર નીકળ્યો અને દાદર ઉતર્યો કે તરત તે સોનલની ઓરડીમાં દાખલ થયો હતો.

ઓરડીમાં પેસતાંજ તેણે ધીરે રહીને દ્વાર બંધ કર્યું. કોણ ઓરડીમાં આવ્યું, દ્વાર કોણે બંધ કર્યું, તેની સોનલે કશી દરકાર કરી નહિ તે એમજ સમજી કે, પ્રભાકર પાછો આવ્યો હશે, પણ "બેટા, સોનલ" આ શબ્દો તેના કાન પર પડયા અને તે ચમકી પાછું ફરી જોતાં જ પોતાના પિતાને નાગરદાસને તેણે પોતાની નજીકમાં જ ઉભેલા જોયા. નૈસર્ગિક પ્રેમ–આવેશ–અગર હૃદયભાવ જે કહો તેને વશ થઈ તે નાગરદાસને વળગી પડી. "બાપુ!" શબ્દો તેના મુખમાંથી નીકળી પડયા અને એ શબ્દોની સાથે જ તે રડી પડી. તેનાં ડુસકાં બહાર સંભળાયાં. ઓરડી બહાર સ્ત્રીઓ ભેગી થઇ ગઇ.

"એ તો બનતાં સુધી સોનલ ભાભીના બાપુ આવ્યાં છે." મેનાએ ચાલની બીજી સ્ત્રીઓને જણાવ્યું.

"બેન ત્યારે, તો રોવું આવે" ઘરડાં માજી બોલ્યાં અને સ્ત્રીઓ વેરાઇ ગઈ.

નાગરદાસે સોનલને હૃદય સાથે દાબી તેનું માથું ખભાપર મૂકી તેના પર સાંત્વનનો હાથ ફેરવવા માંડયો. વાત્સલ્યના ધોધ તેની આંખમાંથી અને હૃદયમાંથી વહી જતાં હતાં. બાપ અને દીકરી બન્ને રડયાં. બારી બ્હાર તડકો પણ વિલાતો લાગ્યો. જાણે કુદરતનું હૃદય પણ રડી ઊઠયું હોય!! ઉભા કયાં સુધી રહેવાય. નાગરદાસે પ્રયત્નથી સોનલને છૂટી કરી. પાથરેલી શેતરંજી ઉપર પોતે બેઠો. અને સોનલને પોતાની પાસે બેસાડી પડખામાં દાબી દીધી.

"બેટા, હું તને તેડવા આવ્યો છું." નાગરદાસે બીજે હાથ સોનલના માથે ફેરવતાં કહ્યું.

સોનલ પાછી રડી પડી.

"આંસુથી ઘડીભર આરામ મળે છે પણ દુ:ખ નથી જતું." નાગરદાસે કહ્યું. "દુ:ખ તો તેની સાથે લડયાથી, તેના ઉપર વિજય મેળવ્યાથી જ જાય–સ્વસ્થ થા, મોં ધોઇ આવ. વાત કર. ચાલ લાવ હું પાણી લઇ આવું."

નાગરદાસ ઉઠવાનું કરતો હતો એટલે સોનલજ ઊઠી. તેણે મોં ધોયું, સ્વસ્થ થઈ અને પાછી નાગરદાસને પડખે આવીને બેઠી.

"બેટા, હું તને અમદાવાદ લઇ જવા આવ્યો છું."

"સોનલ મોઢે ન બોલી પણ નકારનું ડોકું હલાવ્યું."

"ના, નહિ કહે!! હું તને લઈજ જવાનો છું."

"ના, બાપુ! હું તો અહીંજ રહીશ."

"એમ નહિ બને–તને બિહારી કેટલી યાદ કરે છે. ગંગાબાએ પણ કહ્યું છે કે, દીકરીને લઇનેજ આવજો."

બિહારીનું નામ સાંભળી તેનું હૈયું પાછું ભરાઇ આવ્યું. તેને બિહારી ઘણું સાંભરતો. કેટલીકવાર તે એકાન્તમાં આંસુ પણ સારતી. ભર્યું પીઅર છોડી. નાની ઓરડીમાં જીવન ગાળવું તેને કેટલીકવાર વસમુ લાગતું. આજે નાગરદાસે બિહારીનું નામ દેતાં જ તેને પોતાનું બાળપણ બિહારી–બિહારીનો નિર્દોષ પ્રેમ–તેની રમતો બધું સાંભરી આવ્યું. પોતે પિતાનું ઘર છોડી–બધાને કેટલાં દુઃખી કરી મૂકયાં હતાં તે વિચારે તેનું હૃદય ભરાઈ આવ્યું. તેણે જાતે થઇને પિતાનું ઘર તજ્યું હતું. અને પિતા તેને શોધી કાઢી પાછી બોલાવવા આવ્યા હતા: તેને ઓછું આવી ગયું.

"બાપુ! શું મોં લઇને આવું!!"

"ઓછું ન આણ!! જુવાની માનવી પાસે ઘણી ભૂલો કરાવે છે. તું અમને છોડી મુંબાઈ આવી, પ્રભાકરને પરણી એનું અમને જરાએ દુઃખ નથી લાગ્યું–થોડા દિવસ લાગણી થઈ. પણ એ લાગણી હવે વિસારે પડી છે. તારે પ્રભાકર જોડે લગ્ન કરવાની ઈચ્છા હોત તો હું તને તેની સાથે પરણાવત. એ કયાં પર ન્યાતનો હતો? હું કયાં એને ઓળખતો નહોતો?"

સોનલને શાંતિ થઈ. નાગરદાસે તો તેને કયાં પૂછ્યું નહોતું? તેણે તેજ વખતે પ્રભાકર સાથેના પોતાના પ્રેમની વાત કરી હોત, આડકતરી રીતે પણ પોતાનું હૃદય જાણવા દીધું હોત તો પિતા તો તેની વાત સ્વીકારવા તૈયાર હતા. તેને પોતાના શરમાળ સ્વભાવ ઉપર અને એ સ્વભાવને કારણે પોતે લીધેલાં છૂપાં પગલાં ઉપર અજ્ઞાત વાસ ઉપર, અને પોતાની જાત

ઉપર તિરસ્કાર આવ્યો. પિતા દોષપાત્ર નથી—દોષપાત્ર તો હું છું. એમ સોનલને થયું.

"પણ બાપુ, મારો પગ હવે નહિ ઉપડે."

"એમને એમ ન ઉપડે—હું સમજું છું, પણ ચાલી ચલાવીને તને તેડવા આવું, પછી કેમ ન ઉપડે. તને મારી સાથે લઇ જઇશ."

"પણ મારૂં દીલ ના પાડે છે. બિહારીને અહીં મોકલી આપો. ગંગાબાને કહેજો કે મને અહીં મળી જાય. હું અમદાવાદ નહિ આવું."

"ત્યારે એમજ કહેની કે તને તારા મા, બાપ પરનો પ્રેમજ ઊઠી ગયો છે."

અને સોનલ પોતાનું ઘડીભર દુઃખ વીસરી ગઈ. તેણે ઉંચુ જોયું, અને બોલી.

"બાપુ. એવું ન બોલશો. તમે મારા દુઃખમાં ઉમેરો કરો છો?"

"ત્યારે બીજું શું કહું?" સોનલના હૃદયમાં લાગણીઓના પૂર ચઢતાં જોઇ નાગરદાસ બોલ્યા. "મા દીકરીને સાસરે જાય કે દીકરી પોતાને પીએર આવે. નાનો અણસમજુ ભાઇ, બેનને ત્યાં જાય કે શાણી સમજુ બેન ભાઇને મળવા પિતાને ઘેર આવે. તું મારે ત્યાં કે હું તારે ત્યાં:"

આનો ઉત્તર સોનલને સૂઝયો. ક્ષણવાર તે ચૂપ રહી અને બોલી: "બાપુ!! તમારી સાથે હજુ પણ હું વાત નથી કરી શકતી મને શરમ લાગે છે. તમારા મારા ઉપર અનેક ઉપકાર છે. તમે મારા બાપ નથી મા પણ છો. પણ મેં ગૃહત્યાગ કરી તમારો અપરાધ કર્યો છે. અપરાધીને સજા ભોગવવા દો. તમે મને બોલાવવા આવશો, એક દિવસ આવશો, તમે નહિ આવો તો ગંગાબા આવશે, કોઈકવાર અચાનક નાનો બિહારી "બેન" કહી બૂમ પાડશે અને દોડતો આવીને મને વળગી પડશે. એમ મને ઘણીવાર થએલું અને ત્યારે મેં મારા હૃદયને પૂછ્યું કે, અમદાવાદ જાઉં તો કેમ—અંતરથી એકજ ઉત્તર મળ્યા કર્યો કે ના હવે અમદાવાદ ન જવાય. મને અને મારા ભાગ્યને હવે મુંબાઈમાંજ રહેવાનું."

"અને છતી દીકરીએ અમારે તેને આંગણે કદી ન મળવાનું!"

"આમ આવ્યા છો તેમ મળી જજો."

"ઠીક, અને ગંગાબા તો વૃદ્ધ થયાં છે, તેમની કજા રજા થઇ તો સોનલ મારી ચાકરી કરવા પણ અમદાવાદ નહિ આવે—."

સોનલ વિચારમાં પડી ગઈ.

"અને વ્હાણુંને પ્હોર બિહારીનાં લગ્ન લીધાં તો ત્યારે પણ મારી દીકરી મારે આંગણે નહિ. અને મારી ભીની આંખે બિહારીનાં લગ્ન કરવાનાં." વ્યવહારનાં અનેક સૂત્રો આગળ કરીને નાગરદાસે સોનલને સમજાવવા માંડી. સોનલને આ પ્રસંગનો ખ્યાલ આવતાં થયું. કે તેણે ત્યારે તો પિતાને ઘેર જવુંજ જોઇએ. અને છતાં તેણે ડોકું હલાવ્યું. તેનું અંતર પિતા સાથે જવા ના પાડતું હતું.

"ના કહેવાય એવું નથી, અને છતાં હૃદય ના પાડે છે. પિતાજી, તમારા શબ્દો સાચા લાગે છે. તેનો ઉત્તર આપી શકાય એમ પણ નથી અને છતાં પણ મને જાણે એવું થાય છે—!"

"શું થાય છે?"

"જાણે એવું થાય છે કે પિતાને આંગણે જતાં પહેલાં પ્રભુ મને મો...

"મોત આપે" એમ કહેવા તે જતી હતી પણ નાગરદાસે તેનું મોં દાબી દીધું.

"ગાંડી રે ગાંડી–એવડો તેં શો દોષ કર્યો છે કે તારૂં હૃદય પિતાને આંગણે પગ મૂકતાં ડંખે છે."

"અમદાવાદ છોડયું ત્યારે એમાં કશો દોષ નહોતો લાગ્યો. હવે આગળની દુનિયા જોયા પછી વિવાહીત જીવનના અનુભવ પછી એમ લાગે છે કે, આમ તમને ખબર આપ્યા વિના રાત્રે એક ચોર માફક તમારૂં ઘર છોડવામાં મેં મોટો દોષ કર્યો હતો. જે પિતાએ મને માતા ભૂલાવી, માતાની ગરજ સારી, મારા સુખ ખાતર, મારા હૃદયને જરા પણ દુઃખ અગર આઘાત ન થાય–હું સદા આનંદમાં રહું તે ખાતર, પોતાના જીવન સુખનું બલીદાન આપ્યું, ધંધો બગાડયો, પૈસો ખરચ્યો, તે પિતાથી છાની, તેના દિલમાં હોળી સળગાવી, તેનું મોળું જીવન ખારૂં કરી તેમાં વિષ રેડી હું

મુંબાઇ આવી. આ દોષજ છે. દોષ નથી પાપ છે. પાપનું પ્રાયશ્ચિત મારે કરવું જ જોઇએ.!!

પિતા-પુત્રી બન્નેનાં હૃદય ભરાઇ આવ્યાં. પણ નાગરદાસ સ્વસ્થ થયો. તેણે સોનલને કહ્યું.

"પાપ, પ્રાયશ્ચિત, આ બધું જ્ઞાન તને ક્યાંથી થઈ ગયું?"

"જ્ઞાન નહિ-ખરૂં કહું છું, અને જે ગણો તે હું નથી બોલતી પણ એ મારા હૃદયની વેદના બોલે છે."

"એ વેદના દૂર કરવા, વેદનાનું દુઃખ ઓછું કરવા પણ થોડા દિવસ મારી સાથે ચાલ. તમે બન્ને જણા ચાલો."

"બાપુ! અમને અમારૂં ભોગવવા દો, હવે તો ભોગવ્યેજ છૂટકો છે."

"હા! પણ મને ખબર છે કે તું દુઃખી છે, અને વધારે દુઃખી થશે."

"ખરૂં કહો છો બાપુ! પણ દુઃખ વિનાનું કોણ છે?" તમે ક્યાં દુઃખી નથી? "જીંદગીના કોઈ પણ વિભાગમાં દેહધારીએ દુઃખ ભોગવી લીધે જ છૂટકો."

"પણ એ દુઃખ ઓછું કરી શકાતું હોય તો?"

"શા માટે ઓછું કરવું? અને મારા દુઃખમાં તમને ભાગીદાર શા માટે કરવા-તમને ભાગીદાર કરવા હોત તો આમ તમને મૂકી એકલી મુંબાઇ શું કરવા આવત!!"

"પણ તું અમદાવાદ આવશે તો સુખી થશે."

"કોણે કહ્યું. તમે મને સુખી કરવા પ્રયત્ન કરશો એટલું જ!! તમે મને સારી રીતે રાખશો. અમને રહેવાનું ખાવાપીવાનું, બધું સુખ આપશો, બાપુ!! સ્વભાવનું, હૃદયનું, દુઃખ તમે ક્યાંથી ઓછું કરવાના છો?" વેઠી લેવા દો-નિભાવી લેવા દો-દુઃખ તો વેઠી લીધેજ છૂટકો-હું રીઢી થઇશ. એટલે દુઃખ ઓછું થશે, પછી તો દુઃખ, જણાશે યે નહિ."

"ત્યારે હું મુંબાઈ આવ્યો તેનો કશો અર્થ નહિ."

"પિતાજી, ઓછું ન લાવો. તમે આવ્યા તે ઘણું સારૂં થયું. તમે મને માફી આપી, તમારા હૃદયની હૂંફ અને અમીમાં મારૂં દુઃખ કેટલું ઓછું થયું?"

"બહુ ડાહી થઈ ગઈ હો!!"

"દુઃખ ડહાપણ લાવે છે બાપુ!!"

ઘરડાં કહેતાં કે જગતનાં ટપલાં પડયા વિના ડહાપણ નથી આવતું અને તે સાવ સાચું છે. સોનલ એકલી ડાહી નહોતી થઇ, હીંમતબાજ બની હતી.

"ત્યારે–દીકરા" નાગરદાસે સોનલને દીકરા તરીકે સંબોધીને કહ્યું. "હું જઇશ, કાગળ લખતી રહેજે, અને મુંબાઇ છે. સાચવીને રહેજે. બે વાત કહી જાઉં છું. પેલી સામેની ઓરડીમાં એક ડોસો રહે છે એનું નામ મનોરદાસ!! તારો કાકો માન કે બાપ માન!! ખપ પડે તો તેની મદદ લેજે, તે તને ઓળખે છે. મનમાં રાખજે પ્રભાકરને કહેવાની જરૂર નથી."

"બાપુ–પણ તે તો કોઇ વિચિત્ર ડોસો છે!"

"હું સમજ્યો. તારી ધારણા બરોબર છે, એ મારો પરમ મિત્ર છે. અને વિશ્વાસુ છે, એની વાત કોઇને ખબર નહિ પડે પણ એ તારૂં રક્ષણ કર્યા કરે છે." અને આ બીજુ......

નાગરદાસે પોતાના ખીસ્સામાંથી એક ચેક બુક કાઢી સોનલને આપી.

"આમાં વીસ ચેક છે, દરેક સો–સો રૂપિયાનો, મારી તેના ઉપર સહી છે, રાખ તારી પાસે."

"પણ, બાપુ!! હમારો ખર્ચ નભે છે."

"તેની મને ખબર છે. તારો સંસાર, તારો ખર્ચ કેમ નભે છે. તે હું જાણું છું."

"પણ બાપુ! જ્યારે જોઈશે ત્યારે હું મંગાવી લઇશ, તમે કયાં આઘા છો?"

"આધો નથી અને છું પણ મેં તારા કરતાં જગત વધારે જોયું છે, આ રૂપિયાનો તને ખપ પડશે. ચોપડી ઉંચી મૂકી દેજે."

"પણ બાપુ" સોનલ ચોપડી પાછી આપવા જતી હતી.

"બાપુ–બાપુ કાંઇ નહિ તું નાદાન છે, તું તારી વાત જાણે છે તે કરતાં હું વધારે જાણું છું. રાખ" નાગરદાસના બોલવામાં આગ્રહ હતો. "એમાંના પાંચ ચેક તો જ્યારે વટાવવા હશે ત્યારે નાણાં મળી શકે એવા છે. પણ ત્યાર પછી તો દર મહિને માત્ર એકજ ચેક વટાવાશે. મેં એવું બેંકને લખી દીધું છે, તે ધ્યાન રાખજે."

અને નાગરદાસે જવા માંડયું. બાપ–દીકરી ભેટયાં. બન્ને સ્વસ્થ હતાં. સોનલ નાગરદાસને પગે પડી પાછી માફી માંગી.

"ક્ષમા તો આપેલી છેજ પણ કહી જાઉં છું, મારે બે દીકરા છે તું અને બિહારી. કાંઇ પણ ખપ પડે" તેણે વિચાર કરીને કહ્યું, "સંકટ પડે તો મને તાર મૂકજે. પેલા ડોસાને કહેજે, તાર મૂકશે, તારી મદદે આવશે."

અને નાગરદાસ ઓરડીની બહાર નીકળ્યો. તેને શહેરમાં કામ હતું, તે કોટમાં જઇ બારોબાર અમદાવાદ ગયો. તેને સોનલ સૂકાયલી દુઃખી લાગી અને પ્રભાકરની જેટલી વાતો તેને ખબર હતી તેટલી જ્યારે સોનલને ખબર પડશે ત્યારે તેની શી ગતી થશે? આ વિચારે કેટલા દિવસ સુધી તેની નિંદ્રા લઇ લીધી.

પ્રકરણ ૨૩ મું

મારામારી

લગભગ બાર વાગે પ્રભાકર જમવા આવ્યો ત્યારે તેની આંખો અને આખો ચહેરો લાલચોળ હતો. તેણે માથા પરની ટોપી ખીંટી પર ફેંકી અને ખુરસી પર પડયો. જાણે કોઇને મારવાનો ઇરાદો હોય તેમ તેણે હવામાં હાથની મુક્કી ઉગામી. સોનલ ગભરાઈ.

"શું થયું? કાંઇ મારામારી થઇ?" તેણે ગભરાઇને પ્રભાકરને પૂછ્યું.

"લુચ્ચા—હરામખોર—તારો જીવ લઇશ." જાણે પોતાની સાથે લડનાર માણસને કહેતો હોય તેમ પ્રભાકર હવામાં જોઇને બોલ્યો. સોનલે બીજી વાર પૂછ્યું પણ તેનો જવાબ આપવા તેને ફુરસદ નહોતી.

"પણ થયું શું?" સોનલે પ્રભાકરની પાસે જઇને પૂછ્યું.

"કાંઇ નહિ." પ્રભાકર બોલ્યો.

પણ સોનલ સમજી કે કાંઈ નવાજૂની–તકરાર થઇ છે. તે પાણીનો લોટો ભરી આવી.

"લ્યો–ઉઠો હાથ મોં ધોઈ નાંખો."

પ્રભાકરની ક્રોધાવશ દશા જોઈ સોનલનો રોષ ઉતરી ગયો. આર્ય મહીલાને છાજે તેમ તે પતિની સુશ્રૂષામાં પડી ગઇ. અનેક પ્રશ્નો પછી તે થોડું સમજી કે કોઇ મુસલમાન સાથે પ્રભાકરને તકરાર થઈ, પણ શા કારણે તે કાંઇ ખબર પડી નહિ.

તે જમી રહ્યો ત્યાંસુધી ખીજવાયલો જ હતો. જમી ઉઠીને તે ખુરશી પર પડવા જતો હતો અને તેની નજર એક રૂમાલ પર પડી.

"આ આપણો રૂમાલ નહોય." પ્રભાકરે રૂમાલ ફેરવી—ફેરવીને જોઇને કહ્યું. "આ કોનો રૂમાલ છે?"

સોનલે રૂમાલ ઓળખ્યો. "એ તો મારા બાપુનો રૂમાલ છે." તેણે કહ્યું. રૂમાલ પર નાગરદાસનો "એન" લખેલો હતો..

"તે અહીં કયાંથી આવ્યો?" પ્રભાકરે પૂછ્યું.

"મારા બાપુ આજે સવારે મને મળવા માટે આવ્યા હતા તે જતી વખતે ભૂલી ગયા હશે."

"મારા ગયા પછી આવ્યા હશે."

"તમારા ગયા પછી તરત."

"તો પછી તેમને રોકયા કેમ નહિ."

"તેમને કોટમાં કામ હતું અને અમદાવાદ જવાની ઉતાવળ હતી."

"હા! પણ મને મળ્યા પણ નહિ."

"તમે ઘેર હોત તો મળત."

"શા માટે આવ્યા હતા—આવવાનું કાંઈ કારણ હશે કે'ની?"

"બીજા કારણની મને ખબર નથી પણ કહેતા હતા કે બન્ને જણાં અમદાવાદ ચાલો."

"પછી તેં શું જવાબ દીધો?"

"મેં તો ના કહી" સોનલે નીચું જોઈ જવાબ આપ્યો.

"ના કેમ કહી, ત્હારા બાપુ તેડવા આવ્યા અને જવાની ના પાડી?"

"હા!" મેં કહ્યું, "મારા પગ હવે અમદાવાદ જવા નહિ ઉપડે."

"હં", પ્રભાકર જાણે સોનલે કાંઇ ખોટું કર્યું હોય એવો ભાવ બતાવી હાથ ઉલટાવી બોલ્યો.

"કેમ, મેં ના કહી તે તમને પસંદ ન પડયું?"

"ત્યારે શું? પસંદ પડયું! પિતા બોલાવવા આવે ત્યારે જવાની કાંઇ ના પડાય?"

"મને શીખામણ દેવા બેઠા છો તે–તમે લગ્નનો પત્ર સરખો તમારા પિતાને લખ્યો નથી. માતા મરી ગઇ તેનો દીલાસાનો પત્ર પણ લખ્યો નથી અને તમને માતા મરી ગયાનું દુ:ખ પણ કયાં લાગ્યું હતું?"

પ્રભાકર સોનલ સામે આંખ ઠરાવી જોઇ રહ્યો, તેને સોનલના આ શબ્દો ભારે પડયા, આખરે તે બોલ્યો:

"મારી વાત જૂદી છે–મારા પિતાએ તો મારો ખૂબ તિરસ્કાર કર્યો હતો. હું મારા પિતાની જાણ બહાર ઘર છોડીને મુંબાઈ આવેલો."

"ત્યારે હું શું મારા પિતાની રજા માંગીને તમારી સાથે આવી હતી?"

"હા! પણ! નાગરદાસે કોઈ દિવસ ત્હારો તિરસ્કાર કર્યો નથી!!"

"એ ખરૂં!! પણ માબાપના કડવા વચનને કાંઇ તિરસ્કાર ન કહેવાય, તમને તમારા પિતાએ કાંઇ ઘરમાંથી કાઢયાનું તમે કહેતા નથી, તમે તો પોતાની મેળે નીકળી આવ્યા."

"ઠીક—ઠીક" પ્રભાકર બોલ્યો, "પણ પિતાના ઘર સાથે બિલકુલ સંબંધ છોડયો એમાં તેં ડહાપણ ન કર્યું." તે થોડીવાર બોલતો અટકી ગયો—સોનલ પણ કાંઇ બોલી નહિ. એ તો પગ ભારે થાય-સ્વાભાવિક છે-પણ એકવાર પિતાને ત્યાં તું જઇ આવી હોત તો બીજી વાર આપણે બન્ને જાત."

"હું તો મારા પિતાને ત્યાં કદી નહિ જાઉં."

"પણ કાંઈ કારણ?"

"કારણ એજ કે તમારે લીધે મેં પિતૃગૃહ છોડયું—છાનામાના છોડયું—તેમના હ્રદયને ઘા કરીને છોડયું—હવે હું શું મોં લઇને તેમને ત્યાં જાઉં—એ ઘર, બાગ, એ વાતાવરણ મને કરડી ઉઠે."

"ગાંડી થઈ છે—આ નાની ઓરડી—ઠેકાણાં વિનાની—આ કમાવાની રોજની ઉઠવેઠ—મુંબાઇની ધમાલ—રોજ પૈસાની તાણ."

સોનલ પ્રભાકર શું કહેવા જતો હતો તે સમજી ગઇ હોય તેમ વચમાંજ બોલી ઉઠી:

"એટલે તમે શું કહેવા માંગો છો? તમે એમ કહો છો કે મુંબઈ છોડીને હું પિતાને ત્યાં જાઉં અને તમે ઘરજમાઇ થઇને રહો?"

"તેમાં ખોટું શું?"

"તમને આમ કહેતાં શરમ નથી લાગતી?"

પ્રભાકરને શાની શરમ લાગે! આખા આ મદાર ઉપર તો પ્રભાકરે સોનલની સાથે લગ્ન કર્યાં હતાં. સોનલ સાથે લગ્ન કરવું એટલે સુંદર, સુશિક્ષિત પત્ની મળે, નાગરદાસ જેવા પૈસાપાત્ર સસરા મળે, કમાવાની ભાંજગડ નહિ. રહેવાને બંગલો, ખર્ચવાને પૈસા, અને બિહારી નાનો આજ્ઞાધીન એટલે નાગરદાસના ઘરમાં સાહેબી અને મોજ કરવાનાં. પ્રભાકરને પોતાની અયોગ્યતાની ખબર હતી—તે મુંબાઈમાં રખડી ખાતો હતો. સટ્ટા કરી પેટ ભરતો હતો. નીતિ—અનીતિ, સત્ય—અસત્ય કશાની દરકાર વિનાનું—નિરંકુશ જીવન ગાળતો હતો. કોઇવાર કડાકા પણ થતા હતા. આવા સમયમાં તેને સોનલનો જ્યારે પત્ર મળ્યો

ત્યારે તેને સોનલ સાથેનાં લગ્ન એ બધાં દુ:ખમાંથી છૂટવાનો એક સીધો સરળ રાહદારી રસ્તો જણાયો અને તેણે સોનલને લગ્નની હા પાડી હતી.

અને સોનલે તો પોતાના પિતાને ત્યાંજ જવાનું માંડી વાળ્યું. પિતાને ત્યાં જવા માટે પગ નહિ ઉપડે, એમ કહી આંગણે આવેલ પિતાને એમને એમ વિદાય કર્યા. જે અવલંબન ઉપર તેણે સોનલને સ્વિકારી હતી તે અવલંબન સોનલે ઠેસ મારી દૂર કરી દીધું હતું.

પ્રભાકરને સોનલ આજે કડવી ઝેર જેવી લાગી. તેનો આજનો દિવસજ ખરાબ હતો કે શું?

\+ \+ \+

સવારે જ્યારે તે સુંદરજી શેઠને ત્યાંથી પાછો ફરતો હતો ત્યારે તેને અકબરખાનનો માણસ રહેમાન રસ્તામાં મળ્યો હતો. અને ઉઘરાણી કરી હતી. બે મહિનાનું સૂદ બાકી હતું, અને પ્રભાકર વાયદા કરતો હતો. પ્રભાકરના પગારના પૈસા ઘરમાં વપરાઇ જતા. જે પૈસા મુલચંદ માસ્તરને ત્યાં ભર્યા અને બીજા પરચુરણ દેવામાં આપ્યા તે પોતે અકબરખાનને ત્યાંથી લાવ્યાની વાત પ્રભાકરે સોનલથી છૂપાવી હતી. વળી ઘર ખર્ચમાંથી અકબરખાનને વ્યાજ આપવા જેટલી રકમ ફાજલ પડે, એમ પણ નહોતું, વળી શાહુકારી વ્યાજ આટલું બધું હોય પણ નહિ, અને સવાલ જવાબમાં પઠાણની વાત ઉઘાડી પડે તો પોતાને માટે સોનલને તરત ખોટો વિચાર આવે, એટલે પઠાણનું વ્યાજ બે માસથી અપાયું નહોતું. આ વાત પ્રભાકરે સોનલથી છૂપી રાખી હતી. રહેમાન બે ચાર દિવસે ઉઘરાણી કરતો અને આજે તો તે મોંઢામાંથી ગમે તેમ બોલી ગયો.

પ્રભાકર અને તેની વચ્ચે બોલચાલ થઇ, અને લોકો વચમાં નહિ પડયા હોત અને મનોરદાસે રહેમાનની લાઠીમાં હાથ ન ઘાલ્યો હોત તો તે પ્રભાકરને એકાદ બે લપડાક પણ મારી દેત.

પ્રભાકરને રહેમાન પર ગુસ્સો આવવાનું કારણ તો મનોરદાસની હાજરી હતી. તેણે એકાંતમાં ઉઘરાણી કરી હોત અને બે નઠારી વાતો પણ કહી હોત તો પ્રભાકર સાંભળી લેત. પણ મનોરદાસની હાજરીમાં રહેમાને તેની પાસે ઉઘરાણી કરી તે પ્રભાકરને પસંદ નહોતું.

"ડાકણા જેવો ડોસો, જ્યાં જુઓ ત્યાં આડી ભીંત જેવો ઉભેલો જ હોય છે." તેને મનમાં ને મનમાં મનોરદાસ ઉપર સવારે સખ્ત ચીડ ચઢી હતી અને તેને એમ પણ થયું કે તે એક દિવસ ડોસાનું ગળું પણ દાબી દે.

કજીઓ પત્યો તે પ્રભાકરને ગમ્યું પણ મનોરદાસ વચમાં પડયા તે તેને ગમ્યું નહોતું—તેને લાગ્યા કરતું કે મનોરદાસ રહેમાન જોડે ઉઠબેસ રાખી પોતાની ખાનગી વાત જાણી લેતો હતો. અને તેને બધી દુનિયાની વાત જાણવાની જરૂર શી? જ્યારે તે અને મનોરદાસ સામા મળતા ત્યારે તેની આંખો ફરી જતી પણ ઠંડા માટલા જેવો મનોરદાસ પ્રભાકરની મોટી મોટી આંખો સામે હસતો હતો.

સવારનો સમી ગયેલો રોષ, સોનલ સાથેના વાદમાં વળી પાછો ઉભરાઈ આવ્યો. નિર્બળ પ્રભાકર ગરીબ પત્ની ઉપર ક્રોધે ભરાયો.

"તું કેવળ મૂરખ છે!!" આવેશમાં આવી તેણે સોનલને કહ્યું.

સોનલ તેના મોં સામું જોઈ રહી. તે ઘડીભર બોલી નહિ પણ "મૂરખ" શબ્દ તેના હૃદયમાં આઘાત કરવા માટે બસ હતો. આખરે આ આઘાતને વાચા થઇ.

"તે તમે શું કહેવા માંગો છો?—તમારે મારા પિતાને ત્યાં જઇ ઘરજમાઈ થઇને રહેવું છે? તમારે કામ કરવાનું મટી જાય! કમાવાનું મટી જાય! બેઠાં ખાવાપીવાનું અને સાહેબી મળે—ગાડી મોટરમાં ફરવાનું મળે તેથી—તેથી તમે મને મૂરખ કહો છો?" પ્રભાકર સાથે સોનલ અકળાઇને પહેલ વહેલી બોલી. પ્રભાકર તેને સાંભળી રહ્યો.

સોનલ વળી પાછી બોલી.

"મેં મારા પિતાનું ઘર છોડયું—જવા માટે મારો પગ ઉપડતો નથી. તમે જંતરપીંડી કરી—જુઠું બોલી મારે ત્યાં ખોટી મહેમાનગીરી ભોગવી અને ઉપાડી લાવ્યા—ત્યાં જમાઇરાજ તરીકે મ્હાલવા તમને શરમ ન લાગે?"

સોનલનો આત્મા કકળી ઊઠયો. જે પ્રભાકરને પરમ ગુણવાન સમજી તેણે પતિ માન્યો. તે પ્રભાકર સ્વઉદ્યમથી, સન્માનથી પોતાનું અને તેનું પેટ ભરવાનો શ્રમ લેવા તૈયાર નહોતો. તેનો વિચાર સસરાનું રળેલું ખાઇ

મોજ મજાહ માણવાનો હતો, ઘરજમાઈ થઈને રહેવામાં અધમતા અને આત્માનો વિનાશ, તેને નહોતો જણાતો, ઘરજમાઈ તરીકે રહી, આળસુ ઓશીઆળું જીવન ગુજારવાનો વિચાર કરતો પ્રભાકર તેને હલકી કોટીનો લાગ્યો. એક ઊંડો નિઃશ્વાસ તેના તૃપ્ત હૃદયમાંથી નીકળી પડયો.

"કોઈના ઘરજમાઈ થઈને રહેવામાં કાંઈ પાપ છે? અને હું તો ત્યાં રહેવામાં નાગરદાસનું ભલું ઈચ્છું છું."

"એટલે?"

"એટલે એમ કે નાગરદાસની ઉમ્મર થવા આવી છે. બિહારી બાળક છે. તું એમનાથી દૂર અળગી છે. અને અમદાવાદ જવાથી નાગરદાસને હું મદદરૂપ થઈ પડું. તું તારા પીયર ભેળી થાય, નાગરદાસને આનંદ લાગે, બિહારીને બેન મળે—અને જ્યાં આજે વિષાદ છે ત્યાં આનંદ આનંદ થઈ જાય. પણ મારૂં કહ્યું તને આજે ગળે નહિ ઉતરે. તારો જીવ ઠેકાણે નથી." પ્રભાકરે વિચાર કરી વાત ગોઠવીને કહી. અને સોનલ ઉછળી પડી.

"એવી ડાહી વાતો કરવામાં શો અર્થ છે? તમને જગતમાં કોઈની પડી નથી. આજે ચાર મહિના થયા, નથી તમે તમારા પિતાને પત્ર લખ્યો. નહોતી માતાની ખબર પૂછી, માતાનું અવસાન થયું તેથી તમને જરાયે લાગણી થઈ નથી. આજ ચાર માસમાં તમે મારા પિતાને, બિહારીને કે મારા પિયરને સંભાર્યું? નથી કોઈને પત્ર લખ્યો." સોનલે પ્રભાકરને ઠપકો દેતાં કહ્યું.

પ્રભાકર આનો ઉત્તર દેવા જતો હતો પણ એટલામાં બહાર શિવનંદનનો અવાજ સંભળાયો.

"પ્રભાકર શેઠ, ચલો—પુલીસ બોલાને આઈ હૈ!"

"પોલીસ કેવી?"

"એ તો મેં કયા જાનું—નીચે હવાલદાર ખડા હૈ—આપકો બોલાતા હૈ—આપ મેરે સાથ ચલતે હો કે મેં ઉનકો ઉપર બોલાઉં?"

પ્રભાકર અને સોનલ બન્ને ઊઠયાં. બન્ને સમજી ગયાં કે સવારના કજીઆની જ કાંઈ ભાંજગડ હશે. પ્રભાકર ચાલીના કઠેરા પાસે આવ્યો તો

નીચે પીળી પાઘડીવાળો પોલીસ ઉભેલો હતો. ઓરડીમાં જઇ કપડાં પહેરીને શિવનંદનની જોડે પ્રભાકર નીચે ઉતર્યો. સોનલ તેને જતો જોઇ રહી.

"કુછ ગભરાના નહિ બેટી!" જતાં જતાં શિવનંદને સોનલને કહ્યું. "શેઠજીકા આજ સબેરે એક આદમીસે ઝઘડા હો ગયા થા. કીસીને ફરિયાદ કી હોગી, તો પુલીસ બુલાને આઇ હૈ! નામ લીખકે અભી શેઠકુ છોડ દેગા."

રહેમાન અને પ્રભાકર બન્ને ઉપર પોલીસે જાહેર જગ્યામાં બખેડો કર્યાની ફરિયાદ કરી હતી. મારબાવડીના પોલીસ ઈન્સ્પેકટરે બન્નેને બોલાવી નામ લખી લીધાં.

"ચાર્જ્ન નીકળે ત્યારે મેજીસ્ટ્રેટ કોર્ટમાં હાજર થજો." એમ કહી ઇન્સ્પેકટરે તેમના બન્નેના મુચરકા લખી લીધા.

બન્ને ચોકી બ્હાર નીકળતા હતા. અને રહેમાને કહ્યું.

"મેરેપે કભી ફરિયાદ નહિ હૂઈ—કોઇ દિન દેખ લુંગા."

પ્રભાકર પણ જાય એમ નહોતું, તેણે રહેમાન સામે બાંયો ચઢાવી.

હવાલદારે બન્નેને બે રસ્તે વળાવી છૂટા પાડયા.

"બાબા! કજીઆ છોડો! એક ખટલા તો હૈ—દૂસરા મત કરો બાબા!".

એક બીજા સામે આંખો કાઢતા બન્ને જણા છૂટા પડયા.

પ્રભાકર સીધો સુંદરજી શેઠને ત્યાં ગયો. સોનલ હજુ તો કઠેરામાંજ ઉભી ઉભી ચીંતા કરતી હતી અને મનોરદાસે કહ્યું.

પતી ગયું—એ તો કોઇ મુસલમાન સાથે કજીઓ થયો હતો તે પોલીસે બન્નેના નામ લખીને છોડી દીધા.

"પણ પાછો કચેરીમાં કેસ ચાલશે હોં!! પાંચ પચીસ દંડ પણ થશે."

પ્રકરણ ૨૪ મું

મોરલી અને સુંદરજી શેઠ

પ્રભાકરને પોલીસ ચોકીમાં લઇ જતા હતા ત્યારે સુંદરજી શેઠની મોટર મારબાવડી આગળ હતી. પ્રભાકરને પોલીસ સાથે જતો

જોઇ તેને કૂતુહલ થયું કે શું હશે? તેણે મોટર બાજુ ઉપર ઉભી રાખી તપાસ કરી. પાસેના એક માણસે કહ્યું. એક હિંદુ ને મુસલમાન લડયા અને તે બન્નેને પોલીસ લઇ જાય છે.

"પેલ્લો મુસલમાન છે ને તે ખીસ્સા કાતરૂ છે. તેણે પેલા જુવાનના ગજવામાં હાથ ઘાલ્યો. એક હિંદુએ બૂમ પાડી તેથી પોલિસ આવી અને પેલો હિંદુ ફરિયાદ નોંધાવવા ગયો છે." તેની નજીકમાં ઉભેલા એક બીજા જુવાને વચમાં જ કહ્યું.

"હા! પણ આપણે તો ભાઈ સામસામી લડાઇની વાતો સાંભળી!" ત્રીજો બોલ્યો.

"લડાઇ બડાઇની વાત જૂઠી—એ તો પોલીસ બન્ને જણાને આમ આમેથી પકડી લાવી. કોણ જાણે શું હશે?" એક ચોથાએ કાન પર હાથ મૂકતાં કહ્યું.

સુંદરજી શેઠને ખરી વાતની ખબર ન પડી. અડધી વાતને પોતાની કલ્પનાનો વેગ અને સ્વરૂપ આપી આખી બનાવવાની આદત ઓછા માણસોમાં નથી હોતી? આ ચારે જણા ઉપર સુંદરજીએ ભરોસો ન રાખ્યો અને પ્રભાકર બહાર નીકળે ત્યારે તેને જ પૂછવાના ઈરાદે સુંદરજી થોભ્યા પણ પ્રભાકરને પોલીસ ચોકી ઉપર વાર થઇ અને સુંદરજી જેવો શ્રીમંત માણસ ઘરના માસ્તરને માટે બહુ કાળજી કરે અને દુનિયાને કલ્પનાઓ કરવા તક આપે તે તેને ઠીક નહિ લાગ્યું તે ઘેર ગયો.

પાઘડી, અંગરખું કાઢી શેઠ ચાહ પીતા હતા અને પ્રભાકર આવ્યો

"માસ્તર, એ શું ગરબડ હતી?" તેણે પ્રભાકરને આવતાંની સાથે જ પૂછ્યું.

"કયાં?"

"મારબાવડીની ચોકી પર, તમે કાંઈ હમણાં ગયા હતા ને?"

શેઠે પોતાને જોયો હોવો જોઈએ એમ પ્રભાકર સમજી ગયો. તે ખરી વાત શેઠને કહેવા તૈયાર નહોતો. તેણે જવાબ શોધી કાઢયો. "હાં, હાં! એ તો હું આપને ત્યાં આવતો હતો એટલે એક

મુસલમાન મને અથડાયો. મેં કહ્યું તને આંખો નથી એટલે તેને મારી સાથે કજીઓ કર્યો, મેં પોલીસને બોલાવી અને પોલીસ મને અને તેને બન્નેને ચોકીએ લઇ ગઇ."

"હું મને કોઇ કહે કે તે મુસલમાન અને તમારે સામસામી મારામારી થઇ.

"જી, ના"

પછી તમે ફરિયાદ કરી ?"

"જી, હા."

"વળી એ ઝઘડામાં તમે કયાં પડયા માસ્તર !! તમે એ મુસલમાન કોણ છે તે જાણો છો ?"

પ્રભાકરને સમજ ન પડી કે હા કહું કે ના કહું. આખરે નન્નો વાસવો સારો છે જાણી તેણે ના પાડી.

"જી ના—હું નથી જાણુતો."

"ભયંકર માણસ છે—જો નિકાલ થતો હોય તો કરી નાંખજો નહિ તો માણસ ખૂની છે." અને જાણે શેઠને બીક લાગતી હોય તેમ આગળ પાછળ નજર કરીને સુંદરજી શેઠ બોલ્યો. "પેલા અકબરખાનની ટોળીનો માણસ છે."

"તે મને શું કરી નાંખશે" પ્રભાકરે દમમાં જ કહ્યું.

મોરલી હરખાઇ—હસી. તેને પ્રભાકર માટેનું અભિમાન વધ્યું પણ શેઠે તો ઠંડે પેટે જ જવાબ વાળ્યો.

"માસ્તર, તમે હોંશીયાર તો છો જ ! છાતી ચલા પણ હશો જ પણ તમને ખબર છે કે એ બધી ખૂની ટોળી છે."

"હાજી, હશે, પણ બીને મરવું તેના કરતાં મારતાં મરવું શું ખોટું ?"

મોરલીના મોં પર આનંદ છવાયો. પ્રભાકર માસ્તર પઠાણને પણ પહોંચી વળે એવા હતા એ જાણી મોરલી ખુશ થઇ. આ ખુશાલી સુંદરજીની જાણ બહાર નહોતી. તેણે મોરલી તરફ જોયું અને બોલ્યા.

"મોરલી, તારા માસ્તર છે તો મરદ હોં." તેણે પ્રભાકરને કહ્યું.

"તમારી વાત ખરી છે માસ્તર—પણ શું સમજ્યા—હોંશીયારીમાં રહેવું. આપણે વિચાર કરીએ—અને આ પઠાણ લોક વિચાર વિનાનું કરી બેસે. બાકી તમે છો જબરા."

રોજ તો મોરલી અને પ્રભાકર ગપ્પાંજ મારતા. આજે ઘણે દહાડે તેણે ચોપડી ઉઘાડી. એકાદ બે ધાર્મિક પાઠો વાંચ્યા. સાહિત્યરત્નમાંથી જૂના કવિઓની એકાદ બે કવિતાઓ વાંચી. લાંબા વખતે મોરલી આજે શિષ્યા બની હતી. વચમાં થોડો વખત સુંદરજી શેઠ પણ પ્રભાકરની પાછળ ઉભા રહ્યા અને મોરલીને એકાદ બે પ્રશ્ન પૂછ્યા પણ ખરા. મોરલી તેના જવાબ આપી ન શકી. શું જવાબ આપે! મોરલીને ક્યાં શીખવું હતું?

"કેમ માસ્તર, તમારી શિષ્યા પ્રશ્નના ઉત્તર દઈ શકતી નથી?"

સુંદરજીએ પ્રભાકરને પ્રશ્ન કર્યો.

"આપનાથી જરા સંકોચાય છે" પ્રભાકરે વિનયનો જવાબ દીધો.

"પતિથી સંકોચ, પતિ એટલે સંકોચ વિસરવાનું સ્થાન."

"હા, પણ અત્યારે તમે પતિ સ્થાને નથી પરીક્ષક સ્થાને છો એટલે સંકોચ થાય છે."

સુંદરજી હસતા હસતા ચાલ્યા ગયા.

"ઠીક ચલાવો, આગળ."

કલાક પૂરો થયો અને પ્રભાકર ગયો. મોટર તૈયાર હતી.

"ચાલો તૈયાર થાઓ આજે વાડીએ જઈએ." સુંદરજીએ મોરલીને કહ્યું. મોરલીને વાડીએ જવું ગમતું. અંધેરીમાં આવેલી સુંદરજી શેઠની વાડી વિશાળ હતી. જાત જાતના ફૂલ-ફળના ઝાડ ક્યારા અને કૂંડાં-દેશી સુગંધી અને સુગંધ વિનાના પચરંગી પરદેશી ક્રોટનો પણ અનેક હતાં. પૂર્વ અને પશ્ચિમ તરફ એમ બે આમ્ર વાટિકાઓ હતી અને તેની શિતળ છાંય નીચે લીલીછમ જેવી ઘાસની પડથારો પર ખુરસી અને બાંકડાઓ મૂકેલા હતા. બાગ વચ્ચે નાનો પણ રમણિય બંગલો હતો. અને તેની પાછળ ઉત્તર બાજુએ સાગપટ્ટીના જાળીમય નાનાગોળ ફરતા માંડવા પર મધુમાલતીના ઝુમખે ઝુમખાં લચી લટકી પડતાં હતાં. ભર જુવાનીમાં તે અવસ્થાને છાજે

એવા શોખ અને ઉમંગ અને ટેસ્ટથી શેઠે આ વાડી અને બંગલો તૈયાર કરાવ્યાં હતાં, અને બનતાં સુધી શનિ અને રવિવાર તે આજ સ્થળે ગાળતાં પણ ચંદન ગુજરી ગયા પછી શેઠે અહીં નિયમિત આવવું બંધ કર્યું હતું અને છતાં તે કોઇ કોઇ વાર આવી ચઢતા.

બે કે ચાર વખત તે મોરલી અને પ્રભાકરની સાથે પણ આવેલા અને તેમણે ધોંડીને કહી દીધું કે માસ્તર અને શેઠાણી કોઇ વાર આવે તો તેમને બંગલો ઉઘાડી આપી, પાણી વિગેરેની વ્યવસ્થા કરી આપવી.

ધોંડી સુંદરજી શેઠનો જુનો બાગવાન હતો, જ્યારે તે નોકર રહ્યો ત્યારે તે જુવાન હતો. આજે તો તેના વાળ પણ પાકયા હતા અને તે પાક્કો બચડવાળ બન્યો હતો. ધોંડી એટલે સહુ સારો નિમકહલાલ નોકર. બાગ બંગલા વિગેરેની ખૂબ સારી કાળજી રાખતો અને જ્યારે જ્યારે શેઠ આવે ત્યારે ખૂબ ચાકરી કરતો. ધાર્મિક વૃત્તિનો એટલે કયારા કરતો જાય અને તુકાના અભંગ ગાતો જાય. જૂના વખતના પવિત્ર મનાતા સાદા વિચારના સરળ સ્વભાવના ધાર્મિકવૃત્તિના નિમકહલાલ નોકરો જેનું ભણતર ઓછું પણ ઘડતર સારૂં એવો ધોંડી હતો.

મોરલી અને પ્રભાકર બે ત્રણ વાર એકલાં ગયાં પછી. ધોંડીએ શેઠને મીઠી ફરિયાદ કરી.

"તમે શેઠાણીની સાથે આવો ના" તેણે સુંદરજી શેઠને કહ્યું.

"કેમ, ધોંડી"

"એમ છે શેઠ, બાઈ હજુ નાના છે. અને તમારી જોડે ને જોડે હોય તો ઠીક." અને ધોંડીએ તુકાના એક પદનો ભાગ ગાયો.

"તારૂં કહેવું બરાબર છે, ધોંડી પણ શેઠાણી સાથે માસ્તર આવે છે તે આપણા ઘર જેવા છે. તેમની કાંઈ ફીકર નહીં રાખવી."

જમાનાના રંગરંગથી રીઢા થએલા ધોંડીએ ડોકું હલાવ્યું. તે બોલ્યો.

"શેઠ પારકા તે કોઈ દિવસ ઘરના થાય" ધોંડીના ચહેરા ઉપર વિષાદ હતો.

"નહીં—નહીં–ધોંડી તારો ખ્યાલ ખોટો છે." સુંદરજી શેઠે કહ્યું.

ઘોંડીએ પ્રશ્ન કરવા માંડી વાળ્યા. જે વસ્તુ પોતે ક્ષણમાં જોઇ શકયો. તે સુંદરજી શેઠ જેવો કાબેલ માણસ કેમ જોઇ શકતો નથી, એ ઘોંડીને આશ્ચર્ય લાગ્યું. તેની ખાત્રી હતી કે સુંદરજી શેઠ એક સમજુ અને હોંશિયાર માણસ છે! ત્યારે શું સુંદરજી શેઠ જાણી જોઇને આ બે જુવાનોને ભેળાં ફરવા દેતો હશે, ઘોંડીએ મોટો નિસાસો મૂકયો, ઘડપણનાં વેવલાં-લગ્ન કરવાની પણ વેળ હોય છે." મેંદી કાપતાં કાપતાં તે કાંઇ બબડયો.

આજે શેઠ અને મોરલી એકલા વાડીએ આવ્યાં, તે ઘોંડીને બહુ પસંદ પડયું.

"આજે મને આનંદ થયો."

"શાનો આનંદ થયો ?" મોરલીએ ઘોંડીને તરત પ્રશ્ન કર્યો.

"એમ છે બાઈ સાહેબ!! જ્યારે તમે શેઠ બરાબર આવો છો, ફરો છો, ત્યારે મને બહુ આનંદ થાય છે." બાકી બીજા જોડે આવો છો તે મને ઠીક લાગતું નથી. એમ કહેવા જતો હતો પણ અટકયો. તેણે બોલ ફેરવી નાંખ્યો અને બોલ્યોઃ "એમ છે બાઇ સાહેબ, તમારે તો શેઠની જોડેજ ફરવું." એમ કહીને તે ફુલનો ગોટો બનાવવા ચાલ્યો ગયો.

સુંદરજી અને મોરલી બંગલા પાછળના માધુમાલતીના માંડવામાં એકલાં બેઠાં હતાં અને સુંદરજીએ વાત ઉપાડીઃ

"મોરલી, આજે હું તને મારા હૃદયની વાત કહેવા અહીં બોલાવી લાવ્યો છું."

હૃદયની વાત તે કોણ જાણે શું યે હશે!!

વિસ્મયનો ચહેરો લંબાવી ચિબૂક પર આંગળી મૂકી, મોરલી હૃદયની વાત સાંભળવા તૈયાર થઈ.

શેઠે વાત કહેવા માંડી.

"અકળાતી નહીં-ગભરાતી નહીં-પ્રશ્ન પૂછવા હોય તે પૂછજે અને તારા દીલની વાત કહેવી હોય તો કહેજે આજે. મારૂં દીલ મારે ખોલવું છે. તને તારૂં દીલ ખોલવાની રજા છે."

મોરલી વધારે અજાયબ થઇ, શેઠે વાત આગળ કહેવા માંડી.

"જો મોરલી, હું તને મારી સાઠ વર્ષની ઉમ્મરે પરણ્યો. તારા પિતાને પંદર હજાર રૂપિયા આપીને. મરનારીએ ના પાડી હતી. તેણે ચોખ્ખું કહ્યું હતું હવે પરણશો નહીં, અને છતાં હું તને પરણ્યો."

મોરલી સાંભળ્યા કરતી હતી. શેઠ આગળ બોલ્યા. "તારી સાથે લગ્ન કર્યાં ત્યારે હું છેક ઘરડો નહોતો થયો મને આશા હતી કે જો તારામાં કુદરતી લાલસા ઓછી હશે તો હું તને સંતોષી શકીશ. પણ મારૂં ઘડપણ તારૂં હાડ મજબૂત, તારી લાલસા પણ તિવ્ર, હું સમજી ગયો કે હું તને સંતોષી શકતો નથી." મોરલી કાંઇ બોલી નહીં, પણ તેણે ઉંડો ગરમ નિઃશ્વાસ તો મૂકયોજ.

"હું તારૂં દીલ સમજી ગયો હતો, તું મોઢે બોલતી નહોતી પણ તારો આખો ચહેરો એ અતૃપ્તિની વાત કહેતો હતો, તારી ઉગતી જુવાનીનાં ખળખળ વહેતાં પાણી ધાર્મિક રસ્તે વાળવા મેં પ્રયત્ન કરી જોયો. તને ખબર છે કે મેં તારે સારૂં શાસ્ત્રી રાખ્યો હતો.

તને કથા, વાર્તા, ભગવદ્‌ગીતા અને શ્રીમદ્‌ ભાગવદ્‌ને રસ્તે ચઢાવી હતી. હું તને સવાર-સાંજ દેવદર્શને લઇ જતો હતો. એ બધું એટલાજ ખાતર કે, કોઇપણ રીતે તારા દુનિયાદારીના વિકારો મન પામી ધર્મને રસ્તે ચઢે છે."

મોરલી રોઉં રોઉં થઇ રહી હતી. શેઠ વળી આગળ બોલ્યાઃ "પણ મેં જોયું કે, કથા ચાલતી અને તું બગાસે ચઢતી. કોઇવાર ઉંઘી જતી. દેવ-દર્શનમાં તને આનંદ લાગતો અને છતાં તારો વિલાસ ન ગયો. તારા મૂખ પરની અતૃપ્તિની છાયા ઓછી ન થઈ. તને કથા વાર્તામાં-દેવદર્શનમાં આનંદ નહિ લાગ્યો. તું માત્ર મારી પાછળ ઘસડાતી હતી. હું સમજ્યો કે, એ બધું તારી જુવાની અને તારી લાલસા પર કૃત્રિમ આક્રમણ હતું!!"

મોરલીની આંખમાંથી આંસુનાં ટીપાં પડવા માંડયાં.

"હું કબુલ કરૂં છું કે, તને ધર્મ પર શ્રદ્ધા ન થાય. વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ પણ વિલાસ વશ જીવન ગુજારે ત્યારે તારા જેવી ઉછરતી જુવાન સ્ત્રી વિલાસની અવસ્થામાં ધર્મપ્રધાન જીવન ગાળવા તૈયાર ન થાય એ સ્વાભાવિક છે તેમાં તારો જરાએ દોષ નથી. દોષ મારો કે હું તને પરણ્યો-

દોષ મારો કે મેં તારા સરખી ગામડાની રસજોબનની ભરેલી ગોરી ગભરૂ બાળા સાથે કવયનાં લગ્ન કર્યાં."

મોરલીએ ડૂસકાં ભરવા માંડ્યાં. પોતાના ગજવામાંથી રૂમાલ કાઢીને શેઠે મોરલીની આંખો લૂછવા માંડી.

"દોષ મારો એટલે મારે તેનું પ્રાયશ્ચિત કરવું જ જોઇએ. જો ન્યાતમાં ફારગતી આપવાનો રિવાજ હોત તો, હું તને બાર માસમાંજ છૂટી કરી દેત. ઉપરથી પૈસા આપીને પણ તેમ થાય એમ નહોતું." શેઠે પોતાનું હૃદય ખોલવા માંડ્યું, "ત્યારે બીજો શો રસ્તો? જો બને તો તને ગૃહસ્થાઇને રસ્તે ચઢાવી તને અતૃપ્ત અવસ્થા વેઠી લેતાં શીખવું—અને તે પણ ન બને તો પછી તને તૃપ્તિ થાય એવા સંજોગો ઉભા કરવા. મેં તારે સારૂં માસ્તરો રાખ્યા, તને મારી સાથે ફેરવવા માંડી, મેં તને વ્રત ઉપવાસ કરાવવા માંડ્યા, મેં તને સતી ચરિત્રો કહેવા માંડ્યા, પણ હું સમજી ગયો કે, આ બધું ધારી અસર કરી ન શક્યું. તને વૃદ્ધ માસ્તરો પસંદ ન પડ્યા. જ્યારે તું તેમના સામે ફરિયાદ કરતી, ત્યારે હું સમજતો હતો કે, ફરિયાદ માસ્તરોના ભણતર સામે નહોતી પણ તેમની વય સામે હતી. હું જુવાન માસ્તરની શોધમાં હતો."

મોરલી રડતી હતી. શેઠે કહ્યું, "રડ નહિ—રડ નહિ, સાંભળ—નહિ તો કોઇ આવશે અને વાત અધૂરી રહેશે."

"હું જો કોઇને કહું કે મારે જુવાન માસ્તર જોઇએ છીએ તો મારી ઇજ્જત જાય. મારે મારી પ્રતિષ્ઠા પણ સાચવવી રહી. મેં ચાલાક, હોશિયાર, મારો સેક્રેટરી થાય એવા માસ્તરની શોધ કરવા માંડી. મુલચંદ માસ્તરની મારફતે પ્રભાકરને રાખી લીધો."

મોરલી મૂઢ જેવી બેઠી બેઠી આ વાત સાંભળી રહી હતી.

"મોરલી, હું મૂરખ નથી! હું દુનિયા સમજું છું! પણ મારે તને સંતોષ આપવો હતો. મેં લગ્ન કરી તને દુઃખી કરી હતી. તને પિયેરમાં ખાવા-પીવાનું દુઃખ હતું. આ દુઃખમાંથી છૂટી, પણ તેનાથીએ ભૂંડી-ઉંડે-ઉંડેની જીવનસુખની ભૂખ તને દુઃખી કરી રહી હતી. તેનું કારણ હું હતો—મારે તારી એ ભૂખ ભાંગવી એવો મેં નિશ્ચય કર્યો. થોડી આબરૂ અને

પ્રતિષ્ઠાને ભોગે પણ નોકરો જાણે, સમજે, કોઇ કોઈવાર છાના હસે, તે બધું વેઠી લઇને પણ મેં તને સંતોષવા નિશ્ચય કરી લીધો. પ્રભાકરની સામે જોઇને તું હરખાઇ. તારા ચહેરા પર ચમક આવી, તે મેં જોઇ લીધું–તારૂં અંતઃકરણ શેની ઝંખના કરતું હતું તેની મને ખાત્રી થઇ. મેં તને અને પ્રભાકરને" શેઠે મોટો નિઃશ્વાસ મૂકીને કહ્યું, "એકાંતની સવડ આપી."

અને મોરલીની આંખમાંથી દડદડ આંસુ પડવા માંડ્યાં. સુંદરજી શેઠે મોરલીને પડખામાં ખેંચી.

"રડ નહિ, એમાં તારો દોષ મને જરાયે લાગતો નથી. તું શું કરે. જ્યારે જાગતું જોધ જોબન મારામાં ગાજતું હતું ત્યારે તેણે પણ વિલાસનીજ ઈચ્છા કરી હતી. હું એક, બે, ત્રણ, એમ ત્રણ સ્ત્રીઓથી પણ ન ધરાયો અને જ્યારે જુવાની વિરામી ત્યારે પણ ચોથી પરણ્યો, તને ગામડાની મજબૂત છોડીને શોધી કાઢી, મને હવે મારા કાર્યનો પસ્તાવો થાય છે."

અને વહેવારીઆ સ્વભાવના ઠરેલ સુંદરજી શેઠનું હૈયું લગામમાં ન રહ્યું. તેની આંખો ઉભરાઇ આવી. મોરલી અને શેઠ બન્ને એક બીજા સામે જોઇ રડતાં હતાં. બન્નેને ડૂસકાં આવી ગયાં. ઘોંડીએ કાન દીધા. અહીં આટલામાં કોણ રડે છે! તે તપાસ કરતો માંડવા તરફ આવતો હતો પણ હાથ ઊંચો કરી શેઠે તેને અટકાવી દીધો. શેઠે પોતાની સ્વસ્થતા ગૂમાવી હતી. તેણે કહ્યું, "મોરલી, હું જ્યારે તને પરણવા આવ્યો. ત્યારે ગામ હસતું હતું. એ હસનારા પર મને તિરસ્કાર આવેલો. આજે મને મારા પર તિરસ્કાર આવે છે. એટલાજ ખાતર કે મેં એક હરીણ સરખી નિર્દોષ ભોળી ગામડાની છોડીને જાણી જોઇને–મારા વંશને ખાતર, જાતે થઇને આડે માર્ગે ચઢાવી!"

મોરલીના મોં તરફ જોવાને બદલે શેઠ તો આકાશ સામે જ જાણે અંતરીક્ષમાં કશા સામે જોતા જોતા લવતા હતા.

"તને મેં સોને મઢી નાંખી. રૂપાની થાળીમાં પકવાન જમાડ્યાં પણ તે તને શા કામનાં!! તું ગરીબ માબાપની છોડી, તારી સાત પેઢી ગરીબ–તું ગરીબને પરણી, ગરીબાઇને વહાલી કરીને રહેત–તારે વાડી, બંગલા, વજીફા, ગાડી, મોટર કશાનો શો ખપ? તારૂં કલેવર ગામડામાં બંધાયેલું–

મજબૂત. તું કોઈ ગામડાના જુવાન સાથે પરણી હોત તો, તારી જુવાની સચવાત. તને ખાવાની ભૂખ નહોતી. વસંત સાથે ફાગન–રાગ સાથે ઝૂલત–તને જુવાનીની ભૂખ હતી–મારા સરખા એક વૃદ્ધ અધમે તને ખપનું તે ન આપ્યું–અને ન ખપનું તારી પાસે ધર્યું."

શેઠને પૂરેપૂરો પશ્ચાતાપ થઈ રહ્યો હતો. તેની છાતી ભરાઇ આવી. તે ઉઠીને મોરલીની બરોબર સામે ઉભો રહ્યો.

"મોરલી મને માફ કર."

મોરલી આ પ્રસંગને માટે તૈયાર નહોતી. તે ઉભી થઈ અને સુંદરજી શેઠને વળગી પડી. "આવું શું કરો છો?"

આખો બાગ દયામણો થઇ ગયો. વાતાવરણ ગંભીર બની ગયું. મોરલી સુંદરજી શેઠનો આ પશ્ચાતાપ પૂર્ણ રીતે સમજી ન શકી. તેને એમ થયું કે, પ્રભાકર સાથે તેનો સંબંધ શેઠને પસંદ નહિ પડયો.

"મેં કયાં કહ્યું હતું કે તમે પ્રભાકરને રાખો, તમે જાતે થઇને તેને માસ્તર રાખ્યો, તમારે ફાવે તો તેને રજા આપો." તે બોલી.

"તું સમજી નહિ મોરલી,–હજુ નહિ સમજી. મેંજ પ્રભાકર અને તારો સંબંધ વધવા દીધો, મને એ ઠીક લાગ્યું. મને થયું તને એક બાળક થઇ જાય તો તારૂં મન ભરેલું રહે. મારા અવસાન પછી તારો દહાડો જાય, તને યાદ છે? માસ્તરને તું શયનગૃહ બતાવવા ગઇ હતી અને દીવા બૂઝાઇ ગયા. મેં બૂઝાવી નાખ્યા."

મોરલી સુંદરજી શેઠના ચહેરા તરફ જોઇ રહી. તેને પણ એમ થયું કે, બાળક હોય તો દિવસ શું આખું જીવન આનંદમાં જાય. પણ બાળક થવું એ તો કુદરત છે. શ્રીમંતોને ત્યાં કોઠાર ભર્યા છે. કણ ખાવા માટે કોઈ નથી. રાજદરબારમાં ગાદી અને આખું રાજ્ય ભોગવવાનું છે પણ ત્યાં કાળાં ધોળાં ગમે તેના બાળકો ઘૂસાડવાની એ વેળ આવે છે અને જ્યાં ખાવાને કણ નથી અને પહેરવાને લંગોટી નથી ત્યાં નાની ઝૂંપડીમાં બાળકોનાં ઝૂમખાં ભેગાં થઇ જાય છે.

સુંદરજી શેઠ આ પણ સમજતા હતા પણ તેને એમ પણ ખબર હતી કે, વૃદ્ધ પતિની પત્નીને આમાં કુદરતનો નહિ પણ પતિનો દોષ જણાય છે. અને તે બોલ્યા:

"મોરલી, મારૂં બન્યું ત્યાંસુધી તારૂં સાંત્વન કરવા મેં પ્રયત્ન કર્યો. એથીજ કે મને લાગ્યું કે, જો હું એમ નહિ કરૂં તો કદાચ—કદાચ તું તારી મેળે કાંઈ કરી નાંખશે અને ત્યારે તો મારી પ્રતિષ્ઠા પૂરેપૂરી જાય અને મારી અને તારી વાત આખું જગત જાણે એવું કાંઈ થઈ જશે અને તેથીજ મારી જાત પર–સ્વભાવ પર–અને કંઇક અંશે મારી પ્રતિષ્ઠા પર પણ ઘા કરી, મેં તને જોબનરસની સ્વતંત્રતા આપી. કહે, હવે હું બીજું શું કરૂં ?" શેઠની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી.

બન્ને જણાં પાછાં બાંક પર બેસી ગયાં. સુંદરજી શેઠ ક્ષણભર મોરલીના જવાબની આશા રાખતો થોભી ગયો.

"ત્યારે તમે માસ્તરને રજા આપો. મારે હવે માસ્તર રાખવો જ નથી. મને આજથી ઘરડી માનજો." મોરલીએ સુંદરજીનાં આંસુ લૂછતાં લૂછતાં કહ્યું, "તમે છાના રહો, મારાથી તમારી સામે નથી જોવાતું."

પોતાનો પતિ માફી માગે એ મોરલી સરખી ગ્રામઉછેરની પત્ની માટે બહુ મોટી વાત હતી. પતિ માફી માગે એટલે શું ? અને સુંદરજી શેઠે તેના દીલની બધી વાત સમજી તેને કેટલી સગવડ કરી આપી હતી.

"પતિ વૃદ્ધ છે ! પણ તેનું હૃદય કેટલું ઊંચુ છે. એ હૃદય પર આઘાત થાય એવું કશું કરે તેનું નામ પત્ની નહિ." મોરલીએ આમ વિચાર કરવા માંડયો.

"કાલે કઇ તારીખ છે ?" મોરલી બોલી.

"કેમ ?" સુંદરજી શેઠે સામો પ્રશ્ન કર્યો.

"માસ્તર આવે તેને હું રજા આપી દઉં—કહું કે હવે તમારે મારે ત્યાં ન આવવું."

"મોરલી ?"

"હા, હવે તો એમ જ. જેવા તમે વૃદ્ધ તેવી હું—ત્રણ સ્ત્રીઓએ તમારી પ્રતિષ્ઠા જાળવી-હું એ પ્રતિષ્ઠા પર અગ્નિ નહિ મૂકું. હું મારા જીવન પર-જોબન પર-અગ્નિ મૂકીશ."

મોરલીએ સુંદરજી શેઠના વિચાર મગ્ન-સ્તબ્ધ શરીરને પોતાના તરફ ખેંચ્યું અને ઘડીભર સુંદરજીનું શિર પોતાના ખભા પર મેલી તેણે વૃદ્ધ પતિને વાંસે હાથ ફેરવવા માંડયો.

"મોરલી! શું આજથી મારૂં અને તારૂં જીવન ફેરવાશે?"

"ફેરવાશે નહિ, ફેરવાયું."

અને સુંદરજીએ મોરલીને બાથમાં લીધી. અને આ બાથમાં મોરલી ખરેજ વૃદ્ધ હતી અને સુંદરજી જુવાન હતા.

શરમની મારી મોરલી વેગળી ખસી ઉભી થઇ ગઇ. તેણે ઘોંડીને બૂમ મારી.

"ઠંડુ પાણી લાવ."

ઘોંડી જ્યારે પાણીનો લોટો લાવ્યો, ત્યારે રડતાં શેઠ શેઠાણી હસતાં હતાં.

"ઘણી બાથંકાનો કજીઓ ઘડીમાં જામે અને ઘડીમાં ભાંગે." તે બોલ્યો.

પ્રકરણ ૨૫ મું

મોરલીનું મનોમંથન

જ્યારે સુંદરજી શેઠ અને મોરલી બન્ને બાગમાંથી નીકળ્યાં, ત્યારે બન્ને ખૂબ આનંદમાં હતાં. જીવનમાં પહેલવહેલું મોરલીએ ગુલાબના ફૂલનું બટન બનાવી, સુંદરજી શેઠના કોટનું એક બોરીયું કાઢી નાંખી ત્યાં ભેરવી દીધું.

"મોરલી, એક દિવસ માટે કે?" સુંદરજી શેઠે ટાંણો માર્યો અને હસ્યા.

"હવે તો સદાને માટે" મોરલી મીઠા અવાજમાં બોલી. લગ્નની મધુરજનીની ઉલટ, પતિ–પત્નીએ પરસ્પર તેજ દિવસે પહેલવહેલી અનુભવી.

બીજે દિવસે સુંદરજી શેઠ બજાર જવા તૈયાર થયા અને મોરલીએ કહ્યું, "ત્યારે હું આજે માસ્તરને કહી દઇશ."

"મોરલી, તું ન કહેતી!! ઠીક થયું કે તેં સંભાર્યું—એ તો હું જ માસ્તરને મીઠી ઢબે કહીશ."

"મીઠી ઢબ અને બીઢી ઢબ–વળી કહી દેવા દો ને?" મોરલીએ બિલકુલ ગામડીઆ ઢબમાં છતાં મક્કમતાથી કહી નાંખ્યું.

"ના, હમણાં નહિ. એક મહિના પછી. એવડી ઉતાવળ નથી."

"કેમ એમ?"

"હું કહીશ તો તને ખોટું લાગશે, મોરલી!"

"મને કશું ખોટું લાગતું નથી–કહો."

"એમ છે કે ઉતાવળે કશું જ થવું ન જોઇએ, જો તો ખરી" અને શેઠે ધીરે રહીને ઉમેર્યું, "જો તો ખરી કે તું તારા મન પર કેટલો કાબૂ રાખી શકે છે!"

મોરલીને આ શબ્દો અપમાનજનક લાગ્યા.

"સ્ત્રીઓ મરદો કરતાં મન પર વધારે કાબૂ રાખી શકે છે, સમજ્યા? ઘણાએ મરદો ચાર ચાર વાર પરણીને કૂતરા બને છે અને જુવાન વીસ વીસ વર્ષની સેંકડો છોડીઓ વૈધવ્ય સાચવે છે, સમજ્યા કે?"

સુંદરજી મહાત થવા લાગ્યા. "ચાર ચાર વાર પરણે છે." આ સૂચક શબ્દો મોરલીએ પોતાને માટે કહ્યા હતા કે શું! તેમનું મોં પડી ગયું.

"મોરલી, તારૂં કહેવું અક્ષરે અક્ષર સાચું છે પણ ઉતાવળમાં શો ફાયદો છે? તને ખરી વાત કહું છું, ગઇ કાલે તેં નિશ્ચય કર્યો, હવે એક માસ તપશ્ચર્યા કર. જો તપશ્ચર્યામાં તું પાર તરીશ તો તારા વિચારો જન્મ-ભર કાયમ રહી, તારો આત્મા ઉંચો આવશે."

"તમે જ મારા મનમાં શંકા ઘાલો છો. અમે તો ગામડાની ભોળી છોડીઓ–નિશ્ચય કરીએ એટલે થઈ રહ્યું."

સુંદરજી શેઠ ગામડાની આ ચોથીવારની વહુ તરફ ઘડી ભર જોઇ રહ્યો. જતાં જતાં તેણે કહ્યું, "પણ તું માસ્તરને આજે કશું કહીશ નહિ. મારે પણ એક માસ તેમની પાસે કેટલુંક કામ કરાવી લેવું છે, અને પછી આપણે પ્રભાકરને રજા આપીશું, અને એક કામ કર."

"શું?"

"જસાંકાકીની ખૂબ દીલથી ચાકરી કર."

"હવે?"

"હા! હવે ત્હારો હ્રદયપલટો થયો છે ત્યારે જ તને ચાકરી કરવી ગમશે. જસાંકાકી ભોળાં છે. પ્રભુનાં લોક છે, છેલ્લા શ્વાસ ખેંચે છે, તેમની ચાકરી કરી આશીર્વાદ મેળવ. મોરલી, ભોળાં ભલાંનાં આશિર્વાદે આપણે ઘેર પ્રભુ પારણું બંધાવશે."

મોરલીને નવી આશા બંધાઇ. હા!! ખરી વાત. જે માનવ પ્રયત્નથી નથી બનતું તે કોઇ નિષ્કામકર્મના ફલ તરીકે–કોઇના હ્રદયના આશિર્વાદ તરીકે ફલીત થાય છે. મોરલીએ તે ક્ષણથી જસાંકાકીની ચાકરી પેટની દીકરીની જેમ કરવા માંડી.

મોરલીના જીવનમાં કાંઇ અજબ ફેરફાર થયો હતો. ગઇ સાંજનો બાગનો પ્રસંગ તેની આંખો આગળ તરવરતો હતો. રાત્રે સ્વપ્નામાં પણ જાણે તે બાગમાં બેઠી હતી અને સુંદરજી શેઠ ઉભા થયા, અને હાથ જોડી તેની માફી માંગી, અને પોતે રોઈ પડી. અને સવારે ઉઠયા પછી પણ એ જ વિચારે તેનું મગજ ભરી દીધું

પતિ માફી માગે એટલે શું? મોરલી વિચારે ચઢતી. નાના ગામડામાં પત્નીને રાંડ કહેવી, તેને બે ધોલો ખેંચી કાઢવી, તેનો ચોટલો ઝાલીને ઘસડવી, આ તો પતિ–પત્ની વચ્ચેનો સામાન્ય વહેવાર. તેના બાપે કયાં તેની માને ઘણીએ વાર નહોતી મારી અને ગામનો પટેલ રૂડો, પણ કયાં પટલણને વાંઝણી, કૂતરી, કૂંટણી વગેરે નહોતો કહેતો! સ્ત્રી એટલે

પુરુષને આધીન. પુરુષ કહે તે કરે. પુરુષ ખવડાવે તે ખાય. રજા આપે ત્યાં જાય. અને બારણે તાળું મારે તો, અંદર પણ રહેવું પડે—નહિતો પતિ પિયેર વિદાય કરે—અને પિયેરવાળા સાસરે ધકેલે. પતિ–સામ્રાજ્યના, પત્ની આધિનતાના આ જીવનક્ષેત્રમાં ઉછરેલી મોરલીને પોતાના વૃદ્ધ પતિએ હાથ જોડયા એટલે હદ થઇ ગઈ. પતિ હાથ જોડે—અરે મરી જાય તોપણ ન જોડે ગામડામાં ક્યાં બુઢ્ઢાપતિ અને જુવાનવહુના ખેલ નથી બનતા ? અને બુઢ્ઢો બારણે બેસી રહે અને વહુ અમથી પણ જરા ઓછું આછું ઓઢે અગર કોઈ જુવાનીઆ તરફ તેની નજર અકસ્માત મંડાઈ જાય—અગર કોઈની જોડે હસીને બોલ્યાની વાત પતિને કાને પડે તો કોણ જાણે શુંયે થઇ જાય ! ! આવો વર મળ્યો હોત તો શું કરત ? ક્યાં જાત ! કાકા કોઈને મનમાં ગાળો દઇને, પણ તેના મોતની પણ રાહ જોતાં તેનું બધુંય કરવું પડત કે'ની—તેના કરતાં સુંદરજી શેઠ શું ખોટા ? ? ”

માણસનું મન બ્હેકવા–છટકવા માંડે છે ત્યારે તેને છટકબારીનાં હજારો બ્હાનાં મળે છે તેમ જ્યારે હૃદય સંતોષ તરફ વળે છે ત્યારે વળતા હૃદયને સંતોષ આપવા પણ ઢગલાબંધ કારણો મળ્યા જ કરે છે. બધા ક્યાંથી એવા નશીબદાર હોય કે, વર અને ઘર બન્ને મળે. વર તેને ઘર નહિ અને ઘર મળે તો વર નહિ; આવું ક્યાં દુનિયામાં નથી થતું ? ધાના ત્યાં પાના નહિ, અને પાના ત્યાં ધાના નહિ ! સોનામાં પરમેશ્વરે ક્યાં સુગંધ મૂકી છે ? ગરીબનું નશીબ ગરીબ–મને ભગવાને સારું ઘર–ખાવા પિવાનું—રહેવાનું–ગાડી–ઘોડો–વાડી વજીફો આપ્યાં છે ત્યારે વર ઘરડો આપ્યો છે તે શું નહિ નિભાવી લેવાય ! !

તેને તેનું ગામ, તેની ન્યાત અને તેની બેનપણીઓ યાદ આવી. 'લખી'નો વર ઘરડોજ છે તો. રોજ ખોં ખોં કરતો ખાટલે પડી રહે છે છતાં “ લખી ” બિચારી તેની કેવી ચાકરી કરે છે–કરે છે કે'ની ! આખું ગામ તેને કેવી વખાણે છે. તેને છે કાંઇ સંસારનું સુખ, છતાં હસે છે, બોલે છે, કોઇ વાર મળે તો એ જ ઘરડા વરની વાતમાંથી આનંદ લે છે.

અને પેલી ' શકરી ' તેનો વર ઘરડો જ છે તો—રડતી જાય છે, મા બાપને ગાળો દેતી જાય છે, અને છતાં નિભાવે છે કે'ની. સારાં

માબાપની છોડીઓ બધીજ નિભાવે છે'–નિભાવે છે અને પાછી વરથી બીચે છે. મારો ધણી તો બિચારો દયામણો થઈ મને કહે છે કે, તું નિભાવી લે, ત્યારે હું તેને કેમ નહિ નિભાવું. મોરલીનું મન આવા વિચાર કરવા માંડયું.

અને માનો કે, ગામડાંમાં પરણીને હું વિધવા થઈ હોત તો શું કરત? મારા માવતરમાં રહેત, મારી મા મારા ઉપર ચોકી રાખત, મારાં સગાં-વહાલાં મને વ્હીલી ન મૂકત–ત્યારે નાનાં ગામડામાં હું શું કરત!! અને છતાં તેને કોઈ વાર પોતાની જૂવાની યાદ આવતી. અતૃપ્ત જુવાની તેને દુ:ખી કરતી. તે છાની રડતી પણ ખરી અને તેમ છતાં પવિત્ર જીવન ગાળવાનો તેનો નિશ્ચય ડગમગતો છતાં તે વધારે મજબૂત બનાવતી ચાલી.

વિલાસની હકદાર પતિની અશક્તિ સહેવા તે પ્રથમ તૈયાર નહોતી. તેને સુંદરજી ઉપર તિરસ્કાર આવતો. તેની દલીલ હતી કે, ઘરડા અશક્ત મરદ પરણે શા માટે? અને તે જો પરણે તો તેની અશક્તિનો દુનિયામાં ડંકો વગાડી તેને વગોવવો જ સારો. એવા ધણીનું ભલે નાક કપાય!! પણ તેની સાથે રૂસણાં લઇ તેના પર સામ્રાજ્ય મેળવી, તેને ઘરમાં ગુલામ બનાવી, અને અનીતિને પણ રસ્તે ચઢી–તેના હૃદયને ડામ દેવો–પણ મોરલીના આ વિચારો પલટાઇ ગયા. બિચારો વૃદ્ધ પતિ–ભૂલ કરી બેઠો–તે ધારવા અશક્ત હતો એમ તેને ખબર પડી. તે દયામણો બની માફી માગે તો, પોતાની ભૂલ કબુલ કરે તો પત્નીએ શું કરવું? ગામડાની છોડી એવે પ્રસંગે શું કરે!! તેના દુ:ખની ભાગીદાર થાય–તેવા વરને નિભાવી લે–તેની સામે ફરિઆદ કરવાનું માંડીવાળે–ઉણપ નિભાવી લે–એમ માને કે, પૂર્વસંચિત પ્રમાણે એ સુખ નશીબમાં નહિ હશે. ગામડાની મોરલીએ આવા ગામડીઆ વિચારે મન વાળવા માંડયું.

ધીરે ધીરે મોરલીનું મન વિષયમાંથી અને વિલાસમાંથી વિરામ પામવા માંડયું.

* * *

જ્યારે બપોરે પ્રભાકર ગયો ત્યારે મોરલી હંમેશના હુલ્લાસમાં ન જણાઇ. છેલ્લે છેલ્લે તો થોડો વખત થયાં તે પ્રભાકરની વાટ જોતી, ઝરૂખે ઉભી રહેતી અને પ્રભાકર જ્યારે દાદર ચઢવો શરૂ કરે ત્યારે તે દાદરને માથે

ઉભેલી હોય જ. જાણે જગતને પ્રભુએ આંખો આપી નથી. જાણે શેઠનું ઘર નિર્ભય હોય તેમ !! કોઈની દરકાર વિના તે કેટલીક વાર તો છેલ્લે પગથિયેથી પ્રભાકરનો હાથ પકડી ઉપર ખેંચતી અને પછી કાંઇ કાંઇ ઘેલાં-ચેડાં કાઢતી. આજે મોરલી ઠાવકી બની હતી.

"કેમ, તબિઅત ઠીક નથી શું ?" પ્રભાકરે નિત્ય નિયમ પ્રમાણે તેનો કપોલ સ્પર્શ કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું. પણ મોરલી આઘી ખસી ગઇ; "ના, ઠીક છે."

"પણ ત્યારે આજે આમ કેમ છે ? કાંઈ શેઠ જોડે કજીયો થયો ?" એના સિવાય પ્રભાકરથી આઘા રહેવાનું મોરલીને બીજું શું કારણ હોય ? પ્રભાકર વિચાર કરતો હતો-એટલામાં તો મોરલી ચોપડીઓ લઇ આવી. ચાલો ભણવા બેસીએ."

"પછી આજે કાંઇ ગાવું વગાડવું નથી ?" ગાવું વગાડવું એ પ્રભાકર અને મોરલીનો નિત્ય નિયમ થઇ પડયો હતો.

"ના, આજે માત્ર ભણવું જ છે." મોરલીએ બેદરકારીથી જવાબ આપ્યો.

મોરલી આજે આટલી અસ્વસ્થ કેમ હતી અને વેગળી કેમ રહેતી હતી તેનું કારણ પ્રભાકર સમજી ન શકયો. રામાને પૂછીશું એટલે બધી ખબર પડશે એમ વિચારી તેણે મન વાળ્યું.

મોરલી આજે પ્રભાકર સાથે બહુ બોલ્યા વિના, જરાયે હસ્યા વિના, કોઇ પણ જાતનું અડપલું કર્યા વિના ભણી. એ તો સ્ત્રીનો સ્વભાવ. આજે વાંકુ પડે અને કાલે વળી આવે. પ્રભાકરે પણ તે દિવસે શિક્ષક તરીકે પોતાની શિષ્યાને ભણાવી. અને શિક્ષણ પૂરૂં થયું એટલે સામસામી નમસ્કાર કરી તે અને મોરલી છૂટાં પડયાં.

જતાં જતાં પ્રભાકરે રામાને બોલાવ્યો, "રામા !! આજે શેઠાણી કેમ મૂંગાં થઈ ગયાં છે ?"

"કોણ જાણે સાહેબ, કાલે સાંજનું એમ છે."

"પણ થયું શું ?"

"મને શી ખબર-પણ કાંઇ થયું ખરૂં-આજે તો હું પણ ફુરસદમાં છું. શેઠ ગયા એટલે શેઠાણી બધો વખત જસાંકાકીની પાસે જ બેસી રહ્યાં હતાં. તમે આવ્યા ત્યારે ભણવા ઊઠયાં."

"જરા જોજે તો ખરો, શું છે?" એમ કહી પ્રભાકર દાદર નીચે ઉતર્યો.

મોરલી આજે ભણવા બેઠી ત્યારે તેની કસોટી થઇ. પ્રભાકર સાથે બોલવાનો, તેનો અંગ સ્પર્શ કરવાનો-તેની સાથે અનિયંત્રીત છૂટ લેવાનો-આનંદ કરવાનો તેનો રોજનો અભ્યાસ; આ બધુંજ છોડી દેવાનું, ઉછળી પડતા મન પર લગામ ચઢાવવાની, દીલને કાબૂમાં રાખવાનું તેને ઘણું વસમું પડયું.

ખાદ્ય પદાર્થોનો કરંડીયો ભર્યો પડયો છે. રોજ એમાંથી મનફાવતી ચીજો ઉપાડવાની અને ખાવાની, અને છતાં જેમ ઉપવાસી તેનાથી દૂર રહે તેમ ગામડાની આ છોડી પ્રભાકરને જોતાં-અને તેને જોતાં જ રોજનો વિલાસ તેના અંતઃકરણમાં ઉભરાતો છતાં આજે અળગી રહી. મન છટકતું છતાં શરીર તો જરૂર બચાવ્યું. બળ કરીને પણ તેણે મન ઉપર કાબૂ મેળવ્યો.

પ્રભાકર ગયો ત્યારે તે વિચાર કરવા બેઠી. શું! સુંદરજી શેઠે આટલા ખાતરજ પ્રભાકરને એક માસ વધુ રાખવાનું કહ્યું હતું !

શેઠ અનુભવી. તેમણે બરોબર કહ્યું હતું!! સાઠ વર્ષે પણ ચોથી સ્ત્રી કરવામાંથી જેમના મને વિરામ ન પકડયો, તે સુંદરજી શેઠ, પોતાની જુવાન સ્ત્રીને તપશ્ચર્યાનું પરિણામ જોવા કેમ સમય ન આપે!! મોરલી મન સાથે બોલી, "બરોબર છે, આ તપશ્ચર્યા, આ કસોટીમાંથી પ્રસાર ન થવાય તો બીજી કોઇવાર ભૂલ કરી બેસાય." તેણે નિશ્ચય કર્યો. માસ્તર સાથે વિવેકથી બોલવું, ચાલવું, હસવું, બધું કરવું અને છતાં એક સામાન્ય શિષ્યાની અલગતા સેવવી એજ સારૂં છે. એક માસ આમ ચાલે તો, તે પોતાની વિલાસ લાલસા પર અંકુશ મૂકી શકશે એમ તેને સહજ લાગ્યું.

રાત્રે જ્યારે શેઠ આવ્યા ત્યારે તેણે પ્રભાકર સાથેના પોતાના અનુભવો કહી બતાવ્યા.

"મોરલી, મેં જગતનો અનુભવ લીધો છે. મુંબાઇમાં મેં મારી જીંદગી ગાળી છે. થોડો અનુભવ બાકી હતો તે તને પરણી પૂરો કર્યો, પણ હવે જો તારો હૃદયપલટો દઢ થાય તો, હું તને સુખી કરવામાં કમી નહિ રાખું. પ્રભુ કરશે તો હું અને તું બન્ને આપણા પાપનું પ્રાયશ્ચિત કરતાં સુખી થઈશું."

"હું જાણું છું."

"મોરલી, હું તારો જરાયે વાંક કાઢતો નથી. નિદાન, મારા ગુન્હાનું પ્રાયશ્ચિત કર્યાનો આનંદ મને તો થવાનો જ છે."

મોરલી શેઠનાં વચનો સાંભળી રહી. તેને સુંદરજી શેઠ માટે માન વસવા માંડયું હતું. પ્રેમભાવ નહિ પણ દયા ભાવ–તો મોરલીના હૃદયમાં જરૂર ઉદય થયો હતો. આવો સરળ પતિ–જે પોતાની શકિત પ્રમાણે પત્નીને હરેક રીતે ખૂશ કરવા પ્રયાસ કરે, અને ઉણપ માટે માફી માંગે. તેના દીલમાં થતું–બીજા ઘણા કરતાં મારો વર સારો છે. કયાં જગતમાં બધાને દરેક વાતનું સુખ હોય છે? પોતાના બે હાથ હેતથી સુંદરજી શેઠના શ્વેત વાળને સમારતી મોરલીએ કપાળ ઉપર એક મીઠું ચુંબન પહેલવહેલું કર્યું. ચુંબનમાં પત્ની ભાવનો ઉછાળો નહોતો. દયાભાવનો–ઉપકાર ભાવનો ઉમળકો હતો.

"મોરલી, આજે પરણ્યું સાર્થક થયું." શેઠ બોલ્યા.

પ્રકરણ ૨૬ મું.

અદાલતમાં

પ્રભાકરનો ફોજદારી મુકદ્દમો લગભગ દોઢ મહિને ચાલ્યો. વચમાં ત્રણ તારીખો પડી. રોજ નવો વકીલ કરવો પડે એમ હતું. કારણ, આખા કેસ માટે વકીલ કરવામાં ફી વધારે આપવી પડે એમ હતું. તેથી જ્યારે કામ ચાલવાનો દિવસ આવ્યો ત્યારે જ એક સારો વકીલ તેણે કરી લીધો. કેસના પરિણામમાં બન્નેને સજા થઇ. પૂરાવાથી સાબીત થયું કે, બન્ને

જણાએ દારૂ પી સરીયામ રસ્તા પર કાવસજી પેટલના તળાવ આગળ ગાળા-ગાળી અને મારામારી કરી સુલેહનો ભંગ કર્યો હતો.

"તમે સારા માણસ થઇને દારૂ પીવો છો?" મેજીસ્ટ્રેટે પ્રભાકરને પૂછ્યું. "સાહેબ, હું દારૂ નથી પીતો—મારામારી થઇ, પણ મેં કે રહે-માને દારૂ પીધો નહોતો અને મારામારીમાં તો અમારે બોલાચાલી થઈ એ વાત ખરી છે, પણ મારામારી તો નથી જ થઇ." મેજીસ્ટ્રેટે બીજા નંબરના આરોપીને પૂછ્યું.

"કેમ, મુસલમાન થઇ ને દારૂ પીઓ છો?"

"સાહેબ, હમારે મજહબમેં દારૂ હરામ હય. કોઇ મુસલમાન દારૂ પીતો નથી." અને મેજીસ્ટ્રેટ અને કોર્ટ બધાં હસી પડયાં.

મુસલમાન દારૂ પીને પડયાના અને મારામારી કર્યાના હજારો મુકદ્દમા ચલાવી વૃદ્ધ થયેલા મેજીસ્ટ્રેટને અને વકીલોને અને કોર્ટમાં બેઠેલા બધાને આરોપીનો જવાબ અનુભવથી પણ જુઠ્ઠો લાગે તેની શી નવાઇ? "પણ સાહેબ, મારા આરોપીએ દારૂ પીધો નહોતે. તેનું કહેવું છે કે તે કદી દારૂ પીતો નથી." પ્રભાકરના વકીલે કહ્યું.

"દારૂ પીતો હોય એમ દેખાતું નથી" મેજીસ્ટ્રેટે કહ્યું.

વકીલને હિંમત આવી. "સાહેબ, મારો અસીલ ઉંચ કુટુંબનો, વણિક જ્ઞાતિનો, અંગ્રેજી ભણેલો, સંસ્કારી યુવાન છે. મોટાં કુટુંબોમાં શિક્ષણ આપે છે." પ્રભાકરના વકીલે વધારે દલીલ કરતાં કહ્યું, અને તેના સામે જોયું. "બરાબર છે" પ્રભાકરે ધીમે અવાજે તેના વકીલની વાત સમર્થી લીધી.

મેજીસ્ટ્રેટને પણ દારૂ બદલની શંકા આવી, અને ખરેખર પ્રભાકરે તકરારને દિવસે દારૂ પીધો પણ નહોતો, પણ જ્યારે કોર્ટે કેસ ચલાવનાર પ્રોસીક્યુટરને પ્રશ્ન કર્યો ત્યારે તેણે કહ્યું.

"ખોટી વાત છે, સાહેબ. અમારી પાસે પૂરાવો છે કે આ માણસ દારૂ પીવે છે." એક પોલિસ સિપાઇને તપાસવામાં આવ્યો.

"પહેલા નંબરના આરોપીને તમે પકડયો. ત્યારે તે કેવી સ્થિતિમાં હતો?" પ્રોસીક્યુટરે પોતાનો કેસ સાબિત કરનાર સાહેબને પૂછ્યું.

"તેણે દારૂ પીધો હતો સાહેબ."

"શા ઉપરથી કહો છો?"

"તેનું મોં ગંધાતું હતું અને વળી તેને પકડીને ચાવડી પર લઈ જતાં તે લથડીઆં ખાતો લવતો હતો."

"આ પોલિસ સિપાઇ સિવાય બીજા કોઇ સાહેદ દારૂ સંબંધે છે?" કોર્ટે જાણવા ઇચ્છા દર્શાવી.

"દારૂની દુકાનવાળો છે, સાહેબ!" પ્રોસીક્યુટરે કહ્યું.

વકીલે પ્રભાકરને પોતાની પાસે બોલાવ્યો.

"ખરી વાત છે. દારૂની દુકાનમાં ખાતું તો નથી."

પ્રભાકર જવાબ દેતાં અચકાયો. અને વકીલનો મિજાજ ગયો, "ભસી મરને?"

પ્રભાકરને ખરી વાત કબુલ કરવી પડી. હમણાં હમણાં બે માસથી તેણે કાવસજી 'યુરોપ શોપ' કીપરને ત્યાં બે એક વાર ઉધાર પીધેલો. અને તેનું નામું હતું. હજુ પૈસા ચૂકવવાના હતા. વકીલ અકળાયો.

"તો પહેલાંથી ખરૂં કહી મૂવો હોત તો–બીજી રીતે ગૂલાંટ મારત...... હવે!" વકીલે માથું ખજવાળીને નવી બહાર નીકળવાની પગથી શોધવા માંડી. કાવસજી શેઠે પોતાનો ચોપડો રજુ કરતાં જણાવ્યું:

"આરોપી હમણાં હમણાં ચારપાંચ મહિનાથી પીવે છે. પહેલાં પણ પીતો. હમણાં બે વાર ઉધાર લઇ ગયો છે. પહેલાં રોકડેથી પીતો."

"નામું છે?"

પ્રભાકરના વકીલે નામું જોવા માગ્યું–નામું ચોકખું હતું, પણ અંદર એક બારી હતી.

"જુઓ, તમારા નામામાં 'પ્રભાકર શેઠ' એટલુંજ લખેલું છે?"

"જી હા"

"પ્રભાકર એ નામ ગામમાં ઘણાંનાં હોય છે?"

"હોઇ શકે."

"બ્રાહ્મણ, વાણીયો, ક્યાંનો રહેવાસી, કશું લખેલું નથી."

"જી ના !"

"પાના ઉપર 'પ્રભાકર શેઠ'ની ઍન્ટ્રી છેલ્લી છે?"

"જી હા."

વકીલની ઉલટ તપાસ વખતે પાછળથી મોટો નિઃશ્વાસ સંભળાયો. વકીલે પાછળ ફરીને જોયું. લીલી પાઘડી પહેરેલો એક ડોસો ગમગીન ચહેરે બેઠો બેઠો કેસ સાંભળતો હતો. પ્રભાકરની પણ નજર મનોરદાસ તરફ ગઇ, અને તેની આંખમાં લોહી ભરાયું. "પાછો આ બુઢ્ઢો અહીં મૂવો છે!" તેણે દાંત કચકચાવ્યા.

બન્ને આરોપીયોને બચાવને પૂરાવો આપવાનો નહોતો. વકીલોની દલીલ શરૂ થઈ. પ્રોસીક્યુટરને વિશેષ કહેવાનું નહોતું જ. આરોપીઓને બોલાચાલીની વાત તો કબુલ હતી. અને મુસલમાન અને તેમાં પઠાણ હોય તો મારામારી તો થાય જ. હિંદુ આરોપી પણ તંદુરસ્ત બાંધાનો હતો. અને તે માર ખાઇ બેસી રહે એમ માનીને ચાલવું બરાબર નહિ થાય. બન્ને આરોપીઓ દારૂ પીવાની વાત કબુલ કરતા નથી પણ પઠાણની રાતી આંખ પરથીજ કોઇ સહજ કહી શકે કે, તે દારૂ પીતો હશે. અને આરોપી પ્રભાકર પોતે કદી દારૂને અડકયો નથી એમ કહે છે એ વાત સાહેદ કાવસજીની જૂબાનીથી ખોટી પડે છે. વિલાયતી દારૂ પીનાર દેશી દારૂ પણ પી શકે. અને વળી દારૂની બાબતમાં આરોપી જૂઠું બોલ્યો છે એટલે તેના શબ્દ પર ભરોંસો રાખવો બરોબર થશે નહિ.

પોલિસ સિપાઇને જૂઠું બોલવા કારણ નથી. તે આરોપીઓનો દુશ્મન નથી. સાહેદને જૂઠો માનવા કોર્ટને કારણ ન જડે ત્યાં સુધી તેને સાચો માનવો જોઇએ. આરપીને સખ્ત નશિઅત થવી જોઇએ. કારણ કે તેમણે પોલિસચોકીની નજીક તોફાન કર્યું છે અને વળી જેટલામાં તોફાન થયું છે તે ઉંચવર્ણના હિંદુઓનો લત્તો છે.

પોતાના ભાષણની અસર લોકો પર પણ કેવી થઈ છે તે જાણવા પ્રોસીક્યુટર પાછા ફર્યા અને લાંબો કાળો ઝભ્ભો સમેટી કેડ પર લઇ બેસી ગયા.

આરોપી પ્રભાકરના વકીલ દલીલ કરવા ઊઠયા. જેમ બોલર બોલ નાંખતા પહેલાં ક્રિકેટના મેદાનનું નિરિક્ષણ કરે છે તેમ પ્રભાકરના વકીલ મી. દાંતાએ કોર્ટમાં ચારે બાજુએ નજર કરી.

" નામદાર સાહેબ, " તેમણે તકરાર કરવા માંડી. "આરોપી પ્રભાકર આ કામે બિલકુલ તકસીરવાર નથી. તેના વિરૂદ્ધ કશો પૂરાવો નથી. માને કે, બે સાહેદો આવીને તેની સામે પૂરાવો પૂરી ગયા છે પણ તેમને સાહેદ કહી જ શકાય નહિ. પોલિસ અને પગીવાલાની એક ગાંઠ હોય છે એ તો જાણીતી વાત છે. આપ નામદારના ધ્યાન બ્હાર આ વાત છે એમ હું માનતો નથી. આપ અનુભવી છો એટલે કાવસજી શેઠ માત્ર ગાંધી વૈદ્યનું સહીયારૂં સાચવવા એક ખોટો ચોપડો લઈને આવ્યા છે." વચમાં કોર્ટ બોલી ઉઠી,

" મી. દાંતા, ચોપડો પ્રથમ દર્શનીય લાગે છે તો સાચા જેવો.'

" હું તે ઉપર આવું છું સાહેબ " મી. દાંતાએ વકીલોનો પ્રદ્ધતિસરને હંમેશનો જવાબ દીધો. તેમણે આગળ ચલાવ્યું.

" પણ, આ ચોપડો ખોટો છે એવી મારી દલીલ છે. અક્ષર તો કાવસજી શેઠનાજ. અને ગાંધીનું વૈદ્ય માને. તેમણે પોલિસના કહેવાથી પ્રભાકર શેઠ એમ લખી નાંખ્યુ."

" કયો પોલિસ ? " કોર્ટે પ્રશ્ન કર્યો.

" એના એજ તો—જે કાવસજી શેઠની સાથે બેઠકીઓ હશે તે." કોર્ટ કાંઈ વચમાં બોલવા જતી હતી પણ મી. દાંતાએ મોઢું બાજુ ઉપર ફેરવી આગળ ચલાવ્યું.

" ખ્યાલ કરવો જોઈએ સાહેબ—અને બીજો વિચાર કરવાની જરૂર નથી, પણ સીધો ખ્યાલ કરતાંજ જણાઈ આવશે કે, પ્રભાકરને કાવસજી શેઠ લાંબા વખતથી—વરસોથી—ઓળખે છે—તો તેનું પૂરૂં નામ તો લખે—પણ પ્રભાકર શેઠ એટલે કોણ, તેની ન્યાત કયી, તેના બાપનું નામ શું ? ગુજરાતી કે દક્ષિણી, કે પછી બંગાલી ! "

અને પોતાની આ દલીલોથી ઉભરાતા—ધસમસતા ભાષણની પ્રેક્ષકો પર શી અસર થાય છે તે જોવાને એક ક્ષણભર તેમણે આસપાસ જોયું.

એક મોટી આંખોવાળો, જૂના જમાનાનો બુઢ્ઢો પારસી મી. દાંતાની આંખો સામે માથું ઉંચુ નીચું કરતો જણાયો. તેને મી. દાંતાની દલીલો ગળે ઉતરેલી લાગી. વકીલે તુરતજ કોર્ટ પાસે વધુ દલીલો કરી. " આ કારણે સાહેબ!! આરોપી પ્રભાકર વિરૂદ્ધ કાંઇ અનુમાન નીકળતું નથી. ઉલટ આવો જુઠો ચોપડો બનાવવા માટે હું આ–અને આ પળે મી. દાંતા કાવસજી સાહેદ બેઠો હતો, તેના તરફ ફરીને તેને નજરથી વીંધતા હોય એમ જોઇને બોલ્યા, " આ કાવસજી સામે ખોટા ચોપડા બનાવવા માટે હું સેકંશન લેવાનો છું."

શું કાવસજી નફ્ફટ માણસ હતો? તે મી. દાંતા સામે જોઈ હસવા લાગ્યો. વકીલ મી દાંતાએ પોતાની દલીલ આગળ ચલાવી.

" પણ સાહેબ, આપ નામદાર માનીને ચાલો, કે મારા અસીલે કોઇવાર વિલાયતી દારૂ પીધો હશે તો, તે ઉપરથી એમ કહી શકાય કે, તેણે દેશી કેફી દારૂ પીધો. કદીજ નહિ સાહેબ. પરદેશી દારૂ તો ઘણા સુધરેલી ઢબથી રહેનાર પીએ છે. મોટા મોટા વકીલો" અને કોર્ટમાં હસાહસ થઇ.

પાછળની ખુરશી પર બેઠેલો એક વકીલ ખુરશી પાછળ મોં દબાવીને બોલ્યો, "મી. દાંતા તમે શું કરો છો?" આખી કોર્ટ ખડખડ હસી પડી. અને કોર્ટે પણ જરા હસી લીધા પછી ગંભીર મુદ્રાએ કહ્યું.

" ઓરડર, ઓરડર" મી. દાંતાને આ વિષયમાં ઘણું વધારે પણ કહેવાનું હતું. તેમણે કહ્યું.

"નામદાર, એકલા વકીલ નહિ, પણ બેરિસ્ટરો, ડોકટરો, શેઠ–શાહુકાર અને નામદાર ન્યાયાધીશો પણ."

અને પાછી આખી કચેરી ખડખડાટ હસવાથી ખખડી ઊઠી. કોર્ટ હસી. બોર્ડ પર બેઠેલા કારકુનો અને પટાવાળા પણ હસ્યા. આરોપીઓ પણ આ હસવામાંથી બચ્યા નહિ. અને કોર્ટે રમૂજમાં વધારો કરવા માટે ગંભીરતા છોડીને પૂછ્યું, " મી. દાંતા! તમે આ કોર્ટ વિષે શું ધારો છો?"

મી. દાંતા જુનો અનુભવી વકીલ હતો. તેણે તરત જવાબ આપ્યો. " સાહેબ, ધારવાની વાતજ નથી. આપના પ્રશ્નનો જવાબ, આપનો અનુભવ આપતોજ હશે. આપને માટે હું કશુંજ કહેવાની ના પાડું છું!!" " પણ

નામદાર, પ્રશ્ન તો એ છે કે, વિલાયતી દારૂ કોઈ પીતો હોય તેથી તે કાંઇ દેશી દારૂ પીએ છે, ટીકંચર, મહુડી પીએ છે અને છાકટો થાય એવો પીએ છે, અને મારામારી કરે એવો છાકટો થાય એવું પીએ છે. એવાં અનુમાન કદીજ કાઢી શકાય નહિ."

"તમારી એ દલીલ બરાબર છે, મી. દાંતા." કોર્ટે કહ્યું.

જાણે પોતાનો વિજય અડધો તો થયોજ હોય એમ મી. દાંતાએ આ પળે પ્રભાકર સામે જોયું, તેની આંખો પ્રભાકરને કહેતી હતી "તમને ખબર પડશે કે, હું મારી ફરજ બરાબર બજાવું છું. પછી તમારૂં નસીબ."

મી. દાંતાએ આ રીમાર્ક બદલ કોર્ટનો ઉપકાર માન્યો. અને આગળ ચલાવ્યું, ત્યારે સાહેબ, આપના ધ્યાનમાં આવશે કે, કાવસજીનો ચોપડો એક કોડીની કિંમતનો નથી. ત્યારે, તો પછી આરોપીને જુઠો મનાયજ કેમ? તેના સામે પૂરાવો રહ્યો માત્ર પોલીસનો? અને તે કોઈ મોટા અમલદારનો નહિ. પણ નાચીઝ પોલીસ સિપાઇનો. અને પોલીસ સિપાઇ ઉપર ભરોસો કેમ રખાય? એ તો જુઠું બોલેજ!!

"આવો સર્વદેશીય આક્ષેપ કેમ કરી શકાય?" કોર્ટે જરા હસતે મ્હેરે કહ્યું.

"ત્યારે કયો પોલીસ આવીને કોર્ટમાં ખરૂં કહી ગયો છે?"

"મારા અનુભવમાં મેં પોલિસને ખરૂં બોલતાં જોયા છે."

"તો હું માફી ચાહું છું. નામદાર કોર્ટ મને માફ કરશે-પણ મને કહેવા દો કે એટલો આપનો અનુભવ કાચો છે."

અને પાછી કોર્ટમાં હસાહસ થઇ. મી. દાંતાએ પોતાનું ભાષણ આગળ ચલાવ્યું.

"અને સાહેબ, આપનો અનુભવ કદી એવો થયો પણ હોય કે, કોઈ કોઈ પોલીસ-લાખમાં એક-સાચું બોલી ગયો હશે અને ભગવાન જાણે એ કેમ બન્યું—પણ માનીને ચાલીએ કે, તે પોલીસ સાચું બોલ્યો હશે તો પણ આ પોલીસ સિપાઇ પર તો ભરોસો રખાય એમ છેજ નહીં. આરોપીના મોંમાંથી ગંધ નીકળતી હતી અને તે લથડીયાં ખાતો હતો—આ બધું

દેખીતી રીતે બનાવટ છે—બનાવટ, અને મારી ખાત્રી છે કે, આપના સરખા બાહોશ—નામાંકિત અને અનુભવી મેજીસ્ટ્રેટ આ સાહેદ ઉપર ભરોસો નહિ રાખે. મારા આરોપીને છોડી દેવો જોઇએ."

મી. દાંતા બેસી ગયા અને મેજીસ્ટ્રેટે ઠરાવ આપ્યો. તેણે પ્રભાકરનો રૂા. ૧૦ અને રહેમાનનો રૂા. ૨૫ દંડ કર્યો.

બન્ને આરોપી પાસે દંડના પૈસા નહોતા. અકબરખાને રહેમાનનો દંડ ભરવા ઘેરથી પૈસા મંગાવ્યા. અને પ્રભાકરનો દંડ તો પાંચ મીનીટમાં ભરાઇ ગયો. પ્રભાકરને એમ હતું કે, દંડની રકમને અભાવે રાત જેલમાં વિતાવવી પડશે. જે મનોરદાસને તે અત્યાર સુધી ધિક્કારતો હતો તેનીજ જોડે ઘેર સંદેશો કહાવવો પડશે કે શું? તેને બીજો કોઇ માર્ગ સૂઝતો નહોતો. પણ એટલામાં તો પટાવાળાએ આવીને પ્રભાકરને છોડી દેવા વરદી આપી. દંડના પૈસા કોણે આપી દીધા? તે પ્રભાકર સમજી ગયો. મનોરદાસ વિના બીજો કોણ ભરે!! તે બહાર નીકળ્યો ત્યારે મુળચંદ માસ્તર ઓટલે ઉભા હતા. પ્રભાકર મોં છૂપાવવાનું કરતો હતો, પણ માસ્તરે બુમ પાડીને તેને બોલાવ્યો.

"મને ભાઈ ખબર પડી કે, આજે તમારૂં કામ ચાલવાનું છે. એટલે આવી પડયો!—પેલા ડોસાએ તમારો દંડ ભરી દીધો, નહિ તો હું પૈસા લઇનેજ આવ્યો હતો." જે ડોસા તરફ મુળચંદ માસ્તરે આંગળી કરી તે મનોરદાસજ હતો. જોત જોતામાં તો મનોરદાસ કચેરીની બહાર નીકળી અદૃશ્ય થઈ ગયો.

આ ડોસો શા માટે મારા દંડના પૈસા ભરે! પ્રભાકરને આની કશી સમજ પડતી નહોતી. એ તે મારો દોસ્ત છે કે દુશ્મન—એ મારી રક્ષા કરે છે કે, મારી પાછળ પાછળ ફરી મારી બાતમી ભેગી કરે છે? પણ મારો હિતસ્વી ન હોય તો મારા દંડનાં પૈસા તે શા માટે ભરે!! પણ એ દંડ ભરે છે છતાં હું ન જાણું એમ? આમ છાની રીતે મારો દંડ ભરવામાં આ બુઢ્ઢાને શી નિસ્બત હશે. તેનો વિચાર, મનોરદાસને શોધી કાઢીને ખુલાસો કરવાનો થયો. તેણે માસ્તર પાસે રજા માંગી અને તુરત કચેરીની બહાર નીકળતો હતો એટલામાં એક અફઘાની પંજો તેના ખભાપર પડયો. તેણે પાછળ જોયું તો, અકબરખાન તેની સામે લાલચોળ આંખો કાઢીને જોતો ઉભો હતો.

"કહ્યું શેઠ! અબ, કબ પૈસા દેનેકા હય ?" પ્રભાકર અકબરખાનના પંજા નીચે ઢીલો થઇ ગયો. અકબરખાન તો કચેરીમાં પણ તેને મારે તેવો ભયંકર ગણાતો હતો. પ્રભાકરની તુમાખી ઓસરી ગઇ.

"જેમ બને તેમ વહેલી સવડે આપી દઇશ." તેણે ગરીબાઇનો જવાબ આપ્યો.

"દેખો, આઠ દીનમેં હમારી સબ રકમ મીલ જાની ચાહીએ. નહિ તો આપ હો ઔર મેં હું–મેરા જૈસા કોઈ અચ્છા નહિ હય, ઔર એ ભી સમજ લો કે, મેરા જૈસા કોઇ બૂરા ભી નહી હય."

"પણ ખાનસાહેબ, હું તમને કયાં ઓળખતો નથી."

"તો ઠીક." અકબરખાને સાયકલ પર બેસી જવા માંડયું. પાંચ ડગલાં ગયા પછી તે પાછો ઉતરી પડયો.

"ઔર દેખો, તુમારી ઉધરાનીમેં મેરા આદમીકા પચીશ રૂપિયા દંડ હુવા હય! મેંને ઘરસે મંગવા કે અભી ભર દીયા, દેખો, પરસુ સબેરે એ પચીશ રૂપિયા ભોગીલાલકી દુકાન પર દે દેના! !–ઇસમેં ભૂલ કરી તો યાદ રખ્ખો–શીર ફૂટેગા." પ્રભાકર બોલવા જતો હતો પણ એટલામાં તો અકબરખાનની સાયકલ કયાંની કયાં પહોંચી ગઈ.

પ્રકરણ ૨૭ મું

માથું ફૂટયું

પ્રભાકર જ્યારે ઘેર આવ્યો, ત્યારે સોનલ બારીની બહાર આકાશ સામે જોતી ઊંડા વિચારમાં પડેલી હતી. આજે પ્રભાકર ઉપર કાંઇ ફોજદારી કેસ ચાલવાનો હતો એવું અમૃતલાલે મેનાને કહ્યું હતું અને મેનાએ સોનલને કહ્યું હતું.

"મને કાંઈ વાત કરી નથી. આજે નહિ ચાલવાનો હોય, મેનાબેન ?" સોનલે શંકા બતાવતાં જવાબ દીધો.

અને છતાં પણ પ્રભાકર સવારે દસ વાગ્યા પહેલાં ખાઇને નીકળેલો એટલે સોનલને શંકા તો હતીજ કે, કાંઇ અગત્યનું કામ હોવુંજ જોઇએ. તેણે આખી બપોર ચિંતામાં ગાળી હતી. અને પ્રભાકર ઓરડી ઉઘાડી અંદર આવ્યો, તે સોનલને ખબર ન પડી. પણ પ્રભાકરે બારણું બંધ કર્યું અને તેના જોડા ખખડયા ત્યારે તેણે પ્રભાકરને પૂછ્યું.

"આજે તમારો કેસ હતો?"

"તને કોણે કહ્યું?" પ્રભાકરે સામો પ્રશ્ન કર્યો.

"હા! હતો. પણ તને કોણે કહ્યું?" પ્રભાકરને શંકા હતી કે પેલા હરામખોર મનોરદાસે કેસની વાત કરી હશે.

"તમે તો નહીંજ કહ્યુંને? મને તો મેનાબેને કહ્યું."

"તેને કયાંથી ખબર પડી?" પ્રભાકરે વળી પાછો પ્રશ્ન કર્યો. સોનલ ખરી વાત છૂપાવતી હતી એમ તેને લાગ્યું.

"અમૃતલાલભાઇએ આજે જમતાં જમતાં તેને વાત કરેલી."

"તું બનાવટ કરે છે?"

"કેમ! એટલે તમને એમ લાગે છે કે હું જુઠું બોલું છું?"

"ખરેજ મને એમ લાગે છે કે પેલો સામો રહે છે તે બુઢ્ઢાએ વાત કરી."

"કોણ સામે રહે છે" સોનલ જાણે મનોરદાસને ઓળખતી ન હોય તેમ બોલી. "નહીં પેલો એક બુઢ્ઢો સામે ઓરડીમાં રહે છે?"

"ના, ના, એણે નથી કહ્યું. એ તો મેનાબેને જ વાત કરી."

પણ પ્રભાકરને ખાત્રી નહોતી થઈ, "દુષ્ટ આવીને મારી સ્ત્રીને પણ વાતો કહી જાય છે. એને હું જોઈ લઇશ." પ્રભાકર મન સાથે બોલ્યો.

"હા! પણ થયું શું? તે તો કહો."

"શું થાય."

"ત્યારે તારીખ પડી કે કેસ ચાલ્યો અને કાંઇ પરિણામ આવ્યું?" સોનલે આગ્રહથી પૂછ્યું.

"માથું ખાઈ ગઇ" પ્રભાકરે કચવાઇને કહ્યું "દશ રૂપિયા દંડ થયો."

હવે પ્રભાકરના કચવાટથી, રોષથી સોનલ ટેવાઇ હતી. તેની ચિંતા દૂર થતાં તેણે કહ્યું.

"ચાલો સારૂં થયું" અને પ્રભાકરે મોટી મોટી આંખો તેના તરફ ફેરવી.

"દંડ થયો તે સારૂં થયું?" તેણે રોષથી–ડપકાથી કહ્યું.

સોનલ પ્રભાકરના કહેવાનો ભાવાર્થ સમજી ગઇ.

"એટલે, એમ તો સારૂ નહીંજ થયું. પણ સજા ન થઇ અને દંડ થયો, એમાં તો સારૂંજ થયું ને?" સોનલે કહ્યું.

"નહીં તો રસ્તાના કજીઆમાં ક્યાં કોઇએ ગુન્હો કર્યો હતો. એમ કોઇ ફાંસીએ ચઢાવવાનું હતું?"

સોનલે વાત પડતી મૂકી. ચાહ થઇ. સાંજે ચોપાટી ફરવા જવાની સોનલની સૂચના પ્રભાકરે ઉપાડી ન લીધી.

"કાંઇ જવું નથી. તારે જવું હોય તો જા."

"હું ક્યાંયે એકલી ફરવા ગઈ છું કે આમ બોલો છો?" સોનલને માઠું લાગ્યું. અને આ પછી શરૂ થયેલી મૂક અવસ્થા લગભગ કલાક સુધી ચાલી.

અકબરખાને પચીશ રૂપિયા માંગ્યા હતા અને તેને માટે માત્ર છત્રીશ કલાકનોજ સમય આપ્યો હતો. કદાચ એક દિવસ વહેલું મોડું થાય પણ એમ કાંઇ કોઇને પૈસા અપાય? જેનો દંડ થયો હોય તે આપે. એ પોતાના માંગતા પૈસા માંગે, પણ દંડના પચીશ રૂપિયા માંગવાનો એને શો હક! એ ગમે તેવો જબરો હશે, અને મુંબાઇમાં એની હાક વાગતી હોય તેમાં શું? શું હું એવો બાયલો છું કે, એમ પચીશ રૂપિયા આપું?" અને છતાં પણ પ્રભાકરને અકબરખાનની મોટી બીક હતી. પઠાણ–બેફીકર માણસ અને વળી દંડેબાજ. કજીઓ થાય તો લોકો પઠાણનો વાંક નહીં કાઢે. ઉલટો મારો કાઢે. પઠાણનો દંડ થયો તો યે શું અને સજા થઈ તોયે શું? એને ક્યાં અહીં પોતાની ઇજ્જત કે સભ્યતા સાચવવી છે. એની જમાતવાળા બધાજ એવા–અને વળી મુંબાઇની પોલીસ, એટલે અકબર-

ખાનની મારેલી. એક વાર રહેમાન સાથે કજીઓ થયો. પોલીસકોર્ટે ચઢયા. મેજીસ્ટ્રેટે ઓળખ્યા. વળી પાછો અકબરખાન સાથે કજીઓ થાય–વળી ફરિયાદ કરો–મેજીસ્ટ્રેટ કોર્ટમાં જાઓ, એટલે ગામના એક કજીઆખોરમાં નામ ગણાઇ જાય. અને સૌથી વધારે ખોટું તો એ, કે લોકો કદાચ એમ જાણી જાય કે, આવો ભણેલો ગણેલો જુવાન પઠાણ પાસે પૈસા લે છે, ત્યારે તેને માટે બધાને કેવો ખોટો ખ્યાલ આવે અને કદાચ સોનલને આ વાતની ખબર પડે તો?

પ્રભાકરને લાગ્યું કે, ગમે તેમ કરી અકબરખાનને એ પચીશ રૂપિયા આપી દેવામાંજ ડહાપણ છે. તેની માંગણી ખોટી છે, અન્યાયી છે અને છતાં રૂપિયા આપી દઇ, ગમેતેમ કરી તેના બીજા પણ રૂપિયા આપી દઇ, આ પઠાણી વહેવારમાંથી છૂટા થઈ જવું, એવો નિશ્ચય તેણે મન સાથે કરી લીધો.–ઘરમાં તો પચીશ રૂપિયા હતા પણ નહીં, ત્યારે કોની પાસે ઉછીના લેવા, સૂતાં સૂતાં તેને વિચાર આવ્યો કે, મોરલી તેને પચીશ રૂપિયા તો જરૂર આપશે. હમણાં હમણાં મોરલી ગંભીર બની ગઈ હતી. અને હસતી પણ નહોતી અને છતાં પ્રભાકરને ખાત્રી હતી કે, પચીશ રૂપિયા જેવી નાની રકમ માટે તે ના નહીં પાડે.

બીજે દિવસે સવારે તે સુંદરજી શેઠને ત્યાં ગયો. મોરલી જસાંકાકીની પથારી આગળ બેઠી હતી.

"તારૂં ભલું થજે દીકરા. ભગવાન કરે અને તારે ત્યાં ઉજળું પારણું બંધાય." જસાંકાકી અંતરનો આશીર્વાદ આપતાં હતાં અને પ્રભાકર ઓરડામાં દાખલ થયો.

મોરલીએ તેને ખૂરશી મૂકી આપી. તેણે જસાંકાકીની ખબર પૂછી.

"હવે ખબર પૂછવાની રહીજ નથી. પ્રભાકરભાઈ, ગાડી ઉપડી ચૂકી છે. ટિકિટ લઇ રાખી છે. આવે કે બેસી જવાની વાર છે." જસાંકાકી બોલ્યાં.

"એવું ન બોલો–ભગવાન પાસે એવું માંગો કે, સુંદરજી શેઠને ત્યાં ઉજળા જીવનું પારણું બંધાય અને તે જોઇ પછી મરવાનું માંગજો."

"એ તો થવાનું જ છે. મારા આશીર્વાદ છે કે સુંદરજીને ત્યાં પારણું જરૂર બંધાશે." તેણે મોરલી સામે જોઇને કહ્યું, "પ્રભુ બન્નેની આશા પૂર્ણ કરો!"

સંકોચ અને લાજથી મોરલીનાં નેન નીચાં ઢળ્યાં. મોં પર આશીર્વાદ ફળવાની અપૂર્વ શ્રદ્ધાનો આનંદ તરી રહ્યો હતો.

"કેમ માસ્તર આજે અત્યારે? અત્યારે મને ભણવા બેસવું કેમ ફાવે ?"

"ના, હું તો બીજા કામે આવ્યો છું. મારે પચાશેક રૂપિયાનો ખપ હતો."

"એક પા કલાક વહેલા આવ્યા હોત તો–શેઠ હમણાંજ પૂના ગયા, અને કુંચીઓ પણ તેમની જોડેજ રહી છે અને હમણાં તો હું હાથ ખરચી પણ લેતી નથી. પચાસ રૂપિયા જેટલી નાની રકમ પોતે આપી શકતી નથી, તે જાણી મોરલીને દુઃખ થયું.

"જરાક ઉભા રહો." કદાચ પોતાના કબાટમાં કાંઇ પહેલાંની ધાલી રાખેલી નોટો હોય તો તે જોવા મોરલો અંદર ગઇ, પણ કાંઈ ન નીકળ્યું; તેણે આવીને કહ્યું.

"તમે પરમ દિવસે સવારે જરૂર આવજો. પચાસ શું સો રૂપિયા આપવામાં વાંધો નથી, પણ આજે લાચાર છું."

પ્રભાકરે ત્યાં બેસી થોડાં આડાંતેડાં ગપ્પાં માર્યાં. મોરલીએ પણ તેની સાથે છૂટથી પણ અદબથી ઘણી વાતો કરી. જસાંકાકીનું અંગ રહી ગયું હતું, પણ જીભ અને મગજ હજુ ચાલતાં હતાં. મોરલી હવે ડાહી થઇ હતી, તે તે જાણતાં થયાં હતાં. પ્રભાકર ગયો અને જસાંકાકીએ મોરલીને પોતાની પાસે બોલાવી.

"જોને બેટા, હવે તો હું પંદરેક દિવસની પરોણી છું–મારા ગાત્ર અંદરથી મરવા માંડયાં છે પણ મારી ચાકરી કરજે અને મરૂં ત્યારે મને ગતે કરજે–અને" આટલું બોલી જસાંકાકી અટકયાં. કોઇ બીજું તો નથી ?" તેમણે મોરલીથી ખાત્રી કરી લીધી. "ના, જે મનમાં હોય તે કહી નાંખો. હું એકલીજ છું." મોરલીએ કહ્યું.

"જો બેટા, તારા દીલની ઇચ્છા, આશા હું સમજું છું. તે પરભુ પૂરી પણ કરશે, મારા આશીર્વાદ છે. પણ જે આશા રાખે તે પરણેતરથી–શું સમજી? પ્રભુ તેમાં રાજી અને પ્રભુ તેનાથીજ તારી આશા પૂરી કરશે."

શું જસાંકાકી તેની અને પ્રભાકરની રીતભાત સમજી ગયાં હતાં! ઘરડાં ભલે બોલે નહીં અગર ઓછું બોલે. તેઓ ઘણી વાતો કુદરતી રીતે અને અનુભવની લાંબી જીંદગી પછી ક્ષણમાં સમજી જાય છે. અને હૃદયની વાત સમસ્યામાં કહી પણ દે છે.

જસાંકાકીના શબ્દો મોરલીના હૃદયમાં શ્રદ્ધા ઉત્પન્ન કરતાં હતાં. તેને વિશ્વાસ આવવા માંડયો. "મારા પતિદ્વારાજ મારી આશા પ્રભુ પૂર્ણ કરશે, પણ કયારે?"

સુંદરજી શેઠને ત્યાંથી નીકળી પ્રભાકર ક્ષણભર રસ્તામાંજ ઉભો. "બીજે કયાં જાઉં" આ ભીડના સમયમાં તેને પાછા મુળચંદ માસ્તર યાદ આવ્યા. માસ્તર તો કચેરીમાં પણ પૈસા લઈને કયાં નહોતા આવ્યા. ત્યારેજ તેની પાસે માંગી લીધા હોત તો–પણ ત્યારે અકબરખાન તેની પાસે પચીશ રૂપિયા માંગશે એમ તેને ખબરજ કયાં હતી. નવ વાગ્યા હતા. રવિવાર હતો. કેસરબેન બજાર કરવા નીકળ્યાં હશે. માસ્તર નાહી ધોઇ માળા લઇને બેઠા હશે. માસ્તરને ત્યાં આંટો મારવો ઠીક પડશે. પ્રભાકર ગયો મુળચંદ માસ્તરને ત્યાં. માસ્તર હીંચકે જ બેઠા હતા. હાથમાં માળાના મણકા એક પછી એક બે આંગળીઓ વચ્ચેથી ફરતા હતા.

પ્રભાકરે આસપાસ જોયું. માસ્તર અને તે એકલાજ હતા. "મને ત્રીશેક રૂપિયાનો ખપ છે" પ્રભાકરે હળવે સાદે કહ્યું.

માસ્તર થોડા વિચારમાં પડયા. ઊઠયા.

"મારો પગાર થશે, ત્યારે પાછા આપીશ" માસ્તર કાંઇ બોલ્યા નહિ.

તેમણે કબાટ ઉઘાડયું અને અંદરથી નોટો કાઢી. એક–બે–ત્રણ પ્રભાકરના હાથમાં મૂકી.

કોઇએ બહારથી કહ્યું. "બા"

માસ્તર ચમકયા. હિંચકા ઉપર બેઠા હતા તે ઉભા થઇ ગયા અને પ્રભાકરને "નોટો ગજવામાં મૂકી દેવા ઈશારો કર્યો."

પ્રભાકરે હાફકોટનાં બટન ઉઘાડયાં, પણ એટલામાં તેના હાથમાંની નોટો ઉડી ગઇ. કેસરબેનનો મરદ પંજો એ નોટો પર પડી ચૂકયો હતો.

કેસરબેન હજુ તો બજાર કરવા, ચાલીમાંથી નીચે ઉતરી ગલીનું નાકું વળ્યા હતાં અને તેણે પ્રભાકરને ચાલ તરફ વળતાં જોયો. એ જરૂર મારે ત્યાંજ જતો હશે અને પૈસા માંગવાજ આવ્યો હશે, એમ કેસરબેનની તિક્ષ્ણ બુદ્ધિએ માની લીધું. પ્રભાકરે ત્રણસો રૂપિયા તેની છાતીમાં માર્યા હતા. તેની સામે મુઠ્ઠીઓ ઉગામી હતી. મ્હોડું મરડયું હતું. તેનું અપમાન કર્યું હતું. ભારેલો અગ્નિ જાગ્યો. અપમાનનો બદલો અપમાન લેવાની વેળ આવી હતી. "એ મુવો મારા ઘરમાં શું પેસે?" "મારા ભોળા ભાયડાને પાછો લૂંટી જશે" હળવે પગે તે દાદર ચઢી ગયાં. "બા" કહીને નાની દીકરી તેને વળગવા ગઇ તેને હડસેલી વેગળી કરી. અને મરદને પણ શોભાવે એવા વેગ અને તિવ્રતાથી તેણે પ્રભાકરના હાથમાંની નોટો ઝુંટવી લીધી.

"નીકળ, મારા ઘરમાંથી" કેસરબેને બરાડ પાડી અને બે ચાર પાડોશીઓ ઓરડાની બહાર નીકળ્યાં. શ્વાન પણ પોતાની બખોલમાં સિંહ બની શકે છે. કેસરબેન તો મરદ સરખાં જબરાં હતાં. તેમણે પગમાંનું ચંપલ હાથમાં લીધું "ચાલ નીકળ, મુવા ભંગીઆ."

"મારી છાતીમાં પૈસા મારવા આવ્યો હતો તે પાછો મારે ત્યાં ભીખ માંગવા આવ્યો છે."

પ્રભાકરની આંખો રાતી થઇ. મુળચંદ માસ્તર, કેસરબેન અને પ્રભાકરની વચ્ચે આવીને ઉભા રહ્યા. તેમનો હાથ પાછળથી પ્રભાકરને ઓરડીની બહાર નીકળી જવા સંજ્ઞા કરી રહયો હતો.

સંકોચાઇને તે બહાર નીકળી ગયો. માસ્તર બારણું રોકીને ઉભા ન રહ્યા હોતતો કેસરબેન તેને દાદર સુધી વળાવત. ઓરડી બહાર નીકળવાના પ્રયાસમાં આજે તો કેસરબેનનો સ્પર્શ પણ માસ્તરને આકરો જણાયો. તે બહાર નીકળી શકયાં હોત, પણ માત્ર માસ્તર પર આક્રમણ કરીને, તેમને હડસેલી દૂર કરીને. કેસરબેનના નારી હૃદયે એટલો બધો અવિનય કરવાની ના પાડી અને છતાં પણ માસ્તરના લંબાવેલા હાથ પર થઇને તેમનું ડોકું ઓરડી બ્હાર, દાદર તરફ ફર્યું અને ઝડપથી જતા પ્રભાકરને તેમણે એક બે ચોપડાવી. પ્રભાકરે કરેલા અવિનય અને

અપમાનનો બદલો વ્યાજ સાથે આપ્યાનો આત્મસંતોષ ભોગવતાં કેસરબેનની રસોઈમાં તે દિવસે ઓરજ મિઠાશ હતી. નીદાન તેમણે તે દિવસે દોઢું ખાધું. અને જે જે પાડોશણે જાણવાની આતુરતા બતાવી, તેમને બધાને અથથી ઇતિ સુધીની પ્રભાકરની વાત જાણવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

માસ્તરને મન કરૂણ, પ્રભાકરને મન અપમાનજનક અને કેસરબેનને મન રૌદ્ર રસથી ભરપુર, આ પ્રસંગ નિહાળતા, અનુભવતાં મુળચંદ માસ્તરનું મૂંગાપણું આખો દિવસ લંબાયું. આ મૌન કેસરબેનની જાણ બહાર નહોતું. "ભાયડો રિસાય તે તો સવારે નહીં બોલે તો સાંજે બોલે પણ કાંઇ કોઇને પૈસા ન અપાય ? એવા ભીખારીઓની મુંબાઇ શહેરમાં શી ખોટ છે ?"

"કેસરબેને મન સાથે સમાધાન કર્યું. માસ્તરને મનાવતાં કયાં વાર લાગે એમ હતું. હસતાં હસતાં વાંસે–માથે હાથ ફેરવ્યો એટલે માસ્તર કયાં મનાય એમ નહોતું. અને પારકો કજીઓ કોણે ઘરમાં ઘાલ્યો છે ?" માસ્તરના ભોળા ધર્માત્મા સ્વભાવ પર કેસરબેનને ઘણી દયા આવી "હાય ! હાય! મારા જેવી બાયડી ન મળી હોત તો, આ ભોળીઆ રાજાને લોકો લુંટી ખાત" પતિનો પૈસો તેનો થોડો રોષ વેઠીને પણ સચવાતો હોય તો એ પણ એક પતિ સેવાનું લક્ષણ હતું એમ કેસરબેન માનતાં.

પ્રભાકરને આમ બે સ્થળેથી નિષ્ફળતા મળી. તે ઉદાસ થઇ ગયો "ચાહે તો માણસ પાસે પૈસા હોવા જોઇએ અગર તો તેને નાગો નંગ-ધડંગ થતાં આવડતું જોઇએ.' પ્રભાકરને વિચાર આવ્યો—નંગધડંગની નફટાઇ કેળવવી એટલે પઠાણોને પહોંચી પણ વળવાનું. પણ પ્રભાકરનામાં એટલું જોર નહોતું. તે બે દિવસ ઘરમાં બેસી રહ્યો. સુંદરજી શેઠ હવે આવ્યા હશે એમ કહીને તે ત્રીજે દિવસે સવારે પૈસા લેવા નીકળ્યો. રસ્તાની એક નાની ગલી વટાવી આગળ જતાં, કોઇએ તેને બોચીમાંથી ઝાલ્યો. પકડ એવી મજબૂત હતી કે ગરદન સહેજમાં ન છૂટી. અકબરખાનનો પંજો છોડાવવાનું જોર પ્રભાકરમાં નહોતું.

"દો દીનસેં મૂં છૂપાતા હય" બગલમાંથી નેતરની સોટી કાઢી પ્રભાકરને ફટકાવતાં અકબરખાને કહ્યું. "પચીશ રૂપિયા લાવ." પ્રભાકરે ગુસ્સામાં અકબરખાનની આંખ સામે સ્થીર આંખે જોયા કર્યું "કયા

દેખતા હય"–પૈસા લાવ "નહિ તો" અને "નહિ તો" આ શબ્દ પછી અકબરખાન આગળ કહેતાં અટકી ગયો.

"મને છોડ, હું પૈસા લઈ આવું" પ્રભાકરે કહ્યું. જાણે તે ધ્રુજતા ગળામાંથી બોલતો હોય.

લોકો ભેગા થઈ ગયા. બેચાર પઠાણ પણ પ્રભાકરને વીંટાઈ ગયા. તારણ પરના સિપાઇની સીસોટી વાગી.

"ગલી મેં આવ" અકબરખાને પ્રભાકરનો હાથ ઝાલી ખેંચ્યો. અકબરખાનની પકડને વશ થઈ પ્રભાકર તેની પાછળ ગયો.

"તેરેકું પૈસા દીયા–ઓ તું પીછા દેતા નહીં હય. હમારા આદમી ઉઘરાની કરતા હય ઉનકો દાદ નહીં દેતા. ઔર ફરિયાદી કરકે દંડ કરવાતા હય!" અકબરખાને મોટા અવાજે કહ્યું. "તું તેરે મનમેં કયા સમજતા હય? તેરા લોહી પીઉંગા." પ્રભાકર ધ્રૂજી ઊઠયો. તારણપરનો પોલિસ હાથમાંની સીસોટી હલાવતો હસતો હતો. આસપાસ વિંટાઇ વળેલું સો માણસોનું ટોળું આ શબ્દો–જાણે તમાશાનો આનંદ ભોગવતા હોય એમ સાંભળી રહ્યા.

એક ડોસો અંદરથી બોલ્યોઃ "ખાનસાહેબ, જવા દો, બેચાર દિવસમાં બંદોબસ્ત કરીને આપી દેશે. આપે એને ખૂબ કહ્યું છે."

અકબરખાનની આવડી–આવડી રાતી આંખ તે માણુસ તરફ ફરી. "કયા એ તેરા બાપ લગતા હય?" પેલો બુઢ્ઢો પાછો ટોળામાં ભરાઈ ગયો.

"હું તારા પૈસા કાલે આપી દઇશ, મને આજે છોડી દે." પ્રભાકરે ઢીલા પડી જઈ કહ્યું.

"દો દીન હુઆ–દો દીન તેને ઐસા હી લીયા. ચાર દીન હૂવા. અબ કીતના દીન. મેરા પૈસા દે દે.—નહીં તો મેરે ઘર લે જાતા હૂં."

"મેરે ઘર લે જાતા હૂં" આ શબ્દો ઘણા ભયંકર હતા. પ્રભાકરને એનો અનુભવ હતો. તેના ઘરાકો જ્યારે તેને પૈસા ન આપે ત્યારે અકબરખાન તેને ઊંચકી જતો અને પોતાના મકાનના પાછલા ભાગમાં કેદ રાખતો, ગાળો દેતો, મારતો—અને તેના સગાવહાલાં તેનો નિકાલ કરે ત્યારેજ તેને છોડતો. અકબરખાન પ્રભાકરને પોતાના ઘેર લઈ જાય ત્યારે

તો દોડાદોડી થઇ જાય. મનોરદાસને ખબર પડે અને સોનલને કાંઇ ખબર પડ્યા વિના રહે-અને શું પોતાને છોડાવવા સોનલ અકબરખાનને આંગણે આવે. પઠાણુની ગલીમાં પેસે, કોઇ તેની છેડતી કરે તો—અને છેડતી નહીં કરે તો પણ, કોઈ તેની સામે આંખ તો માંડે, હસે, મૂછ પર-આમળો તો દે-આ બધાં વિતક સોનલને સહન કરવાં પડે અને પોતાની અને પોતાની પત્નીની આવી અવદશા થવાની. પ્રભાકર કંપી ઉઠયો. અકબરખાને પાસે ઊભેલા પઠાણ પાસે વિકટોરીઆ મંગાવી ત્યારે તો એ થરથરીજ ઉઠયો.

તેણે અકબરખાનની દાઢીમાં હાથ ઘાલ્યો.

"હું કાલે જરૂર પૈસા મોકલાવીશ. અને નહીં તો ત્હારે જેમ કરવું હોય તેમ કરજે."

અકબરખાન નરમ પડયો.

"ખા ખૂદાકા કસમ?"

"ખૂદાકા કસમ."

"અચ્છા, તું કલ પૈસા દેગા ઐસા કોઇ જામીન દે. જામીન બીના મેં નહીં છોડુંગા."

પણ જામીન કોને આપવો! તેને મનોરદાસ યાદ આવ્યો. મનોરદાસને કહીશ તો તે જામીન થશે ખરો.

"ચાલો જામીન આપું" કહીને આગળ થયો. ટોળું પાછળ પાછળ વેરાતું આવતું જ હતું. બારીએથી લોકો તમાશો જોતાંજ હતાં. તારણવાળા પોલીસ સિપાઇએ ફૂટપાથ પર ચાલો એવી બૂમો પાડવા માંડી. પ્રભાકર અને અકબરખાન, બીજા બે ત્રણ પઠાણો અને ટોળાના થોડા આદમી અમૃતવાડી તરફ ચાલ્યા.

સામેથી એક અંગ્રેજી સારજંટ સાયકલ પર બેસીને આવતો હતો અને પ્રભાકરને જાણે ઓથ મળી. સારજંટ ઘણો નજીક આવ્યો અને પ્રભાકરે અંગ્રેજીમાં કહ્યું:

"આ પઠાણ મને તમારા તારણના પોલીસના દેખતાં મારે છે. અને તારણવાળો તેને વારતો નથી. આ શું?"

સારજંટ સાયકલ પરથી ઉતર્યો. અકબરખાને તેને સલામ કરી પણ તેનો ડોળો લાલચોળ હતો.

"ક્યા હય પઠાન!! એ આદમી કહેતા હય તુમ ઉસકો જાને નહીં દેતા–મારતા હય!!"

"નહીં સા'બ!! એ કૂછ હો શકતા હય? જાના હો તો અભી જાય. મેને ઉનકો રોકા નહીં—મેં તો પૈસા મંગતા'તા."

"પૈસા માંગના હો તો રીતસર માંગો. કચેરીમાં જાઓ. ફરિયાદ કરો. રાસ્તામેં કીસીકો સતાવો મત." અને સારજંટ બીજા બે ત્રણ પઠાણ તરફ ફર્યો.–"તુમ લોગ કોન હય–ચારો મિલકે એક આદમીકો સતાતે હય,"–તેણે નેતરની સોટી ફરકાવી. "જાઓ, ચલે જાઓ ઇધરસે." અને પઠાણો ચાલતા થયા.

"Why do you deal with Pathans–Pay them their money." અને સારજંટ સાયકલ પર બેસીને ચાલતો થયો. જતા સારજંટને અકબરખાને હસીને નીચા વળીને સલામ કરી. પ્રભાકર અને અકબરખાન લગભગ અમૃતવાડી પાસે આવી પહોંચ્યા હતા. અકબરખાને પાછા ફરીને જોયું. સારજંટ ઘણે દૂર નીકળી ગયો હતો. પ્રભાકરે સારજંટને પોતાની વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. ક્રોધથી તેની આંખો વધારે લાલચોળ બની. "પ્રભાકરને મારવો જ જોઇએ–થવાની હોય તે થાય." આવો વિચાર અકબરખાનના મનમાં આવ્યો. અમૃતવાડીનું નાકું આવ્યું અને પ્રભાકર મૂઠીઓ વાળીને નાઠો.

"તેરા બાપકુ ફરિયાદ કરા, અબ બૂમ માર કે ઓ આ કે બચાવે." અકબરખાન કૂદ્યો અને બેન સમી માઠી ગાળ દઇને અકબરખાને પ્રભાકર પર હાથમાંનો દંડો ઉગામ્યો. આગળ પ્રભાકર અને પાછળ અકબરખાન. અમૃતવાડીનો મોટો દરવાજો આવ્યો. શિવનંદન આ દૃશ્ય જોઇ રહ્યો હતો. તેણે વાંકા વળી રામદંડ હાથમાં લીધો. પ્રભાકર અને અકબરખાનના વચમાં જઇને તે ઉભો રહે, ત્યાર પહેલાં તો, અકબરખાનનો દંડો પ્રભાકરના માથા પર પડી ચૂકયો હતો. રક્તના ધોધ માથામાંથી નીકળતા હતા. પ્રભાકર શિવનંદનને વળગી પડયો.

" અકબર ?" શિવનંદને બરાડ મારી.

ધમણ ચાલે તેમ હાંફતો અકબરખાન ઉભો રહી ગયો. તેની લાલ-રક્ત સરખી આંખો પ્રભાકર પર ઠરી રહી હતી. " શિવનંદન, હઠ જા " અકબરખાને મોટા અવાજે કહ્યું.

" જાતા હૈ કે નહી" " સીધા સીધા ચલાજા, નહીંતો તેરી ઔર મેરી આજ ખલાસ હો જાયગી. " શિવનંદને વળી પાછી બરાડ મારી. તેની આંખોમાં કઠોરતા હતી. અવાજમાં આગ્રહ હતો. હોઠ પર અપૂર્વ નિશ્ચય ફરકતો હતો.

તેનો ડાબો હાથ પ્રભાકરને પોતાના શરીર સાથે દાબી રહ્યો હતો. સીધો, અક્કડ અને રૂઆબદાર–શિવનંદન– અડગ નિશ્ચય અને અતુલ બળથી અકબરખાનને પડકાર આપી રહ્યો હતો.

" પહેલવાન, મેરા પૈસા ? " અકબરખાને કહ્યું.

" આજ નહી ! આજ ચલા જા. એ દરવાજા પર કીસીકી તાકાત નહીં કે દંગા કરે." રૂદ્ર અને કાળભૈરવ સમા શિવનંદન અને અકબરખાન એક ક્ષણભર દષ્ટોદષ્ટ–અનિમિષ ઉભા રહ્યા. અકબરખાન પાછો વળી ગયો. તેણે જતાં જતાં કહ્યું.

" ફીર કોઈ ટેમ પર. "

પ્રકરણ ૨૮ મું

પથારીમાં

"મારી નાંખ્યો. હાય હાય મરી ગયો " નું ભૂમરાણ એક ક્ષણમાં તો આખી અમૃતવાડીમાં પ્રસરી ગયું. સોનલ ઓરડીની બહાર નીકળી. 'કોઈનું માથું પડાણે ફોડી નાંખ્યું. " ચાલમાંથી કોઈ બોલ્યું. અને સોનલના પેટમાં ધ્રાસકો પડયો. હજુ તો પડાણ સાથેના પ્રભાકરના કજીઆનો નિકાલ બે દિવસ પર જ આવ્યો હતો. પ્રભાકરનું જ માથું ફૂટયું હોવું જોઇએ એવો અવાજ તેના હૃદયમાંથી આવ્યો. તે દાદર પરથી

નીચે ચોગાનમાં અને ચોગાન વટી ચાલના મોટા દરવાજા પાસે આવી. પ્રભાકરને બગલમાંથી ઝાલી, શિવનંદન ધીરેધીરે સામેથી આવતો હતો. પ્રભાકરની આંખો ઢીલી પણ ફાટેલી હતી. તે પૂરૂં ચાલી શકતો નહતો. માથા પરથી કાન પર અને કાન પરથી ગાલ અને કપડાં પર લોહી વહી રહ્યું હતું. સોનલના ડોળા ફાટી ગયા હતા.

"બીજી બાજુએ પકડો." શિવનંદને સોનલને હુકમના અવાજથી કહ્યું. બન્ને જણાંએ પ્રભાકરને ધીરે ધીરે દાદર ચઢાવ્યો. "અલી લોહી તો જો." એક ઘરડી બાઇએ હથેળી અને આંગળીઓ એક બીજા સાથે બંધ કરતા કહ્યું. બીજીએ માથામાં ડોળા ઘાલી ઘા જોવાનો પ્રયત્ન કર્યો. કેટલીક સ્ત્રીઓ દાદર પરનું લોહી જોઇ હેબતાઇ ગઇ.

મનોરદાસ પોતાની ઓરડીમાં રૂની ગ્રેણ લેવા દોડયો. મેના ઓરડીમાં દોડી અને અમૃતલાલનું અધફાટેલું ધોતીયું ફાડી, પાટા કરવા મંડી— સોનલે પથારી કરી દીધી, અને શિવનંદને પ્રભાકરને પથારીમાં સૂવાડયો અને પાણીથી તેનો ઘા ધોઈ નાંખ્યો. એક ડોશી દોડતાં દોડતાં ઘાબાજરીયું લાવ્યાં હતાં તે દાબીને માથે આડાઅવળા પાટા બાંધી દીધા. 'મિટ જાયગા. કૂછ ફિકર કરો નહિ, બેટા.' તેણે જતાં જતાં સોનલેને કહ્યું. 'ફીર એ સમજ લો કે પઠાણ લોગ કે સાથ પૈસાકી બાત મત રખ્ખો. એક દીન, દો, દિન—મગર ભીખ માંગ કે ભી ઉસકા પૈસા દે દો. બસ ઇતનેમેં હી સબ સમજ લો. પઠાણ અચ્છા આદમી નહીં હૈ." તેણે જતાં જતાં કહ્યું.

સોનલ અને મનોરદાસે એક બીજા સામે જોયું.

"કાંઇ ફીકર ન કરીશ દીકરા, કાલે એ પૈસા હું ચૂકવી દઇશ. મને ખબર નહોતી કે નતીજો આ આવશે. હું પૈસા આપી દેવાની તજવીજમાં જ હતો પણ એટલામાંજ આ બની ગયું." મનોરદાસે કહ્યું.

સોનલ ઊઠી, અને મનોરદાસના હાથમાં નાગરદાસની આપેલી ચેક બુક મૂકી.

"તમે ન આપશો. મારી પાસે પૈસા છે. બાપુ આવ્યા ત્યારે આપી ગયા છે. પાંચસો રૂપિયા તો હમણાં ઉપાડી શકાશે. ખૂટે તો તમે આપી દેજો.

મનોરદાસ સહજ થોભ્યો. અને પછી તેણે ચેક-બુક ગજવામાં મૂકી : તેણે બીજે દિવસે શિવનંદન મારફત અકબરખાનના પૈસા ચૂકતે કર્યા, અને પ્રભાકરે પાડેલું ખાતું ભરપાઈ કરી પાછું લીધું.

"બહુત ઠીક કરા, મનોરશેઠ એ પઠાણ બડા ખરાબ હૈ."

"ખરી વાત છે." મનોરદાસે કહ્યું.

શિવનંદને મનોરદાસનો હાથ પકડી ઉભો રાખતાં કહ્યું.

"ભૂખા રહેના, ભીખ માંગના, પણ પઠાણ કે પાસ પૈસા મત લેના, યે લોક બડે ખરાબ રહેતે હૈ.—પૈસા લેતી વખત તો હસતે હેં—ફીર લોહી પી જાતે હૈ—જુવાન શેઠ કો સલાહ દેના. કભી પઠાણ કે પાસ મત ખડા રહો ભાઈ."

"તમારી વાત સાચી છે શિવનંદન ! પણ બનવાની હતી તે બની ગઈ."

"ક્યા બન ગઇ—મનોરદાસ મેં નહિ હોતા તો—તો એ જુવાન શેઠ કલ મર જાતા. ઔર ફીર છોટી બેટીકા ક્યા હોતા—પ્રભુને બચાયા—છોટી બેટી કિતની અચ્છી નેક હૈ. છોટી બેટી કે તરફ દેખતે હી પ્રભુને ઇનકો બચા લીયા."

"ખરી વાત છે, શિવનંદન ?" મનોરદાસે શિવનંદનને નમસ્કાર કર્યા.

"જય રામજીકી." શિવનંદને વળતાં પ્રણામ કર્યા.

બીજે દિવસે પ્રભાકરને ઠીક લાગ્યું. ઘા રૂઝાતાં દસેક દિવસ લાગશે એમ હતું પણ તે પથારીમાં બેઠો થઇ શકતો અને વાતો કરી શકતો. રસ્તા પર અકબરખાન જાણે વાઘ હોય તેમ ડરતો પ્રભાકર ઓરડીમાં પાછો શેર થયો. એક તરફ સોનલ ઘા ધોતી હતી અને બીજી તરફ તે આરસીમાં ઘા જોતો જોતો પ્રતિજ્ઞા કરતો હતો. "વખત આવવા દે, એના માથામાંથી પણ એટલું લોહી ન કાઢું તો મારું નામ પ્રભાકર નહિ."

"હવે આ વાત જ ભૂલી જાઓ—આપણે મન પઠાણ મરી ગયો." સોનલે કહ્યું.

પ્રભાકર તેના સામે એકીટશે જોઈ રહ્યો.

“કેમ, ખોટું કહું છું? પઠાણ પાસે પૈસા લેવા, નઠારા માણસ સાથે સંબંધ પાડવો, અને માર ખાવો, તેના કરતાં, એ દિશા છોડવી શું ખોટી?” સોનલ બોલી.

“હું એનો જીવ લઈશ.”

“આકળા પડશો તો ઘા પાછો દૂઝશે અને વળી પથારીમાં ચાર દિવસ વધારે થશે.” સોનલ બોલી. તેના બોલમાં ઠપકો હતો. “જીવ લેવાનું જોર હોય તેનું કોઇ માથું ફોડે?” તે મનમાં બોલી.

મનોરદાસ જ્યારે ચેક–બુક આપવા આવ્યા ત્યારે તે પાછો આકળો પડયો. તે સમજ્યો પૈસા મનોરદાસે ચૂકાવ્યા.

“કોણે પૈસા આપ્યા?” પથારીમાંથી અડધો બેઠો થઈ તેણે કહ્યું.

“મેં આપ્યા.”

“તું કયાંથી લાવી?”

“મારા પિતા મને આપી ગયા છે. ચેક વટાવીને અકબરખાનનાં નાણાં ચૂકવી દીધાં.”

“કેટલાના ચેક છે?”

“છે, થોડા.”

પ્રભાકરે ચેક—બુક લીધી, અને બે હજાર રૂપિયાના ચેકો, નાગરદાસની સહી સાથેના તારીખ નાંખેલા, તેની નજરે ચઢયા.

“મને ન કહ્યું?”

“તમને શું કરવા કહું? મારા પિતાના પૈસાથી કંઇ તમે ઘર ચલાવવાના હતા?

મનોરદાસ ઓરડીની બહાર નીકળી ગયો.

“હા, પણ પઠાણના પૈસા આપી દેવાતને?”

“તમે કયાં મને કહ્યું હતું કે પઠાણ પાસે તમે પૈસા કાઢયા છે? તમે તો તમારા મિત્ર પાસેથી લાવ્યાનું કહ્યું હતું!!”

"હા, પણ પૈસા હોવાનું તો કહેવું હતું!!"

"મને ઠીક ન લાગ્યું." સોનલે નીચું જોઈ બેદરકારીનો ઉત્તર આપ્યો.

"ઘણી માર ખાઇને આવે ત્યારપછી કહેવાનું રાખ્યું હશે?"

સોનલ ઘા પર પાટો બાંધતી થંભી ગઈ. તેને ઘણું ખોટું લાગ્યું. તે જાણુતી હતી કે, ચેક–બુકની વાત કરી હોત તો, પઠાણનું દેવું ઉભું રહેત અને પૈસા બીજી રીતે ઉડવા માંડત. પ્રભાકરના ઠપકાને તે પાત્ર નહોતી. બીજો પ્રસંગ હોત તો તે સ્થળ છોડી આઘી પાછી જાત. કદાચ એ દિવસ પ્રભાકરથી રૂસણાં લેત, કદાચ પ્રભાકરને આગળ પડતું કાંઈ કહી પણ દેત, પણ પ્રભાકર અશકત હતો. ઘા હજુ લીલો હતો. તે આકળો પડે અને અંદરની કોઈ નસ અગર માંસ ગ્રંથીને આંચકો લાગે અને ઘા બગડે–સોનલે પ્રભાકરના કઠોર શબ્દો સાંભળી લીધા. તેનો ઉત્તર શાંત હતો.

"ખોટું લાગ્યું! નહિ!" તે બોલી, "પણ મેં તમને મારી વીંટી ક્યાં નહોતી આપી. તમને વીંટી ન ખપી, તમે તમારા જોર પર પૈસા લાવવાની ઇચ્છા કરી, મને શું ખબર કે તમને ચેક–બૂક ખપશે? અને મને એમ પણ ક્યાં કહ્યું હતું કે, પૈસા પઠાણને ત્યાંથી કાઢ્યા છે? મને કહ્યું હોત તો, હું તરત જ તમને પઠાણથી છૂટા કરત. મને મારો દોષ નથી જણાતો, પછી તમને જણાતો હોય તો ખરો!!" સોનલ બોલી.

અક્ષરે અક્ષર ખરો હતો. પ્રભાકરને પણ સોનલનું કહેવું ખરૂં લાગ્યું. સોનલનો જરાયે વાંક નહોતો. વાંક તો પોતાનો જ હતો. પઠાણ પાસેથી પૈસા લેવા, તેની સાથે કામ પાડવું, અને પૈસા નિયમિત નહિ આપવા, એ ખરેખર, એ ઝનૂની જાત સાથે અથડામણમાં આવવા જેવી સ્થિતિ સ્હેજે ઉત્પન્ન કરે એવું હતું. દુષ્ટ માણસ સાથે કામ પાડવું અને તેનાથી સારા વર્તનની આશા રાખવી અશકય છે. પ્રભાકર ચૂપ રહ્યો. બહાર કોઈ ટકોર મારતું હતું.

સોનલે બારણું ઉઘાડયું અને રામો દાખલ થયો. તે સુંદરજી શેઠની ચિઠ્ઠી લાવ્યો હતો.

પ્રભાકરને માર વાગ્યાની વાત સુંદરજી શેઠે છાપામાં વાંચી હતી. એક સવારના છાપાએ છાપ્યું હતું !!

'પઠાણોનો કાળો કેર'

'પોલીસો કંઈ જોશે ?'

"પઠાણ પાસેથી પૈસા લેનારાઓ ચેતે."

'મારબાવડીની પોલીસ] ચોકી નજીક કેટલાક પઠાણોએ પોતાના એક પ્રભાકર નામના ઘરાકને બેસીતમ માર માર્યો છે. પ્રભાકરના માથામાં મોટો જખમ થયો હતો. રસ્તા પર લોહીનાં ખાબડાં ભરાયાં હતાં. માણસની સ્થિતિ ગંભીર છે. અને તેને સર હરકિશનદાસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે એમ સંભળાય છે. પઠાણો પાસેથી મોટે વ્યાજે પૈસા લેનાર લોકોને આ મોટી ચેતવણી છે. પોલીસ ચોકી પાસે છતાં, આ હોનારત થવા પામી છે, એ દિલગીરી ભરેલું છે. મે. પોલીસ કમીશ્નરનું અમે આ બનાવ તરફ ધ્યાન ખેંચી આશા રાખીએ છીએ કે, પઠાણો ઉપર ચાંપતી નજર રહેવી જોઈએ.'

"માસ્તર તો નહિ હોય !" સુંદરજી શેઠે મોરલીને પૂછ્યું.

"હોય ! માસ્તરનો સ્વભાવ તીખો છે, રામાને મોકલો અને તપાસ કરાવો."

અને રામો સુંદરજી શેઠની ચિટ્ઠી લઈને આવ્યો હતો. શેઠે પ્રભાકરની ખબર પૂછાવી હતી. તેમણે અને મોરલીએ પણ–તેમાં વિશેષ લખાણ પણ હતું.

"ડાકટરની જરૂર હોય તો મી. કરકરીઆને મોકલી આપું. પૈસાનો ખપ હોય તો અચકાશો નહિ, હું અને મોરલી આજે સાંજે ચાર વાગે તમને મળવા આવવા ધારીએ છીએ." પ્રભાકરનો ચ્હેરો વિલાયો.

"બે જણાં શું કરવા આવે" તે મનમાં બોલ્યો. મોરલી પોતાની ઓરડીએ આવે તે પ્રભાકરને પસંદ નહોતું. તેણે સોનલ પાસે ઉત્તર લખાવ્યો.

'આપનો પત્ર મળ્યો. ઉપકાર થયો. આવવાની તસ્દી લેશો નહીં. હું કાલ–પરમ દિવસે આપને મળીશ. તબિયત ઘણી સારી છે."

"પણ તમે ક્યાં કાલ પરમ જઈ શકો એમ છો ?"

"તું તારે લખને– એ તો એવું લખવું પડે."

મુળચંદ માસ્તર તો કેટલીયે વાર ખબર લેવા આવતા અને એક વાર તો કેસરબેન પણ ખબર લેવા આવેલાં. "ગમે તેવો નઠારો છે પણ માંદો પડે ત્યારે જોવા ગયા વિના કાંઈ ચાલે, પૈસાની વાત જૂદી છે. એતો છે જ એવો–ઉડભંગ, પણ બિચારી સોનલને કેટલું સારૂં લાગે !" કહીને તે માસ્તરની સાથે ગયાં. પ્રભાકર તો હજૂ પથારીવશ હતો. સોનલને તે કહી ગયાં કે, "ખપ પડે તો મને જરૂર બોલાવજે બેન–લેણદેણની વાત જુદી છે બેન, અને કોઈવાર ચડભડ પણ થાય પણ તેથી પરદેશમાં ઓળખીતા ખપ નહિ આવે તો બીજા કોણ લાગવાનાં હતાં ?"

જલદ સ્વભાવનાં કેસરબેનના સ્વભાવમાં આ વ્યવહારૂ વિવેક, આ કૂમળાશ જોઇને મુળચંદ માસ્તરને પોતાની પત્ની માટે અભિમાન વધ્યું અને ઘડીભર તેના ભોળા ભગવતિ સ્વભાવે અંતરથી પ્રભુનો ઉપકાર માન્યો. 'કોઇવાર આકળી પડી જાય છે પણ પ્રભુએ કેવી માયાળુ, ભોળી, પત્ની મને આપી છે." દરેક વસ્તુ અગર માનવ સ્વભાવનો અનુભવ કરતાં મુળચંદ માસ્તરને ગુણ શોધવાની ટેવ હતી અને કેસરબેને સોનલને આપેલા સાંત્વન સમયે મુળચંદ માસ્તરની આંખોમાં લગ્ન પછીના પ્રથમ મિલનનો પ્રેમભાવ અને વ્હાલ ઉભરાયાં. પારકી ઓરડી ન હોત અને એકાંત હોત તો એ વ્હાલ જરૂર એક અગર બીજા પ્રકારનું પ્રત્યક્ષ સ્વરૂપ પામત. પણ નાનાં બાળકો ઉછળતા ભાવો ન જોઇ જાય એ વિચારે તેમણે આંખો ખેંચી ઉભરાતું વ્હાલ આવરી લીધું. પ્રભાકર જ્યારે સારો થયો અને સોનલે તેને કેસરબેન આવી ગયાની વાત કહી ત્યારે તેનો તો મિજાજ ગયો.

"એ ભાયડાને તેં ઘરમાં કેમ ઘુસવા દીધો ? લાત મારીને બહાર કાઢવા જેવી સ્ત્રી છે." કેસરબેન માટે પુરુષવાચક શબ્દ વાપરી પ્રભાકરે પોતાનો ક્રોધ બતાવતાં કહ્યું, પણ સોનલનો જવાબ ઠાવકો હતો. "આપણે શું કરવા પારકાનું હલકું બોલીએ–આવેશમાં તો ઘણાયે માણસ ઢંગ વિનાનું બોલે છે અને કહે છે."

જાણે આ શબ્દો પોતાને માટે બોલાયા હોય એમ પ્રભાકર એકીટશે સોનલ સામે જોઈ રહ્યો.

"કેસરબેન સાથે બેનપણાં બાંધ્યા છે કે શું?" તે બોલ્યો.

\+ + +

પ્રભાકરને વાગ્યું અને તેજ દિવસે રાત્રે મેના અને અમૃતલાલ તેની ખબર જોવા આવ્યા.

"સોનલબેન, મારા શેઠે પ્રભાકરભાઇની ખબર પૂછાવી છે અને કહાવ્યું છે કે, ડાકટરની–પૈસાની મદદ જોઇતી હોય તો કોઇ વાતે મૂંઝાશો નહિ."

"ના ભાઇ, હમણાં તો કશાનો ખપ નથી અને પડશે તો તમે ભાઇ છો–તમે અને મેનાબેન સગા ભાઈ–બેન જેટલી કાળજી રાખો છો તે કાંઈ ઓછું છે? તમારા શેઠને કહેજો કે તેમનો ઉપકાર થયો."

પણ સોનલને થયું કે, અમૃતલાલનો આ ઉદાર શેઠ કોણ હશે? નોકરીમાંથી કાઢી મૂકેલા નોકર તરફ પણ આવડી મમતા રાખનાર આવા શેઠ મુંબાઇમાં વસે છે ખરા!! મુંબાઇમાં નઠારા માણસો ઉભરાય છે એ સાચું–પણ સારા માણસો પણ વેરાયલા કયાં પડયા નથી!

× × ×

નાગરદાસનો પણ પત્ર આવ્યો. પ્રભાકરની હકીકત પેપરે ચઢી હતી. અને અનંતરાય માસ્તરે પોતાના પ્રભાકર માટે આપેલા વર્ણન પરથી નાગરદાસે અટકળ બાંધી. 'આ પ્રભાકર તે એજ હશે.' તકરારનું સ્થળ તો મારબાવડી પાસેજ હતું. અને પ્રભાકર પઠાણ પાસેથી પૈસા લે એમ બને પણ ખરૂં–પણ ત્યારે પોતે બે હજાર રૂપિયાની ચેક–બુક આપી હતી તેનું શું? ચેક–બુક ખોવાઈ ગઇ!! પણ સોનલ આમ ખોઇ નાંખે એવી નથી. અને તેની સોનલ સાથેની મુંબાઈની મુલાકાતથી નાગરદાસને સોનલ માટેનું માન વધ્યું હતું. તેને સોનલ મક્કમ ને મજબૂત મનની લાગેલી. ચાલમાં બધાજ તેનું સારૂં બોલતા અને મનોરદાસ જ્યારે ને ત્યારે સોનલ માટે ઉત્તમ શબ્દોમાંજ લખતા. એટલે પૂરા બે હજાર રૂપિયા ખર્ચાઇ જાય એમ તેણે ન માન્યું. અને છતાં કોણ જાણે! દીકરીની પાસેથી પ્રભાકરે ચેક–બુક ઝૂંટવી લીધી હોય અને ચેકો કોઇને અગાઉથી આપી, નાણાં વાપરી નાંખ્યાં હોય વગેરે અનેક વિચાર તેના મનમાં આવ્યા. તેણે તુરત મનોરદાસ ઉપર

એક હજારનો ચેક મોકલી આપ્યો અને વિગત મંગાવી. આ પત્ર મુંબાઇ આવે ત્યાર પહેલાં તો મનોરદાસે પૂરી વિગતો નાગરદાસને લખીજ હતી અને મનોરદાસનો પત્ર વાંચી નાગરદાસ ઘણો દુઃખી થયો. 'ફાંગડે પડી છે' એટલું બોલી તેણે એક ઉંડો નિઃશ્વાસ મૂકયો. મદદ કરવાની પૂરેપૂરી ઇચ્છા અને શકિત છતાં પોતે સોનલ માટે કશુંજ કરી શકતો નહોતો એજ નાગરદાસનું મોટામાં મોટું દુઃખ હતું. અને મનોરદાસના બીજા પત્રમાં પ્રભાકરની તબિયત સુધરતી હોવાના સમાચાર ન મળ્યા હોત તો ગંગાબા તો બિહારીને લઇને મુંબાઈ જવા તૈયાર જ હતાં.

પણ દિવસો વિતતા ગયા તેમ પ્રભાકરની પ્રકૃતિ સુધરતી ચાલી. અશક્તિને કારણે સોનલ તેને રોજ ચોપાટી પર લઈ જતી. અને નાગરદાસની ચેક-બૂકમાં હજૂ ઘણા ફાડયા વિનાના ચેકો હતા એટલે હજૂ મહિનો બે મહિના પ્રભાકર સુંદરજી શેઠની નોકરી પર ચઢે નહિ તો ચાલે એમ હતું. રોજ ગાડી કરી તે સવાર-સાંજ બન્ને જણા દરિયે જતાં અને થોડું ફરતાં. પ્રભાકર સારો થઇ ગયો. બે દિવસ પછી તેણે સુંદરજી શેઠને ત્યાં જવાનું નક્કી કર્યું.

પ્રકરણ ૨૯ મું

સુંદરજી શેઠને ત્યાં

કેટલાક દિવસ બાદ એક સાંજે પ્રભાકર અને સોનલ ચોપાટી પર ધીમે ધીમે ટહેલતાં હતાં અને સુંદરજી શેઠની વાત નીકળી.

"બહુ સારો માણસ" પ્રભાકરે કહ્યું.

"હા, રે ! નહિ તો મુંબાઇમાં નોકરની કાળજી કોણ કરે." સોનલે ઉમેર્યું.

"કોઇ કરે નહિ. સ્વાર્થ, સ્વાર્થ અને સ્વાર્થ-મુંબાઈના પાણીમાં જ સ્વાર્થ છે. સ્વાર્થમાંથી બચેલા એવા થોડા. સોનલને અમૃતલાલના શેઠ યાદ આવ્યા.

"અમૃતલાલભાઈના શેઠ પણ કોઈ સારા માણસ હોવા જોઈએ."

"કેમ ?"

"હું તમને કહેવાનું ભૂલી ગઈ. તમારી માંદગીની ખબર થતાં તેમણે પણ અમૃતલાલભાઇ મારફત તબિયતના સમાચાર પૂછાવ્યા હતા અને મદદ માટે કહાવ્યું હતું."

"મને અમૃતલાલના શેઠની કશી સમજ પડતી નથી. એણે મને નોકરી શું આપી, કાઢી શું મૂક્યો અને પાછળ મારી ખબર શી પૂછાવી! દુનિયામાં કેટલાંક માણસોનો સ્વભાવ એવો અટપટો અગર વિચિત્ર હોય છે કે, તેનું વર્ણન અસામાન્ય જ હોય."

"તમે કોટમાં તેમનો ઉપકાર માની આવજો."

"જરૂર!! જરૂર જઇશ."

વાત ચાલતી હતી અને સામેથી એક યુવાન રૂપાળી સ્ત્રીએ ગાડીમાં બેઠાં બેઠાં તેના તરફ આંગળી કરી. બન્નેની નજર વળી.

"કોણ છે એ?" સોનલે પૂછ્યું.

પ્રભાકર ઉત્તર આપે ત્યાર પહેલાં તો ગાડી તેમની નજીક આવી પહોંચી. ગાડીમાંથી સુંદરજીએ હાંક મારી.

"માસ્તર?"

પ્રભાકર ગાડી પાસે ગયો.

"તમે માસ્તર, ખરા છો! તમે લખ્યું હતું કે બે દિવસ પછી તમે ઘેર આવશો. લગભગ મહિનો થવા આવ્યો. તમારાં દર્શન નહિ. મને લાગ્યું કે તમે દેશમાં ગયા હશો?"

પ્રભાકર શું જવાબ આપે! પણ સુંદરજી શેઠે જવાબની અપેક્ષા રાખ્યા વિનાજ બીજો પ્રશ્ન કર્યો.

"પેલાં તમારી સાથેનાં બેન કોણ છે?"

"જી! મારાં વાઈફ છે."

સોનલ સામે બાપ સરખી અમીભરી નજર માંડી સુંદરજી બોલ્યા.

“ એમ કે ? ”

તેણે સોનલને નમસ્કાર કર્યાં. બન્ને જણાં–સુંદરજી શેઠ અને મોરલી ગાડીમાંથી ઉતર્યાં. સોનલ ગાડી પાસે આવી પહોંચી હતી અને સુંદરજી શેઠે મોરલી તરફ ફરીને કહ્યું:

“ માસ્તરના પત્ની.”

“ એમ કે ? ”

મોરલીએ સોનલનો હાથ ઝાલ્યો. “ ઘણું સારૂં થયું બેન તમે મળ્યાં. હું રોજ માસ્તરને કહેતી કે તમારાં, વહુને લઈ આવો પણ કોણ જાણે તેમના દીલમાં શું હશે, તમને એ ન જ લાવ્યા.”

“ કોણ જાણે એમના દીલમાં શું યે હશે !! ” આ શબ્દો સૂચક હતા !!

સોનલ ઘડીભર મોરલીના મુખ તરફ જોઈ રહી. બન્ને જણાં પાસેના બાંક પર બેસી ગયાં. નજીકના બીજા બાંક પર સુંદરજી અને પ્રભાકર બેઠા. સુંદરજી શેઠને પ્રભાકર મૂંગો બની ગયેલો લાગ્યો.

માસ્તર, હજી તમારી તબિયત જોઈએ તેવી નથી. તમારા ચ્હેરા પર આનંદ નથી જણાતો.” સુંદરજી શેઠે વાતમાં ને વાતમાં એક વાર કહ્યું.

પ્રભાકરના ચ્હેરા પર આનંદ ક્યાંથી હોય ! જે વસ્તુ તેણે અત્યાર સુધી સોનલથી છાની રાખી હતી તે આજ પ્રત્યક્ષ થઇ ગઈ. સુંદરજી શેઠની વૃદ્ધાવસ્થા, મોરલીની યુવાવસ્થા અને રૂપ–અને ચહેરો અને ચહેરા પર ફરતો આછો તલસાટ. આ બધું સોનલના ધ્યાન બહાર કેમ રહેશે ? વળી સોનલ અને મોરલી બન્ને ખૂબ વાતે ચઢયાં હતાં. કોણ જાણે મોરલી કેવી વાતો કરશે. અને એ વાતોનું પરિણામ કોણ જાણે કેવું આવશે. આ વિચારે પ્રભાકરને મૂંગો બનાવી દીધો હતો.

સુંદરજી શેઠ અને મોરલી એક લગ્ન સમારંભમાંથી પાછાં ફરતાં હતાં. સુંદરજી શેઠના એક જુના મિત્રનો દીકરો પરણતો હતો. અને મોરલીએ ઉંચી પોતનું બનારસી શેલું, નાકમાં હીરાની જડ, હાથમાં હીરાની બંગડીઓ, વગેરે સજાવટ કરી હતી. ગોરડા શરીર ઉપર વિલાયતી વેનીશીંગ ક્રીમનો હાથ પણ માર્યો હતો. તે આજે ખરે રૂપાળી લાગતી હતી.

બે રૂપવતી સ્ત્રીઓ નજીક નજીક બેઠી હતી. દૈવી અને વિલાસી સ્વરૂપનું જગતને ભાન કરાવવા સાદી, ગંભીર, માયાભરી, ગોરડી—સોનલ, તેના મુખ પર સાત્ત્વિક પ્રેમની મીઠી શિતળ છાંય હતી. સૂકી ઉંચી, બેઠેલ ગાલની મોરલી, તેના ચ્હેરા પરના ઉકળાટ, ઉછળાટ, ફબફબો અને તલસાટ તેને વિલાસની મૂર્તિ બનાવી રહ્યાં હતાં!

“ મારૂં નામ મોરલી, સોનલબેન ?” તેણે ભોળે ભાવે પોતાનો ઈતિહાસ કહેવા માંડયો.

“ એમ કે, કાઠિયાવાડનાં છો !!”

“ ગામડાનાં—તમારાં જેવાં ભણેલાં ગણેલાં નહિ. તમે તો અમદાવાદનાં છો એમ માસ્તર કહેતા હતા—અને કેવાં રૂપાળાં છો ? કેમ મારે ત્યાં ન આવ્યાં ? ” મોરલીએ બોલવા માંડયું.

સોનલ બીજાજ વિચારે ચઢી હતી.

“ શું આવું—મને તમારી ખબરજ નહિ.”

“ શું કહો છો ? માસ્તરે મારી વાતજ તમને ન કરી. કેવા માણસ—મને ભણાવે છે, મને વાજું વગાડતાં શિખવે છે, કશું તમને નહિ કહ્યું ?”

“ ના, બ્હેન !” સોનલનો અવાજ ધીમો હતો, તેણે પૂછ્યું.

“ કાંઈ બાળકો છે ?”

“ બેન, એનીજ ખામી છે. બધ્ધું છે, ખાવાનું, પીવાનું, ઘર, વાડી, બંગલા, મોટર પણ બાળક નથી.”

“ ઘણી દિલગીરીની વાત. પ્રભુને ત્યાં ન્યાય હોય એમ લાગતું નથી. તે તમે પહેલી વારનાં કે બીજી વારનાં ?”

“ તે પણ તમને માસ્તરે નથી કહ્યું ? ”

“ હું તો બેન, ચોથીવારની.”

“ એ...........મ” નીકળતા બોલને જાણે વિચારોનો ભાર દાબતો હોય એમ સોનલ બોલી.

“ આગલી પત્નીઓનાં બાળકો તો હશે ને ? ”

" નારે, બેન !! કાંઈ નથી. થએલાં પણ બાળપણમાં જ ગૂજરી ગયેલાં—બાળક નહિ તેમાં તો આટલી ઉંમરે મારી સાથે પરણ્યા. "

" મને જાણે એવી ખબર કે શેઠને દસ બાર વર્ષની એક દીકરી છે !"

" નારે, બેન ! કશું નથી ! તમને એવો ખ્યાલ તે વળી ક્યાંથી રહ્યો ?

" રહી ગયો." પ્રભાકરે તેને કહેલી વાત કેટલી જુઠ્ઠી હતી એ વિચારે તે અંદરથી બળી રહી હતી.

મોરલી, પોતાના પિઅરની ગરીબાઈની, શેઠની શ્રીમંતાઈની વાતો એક પછી એક કર્યે જ જતી હતી અને સુંદરજી ઊઠ્યા.

ચાલો, માસ્તર આજે આપણે ઘેર. "

" જી, હું કાલે આવું તો—કાલે આવીશ. "

"ના, ના, એમ નહિ ચાલે—તમે માંદા થયા પછી આવ્યા નથી અને સોનલબેન તો પહેલવહેલાં જ આવે છે." સુંદરજી શેઠે સોનલ સામે જોયું.

"સોનલબેન, તમને મારે ઘેર લઇ જવા માંગુ છું. " સ્વપ્નમાંથી કોઇ અચાનક જાગી જઇ જવાબ આપે તેમ સોનલે જવાબ આપ્યો.

" જી. "

" કેમ મોરલી, સોનલબેનને આપણે ત્યાં લઈ જઇશું કે'ની ? "

" હા, હા. જરૂર " મોરલી ઉભી થઇ. સોનલ હા, ના, કરવા માંડે ત્યાર પહેલાં તો મોરલીએ સોનલનો હાથ ખેંચ્યો. આગ્રહ હૃદયનો હતો. સુંદરજી શેઠનો વિવેક પણ પાછો ઠેલાય એમ નહોતું. તેમણે પ્રભાકરને વાંસેથી ધકકેલી ગાડીમાં ચઢાવીજ દીધો. પગ વિના ચાલતી હોય તેમ સોનલ પણ ગાડીમાં બેસી ગઈ. સુંદરજીનું ઘર આવ્યું ત્યાં સુધી ગાડીમાં મૂકતાનું વાતાવરણ છવાઇ રહ્યું હતું.

પ્રભાકર અને સુંદરજી શેઠ બન્ને મોટા દિવાનખાનામાં કામે વળગ્યા. શેઠને નવી કંપની કાઢવાની હતી. અને તેની યોજના અંગ્રેજીમાં તૈયાર કરી, સોલીસીટરને ચાર દિવસમાં પહોંચતી કરવાની હતી. શેઠ ગુજરાતીમાં બોલતા અને પ્રભાકર તેનું અંગ્રેજી કરી, તેનો તરજૂમો શેઠને ગૂજરાતીમાં સમજાવતો હતો. અંદર અંદર કોઇ કોઇવાર ગોટા પણ વળતા હતા.

"જરા ચાહ પીઓ, પછી મગજ ચાલશે. હજુ માસ્તર તમારૂં મગજ જોઈએ તેટલું કામ કરતું નથી. મને લાગે છે કે મગજમાંથી લોહી ઘણું વહ્યું હશે." સુંદરજીએ કામ બંધ કરતાં કહ્યું. પ્રભાકર પોતાની શૂન્યતાનું કારણ ઢુંઢતો જ હતો. 'રડતી અને પિએરીયાં મળ્યાં' જેવું તેને થયું. સુંદરજી શેઠના ધ્યાનમાં આવેલું કારણ તેણે પોતાનું કરી લીધું.

"એમ જ છે. મારાથી ના કહેવાઇ નહિ પણ હજી આઠેક દિવસના આરામની જરૂર છે."

"ઠીક છે, ત્યારે રહેવા દો." સુંદરજી શેઠે કામ પડતું મૂક્યું.

જ્યારે બન્ને જણા આમ દિવાનખાનામાં રોકાયા હતા, ત્યારે મોરલી સોનલને પોતાના ઓરડામાં લઈ ગઇ હતી.

"આ મારી ત્રણ શોક." મોરલીએ શેઠની પૂર્વ પત્નીઓનાં મોટાં તૈલ ચિત્રો બતાવતાં કહ્યું.

"ઘણાં સુંદર છે." સોનલે યંત્રવત્ જવાબ દીધો. બહાર જોતી, મોરલી જોડે વાતો કરતી, પણ તે પોતાના મન સાથે કાંઇ બીજીજ વાતો કરી રહી ગઇ. તે અત્યારે વિપરિત અવસ્થામાં હતી. દુઃખી, અરક્ષિત, અપમાનિત, આશાભંગ. માનવીઓની કોઇ કોઇ વખત એવી સ્થિતિ થાય છે કે, જ્યારે મન, રોષ અને રૂદન વચ્ચે ઝોલાં ખાતું તેને શૂન્ય યંત્રવત્ બનાવી દે છે. તેને કાંઇ ચેન પડતું નથી. મૂંઝવણ વધે છે. વાતાવરણ ગમગીન લાગે છે. જીવન ઝેર જેવું લાગે છે. દિવસ કાળો અને રાત્રી ભયાનક લાગે છે. ઘડીભર બ્હીક બહુ લાગે છે અને ઘડીભર તે શૂન્ય નિર્ભયતા પણ સેવે છે. આંખે આંસુ આવતાં નથી. અને છતાં હૃદય રડ રડ કરે છે. સોનલની દશા આજે આવી હતી. તે વાતો કરતી, પ્રશ્નના જવાબ આપતી અને છતાં મોરલીના ફરનીચર અને ચિત્રોથી શણગારેલો ઓરડો તેને અરણ્યવત્ લાગતો હતો. ક્યારે ઓરડીએ જાઉં અને પુષ્કળ રડું એવું એને થયા કરતું હતું. ડૂમો ગળા સુધી ઉભરાઇ પાછો ઓસરતો જતો, તેને તેજહીન કરી રહ્યો હતો.

મોરલીએ પોતાનું બનારસી શેલું બદલી એક ખુરશી પર નાંખ્યું.

"હું બેન, ચાહનો બંદોબસ્ત કરી આવું." એમ કહીને તે અંદર દોડી. તેની પ્રશ્ન પરંપરાના ઉત્તરો દેવા મટયા જાણી, સોનલના મને થોડો સંતોષ ભોગવ્યો. જે સોફા પર તે બેઠી હતી ત્યાં કેટલાંક બનારસી સાદાં શેલાં પડયાં હતાં. અને સોનલની આંગળીઓ એ શેલાંનાં પોત જોવામાં કામે વળગી. એક શેલું, આછા બદામી રંગનું ઘણુંજ સુંદર હતું. તેની ઘડી ઉકેલી તો અંદર એક કેબીનેટ સાઈઝની છબી પડી હતી. સોનલે તે ઉપાડી અને જોઈ. જોતાંજ તેની આંખો ફાટી ગઇ. વિષાદનો કાળો પડદો તેની આંખ આગળ પડી ગયો. તેની નાડી–હૃદય બંધ થતાં લાગ્યાં. ગળું દબાવા માંડયું. હાથપગની આંગળીઓએ ખાલી ચઢી. જગત શ્યામ વધારે શ્યામ કાજળ સમું થઇ ગયું. હૃદયનો આઘાત અસહ્ય હતો.

અર્ધશૂન્ય અવસ્થા પૂર્ણશૂન્યતાને પામી. નાની સિત્કાર સરખી હળવી ચીસ તેના હોઠ બહાર નીકળી પડી. અને શૂન્યવત્–મૃતવત્ સોનલ બનારસી શેલાંનાં ઢગલા ઉપર ઢળી પડી. હાથમાંની છબી સોફા નીચે પડી ગઈ. અને મોરલી જ્યારે ચાહનો બંદોબસ્ત કરી પાછી આવી ત્યારે સોનલના મોંમાં ફીણના પરપોટા થતા હતા. મોરલી એક ક્ષણભર થંભી ગઇ! તે બૂમ પાડવા જતી હતી અને તેની નજર છબી ઉપર પડી. સોનલની મૂર્છાનું કારણ તે સમજી ગઇ. તેણે આસપાસ જોયું. ભોંય પરની છબી કબાટમાંની લૂગડાંની ગડી નીચે ઘાલી દીધી અને "સોનલબેન, ઓ બેન" સોનલને ઢંઢોળવા બેઠી.

ખરે, સોનલને હિસ્ટિરીયા આવ્યું હતું. શેલામાંથી મળેલી છબી પ્રભાકર અને મોરલીની બન્નેની સાથે હતી, મોરલી ખુરશી પર બેઠેલી, ડોક ઉંચી કરી, પ્રભાકર સામે મીઠું હસતી હતી; અને પ્રભાકર તેની સામે ટશ માંડી જોતો હતો. બે પ્રેમીઓએ પોતાના પ્રેમબંધનની મીઠી યાદ તરીકે પડાવેલી આ છબી મોરલી પોતાના વસ્ત્રોમાં રાખતી અને એકલી પડે ત્યારે જોઇને હરખાતી આનંદ લેતી. સુંદરજી શેઠ સાથેની તેની વાડીમાંની વાતચીત પછી તેનો વિચાર આ છબી ફાડીને ફેંકી દેવાનો થયો, અને તેને શોધી પણ હતી પણ તે ત્યારે ન જડી. તે છબી આજે બનારસી સાળુના પડ-માંથી સોનલની નજરે પડી હતી. જે પ્રભાકરને તેણે પોતાના હૃદયમાં સ્થાન

આપ્યું–જેની સાથે જીવન ગાળવા તેને પિતાનું ગૃહ છોડયું, ભાઇ, ગંગાબા, પિતા, વગેરેનો ત્યાગ કર્યો–જેના પ્રેમ ખાતર શ્રીમંતાઈ છોડી તેણે ગરીબી સ્વિકારી–કષ્ટ વેઠયાં અને તેનો માઠો સ્વભાવ મીઠો ગણ્યો–તે પ્રભાકર તેનો નહોતો. તે તો મોરલીને ચાહતો હતો. તેના સામે એકીટશે મીટ માંડી આનંદ લેતો હતો. સોનલ માટે આ અસહ્ય હતું. છબી જોતાંજ હજારો કાળા નાગે સામટા ડંખ દીધા હોય એવી તેને હૃદય વેદના થઇ. માથા પર લોહી ચડયું, અને તે સુંદરજી શેઠના મકાનમાં શબવત્ પડી ગઈ. સુંદરજી શેઠ અને પ્રભાકર બન્ને ગપ્પે ચડયા હતા એટલે સોનલનો ચિત્કાર–ચીસ ન સંભળાઇ, પણ મોરલી ગભરાઈ. તે ગુન્હેગાર હતી. સોનલની આ સ્થિતિનું કારણ તે પોતે જ હતી. તેનું તેને ભાન થયું. તેને પસ્તાવો શરૂ થયો.

“અરે જુવોને, આ સોનલબેનને શું થયું!” તે મોટે અવાજે બોલી ઊઠી. અવાજમાં ગભરાટ હતો, શોક હતો. સુંદરજી અને પ્રભાકર બન્ને દોડી આવ્યા. રામો ડોકીયું કરી પાણી લેવા દોડયો. સુંદરજી શેઠ સોફા ઉપર બેસી ગયા. અને સોનલનું માથું ખોળામાં લઇ, માથે હાથ ફેરવવા બેઠા.

“પાણી લાવો ઝટ.” તેમણે બૂમ પાડી. રામો પાણી લાવ્યોજ હતો અને સુંદરજી શેઠે સોનલની આંખોમાં પાણીની છાલકો મારવા માંડી.

“ડાકટરને બોલાવો” સુંદરજી શેઠે નીચું જોઇને જ કહ્યું.

અને પ્રભાકર ડાકટરને બોલાવવા દોડયો. મોરલી પંખો નાંખવા મંડી પડી. રામાએ ડુંગળીનો કડકો કચરી સોનલના નાક આગળ ધર્યો. કલાક આનંદ કરવાની ઇચ્છાથી પ્રભાકર અને સોનલને આગ્રહપૂર્વક આમંત્રણ કર્યું અને આ શું થઇ ગયું! સુંદરજી શેઠ શોકગ્રસ્ત થઇ ગયા!

“મોરલી, તેં કંઈ કહ્યું હતું?” મોરલી કંઇ મૂરખ જેવું લવી તો નહિ હોય! એવી શંકા જવાથી સુંદરજી શેઠે પૂછ્યું.

“ના. હું ચાહનું કહેવા ગઇ ત્યાં સુધી તો ખાસ્સી વાતો કરતાં હતાં અને હું આવી ત્યારે આમ પડેલાં.

"કાંઇ કારણ તો હોવું જ જોઇએ."

મોરલી આનો જવાબ ગળી ગઇ. શેઠે આસપાસ સોફા ઉપર, સોફા પાસે, નીચે, બધે જોયું. જાનવર તો શું કરડે, અને કરડે તેથી કાંઇ આમ થાય!" તેમણે મન વાળ્યું.

એટલામાં પ્રભાકર અને તુરત પછી ડાકટર આવ્યા. તેમણે નાડી જોવા માંડી.

"સોનલબેનને હિસ્ટિરીયા આવતું લાગે છે."

"ના જી, કદી નહિ. કોઇ દિવસ મેં હિસ્ટિરીયા આવ્યું જોયું નથી." પ્રભાકરે જવાબ આપ્યો. પણ તરત તેને થયું: હા પાડી હોત તો ઠીક! મોરલીને જોઇ અને પોતે સોનલને કહેલી વાત ખોટી હતી એ જાણી જવાથી સોનલની સ્થિતિ વિપરિત બની હશે એમ તે ધારતો હતો. સોનલની મૂકતા પણ એજ કારણે હતી. એજ કારણે તે સુંદરજીને ત્યાં આવવા નારાજ હતી પણ બનવાનું બની ગયું. તેને હિસ્ટિરીયાની કાળજી નહોતી પણ તે આ પ્રસંગના અંતીમ પરિણામથી બીતો હતો.

"હિસ્ટિરીયાજ છે" ડાકટરે એમોનીયા સુંઘાડયું અને સોનલ ધીરે ધીરે ભાનમાં આવી. તેણે આંખો ઉઘાડી આસપાસ જોયું. આંખોમાં ઘેલછા હતી. શૂન્યતા પણ હતી. અને છતાં તે જોઇ શકી કે, સુંદરજી શેઠ તેનું માથું ખોળામાં લઈને બેઠા હતા. તે બેઠી થઈ ગઈ. સોફાની નીચે મોરલી પાસે જઇને બેઠી અને કેશ સંકોરી તેણે માથે ઓઢયું.

"ઠીક લાગે છે ને?" સુંદરજી શેઠે બાપ સરખી માયાભરી રીતે પૂછ્યું.

"જી" સોનલે એકાક્ષરી ઉત્તર આપ્યો.

"થોડી કોફી પીશે દીકરા?"

"જી, ના. ઘેર જવું છે." તેણે નાનો સરખો જવાબ દીધો.

"હા પણ થોડી કોફી લે. ઠીક લાગશે."

"કશું લેવું નથી. મને ઘેર મોકલી દો." સોનલે આંખો ઉપર પોતાના બે હાથ દાબતાં કહ્યું, "મને કાંઇ ચેન પડતું નથી. મને મારે

ઘેર મોકલી દો." આર્ત અવાજે સોનલે માંગણી કરી. અને સુંદરજી શેઠ તેને ઠેઠ નીચે ઉતરી મોટરમાં બેસાડી આવ્યા.

"કેમ, ઠીક લાગે છે કે'ની ?" મોટર ઉપડતી વખતે પૂછ્યું."

"હા જી."

"હું અને મોરલી આવતી કાલે તમારે ત્યાં આવીશું." સુંદરજી માસ્તર તરફ ફર્યા.

"માસ્તર, કાળજી રાખતા રહેજો." તેમણે ડ્રાઈવરને કહ્યું, "સંભાળીને મૂકી આવી વરધી કહેજે."

પ્રકરણ ૩૦ મું

હૃદયવિષાદ

અમૃતવાડીનો દાદર ચઢતાં સોનલના પગ લથડતા હતા. ઉતાવળે પગલે તે ઓરડીમાં પેસી ગઈ. તે બેચેન અને અસ્થિર હતી. ઓરડીની બરાબર વચમાં પથારીનો વીંટો પડયો હતો. સોનલ તેના પર ધબ દઈને પડી. પાસેની ખુરશી પર પ્રભાકર ડોળાફાટ બેઠો હતો.

"શું બન્યું કે સોનલને હિસ્ટિરીયા આવ્યું !" પ્રભાકર વિચારતો હતો. મોરલી અને સોનલ ભેગાં થયાં એજ પ્રભાકરને પસંદ નહોતું. તેણે તો સોનલને કહ્યું કે, પોતે ભણાવવા જતો તે શિષ્યા તો કુમારી—બાળક હતી. બાર વર્ષની હતી. કદાચ, મોરલીએ વાતમાં ને વાતમાં કહ્યું હોય કે, હું તેને ભણાવતો હતો. અને તેથી જુવાન સ્ત્રીને હું ભણાવતો છતાં જુઠું બોલ્યો એમ સોનલને લાગે તો તે મારી સાથે ઓરડીએ આવીને મને ઠપકો દે, મારી સાથે કજીઓ કરે પણ એને સુંદરજી શેઠને ત્યાં આમ, અચાનક, એકલી, હોય ત્યારે-હિસ્ટિરીયા આવે એવું બને નહિ. મગજને બેકાબૂ થવા દે એવી સોનલ નહોતી. જરૂર કાંઇ એવું થયું હોવું જોઇએ કે જેથી તેના દીલને કારમો ડંખ લાગે. શું સોનલે મોરલી સાથેની પોતાની

છબી તો નહિ જોઇ હોય ! ! એ છબી જોયા વિના સોનલની આ સ્થિતિ ન થાય. પણ ત્યારે મોરલી પણ કેવી બેવકૂફ–શું તેણે આ છબી રખડતી નાંખી હશે ! ! મોરલી બેવકૂફ છે ખરી પણ આટલી બધી બેવકૂફ ! ! પણ હવે એ છબી મોરલી રાખે શાની ! ! હવે એ પહેલાં જેટલો મારી સાથે સંબંધજ ક્યાં રાખે છે ! ! હવે તો એ બહુ ડાહી અને ગંભીર બની ગઇ છે. મારી સામે બહુ જોતી પણ નથી. હસતી તો નથી જ. તો પછી અમારા બન્નેના એક વખતના દેહ–પ્રેમના ચિહ્ન સરખી છબી મોરલી રાખી શું કરવા મૂકે ! પ્રભાકર અનેક તર્ક કરતો હતો. તેના તર્કો પૂરા નહોતા થતા. તેને વિચાર થયો કે, તે સોનલને બોલાવે પણ તે ગૂન્હેગાર હતો. બોલાવવામાં કદાચ કજીઓ થઈ બેસે. સોનલ વાત છેડે તો જ છેડવી નહિ તો ભૂલાવામાં જવા દેવી એવે વિચારે તે અબોલ જ રહ્યો.

સુશીલ પત્નીઓ રીસાય છે, લડે છે, મેણાં મારે છે, જીવ બાળે છે પણ પાછી પતિને માફી પણ આપે છે, તેને સ્વીકારે છે, તેના અવગુણો ભૂલી જાય છે. હિંદુ સંસારમાં આવાં દષ્ટાંતો ક્યાં ઓછાં છે ! ! માયા અને દયા, સંતોષ અને નિભાવણી આ બધા દૈવી ગુણોની ગારીથી ઘડેલી આર્ય બાળાઓ ટપટપ પતિથી વિમુખ થવા મથતી નથી. વિખૂટી થવા માંગતી નથી પણ સારો અગર નઠારો, શ્રીમંત અગર ગરીબ, સંસ્કારી અગર અસંસ્કારી સંસાર નભાવી લે છે ! ! સ્થિતિ, સ્વભાવ, અને સંસ્કાર ભીન્નતાના ખડકો વચ્ચે થઇને, પ્રસંગોના તડકા છાંયડા વેઠી, પોતાનું જીવન નાવ સારા સુકાની તરીકે ચલાવે છે. અને દુનિયામાં બધી રીતે અને બધે કાળે સુખ નથી અને દુઃખની છાંટ વિનાનો સંસાર ભાગ્યે જ હોય છે એમ દૃઢતાથી માની, આનંદમાં ક્યાં નથી રહેતી ! !

અને સોનલ ક્યાં જાતે અસંસ્કારી અગર તો અસંસ્કારી માબાપની પુત્રી હતી. ખાનદાન કુટુંબની, ભણેલી, વિનયી, પતિપરાયણ અને સુજ્ઞ સોનલ તેના ગૂન્હા માફ કરી, જ્યારે ને ત્યારે પ્રેમની બાથ ભર્યા વિના ક્યાં રહી છે ? બે કલાક પછી એ તો ભૂલી જશે. આવી આશાને તાંતણે આરામ લેતો પ્રભાકર ખુરશી પર બેશી જ રહ્યો. આઠના ટકોરા થયા અને તેની ધીરજ ખૂટી.

" ખાવું ખવરાવવું નથી ? " અત્યંત વિવેકપૂર્વક અને ખૂબ હળવે સ્વરે તે બોલ્યો.

સોનલ અબોલી ઉઠી. વાળુનું તૈયાર કર્યું અને પ્રભાકરને જમાડયો. તેણે ન ખાધું. વાસણો ચોકે નાખ્યાં અને પછી મૂક અને મૂઢ સરખી એક ખૂણામાં બેસી ગઈ. એક દષ્ટ–તેની અ–પલક આંખો બહારથી કાંઇ અનેરાં આશ્વાસન માંગી રહી હતી. ઊંડે ઉતરી અંતરને કોઇ નવા રાહના પ્રશ્ન પૂછી રહી હતી કે, પછી કંઇ જીવનના કોઈ અડગ નિશ્ચય પહેલાંના સરવાળા બાદબાકી કરી રહી હતી ! !

" કયાં સુધી આમ અબોલ બેસવું છે ? " પ્રભાકરના આ શબ્દો હવા સોનલના કર્ણ–ભિતર સુધી લઈ ગઈ પણ મગજ અને એ દ્વાર વચ્ચેની દિવાલ બંધ હતી.

" પણ હું આ સર્વનું કારણ તો જાણું ? " સોનલ ઓરડીમાં હોત તો આ શબ્દો જરૂર સાંભળત, કારણ પ્રભાકર આ શબ્દો મોટેથી બોલ્યો હતો. પણ શરીર ઓરડીમાં છતાં સોનલનું મન વિચારસૃષ્ટિ ભેગું ઓરડી બ્હાર જાણે દૂર કોઈ જૂદા જ પ્રદેશમાં વિચરતું હતું !! પ્રભાકરને જવાબ ન મળ્યો.

સોનલ સાથે વાત કરવી મિથ્યા હતી. પ્રભાકરે સોનલને સો વાર બોલાવી હોત તોપણ તે અત્યારે બોલે તેમ નહોતું. કદાચ એકાંત મળે અને રૂદન ભેળું પોતાનું હૃદય–દુઃખ વહેવડાવી એ શાંત થશે એમ પ્રભાકરને થયું. તેણે કપડાં પહેર્યાં અને 'હું થોડું બહાર કામ છે તે જઇ આવું' એમ કહીને બ્હાર નીકળ્યો. સોનલ એકલી પડી.

એકાંત, મનુષ્યોને તેના મનની સ્થિતિ પ્રમાણે સુખી કે દુઃખી કરે છે. સમ અગર વિષમ પરિસ્થિતિમાં લાવી મૂકે છે–સુધારે છે કે બગાડે છે. એકાંત માનવનો મંત્રી નથી–તેની માનસિક સ્થિતિનો ઉત્તેજક છે.

ઘણીવાર હૃદય–દુઃખ માણસને ભયંકર વિચારોના આવરણમાં બાંધી દે છે. પ્રભાકર ગયો અને સોનલ ધબાક લઇને ખુરશી પર પડી. લંગર છૂટયું વહાણ પાણી અને પવનના વેગે જેમ ધસડાય તેમ સોનલનું મન આજે દુઃખ અને આઘાતના પ્રહારથી વિવેકની માઝા મૂકી વિચારવમળમાં ઘસડાવા માંડયું. 'રહેવું કે જવું' તેના મનમાં પ્રશ્ન ઉઠયો. "કોની સાથે

રહેવું." "પ્રભાકર સાથે?" કારણ? પ્રભાકર પતિ છે માટે–તેં તેને તારો પ્રેમ આપ્યો માટે! પ્રભાકર પતિ છે, હું તેની પત્ની છું–હું તેની પત્ની હોઉં તો એ મને ચહાય નહિ? જે ચહાય નહિ તેને પતિ થવાનો શો હક્ક છે? તેને પતિ કહેવાય કેમ?. અને ચહાતો હતો ત્યાં સુધી પતિ, હવે ચહાતો નથી તો એને એનું પતિપણું ગૂમાવ્યું કહેવાય? હવે એ પતિ અને હું એની પત્ની છીએ ખરાં!! પતિ–પત્નીભાવ રહ્યો હોય ત્યાંસુધી પતિ–પત્ની કે ભાવ અભાવમાં પલટાય ત્યાર પછી પણ!

સ્ત્રીને પુરુષ વિના નહિ ચાલે? કેમ નહિ ચાલે? સ્ત્રી જાતે થઇ એકલી પોતાના પ્રયાસથી, પ્રકાશથી–એકલું જીવન ગૂજારવા શક્તિમાન નથી શું? હજારો પુરુષોમાં સ્ત્રી એકલી, સ્વતંત્ર, નિર્ભય, અને અડગ, પવિત્ર શું ઉભી નહિ રહી શકે? પુરુષો કુંવારા રહે તેની દુનિયાને કાળજી નથી અને કુમારીકાઓને દુનિયા પરણાવી દેવાનો આગ્રહ કેમ રાખે છે! –નિદાન કેમ ઇચ્છે છે। અને જે દુનિયામાં સ્ત્રીઓ રાજ કરવા સ્વતંત્ર છે ત્યાં પણ સ્ત્રીઓ પુરુષોને પરણવાની ઇચ્છા કેમ બતાવે છે!! હજારો સ્ત્રીઓ પુરુષોના અવગુણ જાણ્યા પછી પણ તેને કેમ નિભાવે છે? પુરુષો વ્યસન કરે છે. વ્યવહારમાં સાચાં જૂઠાં કરે છે. ફાવે ત્યાં વિચરે છે. ગાંડુ-ઘેલું બોલી શકે છે. નીચતાની અગર ગંદી વાતો કરે છે. અનીતિમાન થાય છે અને સ્ત્રીઓ ખૂબ મર્યાદા સાચવે છે. જે દુનિયા પુરુષોના દુરાચાર તરફ આંખ મિંચામણાં કરે છે તે સ્ત્રીનાં વગોવણાં કેમ કરે છે!! સ્ત્રી કરતાં પુરુષો બળવાન છે તેથી?! કે સ્ત્રીઓ હાથે કરીને પુરુષ વશ રહે છે તેથી?! સ્ત્રીઓએ જાતે થઇને એ નાનમ સ્વિકારી તો નથી લીધી!!

સ્ત્રીને પ્રભુએ શા માટે કોમળ બનાવી હશે! પુરુષો બળવાન છે માટે સ્ત્રીઓ ઉપર રાજ્ય કરે છે. બળવાન પ્રજા નિર્બળ પ્રજા પર રાજ્ય કરે છે. સિંહ જેમ બકરાં પર રાજ્ય કરે છે તેમ? પણ કોઇ પણ નિર્બળ પ્રજા બળ વધારી શકે છે અને બળદ્વારા સ્વતંત્ર થઇ શકે છે!! તેમ સ્ત્રીઓ બળવાન ન થઈ શકે? કોણે કહ્યું કે સ્ત્રીને પ્રભુએ અશક્ત બનાવી છે? સ્ત્રીઓ બળ કેળવે તો સ્વતંત્ર જરૂર થાય? ત્યારે જગતમાં આજસુધીના ઇતિહાસમાં સ્ત્રીઓ માત્ર અપવાદ રૂપેજ સશક્ત જણાઈ છે અગર માત્ર

જૂજ સ્ત્રીઓએજ પુરુષો ઉપર રાજ્ય કર્યું છે તેનું કેમ? અને એ સ્ત્રીઓ સશક્ત છતાં–રાજ્ય કરતી છતાં એમને પુરુષો વિના નથી ચાલ્યું એવું જગત્‌માં ક્યાંય છે! સાધ્વીઓ હશે–પણ સંસારીને તો સંસારીનોજ દાખલો લેવો રહ્યો ને!!

સોનલને આખી સ્ત્રી જાતિની અશક્તતા પર તિરસ્કાર આવ્યો. અબળા! અબળા! કહી કહીને સ્ત્રીઓને પુરુષોએ પોતાના કબજામાં–તાબામાં–પંજામાં રાખી છે! પુરુષો જેટલું સ્વાતંત્ર્ય સ્ત્રીઓએ વ્યવહારમાં–રાજ્યતંત્રમાં–યુદ્ધમાં અને સર્વ સ્થળે લીધું હોત તો, સ્ત્રીઓ પણ જગતમાં પુરુષ જેટલીજ સમાનતા ભોગવત!! નહિ!! ત્યારે સ્ત્રીઓ પૌરુષત્વમાં પાછળ કેમ રહી છે!

વિચારની પાંખે ઉડતી સોનલ અટકી પડી. તેણે પોતાની જાતને સીધા પ્રશ્નો પૂછવા માંડયા. તું શા માટે પ્રભાકરને પરણી? પિતાના ઘરમાં સુખ હતું–તેં કેમ પિતાનું ઘર છોડયું? પિતાનો–ગંગાબાનો વાત્સલ્યભાવ હતો. બિહારીનો બાળપ્રેમ તારી આસપાસ રોજને રોજ ઉછળતો–તને વળગતો હતો. જે પ્રેમથી, જે ભાવથી તારી બાલ્યાવસ્થા આનંદ અને તનમનાટમાં ગઇ–તને આરામ અને ચેન પ્રાપ્ત થયાં–જે ગૃહ–જે ઉદ્યાન અને તેમાંની વિટપો–તરુલતાઓ–વૃક્ષવેલીઓ, તેં પોષી હતી–જે તારી મિત્ર બની હતી. એવું શું કારણ હતું કે, આ સર્વનો તેં ક્ષણમાં ત્યાગ કર્યો. આ સર્વ કરતાં તેં એવું શું અધિક માન્યું કે, અરાઢ વીશ વર્ષના ક્ષણ ક્ષણના સ્નેહ–સહવાસ પછી આ સર્વને અળગાં કરી, તું પ્રભાકર સાથે છાની રીતે, સંતાતી, છૂપાતી ચાલી નીકળી! પ્રભાકરના પ્રેમ ખાતર! પ્રભાકરના પ્રેમ ખાતર કે, તારા આત્મસંતોષ ખાતર! જે તેં સૂખ માન્યું તે સુખની પ્રાપ્તિ ખાતર! અને તને શાની ઊણપ હતી? તને એવી શી ઝંખના હતી–તને એવી શું ભૂખ જણાઇ કે જેણે તને પ્રભાકર તરફ આકર્ષી.

સોનલને કાર્તિક પૂર્ણિમા સાંભરી. પૂર્ણિમાનો ચંદ્ર, ચંદ્રને વીંટી વળતી ચાંદની, શિતળતા, રજની–સૌન્દર્ય એ સર્વ સાંભર્યાં; આ પ્રસંગે તેના હૃદયમાં એક નવીન ભૂખ જગાડી હતી, એજ તે સૌન્દર્ય ભૂખ–દેહ સુખની ભૂખ!!

ખરેજ આ સૌન્દર્ય ભૂખે–આ સ્પર્શ સુખ–આ દેહ સુખની ભૂખેજ અનેકાનેક યુવતિઓનાં માન અને ગર્વ પુરુષોના ચરણે ધર્યાં છે. યુવાવસ્થાના પુષ્પગુચ્છો વચ્ચે ડોલી રહેલું જોબન–એજ ભૂખે યુવતિને ગાંડી બનાવી દે છે. અને એક નયનની પલક–એક આંખનો અણસારો–એક આકસ્મિક પ્રસંગ–એક એકાન્તનું મિલન, જ્યારે જ્યારે આ સૌન્દર્ય–ભૂખને જગાડે છે–યુવતિના અંગઅંગ, રોમરોમ, ને તપાવી મૂકે છે ત્યારે યુવતિ ઉગતી આશાની–ઉછળતી ઉર્મિની–અનેરા સુખની સ્થિતિ અનૂભવતી પ્રેમીને ચરણે પોતાનું સર્વસ્વ–પોતાનું અંગ, હૃદય–માન્યતાઓ–ભાવનાઓ–ઉર્મિઓ–વિનય અને આરામ ધરી દે છે. એ માનસિક સંબંધ અગર મિત્રતા–શરીર સંબંધ વિનાની નિકટતા અને સમાગમ આ સર્વથી પણ એ ભૂખ નથી છીપતી. આ સર્વથી ઉલટ એ ભૂખ વધે છે, હૃદયોન્માદને વધારે છે અને આખરે–એજ દેહ ભૂખ યુવતિને પુરૂષ સંગની પ્યાસી બનાવે છે. લગ્નાવસ્થામાં કે લગ્ન વિના આ ભૂખ મીટાવ્યેજ છૂટકો અને ત્યાં જ્ઞાનીનું જ્ઞાન–પંડિતની પંડિતાઈ—દુનિયાના વિવેક–માતાપિતાની શીખ—કુટુંબની મર્યાદાઓ અને આબરૂ આ બધું ક્ષણભર અલિપ્ત થાય છે. પરિણામનો વિચાર સરખો આવતો નથી. આવે છે તો તેની કોઇ તે ક્ષણે પરવા પણ કરતું નથી અને એ ક્ષણ આવે છે ત્યારે યુવતિ નથી પ્રેમીના ગુણ અવગુણ જોવા બેસતી–નથી વિવેક વહેવારનો વિચાર કરતી–નથી આવતો તેને પ્રેમ અગર લગ્ન પછીના વ્યવહારીક દિવસોનો ખ્યાલ–કે દુનિયાની રોજરોજની રગડતી કલ્પના. તેને તો જગત માત્ર એકજ મૂર્તિમાં પોતાના પ્રેમીમાં કેન્દ્રિત બને છે, અને આશાથી અધીરું બનેલું–સ્નેહથી ભીનું થયેલું—સૂખની વાટ જોતાં વિહ્‌વળ બનેલું યુવતિનું હૃદય, દિવાલો તોડી, પુરુષ સાથે સંગ—સૂખાનુભવ મેળવે છે ત્યારે જ જંપે છે, ત્યારે જ તેને સંતોષ થાય છે.

અને સોનલ વિચારવા બેઠી–ત્યારે આ ઘેલછાની સ્થિતિ તે શાશ્વત્ પ્રેમ કે અંગસુખ—વિવશતા. અંગસુખ વિવશતા તો નહિ જ તેના હૃદયે ધડ લઈને જવાબ આપ્યો. અંગસુખ વિવશતામાં તો પશુતાનો ભાવ છે. એવો પશુતાભાવ ખાનદાન યુવતિના હૃદયમાં કેમ જન્મ પામે ? પ્રેમ તો ખરોજ પણ ગાંડો–અવિચારી પ્રેમ–જેમાં અંગસુખ એ ખરૂં અને જગત

વ્યવહાર અને વિવેકની મર્યાદામાં રહી જીવનસુખ મેળવવાની પૂરી આશાએ ખરી.

અને આ જીવનસુખ મેળવવું હોય તો લગ્નબંધન કેવળ ઉર્મિવેગને આધીન રહી નહિ થાય. પ્રેમ પાત્રતા સાથેજ જોડવો જોઈએ અને ત્યારેજ પ્રેમ જીવન શોભે.

સૂરજ રોજ ઉગે છે- તેના પ્રકાશમાં સારી દુનિયા પોતાને માર્ગે પડે છે! તે પોતાનું કામ, પોતાની વાટ જાણે છે–પ્રેમમાં પણ આ વિચારને સ્થાન છે ખરૂં? સોનલ વિચારે ચઢી. અવિચારને સ્થાન નથી, હોવું ન જોઈએ. પ્રેમ યે ખરો અને વિવેક યે ખરો. લગ્નજીવન કંઈ બે ઘડીની રમત નથી. અનેક વર્ષોનો એક સરખો, એક રાગી–જીવન સમન્વય સુખ દુઃખનો અને સ્વભાવ સંસ્કારનો સાથ. પ્રેમ કરવામાં ભલે વખત જાય પણ લગ્ન બંધનનો સ્વિકાર તો પૂર્ણ વિચારનું જ પરિણામ હોવું જોઈએ. પૈસા વિના ચાલે. વૈભવ વિના નીભે—દેહસુખનો આવેશ આથમતાં—તેનીયે અનિચ્છા થાય અને ઈચ્છા છતાં પણ અભાવ સહી લેવાય–પણ મિત્રતા ન હોય તો શું? શાન્તિ ન હોય તો? જીવનભરની મિત્રતાની ત્રુટીઓ કેમ સહેવાય?? કુમળી સ્વભાવ ભિન્નતા પણ વેઠી લેવાય, વેઠી લેવી પણ પડે પણ અવગુણ–સદ્‌ગુણનો સમન્વય કેમ થાય??

અંતરે ઉત્તર દીધો—"ન–થાય."

ત્યારે શું કરવું? ગમે તે સંજોગોમાં સંસાર નીભાવવો! કે શું કરવું! સોનલની આંખ સામે કોઈ અનિશ્ચિત ભયંકરતા ખડી થઈ ગઈ–દેહપાત! તેને કમકમાં આવ્યાં. 'ત્યારે શું નાશી છૂટવું—પણ જવું ક્યાં? દુનિયા તો વિશાળ પથરાયેલી પડી છે; પણ એક જુવાન સ્ત્રીને પરણ્યા વિના બીજી પગથી નથી જડતી? હું ક્યાં જાઉં? મને વાટ નથી જડતી? હું ક્યાં જાઉં? પિતાને ઘેર!! ત્યાં જવું હોત તો પિતા તો દીકરીને આંગણે તેડવા આવ્યા હતા. અને એ તેડમાં હૃદય હતું–આગ્રહ હતો. શું પિતાજી જાણતા હતા કે, તેમની પીઠ વળશે કે તુરત—માત્ર થોડાજ સમયમાં મારે આવો, પતિગૃહ ત્યાગનો વિચાર કરવો પડશે!!

પિતાને ઘેર તો નહિં જ જાઉં ? જઇને શું કહું !! એમ કહું કે પ્રેમ કરવામાં–પતિ પસંદ કરવામાં હું મૂરખ હતી ! પતિને કાજે પિતાનું શરણુ છોડયું–હવે આટલા ટૂંકા સમયમાં પતિ સામે ફરિયાદી બની પિતાનું શરણુ લઉં. કદી નહિ ?! પિતાને ઘેર જેવું તે કરતાં મરવું સારૂં ! ત્યારે બીજે કયાં જાઉં ! જુવાન સ્ત્રીઓ માટે બીજું કયું આશ્રયસ્થાન છે જ્યાં તે નિર્ભય વિચરી શકે–રહી શકે–તેને આશ્વાસન મળી શકે ! સોનલે વિશાળ જગતમાં દ્રષ્ટિ ફેરવી જોઇ. એવું સ્થળ તેને કયાંયે જણાયું નહિ !

યુવા અને રૂપ જાણે ફેંદી નાંખવાની વસ્તુઓ હોય તેમ દુષ્ટ કામી પુરુષ કયાં તેની પાછળ પડયા વિના રહે છે ?! પરણેલી–પતિવિહોણી સદાચારી સ્ત્રી માટે નજર પર ચઢે એવું કોઇ સ્થાન નથી. તેને વનિતા-વિશ્રામ યાદ આવ્યું–પણ તેનાં હવે કયાં ઠેકાણાં છે ? તેને મૃદુલાબેનનું વિકાસગૃહ સાંભર્યું પણ અમદાવાદ તો ન જ જાઉં. વિકાસગૃહમાં જાઉં તો પિતાને ખબર પડે. પિતા આગ્રહ કરી ઘેર લઇ જાય. દુનિયાને ખબર પડે. મારી નાદાનિયત કહો કે ઉતાવળ કહો કે મૂર્ખાઈ કહો એનું રોજ રોજનું પ્રદર્શન થાય. અમદાવાદ તો ન જ જાઉં. કરેલી ભૂલનું પ્રદર્શન કરવા કરતાં એ ભુલ હૃદયમાં દબાવી–શમાવી–નહિવત્ થવું શું ખોટું ! જગતથી અદ્દશ્ય થવું શું ખોટું !!

તેને પાછાં કમકમાં આવ્યાં. વળી પાછો દેહપાતનો ક્રૂર પડછાયો શ્યામ ઘોર વાદળ સરખો તેની નજર સામે ઉભો થયો. તેણે આંખો મીંચી દીધી. નાની સરખી ચીસ તેના મૂખમાંથી નીકળી પડી. મેના પથારી કરવાની પડતી મૂકી દોડતી ઓરડીમાં આવી.

" ભાભી, તમે રડી પડ્યાં ? " તેણે સોનલની આંખો દબાવતાં કહ્યું. મેનાની આંગળીઓ અશ્રુભીની બની. મેનાએ આંસુ ઝીલ્યાં હોત તો ખોબો ભરાઇ જાત. હૃદય દુ:ખ આંખો દ્વારા વહે જતું હતું.

" હું મરી જાઉં ભાભી, શું છે કે આવડાં આંસુડાં પાડો છો ? " મેનાએ સામા રડવા માંડયું.

સગી બેન હોય એમ સોનલે મેનાને પોતાના તરફ ખેંચી–દાબી. ભગિની–સંસર્ગ પતિ–સંસર્ગ કરતાં ખૂબ ખૂબ નિર્મળ હતો. " સ્ત્રીઓની

નિરાધારતા” દુઃખનાં વિંટળાયલા ઘેરા શબ્દો સોનલના મૂખમાંથી નીકળ્યા. ભોળી મેના આ શબ્દોનો ભાવાર્થ ન સમજી. ‘મને ન સમજ પડી.’ તેણે કહ્યું.

“મેના! તને પ્રભુએ સારૂં સાજન આપ્યું છે અને ભોળા સુખ માની લેવાનો સ્વભાવ આપ્યો છે. તારી આશા–અભિલાષા–ઉર્મિઓ–તેં ક્યાં પર્વતની ટોચે ચઢાવી છે? તને ક્યાંથી સમજ પડે.” અને મેના તો આ પણ ન સમજી હોય તેમ સોનલ સામે જોઇ જ રહી. ક્ષણવાર રહીને તે ઉઠી: “લ્યો, હું પાણી લઇ આવું. જરા ટટાર થાઓ અને મ્હોં ધોઇ નાંખો નહિ તો પછી હું રોઈ દઈશ.” મેના બોલી.

મેના પાણી લાવી. સોનલે મ્હોડું ધોઇ નાંખ્યું અને સોનલની રાહ જોયા વિના મેનાએ ગાલ અને આંખ પરનાં આંસુ ઘસી ઘસીને લૂછી નાંખ્યાં.

“એ બ્હારગામ ગયા છે ચાલો મારી ઓરડીમાં. આપણે ગપ્પાં મારીએ. એકલાં પડયાં છો તે રોવું આવે છે.” મેનાને સોનલની હૃદયવ્યથા સમજ ન પડી. મેનાનો આગ્રહ હૃદયનો હતો.

સોનલ જવા તૈયાર થઇ. માથે છેડો ઓઢયો. બન્ને બ્હાર નીકળવા જતાં હતાં અને પ્રભાકર બ્હારથી આવ્યો. મેના પોતાની ઓરડીમાં જતી રહી.

પ્રભાકરના મોં પર આછું સ્મિત હતું. તે સોનલની ઘણી નજીક ગયો. ‘રોષ ઓછો થયો?’ તેણે ઉંડા ભાવથી કહ્યું.

“આઘા ખસો, મને અડશો નહિ.” સોનલે પ્રભાકરને વિનયથી ખસતો કરીને કહ્યું.

“કેમ?”

“તમે મારા સ્પર્શનો હક ગૂમાવ્યો છે.”

“કારણ?”

“તમારા દીલને પૂછી જૂવોને?”

“દીલને પૂછી જોયું. દીલ કહે છે કે મેં હક નથી ગૂમાવ્યો.”

“તો પછી એ દીલ જૂઠું બોલે છે યા તો—”

“યા તો?”

" નફરત છે." સોનલ વેગથી પાછી ફરીને બોલી. તે આજે પતિ વિવેક ભૂલી ગઈ.

સોનલ અગાઉ આવું કદી બોલી નહોતી. પ્રભાકર ક્ષણભર થંભી ગયો.

" સોનલ !! તું પતિભાવ ભૂલી જણાય છે ? "

" ખરી વાત છે, ભૂલી ગઇ છું. અને નહિ ભૂલી હોઉં તો ભૂલવા માગું છું."

" કારણ ? "

" તમે પતિભાવ ભૂલ્યા છો."

" જૂઠી વાત !! "

" જરાયે નહિ. તમે મને નથી ચ્હાતા–તમે મારાથી કંટાળ્યા છો. તમારૂં દીલ બીજે રવડતું થયું છે "

" સોનલ ! આ સાચું નથી ! તને કોઇએ ભરમાવી છે ? હું જાણું છું તને કોણ ભરમાવે છે ? "

" કોણ ભરમાવે છે ? " સોનલે રોષથી કહ્યું. પ્રભાકર મેનાનું નામ દેશે કે શું ?

" પેલો બદમાસ ડોસો, પેલો દુષ્ટ, બદમાસ." અને પ્રભાકરે મનોરદાસને પાંચ પચ્ચીસ ગાળો દઇ દીધી.

" બીજાને ગાળો દીધે તમારા અવગુણો નહિ ઢંકાય."

" પણ મારા અવગુણો તો હું જાણું ? "

" મારે જણાવીને શું કામ છે ? મને એમાં શું લાભ છે ?! તમે સદ્ગુણી છો તો તમારા ગુણો સાચવી રાખજો. પ્રભુ તમારૂં કલ્યાણ કરશે."

સોનલમાં પતિભાવનો વિનય પાછો આવ્યો.

" સોનલ ! આ શબ્દો કટાક્ષના છે. મને આ અવગુણ આરોપી તું મને દબાવવા પ્રયત્ન કરે છે !! "

સોનલ ઘડીભર પ્રભાકર સામે રોષથી જોઇ રહી ! !

"હું તમને દબાવું છું કે તમે મને દબાવો છો ? માણસને પોતાના અવગુણો નજરે આવે છે ક્યાં ?"

"તે તો તને પણ લાગુ પડે છે."

"તો કહો, મારા અવગુણો તમારી નજરે ચઢ્યા હોય તે કહી દો. નહિ તો હું તમારા કહું."

"તો કહેને ?"

"પણ એ કહેવામાં શો લાભ ?"

"ન હોય તો શું કહે."

સોનલે વળી પાછું પ્રભાકર તરફ રોષથી જોયું.

"તમારે તમારા અવગુણો સાંભળવા જ છે તો સાંભળો. તમે જૂઠા છો, દારૂ પીવો છો, દેવાં કરો છો, અને......" સોનલનો અવાજ ગળામાં અટક્યો. ક્રોધજનિત ગૂંગળાટ તેના શબ્દો રોકતો હતો. "તમે અનીતિ પણ કરો છો......"

"જૂઠી વાત."

"બિલકુલ સાચી વાત. તમે મોરલીને ચાહો છો–તેની સાથે ફસાયા છો." સોનલ ક્રોધથી લાલચોળ થઈ ગઇ.

"સોનલ, તું જૂઠો દોષારોપ કરે છે. સુંદરજીની વૃદ્ધાવસ્થા–મોરલીની જુવાની અને ઠસ્સો–અને રમતિયાળ સ્વભાવ–આ બધા પરથી તેં માની લીધું છે કે, મારે અને મોરલીને પ્રેમ છે–મોરલી સાથે શિષ્યા સિવાય મારે બીજો શું સંબંધ હોઇ શકે ?"

"તમે જૂઠા છો. તમે સુંદરજીની વૃદ્ધાવસ્થાનો–તેના ઘરના એકાન્તનો લાભ લીધો છે. તમે મોરલી સાથે ભણાવાનું નામ દઇ આનંદ માણો છો, તેમાંજ સુંદરજી શેઠને ત્યાં ભરાઇ રહો છો, તેમાંથીજ તમને દારૂ પીવાની ટેવ પડી, તેમાંજ તમે ઘેર મોડા આવો છો, તેમાંજ તમને તમારી પત્નીની, તેના પ્રેમની જરૂર રહી નથી."

"સોનલ, આ બધા આક્ષેપો તારા વહેમનું કારણ છે." સોનલે હજુ સુધી છબીની વાત કરી નહોતી એટલે પોતે માનતો હતો તેમ તેણે છબી

નહિ જોઈ હોય એમ તેણે માની લીધું. અને વ્હેમની વાત આગળ કરતાં પ્રભાકર બોલ્યો.

"વ્હેમ! પારકી સ્ત્રી સાથે! બેન જેવી સાથે, શિષ્યા સાથે કોઇએ પ્રેમની દ્રષ્ટોદ્રષ્ટ માંડી છે? કોઇએ પતિ–પત્ની ભાવથી ભરેલી–વિલાસ ઉભરાતી–છબી પડાવી છે? હું અને તમે પણ જેવી છબી પડાવવામાં અવિનય માનીએ તેવી, વિલાસ ભરી, વિષયરસ છલકાતી છબી મોરલી સાથે પડાવવી છે અને પાછા સતા થવું છે?"

પ્રભાકર કંઇ બોલે ત્યાર પહેલાં તો સોનલ પાછી બોલી.

"અને એ અનીતિએ છૂપો પ્રેમ ઢાંકવા તમે મને કેટલીવાર જુઠી વાતો કહી. તમે સુંદરજીની દીકરીને ભણાવવા જતા હતા, તે દીકરી બાર–તેર વર્ષની હતી, મેટ્રિકમાં ભણતી હતી!! તમે ઠગ છો, તમે મને ઠગી છે, તમે........."

"મેં તને ઠગી છે? જુઠી વાત!!" રોષમાં પ્રભાકર બોલ્યો.

"તમે મને ઠગી છે એક વાર નહિ અનેકવાર. તમારે મને ઠગવી હતી, દુઃખ દેવું હતું તો મને પરણ્યા શું કરવા?" સોનલ પ્રભાકર સામે ઉછળી.

"હું તને કંઈ પરણવા આવ્યો નહોતો."

"ત્યારે અમદાવાદ શું કરવા આવ્યા હતા?"

"તે તો યાદ કરી જોને? તારે પગે પડવા નહોતો આવ્યો. તારો પત્ર આવ્યો હતો." પ્રભાકર ફર્યો. પોતાની પેટી ઉઘાડી અને સોનલનો પત્ર કાઢી તેના શરીર પર નાંખ્યો.

"વાંચી જો. પરણવાની ગરજ તને હતી કે મને.........?"

"એમજ કહો છો કે'ની કે તમને ન્હોતી?"

"તે તો તું સમજે તે ખરૂં પણ તારો પ્રેમ ઉભરાઇ જતો હતો. તું આપઘાત કરવા તૈયાર થઇ ગઈ હતી. તારી સત્તરવાર ગરજ હતી તો તું મારી સાથે પરણી."

"મારો પ્રેમ ઉભરાતો હતો. મને ગરજ હતી તેથી હું પરણી–" સોનલ પ્રભાકરના શબ્દો સ્વગત બોલી. "ખરેખર ત્યારે પ્રેમ ઉભરાતો હતો!"

"અને હવે?"

"હવે એ ઉભરો બંધ થઈ ગયો છે. એ પ્રેમનો ઉભરો–ઉછાળો ઓસરી ગયો છે, મરી ગયો છે."

"પ્રેમ મરી ગયો?" પ્રભાકરે જાણે સોનલને મેણું માર્યું.

"હા, પ્રેમ મરી ગયો. પ્રેમ શાશ્વત છે. લોકો બેસમજમાં એવું કહે છે, મારો પ્રેમ તો મરી ગયો. મારો પ્રેમ મરી ગયો એવું હું અનુભવું છું–પ્રેમ!" અને સોનલ તિરસ્કારનું હસી અને આકાશમાં–આકાશમાં પડઘો પડયો: "પ્રેમ........."

"ખોદો પાતાળ સુધીનો એક ખાડો–"

"કે–"પ્રભાકર બોલ્યો.

સોનલે પ્રભાકર સામે જોયું અને બોલી:

"એ યુવાવસ્થાને–એ સંસાર સુખને એ મૃત પ્રેમને દફનાવી ઉપર માટી નાંખું–એ પ્રેમનો પુનર્જન્મ પણ ન થવો જોઈએ."

"તો તું મને નથી ચહાતી?"

"ચહાતી હતી–હવે નથી ચહાતી. ચાહી શકીશ એમ રહ્યું નથી. જુઠ્ઠા, ઠગ, અનીતિમાન પતિ સાથે જીવન નહીં જીવી શકાય."

સોનલ આગળ બોલતી જ હતી પણ પ્રભાકર ઉભો થયો અને તેને રોકી.

"સોનલ, તું આજે બહુ બોલે છે."

"બોલતી નથી–બોલાઈ જવાય છે. રોકવા મથું છું છતાં બોલ રોકી શકાતા નથી, હું તમારી પત્ની નથી. તમે મને તમારા ઘરની દાસી, ચાકરડી માનો છો–તમે રખડેલ–"

પ્રભાકરે સોનલના મોં પર પોતાનો હાથ દાબી દીધો. "સોનલ, આજે મને ઘણો ક્રોધ ચઢયો છે, હું તને મારી બેસીશ."

"મરદો બીજું શું કરી શકે?!" પ્રભાકરનો હાથ વેગળો કરી સોનલ બોલી.

"પઠાણુનો માર ખાય—પત્નીને મારી આનંદ પામે." ગાંડી બની હોય તેમ સોનલ ખડખડ હસી પડી, એ હસવામાં તિરસ્કારની ક્રૂરતા હતી. ઘેલછા પણ હતી.

"સોનલ?" પ્રભાકર હાથ ઉગામી સોનલ સામે કુદ્યો.

"મારો, પતિદેવ, મારો, મારી નાંખો—આ દુઃખ ઓછું થવુંજ જોઇએ. આ સંસાર હવે અટપાવો જોઇએ. પૂરો થવો જોઇએ. મારી નાંખો—તમે અને હું બન્ને છૂટા થઇએ એજ ઇષ્ટ છે."

"તો તું મારૂં મોઢું જોવા રાજી નથી?"

"હું જાતે મરવા રાજી છું. તમે સો વર્ષ સુધી જીવો. મારે તમારા સુખની આડે શા માટે આવવું જોઇએ. બારણું ખુલ્લું છે. જાઓ. મોરલી પાસે પધારો. વિષયભોગ માણો, આનંદ કરો." અને આકાશ તરફ નજર નાંખી સોનલે કહ્યાજ કર્યું. "જાઓ, આનંદ કરો, વિષયભોગ માણો—જીવનભર આનંદ કરો, મોરલી સાથે, જીવનભરનો આનંદ કરો—મોજ માણો........."

અને મેનાએ પોતાની ઓરડીમાં ધબાક્ લઇને મોટો ધબકારો સાંભળ્યો. તેણે જ્યારે ઓરડી બ્હાર ડોકીયું કર્યું ત્યારે પ્રભાકર ઉતાવળે પગે ઓરડી બહાર ક્રોધથી ધ્રૂજતો જતો હતો. સોનલ ઓરડીની વચ્ચોવચ ચત્તીપાટ પડી હતી. તેના મોંમાંથી ફીણના ફીસોટા નીકળતા હતા.

"હાયરે ભાભી!" મેના દોડીને સોનલની ઓરડીમાં પેઠી, અને તેનું માથું પોતાના ખોળામાં લીધું.

"ભાભી! ભાભી!" મેનાએ સોનલના માથા નીચે ઉશીકું લાવી મૂક્યું. અને પાણી લઇ આવી છાલકો મારવા માંડી.

"આજે કોણુ જાણે શુંયે થવાનું છે—પ્રભાકરભાઇ આવા રાક્ષસ જેવા? ભાભી પડી ગયાં તોયે બ્હાર જતા રહ્યા!" તેણે છાલકો મારતાં બડબડવા માંડયું.

હુંકાર સાથે સોનલે થોડીવારે પાસું બદલ્યું, અને મેનાએ તેનું શરીર લૂછી નાંખ્યું, માનો હોય તેવો પ્રેમાળ વાત્સલ્યનો ભરેલો મેનાનો મીઠો હાથ સોનલના માથા પર ફરવા માંડયો. સોનલે આંખો ફાડીને ઊંચે જોયું.

'મેના' સોનલ સૂતેલી છતાં મેનાને કેડે વીંટાઇ વળી.

"ભાભી! ઘેલાં કાઢો છો? સ્વસ્થ થાઓ, હોય, મરદ આકળો પડે અને બે વાનાં કહે!! એવું હૈયે લેવા જઇએ તો વહેલાં મરી જવાય."

આ શબ્દો સાંભળવા સરખી સોનલ સાવધ થઇ હતી.

"તો કેટલા સૂખી થવાય–મેના?" તેણે ધીરે રહીને ઉદ્દગાર કાઢયા.

"શું ધૂળ! મરવામાં તે વળી શું સુખ ભર્યું છે." ગામડાની ભોળી નિર્દોષ મેના બોલી.

"સુખ ન હોય તો પણ દુઃખનો તો અંત આવે," સોનલ બેઠી થઇ. "મેના તને મારા દુઃખની શી ખબર!!"

"તેમાં શું થયું? દુઃખ કાંઈ બારે માસ બેસી રહે છે! કાલે સવાર પડશે અને દુઃખ જતું રહેશે!!"

"મારૂં દુઃખ કાલે સવારે નહિ જાય, મેના, મારૂં તો હ્રદય દુઃખ છે. વ્યવહારનું નથી. એક દિવસનું દુઃખ નથી. કાયમનું છે. જયાંથી સર્વસ્વ સુખની આશા રાખેલી ત્યાંથી આવ્યું છે, જીવનભર હ્રદય પર દુઃખના ઢગલાનો ભાર સહન કરવો તેના કરતાં મોત વહાલું કરવું શું ખોટું?"

"તમે ચૂપ રહો છો કે નહિ? તમે ગાંડા થઇ જવાનાં છો."

"ઘેલછામાં પણ દુઃખ વિસારે તો હશેજ કે'ની–મેના?"

"જાઓ, જાઓ, ગાંડા થવાનું તે કોઇને ગમે–ગાંડા થવું એટલે જગતને ભારરૂપ થવું!! તમે આજે આવું કયાંથી બોલો છો?"

"ખરી વાત! ગાંડી થઇશ તો વળી કોઈને ભારરૂપ થઇશ. માટેજ મોત માગું છું."

"બોલતાં બંધ થાઓ છો કે મો'ઢે ડૂચો મારૂં?" મેનાએ રોતાં રોતાં કહ્યું. આંસુનાં બે ટીંપાં સોનલના ગાલ પર પડયાં.

"મેના, તું રડે છે!!" સોનલે ઉંચી ડોક કરી મેનાના સામે જોતાં કહ્યું.

"રડું નહિ ત્યારે શું કરું? તમે કેવું બોલો છો તે–" રડતાં રડતાં મેના બોલી.

"મેના, રડ નહીં! લે, નહીં બોલું! છાની રહી જા. નહીં બોલું."

"ના, એમ નહીં–બેઠાં થાઓ." મેનાએ આર્દ્ર સ્વરે કહ્યું.

"લે. બેઠી થઇ." અને સોનલ બેઠી થઇ.

"ના, એમ નહીં. મારી સામે હસો–હસો–કેમ હસતાં નથી?"

સોનલ હસી.

"એમ–ભાભી આપણે બન્ને આમ હસતાં મરી જઇએ તો કેવું સારું –તમે રડો છો તે મને–મને નથી ગમતું." મેના આંસુ લૂછતી બોલી. તેણે સોનલને આગ્રહ કરી પાણી પાયું. સોનલના વાળ સમાર્યા. લટો ઊંચી કરી –આંખો લૂછી. અને ઘડીભર સોનલની આંખમાં આંખ ઘાલી તે જોઇ રહી. જાણે અંતરમાં ઉંડે ઉતરી સોનલના દુઃખનું કારણ શોધતી હોય?

"ભાભી! ભગવાન કરે અને તમારાં બધાં દુઃખ મને આવે." મેના બોલી. અને સોનલ સ્થિર થઇ ગઇ. તે મેના સામે જોઇ રહી. મેના ગરીબ માબાપની છોડી, ગરીબ પતિની પત્ની, ગરીબ ગામડાની ગામડીઆ પદ્ધતિમાં ઉછરેલી. ઓછું આછું ભણેલી, સાદી, ભોળી, નિર્દોષ મેના તેની આશા ઓછી, અભિલાષા ઓછી. સ્હેજમાં સુખ માને. સ્હેજમાં દુઃખ વિસરી શકે. તેના જીવન રંગો પણ આછા, પાતળા–તેને સુખ જોઇએ તો ઊંચે સ્વર્ગમાં કે નીચે પાતાળમાં શોધવાની જરૂર નહીં–મેના કોઇ મનુષ્ય અવતરી છે કે દેવી? કલ્યાણકારી મહામાયા–સૌમ્ય સ્વરૂપિણી, પ્રેમભાવ–સેવાભાવ શિખવાડવા તો અવતરી નથી??

સોનલને લક્ષ્મી સાંભરી આવી. નાગરદાસ લક્ષ્મીની વાર્તા કહેતા ત્યારે આવોજ ચિતાર આપતા. મેના મારી મા થઇને તો નથી આવી–મા વિના પરદેશમાં આવો માતૃત્વભાવ ક્યાંથી અનુભવવા મળે—ના! પણ જગતમાં લાખ્ખો દૂષ્ટ મરદો હશે!! પણ...પણ એજ જગતમાં–એજ, જગતની ગાર, માટીમાં મેના સરીખડાં–માતૃત્વ ભર્યાં મીઠાં દૈવી રત્નો ક્યાં મળી આવતાં નથી! સોનલ મેનાને ગળે વળગી પડી.

"મેના તને શું કહું—બહેનપણી કહું—બહેન કહું, કે મા કહું ?"

"જો, પાછું ગાંડુ બોલ્યા !"

"ખરે ! મેના ! મને તારા પર જાણે તું મ્હારાથી મોટી—ઘણી મોટી—મારી મા હોય એવું વ્હાલ આવે છે."

"આવું બોલશો તો હું જતી રહીશ." મેનાએ સોનલનો વાંસો પંપાળતાં કહ્યું, "ભાભી આપણે બન્ને બ્હેનો."

"ખરે જ ! મેના ! તું સાચું કહે છે બ્હેન છીએ અને બ્હેનો રહીશું અને મરીને પણ બ્હેન અવતરીશું."

"હવે બોલ્યાં તે ખરૂં, તો ચાલો ત્યારે હવે ઉઠો, ચાલો પથારી કરી તમે સૂઈ જાઓ. હું તમારી પાસે બેસું, તમને ઉંઘ આવશે ત્યારે જતી રહીશ.

"મેના, હવે હું સ્વસ્થ છું. હવે તું જા અને સૂઈ જા."

"ના, હું થોડીવાર બેસું છું."

"કાંઈ જરૂર નથી. જો હું કાંઈ રડું છું ? જો હવે હસું છું કે'ની—હવે હું સૂઈ જઈશ. જા તું પણ સૂઈ જા."

"મ્હારા સમ ખાઓ."

"ગાંડી, ગાંડી હું કહું છું તે સાચું માન. જા સૂઈ જા."

"ખપ પડે તો મને બોલાવજો હોં ભાભી."

પ્રકરણ ૩૧ મું

સોનલ પાછી જતી રહી

સવારના ૭ વાગે જ્યારે પ્રભાકર પાછો આવ્યો ત્યારે ઓરડી ઉઘાડી હતી. ચાલમાં કોઈ કોઈ માણસો ઊઠયાં હતાં. દાતણ પાણીના ખોં—ખું સંભળાતાં હતાં. સોનલની રાહ જોતો પ્રભાકર કપડાં જોડા સાથે ખુરસી પર પડયો.

સોનલ સાથેની બોલચાલ પછી તે સિનેમામાં ગયો હતો. છેલ્લા "શો" માં પણ તેને સ્વસ્થતા નહીં મળી. પ્રવેશો આવતા અને જતા, શીંગ, સોડાવાળા બૂમો પાડતા, વચમાં વિરામનો સમય પણ આવતો–આની પ્રભાકરને કાંઇ ખબર નહોતી. તેનું શરીર સિનેમામાં હતું પણ તે સિનેમામાં નહોતો. તેનું મન તેને સુંદરજી શેઠને ત્યાં લઇ ગયું હતું. તે મનમાં મોરલીને ઠપકો દેતો હતો.

કેવી મૂરખ!! છબી પડાવી ત્યારે, મેં ના કહી હતી. "આગ્રહ છોડી દે" કોઇવાર આ નડશે. સુંદરજી શેઠ બધી સગવડ આપશે પણ આવી છબી પડાવે તે નહીં સાંખે. "સુંદરજી શેઠ મોરલીને પ્રસન્ન રાખવા માંગતા હોય તો તેને અનુકૂળતા કરી આપે. પણ પોતે આવી અનુકૂળતા કરી આપવા સરખો નામર્દ છે એમ કાંઇ દુનિયાને જાણવા દેવાય. દુનિયા ન જાણે તો ઘણી ચીજો જગતમાં થઈ શકે છે. લોકોને દુનિયાનો ડર છે માટે નહીં પણ પોતાની પ્રતિષ્ઠા કણિકા સરખી પણ ઓછી થવી ન જોઇએ તેથી.

\+ + +

અમલદારો લાંચ સુખેથી લે પણ તેને સ્વરૂપ બક્ષિસનુંજ મળવું જોઇએ. દીકરી દીકરાના વિવાહો, ગરીબ ઘરાકો, અગર તાબેદારો નોકરોના પૈસા ભલે ખાય. પણ તે ખુલ્લા મંડપોમાં ચાંલ્લાને નામે પૈસા લઇને. ચતુર પુરુષો છુપો પ્યાર કરે ખરા પણ તે સ્ટીનોગ્રાફર–કમ્પેનિયન–ગવર્નેસ એવાં શિષ્ટનામધારી સ્ત્રીઓ સાથે સંસર્ગમાં આવીને. કોઇની દિવાળી–કોઈની હોળી–કોઇની ક્રીસમસ સાંભળીને–કોઈના ધણીને–કોઇના દીકરાને કોઇના વચલા માણસને સારી નોકરીમાં રાખીને. મિલવાળાઓ ભાગીદારોનું ટીલું ચાટી જાય પણ તે કોલસાની–મિલ્સ સ્ટોર્સની–વિગેરે એજન્સીઓ પોતાના દીકરા અગર સગાવહાલાંને નામે રાખીને–રાજાઓ અનીતિ ભલે કરે પણ પોતાના પાટનગરથી દૂર અને પારકી પત્નીઓને મિત્ર કહેતાં કહેતાં. –દુનિયામાં અનીતિ કરવાનો વાંધો નથી. અનીતિ ન કરવી એવો ઉપદેશ કર્યા જ કરવાનો, અને અનીતિ પણ કર્યાજ કરવાની–ચાલુજ રાખવાની, માત્ર પડદો રાખીને–જગત હકની કમાણીપર જીવતું હોત તો કદાચ દુખીઓ અગર ભિખારી જગતમાં મળવો મુશ્કેલ થાત. નીતિના

પુસ્તકોની જરૂર પણ ન રહેત–ગરીબો શ્રીમંતોનો તિરસ્કાર કદી ન કરત અને પતિપત્નીના સંબંધ ખૂબ પવિત્ર રહેત પણ ખાઉ માણસો દુનિયાને વિવેકને, નીતિને, ધર્મને અને આખરે પોતાને પણ ખાઇ જાય છે, ધર્મ અને ઉદારતાનો ડોળ અનીતિમાન સત્તા–ગરીબી અગર ભોળપણનો પૂરો લાભ લે છે, અનીતિ કરે છે પણ પ્રતિષ્ઠા જળવાય તેટલી જાળવીને–પ્રતિષ્ઠા પર ટકોરો ન વાગે ત્યાં સુધી કાળી શ્રીમંતાઈ, કાળી સત્તા અગર કાળી ભૂખ અને અનીતિ જેટલી વધારવી હોય તેટલી વધારી શકાય છે. આથી જગતનો સમભાવ વિષમભાવમાં પલટાય છે અને જગતમાં વેરઝેર જન્મે છે અને પોષાય છે. જગતના એંસી ટકા ખૂન મનુષ્યમાં કુદરતી મારકવૃત્તિને કારણે નથી થતાં–માનવ અમાનવી રાક્ષસી અનીતિને માર્ગે ચાલે છે તેથી થાય છે. અમાનવતામાંથી એવા વિષમભાવ જન્મે છે કે માણસ માણસ મટી પશુતા પામે છે. માણસો સામસામા પશુ સરખા પંજા મારે છે.–ખુનરેજી વર્ષી રહે છે.

× × ×

સુંદરજી શેઠની ગામમાં પ્રતિષ્ઠા હતી. જે જુએ તે સમજી શકે કે તે વયોવૃદ્ધ હતા. તેઓ મોરલીના કૃત્યો તરફ આંખ આડા કાન કરી શકે. દુનિયા તે આધે ડોળે ભલે જુએ અને થોડી ટીકા પણ કરે. મોરલી બધું કરે પણ તેનો પુરાવો ન હોવો જોઇએ. મોરલી અને પ્રભાકર ભલે પ્રેમી બને, પ્રેમી તરીકે લ્હાવો પણ લે. તેનો યે વાંધો નહીં. પોતે સાથે હોય તે તો વળી વધારે સારૂં પણ બન્ને જણા છબી પડાવે અને ત્રીજો માણસ આવી છબી જોઈ જાય એટલે સુંદરજીની પ્રતિષ્ઠા પર પાણી ફરી વળે. અનીતિ કરનાર માણસ આ અનીતિનો પુરાવો કોઇ પણ સ્વરૂપમાં ન મળે તે ખાસ જુએ છે અને પુરાવો હોય તો તે નષ્ટ કરવા પ્રયત્નશીલ રહી તેજ ખાતર બીજી હજારો અનીતિ કરવા પ્રેરાય છે.

પ્રભાકર વિચારતો હતો.

મોરલી કેટલી બેવકૂફ—અને હજુ પણ એ છબીનું એણે શું કર્યું હશે. આટલા ભવાડા પછી પણ એને છબી ફાડી નાંખી હોય તોજ સારૂં. નેગેટીવ તો પોતે લઇને તોડી નાંખી હતી. અને તેના કકડા કયારનાયે

ચોપાટીના દરિયામાં પડયા હતા. પણ મોરલી આવી છબી રખડતી નાંખે એટલે શું? પણ સોનલે આ છબી જોઇ તેની ખબર મોરલીને પડી છે ખરી. સોનલે છબી જોઇ લીધી હોય અને છબી એજ સોનલનું હિસ્ટીરી- આનું કારણ બન્યાનું મોરલીને ખબર ન હોય તો!! તેણે જઇને મોરલીને ચેતવણી આપવી જોઇએ!!

"કાલે સવારે પહેલું કૃત્ય એજ કરવાનું પણ સવારમાં શેઠ હોય અને ત્યારે મોરલીને આ સૂચના આપવા પ્રસંગ પ્રાપ્ત નયે થાય. બપોરે ત્રણ વાગ્યા પછી જાઉં તોજ ફાવે."

વિચારે ચઢેલા પ્રભાકરને સિનેમાના માણસે ઢંઢોળ્યો. "બ્હાર નિકલો, કૌન હૈ, ખેલ ખલાસ હો ગયા. સિનેમા દેખતા હૈ—સોતા હૈ—બ્હાર જાઓ." પેલા માણસે કહ્યું. ઝાકઝમાળ સિનેમામાં હવે ચોમેર અંધારૂં હતું.

રાતના એક વાગે ઘેર જવું, અને પાછો કજીઓ થાય તો આખી રાત બગડે અને રાતના વખતે કજીઓ થાય તો અડધી ચાલ જાગી ઉઠે એ પણ ઠીક નહીં. પ્રભાકર ગ્રાન્ટરોડ પર આવેલી રામ ભરોંસે લોજમાં રાતભર સૂઈ રહ્યો. પણ સૂતો એટલે કાંઈ તેને ઉંઘ ઓછી આવે છે? તેણે બે-ત્રણ—ચાર પાંચ એમ ટકોરા ગણ્યા જ કર્યા. છનો સમય થયો અને તે ઊઠયો. તેણે સોનલને કડવા સુકન કહયાં હતાં. વાંક તેનો હતો. મોરલી સાથે છબી પડાવ્યાની વાત સાચી હતી. સોનલથી છાની—સોનલ સરખી પવિત્ર પત્ની સામે તે મોટો ગુન્હો કર્યો ગણાય. મારે માટે તેણે મા—બાપનું ઘર છોડયું. મારી ગરીબીની ભાગીદાર બની. હું તેને બેવફા નિવડયો હતો. મારે માફી માંગી લેવી હતી. અનીતિમાન પતિઓ શું કરે? સંસાર ચાલતો રાખવો હોય તો, પોતાની પત્નીની માફી માંગી લે-આવા વિચારો પ્રભાકરના મનમાં આવવા માંડયા. પણ, પણ—માફી સહજ ન મળે તો શું? તો આત્મઘાતનો—બાવા બની જવાનો ઢોંગ કરવો જોઇએ—આમ કરીએ તો આર્ય મહિલાઓ કયાં માફી આપવા તૈયાર નથી હોતી!! પ્રભાકર આજ ઢબે અને જરૂર પડે આવાજ ઢોંગથી સોનલની માફી માંગવાનો નિશ્ચય કરી, રામ ભરોંસે લોજમાંથી નીકળ્યો. પણ તે કોની માફી માંગે? સોનલ ઓરડીમાં હતીજ કયાં? તેણે ખુરશી ઉપર પડયા પડયા થોડો સમય

રાહ જોઈ. અડધો કલાક વિતતાં તો તેને કોણ જાણે કેટલો સમય જતો રહ્યો લાગ્યો. તેના દીલમાં શંકા ઉઠી. ઓરડી બ્હાર નીકળી તેણે મેનાને પૂછ્યું. "મેનાબેન ! એ ક્યાંઇ ગઇ છે ?"

"કોણ, ભાભી ? રાતે સૂઇ ગયા તે હું જાણું છું પણ પછી તો મને ખબર નથી. કેમ ઓરડીમાં નથી ?

"ના, હું અડધા કલાકથી બેઠો છું" ચાલમાં ગઈ હોય તો કાંઇ આવ્યા વિના ન રહે. અને એ ક્યાં કોઇના ત્યાં જાય છે ?"

"જરાવાર રાહ જુઓ, ક્યાંય ગયાં હશે તો આવશે."

પણ જેમ સમય જતો હતો તેમ પ્રભાકરની શંકા વધતી હતી. મનોરદાસની ઓરડીએ જઈ તેને પૂછ્યું પણ તે ત્યાં નહોતી. અને મનોરદાસને કશી ખબર પણ નહોતી. મનોરદાસ સામો ચિંતામાં પડી ગયો અને હવે સોનલની શોધમાં તે પણ સામેલ થયો. પતિ–પત્નીના કલહની તેને કશી ખબર નહોતી અને તેણે વિસ્મયથી પ્રભાકરને પૂછ્યું.

"પણ આમ સોનલબેનને શોધવા નીકળવાની શી જરૂર ? કાંઇ ચિંતા કરવા જેવું તો નથી ?" મનોરદાસે પ્રભાકરને પૂછ્યું. "ના" ગલાંતલાં મારતાં પ્રભાકરે કહ્યું, "ના ! હું તો ગઇ રાત્રે બ્હારજ હતો. સવારમાં આવ્યો તો બારણાં ઉઘાડાં હતાં અને અડધો કલાક રાહ જોઇ છતાં એ કાંઈ આવી નહીં"

મનોરદાસની ચિંતા વધી. મેનાને પૂછતાં પણ તેને ખાસ માહિતી ન મળી. પણ તેને એટલી ખબર તો મળી કે, સોનલ અને પ્રભાકર વચ્ચે રાતના કાંઇ કારણસર કલહ થયો હતો અને સોનલ ખૂબ રડી પણ હતી– "પણ પછી તો ભાભી શાન્ત થઈ સૂઈ ગયાં હતાં." મેનાએ ઉમેર્યું.

કાંઇ નવું જૂનું જરૂર થયું જાણી મનોરદાસ સીધો શિવનંદન પાસે ગયો. "ઉસ્તાદ" તેણે પૂછ્યું. "વહેલી સવારે કોઇ ચાલમાંથી ગયું ?"

"હાં મનોરદાસભાઇ." જાણે સંભારતો હોય તેમ શિવનંદન બોલ્યો.

"કોન ગયા તા ? ?...શિવનંદને લમણાં પર ટકોરા માર્યા...અને તેને સાંભરી આવ્યું. તે બોલ્યો, "અરે ! હાં ! અપના પ્રભાકર શેઠકી ઓરત જૈસીથી ! ! મેંને ટોકી–કહેતી થી કે દરિયા પર સ્નાન કરને જાતી હૂં."

"કેટલા વાગ્યા હતા ? "

"કરીબ કરીબ સાડે ચાર પાંચ બજા હોગા. આપ કયોં પૂછતે હો, મનોરદાસજી ?" શિવનંદને ઉકણાં બેસી હાથ ધોતાં ધોતાં કહ્યું.

મનોરદાસને ઉત્તર દેવાને ફૂરસદ નહોતી. તે સીધોજ ઓરડીએ કપડાં પહેરવા ગયો. અને ત્યાંથી કપડા પહેરી ગાડી કરી દરિયે દોડયો.

"દીકરી તેં શું ધાર્યું–અને તારા બાપને હું શું મોં બતાવીશ." મનોરદાસનું કાળજું ફટક મારી ગયું.

આખી ચાલમાં હોહા થઈ ગઇ. ભાડૂતો બધાં જ ચાલમાં આવી ઉભા. કેટલાક ઓરડી પાસે જમા થયા. મેનાએ રોવા માંડયું. કેટલાકે પ્રભાકરને વખોડવા માંડયો. બીજાએ સોનલની સ્તુતિ કરવા માંડી–કેટલાક જુવાનો દરિયા પર જવાને તૈયાર થયા. આ જુવાનો જોડે દરિયે જવા મેનાએ ઓરડી વાસી પણ બધાએ તેને રોકી દીધી.

"હમે છીએ કે'ની–તમે આવીને શું કરશો ? "

ચાલનાં બૈરાં વાતો કરવા માંડયાં.

"બેન બહુ સારી છોડી હોં." એકે કહ્યું.

"ભણેલી પણ કેવી ઘરરખ્ખુ–સાદી–ડાહી."

"અરે હારે ! સસી વસી જણાઈ નથી." "અને બેન ! કોઇ દહાડો નીચેથી ઊંચું જૂવે નહીં."

"ભાયડો કસાઈ જેવો હતો–બિચારી છૂટી." એક બટક બોલીએ કહ્યું. ઘરડાં કાવેરીબેન બોલ્યાં, "અલીઓ તમે ગાંડી થઇ કે શું ? આમ છોડી મરી ગઈ હોય એમ કેમ વાત કરો છો ? કોઈ તેની ઓરડીમાં જૂવો તો ખરાં કે કાંઇ ગયું રહ્યું છે–તેનાં કપડાં પેટી કાંઇ છે કે નથી. ઘરનું આઘું પાછું જૂઓ–આમ વાતો શું કરવા મંડી પડી ? "

મેના અંદર ગઈ. બધું જ્યાં ને ત્યાં જ હતું. માત્ર ખીંટી પરનાં બે ત્રણ લૂગડાં જ નહોતાં. એક નાની છોડીએ બારીની બ્હાર ડોકીયું કર્યું.

"આ શું પડ્યું છે ?"

એ ચાર ફાટેલા ચેકના કડકા બારી નીચેની પાગર પર પડેલા મેનાએ જોયા. તે દોડીને પ્રભાકરને બોલાવી લાવી.

"જૂઓને ભાઇ આ શું છે ?"

પ્રભાકરે ફાટેલી ચેક-બુકના કડકા જોયા. તે વધારે વાંકો વળ્યો. ચેક-બુકની ફાડેલી ચોપડી બારી નીચેની ગટરમાં પડી હતી અને કેટલાક કડકા ઊડીને વેરાયેલા પડ્યા હતા.

એક નાની છોડી દોડતી નીચે ગઈ અને આ બધા કડકા અને પેલી ચોપડી વીણી લાવી. નાગરદાસની સહીવાળા વગર વપરાયલા કેટલાયે ચેકો ફાડેલા ગટરમાંથી મળી આવ્યા.

પ્રભાકરની ખાત્રી થઈ કે જરૂર સોનલે દરિયામાં પડતું મૂક્યું. સોનલ કાંઈ લખાણ મૂકી તો નથી ગઇ. એવે વિચારે તેણે પેટીઓ જોઇ. ગોદડાં ઉથામ્યાં—ઊંચે નીચે અને શેતરંજીની નીચે જોયું પણ કાગળની કચ્ચર સરખી ન મળી. તે નિરાશ થઈને ખુરશી પર પડ્યો.

"કેવો કઠણ કાળજાનો ભાયડો છે—આટલા બધા દરિયે ગયા પણ એને ઓરડી બ્હાર નીકળવાનું મન નથી થતું." ઘરડાં કાવેરીબેન પાછાં બોલ્યાં. એક કલાક થયો અને દરિયે ગયેલા બધાજ આવ્યા. સોનલનો પત્તો કોઇ જ આપતું નહોતું—અમૃતવાડીના આબાલવૃદ્ધ બિચારી સોનલ પર હાય નાંખી—પોતાના નિત્યકર્મમાં પાછા પ્રવૃત થયા. એક મેનાની આંખનાં આંસુ સુકાતાં નહોતાં—પોતાની ઓરડીના ખૂણામાં બેસીને તે સગી મા જણી બેન મરી ગઇ હોય તેમ રડતી હતી.

"હું જ મુરખ—ભાભીને મેં મારી ઓરડીમાં સૂવાડયાં હોત તો ?" તેણે પોતાની જાત અને બેવકૂફાઇને ભાંડવા માંડી.

મનોરદાસે દરિયા પર અનેક માણસોથી તપાસ કરી. કોઇને ખબર નહોતી. સવારની ભરતી ઓસરવા માંડી હતી. મનોરદાસ દરિયા પર પોક

મૂકીને રોયો–તેણે તારથી નાગરદાસને સોનલના માઠા સમાચારની ખબર આપી. તેનું સાચવ્યું આજે ધૂળમાં મળ્યું–સોનલ પરણી શું ? સંસાર શું કર્યો ? અને સાગર સ્નાન શું કર્યું–ઉતાવળાં અવિચારી લગ્નનાં માઠાં પરિણામ પણ આવાં ઉતાવળાં અને આવાં વિકટ–ભયંકર આવતાં હશે !!

"હું પણ દરિયામાં ઝૂકાવી દઉં તો" મનોરદાસ ઊઠયો–દરિયા તરફ બે ડગલાં આગળ વધ્યો.

તેની વિવેકબુદ્ધિએ તેને રોકી પાડયો. જગતમાં બધાંએ ઉતાવળાં ન થવું જોઈએ–નાગરદાસની સ્થિતિ શું થશે–તેનાં આંસુ કોણ લૂછશે ?!

પ્રકરણ ૩૨ મું

સાગર સ્નાન

શિવનંદને મનોરદાસને કહ્યું તેમ સોનલ ખરેખર દરિયે જ ગઈ હતી. મેનાને ઓરડીએ વળાવી સોનલે ઉંઘવાનો પ્રયત્ન કર્યો, પણ તેને ઉંઘ શાની આવે. માઠા વિચારોએ તેના મગજને અશાંત બનાવ્યું હતું. વંટોળીઓ આવે અને દરિયો હાલી ઉઠે તેમ સોનલનું મગજ–આખું શરીર યંત્ર–આજે હાલી ઉઠયું હતું. તેના દીલમાંથી અવાજ ઉઠયો હતો–"લગ્ન બંધનમાં તે ઠગાઈ હતી."

× × × ×

"તેને કોણે ઠગી ?" એ પ્રશ્ન સોનલના હૃદયે સોનલને પૂછયો !! પ્રભાકરે ? શું પ્રભાકરે તને ઠગી. તે પોતાના લગ્નનો પૂર્વ ઇતિહાસ તપાસવા બેઠી. કાર્તિકી પૂર્ણિમા પાછી તેને યાદ આવી. જ્યારે તે ગરબે ચઢી હતી ત્યારે પ્રભાકરની પ્રેમભરી આંખો તેના સામે ઠરી નહોતી રહેતી ! અને એ નયનોમાં જીવનભરનું આમંત્રણ આકર્ષણ–નહોતું. એજ પ્રેમદૃષ્ટિએ તેને અશાન્ત બનાવી હતી અને તેને જ કારણે તે રાતના અગિયાર વાગે શાન્તિ શોધવા પોતાના નાના ઉદ્યાનમાં ગઈ હતી–અને

ત્યાં પણ પ્રભાકર નહોતો આવ્યો ? પ્રભાકર મને ચહાતો નહોતો–મારો પ્રેમી નહોતો–તો એકાન્તમાં મારી પાસે શા માટે આવે ? અને તેણે પ્રેમના શબ્દો નહોતા કહ્યા ? પ્રભાકર તો મારી પાસે આવી બેસી ગયો હતો-કેટલો બધો નજીક આવીને–લપાઇને બેઠો હતો ! ! તે શું પ્રેમ વિના ? પ્રભાકરે આમ દષ્ટોદષ્ટથી–સાન્નિધ્યથી–સ્પર્શથી મારામાં પ્રેમ જાગૃત ન કર્યો હોત–પ્રેમનાં પ્રથમાંકુરોને પલ્લવિત ન કર્યાં હોત તો હું તેને માટે ગાંડી ન બનત ! !

"હું તેને માટે ગાંડી ન બનત"–હા ! ! પણ તેના મનમાં એક તદ્દન નવો વિચાર આવ્યો. ગાંડું કોણ બન્યું ! હું બની. મેં માની લીધું કે, પ્રભાકર મને ચાહાય છે–મેં માની લીધું કે હું પ્રભાકર વિના બીજા સાથે પરણી નહીં શકું. મારે જો સુખી થવું હોય–જો મારી યુવાવસ્થા–મારૂં આખું જીવન–ચેન, આરામ અને સુખમાં ગાળવું હોય તો મને પ્રભાકર વિના નહીં ચાલે–હું પ્રભાકરની ગાંડી બની. પ્રભાકર તો ડાહ્યો હતો–તેને ન્યાતમાંથી મારા સરખી ભણેલી સ્ત્રી પત્ની તરીકે મળતી હતી–પૈસાપાત્ર સસરા મળતા હતા. સસરાના ધીકતા ધંધા ભેળો ધંધો મળતો હતો–તેને સંસારમાં સુખી થવા માટે અવશ્ય તે બધું મળતું હતું–તે મારો પ્રેમી બન્યો–તે ડાહ્યો થઇને–અને હું–હું તેની પ્રેમી બની તે ગાંડી થઇને ! ! પ્રેમ જો કાયમનો ચાલવાનો–નિભાવાનો હોય તો અવિચારી ગાંડો તો નજ હોવો જોઇએ.

પ્રેમ એટલે પુરુષનો અને સ્ત્રીનો જીવનભરનો માત્ર સંગ નહીં–માત્ર સૌંદર્ય ભૂખ–દેહભૂખ–માનસિક ભૂખની તૃપ્તિ જ નહીં. પ્રેમ એ માત્ર પ્રેમાવેશના ચાર દિવસનું ચાંદરણું નહીં. પ્રેમમાં પાત્રતા પણ જોઇએ. પાત્રતા વિના જીવનભરનો પ્રેમ ટકી નહીં શકે–નિભાવી નહીં શકાય. પ્રથમ પ્રેમની ચીનગારી માત્ર કોઇપણ કુમારિકાને બીજાની પત્ની બનવા માટે, બસ નથી. પ્રેમી ગુણવાન હોવો જોઇએ. સમસ્વભાવનો હોવો જોઇએ– શાન્ત, ગંભીર સમસંસ્કારી હોવો જોઇએ–જેથી સ્વભાવ અને સંસ્કારની સુંદર આદર્શ જોડલી બને ! ! પણ પ્રભાકર સારો ક્યાં નહોતો ! ! તે ભોળો હતો–રૂપાળો હતો–હોંશીઆર હતો. વિનયી હતો–અને વિદ્વાન પણ હતો. માબાપ તરફથી તેને ઉત્તમ શિક્ષણ

પણ મળ્યું હતું ! ! પ્રભાકરમાં બધાજ સદ્દગુણો હતા ? અને તે પ્રેમી પણ ક્યાં નહોતો ?

અને પાછો સોનલના હૃદયે પ્રશ્ન કર્યો ? “ હા પણ ક્યારે ? ” પ્રભાકર સદ્દગુણી-સારો-હતો પણ ક્યારે ? આ વિચારે સોનલનો શ્વાસ ઘડીભર થંભી ગયો-તેની ભૂલ તેને સમજાઈ. તેને હવે જ પ્રત્યક્ષ થયું કે, આ બધી પાત્રતા તો લગ્ન સમયે-સંસાર આરંભ સમયે જોઇએ. પ્રભાકર બાળક હતો ત્યારે સારો હતો. કોલેજમાં ભણતો હતો ત્યારે પણ સારો હતો. “ પણ જ્યારે તેને પરણવાની ઇચ્છા તારામાં જાગી ત્યારે પ્રભાકર કેવો હતો તેની તપાસ તેં કરી ?” હૃદયે સોનલને એક ગંભીર પ્રશ્ન કર્યો. ભૂતકાળ સારો હોય તેનો વર્તમાન સારો હોવાની શી ખાત્રી-તેં પિતાનું ગૃહ છોડયું-અને લગ્ન સંબંધ બાંધ્યો ત્યારે પ્રભાકર કેવો હતો ? કોલેજ છોડયા પછી અને લગ્નના દિવસ પહેલાં-પ્રભાકર પહેલાં જેવોજ-સારો સદ્દગુણી-વિનયી અને પ્રેમી હતો એની ખાત્રી કરી હતી ?

ઉત્તર આવ્યો, “ ના ! નહોતી કરી ! ! ”

પ્રેમના ઉદ્દગમ સમયની પાત્રતા લગ્ન વખતે ન હોય તો-એ પ્રેમને જતો કરવો જોઇએ-એ ખરૂં કે નહીં ? ?

“ હા ! ખરૂં ” “ ખરૂં કે ખોટું ?”

સોનલને બન્ને બાજુના ઉત્તરો મળવા માંડયા.

× × ×

પ્રભાકરે તને ઠગી કે તું અવિચારી બની લગ્નમાં ફસાઈ પડી ? ! આ પ્રશ્નના ઉત્તરમાં સોનલને પોતાની ભૂલ સમજાઈ.

પણ પ્રભાકર જો પ્રેમી હતો તો તેણે પોતાની સ્થિતિ-પોતાની ત્રુટીઓ-પોતાના અવગુણો બધાજ કહી દેવા જોઈતા હતા નહીં ? સોનલને કોઈએ આ પ્રશ્નનો ઉત્તર આપ્યો. “મૂર્ખ સોનલ જગતમાં આવી ચોખવટો કોણ કરે છે ? અને ચોખવટો માગે છે યે કોણ ? ? ત્યારે શું પ્રેમ આંધળીયું કે બીજું કાંઈ ? યુવાન યુવતિઓ લગ્ન સંબંધ બાંધે છે તે આંખ-કાન-મગજ બધું જ બંધ રાખીને ? ખરેખર એમજ થાય છે-અને આ આંધળીઆમાં સ્ત્રીઓજ-

યુવતિઓ જ બહુ ફસાય છે. વેગવાન ઉર્મિઓ–ઉછળતું હૃદય–દેહસુખની ઉગ્રભૂખ, સ્ત્રીનું ડહાપણ જ્યારે હરી લે છે ત્યારે ઘેલછાને આરે ઉભેલી યુવતિ ક્યાં ભૂસકો મારે છે, કોની બાથમાં પડી જાય છે–તે તેને સમજ નથી પડતી. આવો ભૂસ્કો માર્યા પછી નીર નિર્મળાં–સ્વચ્છ અગર ગંદા–મલીન એ માત્ર નશીબાધિન વાત–બની રહે છે. નિર્બળ–વ્યવહારૂ–યુવતિઓનો આત્મા ગમે તેવો ગંદવાડ અગર મલીનતા નીભાવી લે છે. પણ સાત્વિક, ઉર્મિપ્રધાન જીવન–પોતાના પ્રેમીમાં પોતાની હૃદય–પ્રતિમા, હૃદય–વિશુદ્ધતા વિના કદી સંતોષાતું નથી.અને તેમાંથી રોજ રોજ મુક્તિ માંગ્યા જ કરે છે–મુક્તિના માર્ગ શોધે છે.

સોનલને સમજાયું કે પોતે પોતાના અવિચારનોજ ભોગ બની હતી. પ્રભાકર પરનો તેનો રોષ ઉતરી ગયો પણ સાથે સાથે પ્રભાકર સાથે એક ક્ષણવાર પણ જીવન ગાળી ન શકાય એ વિચાર પણ દૃઢ થઈ ગયો. તેણે પ્રભાકરનો ત્યાગ કર્યે જ છૂટકો–જે વિટંબણાઓ નડે–જે ભોગ આપવો પડે–ભલે દેહ ત્યાગ પણ કરવો પડે પણ ગુણ વિષમતાનો સંસાર કરી રોજ રોજ હૃદયને રૂદન સ્નાન તો નજ કરાવાય–પરસ્ત્રી સંગથી, ભ્રષ્ટ પતિથી સ્પર્શસુખ સંબંધ કેમ થઈ શકે ? "નહિ થાય" પતિ હજારવાર ક્ષમા માગે તો યે શું થયું !! પારકો પોતાનો કેમ થઈ શકે–પારકાને પોતાનો માનીને કેમ ચલાવી લેવાય ? "નહિ ચલાવી લેવાય." સોનલના હૃદયે આખરી સંકલ્પ કરી લીધો.

× × × ×

ત્યારે ક્યાં જવું અને શું કરવું–એ વ્યવહારિક પ્રશ્ન તેની નજર સામે ખડો થયો. મુંબાઇમાં તેનું કોઈ સગું નહોતું. અને સગું હોય તો પણ તે જાય એમ નહોતું. અમદાવાદ જવાની તો તેની હૃદય પ્રતિજ્ઞા હતી. જગતનું એક સ્થળ એવું નહોતું કે જ્યાં તે હક સાથે જઇ શકે. સ્નેહી તરીકે નિવાસ કરી શકે–તે મેનાને ઓળખતી પણ મેના ક્યાં સ્વતંત્ર હતી અને વળી અમૃતલાલ ક્યાં તેના વડીલ હતા. એ ધણી ધણીઆણીના એકાન્ત સુખમાં આડખીલી થવાનો તેને શો હક્ક હતો !! આખી દુનિયા પડી છે પણ પોતાને સારૂં એક સ્થાન હોય એમ સોનલને નહિ લાગ્યું.

પુરુષોએ દુનિયા પોતાને માટે જ ઉઘાડી રાખી છે ને!! સ્ત્રીઓ માટે ઘરની ચાર દિવાલો બ્હાર કયું સ્થાન છે—જેનું કોઇ નથી હોતું તેનો પરમેશ્વર તો હોય છે જ ને!! પણ પરમેશ્વર પર પણ આધાર રાખી તે ક્યાં જાય!! જગતમાં રખડવા નીકળે અને રખડતાં રવડતાં કોઈ સારૂં સ્થળ જ્યાં મનને વિરામ મળે એવું—મળે તોજ રહેવાય. પણ જુવાન, રૂપાળી સ્ત્રીને આમ રખડવું કેમ ફાવે!! ક્યાંયે ફસાઇ પડાય તો. તે પોતાને સાસરે અનંતરાય માસ્તરને ત્યાં જઇ શકે પણ તેનો પત્તો નહોતો. અને ત્યાં જઇને પણ પ્રભાકરને ભાળ મળે અને તે પણ ત્યાં આવે. અને તે પોતાની સાથે રહે—આવો સાથ વેઠવો પડે—સોનલને કાંઇ માર્ગ ન જડયો. દુઃખીનો વિસામો મોત!! દરિયે જાઉં અને દરિયો વ્હાલો કરૂં. જીવનભરનાં રૂંધણ કરતાં દશ મિનિટનું રૂંધણ શું ખોટું!!

તે ઊઠી અને ઓરડીની બ્હાર નીકળી—પાછી પેઠી—પેલા ચેકોનું હવે શું કામ છે!! તે કોને સારૂ રાખવા—પ્રભાકર સારૂ! મારા પિતાની પુંજી પર તેનો શો હક. મારે માટે આપેલા ચેકો મારે બીજા માટે વાપરવા રાખી મૂકવા શા માટે!! બીજા માટે—ના બીજા કોઇ માટે નહીં!! હવે પ્રભાકર ક્યાં સોનલનો હતો—એતો પરાયો બન્યો હતો. તેણે ચેક—બુક કાઢી—ફડાફડ ફાડી નાંખી અને બારીની બ્હાર નાંખી દીધી. અને વળી બારણા બ્હાર નીકળી.

શિવનંદને મોટું બગાસું ખાધું. "જય રામજી કી" સોનલ ગભરાઈ. શિવનંદનની ચોકી વટાવવી મુશીબત હતી. એમને એમ સવારના લગભગ પાંચ વાગે ચાલની બહાર જવું—જરૂર શિવનંદન તેને ટોકયા વિના નહિ રહે. તે પાછી ઓરડીએ ગઇ અને બે લૂગડાં ટુવાલમાં બાંધી લીધાં. હળવેથી બારણું દઈ આસપાસ નજર કરી—કોઇ ઉઠયું નહોતું—બહાર પ્રભાત આંખ મીચાંમણાં કરતું હતું—અંધારામાં પણ થોડો થોડો આભાસ હતો. આખી ચાલ શાન્ત નિરવ હતી. ચાલમાં સૂતેલા કેટલાક મરદોની સવારની મીઠી ઊંઘનાં જાગૃત નસ્કોરાં સંભળાતાં હતાં. તે દાદરે પહોંચી. અને હવામાં અદ્ધર ચાલતી હોય એવે હળવે પગે તે દાદર ઉતરી. ચાલના દરવાજા પાસે આવી, "કૌન હૈ?" શિવનંદને તેને ટોકી.

"એ તો હું છું શિવનંદન!!" સોનલે કહ્યું.

"અબ કીધર જાતી હૈ બેટી ?"

"દરિયે નહાવા જાઉં છું—આજે તારા સ્નાન કરવાનું છે."

"એકલી જાતી હૈ?"

"ના !" અને સોનલ જૂઠું બોલી. "એ બહાર મારી રાહ જૂએ છે."

"અચ્છા—બીના સોબત મત જાઓ—" શિવનંદન બોલ્યો.

સોનલ દરવાજા બ્હાર નીકળી. તેની સ્થિતિ સ્વપ્ન-વિચરતા જેવી હતી. સ્વપ્નમાં માણસો જાગૃત સરખુંજ કામ કરે છે અને છતાં તેને તેનું ભાન રહેતું નથી—આવી સ્થિતિ સોનલની હતી—તે આસપાસની દુનિયાથી પર—સ્વપ્નમાં હોય તેમ—સીધી ચોપાટીના દરિયા પર આવી પહોંચી. તેણે દરિયાનાં મોજાં તરફ ધસવા માંડયું. દરિયામાં ભરતી ચઢતી હતી. પાણીની લગોલગ એક મોટા પથ્થર સાથે સોનલનો પગ અથડાયો અને તે સાવધ બની—જાગૃત થઈ.

જ્યારે મોત સન્મુખ—પ્રત્યક્ષ છતાં મનુષ્યનો નિશ્ચય એ ભયંકર અંતિમતા ઉપર સામ્રાજ્ય ભોગવી શકે ત્યારેજ માણસ આત્મઘાત કરી શકે છે. મોત પ્રત્યક્ષ છતાં તેને વિચાર કરવાની એક ક્ષણ પણ મળવી નહિ જોઇએ-વિચારની આડ મનુષ્યને આત્મઘાતી થતો અટકાવે છે. સોનલને ઠેસ ન વાગી હોત તો તે ક્યારની બૂડામણાં પાણીમાં પેસી ગઈ હોત. ઠેસ વાગી અને તે અટકી. ફરમા ઉછળતા વિકાળ સાગરના સ્વરૂપમાં આજે તેણે મોતને પ્રત્યક્ષ જોયું. તે થંભી ગઇ. તેને અરેરાટી આવી.

સાગર તેને બોધ કરતો હતો. તે પોકારી પોકારીને કહેતો હતો "પાછી જા." મારૂં હૃદયપટ તારા કરતાં લાખ્ખો ઘણું મોટું છે અને છતાં ડોળાયેલું જ રહે છે. ભરતીઓટ મને પણ આવે છે. હૃદયમાં આવતા હોડા કદીએ બંધ રહેતા નથી. હું શાંતિ ચાહું છુ. મને અલગ એકલો રાખવામાં આવે તો હું શાંતિ વિના બીજુ પસંદ ન કરૂં—મારી ગહનતા—ગંભીરતા પ્રમાણે મને શાંતિનો હક છે. અને છતાં જગતના તત્વોના પડછાયા મારા હૃદયમાં પડયા જ કરે છે. મારા હૃદયને ઉછાળી મૂકે છે. મારામાં વિનાશક ભરતી પણ પ્રેરે છે. ઓટ પણ લાવે છે. મનુષ્યોના

વિચારોની જેમ મારા હૃદયમાંથી પણ તરંગોની પરંપરા એક ઉપર બીજી જન્મી-મને વ્યાકુળ કરી મૂકે છે અને છતાં હું માઝા નથી મૂકતો-મર્યાદા નથી છોડતો. હું ઘડીક આંખો મીચું છું. જરા નજર આગળથી આઘો આઘો વિચરૂં છું. તો જગત મારા મોં પર વિષ્ટા કરે છે. વિષ્ટા નાંખે છે-શાંતિથી તેને રોજને રોજ સાફ કર્યા જ કરૂં છું. મારા ગૃહમાં રહેતા અનેક મારા આશ્રમી જીવો રોજને રોજ મને ગંદો બનાવે છે. મારામાં રહ્યાં રહ્યાં કજીઆ કરે છે-એક બીજાને ખાય છે પણ ખરાં-અને છતાં હું કોઈને "નિકળ" સરખો કહેતો નથી અને આ પારાવાર યુદ્ધ એક સામટું પતી જાય તે ખાતર સુકાતો પણ નથી-રત્નો. અને કાદવ મારામાં એકબીજાને વીંટળાતાં-એકબીજા સાથે રગદોળાતાં પડયાં છે. જગતનાં સુખદુ:ખ, ગુણ અવગુણ-માનવીમાં સાથ કરી વસે છે તેમ-અને છતાં હું જીવું છું અને પ્રકૃતિને આધીન રહી એ દુ:ખથી અલિપ્ત રહું છું. મારા શરીર પર-હૃદય પર હજારો માનવીઓ-જડ પદાર્થો વહાણો ફેરે છે. તેને ફરવા દઉં છું. જગતના મનુષ્યો મને લૂંટે છે. મારા પર આક્રમણ કરી મારાં રત્નો લઈ જાય છે. ઠગબાજીની જાળ બિછાવી મારાં બાળક સમાં-પોષેલાં-અનેક જીવોને બ્હાર કાઢે છે-તેમનો ભક્ષ કરે છે અને સર્વ હું ટગર ટગર જોયા કરૂં છું. મને આત્મઘાતનો વિચાર હોત તો કયારનોય હું સૂકાઈ ગયો હોત. પણ તેમ નથી કરતો કારણ પ્રભુનો આદેશ જીવનનો છે મોતનો નથી. પ્રભુનો આદેશ જીવન અને મોતનો પણ છે. પણ તે પ્રભુ ઇચ્છા પ્રમાણે-મારી નહીં. મને અને મનુષ્યને-આત્મઘાતની આજ્ઞા નથી. આત્મઘાત કરવો એટલે પ્રભુની આજ્ઞા તોડવી. હું મારી અનંત વિપત્તિઓ સાથે-કષ્ટો સાથે-મારા અંતરના સુખદુ:ખ અને વ્યથા ભોગવતો છતાંયે-ભરતી ઓટમાં રમ્યા જ કરૂં છું. આત્મઘાત નથી કરતો. તું આત્મઘાત કરવા આવી છે? નાદાન યુવતિ પાછી જા.

સાગરની એક મોટી છોળ આવી. આ છોળે સોનલને થોડી પાછી હડસેલી-સાગર સોનલને કહેતો હતો, "પાછી જા."

જાણે આત્મઘાત જોવાને તૈયાર ન હોય તેમ—આકાશમાંના તારા સોનલ સામે હસતા વિલાતા અસ્ત પામતા હતા. સવારનો શિતળ પવન-

બે ખભા પકડી તેને આત્મઘાતથી પાછી વારતો હતો. જાણે ભોળી મેનાના બે મીઠા કુમળા હાથ તેને સમજાવી પાછી વાળતા ન હોય."

× × ×

પણ મનુષ્યમાં રહેલો નિશ્ચય પીછેહઠમાં માનતો નથી. પીછેહઠ કરવાની ના પાડે છે. હઠીલા નિશ્ચયને પાછો દૂર કરતાં શરમ લાગે છે. સોનલે હઠથી અમદાવાદ છોડયું અને મરણાંત અમદાવાદ ન જવાનો નિશ્ચય કરી લીધો. ગમે તે થાય તો પણ અમદાવાદમાં પગ તો નહીં જ મૂકાય. જે વિચાર ફેરવાય તેને નિશ્ચય કેમ કહેવાય?

સાગર તેને આત્મઘાતની ના પાડતો હતો—કે-એ "ના" માત્ર પોતાના નિર્બળ હૃદયનો પ્રતિ શબ્દજ હતો. સોનલ વિચાર કરતી હતી. "સાગર તો સૃષ્ટિથી-અનેક સૃષ્ટિથી વીંટળાયલો છે. અને હું તો એકલી છું. સાગરમાં તો સુખદુઃખ સહન કરવાની શક્તિ છે-મારામાં તે નથી. સાગર તો પુરુષ છે-ગહન છે-શક્તિમાન છે-હું અનાથ અબળા છું-સાગર સુખદુઃખ સહન કરે છે પોતાની ગંભીરતાને કારણે-વિશાળતાને કારણે-સાગરને તો સૃષ્ટિએ સ્વિકારેલી મહત્તા છે. હું-સોનલ-મારા જગતમાં મેં જીવનબળ માનેલું-તેયે હવે નથી. સાગરનું હૃદય તો ભરેલું છલકાતું છે. મારૂં હૃદય—મારૂં હૃદય તો ખાલી છે. તે ભાવહીન-રસહીન-જીવનહીન બન્યું છે. સાગરનું સામર્થ્ય જેવું ને તેવું-હજારો વર્ષો પહેલાં સરખું જ--આજે છે. સાગરની પરિસ્થિતિ તો પલ્ટાઇ નથી. હું સર્વસ્વ ગુમાવી બેઠી છું. મને આત્મઘાત વિરૂદ્ધનો ઉપદેશ કરવાનો-મારો ગુરુ થવાનો સાગરને શો હક છે—નથી, પ્રભુની ઇચ્છા છે કે"-સોનલના ઉછળતા વિચારો તેનો હૃદયદૂર્ગ ઘેરી તેને ઘેલછાને માર્ગે દોરી જતા હતા. ચઢતી ભરતીનું યે તેને ભાન નહોતું. સાગરનાં મોજાં તેની પાનીને-પછી ઘૂંટણને પલાળી રહ્યાં હતાં, પણ સોનલને તેનો ખ્યાલ નહોતો-દરેક પળે તેનો આત્મઘાતનો નિશ્ચય વધારે ને વધારે દૃઢ થતો હતો. શું કુદરતે સોનલનો નિશ્ચય ઝીલ્યો? એક મોટું ઘોડાપૂરનું મોજું સોનલના વક્ષસ્થળ પર અથડાયું. "ધબાક" સરખો અવાજ થયો અને સોનલ કીનારા પર પથ્થર પર ચટીપાટ પડી ગઈ. સાગર ફીણની અનેક જીવ્હાઓ તેના પર ફરી વળી. સોનલ અદ્રશ્ય થઇ ગઇ.

પ્રકરણ ૩૩ મું

પ્રેમમંદિરમાં

સવારે આઠ વાગે જ્યારે સોનલ ભાનમાં આવી ત્યારે તે એક બંગલામાં હતી. એક જુવાન પાટલુનના ગજવામાં હાથ નાંખી તેની સામે દુઃખની નજરે–ગમીની–નજરે જોયા કરતો હતો. કાનમાં રબરની ભૂંગળી ઘાલી એક ડૉકટર પથારી પાસેની ખુરસીમાં બેઠો હતો. માથા પાછળ એક આધેડ વયનાં બેન ઉભાં હતાં. જરા છેટે બે નોકરો ધોળાં સ્વચ્છ કપડાં પહેરી હુકમ ઉઠાવવા પુતળા જેવા ઉભા હતા. ઓરડો શાંત હતો. ઓરડાનું ફરનીચર શ્રીમંતાઈની સાક્ષી પૂરતું હતું.

સોનલે આંખ ઉઘાડી અને ડૉકટરે પૂછયુંઃ

"કેમ લાગે છે?"

"ઠીક છે." અને સોનલે ઓરડામાં આસપાસ જોવા માંડયું.

"અજાયબ ન થશો!! તમે સારા થઇ જાઓ પછી બધી વાત કરશું–પણ તમે સલામત છો. ચોવીસ કલાકમાં આરામ થઈ જશે." ડૉકટરે આશ્વાસન આપતાં કહ્યું.

તેણે સોનલને થોડો મોસંબીનો રસ પાયો. સોનલે પાછી આંખો મીંચી દીધી.

"મેં કહ્યું હતું કેની મહેશભાઇ કે અડધા કલાકમાં એ જાગૃત થયા વિના નહીં રહે! હવે કાંઇ ફીકર રાખવાની નથી. જનરલ કંડીશન ઘણી સારી છે. આવતી કાલે તો પથારીમાં બાઈ બેસતાં થઇ જશે. માથાનો ઘા જરા ઉંડો છે–પણ તે પણ આઠેક દિવસમાં આરામ થઇ જશે." ડૉકટરે કહ્યું. તે ઉભો થયો અને હાથ લંબાવતાં રજા માંગી.

"ત્યારે હું જઇ શકું છું–ગૂડ મોરનીંગ" ડૉકટરે મહેશભાઇ સાથે શેકહેન્ડ કરતાં કહ્યું. ઉંમરા પરથી તે પાછો ફર્યો. "સાંજે મારી જરુર નથી–હું નહીં આવું."

"નહીં! નહીં! જરૂર આવી જજો."

"ઓલરાઈટ." ડૉક્ટરે કહ્યું અને મોટરમાં બેઠો.

જે બંગલામાં સોનલ સૂતી હતી તે મહેશનો બંગલો હતો. મહેશને રોજ સવારે ચાર વાગે ઉઠીને દરિયા પર ફરવા જવાની ટેવ હતી. તેનો બંગલો દરિયાને કિનારે જ હતો. બંગલાની પછીતે દરિયાની છોળો વાગતી. અને પાછલી અગાશી પરથી તો દૂર દૂર સાગરના વિશાળ પટ પરથી આકાશપાતાળ ભેગી કરતી ક્ષિતિજના રંગો અનાવરોધ જોઈ શકાતા. મહેશ કંઈ કેટલીયે વાર આ અગાશીમાં એકલો ક્ષિતિજની અનંતતાનો અર્થ સમજવા પ્રયત્ન કરતો હોય તેમ કલાકો સુધી બેસતો. અને ઘણીએ વાર ઉંડા ઘેરા નિઃશ્વાસથી વાતાવરણને ગંભીર કરતો. ક્ષિતીજને જોતાં થાકતોયે નહીં. તેની પ્રકૃત્તિ તેના માણસોને સમજ નહોતી પડતી. ખૂબ દયાળુ, અત્યંત ઉદાર-વિવેકી અને વિનયશીલ. મહેશ દુનિયાથી અલગ રહેવા ચાહતો, નોકરો સાથે ખપ પૂરતું પણ મીઠું બોલતો-હુકમ કરવાનો હોય ત્યાં વિનંતિ કરતો. તેના નોકરો તેનાં બાળકો હતાં અને નોકરોને મહેશ શેઠ નહીં પણ વડીલ બંધુ હતો.

સોનલ જે પ્રભાતે પોતાની ઓરડી છોડી દરિયે આવી ત્યારે કિનારાની રેતીમાં મહેશ લટાર મારતો હતો. અલગતા સેવતો મહેશ બનતાં સુધી માણસથી રોજ બ રોજ થોડો છેટે ફરતો. સોનલ આવી અને ઉભી રહી તે તેને ખબર હતી. પ્રભાતની આછી ઝાંખી ઉજાશમાં સોનલનો કાળો આકાર તેની નજર પર આવેલો ખરો-ઘણાએ માણસો આમ વહેલી પ્રભાતે આવતાં જોયેલાં એટલે મહેશને આ કાળા આકાર માટે નવીનતા ન લાગી. કોઈ આવ્યું હશે. માછી હશે. કોઈ સ્નાન માટે આવ્યું હશે-પુરુષ કે સ્ત્રી એ ઓળખવા પૂરતાં અજવાળાં થયાં નહોતાં અને મહેશે ફરવાનું ચાલુ રાખ્યું. કાળી આકૃતિ પાણીની કિનાર પાસે તેણે થંભી ગયેલી જોઇ. કોઇ દરિયાની પૂજા કરતું હશે એમ તેને લાગ્યું. તે લાંબે જઈને પાછો નજીક આવ્યો અને "ધબાક" લઇને ધબકારાનો અવાજ થયો અને તેણે એ આકૃતિને પડતાં છોળથી વીંટળાતાં, અદ્રશ્ય થતાં-જોઈ. એક નાની ચીસ પણ સંભળાઇ-ચીસમાં સ્ત્રી અવાજની મૃદુતા

હતી. અને મહેશ છલંગ મારીને ચીસને સ્થળે દોડયો. સોનલને ઉથલાવી પાડનાર મોજું ઓસરી ગયું હતું પણ ભરતીનો સમય હતો. બીજું પ્રબળ મોજું પાછું આવે અને સોનલ અને મહેશ બન્નેને જોડે ઉથલાવે ત્યાર પહેલાં સોનલને ઊંચે ખસેડવાની જરૂર હતી. કછોટો મારી મહેશે સોનલને હાથમાં ઊંચકી અને ઊંચે રેતીમાં સૂવાડી. તેનું ધોતીયું લોહીવાળું થયું હતું. પથ્થર સાથે પછાડ ખાતાં સોનલના માથામાં ઘા પડયો હતો, અને તેમાંથી લોહી ટપકતું હતું. તેણે પોતાના ખિસ્સામાંનો રેશમી રૂમાલ કાઢી એક ક્ષણમાં સોનલને માથે પાટો બાંધ્યો. અને સોનલને ઘડીભર ત્યાંજ રાખી બંગલેથી નોકરોને બોલાવવા દોડયો. બીજીજ પળે તો તે પાછો સોનલની નજીક જઇને ઉભો.

કોણ હશે ! આવી કોમળ, રૂપવતી, જુવાન સ્ત્રી-જેનો સ્પર્શ મહેશને વ્યાકુળ કરી શકયો. બગલમાં બે લુગડાં હજુ દાબેલાંજ હતાં. કોઇ બિચારી દરિયે ન્હાવા આવી લાગે છે. સ્ત્રીઓએ આટલાં વહેલાં સાગર સ્નાન માટે નહીં આવવું જોઇએ. એકલા તો કદીજ નહીં. મહેશ આમ વિચાર કરતો હતો એટલામાં તો બન્ને નોકરો આવી પહોંચ્યા. મહેશનાં માશીબા પણ આવ્યાં. ચારે જણાએ સોનલને ઊંચકી અને બંગલામાં લાવીને સૂવાડી. સવારનાં આછાં નિતરતાં અજવાળાંમાં સોનલનું મૂખ વધારે સ્પષ્ટ થવા માંડયું-સુંદર, નિર્મળ ખાનદાન ચહેરો-એ કોણ હશે ?!

"ચહેરો આટલો બધો પરિચિત લાગે છે" મહેશ મનમાં બોલ્યો, પણ બીજીજ પળે તે વિરામ્યો-"એ તો કોઇ મનકલ્પ્યો આભાસ." અને છતાં અંતરનું કોઇ અદ્રશ્ય ખેંચાણ તેને વારે વારે સોનલના મૂખ દર્શનની પ્રેરણા કરતું હતું-તે સોનલનું મૂખ જોતાં ધરાતો નહોતો— "આટલો પરિચિત ચહેરો."

માશીબા કામે વળગી ગયાં. સોનલને ગરમાવાની જરૂર હતી. થોડું રાઇનું પ્લાસ્ટર છાતી પર માર્યું હોય તો ઠીક-કહી માશીબા રાંધણીમાં ગયાં. શોફર ડૉકટરને બોલાવવા ગયો. નોકરો સોનલની સરભરામાં કામે લાગ્યા. મહેશ સોનલની પથારી પાસે ખુરશી નાંખી જૂની યાદની કિતાબો ઉકેલી રહ્યો હતો. સ્મરણોની વિજળી તેના હૃદયાકાશમાં ઝબૂક આવી વિદાય લેતી હતી. મહેશ સ્ત્રીઓ સામે જોતો પણ નહીં. બનતાં સુધી જુવાન સ્ત્રીને

મળવા ના પાડતો–એજ મહેશનું દીલ આજે પ્રેમના પલકાર કેમ મારતું હતું ? એક અજાણી યુવતિની સુશ્રૂષામાં મહેશને આટલો નિમગ્ન જોઈ માશીબાને પણ વિસ્મય થયું. પણ મહેશ ઉદાર હતો—પરદુઃખભંજન હતો—ગરીબ–અનાથોનો–નિરાધારનો બેલી હતો. સોનલ બેશુદ્ધ પડી હતી. મહેશના તિવ્ર સેવાભાવમાં–મહેશની ખિન્નતામાં માશીબાને ઝાઝી અસ્વાભાવિકતા ન લાગી. મહેશે રૂમાલનો પાટો છોડયો–માથાનો ઘા લોશનથી ધોયો. તેના ઉપર લોહી બંધ કરવા માટે બેનઝોઇન કમ્પાઉન્ડ લગાડી પાટો નવેસર બાંધ્યો. દૂર મૂકેલો વિજળીનો પંખો સોનલના માથાની બે લટો જ્યારે ને ત્યારે આંખ–કપાલ અને મૂખ પર લાવતો હતો અને મહેશ તેને પાછી હળવી આંગળીએ સંકોરતો–અને એક વખત તો તેમ કરવામાં જ્યારે તેની આંગળીઓએ સોનલના ગાલનો મીઠો સ્પર્શ અનુભવ્યો ત્યારે તે પોતાની જાતને ઠપકો દેવા બેઠો–" સેવા એવી ન હોવી જોઇએ કે જેમાં અજાણ્યો સ્પર્શ, વિકાર ઉપજાવવાનું કારણ બને." પશ્ચાતાપ પત્યો નહોતો એટલામાં તો બહાર મોટર આવી અને ડૉકટર અંદર આવ્યો.

ડૉકટરે સોનલને તપાસી. માથામાં ઘા સિવાય બીજી મોટી ઇજા નહોતી. થોડા ઉઝરડા પડયા હતા, પણ તે નજીવા. સોનલ થોડું પાણી પી ગઇ હશે પણ તેની નાડ અને હાર્ટ સારાં હતાં. મગજને ધક્કો લાગવાથી તે બેભાન હતી પણ તે હવે હોંશીઆર થવી જોઇએ. બૅગમાંથી નાની ઍમોનીઆની શીશી કાઢી ડૉકટરે સોનલના નાક પાસે ધરી.

" If she has no other complications, she must respond to this. " તેણે મહેશ તરફ ફરીને કહ્યું.

સોનલે નાક આઘું લીધું અને પાસું બદલ્યું.

" That's it she is coming round cheer up Mr. Dalal,. Hope she is your wife." ડૉકટરે કહ્યું.

મહેશ જવાબ આપે ત્યાર પહેલાં તો સોનલે આંખો ઉઘાડી. " You are all right. That's good–cheer up. There is nothing wrong " ડૉકટર બોલ્યો.

સોનલે ડૉકટર સામે જોયું-મહેશ સામે જોયું-આખા ઓરડામાં નજર ફેરવી.

ડૉકટર ગયો અને માશીબાને સોનલની સુશ્રૂષા સોંપી મહેશ દરિયા-પરની અગાશીમાં ગયો. "Hope she is your wife" ડૉકટરના આ શબ્દોએ મહેશને વલોવી મૂકયો હતો. તેણે એક ક્ષણ ભર સોનલના મોં પર મીટ માંડી. દુનિયાને અજાણ અણુસંભળાયેલો એક શબ્દ તેનું હૃદય બોલ્યું-" એજ."

અગાશીની ખુરશી પર બેસી મહેશે અંદરના ખિસ્સામાં મૂકેલી ચાંદીની ડબ્બીમાંથી એક નાની સુંદર છબી કાઢી-તે છબીને જોઇજ રહ્યો. "એજ" છબી સોનલની હતી.

મહેશ સોનલને ચહાતો હતો. સોનલ પ્રભાકર સાથે પરણી. ત્યાર પહેલાં તેણે બે ચાર વખત સોનલને જૂદે જૂદે સ્થળે જોઇ હતી. સોનલનાં લાવણ્ય-વિનય અને લજ્જાએ તેને મુગ્ધ બનાવ્યો. સોનલ પોતાની ન્યાતની ખાનદાન કુટુંબની કૉલેજમાં ભણતી યુવતિ હતી. મહેશ આકર્ષાયો. તેણે સોનલ સાથે લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. ઝવેરદાસ તેના લગ્નની ભાંજગઢ કર્યાજ કરતા હતા પણ તે આંધળીયામાં નહોતા માનતા. દિકરો મોટો થાય ત્યારે તેની પસંદગીએજ તેને પરણાવવો એવો તેમનો નિશ્ચય હતો. ન્યાતની કેટલીક માંગણીઓનો મહેશે અસ્વિકાર કરેલો.

મહેશ પિતા સાથે એક ન્યાતના લગ્નમાં ગયેલો અને ત્યાં સોનલ વાતો કરતી ઉભી હતી.

"બાપુ આ આપણી ન્યાતની છોડી છે?" તેણે ઝવેરદાસને પૂછ્યું.

"હા! તેં નહિ ઓળખી? નાગરદાસની સોનલ. કૉલેજમાં ઈન્ટરમાં છે." ઝવેરદાસે કહ્યું. તે દિવસે તો વાત ત્યાં પતી ગઈ, પણ ઝવેરદાસ વ્યવહારૂ માણસ-બીજેજ દિવસે નાગરદાસને ત્યાં પહોંચ્યો.

"નાગરદાસ, ગરજે આવ્યો છું." તેણે સોનલના પિતાને કહ્યું. "ત્યારે તો મારે ભારેખમ થવું પડશે." નાગરદાસ હસતાં હસતાં બોલ્યો. બન્ને મિત્રો સામસામે બેઠા. અને નાગરદાસે સોનલની મહેશ માટે માંગણી કરી.

" ઘણી ખુશીની સાથે. "

ઝવેરદાસે સોનલની છબી માંગી લીધી. અને બીજે દિવસે સાંજે તો એ છબી મહેશને મળી ગઇ.

" લે ભાઇ આ સોનલની છબી-મને તો પસંદ છે—છોડી રૂપાળી છે, વિવેકી, નમ્ર સ્વભાવની અને ભણેલીયે છે-અને બહુ સારી છે-પણ તને પસંદ પડે ત્યારે—પસંદ પડે તો કહેજે કે વાત આગળ વધારીએ. "

બે દિવસ પછી મહેશે સોનલ સાથે વિવાહ કરવાની ઇચ્છા બતાવી. નાગરદાસે સોનલને પૂછયું-સોનલે ના ન પાડી. અને વિવાહ થયો. મહા મહિનામાં બન્નેનાં લગ્ન ઠર્યાં. લગ્નને આઠ દિવસ બાકી હતા અને મહેશ મુંબાઈથી અમદાવાદ ગયો-સાથે સુંદર કપડાં, નવી ફેશનના દાગીના અને બીજાં કેટલાંયે સુંદર પ્રેઝન્ટસ પણ લઈ ગયો, મિત્રોને લગ્નમાં આવવા દબાણ ખૂબ કર્યું. સોનલ જેવી નિર્મળ-પવિત્ર પત્ની એ મહેશને મન ગર્વનું કારણ હતું-મનથી તો તેણે સોનલથી લગ્ન કર્યાંજ હતાં-સાંસારિક રીતે તે આઠ દિવસ પછી પરણવાનોજ હતો. દિવસ જતો અને મહેશનો આનંદ વધતો. મીઠે પ્રભાતે અને શિતળ રાતે એકાન્તમાં-તેણે અનેરા જીવન સુખની આશાઓ બાંધી-ઉત્તમ જીવન સાથી-નિર્મળ પ્રેમ જીવન--મૂંગી જગત સેવા-સાદી જીંદગી—આવી ઉચ્ચ આદર્શમય અભિલાષાઓ અને ભાવનાઓથી તે રોજને રોજ પ્રેમ ભીનો-થતો હતો.

સોનલે પિતાગૃહ ત્યાગ કર્યાના સમાચારે મહેશના સ્વપ્ન મહેલના કળશો ભોંયે પાડી દીધા. તેને આ સમાચારોથી સખ્ત આઘાત થયો-હતાશ-અને માર્યો માર્યો બનેલો મહેશ-થોડો સમય ભાનવિહીન બન્યો-માંદો પડી ગયો. દુઃખની અસર તેના હૃદય પર થઇ. એક દિવસ તો ડૉકટરોની દોડાદોડ થઇ ગઈ અને મહેશ બચી ગયો-પણ તેના ઉદ્દાત્ત જીવન પર તેજ દિવસથી નિરાશા અને તેજહીનતાનો કાળો પડદો પડી ગયો હતો-આશાભંગની અસહ્ય વેદના-સાધુતામાં-પરિણમી. તે અબોલ-સાદો-મૂંગો બની ગયો. જગતથી અલગ થઇ ગયો. જીવન મોળામાં મોળું નિરસ કેમ ગાળી શકાય તેના વિચારો કરતો થઈ ગયો. જીવનભરના કૌમાર્યની તેણે પ્રતિજ્ઞા લીધી. તેને જગતમાં શૂન્યતાજ લાગવા માંડી. અને કેટલાક

કાળ સુધી ઝવેરદાસને તેની કાળજી રાખવી પડી. થોડો સમય વિત્યો અને તે ધંધે લાગ્યો. પણ ધંધામાં તેને રસ ન પડયો. જગત સાથેનો તમામ સંબંધ તેણે છોડી દીધો. વાલકેશ્વરના નાકા પર એક બંગલો તેણે ભાડે રાખ્યો અને ત્યાં તેણે પોતાનું એકાકી જીવન પૂરું કરવાનો નિશ્ચય કર્યો હતો. કોઇ કોઇ વાર ઝવેરદાસ મુંબાઇ આવી તેની સાથે રહેતા અને પછી તો મહેશના માશીબા જેણે મહેશને ઉછેરીને મોટો કરેલો તેને ઝવેરદાસે મુંબાઈ રાખ્યાં, "કાળજી રાખજો. એનું કાળજું ફાટી ન જાય. અને માશીબા મહેશની એક સગી મા જેવી કાળજી પણ રાખતા.

આશાભંગ થયા પછી તેણે સોનલને આજે પ્રત્યક્ષ જોઈ. અગાશીમાં તેણે સોનલની છબી ચાંદીની પેટીમાંથી કાઢી અને આંસુએ નવરાવી. "એજ." એજ સોનલ. "એજ એજ પ્રતિમાની પ્રગટ દેવી" હૃદયે સોનલની છબી રાખી, તે ચોધાર આંસુએ રોયો. સોનલ આ સ્થળે આવી દશામાં—ખરેખર એને કેટલું દુઃખ પડયું હશે, એ ચાર વાગે ઉઠીને દરિયે સ્નાન કરવા આવે એ કેમ મનાય?! ત્યારે શું એ આત્મઘાત માટે આવેલી-એમજ હશે!! તેણે પ્રભાકરને સોનલની ગરીબી ટાળવા માટે તો નોકર રાખ્યો હતો. અને પ્રભાકરને જીવનભર પાળત. પણ તેના ભાગીદારોએ પ્રભાકરને કાઢી મૂકયો હતો. સોનલ દુઃખી હતી એવા સમાચાર તેને વારંવાર અમૃતલાલ તરફથી મળતા. પણ તે શું કરી શકે? સોનલને બીજી શી રીતે મદદ કરી શકાય? કાંઈ અજુગતું થાય તો પોતાને માટે દુનિયા શું ખ્યાલ કરે! અને પોતાને માટે કહે તેની ચિંતા નહીં પણ સોનલ માટે દુનિયા શું વિચાર બાંધે. સોનલ પરણીને દુઃખી હતી, પોતે પરણ્યા વિના દુઃખી હતો; પણ બન્નેનાં દુઃખ ભેગાં કર્યે સુખ મળે એમ રહ્યું કયાં હતું?

પણ વિધીએ આ શું ધાર્યું, મહેશને સ્વપ્ને પણ સોનલને મળવાની આશા નહોતી. સોનલને તે શારીરિક મદદ કરે--સોનલની સેવા કરવાની તેને તક મળે-સોનલ તેના બંગલામાં આવીને આરામ કરે—આ કેમ બન્યું? હૃદયસ્થ સોનલ પ્રત્યક્ષ દર્શન આપવા આંગણે પધારી એમાં શું રહસ્ય હશે?" સાગરને પ્રશ્ન કરતો હોય, તેમ તે બદ્ધદષ્ટિ ક્ષિતિજમાં પોતાનું ભાવિ જોઇ વાંચી રહ્યો હતો.

જોતાં જોતાં તેની આંખો થાકી ગઈ. મનુષ્યના પોતાના જ તર્ક વિતર્કો સિવાય ભાવીનો ઉત્તર બીજુ કોણ આપી શકે છે ?

બપોરે મહેશ જમવા બેઠો હતો ત્યારે આનંદમાં હતો. આનંદ મહેશને દરિયાપરની વસ્તુ હતી. આજે તેને આનંદમાં જોઈ માશીબાએ વાત છેડી.

"જગતમાં યે કેવું હોય છે–આપણા દિવાનખાનામાં પેલી મોટી છબી છે જાણે તેવી જ મોંછા છે."

"એવું ઘણીવાર બને છે માશીબા" મહેશે બેદરકારીથી જવાબ આપ્યો.

"જરા એ બાઇ હોંશીઆરીમાં આવે તો, નામ ઠામ તો પૂછી જોજે –આપણે તેને ઘેર પહોંચાડવાની તજવીજ કરીએ.

"પૂછી જોઇશ."

બપોરે કલાક ઓફિસમાં જઈ મહેશ આજે ખૂબ વહેલો પાછો આવ્યો.

સોનલ હોંશીઆર હતી. પથારીમાં બેઠી હતી. માશીબા તેને આશ્વાસન આપતાં હતાં. થોડી શિખામણ પણ દેતાં હતાં.

"ધરમ ખરો. પણ બેન આવડું વહેલું કાંઇ નહાવા અવાય. આ અમારે તો પાસે જ છે પણ દરિયે નહાવાનું કોઇવાર વાર તહેવારેજ–" માશીબાએ કહ્યું.

માશીબાના મનમાં એમજ કે, જુવાન છોડી દરિયે નહાવા આવી અને કિનારા પર પડી ગઇ.

"પણ બેન તારી સાથે કોઇ મરદ નહોતો."

"ના" સોનલે એકાક્ષરી ઉત્તર આપ્યો.

"મુંબાઇનાં બૈરાં બહુ બહાદુર–મરદની ગરજ નહીં–શાકભાજી હાથે લાવે, કાપડ પણ જાતે લેવા જાય–ભર બજારમાં હજાર મરદ વચ્ચેથી નીકળી જાય. અમારા અમદાવાદમાં ખરું પણ આવું મુંબાઈ જેવું નહીં"

માશીબા જરા અટક્યાં. પણ બેન બૈરાં કરે પણ શું–મરદ બિચારા સવારના આઠ વાગે લૂછ લૂછ ખાઇને ઓફિસ જાય તે રાતના આઠ વાગે

થાકીને લોથ થઈને આવે–એને જ બધું કરવું પડે કે'ની" સોનલે ધીમે સ્વરે કહ્યું.

"પણ બેન બજાર ઠીક—પણ આમ હરિયે આવવું સારૂં નહીં–હા દહાડો ઉગે–પછી સુખેથી આવો. પણ આમ પરોઢીએ અને મુંબાઇ એટલે નટખટનું ગામ. રસ્તે કોણ મળ્યું અને કોણ નહીં. લે તું આમ એકલી આવી તે મને ન ગમ્યું–એતો સારૂં થયું કે મહેશભાઈ ત્યાં ફરતો હતો. અને તને બચાવી, પણ નહીં તો શું થાત–બળી વાત મને તો જાણે હમણાં પણ ધ્રુજારી છુટે છે." માશીબા બોલતાં હતાં અને તેમને લાગ્યું કે સોનલ ઘણું બેઠી.

"ત્યારે તું સૂઇ જા, --દીકરા–હાડકાં દુઃખે–અને–અને ઘા તણાય, માશીબા બોલ્યાં.

"મને બેસવાનું સારૂં લાગે છે." સોનલે કહ્યું.

"સારૂં તો લાગેસ્તો" પણ બેસવું સારૂ નહીં."

માશીબાના આગ્રહને સોનલ માન આપે ત્યાર પહેલાં તો માશીબા ઊઠયાં અને સોનલને સૂવાડી દીધી.

"હા! એમ! સૂતાં સૂતાં વાત કર" તે તું અહીં મુંબાઇમાં કયાં રહે છે બેન.

સોનલ સમજી કે હવે પ્રશ્નોની પરંપરા થવાની. માશીબા ભોળાં હતાં અને સો પ્રશ્નો કરશે અને પોતાની વાત તેને કહેવાની નહોતી જ. તેણે સમયસૂચકતા વાપરી કહ્યું.

"માશીબા!! મારો ઘા સખત દુઃખવા માંડયો હોં"

"જો મેં નહોતું કહ્યું–તું વધારે બેસ નહીં–હવે તો આરામ લે–બહુ બોલે પણ ઘા દુઃખે" સૂઇ જા–લે હું મારે કામે વળગું છું. માથું ઢંકાય તેમ સોનલને ઓરાઢી માશીબા કામે વળગ્યાં.

× × ×

મહેશ આવ્યો અને માશીબાએ ચાહ કરી વાત ઉપાડી.

"પુછવા માંડયું હતું ભાઇ–પણ ઘા દુઃખી આવ્યો. એટલે મેં તો પાછી સૂવાડી દીધી. આવતી કાલે પૂછીશ, બે દિવસ રહેશે તો કાંઈ ઉતાવળ છે ?"

મહેશ વિચારમાં પડયો. તેણે આકાશમાં કોઇને જવાબ દેતો હોય તેમ માશીબાને કહ્યું "ના"

સોનલનો પતિ અગર બીજું કોઇ દરિયે તપાસ કરવા આવે તેને ખબર કરવી જ જોઇએ. અને એવી ખબર આપવા દરિયે એક માણુસ બેસાડી રાખવો સારો. એવો ખ્યાલ મહેશને આવ્યો.–પણ–" જીવનના બે દિવસ સોનલની સેવામાં જાય તે મહેશને મન સૂવર્ણના દિવસો હતા. ભલે સોનલ બે દિવસ વધારે રહે એ જાતે થઈને ઘેર જવાની ઇચ્છા દર્શાવશે જ કે'ની. ત્યાં સુધી—ત્યાં સુધી–ભલે એ અહીં રહે–અને–અને આ મકાન કયાં સોનલનું નહોતું" મહેશના મનમાં વિચાર આવ્યો.

"હું કયાં તેનો નથી. પોતાના ગૃહની–હૃદયની–સર્વસ્વ અધિષ્ઠાત્રી આમ અચાનક પ્રભુ સંકેતથી પોતાને ત્યાં આવે અને હું તેને તુરત આમ તુરત–પાછી મોકલી દેવાની તજવીજ કરૂં–મહેશે કાંઇપણુ ખબર આપવાનું માંડી વાળ્યું."

× × ×

સોનલ સૂતી હોય ત્યારે તે પાસે ખુરશી ઉપર બેસી રહેતો. કોઈ વાર તેને માથે હાથ પણ ફેરવતો—અને કોઇવાર લલાટ પરની વિખરાયેલી લટો પણ સમારતો" પણ સોનલ જાગતી હોય ત્યારે–બનતાં સુધી તે સામે બેસતો નહીં–પણ આમતેમ આંટા તો માર્યા જ કરતો. વિવેક બુદ્ધિ તેને પથારીથી અળગો રાખતી પણ આંખો તો બળવેજ ચઢી હતી. તે તો ક્ષણે ક્ષણે સોનલનું દર્શન સુખ લીધે જ કરતી હતી. બીજે દિવસે સોનલને ઘણું સારૂં હતું. મહેશને થયું કે સોનલ આજ પોતાને ઘેર જવાની વાત કાઢશે."

ઓફિસમાં જતાં મહેશને સાંભરી આવ્યું–" માશીબા આજે એ પોતાની મેળે જ પોતાને ઘેર જવાની ઇચ્છા બતાવશે. પણ એને જવા ન દેશો. હું આવું પછી મારી જાતે જ સંભાળીને મૂકી આવીશ."

"ભાઇ હું કાંઇ એવી ગાંડી છું કે તારા વિના એને મોકલી દઈશ–

આપણે એના ધણી અગર સગાં વહાલાંને અહીં બોલાવીશું અને તેની સાથે મોકલી દઇશું."

પ્રકરણ ૩૪મું

સોનલ પાછી જતી રહી

બપોરે સોનલની તબિયત સારી હતી. શું ધાર્યું હતું અને શું થઇ ગયું. તેના વિચારે તે ચઢી હતી. મોત આવેલું પાછું ગયું હતું. આત્મઘાતનો નિશ્ચય કરીને તે દરિયા કિનારે આવી, પણ સાગરે તેને ન સ્વિકારી. ઉલટું તે પતિથી–પિતાથી વેગળી એક અજાણ્યા સ્થળમાં આવી પડી હતી. અને અજાણ્યા માણસો તેની ખરા સેવા ભાવથી ચાકરી કરી રહ્યાં હતાં.

આ કોઈ મહેશભાઇનું મકાન હતું—અને તે વળી અમદાવાદના મહેશભાઇ, અમદાવાદમાં તો ઘણાએ મહેશભાઇ પડયા હશે.

પણ હવે તે ઉઠી શકે તેમ હતું. થોડું ફરી પણ શકતી, શું કરવું? એ વિચારો તેના મગજમાં આવ્યા કરતા હતા!! જેમ અમદાવાદ ન જવાય તેમ હવે પતિગૃહે પણ ન જવાય. તેને પિતાગૃહ છોડયું તે તો પતિગૃહ માટે–પણ તેણે પતિગૃહ છોડયું તે તો આખર માટે– ચાહય તો સાગરમાં સમાઇ જવા અગર તો સૃષ્ટિની સમિષ્ટિમાં મળી જવા. સાગરે તેને સ્વિકારવાની ના પાડી હતી. હવે માત્ર સમિષ્ટિમાં મળી જવાનો એક માર્ગ બાકી હતો. વિધી તેને જયાં ઘસડી લાવ્યું હતું. ત્યાંના નિવાસીઓ સજ્જન હતા. તેમની સજ્જનતાનો થોડો વધારે લાભ લીધો હોય–અને તેમની જ મદદથી કોઇ એકાન્ત ગુજરાતના કોઈ અજાણ્યા છેડા પર કાંઇ સેવા કરી શકાય એવું સ્થળ પ્રાપ્ત થઇ શકે એમ બને તો કેટલું સારૂં! દુઃખી માણસો માટે એકાન્ત જ સારૂં–કોઇના દેખ્યા વિના દુઃખ રડાય તો ખરૂં અને નહી રડાય તો અજાણ્યા—કોઇની આડ અડચણ વિના દુઃખી એકાકી જીવન સૃષ્ટિથી દૂર દૂર પુરૂં થઇ જાય–જંગલમાં લહેરાતા મધુરા પુષ્પની જેમ કુદરતને ખોળે–દુનિયાની કોઇ ગુફામાં–દુઃખને સુખમાં પલટાવતી કોઇ એકાકી હૃદયની ગુફતેગોમાં–

પણ આવી માંગણી કરવી એટલે–હું કોણ છું, કયાની છું, હું દરિયે શું કરવા આવી, મને શાનું દુઃખ છે, એ બધું કહેવું પડે અગર તો જગતને ખોટી ખરી અટકળો કરવા છુટું મૂકવું પડે. અને પછી તો જગતને મારે માટે ખરા ખોટા હજારો ખ્યાલ કરવાની તક મળે. આવી માંગણી નજ કરવી. ત્યારે શું કરવું? આ સ્થળનો પણ ત્યાગ કરી દુનિયાના ખોળામાં પડતું મૂકવું. રઝડતાં જ્યાં ફાવે ત્યાં બેસી પડવું. કુદરતે ધાર્યું હોય તો દરિયા કિનારાના પથ્થર પર અફળાઈ ઘા પડતાં પણ ત્યાંથી ઉચકી લાવી ભાઈ અગર બેન સરખી ચાકરી કરવા અજાણ્યા માણસો કયાં મળી આવતાં નથી!! એ કુદરત ઉપર ભરોસો કયાં ન રાખવો. ઘા તો મટી જશે બે દિવસ પછી, ચાર દિવસ પછી મટશે.

બીજે દહાડે માશીબા અને મહેશભાઈનો ઉપકાર માની સ્થળ ત્યાગ કરવાનો સોનલે નિશ્ચય કર્યો. નિશ્ચયે તેનામાં હિંમત પ્રેરી. તે દિવાનખાનામાં પેસતી હતી અને માશીબા આવ્યાં.

"મને બહુ સારૂં લાગ્યું–જરા જરા ફરતા થવું જોઇએ. અનાજ પચતું થાય–શક્તિ આવતી થાય. અને ગમે પણ ખરૂં—આ મહેશભાઈનું દિવાનખાનું?" સોનલને માશીબાએ કહ્યું.

"મારો હાથ ઝાલો, તમને બંગલો બતાવું" માશીબાએ સોનલનો હાથ ઝાલવા માંડયો.

"હું મારી મેળે ચાલી શકીશ. આજે મને ખૂબ ઠીક લાગે છે"

બન્ને જણાં બંગલો જોવા નીકળ્યાં. નીચેનો ભાગ જોયો. અને ધીમે ધીમે ઉપર ચઢયાં. ઉપરના વચલા ઓરડામાં પેસતાં સામેજ એક પુરૂષનું મોટું તૈલ ચિત્ર હતું. "આ કોણ" સોનલે પૂછયું.

"મહેશભાઈના પિતા–ઝવેરદાસ."

"ઝવેરદાસ?" જાણે નામથી પરીચિત હોય તેમ સોનલે આશ્ચર્યનો ઉદ્‌ગાર કાઢયો.

ઝવેરદાસને માથે અમદાવાદી પાઘડી હતી. મોટો સોનેરી તોરો છબીમાં વધારે સુંદર દેખાતો હતો. ગળે એકવીંટ વીંટાળેલો દોપટો પગના

ગૂંઠણ સુધી લાંબો લટકતો હતો. સોનલને ચિત્ર માંહેનો માણસ આથે આથેના પરિચયમાં લાગ્યો. પ્રશ્નોત્તર મૂકી બન્ને જણાં મહેશભાઈના શયન-ગૃહમાં ગયાં. ત્યાં મહેશભાઇને સુવાનો પલંગ હતો. પાસે દીવો મૂકવાની ત્રીપાય હતી. અને તેના ઉપર સુંદર વીજળીનો જાપાની પુષ્પ ચિત્રીત દીવો હતો. ઓરડો બીજી રીતે ઘણો સાદો પણ સ્વચ્છ અને હવાશીર રહેતો. પથારીની બરાબર સામે એક મોટું ચિત્રનું ફ્રેમ ભીંત પર લટકતું હતું—અને તેના પર મખમલનો પડદો બે ફડકમાં નીચેના ટેબલ સુધી લાંબો લટકતો હતો. ટેબલ પર બે ધૂપસળીનાં વૃક્ષ હતાં જેમાં બારબાર ધૂપસળીઓ સામટી ચેતાવી શકાય એમ હતું. બપોરે પણ ત્યાં ધૂપસળીઓ ચેતતીજ હતી. નજીકમાં કેટલાંક ચાંદીનાં પાત્રો પડયાં હતાં.

"મહેશભાઈના ગુરુની છબી હશે ?" સોનલે આશ્ચર્યનો પ્રશ્ન કર્યો.

"અરે નારે બેન ! મહેશભાઇને ગુરુ કેવા !" માશીબા એક ક્ષણ અટકયાં—અને ચિત્ર તરફ ગયાં. "પણ બેન એ ગુરુ જ કહેવાય—એમ માનોને—એણેજ મારા મહેશભાઇને સાધુ બનાવી દીધો છે. બે ચાર દિવસે એકવાર તો એ અહીં ઉભો રહી આંસુ પાડવાનો જ." માશીબાએ ભોળે ભાવે કહ્યું અને ફડક વચમાંની એક રેશમની દોરી ખેંચી બન્ને પડદા અલગ કર્યા—તૈલચિત્ર એક સત્તર અઢાર વર્ષની યુવતિનું હતું.

"તમારા જેવીજ મોંછા નથી લાગતી બેન ? ના, ના, ખરૂં કહેજે. મેં તો મહેશભાઇને પહેલે દિવસે જ કહ્યું હતું." માશીબાએ ભડકો કર્યો.

સોનલ શું જવાબ આપે !! માશીબાએ એક ભીંતે લટકતું—બીજું ઓર-ડામાં ઉભેલું—બે મૂક તૈલચિત્રો જોયાં—સોનલ—સ્તબ્ધ અવાક—આશ્ચર્યની અચલ પ્રતિમા સમી ઉભી હતી. તૈલચિત્ર તેનું પોતાનું જ હતું. તેને બધું સાંભરી આવ્યું. એક ક્ષણમાં તે સમજી ગઈ કે જે મહેશ સાથે તેના વિવાહ થયા હતા—જે વિવાહનો ત્યાગ કરી તેણે પ્રભાકર સાથે પિતા-ગૃહનો ત્યાગ કર્યો હતો, તેજ મહેશના બંગલામાં કુદરત તેને લઈ આવી હતી અને ઝવેરદાસ તે મહેશના પિતા—મારા પિતા પાસે એકવાર આવ્યા હતા અને દિવાનખાનામાં બેઠા હતા—અને બહુ ધીમે અવાજે કાંઇ

વાતો કરતા હતા તે-ઝવેરદાસ આવેલા તેને બીજે દિવસે નાગરદાસે એક પોતાની તુરત પડાવેલી નાની છબી માંગી લીધેલી-તે પણ તેને સાંભરી આવ્યું. અને આ તૈલચિત્ર તે, પેલી નાની છબી પરથી કરેલું એનલાર્જમેન્ટ. !!

તૈલચિત્રે અનેક જૂની સ્મૃતિઓ તાજી કરી. પિતાનું ગૃહ-પિતાનો પ્રેમ-પોતાના વિવાહની વાતચીત-લગ્નની તૈયારી-પિતાગૃહ ત્યાગ-તે સમયની પોતાની માનસિક સ્થિતિ-પ્રભાકર-પ્રભાકર સાથેનાં લગ્ન-લગ્ન પછીનો સંસાર-પ્રભાકરનો સ્વભાવ-કેસરબેન સાથેની બોલચાલ-પ્રભાકર સાથેનું જીવન-આ બધું-તેને એકક્ષણમાં પ્રત્યક્ષ થયું-મોરલી-સુંદરજી શેઠ-સુંદરજી શેઠને ત્યાંની પ્રભાકર અને મોરલીની પ્રતિમા-મેના-પોતે ગૃહત્યાગ કર્યો તે-આ બધું-પલટાતા રંગો સહનું જીવન-રહસ્ય તેની નજર આગળ ખડું થયું-તે વિહ્વળ બની ગઇ.

“મને ચક્કર આવે છે-માશીબા !” અને સોનલ પાસેની જડેલી ખુરશી પર બેસી ગઇ. તે જરા સ્વસ્થ થઈ અને માશીબા અને બીજો નોકર તેને નીચે લઇ ગયાં અને સૂવાડી દીધી.”

“હજુ કેટલી બધી નબળાઇ છે-મારી ભૂલ થઈ બેન ? હું તને ઉપર લઈ ગઇ-નબળાઇ કેમ નહીં આવે-કેટલું લોહી વહી ગયું હશે.” સોનલને ઉપર લઇ જવામાં તેની તબિયતનો વિચાર ન કર્યો અને આ વાત સાંભળી મહેશ કેટલો ઠપકો દેશે એ વિચારે ઓશીઆળાં બનેલાં— માશીબા બોલ્યાં. અને ઓરડાનાં બારણાં બંધ કરી રસોડામાં કામે વળગ્યાં.

અહીં સોનલનું મગજ પણ સ્વપ્ન સૃષ્ટિમાં વિચરતું હતું. આ બધું શું છે ? ખરૂં છે કે નાટક !! નાટક તો નથી જ. તે ખરેખર એવે સ્થળે હતી જ્યાં એક હૃદય તેની રાતદિવસ પૂજા કરતું હતું. તેને માટે રોઇ રહ્યુ હતું, તેને કારણે ફકીરી ધારણ કરી નિરસ બન્યું હતું. તે કોઈને ચાહતી હતી. કોઈ તેને ચાહતું હતું.

અને ત્યારે શું ખરા પ્રેમની ઝાંખી કરવા જ પ્રભુએ તેને આ સ્થળે પહોંચાડી હતી !! કોઇ મને ચહાય તેને હું શું કરૂં. મારૂં હૃદય એ પ્રેમ નહીં ઝીલે તો શું ? જગતમાં પ્રેમમાં પરસ્પરતા હોવીજ જોઇએ એવું કાંઇ નથી. એક હૃદયની બીજા હૃદય માટેની સર્વાર્પણ કરતી આકર્ષક ભાવના

એ ખરૂં. પણ તેમાં પરસ્પરતા હોય યે ખરી અને ન પણ હોય ! ! હું કોઇને ચાહું તેનો અર્થ એ નથી કે સામો મને ચાહે એમ બનવું જ જોઇએ. પ્રેમનો ડોળ પણ કહી શકાય.—અને ભોળાં હૃદયો તેમાં ફસાય પણ ખરાંસ્તો ! !

તેને વિચાર આવ્યો " જેમ તું ફસાઇ તેમ." અને જાણે એ વિચારને પાછો પાડતી હોય તેમ સોનલે હાથ ઊંચો કરી એ વિચાર સામે આડ કરી. આ આડ વિચાર રોકવા શક્તિમાન ન બની. પ્રેમ પુખ્ત વિચાર કરી દૃઢ કરવો જોઇએ. ત્યારે શું ! ! શું પ્રેમ માટે બે વિભાગો છે. પ્રેમ થવો—અને પ્રેમ દૃઢ થવો. પ્રેમ થતાં જ દૃઢ નથી હોતો. "He has not loved who loved not at first sight" શેકસપીઅરનું આ પ્રેમ તત્વ ખોટું છે? આકર્ષાયેલું દીલ આવરી લેવાય ખરૂં—એ તો કોણ જાણે પણ આવરી લેવું જાઇએ. એ તો સાચું જ છે. જો પ્રેમનો અંજામ દુઃખ અગર મોત ન હોય તો પ્રેમીઓ વચ્ચે પરસ્પરતા—સમભાવ—સંપૂર્ણ આકર્ષણ તો જોઇએ જ. જગતના વહેવાર માટે તો એની જરૂર ખરી જ. પ્રેમને આવરી ભલે ન શકાય. પણ લગ્ન સંબંધ તો પ્રેમપોષક અને રક્ષક તત્વોની પૂરી ખાત્રી વિના નહીં જ થઈ શકે. એક ચહાય અને બીજું પાત્ર ન ચહાય—એક હૃદયની બીજા હૃદયને કિંમત ન હોય તો—તો સંસાર નિભાવવો મુશ્કેલ બને છે. વેઠવી પડતી અનેકાનેક યાતનાઓ, પ્રેમને મોતના અંજામમાં દોરી જાય છે. અને જેને હજારો દ્રષ્ટાંતોમાં પ્રેમ માનવામાં આવે છે તે માત્ર આવેશ જ હોય—ત્યારે—એ પ્રેમાવેશ ઘણીએ વાર વિષમ સ્વરૂપ લે છે. કલંકીત પણ થાય છે. અને ખરા પ્રેમને વગોવે છે. પ્રેમમાં ઘેલછા ન જ જોઇએ. શાશ્વત પ્રેમ વર્ષાઋતુના વહેળા જેવો ઊછાંછળો છીછરો ન હોય—તે તો શાંત, સાત્વિક ગંભીર સાગર જેવો ગહન હોવો જોઇએ. હૃદયોની વળગ મજબુત અને પકડ કાયમની હોવી જોઈએ. એક હૃદય વિશુદ્ધ જીવન ગાળતાં છતાં, બીજાને દુઃખી કરતાં પહેલાં ટુકડા થઇ જાય—એવું નિર્મળ પ્રેમાળ અને દૈવી હોવું જોઇએ.

એવી પરસ્પરતા ન હોય તો સંસાર ન કરી શકાય. સોનલને પોતે લીધેલું પગલું વ્યાજબી લાગ્યું પણ—પણ ગૃહત્યાગ પછી તે જે સંજોગોમાં

આવી પડી હતી, તે પણ વિકટ હતા. તે મહેશના મકાનમાં–એક પ્રેમીના મકાનમાં હતી. એવો પ્રેમી કે જેણે પોતાનું હ્રદય બીજાને ન આપ્યું–એવો કે જે રોજરોજ પોતાનું પૂજન કરતો હતો. અને પ્રસાદમાં આંસુ ધરાવતો હતો. આવા પ્રેમીના મકાનમાં કેમ રહેવાય. મહેશના દિવસ તો આનંદમાં જાય. તેને તો પ્રતિમા પૂજનને બદલે પ્રત્યક્ષ પૂજનનો લાભ મળે. ઈચ્છા પ્રમાણે સંસર્ગ મળે–પણ પોતાને માટે શું ? પ્રેમીઓ ગમે તેટલું સાચવે ગમે તેટલાં ડાહ્યાં હોય પણ ભૂલ કરી બેઠા વિના રહી શકે-તેણે આંખ મીંચી ઊંડે અંતરને પ્રશ્ન પૂછ્યો.—"સોનલ તું રહી શકે" ઉત્તર આવ્યો "જરૂર" પણ પુરુષનો શું ભરોસો ?

આ પ્રશ્ન સમસ્ત પુરુષ જગતનો નિંદક હતો. સોનલનું હ્રદય પુરુષ ઉપર ભરોંસો રાખવા તૈયાર નહોતું. પુરુષોએ પત્નીવ્રત કયાં સાચવ્યું છે. નારી જગતની આસપાસ એક પતિવ્રતના કોટ કીલ્લા બાંધનાર પુરુષોએ આ વિષયમાં અમર્યાદ લાભ લીધો છે. લાજ શરમ છોડીને લીધો છે. જગતમાં સ્ત્રી બે પુરુષો કરી શકે તેને નીચ ગણવામાં આવ્યું છે. પણ ઉચ્ચતાનો ગર્વ કરનાર પુરૂષો અનેક પત્નીઓ કરી શકે. એક ઉપર એક એવી અનેક બસો–ત્રણસો–પાચસો–ઘણીવાર તો તેમના ખાનપાન, તેની બરદાસ્ત તેમનું જીવન, તેમનું હ્રદય, તેમની નીતિ, આ બધાંની કાળજી કર્યા વિના તેમની સામે જોવાની જરૂર પણ નથી એમ માનીને—શ્વાનને પણ લાજ લાગે તેવી રીતભાત રાખીને —અનેક સ્ત્રીઓ કરવામાં ઘણા પુરુષો ખાસ કરીને રાજાઓ–શ્રીમંતો ગર્વ–પ્રતિષ્ઠા માને છે, કારણ સ્ત્રી સ્વચ્છંદી ન થઈ શકે. પુરુષો ઉઘાડી રીતે સ્વચ્છંદ કરે–રખાત રાખી રહે–ઘરની સ્ત્રીને છોડીને–બાળકોના મન પર માઠી અસર કરીને–રખાતને ત્યાં પડી રહે–અને મૂંગામૂંગા સમાજ ભલે તે સામે હસતું હોય–છતાં ઉઘાડી રીતે આવા પુરુષોનો કોઈ તિરસ્કારે ન કરે. પુરુષ જગતમાં આવી લંપટતાના પૂરેપૂરા અનુભવ પછી આવા સ્ત્રી પુરુષ ઉપર ભરોંસો ન રાખે એમાં શું નવાઇ છે ?! દુનિયા અપવાદને શું કરવા જુએ! દુનિયા તો સામાન્ય ખ્યાલો પર ચાલે ને !!

સોનલને મહેશના મકાનમાં રહેવાનો ડર લાગ્યો. કોણ જાણે ? દિવસે રાત્રે કોણ જાણે ક્યારે ? એ વિષમ ઘડી ક્યારે આવી પહોંચે–શરીર

સંભાળાય પણ—સંજોગો કેમ સંભાળી શકાય—એવો દુ:ખદાયી પ્રસંગ આવવાજ ન દેવો શું ખોટો! જાણે સાજી થઇ ગઈ હોય તેમ તે ખાટલા પરથી ઊઠી. માશીબા ક્યાંય કામે વળગ્યાં હતાં. ધીરે રહીને તેણે આગલું બારણું ઉઘાડયું. આસપાસ ડોકીયું કર્યું. નોકરચાકર પણ આ બાજુ નહોતાં. બંગલાની બાજુમાં છેટે માળી મરાઠીમાં કાંઈ ગાતોગાતો ખોદતો હતો. હળવે પગલે સોનલે પગથીયાં ઉતરવા માંડયાં. બાગના દરવાજા તરફ થોડાં ડગલાં તે ગઇ અને મહેશની મોટર દરવાજા આગળ અટકી. સોનલ અટકી પડી—ખંચાઈ—ભય અને વિષાદ તેના ચહેરા પર એક સાથે તરવરતાં હતાં—મહેશ આશ્ચર્યથી જોતો તેની સામે દરવાજામાં ઉભો હતો.

"અશક્ત શરીર માટે આ હવા વધારે કહેવાય—અને લાકડી લઇને નીકળવું જોઈએ." મહેશ આગળ આવ્યો. "લ્યો હું હાથ આપું" સોનલ ના કહેવા જતી હતી. તે જરા સંકોચાઈ પણ ખરી. પણ હાથ ઝાલવાનો—મદદ કરવાનો હક હોય તેમ મહેશે સોનલનો હાથ ખભા આગળથી પકડયો અને તેને ધીમેધીમે પગથીયાં ચઢાવી પથારીમાં બેસાડી.

"માશીબા, આમની સાથે રહેવું જોઇએ—બાગમાં ફરવા નીકળ્યાં અને તે પાછાં ટેકા વિના—બહાર હવા પણ વધારે છે." મહેશે માશીબા આવતાં હતાં તેને કહ્યું. માશીબા ત્યારે તો ન બોલ્યાં પણ મહેશને જ્યારે ચાહ આપવા ગયાં ત્યારે તેમણે પાછી આ વાત કાઢી.

"ભાઇ, મને તો એ બેન કયારે બ્હાર નીકળ્યાં તેની ખબર જ નથી. એમને હજુ બહાર નીકળવા જેવું નથી જ. તમે જ્યારે ઓફિસે ગયા હતા ત્યારે અમે જરા બંગલો જોવા નીકળ્યાં."

"શું શું બતાવ્યું?"

"કાંઈ નહીં, નીચે ફર્યાં—અને ઉપર દિવાનખાનામાં અને તમારી સુવાની ઓરડીમાં—પેલી તમારા પલંગ સામેની છબી બતાવી પણ એટલામાં જ એમને ચક્કર આવ્યા હતાં ને—!"

"એમકે?" મહેશે ઊંડા ઉતરીને વિચાર કરતાં ઉત્તર આપ્યો. "તમારે માશીબા એમને ઉપર નહોતાં લાવવાં."

"પણ ભાઈ, એમને બપોરે ઘણું સારું લાગતું હતું?"

બન્ને મૂગાં રહ્યાં. માશીબા તો કામમાં પડી ગયાં-પણ મહેશ સમજી ગયો. સોનલે પોતાનું ચિત્ર જોયું-તેમાંજ તેને ચક્કર આવ્યાં અને તેમાં-તેમાંજ તે બંગલો છોડી જતી હતી. હવે તે ઝાઝો વખત અહીં નહીં રહે!! અદબ વાળી તેણે દિવાનખાનામાં આંટા મારવા માંડયા. તે વિચારે ચઢયો હતો.

સોનલ રહે તો જીવન મિત્ર તરીકે રહેવા તે તૈયાર હતો!! પણ સોનલ કેમ રહે? વિચારમાં તે ઊંડો ઉતર્યો. સોનલ પહેલાં તો પ્રભાતમાં સાગરસ્નાન માટે આવે તે બની ન શકે. તે આત્મઘાત માટેજ આવી હોવી જોઈએ. ખરેખર તે દુઃખી હોવી જોઇએ. અત્યંત દુઃખી હોવી જોઇએ-નહીંતો આત્મઘાતના નિશ્ચય પર નહીં આવે. એને શું દુઃખ હશે. પતિનું? ના, સોનલનાં લગ્ન તો પ્રેમલગ્ન હતાં? શું પૈસાનું દુઃખ હશે? જો તેમ હોય તો હજારો ભોગે પોતે તે દુઃખ ટાળી શકે એમ છે? પણ સોનલનું પવિત્ર, ઉજ્જવળ, ઉત્કૃષ્ટ હૃદય ગરીબી ખાતર આત્મઘાત કરે તે મનાય કેમ?

પ્રેમભંગનો પ્રશ્ન પોતાનો છે! સોનલનો ન કહેવાય? પણ ત્યારે-ત્યારે જરૂર સોનલના જીવનદુઃખનો પ્રશ્ન—આત્મઘાતનું કારણુ—હૃદયભંગ જ હોવું જોઈએ-પ્રેમ કરતાં સોનલ ફસાઈ પડી હોવી જોઈએ. સામાન્ય હૃદય પર આઘાતની અસર થતી નથી. ઉત્કૃષ્ટ હૃદયથી આઘાત સહન થતો નથી. ઉત્કૃષ્ટ હૃદયો માત્ર અંતિમ સ્થિતિમાંજ રહી શકે-જીવનમાં સર્વોત્કૃષ્ટ આનંદ-પછી તે ગમે તેવી પરિસ્થિતિમાં-અગર તો જીવન વિનાશ-ભગ્ન હૃદયમાંથી જન્મતો ત્યાગ-પ્રેમીઓ માટે, ઉત્કૃષ્ટ હૃદયો માટે આ બે જ સ્થિતિ સંભવે!! સોનલ આત્મઘાતને પંથે વળી હતી-ત્યાગને પંથે વળે તો-ત્યાગને પંથે વળે તો-તેમાં મહેશને પોતાનો થોડો સ્વાર્થ લાગ્યો-છેટે છેટેથી પણ પ્રેમીને જોઈ શકાય. તેને મળી શકાય-તેના સંસર્ગમાં રહી શકાય-સાત્વિકતા સાચવીને-અલબત્ત પવિત્રતા જાળવીને-મિત્ર તરીકે-તેને માટે કાંઈ ને કાંઈ કરી શકાય. ધીરે ધીરે મહેશના મનમાં આવા વિચારો આવતા હતા. પોતાના હૃદયના વિચારો સોનલને તેણે જણાવી દેવા જોઈએ. અત્યારનો જ સમય ઠીક હતો. માશીબા રસોઈમાં

પડયાં હતાં–નોકરો કામે વળગ્યા હતા–રાત્રે સોનલ સાથે બેસવું–વાતો કરવી–એમાં વિવેક નહોતો. વળી ત્યારે માશીબા પણ હોય.

મહેશ સીદ્ધો સોનલના ઓરડામાં ગયો અને ખૂબ નજીકની ખુરશી પર બેઠો–જાણે હકથી સમીપતા સેવતો હોય તેમ–સોનલ તકીયે જરા ખસીને બેઠી.

"કેમ–હવે કેમ લાગે છે?" મહેશે વાત ઉપાડી.

"જી, હવે ઘણું ઠીક લાગે છે." સોનલે કહ્યું.

"ઘેર જવા ચિત્ત ઉપડયું છે ? ખરૂં ?"

"એવું જ છે."

"કાલે સવારે હું તમને મૂકી આવીશ." મહેશે કહ્યું.

આમ વાતો કરતો છતાં મહેશ જાણતો હતો કે આ વાતો ઉપલક હતી. તે સોનલ પાસે હૃદય ઉઘાડવા અને સોનલનું હૃદય જાણવા આવ્યો હતો–પણ મર્મસ્પર્શી વાત કાઢતાં–હૃદય–સ્પર્શી કાંઈપણ કરતાં–મનુષ્ય અત્યંત સંકોચ ભોગવે છે. અને છતાંયે આવી વાતો હોઠ પર આવે તેવીજ કહી દેવી સારી હોય છે. વિલંબે સંકોચ વધે છે.

"માશીબા કહેતાં હતાં–તમે આજે મારો બંગલો જોયો–ઉપર નીચે બધે ફરીને ?" મહેશે વાત ઉપાડી–સોનલ થોડું ચમકી.

"જી હા." સોનલ નીચું જોઈ બોલી.

"માશીબાએ ભૂલ કરી–તમને એ પ્રતિમા બતાવવી નહોતી જોઈતી."

સોનલ કાંઈ ન બોલી. જાણે તેણે કાંઈ સાંભળ્યું નહીં હોય તેમ. મહેશે વાત ઉપાડી–"પરણેલી સ્ત્રી પ્રેમી સાથે વાત કરે–ત્યારે તેનો તિરસ્કાર નથી કરી શકતી. તે અલગ રહી શકે છે. જાત સંભાળી શકે છે–સ્વાસ્થ્ય ભૂલતી નથી. અને છતાંયે–પ્રેમનો તિરસ્કાર પણ નથી કરી શકતી." સોનલ મૂંગી રહી.

"સોનલ, તમે કાંઈ બોલતાં નથી પણ તમારૂં મૂંગું હૃદય અત્યારે હજારો જીભથી બોલતું હશે–મારો મૂંગો પ્રેમ હજારો પ્રકારે વ્યક્ત થયો છે તે તમે જોયો–પ્રભુએ તમને અહીં મોકલ્યાં–ઇચ્છા વિરૂદ્ધ

તમને મારૂં હૃદય જાણુવા મળ્યું. હવે તમને ખબર પડી હશે કે હું તમને પૂજું છું." મહેશે લાગણીભર્યે અવાજે કહ્યું.

"હું પરણેલી છું."

આ શબ્દોમાંની ટકોર મહેશ સમજી ગયો–તેણે મર્યાદા ઓળંગી હતી.

"માફી માગું છું–મર્યાદા સાચવી શકયો નથી. પણ સોનલ મારે ખરી વાત જાણવી છે."

"શી ?"

"તમે સાગર સ્નાન માટે આવ્યાં કે– મને લાગે છે કે તમારો ઇરાદો સાગરનું કાયમ સ્નાન કરવાનો હતો."

"તમે ગમે તે કલ્પના કરી શકો છો."

"મારે ખરી સ્થિતિ જાણવી છે."

"જાણીને તમને શો લાભ ?"

"એટલો જ કે–હું મારી ફરજ બજાવી શકું–તમે સુખી હો તો તમને ઘેર પહોંચાડી સુખ ભેળાં કરૂં–તમે દુ:ખી હો—

"દુ:ખી હોતો" સોનલે ઊંચે જોયું. "દુ:ખી હો તો–મારાથી બનતી મદદ દુ:ખ ઓછું કરવા–સહન થઇ શકે એવું કરવા–કરૂં." મહેશના અવાજમાં લાગણીઓ આગળ પડતી હતી.

"મારૂં દુ:ખ ઓછું કરવાનું હતું તો તમારે મને અહીં નહોતી લાવવી."

"તમે અહીં આવ્યાં તેમાં પ્રભુ સંકેત છે. માનશો નહીં કે હું તમને અહીં લાવ્યો છું. તમને સાગર પણ સ્વિકારવાનો નહોતો. ભરતી પૂરી થવા આવી હતી. તમારા પર પાણીનાં બે ચાર મોજાં ફરી વળત પણ તેથી–તમારી ઇચ્છા પૂરી નહીં થાત–અને કોણ જાણે કોના હાથે તમે ચઢત."

"ઠીક, પણ હવે હું જવા માગું છું." સોનલે દ્રઢતાથી કહ્યું.

"હું તમને આવતી કાલે સવારે મૂકી આવીશ."

"હવે હું સારી થઇ છું. મને તમારી જરૂર નહીં પડે"

"પણ હું તમને એકલાં નહીં મૂકું." મારે તમને તમારે સ્થાને પહોંચાડવાંજ જોઇએ."

"મારૂં સ્થાન તો સાગર તીરે–" સોનલ બોલી. અને આ શબ્દોમાં હૃદય વેદના અત્યંત સ્પષ્ટ હતી.

"ના, પરણેલી સ્ત્રીનું સ્થાન પતિને ત્યાં!!"

"ભૂલ થાય છે!!"

"એ હું ન સમજ્યો?"

"પરણેલી સ્ત્રીનું સ્થાન પતિ હૃદયમાં.

મહેશ આ નાના વાકયનું અર્થ–રહસ્ય સમજ્યો. તેમાં સોનલના હૃદયાગ્નિના તણખા હતા. એ શબ્દોમાં લગ્નાવસ્થાનો અસંતોષ, પતિ વિયોગ–પતિભાવ વિનાશ–જીવન તિરસ્કાર બધુંજ હતું.

"તમને જ્યાં ઇચ્છા હોય ત્યાં મૂકી આવું—"

"તો મને સાગરની અધવચ હોડીમાંથી લટકતી મૂકી દો."

ગંભીર પ્રકૃતિના મહેશની સહનશકિત હાલી ઉઠી–તેની આંખમાં આંસુ ઉભરાયાં. સોનલનું હૃદય પ્રેમી પાસે જોઇએ તે કરતાં વધારે ઉઘડયું હતું.

"સોનલ" તેણે હવે હિંમતથી સોનલને નામથી સંબોધી બોલવા માંડયું.

"સોનલ, દુઃખમાં ડૂબી જવામાં મનુષ્યત્વ નથી–મનુષ્યત્વ તો એ દુઃખના ડુંગર જેવડાં મોજાં પર તરવામાં છે."

"તરવાની શકિત નહોય તો?" બન્ને પ્રેમીઓએ થોડી થોડી સ્વતંત્રતા લેવી શરૂ કરી.

"પુરુષોમાં છે તેના કરતાં બલિદાનની શકિત સ્ત્રીઓમાં વધારે છે."

"હું નથી માનતી?"

"ઇતિહાસ સાક્ષી પૂરે છે–રજપૂતો તરવારના રક્ષણ નીચે કપાઇ મૂવા.

રજપૂતાણીઓ જઇને રાજીખુશીથી અગ્નિને ભેટી. અને એ ક્યાં દુનિયાને અજાણ્યું છે કે-પુરુષ સ્ત્રીની સ્વભાવ ભિન્નતા સહી શકતો નથી-અને સ્ત્રી તો જીંદગીભર તેના દુર્ગુણો પણ નિભાવી લે છે."

"પણ મને-મારે માટે એવું એક સ્થાન જડતું નથી. જ્યાં હૃદય દુઃખને દાટી શકું."

"હૃદય દુઃખ ધરતી નીચે નથી દટાતું-તેનો તો કોળીઓજ કરવો પડે-મારો દાખલો આપું. દુઃખ તો મનને ખૂબ કાર્ય પ્રવૃત્તિમાં પરોવેજ ઓછું થાય છે-ધીમે ધીમે-કાળ જતાં-પ્રવૃત્તિ વધતાં-દુઃખનો વિસારો થાય છે—"

"મારાથી વિસારો થાય એમ મને નથી લાગતું."

"વિસાર એ તો કુદરત છે-સમયનું ચક્ર સુખ અને દુઃખ બન્નેને અર્થહીન કરે છે-માણસ શૂન્યવત્-નહીંવત્ થાય છે-યંત્રવત્ નિરૂત્સાહ બને છે એ ખરૂં પણ છતાંયે તે થોડી થોડી સેવા તો કરી શકે છે!! અને કેટલાક જો દુઃખ ભૂલી શકે તો સમાજને ઉપયોગી થઈ પડે છે."

સોનલ વિચારમાં પડી. તે કેટલોયે વખત મૂક રહી.

"કેમ, મારૂં બોલવું ઠીક ન લાગ્યું?" આખરે મહેશે વળી પાછી વાત કાઢી.

"તમે ઠીક કહો છો-મારાથી બનશે તો એવી સેવા શોધી કાઢીશ."

"હું તમને એવું કાંઇ શોધવામાં મદદ કરવા ઇચ્છું છું."

"તમારી મદદ મને ન ફાવે."

"કેમ?"

"એ મદદમાં ભય છે."

"તે હું ન સમજ્યો."

"તમે મારા પ્રેમી છો-પ્રેમીના સહવાસમાં-ઉપકારમાં મારે નથી આવવું."

"હું તમને દૂરથી મદદ કરીશ."

"દૂર નિકટમાં ફેરવાતાં વાર ક્યાં લાગે છે અને વળી તમે રોજ ને રોજ મારા સહવાસમાં આવો તેમાં મને ભય લાગે છે."

"મારો ભય લાગે છે કે તમારો?" મહેશે ટકોરનો પ્રશ્ન કર્યો.

"સ્ત્રીને તો પુરુષનોજ ભય હોય ને?"

મહેશને ખૂબ દુઃખ થયું–તેનું મોં પડી ગયું–સોનલ તે જોઇ શકી હતી.

"સોનલ હું એવો પુરુષ નથી." તેના બોલમાં હૃદયવિષાદ હતો.

"નહીં હો!! પણ—"

"કેમ અટકયાં–હૃદયની વાત આજે ન છૂપાવશો. કદાચ હૃદય ખોલી વાત આપણે આજેજ કરવા ભાગ્યશાળી બન્યાં છીએ. આવતી કાલે આવી અનુકૂળતા નહીં મળે—" મહેશ બોલ્યો. સોનલ તેના મૂખ સામે જોઈ રહી.

"નહીં હો. પણ–તમે મારા પ્રેમી છો–તમે મને માત્ર પ્રેમ ભાવે જોઇ શકો? સાચું કહો તમે મને કયે ભાવે–અત્યારે પણ જુઓ છો?" મહેશ માટે આ સામો પ્રશ્ન ખૂબ વિકટ થઈ પડયો.

"હું તમને માત્ર એકજ ભાવે જોઉં છું. પ્રેમભાવે–એકજ ભાવે પૂજું છું–પત્નીભાવે."

"ત્યારે મહેશ! પરણેલી-ત્યજાયલી–પતિ વિયોગી–પતિ–વિરાગી સ્ત્રી માત્ર જ્યાં ભગિની ભાવ હોય ત્યાંજ નિરાંતથી રહી શકે. પત્નીભાવથી ભરેલા વાતાવરણમાં રહેવું એક યુવતિ માટે ભય ભરેલું છે."

"પણ મારી પ્રતિજ્ઞા છે કે હું મારૂં શરીર–મારૂં વર્તન–પૂર્ણ અલગતાનું રાખી શકીશ."

"તમે અત્યાર સુધી રાખ્યું હશે–પણ ભવિષ્યનો શો ભરોસો મહેશ!" સોનલે મહેશભાઇ કહેવું જોઈતું હતું–પણ તેના મોંમાંથી–મહેશ શબ્દ જ નીકળી પડયો. મોટાં હૃદયો ભૂલ નથી કરતાં–અને કરે છે ત્યારે

મોટી ભૂલો કરે છે. આધે આધે તમે જેને માટે આટલા હિજરાઓ છો જેની આધે આધે આટલી પૂજા કરો છો—તે સોનલનો તમને પ્રત્યક્ષ સહવાસ થાય—તેની સાથે—બોલવાનું, બેસવાનું—ફરવાનું મળે—તેની સાથેનો સહવાસ વધે—આજની જેમ એકાન્તમાં હૃદય ઠાલવવાની ઇચ્છા થાય—તો—

" તો "

" એક દિવસ વસમો આવે—તમને એવો આવેશ આવે કે તેમાં તમને જીવનભર પશ્ચાત્તાપ થાય—આપણે બે વિષમ સ્થિતિમાં જૂદાં પડીએ. આજે તમે મને ચાહો છો—મને પૂજો છો—તમારાથી તમારી હૃદયદેવીનો અનુ-યોગ સહન થઇ શકે—તેના તરફની વિમૂખતા તમારાથી નહીં સહન થાય."

" સોનલ, હું તમને એક વખત ઠેકાણે પાડું—અને પછી તે દિશા તરફ પણ ન ભાળું તો ?"

" તે વળી તમને વધારે દુઃખી કરશે. પ્રાપ્ય વસ્તુથી દૂર રહેવું કઠણ છે. મનુષ્ય અદૃશ્યતા—અશક્યતા, અભાવ ખમી શકે છે. પણ પ્રાપ્ય—પ્રાપ્ત વસ્તુથી અલગ રહેવાની અતૂટ ધીરજ તેનામાં નથી હોતી—એવી ધીરજ હોય તોપણ આવી ધીરજને કસોટીએ ચઢાવવી ઠીક નથી."

" તમે બધી વાતની ના પાડો છો—સોનલ "

" તમારો મારા ઉપર ઉપકાર છે—ના પાડવી મને ઠીક નથી લાગતું પણ હું તમારી નજર નીચેથી ન નીકળી જાઉં ત્યાં સુધી તમારા મનમાંથી કદી નીકળી શકું નહીં."

" તમે મારા હૃદયમાંથી તો કદીજ—કદીજ—નીકળવાનાં—નથી—"

" તો પછી—" સોનલ આગળ બોલવા જતી હતી અને અટકી—

" તો પછી ?"

" તો પછી એટલું જ કે—આપણે આપણો હૃદય ભાર લઇને એક-બીજાની દૃષ્ટિ મર્યાદા બહાર—જૂદા જૂદા વિચરવું—એમાંજ આપણું બન્નેનું શ્રેય છે."

" સોનલ—અત્યાર સુધી તો મેં મારું દુઃખ સહન કર્યું—પ્રભુ સંકેતથી તમે ભેગાં થયાં. હવે એ દુઃખ તમારા વિયોગથી ખૂબ વધશે."

"પ્રભુ તમને એ દુઃખ સહન કરવાની શક્તિ આપે." ગંભીરતાથી સોનલ બોલી.

મહેશ રોતો હતો. સોનલ કડક ગંભીર બની હતી.

"તો તમે ક્યાં જશો ?" થોડી ક્ષણની શાંતિ પછી મહેશ બોલ્યો.

"જ્યાં પ્રભુ લઇ જશે ત્યાં."

"તમારે જ્યાં જવું હોય ત્યાં હું તમને મૂકીને આવતો રહું–એટલુંયે સ્વિકાર નહીં કરો ?"

"એવી તસ્દી શા માટે લેવી ?"

"સોનલ–હૃદયમાં ડંખ તો છેજ–હૃદયને દવ ન લગાડો–તમારૂં કામ કરવામાં મને તસ્દી શું પડવાની હતી ? તમારા સહજ પરિચયે તો મારામાં કેટલો આનંદ પ્રેર્યો છે–મારૂં જીવન આજે એ દિવસથી મને ખૂબ ખૂબ હરીયાળું લાગે છે."

"મારી ભૂલ થઇ–મહેશ મારી ખૂબ ઇચ્છા છે કે તમારૂં જીવન સદાય હરીયાળું બને–પણ તમે મને પત્નીભાવે જૂઓ છો–હું પતિ ભાવે બીજાને જોતાં શીખી. આપણે બન્ને નિકટ ક્યાં આવ્યાં નહોતાં–પણ પ્રભુની ઇચ્છા જુદીજ હતી–આજે પાછાં નિકટ આવ્યાં છીએ. —કદાચ કાયમનાં જુદાં પડવા–મહેશ. પ્રભુ સંકેત હશે તો હવે પછી પણ મળીશું !! પતિ–પત્ની ભાવે તો નહીં જ !! મૃત–હૃદયની માટોડી જેવાં–તમે મને હૃદય આપ્યું છે–હું તમને નથી આપી શકતી !! પણ હું જ્યાં જઇશ ત્યાં ભગ્ન–હૃદયની તમારી મિત્રતા યાદ કરીશ. તમારો આભાર–આપણું આ મિલન નહીં ભૂલું–ક્યાં છે હૃદય રોગનું ઓસડ ? તમે મારા માટે–હું કોઇને માટે–હૃદયો તો પછડાઇને જ પૂરાં થવાં સૃજાયાં છે." સોનલના અવાજમાં દઢતા હતી. ત્યાગ હતો—

"પણ ગમે તેમ થાઓ—સોનલ ! હું તમને કોઈ ચોક્કસ સ્થળે તો મૂકી જ આવીશ !! તમને જગતમાં બ્હીલાં–એકલાં-નિરાધાર તો નહિ જ છોડી શકાય."

"જેમ દરિયા પર તમે મળ્યા–તેમ બીજું કોઈ નહીં મળે !!"

"એ ફિલસૂફીમાં હું ઉતરવા માગતો નથી–વિચાર કરો–કાલે સવારે આપણે તમારે કયાં જવું તે નક્કી કરી નાંખીએ–તમે વિચાર કરો અને હું યે કરૂં!! તમને કોઈ સ્થળે–કોઈ આશ્રમમાં–કોઈ મંડળમાં–જ્યાં તમારી ઇચ્છા હોય ત્યાં મૂકી આવું."

"ઠીક. આવતી કાલે એનો ચોક્કસ વિચાર કરીશું."

બન્નેની વાત લાંબો વખત પહોંચી હતી. માશીબા જમવા બોલાવવા આવ્યાં. "શું જમવાનું લાવું ?" તેમણે સોનલને કહ્યું.

"સોનલ આપણી સાથે આજે રસોડે જમશે......માશીબા."

"હા! એમનું નામ સોનલ બેન કે?" માશીબા બોલ્યાં.

"વાણીઆ છે ને ?"

"હા! હા!"

સોનલને તે દિવસે મહેશને રસોડે મહેશ અને માશીબાની વચમાં બેસીને જમવું પડયું.

રાત્રે બધાંએ ભેગાં થઇ ગપ્પાં માર્યાં. સોનલે પણ આ ગપ્પાંમાં ભાગ લીધો. જાણે કુટુંબીજન હોય તેમ સોનલે હસી હસીને વાત કરી. રાત્રે બધાં સૂઈ ગયાં ત્યારે મહેશના ઘરની ગમગીની ગઇ હતી–જાણે આખું ઘર આનંદની ચાંદનીથી ઉભરાતું હતું.

"આજે જાણે કેવું સારૂં લાગે છે. બેન મેં તો આજે જ મારા મહેશભાઇને આવડું હસતાં જોયો–" માશીબાએ સોનલનો ઘૂંટણ દાબ્યો. 'બેન તમે હવે અહીં જ રહી જાઓ–મારા મહેશભાઇને બેન નથી–તમે મારાં મહેશભાઇનાં બેન !!"

મહેશ અને સોનલ બન્ને માશીબા સામે જોઈ રહ્યાં.

સોનલે વિચાર કરી જ રાખ્યો હતો. પ્રેમીના ઘરમાં ન રહેવાય. બીજું કાંઈ નહીં–પણ દુનિયાની વંચનામાંથી તો જરૂર બચવું રહ્યું. સત્યને તાણ જુવે છે. દુનિયા સત્ય શોધવા કયાં નવરી છે ? દુનિયા તો બાહ્યાચરણ ઉપરથી જ મદાર બાંધે છે–અને દરેક વિષયમાં કાંઈ ઊંડાણમાં જવાય છે–મહેશ પ્રેમી હતો. મહેશ પોતાની પાછળ સાધુ–ત્યાગી બન્યો હતો–મહેશ સાથે

લગ્ન થયાં હોત તો કદાચ પોતે ઘણી–ઘણી–સુખી હોત. હૃદય હૃદયનો સુમેળ આજ સાધ્ય થાત–પણ સુમેળ પણ મળવો જોઇએ ક'ની ? સોનલ વિચારતી હતી. એતો ચાલ્યા જ કરવાનું–કોઇ મને ચાહ્ય–હું કોઇને ચાહું–અને બન્ને દુ:ખનો અવતાર લઇને જીવન પૂરું કરીએ, પણ મહેશ પોતાના મારા પ્રત્યેના પ્રેમમાં મસ્ત છે–તેમ હું મારા પ્રેમને પણ સત્ય છું. મારા હૃદયમાં મહેશ માટે પતિભાવ નથી ઉત્પન્ન થતો–તેનામાં મારા માટે ભગિની–ભાવ ઉત્પન્ન નથી થતો. જ્યાં બંધુ ભગિની ભાવ ન હોય ત્યાંથી નાસી છૂટવું જ સારૂં છે.

તે રાતે ઉંઘી નહીં–ઉઘાડે ડોળે–તે ઘડિયાળના ટકોરા ગણ્યા કરતી હતી. પડોશમાં એક મરઘો બોલ્યો. "ઉઠરે ઉઠ" મરઘો મને તેડે છે. તે પથારીમાંથી ઉભી થઇ. વસ્ત્ર સ્વસ્થ કર્યાં. અંબોડો બાંધ્યો-તેણે આખી રાતના વિચાર પછી આખરી નિશ્ચય તો કર્યોજ હતો–બારણું ઉઘાડીને ઓટલા પર આવી. ગણપતનાં નસ્કોરાં બોલતાં હતાં. તે ઘસઘસાટ ઉંઘતો હતો–હળવે ચોર જેવે પગે તે પગ-થીયાં ઉતરી. કદાચ મહેશ જાગતો હોય અને ઉપરની બારીમાંથી જોતો હોય તો–તેણે ઉંચે જોયું–બારીઓ બધી બંધ હતી. તે ધીમે ધીમે આગળ વધી. પગ નીચેની કાકરીનો કચડાટ તેને બીવરાવી રહ્યો હતો. કોઇએ ખોંખારો ખાધો, અને તે ચમકી. તે પાછી પકડાઇ જશે કે શું ? તે પાસેની લતા પાછળ છૂપાઇને ઉભી રહી. ગણપત ઓટલા પર ઊભો હતો–તેને પગરવની શંકા આવી હશે. તેણે આમતેમ જોયું અને પાછો સૂઇ ગયો–પાંચ મિનિટ થઇ અને તેનાં નસ્કોરાં પાછાં બોલવાં શરૂ થયાં. સોનલને એકાન્તની–હવાની પણ બીક લાગવા માંડી–પણ પાછી નિરવતા પ્રસરી–બાગનો દરવાજો હવે નજીકજ હતો. તેણે ડોકાબારી ધીમેથી–બીતાં બીતાં ખૂબ ધીમેથી ઉઘાડી અને બહાર નીકળી ગઇ.

વિશ્વને ખોળે માથું મૂકી–પ્રભુમાં વિશ્વાસ રાખી–ભવિષ્યની અનંતતામાં ભરોસો રાખી આગળ વધીને સોનલે થોડે દૂર જઇ મહેશના બંગલા તરફ એક દૃષ્ટિ ફેંકી–તે અદૃશ્ય થઇ ગઇ.

પ્રકરણ ૩૫ મું

પંદર વર્ષ પછી

નાગરદાસે બિહારીનાં લગ્ન લીધાં છે. એલિસબ્રિજમાં એક વાડીમાં લગ્ન સમારંભ પૂરો થયો છે. સપ્તપદી પૂરી થઇ છે. વરવધૂએ નાગરદાસના આશીર્વાદ માંગ્યા. નાગરદાસની આંખ આંસુએ છવાઇ. મંગળ સમયે જૂના સ્મરણો તાજાં થાય છે જ.

તેને લક્ષ્મી નહોતી સાંભરી. તેને ગંગાબા નહીં સાંભર્યાં—તેને સોનલ સાંભરી. એ દીકરી આજે હોત તો સર્વને કેટલો આનંદ થાત. બિહારી તો ચોરીમાં બેસતાંજ રોયો હતો. અને નાગરદાસની આંખ પણ એક દિવસ ભીની થયા વિના રહી નહોતી.

નાગરદાસ લાંબા હાથ કરી આશીર્વાદ આપવા જતો હતો અને સ્ત્રી વર્ગમાં બેઠેલી એક સાધ્વીએ હાથ લાંબો કરી બંગાળી ભાષામાં કહ્યું, "પહેલાં પાયલાગણ ઇષ્ટદેવને હોય" પાસે બેઠેલી બીજી સાધ્વીએ તેનું ગુજરાતી ભાષાંતર કર્યું. નાગરદાસ ઇષ્ટ દેવમાં સમજ્યો. અને પોતાની ભૂલ તરત સમજી ગયો. તેણે તરત વરવધૂને ઇષ્ટદેવનાં દર્શન માટે અંદર મોકલ્યાં—પણ કુળ રીતિને અણીને સમયે યાદ આપનાર બંગાળી સાધ્વી તરફ તેની નજર ઠરી ગઇ. અવાજ પણ પરિચિત લાગ્યો—આ સાધ્વીને તો તેણે ક્યાંય જોઇ હતી?—આ અવાજ પણ સાંભળ્યો હતો—સાધ્વીએ પોતાની ફરજ બજાવી—બેદરકાર રીતે મોં ફેરવી લીધું હતું. વરવધૂ ઇષ્ટ-દેવને પગે લાગવા ગયાં અને નાગરદાસના મનમાં વિચારના ચમકારા થવા માંડયા—કોણ હશે એ? તેને કશું સ્મરણ થયું નહીં. અને છતાં બિહારી અને રત્નપ્રભા ઇષ્ટદેવનાં દર્શન કરી બહાર આવ્યાં અને પોતાને પાયલાગણ કર્યું કે તેણે બિહારીને કહ્યું.

"ઇષ્ટદેવની યાદ કરાવનાર બેનને જઇને પહેલાં પગે લાગો."

બધાનું ધ્યાન બંગાળી સાધ્વી તરફ ગયું. સાધ્વીને પોતાનો સંકોચ દૂર કરવો પડયો.

વરવધૂ તેની પાસે જતાં તેણે તેમને બન્નેને હાર પહેરાવ્યા. બિહારીને શાલ ઓરાઢી અને રત્નપ્રભાને રાતી ચૂંદડી વિંટાળી, કપાળે સૌભાગ્ય કુમકુમ કર્યું "સદા સૌભાગ્યવતી રહો."–પણ તેમ કરવામાં સાધ્વીની ધીરજ ખૂટી ગઇ. વિવેકનો પડદો ઉઘડયો. તે વિવશ બની. તેની આંખમાંથી જળબિંદુઓ–મોટાં મોટાં આંસુ–ખરી પડયાં. કૃત્રિમ ગંભીરતા સાચવવી મુશ્કેલ બની. તેણે બન્નેને–વરવધૂને ઓચિંતા પોતાની બાથમાં લઇ હૃદયે ચાંપ્યાં.

"અવિચારી સોનલબેનના આશીર્વાદ" હૃદયદુઃખ અને ઉભરાતા આનંદ સાગર વચ્ચે–આ શબ્દો તેના મૂખમાંથી નીકળી પડયા. આખો સમાજ સ્તબ્ધ થઇ ગયો. નાગરદાસ એક ડગજ પાછળ હતો. જાણે તેના પર વિજળી પડી. એક ક્ષણ–શબ્દો તેના કાને પડતાંજ–તે જડવત થઇ ગયો, પણ આ જડતા પાછળ આનંદનો સાગર ઉછાળા મારતો હતો. એજ. એજ–એજ–દીકરી સોનલ. જેને કુળ રીતિ રાખી. જેને ઇષ્ટદેવ સાંભર્યાં. સાઠ વર્ષના નાગરદાસને વાત્સલ્ય ભાવે નવું જોર આવ્યું. "સોનલ દીકરા" તેણે ઉછળીને સોનલને બાથ મારી. પુત્રીએ પિતાને અને પિતાએ પુત્રીને ઉભરાતા આનંદ–ઉદધિથી નવરાવ્યાં–મિત્રો–સ્નેહીઓ–બ્રાહ્મણો સમસ્ત પુરુષ અને સ્ત્રીવર્ગ બધાં ચકિત થઇ ગયાં. કોઇએ રામચરણને કહ્યું, સોનલબેન આવી–

"સોનલબેન આવી–સોનલ બેન આવી" એમ મોટેથી બોલતો દોડતો દોડતો તે ટોળામાં પેઠો. તેણે સોનલને ઓળખી કાઢી અને જાણે છ વર્ષની હોય તેમ તેને બે હાથે ઊંચકી તેને ખભા પર બેસાડી દીધી. ઘડીભર તેના સામે જોઇ અને ફેરફુંદડી જેવાં બેચક્કર લીધાં અને પાછી મૂકી દીધી. "તેરા આગમન કે લીયે બેટા–મેંને સો રામાયણ કી હૈ–તબ રામજીને મેરે તરફ દેખા–બોલો જય રામજીકી" રામચરણ સોનલને જોઇ ગાંડો બની ગયો. બિહારી તો પરણ્યાનું વિસરી સોનલની સોડમાંજ લપાઇ ગયો હતો. "હવે મોટો થયો–આઘો જા" હવે તો આજથી તને ભાભીને સોંપ્યો. સોનલે તેને માથે હાથ ફેરવતાં કહ્યું.

× × ×

સોનલ મુંબાઈથી બનારસ ગઈ હતી. ત્યાંની એક પાઠશાળામાં તે સંસ્કૃત અને બંગાળી શીખી. તેણે પોતાનું નામ સુવર્ણમયીદેવી રાખ્યું અને મણિકર્ણિકાના ઓવારા પાસે નાની જગ્યા રાખી ત્યાં અબળાશ્રમ ચલાવ્યો. મંગાય તેટલી ભીખ માંગવી. અને કરાય તેટલી સેવા કરવી.

આશ્રમ ચલાવવામાં ઘણું કષ્ટ પડતું–પૈસાની તાણ પણ પડી. પણ બધાં કષ્ટ સાથે તેને એક અનુભવ થયો. પ્રભુ પરની શ્રદ્ધા કોઇને ભૂખું નથી રાખતી. ગમે ત્યાંથી મદદ આવીને મળે છે. આશ્રમમાં સાધ્વીઓ વધવા માંડી. પણ રોગચાળાને સમયે આ સાધ્વી પૈકી ઘણી હિંદુ સિવાયના લત્તામાં કામ કરવા ના પાડતી.

સોનલનો વિચાર સર્વદેશીય–સર્વ કોમી–સેવાનો હતો. તેણે એવી બધી સાધ્વીઓને રજા આપી. સાધ્વીઓની સંખ્યા ઘટી પણ સંસ્થાની પ્રતિષ્ઠા વધી. આશ્રમ મણિકર્ણિકાના ઘાટથી થોડે દૂર લઇ જવો પડયો. પણ આખરે આવું સર્વદેશીય કામ કરનારી ભાવનાશીલ સાધ્વીઓની સંખ્યા ધીમે ધીમે વધવા માંડી. નવીન યુગના માનવીઓ આશ્રમને અજ્ઞાત રહી મદદ મોકલવા માંડયા.

આશ્રમની ખબર મહેશને પડી. તેના બનારસના આડતીઆએ આ આશ્રમની વાત રમતમાંજ લખી હતી પણ મહેશ સોનલની શોધમાંજ હતો. તેણે આશ્રમના ચાલકનું વર્ણન મંગાવ્યું. આ વર્ણન સોનલને બંધ બેસતુંજ હતું. તે બનારસ ગયો–સોનલને ઓળખી કાઢી–અને મુંબાઈથી ચાર નામે સુવર્ણમયી દેવી ઉપર–આશ્રમના કામની કદરમાં દર માસે રૂા. ૩૦૦) ત્રણસો, આવ્યા જતા હતા.

કાશીક્ષેત્રમાં જો આ કોમીભેદ દૂર કરી શકાય તો ગૂજરાતમાં તો જરૂર આ દિશામાં સારૂં કામ થઈ શકે. આ વિચારે સુવર્ણમયીદેવી આજે છ મહિના થયાં અમદાવાદમાં દધિચિના આશ્રમ પાસેના ખેતરમાં પડાવ કરી રહી હતી. અને આશ્રમની બેનો અમદાવાદ શહેરની નાની નાની સેવામાં હિંદુ–મુસલમાન–ખ્રિસ્તિ–હરિજન વગેરે દરેક કોમમાં કરતી. અને સ્ત્રી સંચાલન નીચેનો આશ્રમ પુરુષોની મદદ વિના નભતો–એ આશ્ચર્ય ખાતર પણ લોકો આ બંગાથી સાધ્વીના આશ્રમની મુલાકાતે આવતા.

સાધ્વી જાતે શહેરમાં આવતાં નહીં એટલે પણ લોકોને તેમનાં દર્શનની ઇચ્છા થતી. આશ્રમ મદદ માટે વર્તમાનપત્રોમાં જાહેરખબરો છપાવતું–અને લગ્ન અગર બીજા માંગલિક પ્રસંગે અગાઉથી પત્ર લખી–ઉત્તર મળે તો–વરવધૂને આશીર્વાદ આપવા પણ જતું.

આવો પત્ર નાગરદાસ ઉપર પણ આવેલો–અને તેમણે ઉત્તર લખ્યો." "આપ જરૂર વરવધૂને આશીર્વાદ આપવા આશ્રમની તમામ બેનોને લઇને પધારશો–આપનો બનશે તે સત્કાર કરીશ–લગ્ન સમયે મોટરબસ મોકલીશ."

બિહારીના લગ્ન સમયે–એક આખી મોટરબસ સાધ્વીઓથી ભરાઇને આવી પહોંચી. સુવર્ણમયીદેવીમાં કાંઇ વિશેષતા નહોતી. બધી બેનોની જેમ તેણે ધોળાં ખાદીનાં વસ્ત્રો પહેર્યાં હતાં. અને આભૂષણમાં ગળામાં રૂદ્રાક્ષની માળા હતી. તેને ગુજરાતી આવડતું નહીં લાગ્યું–તે તો બંગાલીમાંજ વાત કરતી. તેનો વિચાર અજ્ઞાત રહીને, બિહારી અને રત્નપ્રભાને આશીર્વાદ આપી પાછા ચાલ્યા જવાનો હતો. તે મંડપમાં આવી ત્યારથીજ હૃદયના આશીર્વાદ આપી રહી હતી–પંદર વર્ષની ભેખ પછી તેનામાં દૃઢતા અને ગંભીરતા આવ્યાં હતાં–બિહારી અને રત્નપ્રભા તેના છેક નિકટમાં નહીં આવ્યાં હોત–તો–તે લગ્નવિધી પૂરી થયે આવી તેવી અજ્ઞાત પાછી જાત–પણ બંધુભાવે–કુટુંબભાવે–તેની સાધુતા ઉપર વિજય મેળવ્યો–બેન તરીકે તેણે બિહારીને બાથમાં લીધો–પંદર વર્ષની સાચવેલી ગુપ્તતા તેના હાથમાંથી સરી પડી. બિહારીના લગ્ન પ્રસંગે બેન નહીં મળે ત્યારે કયારે મળશે–અને બિહારીના લગ્ન સમયે પિતાને અને બંધુને મળ્યાથી આનંદમાં જે વધારો થાય–ત્યાં તેનું અજ્ઞાતપણું શું વિસાતનું ? તેણે બેન તરીકે–સોનલબેન તરીકે–બિહારી અને નવી ભાભીને આશીર્વાદ આપ્યા–અને અવિચારી સોનલ કહીને તેજ ક્ષણે પિતાની માફી માગી લીધી.

× × ×

સોનલનું પુનઃ આગમન નાગરદાસના જીવનની ધન્ય પળ હતી. "હવે હું નિરાંતે મરીશ." તેના અંતરના ઉદ્દગારો અબોલ એવું કાંઇ બોલ્યા. બિહારીને બાળપણનો આનંદ પાછો તાજો થયો.

× × ×

તે દિવસે તમામ સાધ્વીઓએ—નાગરદાસને ત્યાં ભોજન કર્યું—સોનલ—હસીના—મેરી—સુલભાનુ—બધાંજ—એકી સાથે—એકી પંગતે, નાગરદાસ સાથે જમ્યાં—

"સહભોજનમાં વટાળ જેવી વસ્તુને હવે દફનાવવાનો સમય આવ્યો છે." નાગરદાસે કહ્યું.

રાત્રે સાધ્વીઓને આશ્રમ પર જવાનો સમય થયો અને બિહારીએ કહ્યું.

"બેન, તું હવે અહીં રહી જા."

"સોનલ બેન—તમે અહીં રહી જાઓ—હવે ક્યાંયે જશોજ નહીં" રત્નપ્રભાએ વળગી પડી કહ્યું.

"મેં હવે તમને એક બીજાને સોંપી દીધાં. મારૂં ઘર મારો આશ્રમ—આવતી કાલે આવીશ." સોનલે બન્નેને ઉત્તર દીધો.

"કાલે જવાશે" નાગરદાસે આગ્રહ કર્યો.

"આશ્રમ સિવાય ક્યાંયે રાત્રી ન ગાળવી એ મારો નિયમ છે, પિતાજી."

નાગરદાસે સોનલને રજા આપી. "આવતી કાલે બધી બેનોને લઈને સવારથી આવવાનું અને સાંજ સુધી રહેવાનું."

"જરૂર"

*　*　*　*

બીજે દિવસે બપોરે જમ્યા પછી—નાગરદાસે સોનલના હાથમાં એંશી હજાર રૂપિયાની એંકની ચોપડી મૂકી દીધી. "અનંતરાય માસ્તરે તારા નામનું વીલ કરી જે મિલકત સોંપી—તેના વ્યાજ સાથે એંશી હજાર રૂપિયા થયા છે—તેનો ઉપયોગ તું ધારે ત્યાં કરી શકે છે."

